णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

न्यायविशारद-न्यायाचार्य

महोपाध्याय श्रीमद् यशोविजय विरचिता

द्वात्रिंशद्द्वात्रिंशिका

(भाग -१)

स्वोपज्ञ तत्त्वार्थदीपिकाख्यवृत्तिसमलंकृता

गुर्जरभावानुवाद सहिता च

— भावानुवाद —

श्री प्रेम-भुवनभानु-धर्मजित-जयशेखरसूरीश्वर

शिष्य

मुनि अभयशेखरविजय गणी

प्रकाशक

दिव्यदर्शन ट्रस्ट

धोळका – ३८७८१०

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

महोपाध्यायश्री यशोविजयजी

વિરચિતા

द्वात्रिंशद्द्वात्रिंशिका

भाग -१

स्वोपज्ञ तत्त्वार्थदीपिकाख्यवृत्तिसमलंकृता

ગુર્જરભાવાનુવાદ સહિતા ચ

— ભાવાનુવાદ —

શ્રી પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત-જયશેખરસૂરીશ્વર શિષ્ય

મુનિ અભયશેખરવિજય ગણી

પ્રકાશક

દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૬, કલિકુંડ સોસાયટી, ધોળકા

જિ. અમદાવાદ. ૩૮૭૮૧૦

પ્રથમ પ્રકાશન - વિ. સં. ૨૦૫૧

મૂલ્ય = ૮૦ રૂપિયા

નોંધ - આ પુસ્તક જ્ઞાનનિધિમાંથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થોએ એની માલિકી કરવી હોય તો પુસ્તકની કિંમત જ્ઞાનખાતે ચૂકવવી.

પ્રકાશકીય.....

વિ. સં. ૨૦૫૦ નું, શ્રીસૂરિમન્ત્ર પંચપ્રસ્થાન આરાધક પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય જયશેખરસૂરીશ્વરજી મ. સા.** આદિ ઠાણા ૧૨ નું ચાતુર્માસ, મુંબઇ ગોરેગામ નિવાસી **શા. જુહારમલજી મનરૂપજી સાકરિયા પરિવાર** (રાજ. ચરલી વાળા) તરફથી, સુશ્રાવક **ચંદનમલજી** વગેરેની વર્ષોની સાગ્રહ વિનંતીને માન આપીને **પાલીતાણા** મુકામે **શ્રી સાંડેરાવ જિનેન્દ્રભુવનમાં** શ્રીશત્રુંજયતપ, વર્ધમાનતપ પાયા, પ્રતિદિન ગિરિરાજની સ્પર્શના વગેરે અનેક આરાધનાઓથી સભર થયું.

જુદા જુદા ૭૨ ગામોના લગભગ ૨૩૦ આરાધકોની વિવિધ આરાધનાઓના શિખર રૂપે ચાતુર્માસ આયોજક સંઘવી પરિવાર તરફથી પ્રભુભક્તિનો ભવ્ય મહોત્સવ થયો - શ્રીસૂરિમન્ત્ર મહાપૂજન, શ્રી જયતળાટીના અઢાર અભિષેક વગેરે અનુષ્ઠાનો ભવ્ય થયાં.

આ ચાતુર્માસ દરમ્યાન પૂજ્યપાદ આચાર્ય ભગવંતે શ્રીસૂરિમન્ત્રની પંચપ્રસ્થાનની પાંચમી વારની આરાધના નિર્વિઘ્નતયા સુંદર રીતે પૂર્ણ કરી. એના પૂર્ણાહૂતિ પ્રસંગે પાલીતાણામાં અન્યાન્ય સ્થળે બિરાજમાન અનેક આચાર્ય ભગવંતો વગેરે મહાત્માઓની ઉપસ્થિતિમાં, તેઓશ્રીના, "શ્રીસૂરિમન્ત્રના જે પટ્ટ પર પૂ. આ. મહારાજે પાંચ વાર પાંચ પાંચ પીઠિકાની આરાધના કરી એ પટ્ટ હવે વિશિષ્ટ રીતે મન્ત્રમય-પ્રભાવક બની ગયો કહેવાય. માટે એ પુનઃ ભક્તિભાવ પૂર્વક બોલી બોલીને વહોરાવવો જોઇએ" વગેરે સૂચનાનુસારે ચઢાવો થયો. અને સૂરિમન્ત્ર આરાધક પૂજ્યપાદ આ. ભગવંતશ્રીના સંપર્કથી ધર્મ માર્ગે જોડાયેલા મુંબઇ - મુલુંડ નિવાસી **શ્રી કિશોર માલદે- શ્રી નવિનભાઇ મારૂ** એ સારી બોલી બોલી એ પટ્ટ પૂજ્યશ્રીને વહોરાવવાનો લાભ લીધો. જ્ઞાનદ્રવ્યની આ ઉપજ તેમજ ચાતુર્માસમાં અન્ય પણ થયેલી ઉપજનો શીઘ્ર સદુપયોગ થાય એ માટે શ્રી સાંડેરાવ જિનેન્દ્ર ભુવનના ટ્રસ્ટીઓએ પ્રસ્તુત પુસ્તકના ખર્ચનો લાભ લેવાનો નિર્ણય કર્યો. તદનુસાર, આ ચાતુર્માસમાં થયેલ જ્ઞાનદ્રવ્યની ઉપજમાંથી આ પુસ્તક પ્રકાશિત થઇ રહ્યું છે.

આ સુંદર ગ્રન્થના રચયિતા મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ, ભાવાનુવાદ કર્તા - સંપાદક પૂજ્યપાદ મુનિરાજશ્રી અભયશેખરવિજય ગણિવરનાં ચરણોમાં ભાવભરી વન્દના. આ પુસ્તકનું સુંદર ટાઇપ સેટીંગ કરી આપનાર શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના કોમ્પ્યુટર સેક્શનના, કેતન શાહ વગેરેને ધન્યવાદ.

સ્વકીય જ્ઞાનનિધિનો આવો સુંદર અનુમોદનીય લાભ લેવા બદલ શ્રી સાંડેરાવ જિનેન્દ્ર ભવન-ટ્રસ્ટ, પાલીતાણાને પણ ખૂબ-ખૂબ ધન્યવાદ...

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજના આ મહત્ત્વના ગ્રન્થના સ્વાધ્યાય દ્વારા સહુ કોઇ આત્મહિત સાધે એવી શુભેચ્છા...

લિ. દિવ્યદર્શન ટ્રસ્ટ વતી
કુમારપાળ વિ. શાહ

નોંધ : સંસ્કૃતમાં **વ** નું વચલું પાંખડું બરાબર ન ઊઠવાથી **વ** જેવું વંચાય છે. ત્યાં આગળ પાછળના સન્દર્ભથી **વ** જાણી લેવો.

મહાજનો યેન ગતઃ સ પન્થાઃ

(પ્રસ્તાવના)

આ ન્યાયને મહામહોપાધ્યાયજીએ જેમાં સાર્થક કર્યો છે તે ગ્રન્થ **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા**. તાર્કિક શ્રેષ્ઠ **શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજાએ** બત્રીશ શ્લોકની બનેલી બત્રીશી રચી. અષ્ટક, ષોડશક, વિંશિકા અને પંચાશક જેઓના હાલ પણ ઉપલબ્ધ છે તે ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા **શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ** બત્રીશી પણ રચી હશે એવી કલ્પના અશક્ય નથી. કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાએ** પણ બત્રીશીઓ રચી છે. મહાજનોએ કંડારેલા આ માર્ગે ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાયજીએ પણ પદાર્પણ કરી એક નહીં, બે નહીં, બત્રીશ-બત્રીશ બત્રીશીઓની હૃદયંગમ રચના કરી છે. ગ્રન્થના નામ અનુસાર બત્રીશેય પ્રકરણોમાં બત્રીશ-બત્રીશ મૂળ શ્લોકો છે, ન ન્યૂન- ન અધિક. આમાં વળી એક વિશેષતા એ છે કે દરેક બત્રીશીના અંતિમ શ્લોકમાં 'પરમાનન્દ' શબ્દ વણાયેલો છે. આ થઇ મૂળગ્રન્થની વાત. એના પર ઉપાધ્યાયજી મહારાજે **'तत्त्वार्थदीपिका'** નામની સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે. સ્વોપજ્ઞ વૃત્તિનું નામ તત્ત્વાર્થદીપિકા છે એ, પ્રશસ્તિના નીચેના શ્લોક પરથી જણાય છે–

यशोविजयनाम्ना तच्चरणाम्भोजसेविना। द्वात्रिंशिकानां विवृतिश्चक्रे तत्त्वार्थदीपिका।।

કેટલાક મૂળ શ્લોકો પર વિસ્તૃત વૃત્તિ છે. તો કેટલાક પર સંક્ષિપ્ત અવચૂરિ જેવી. કેટલાક શ્લોકની વૃત્તિમાં સાક્ષી પાઠો જ ટાંકીને અભિપ્રેતાર્થ જણાવ્યો છે તો કેટલાક શ્લોકોની વૃત્તિમાં માત્ર દિક્પ્રદર્શન કરી વિસ્તાર માટે અન્ય ગ્રન્થોનો અતિદેશ કરી દીધો છે. આ અન્ય ગ્રંન્થો તરીકે બહુધા સ્વકીય જ ધર્મપરીક્ષા, સ્યાદ્વાદ કલ્પલતા, ઉપદેશ રહસ્ય વગેરે ગ્રન્થો છે. સંખ્યાબંધ શ્લોકો પર તો 'સ્પષ્ટઃ' ઇત્યાદિ કહીને વૃત્તિ જ રચી નથી... યાવત્ બત્રીશમી બત્રીશીના તો એકે ય શ્લોક પર વૃત્તિ નથી. વળી ૮૦ ટકા થીય વધુ શ્લોકોની અવતરણિકા કરી નથી. વૃત્તિ ગ્રન્થની આ બધી પ્રથમ નજરે આંખે ચઢતી વાતો કહી.

અધ્યાત્મસારમાં ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યું છે કે–

शास्त्रात्परिचितां सम्यक् सम्प्रदायाच्च धीमताम्। ईहानुभवयोगाच्च प्रक्रियां कामपि ब्रुवे।।७।।

આમાં શાસ્ત્ર, પ્રાજ્ઞપુરુષોનો સંપ્રદાય અને સ્વકીય ઈહા એ ત્રણ ગ્રન્થ ગ્રથનના જે Source બતાવ્યા છે તેનો સ્પષ્ટ વ્યાપાર પ્રસ્તુત ગ્રન્થમાં જોવા મળે છે. અષ્ટક પ્રકરણ, ષોડશક પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિન્દુ અને પાતંજલયોગદર્શન મુખ્યતયા આ પાંચ ગ્રન્થોમાંથી જાણવા મળેલી વાતોનો, સંપ્રદાય અને સ્વકીય ઈહા અનુસારે પ્રસ્તુત ગ્રન્થમાં સંક્ષેપ યા વિસ્તાર કરવામાં આવ્યો છે. એટલે કે તે તે મૂળ શાસ્ત્રમાં જ જેનો વિસ્તાર સુસ્પષ્ટ છે તેનો અહીં માત્ર સંક્ષેપથી જ ઉલ્લેખ કર્યો છે. જે જે વાતનો પોતાને વધુ સ્પષ્ટ વિસ્તાર કરવાનો સંપ્રદાય અને સ્વકીય વિચારણા-સ્ફુરણાને અનુસારે અવસર મળ્યો તેનો તેનો અહીં વિસ્તાર કરાયો છે. એટલે ઘડીકમાં એમ લાગે છે કે અષ્ટક-ષોડશક વગેરેનો આ સમરીગ્રન્થ છે. તો ક્યારેક એમ લાગે કે જુદા જુદા શાસ્ત્રોમાં કહેલા તે તે સંદર્ભના પ્રતિપાદનોનો આ સંકલના ગ્રન્થ છે. દા. ત. યોગબિન્દુના અમુક અધિકારથી બત્રીશીનો પ્રારંભ થયો હોય, વચ્ચે પાછો એનો જ સમાન સંદર્ભવાળો અન્ય અધિકાર આવી જાય, પછી એના જ સંદર્ભવાળો પાતંજલ યોગદર્શનનો સંદર્ભ આવે, પછી યોગદૃષ્ટિ સમુચ્ચયનો થોડો અધિકાર આવે, પાછો યોગબિન્દુનો મૂળ અધિકાર ચાલુ થઇ જાય... આવી આવી રીતે અષ્ટક-ષોડશક વગેરેના અધિકારો માટે પણ જાણવું. એમાં વળી વચ્ચે વચ્ચે ક્યારેક આગમપાઠોના સંદર્ભથી પણ પ્રસ્તુત અધિકારનું સમર્થન હોય, અન્યાન્ય ગ્રન્થોના સમાન સંદર્ભવાળા અધિકારોનું આ સંકલન પદાર્થોની ધારણા કરી પૂર્વાપર અનુસંધાન કરવાની ઉપાધ્યાયજી મહારાજની કુશળ પ્રતિભાને જણાવનારું માપક યંત્ર છે. વળી ક્યારેક તો એમ લાગે

કે આ કોઇ ટીપ્પણ ગ્રન્થ છે, એટલે કે જેમ આચાર્ય ભગવંત શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજાએ કમ્મપયડી ચૂર્ણિ પર વિષમપદ ટીપ્પણ કર્યું છે– ચૂર્ણિગત તે તે બાબતોનું હેતુ વગેરે બતાવવા દ્વારા સ્પષ્ટીકરણ કર્યું છે તેમ ઉપરોક્ત ગ્રન્થોના તે તે અધિકારોની અમુક અમુક બાબતો પર વિશેષ પ્રકાશ પાથરવા ટીપ્પણની રચના કરી ન હોય એવો આ ગ્રન્થ છે. ફેર એટલો છે કે અભિપ્રેત તે તે અધિકારોનો એક સળંગ ગ્રન્થ જો હોત તો મને એમ લાગે છે કે તેઓએ એવી ટીપ્પણ જ રચી લીધી હોત, પણ એવો સળંગ ગ્રન્થ ન હોવાથી સ્વસંકલના અનુસારે એ એ ગ્રન્થાધિકારોને ગોઠવી આ નવો ગ્રન્થ રચ્યો છે અને વિશેષ બાબતો પર પ્રકાશ પાથર્યો છે.

૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા યાકિની મહત્તરાસૂનુ સૂરિ પુરંદર આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપલબ્ધ આગમાદિ શાસ્ત્રોમાં ન મળતી અથવા નિર્દેશમાત્ર રૂપે મળતી ઘણી બાબતો પર સ્વકીય માર્ગાનુસારી પ્રજ્ઞાના પ્રભાવે સુંદર પ્રકાશ પાડ્યો - શંકા/સમાધાન દ્વારા ઘણી બાબતોનું યથાર્થ નિર્ણયાત્મક પ્રરૂપણ કર્યું - કેટલીય આગમિક બાબતોને હેતુવાદની કસોટી પર ચઢાવી તર્કપૂર્ણ સિદ્ધ કરી, કેટલાંય મૌલિક નિરૂપણો અને નિષ્કર્ષોથી જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને તૃપ્ત કરી છે. એ જ રીતે ઉપાધ્યાયજી મહારાજે શાસ્ત્રીય બાબતો અંગે ઢગલાબંધ નિષ્કર્ષો, મૌલિક સુસંવાદી પ્રરૂપણાઓ, આગમિક બાબતોનું સતર્ક પ્રરૂપણ - નિર્દોષ લક્ષણો - શાસ્ત્ર વચનોના તાત્પર્ય વગેરે પ્રરૂપવા દ્વારા જિજ્ઞાસુઓને સાનંદ આશ્ચર્યના અફાટ સમુદ્રમાં ગરકાવ કરી દીધા છે. આ બાબતની પ્રસ્તુત બત્રીશી ગ્રન્થમાં ઠેર ઠેર પ્રતીતિ થયા વિના રહેતી નથી. એ જ રીતે હરિભદ્રસૂરિ મહારાજે મૂળ ગ્રન્થમાં ટૂંકમાં પ્રરૂપેલી વાતોને ઉપાધ્યાયજી મહારાજે હેતુપ્રદર્શન વગેરે કરીને વધુ સુસ્પષ્ટ કરી છે. પૂર્વ વૃત્તિકારે વિભાગીકરણાદિ પૂર્વક એનું વિશદ વિવેચન કદાચ ન કર્યું હોય તેવું વિભાગીકરણ પૂર્વક વિવેચન કરેલું પણ આ ગ્રન્થમાં જોવા મળે છે. જેમ કે ચોથી જિનમહત્ત્વ દ્વાત્રિંશિકામાં પ્રભુના સંવત્સરીદાન અંગે એક વાત આવે છે કે પ્રભુનો પ્રભાવ જ એવો હોય છે કે જીવો સંતોષ સુખવાળા બને છે. આમાં સંતોષસુખનું એવું પૃથક્કરણ કરી દેખાડ્યું છે કે "ધન ગ્રહણ કરવાની ઇચ્છા ઉભી કરનાર કર્મ જેઓનું સોપક્રમ હોય તેઓને અનિચ્છારૂપ સંતોષ અને તે કર્મ જેઓનું નિરુપક્રમ હોય તેઓને પરિમિત ઇચ્છારૂપ સંતોષ થાય છે. આ વિભાગીકરણથી જ એ દાનનો સર્વથા અભાવ થઇ જવાની શંકાનું પણ નિરાકરણ કરી દીધું છે. અને અસંખ્ય દાનની અસંભાવનાનું પણ સમર્થન કરી દીધું છે.

શ્રીહરિભદ્રસૂરિ મહારાજાની પ્રરૂપેલી વાતોનું, તેમના પછી ઉભા થયેલા પૂર્વપક્ષોનું કે અન્ય સંભવિત શંકાઓનું નિરાકરણ કરીને સમર્થન કર્યું છે, તેમજ વધુ સ્પષ્ટીકરણ કર્યું છે.

સ્વમાન્ય પૂર્વપ્રાપ્તવાતોની ન્યૂનતા વિગેરેનો પરિહાર કરી પૂર્ણતા કરવાનું પણ ઉપાધ્યાયજી મહારાજ ચૂકતા નથી. જેમકે 'પરમાત્મા ધ્વસ્તદોષ હોય છે' એની સિદ્ધિ માટે શ્રી સમન્તભદ્રોક્ત અનુમાન કે જેનો આકાર આવો અપાયો છે – કો'ક આત્મામાં દોષ અને આવરણની હાનિ સંપૂર્ણ થાય છે, કેમ કે તારતમ્યવાળી હોય છે, જેમ કે સ્વર્ણમલક્ષય– આમાં પક્ષ વગેરેનો વિચાર કરતા બાધ અને અસિદ્ધિ દોષ આવે છે તેનું પ્રદર્શન કરી શંકા સમાધાન કરવા દ્વારા નિષ્કર્ષ કાઢી આપ્યો છે કે "દોષત્વ અને આવરણત્વ નિઃશેષ ક્ષીણ થતા પદાર્થમાં રહેલ છે. કેમ કે અંશતઃ ક્ષીણ થતા પદાર્થમાં રહેલી જાતિરૂપ છે. જેમ કે સ્વર્ણમલત્વ" આવો અનુમાન પ્રયોગ લેવાથી કોઇ દોષ રહેતો નથી.

યાકિની મહત્તરાસૂનુ શ્રીહરિભદ્રસૂરિ મહારાજે ઉપલબ્ધ આગમાદિમાં જોવા ન મળતા જે પદાર્થોનું અન્યદર્શનના શાસ્ત્રમાંથી જૈનશાસ્ત્રોમાં સમતવાર રૂપે પ્રરૂપણ કર્યું છે. તે પદાર્થોનો (જેમ કે શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન, ભાવનાજ્ઞાન, પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ, ઐદંપર્યાર્થ વગેરે...) તેઓના તે તે ગ્રન્થના વૃત્તિકારોએ તેઓના જ ગ્રન્થોની વૃત્તિમાં ઉપયોગ કર્યો દેખાય છે. પણ તેઓએ કે અન્ય કોઇ ગ્રન્થકારે એ પદાર્થોનું સ્વકીય ગ્રન્થોમાં પ્રરૂપણ કરેલું હોય કે સાક્ષી વગેરે તરીકે ઉલ્લેખ કરેલો હોય એવું પ્રાયઃ જોવા મળ્યું નથી. સિવાય કે ઉપાધ્યાયજી મહારાજના ગ્રન્થો. એટલે એમ કહી શકાય કે ઉપાધ્યાયજી મહારાજે શ્રીહરિભદ્રસૂરિ મ. ના એ પદાર્થોનું વધુ સમર્થન અને વધુ પ્રચાર/પ્રસાર કર્યા છે. પ્રસ્તુત ગ્રન્થ તો એવા પદાર્થોનો

જ દરિયો છે. આ સ્પષ્ટ થાય એ માટે બત્રીશે બત્રીશીમાં મુખ્યતયા કયા કયા ગ્રન્થાધિકારોનો અધિકાર છે તે જોઇએ-

૧. દાન બત્રીશી : અનેક ગ્રન્થગત દાનવિષયક પ્રરૂપણાનું મૌલિક સંકલન.... દાન અંગેની વ્યવસ્થા એક પ્રકરણમાં આ રીતે અન્યત્ર ક્યાંય પ્રાયઃ જોવા મળતી નથી. ૨૭ મું અષ્ટક

૨. દેશના : પ્રથમ ષોડશક, ૧૦ મું ષોડશક, ૨૧ મું અષ્ટક, ૨ જું ષોડશક.

૩. માર્ગ : ધર્મરત્નપ્રકરણ, ઉપદેશમાલા, મૌલિક...

૪. જિન મહત્ત્વ : અષ્ટક ૨૯ વગેરે.

૫. ભક્તિ : ષોડશક ૬/૭/૮/૯

૬. સાધુસામગ્ર્ય : ૯ મું જ્ઞાનાષ્ટક, ૫ મું ભિક્ષાષ્ટક, ૬ ઠ્ઠું સર્વસંપત્કરી ભિક્ષાષ્ટક, ૧૦ મું વૈરાગ્યાષ્ટક, ૨૨ મું ભાવશુદ્ધિ વિચારાષ્ટક, ૨૩ મું શાસનમાલિન્યનિષેધાષ્ટક-(અંશતઃ)

૭. ધર્મવ્યવસ્થા : ૧૭ મું માંસભક્ષણદૂષણાષ્ટક, ૧૮ મું માંસભક્ષકમતદૂષણાષ્ટક, ૧૯ મું મદ્યપાનદૂષણાષ્ટક, ૨૦ મું મૈથુનદૂષણાષ્ટક, ૧૧ મું તપોઽષ્ટક.

૮. વાદ બત્રીશી : ૧૨ વાદાષ્ટક, ૧૩ ધર્મવાદાષ્ટક, ૧૪ એકાન્તનિત્યપક્ષ ખંડનાષ્ટક, ૧૫ એકાન્ત અનિત્યપક્ષ ખંડનાષ્ટક, ૧૬ નિત્યાનિત્યપક્ષ મંડનાષ્ટક

૯. કથાબત્રીશી : ઠાણાંગ ૪ કથાનો અધિકાર, દશવૈકાલિક નિર્યુક્તિ - ક્ષુલ્લિકાચારકથાધ્યયન

૧૦. યોગલક્ષણ બત્રીશી : યોગબિંદુ ૮૬ થી ૯૧, ૩ જું ષોડશક, યોગબિંદુ ૯૨ થી ૯૬, યોગબિંદુ ૩૪૯ થી ૩૫૧

૧૧. પાતંજલ યોગલક્ષણ : પાતંજલ યોગદર્શન

૧૨. પૂર્વસેવા : યોગબિંદુ ૧૦૯ થી ૧૩૯, ૧૬૪ થી ૧૭૦

૧૩. મુક્ત્યદ્વેષપ્રાધાન્ય : યોગબિંદુ ૧૪૦ થી ૧૬૩, ૧૭૩ થી ૧૭૭

૧૪. અપુનર્બન્ધક : યોગબિંદુ ૧૭૮ થી ૧૮૯, ૧૯૩ થી ૨૨૦, ૨૩૨ થી ૨૫૧ .

૧૫. સમ્યગ્દૃષ્ટિ : યોગબિંદુ ૨૫૩ થી ૨૭૨, મૌલિક

૧૬. ઈશાનુગ્રહ : પાતંજલ યોગદર્શન, યોગબિંદુ ૩૦૦ થી ૩૧૬

૧૭. દૈવપુરુષકાર : યોગબિંદુ ૩૧૮ થી ૩૫૬ માંથી બહુભાગ

૧૮. યોગભેદ : યોગબિંદુ ૩૫૮ થી ૩૬૭, ષોડશક ૧૩, ષોડશક ૧૪

૧૯. યોગવિવેક : યોગદૃષ્ટિ સમુચ્ચય ૨ થી ૧૦, યોગબિંદુ ૩૬૯ થી ૩૭૮, યોગદૃષ્ટિ સમુચ્ચય ૨૦૯ થી ૨૨૧

૨૦. યોગાવતાર : પાતંજલ યોગદર્શન, યોગબિંદુ ૪૧૫ થી ૪૨૪, યોગદૃષ્ટિ સમુચ્ચય ૧૩ થી ૨૦

૨૧. મિત્રા : યોગદૃષ્ટિ સમુચ્ચય ૨૧ થી ૪૦, પાતંજલ યોગદર્શન

૨૨. તારાદિત્રય : યોગદૃષ્ટિ સમુચ્ચય ૪૧ થી ૭૮, પાતંજલ યોગદર્શન

૨૩. કુતર્કગ્રહનિવૃત્તિ : યોગબિંદુ ૬૬-૬૭, યોગદૃષ્ટિ સમુચ્ચય ૮૬ થી ૧૪૮.

૨૪. સદ્દૃષ્ટિ : યોગદૃષ્ટિ સમુચ્ચય ૧૫૪ થી ૧૮૨

૨૫. ક્લેશહાનોપાય : પાતંજલ યોગદર્શન, મૌલિક

૨૬. યોગમાહાત્મ્ય : પાતંજલ યોગદર્શન

૨૭. ભિક્ષુ : મૌલિક - દશવૈકાલિક નિર્યુક્તિનો થોડો અધિકાર

૨૮. દીક્ષા : ષોડશક - ૧૨, ષોડશક ૧૦

૨૯. વિનય : શ્રીદશવૈકાલિકસૂત્ર, વિવિધ પ્રકરણો

૩૦. કેવલિભુક્તિ વ્યવસ્થાપન : શ્રી શાસ્ત્રવાર્તા સમુચ્ચય, શ્રી સ્યાદ્વાદ રત્નાકરાદિ ગ્રન્થો, તથા સ્વકીય અધ્યાત્મમત

૩૧. **મુક્તિ** : ઉપર મુજબ

૩૨. **સજ્જનસ્તુતિ** : મૌલિક.

વિવિધ વિષયોનો વિસ્તાર ધરાવતા આ વિશાલ ગ્રન્થની પ્રથમ આઠ બત્રીશીઓનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે આ આઠ બત્રીશીઓના ભાવાનુવાદનું લખાણ મેં વર્ષો પૂર્વે કરેલું. પણ આટલે સુધી પહોંચવામાં ચાર પાંચ સ્થાનો એવા આવ્યાં કે જેની પંક્તિ સંતોષપ્રદ રીતે બેસતી નહોતી. ને આ જ કારણસર આગળ લખવાનો ઉત્સાહ મોળો પડી ગયો, કામ ખોરંભે પડ્યું. પણ આ જે લખાણ તૈયાર થયેલું એને વાંચનારા અનેક મહાત્માઓનું વારંવાર સૂચન આવ્યું કે આટલું તો પ્રકાશિત કરાવી જ દ્યો. એટલે ફરીથી કામ હાથ પર લીધું. પેલા દુર્ગમસ્થાનો પર પુનઃ અનેકશઃ વિચાર કર્યો. બીજા પણ અનેક વિદ્વાનોને એ સ્થાનો પૂછાવ્યા. એ અનેક વિદ્વાનોના અભિપ્રાયો, ને મારી વિચારણા... બધું અનુસંધાન કરી જે અર્થ મને જેવો ઉચિત લાગ્યો છે એ પ્રમાણે આ પુસ્તકમાં લીધો છે. સંભવ છે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના અર્થગંભીર અભિપ્રાયને હું ન પણ પકડી શક્યો હોઉં કે ઓછો વત્તો પકડી શક્યો હોઉં કે ક્યાંક તો ભિન્ન અભિપ્રાય જ પકડ્યો હોય. આમાંનું જે કાંઇ અનુચિત થયું હોય તેના હાર્દિક મિચ્છામિ દુક્કડમ્ પૂર્વક સહકાર આપનાર એ વિદ્વાનોનો હાર્દિક આભાર...

પૂર્વે જે લખાણ કરેલું તે સંપૂર્ણ લખાણને સંયમલક્ષી નિત્યએકાસણ તપોયુક્ત પૂજ્યપાદ આ. ભગવંત **શ્રીમદ્ વિજય જગચ્ચન્દ્રસૂ. મ. સાહેબે** સાદ્યન્ત તપાસી આપ્યું છે ને અનેક બહુમૂલ્ય સૂચનો જણાવ્યા છે જે ક્યારેય નહીં વિસરાય.

પાછળથી જે થોડું લખાણ ઉમેર્યું છે તેને પૂજ્યપાદ ગચ્છાધિપતિ સિદ્ધાન્ત દિવાકર આ. ભગવંત **શ્રીમદ્ વિજય જયઘોષસૂ. મ. સાહેબે** જોઇ આપવા કૃપા કરી છે. તેઓ શ્રીમદ્ના તો અનેક ઉપકારો સદૈવ સ્મરણીય છે.

સિદ્ધાન્ત મહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાત, બ્રહ્મચર્યમૂર્તિ સ્વ. **પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજા;** વર્ધમાનતપોનિધિ, હજારો યુવાનોને જ્ઞાન-ક્રિયામય ધર્મમાર્ગે જોડનાર અભિનવ પ્રયોગ-શિબિરના આદ્ય પ્રેરણા-વાચના દાતા, મને જ્ઞાન-સંયમાદિ દાતા સ્વ. **પૂજ્યપાદ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા;** સહજાનંદી, અધ્યાત્મરસિક, કર્મસાહિત્યમર્મજ્ઞ સ્વ. **પૂજ્યપાદ ધર્મજિતસૂરીશ્વરજી મહારાજા;** શ્રી સૂરિમન્ત્ર પંચ પ્રસ્થાનની પાંચવાર આરાધના કરનાર પ્રભુ ભક્તિરસિક પૂજ્યપાદ ગુરુદેવ **શ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજા**...

અનેક ગુણગણ સમૃદ્ધ આ સુવિહિત ગીતાર્થ ગુરુઓની પરંપરા મને પ્રાપ્ત થઇ છે એ મારું પરમ સૌભાગ્ય છે. આ પૂજ્યોની સતત વરસી રહેલી કૃપાદૃષ્ટિ જ મારી શક્તિ અને કલ્પના બહારનું પણ આવું સાહિત્ય સર્જન કરાવે છે.

સહવર્તી મહાત્માઓનો અનેકવિધ સહકાર તો ક્યારેય ભૂલાય એવો નથી.

આ ભાવાનુવાદમાં છદ્મસ્થતા, અનાભોગ, પ્રમાદ વગેરેના કારણે, પરમ પવિત્ર શ્રીજિનાજ્ઞાને પ્રતિકૂળ જે કાંઇ પ્રસ્તુત થયું હોય એ બદલ મિચ્છામિ દુક્કડમ્ દેવા પૂર્વક મધ્યસ્થ બહુશ્રુત વિદ્વાનોને એનું સંશોધન કરવા અને મને જણાવવા વિનમ્રભાવે વિનંતી કરું છું.

તથા ઉપાધ્યાયજી મહારાજની આ અદ્ભુત કૃતિનાં રહસ્યો પામવા માટે જિજ્ઞાસુઓ આ ભાવાનુવાદનો સહારો લઇ મારા પ્રયાસને સાર્થક કરો એવી પ્રાર્થના સાથે વિરમું છું.

અનંત સિદ્ધઆત્માઓની સાધનાભૂમિ, **મુનિ અભયશેખર વિજય ગણી**

પાલીતાણા.

વિ. સં. ૨૦૫૦

વિષયાનુક્રમ

(૧) દાનદ્વાત્રિંશિકા ૧
મંગલ ૪
અન્યથાધી અતિચારાપાદક ૪
અનુકંપાનું લક્ષણ ૬
કારણિક દાનશાળાદિમાં અનુકંપા અક્ષત ૭
ફળભેદમાં નયવિચારણા ૮
અનુકંપાદાન ધર્માંગ છે ૧૦
આગમવિરોધની શંકાનું નિરાકરણ ૧૨
સાધુઓને પુણ્યબંધ અનિષ્ટ-શંકા ૧૪
પુણ્યોદય પણ શુભોદય-સમાધાન ૧૬
વિષયપ્રાપ્તિમાં પણ અભોગપરિણામ ૧૭
ભક્તિ શું છે? ૧૯
પાત્રદાનનો બીજો ભાંગો ૨૧
ભગવતીજીના સૂત્ર અંગે શંકા-સમાધાન ૨૨
ઠાણાંગજીના સૂત્ર અંગે શંકા-સમાધાન ૨૩
ભગવતીજી અંગે અન્યાભિપ્રાયની દુષ્ટતા ૨૪
પાત્રદાન ચતુર્ભંગીના ત્રીજા-ચોથા ભાંગા ૨૬
સુપાત્રદાનની ફળપ્રદતાનું કારણ ૨૭
દ્રવ્યદોષ અનિષ્ટ નથી ૨૭
વિરાધનાના સ્વરૂપ અંગે ચર્ચા ૨૯
વર્જનાભિપ્રાય એ વિરાધનામાં ઉપાધિ છે? ૩૦
વર્જનાભિપ્રાય જ વિરાધનાનું કારણ ૩૧
દાનબત્રીશીની કેટલીક વિશેષ વાતો ૩૨
(૨) દેશના દ્વાત્રિંશિકા
શ્રોતાનુસારે દેશના ૩૫
આપ્તવચનો અંગે શંકા-સમાધાન ૩૬
બાળાદિનું લક્ષણ ૩૯
બાળ-મધ્યમના દર્શનમાં ન્યૂનતા ૪૦
શાસ્ત્રતત્ત્વ ૪૧
શ્રુતજ્ઞાનની વિશેષતા ૪૨
ચિન્તામયજ્ઞાન ૪૫
ભાવનામયજ્ઞાન ૪૬
શ્રુતજ્ઞાનાદિનું ફળ ૪૭
ભાવનાજ્ઞાનનો પ્રભાવ ૪૯
અજ્ઞની ધર્મબુદ્ધિ પણ અસુંદર ૫૦
બાળાદિને આપવાની દેશના ૫૨
આજ્ઞા આદરનું પ્રકૃષ્ટ ફળ ૫૪
એકનયાક્રાન્ત દેશનાથી પણ બુદ્ધિ પરિકર્મણા ૫૬
નયદેશનાપ્રદાનનો ક્રમ ૫૮
દુર્નયાભિનિવેશે દૃઢ ખંડન ૬૦
દેશનાબત્રીશી અંગે કંઇક વિચારણા ૬૧
(૩) માર્ગદ્વાત્રિંશિકા
શિષ્ટાચાર પણ આદરણીય ૬૬
શિષ્ટાચારમાં પ્રવર્તકતા ૬૭
આગમાનુમાનનું પ્રયોજન ૭૦
આચરણામાં સ્વમતિકલ્પિત દોષ ન દર્શાવાય ૭૧
અસંવિગ્નાચરણથી વિડંબણા ૭૪
સ્વેચ્છાચારીઓના દોષ ૭૭
ગચ્છનિર્ગતને નુકશાન ૮૦
સંવિગ્નપાક્ષિક વિચાર ૮૩
સંવિગ્નપાક્ષિકને ઇચ્છાયોગનો સંભવ ૮૪
દ્વિવિધ બાલતા ૮૬
સંવિગ્નપક્ષ એ ત્રીજો માર્ગ ૮૮
માર્ગબત્રીશી અંગે કેટલીક વિચારણા ૯૦
(૪) જિનમહત્ત્વદ્વાત્રિંશિકા
મહત્ત્વબુદ્ધિથી ધર્મજનન ૯૩
સંવાદીવચન એ મહત્ત્વ ૯૬
વિશિષ્ટ ઔદયિકભાવ પણ મહત્ત્વ પ્રયોજક ૯૮
વિશિષ્ટસ્વભાવ પ્રયુક્ત મહત્ત્વ ૯૯
નિત્યનિર્દોષતા મહત્ત્વપ્રયોજક નથી ૧૦૦
દોષધ્વંસમાં લાઘવ ૧૦૨
શ્રીસમન્તભદ્રાચાર્યોક્ત અનુમાન ૧૦૩
એ અનુમાનનો પરિષ્કાર ૧૦૪
જગત્કર્તૃત્વવિચાર ૧૦૫
કર્તૃજન્યતાવચ્છેદક કોણ? ૧૦૬
કૃતિત્વને અવચ્છેદક માનવામાં લાઘવ ૧૦૮
ધૃતિજનક ઈશ્વર નથી ૧૧૦
પરિમિતદાનદાતા વીતરાગ મહાન્ નથી-બૌદ્ધમત ૧૧૪
પરિમિતદાનનું કારણ ૧૧૪
યાચકાભાવનું કારણ ૧૧૫
સાંવત્સરિકદાન પણ એક કલ્પ ૧૧૬
પ્રભુવીરના અભિગ્રહનું ઔચિત્ય ૧૧૮
રાજ્યપ્રદાનાદિનું ઔચિત્ય ૧૨૧
કુશલ ચિત્તની અસંભવિતતા ૧૨૩
પરમાનંદ સંપત્તિનું બીજ-પ્રભુભક્તિ ૧૨૬

જિનમહત્ત્વદ્વાત્રિંશિકા અંગે કંઇક વિચારણા ૧૨૭
(૫) ભક્તિદ્વાત્રિંશિકા
જિનમંદિરનિર્માણના અધિકારી વગેરે ૧૨૯
જિનબિંબ નિર્માણવિધિ ૧૩૩
ભાવશુદ્ધિ અને મન્ત્રન્યાસ ૧૩૪
ત્રિવિધ પ્રતિષ્ઠા ૧૩૭
સ્વાત્મામાં થતી પ્રતિષ્ઠા જ મુખ્ય હોવામાં પ્રથમ હેતુ. ૧૩૭
સ્વાત્મામાં થતી પ્રતિષ્ઠા જ મુખ્ય હોવામાં બીજો હેતુ. ૧૩૯
પ્રતિમામાં ઉપચરિતભાવરૂપ પ્રતિષ્ઠા ૧૪૦
પ્રતિમામાં વીતરાગનું સંનિધાન અસંભવિત ૧૪૨
સખંડન નવ્યનૈયાયિકમત ૧૪૪
તત્ત્વચિન્તામણિકારમતનિરાસ ૧૪૫
બલિ વગેરે વિધાનની આવશ્યકતા ૧૪૭
સિદ્ધાવસ્થાને ઉદ્દેશીને પણ અભિષેકાદિની યોગ્યતા ૧૪૯
પંચોપચારાદિ પૂજા ૧૫૦
સ્તોત્રપૂજા ૧૫૧
ત્રિવિધ યોગસારા પૂજા ૧૫૨
પૂજામાં હિંસા, છતાં લાભ ૧૫૩
સાધુ પૂજાના અનધિકારી ૧૫૪
પૂજામાં હિંસાશંકીને નુકશાન ૧૫૭
ભક્તિદ્વાત્રિંશિકા અંગે કંઇક ઉદ્બોધન ૧૫૯
(૬) સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા
જ્ઞાનના ત્રણ પ્રકાર ૧૬૧
જ્ઞાનના સ્વામી વગેરે ૧૬૩
જ્ઞાનના લિંગો ૧૬૫
કાર્યભેદે કારણભેદ આવશ્યક ૧૬૭
સર્વસંપત્કરી ભિક્ષા ૧૬૮
પોરુષઘ્ની ભિક્ષા ૧૭૦
વૃત્તિ ભિક્ષા ૧૭૦
પ્રથમભિક્ષાથી સાધુસામગ્ર્ય ૧૭૨
અસંકલ્પિતપિંડપ્રાપ્તિ અશક્ય-શંકા ૧૭૩
સંકલ્પિતપિંડ કોને કહેવાય?-સમાધાન ૧૭૪
સાધુધર્મ અતિદુષ્કર છે. ૧૭૫
ત્રિવિધ વૈરાગ્ય ૧૭૭
દુઃખગર્ભિત વૈરાગ્ય ૧૭૮
મોહગર્ભિત વૈરાગ્ય ૧૭૮
જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ૧૭૯
ગુણવત્પારતન્ત્ર્યની આવશ્યકતા ૧૮૧
સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા અંગે કંઇક વિશેષ ૧૮૪
(૭) ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા
માંસમાં ભક્ષ્યતાસાધક બૌદ્ધ અનુમાન ૧૮૬
એ અનુમાનમાં ઉભયથા દોષ ૧૮૭
માંસ શા માટે અભક્ષ્ય? ૧૮૯
દ્વિજ મત ૧૯૨
નિષેધ-વિધાનની પૂર્વપક્ષીય વ્યવસ્થા ૧૯૩
એ વ્યવસ્થાની દુષ્ટતા-ઉત્તરપક્ષ ૧૯૫
અન્ય શંકા-સમાધાન ૧૯૭
મદ્યપાનમાં દોષો ૧૯૮
મૈથુનના દોષો ૧૯૯
ગૃહસ્થધર્મની નિમ્નતા ૨૦૧
મંડલતન્ત્રવાદી મત ૨૦૨
બોધશૂન્ય દયા ઇષ્ટ નથી ૨૦૫
દયા અંગેનું તત્ત્વજ્ઞાન ૨૦૬
હિંસા-અહિંસા અંગે વિવિધનયાભિપ્રાય ૨૦૭
હિંસા-અહિંસા અંગે નિશ્ચય-વ્યવહાર ૨૦૯
ત્રિવિધ શુદ્ધ નિશ્ચય ૨૧૦
(૮) વાદદ્વાત્રિંશિકા
શુષ્કવાદ ૨૧૨
વિવાદ ૨૧૨
ધર્મવાદ ૨૧૩
ધર્મવાદનો વિષય ૨૧૬
પ્રમાણલક્ષણાદિની નિરુપયોગિતા ૨૧૭
ઉદયનાચાર્યદત્ત ઉપાલંભ ૨૨૦
એ ઉપાલંભની અયોગ્યતા ૨૨૧
લક્ષણને કેવલવ્યતિરેકી ન મનાય ૨૨૨
પ્રમાણ લક્ષણોપયોગ અંગે અન્ય શંકા-સમાધાન ૨૨૩
એકાન્તનિત્યવાદમાં હિંસાદિની અઘટના ૨૨૫
મનોયોગધ્વંસને હિંસા ન મનાય ૨૨૬
એકાન્તનિત્યનો શરીર સાથે સંબંધ ન ઘટે ૨૨૭
વિભુ આત્માનું શરીરગ્રહણ અસંભવિત ૨૨૯
નિષ્ક્રિય આત્માનો શરીરસંબંધ અશક્ય ૨૩૦
એકાન્ત અનિત્યવાદમાં હિંસાદિ ન ઘટે ૨૩૨
હિંસક કોને કહેશો? ૨૩૩
નિત્યાનિત્યવાદે બધું સુઘટ ૨૩૫
કર્મોદય ખરો, પણ હિંસકનેય દોષ ૨૩૭
હિંસાવિરતિની સંભવિતતા ૨૩૯



બુદ્ધિબળે બૃહસ્પતિના પુત્રની પરે ઓપતા,
સ્યાદ્‌વાદ ગર્ભિત શાસ્ત્રના મર્મો સુપેરે ખોલતા;
સિદ્ધાન્તરક્ષા કાજ પ્યાલા પી લીધા અપમાનના,
ગુરુ ભુવનભાનુ ચરણકજમાં ભાવથી કરું વંદના.

Vijay '93

श्री अर्हं नमः।
श्री शंखेश्वर पार्श्वनाथाय नमः।
श्री महावीर परमात्मने नमः।
श्रीमद्यशोविजयवाचकपुंगवाय नमः।
श्री प्रेमभुवनभानुसूरीश्वरधर्मजिज्जयशेखरसूरीश्वरेभ्यो नमः।
ऐं नमः।

न्यायविशारद–न्यायाचार्य

श्रीमद्यशोविजयोपाध्यायविरचिता

द्वात्रिंशद्द्वात्रिंशिका

१. दानद्वात्रिंशिका

ऐन्द्रवृन्दविनतांघ्रियामलं यामलं जिनपतिं समाश्रिताम्।
योगिनोऽपि विनमन्ति भारतीं भारती मम ददातु सा सदा।।

ઇન્દ્રોના વૃન્દથી પ્રણામ કરાયેલું છે ચરણયુગલ જેઓનું એવા શ્રી જિનેશ્વરદેવનો આશ્રય કરીને રહેલી જે સરસ્વતીદેવીને યોગીઓ પણ અત્યંત ભક્તિપૂર્વક પ્રણામ કરે છે તે સરસ્વતીદેવી મને હંમેશા ભા = પ્રકાશ = જ્ઞાન અને રતિ = આનંદ આપો. અથવા, ઉક્ત સ્વરૂપ વાળા શ્રી જિનેશ્વરદેવનો આશ્રય કરીને રહેલી જેણીને યોગીઓ પણ અત્યંત ભક્તિપૂર્વક પ્રણામ કરે છે તે સરસ્વતી દેવી મને વાણી આપો, એટલે કે તે સરસ્વતી દેવી, પ્રારંભ કરાતા આ ગ્રન્થની રચના માટે આવશ્યક એવા નિર્દોષ શબ્દ મને આપો. [ઐન્દ્ર શબ્દથી ગ્રન્થકારે સ્વઇષ્ટ બીજનું પ્રણિધાન કર્યું છે. ઐં કારના જાપથી ગ્રન્થકારે સરસ્વતી દેવીને પ્રસન્ન કરેલા. માટે 'ઐં'કાર એ ગ્રન્થકારનું સ્વઇષ્ટ બીજ છે. 'ઐન્દ્રવૃન્દ...' ઇત્યાદિ જે વિશેષણ શ્રીજિનપતિનું વપરાયું છે તેનાથી ભગવાનના પૂજાતિશયનું સૂચન થાય છે. જિન = સઘળા અપાયોના કારણભૂત રાગ-દ્વેષને જીતેલા. એટલે 'જિનપતિ' શબ્દથી ભગવાનનો અપાયાપગમાતિશય સૂચિત થાય છે. જ્ઞાનની અને વાણીની દેવી સરસ્વતી ખુદ ભગવન્નો આશ્રય કરીને રહેલી છે એવું જે કહ્યું છે તેનાથી ભગવાન્નો જ્ઞાનાતિશય અને વચનાતિશય જણાય છે. વળી 'ભગવાન્ને આશ્રયીને રહેલી વાગ્દેવી (કે વાણી એ જ દેવી) મને હંમેશા વચનો આપો' એવું જે જણાવ્યું છે એનાથી એ સ્પષ્ટ છે કે 'એ વચનોથી રચાયેલા આ ગ્રન્થમાં શ્રી જિનવચનને પ્રતિકૂળ કાંઇ નથી.' વળી 'વાણીદેવી મને વચનો આપો' એવું જણાવીને ગ્રન્થકારે સ્વલઘુતા વ્યક્ત કરી છે, 'આ તો બધા વાણીની દેવીનાં (કે ભગવાનની વાણી રૂપી દેવીનાં) વચનો છે, મારું કાંઇ નથી' એ રીતે.]

શ્રેયોભૂત અનેક શાસ્ત્રાર્થોના સંગ્રહને મનમાં ઉપસ્થિત કરીને બત્રીશી પ્રકરણનો પ્રારંભ કરતા ગ્રન્થકાર સૌ પ્રથમ દાનબત્રીશીને કહે છે. તેને સૌ પ્રથમ એટલા માટે કહે છે કે દાનધર્મ પ્રથમ હોવાથી પરમ મંગલરૂપ છે. [આશય એ છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો છે. એમાં શેષ ૩ પુરુષાર્થોના કારણભૂત હોઇ ધર્મ એ પ્રથમપુરુષાર્થ છે. એ ધર્મ ચાર પ્રકારે છે. દાન, શીલ, તપ અને ભાવ. આ ચારે ય પ્રકારનો ધર્મ કરવા માટે મુખ્યતયા અનુક્રમે ધન, ઇન્દ્રિય, શરીર અને મન પ્રત્યેનું આત્માનું જે અનાદિકાલીન વલણ છે તેને બદલવું પડે છે. એમાં ધન, અપેક્ષાએ આત્માથી સૌથી દૂરની ચીજ છે, એનાં કરતાં ઇન્દ્રિયો કંઇક નજીક

श्रेयोभूतानेकशास्त्रार्थसंग्रहं मनसिकृत्य द्वात्रिंशिकाप्रकरणमारभमाणो ग्रन्थकारो दानधर्मस्य प्राथम्येन परममंगलरूपत्वादादौ तद्द्वात्रिंशिकामाह-

ऐन्द्रशर्मप्रदं दानमनुकंपासमन्वितम्।
भक्त्या सुपात्रदानं तु मोक्षदं देशितं जिनैः।।१।।

છે, એના કરતાં શરીર વધુ નજીક છે, અને એના કરતાંય મન સૌથી નજીક છે. માટે મન પ્રત્યેનું વલણ ફેરવવું સૌથી અઘરું છે, શરીર પ્રત્યેનું વલણ ફેરવવું કંઇક સહેલું છે, એનાં કરતાં ઇન્દ્રિય પ્રત્યેનું વલણ ફેરવવું વધુ સહેલું છે અને ધન પ્રત્યેનું વલણ ફેરવવું અપેક્ષાએ સૌથી સહેલું છે. માટે એ અપેક્ષાએ એમ કહી શકાય છે કે દાન ધર્મ સહુથી સહેલો છે, શીલધર્મ એના કરતાં અઘરો, તપ ધર્મ એના કરતાંય અઘરો અને ભાવધર્મ સહુથી અઘરો છે. માટે દાનધર્મ પ્રથમ છે. વળી ઘણું ખરું જીવો સુપાત્રદાન કે અનુકંપાદાન દ્વારા ધર્મમાં પ્રવેશ પામે છે. જેમકે ધનાસાર્થવાહ, નયસાર, મેઘકુમારનો જીવ હાથી વગેરે. માટે દાન ધર્મ સહુથી પ્રથમ છે. એટલે એ શ્રેષ્ઠમંગલરૂપ હોઇ ગ્રન્થકાર સહુથી પ્રથમ દાનબત્રીશીને કહે છે–]

[શંકા - 'દાન' પરમ મંગલરૂપ છે એ તો સમજ્યા, પણ એટલા માત્રથી એને જ પ્રારંભમાં કહેવાની શી જરુર છે?

સમાધાન - દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા આખા ગ્રન્થનું મંગલ થઇ જાય એ માટે એને પ્રારંભે કહ્યું છે. આ મંગલ પણ ગ્રન્થારંભે બે પ્રયોજનને કરવામાં આવે છે. (૧) શિષ્ટાચાર પ્રતિપાલન અને (૨) વિઘ્નધ્વંસ. આ બન્ને પ્રયોજનો સ્વતંત્ર છે, એટલે કે 'ગ્રન્થરચના વગેરે શ્રેયોભૂત કાર્યના પ્રારંભે, કોઇ વિઘ્ન ન આવે એ માટે શિષ્ટપુરુષો મંગળ કરતાં હોય છે. ને તેથી શિષ્ટ પુરુષોનો આવો આચાર રૂઢ થયેલો છે. એટલે આ આચારપાલન પણ અંતતોગત્વા વિઘ્નધ્વંસ માટે જ હોવાથી એને સ્વતંત્ર પ્રયોજન તરીકે જણાવવું ન જોઇએ.' ઇત્યાદિ શંકા ન કરવી. કારણકે શિષ્ટપુરુષ જ એ છે જે પૂર્વપુરુષોનાં વચનોનું કે જગતના સદ્વ્યવહારોનું અનુશાસન માથે રાખે, એનું ઉલ્લંઘન કરે નહીં. તેથી કોઇ અતિશયિત જ્ઞાની દ્વારા નિર્ણય મળી જાય કે 'વિવક્ષિત શ્રેયોભૂત કાર્યમાં તમને કોઇ વિઘ્ન આવવાનું નથી' તો પણ શિષ્ટપુરુષ મંગળ કરવા પૂર્વક જ એનો પ્રારંભ કરે છે. એટલેસ્તો જેમના બધા અંતરાયકર્મો ક્ષીણ થઇ ગયા છે એવા શ્રી તીર્થંકર પરમાત્મા પણ દેશનાના પ્રારંભે 'નમો તિત્થસ્સ' એમ કહીને તીર્થને નમસ્કાર કરે છે. એટલે વિઘ્નધ્વંસરૂપ પ્રયોજન ન હોય તો પણ, 'હું શિષ્ટ છું, મારે ચાલી આવેલા શિષ્ટાચારોનું પાલન કરવું જ જોઇએ. અન્યથા હું શિષ્ટ રહીશ નહીં' એવા વિચારદ્વારા પણ મંગળ કરવું જ જોઇએ. એટલે આ પણ એક સ્વતંત્ર પ્રયોજન છે. ને તેથી જ ગ્રન્થકારો બધે 'વિઘ્નવિનાયકોપશાન્તયે, શિષ્ટાચારપ્રતિપાલનાય ચ' એમ આ બન્ને પ્રયોજનોને અલગ-અલગ જણાવતા હોય છે. આના પરથી એ સૂચન જાણવું જોઇએ કે, સામાન્યથી શિષ્ટપુરુષો જે આચરણ જે પ્રયોજનથી કરતા હોય તે પ્રયોજન અમુક ચોક્કસ પુરુષને કે ચોક્કસ પરિસ્થિતિમાં ન હોવા માત્રથી 'મને (કે હવે) આ આચરણની કશી જરુર નથી' એમ વિચારી શિષ્ટપુરુષ એ શિષ્ટાચારને ફગાવી શકે નહીં. 'શિષ્ટપુરુષોનું આચરણ-મર્યાદા જાળવી રાખવા' આ પણ એક મહત્ત્વનું પ્રયોજન છે જ, ને એ માટે એ પાલન કરવું જ જોઇએ. તેથી જ, રાત્રે ભિક્ષાસંબંધી કોઇ અતિચાર લાગ્યો ન હોવાના કારણે એના પ્રતિક્રમણ તરીકે શ્રમણસૂત્રમાં 'પડિક્કમામિ ગોઅરચરિઆએ...' આલાવો બોલવાનું પ્રયોજન રહેતું ન હોવા છતાં, એમ પચ્ચક્ખાણના સાધુસંબંધી આગારો શ્રાવકોને બોલવા આવશ્યક ન હોવા છતાં એ આલાવો ને એ આગારો બોલવામાં આવે જ છે.

ऐन्द्रेति - अनुकंपासमन्वितं = अनुकंपापूर्वकं दानं, इन्द्रस्य संबन्ध्यैन्द्रं यच्छर्म तत्प्रदम् । सांसारिकसुखान्तरप्रदानोपलक्षणमेतत् । स्वेष्टवीजप्रणिधानार्थं चेत्थमुपन्यासः । भक्त्या सुपात्रदानं तु **जिनैः** = भगवद्भिः मोक्षदं देशितं, तस्य वोधिप्राप्तिद्वारा **भगवत्यां** मोक्षफलकत्वाभिधानात् ।।१ ।।

ગ્રન્થકાર શ્રી ઉપાધ્યાયજી મહારાજે પણ **સામાચારી પ્રકરણમાં** ૧૪ મી ગાથામાં કહ્યું છે-

जइवि हु इच्छाकारो बलाभिओगस्स वारणट्ठाए । तहवि हु सा मज्जाया अण्णत्थ वि होइ कायव्वा ।।१४ ।।

જો કે ઇચ્છાકાર પ્રયોગ બલાભિયોગની શંકાના વારણ માટે છે, તો પણ અન્યત્ર પણ = જ્યાં સ્વતઃ જ અભિયોગની શંકા હોતી નથી ત્યાં પણ ઇચ્છાકાર પ્રયોગ અવશ્ય કરવો જોઇએ, કારણ કે એવી મર્યાદા છે.]

અનુકંપા પૂર્વક અપાતું દાન ઇન્દ્રસંબંધી સુખને દેનારું હોય છે. આ વાત અન્ય સાંસારિક સુખના ઉપલક્ષણભૂત જાણવી. એટલે કે અનુકંપાદાન ઇન્દ્રનું સુખ વગેરે સઘળાં સાંસારિક સુખોને દેનારું બને છે* એવો તાત્પર્યાર્થ જાણવો.

પ્રશ્ન - જો એને સઘળાં સાંસારિક સુખોને આપનારું જણાવવું છે તો એ રીતે જ ઉલ્લેખ કરવો હતો ને, ઇન્દ્રના સુખને આપનારું છે એ રીતે ઉલ્લેખ કરી, પછી એ ઉલ્લેખને ઉપલક્ષણ રૂપે ઠેરવવો... આવું ગૌરવ કરવાની શી જરૂર છે?

ઉત્તર - તમારો પ્રશ્ન સાચો છે. પણ તેમ છતાં, પોતાનું (ગ્રન્થકારનું) જે ઇષ્ટ બીજ છે (એં કાર) તેનું ગ્રન્થના પ્રારંભે પ્રણિધાન થઇ જાય એ માટે આ રીતે ઉલ્લેખ કર્યો છે.

ભક્તિથી અપાતું સુપાત્રદાન મોક્ષને આપનારું છે એવું શ્રી જિનેશ્વરદેવોએ દર્શાવ્યું છે. આ વાત 'સુપાત્રદાન બોધિની પ્રાપ્તિ કરાવવા દ્વારા મોક્ષ ફલક બને છે' એવું **ભગવતીજીમાં*** જે કહ્યું છે તેના પરથી જણાય છે.(આમાં નયસાર વગેરેનું દૃષ્ટાન્ત જાણવું.)॥૧॥

[અનુકંપાથી અને ભક્તિથી અપાતા દાનનું ફળ કહ્યું. હવે અનુકંપા અને ભક્તિના યોગ્ય વિષયની પ્રરૂપણા કરવા ગ્રન્થકાર કહે છે–]

અનુકંપાનું પાત્ર હોય તે અનુકંપ્ય. સાધુ મહારાજ વગેરે સુપાત્ર એ ભક્તિનું પાત્ર છે. અનુકંપ્યને અનુકંપાથી દાન આપવું અને સાધુ વગેરે સુપાત્રને ભક્તિથી દાન આપવું એ યોગ્ય ફળને આપનારું બને છે. અનુકંપ્યને જેઓ ભક્તિ કરવા યોગ્ય માને છે. (અને તેથી એ રીતે ભક્તિથી દાન દે છે) અને સુપાત્રને જેઓ અનુકંપા કરવા યોગ્ય માને છે (અને તેથી જાણે દયા-દાનૂ કરતા હોય એ રીતે અનુકંપાથી દાન દે છે) તેઓની આ વિપરીત બુદ્ધિ તેઓને અતિચાર લગાડે છે.

* અહીં વિશેષ અર્થ એ છે કે જો કાળ, ભવિતવ્યતા વગેરે અનુકૂળ ન હોય તો અનુકંપાદાન સાંસારિક સુખ આપીને અટકી જાય છે. પણ જો કાળ વગેરે અનુકૂળ બની ગયા હોય તો અનુકંપાદાન એવું પુણ્ય બંધાવી આપે છે જેના પ્રભાવે માનવભવ, આર્યકુલ, જૈનધર્મ વગેરેની પ્રાપ્તિ દ્વારા આત્માનો અભ્યુદય થાય છે. જેમકે મેઘકુમાર. અન્યત્ર પણ જે કહ્યું છે--

मोक्खत्थं जं दाणं तं पइ एसो विही समक्खाओ। अणुकंपादाणं पुण जिणेहिं न कयावि पडिसिद्धं।।

અર્થઃ - સંસ્તરણમાં સુપાત્રને શુદ્ધદાન આપવું, અસંસ્તરણમાં અશુદ્ધ પણ અપાય, કુપાત્રને દાન આપવું નિષિદ્ધ છે.. આવો બધો જે વિધિ આગમમાં કહ્યો છે તે મોક્ષ માટે કરાતા દાન અંગે જાણવો. અનુકંપાદાનનો તો શ્રી જિનેશ્વરદેવોએ ક્યાંય નિષેધ કર્યો નથી. આનાથી પણ સૂચિત થાય છે કે સામાન્યથી, અનુકંપાદાન મોક્ષફળ માટે હોતું નથી.

समणोवासए णं भंते! तहारूवं समणं वा जाव पडिलाभेमाणे किं चयति? **गोयमा!** जीवियं चयति, दुच्चयं चयति, दुक्करं करेति, दुल्लहं लहइ, बोहिं बुज्झइ तओ पच्छा सिज्झति जाव अंतं करेति।। (भगवती सूत्रं - २६४]

अनुकंपाऽनुकंप्ये स्याद्भक्तिः पात्रे तु संगता।
अन्यथाधीस्तु दातृणामतिचारप्रसञ्जिका।।२।।

अनुकंपेति। अनुकंपाऽनुकंप्ये विषये, भक्तिस्तु पात्रे साध्वादौ संगता स्यात् = समुचितफलदा स्यात्। अन्यथाधीस्तु = अनुकंप्ये सुपात्रत्वस्य सुपात्रे चानुकंप्यत्वस्य बुद्धिस्तु दातृणामतिचारप्रसञ्जिकाऽतिचारापादिका। अत्र यद्यपि सुपात्रत्वधियोऽनुकंप्येऽसंयतादौ मिथ्यारूपतयाऽतिचारापादकत्वं युज्यते, सुपात्रेऽनुकंप्यत्वधियस्तु न कथंचित्, तत्र ग्लानत्वादिदशायामन्यदापि च ⌘स्वेष्टोद्धारप्रतियोगिदुःखाश्रयत्वरूपानुकंप्यत्वधियः प्रमात्वात्, तथापि स्वापेक्षया हीनत्वे सति स्वेष्टोद्धारप्रतियोगिदुःखाश्रयत्वरूपमनुकंप्यत्वं तत्राप्रामाणिकमेवेति न दोषः। अपरे त्वाहुः- तत्र प्रागुक्तं निर्विशेषणमनुकंप्यत्वं प्रतीयमानं साहचर्यादिदोषेण यदा

દીન, હીન અનાથ વગેરે અનુકંપાપાત્ર જીવો કે જેઓ @અસંયતાદિ છે તેઓને સુપાત્ર માનવા એ મિથ્યા માન્યતા છે. એટલે એનાથી અતિચાર લાગે એ તો જાણે કે સંગત છે. પણ સાધુ વગેરે સુપાત્રને અનુકંપાપાત્ર માનવા એ કાંઇ મિથ્યા માન્યતા નથી કે જેથી એનાથી અતિચાર લાગવાની વાત સંગત ઠરે. સુપાત્ર એવા પણ સાધુ વગેરેને અનુકંપ્ય માનવા એ મિથ્યા માન્યતા રૂપ એટલા માટે નથી કે ગ્લાન વગેરે અવસ્થામાં સાધુ વગેરે પણ અનુકંપ્ય હોય જ છે. વળી, તે સિવાય પણ, ભૂખ-થાક વગેરે રૂપ જે દુઃખમાંથી તેમનો ઉદ્ધાર થવો એ પોતાને ઇષ્ટ છે તે દુઃખની આશ્રયતા રૂપ (તે દુઃખના આશ્રય હોવા રૂપ) અનુકંપાપાત્રતા સાધુ વગેરેમાં હોય છે જ, એટલે તેઓ અંગેની 'આ અનુકંપાપાત્ર છે' એવી બુદ્ધિ પ્રમા જ છે. ને તેથી એ 'અન્યથાધી' ન હોવાથી એનાથી અતિચાર લાગવાની વાત જો કે સંગત ઠરતી નથી.

તેમ છતાં, સ્વાપેક્ષયા હીનત્વ રૂપ વિશેષણથી યુક્ત જે તાદૃશ દુઃખાશ્રયત્વરૂપ અનુકંપ્યત્વ છે તેને તો સુપાત્રમાં માનવું એ અપ્રામાણિક જ છે. કહેવાનો ભાવ એ છે કે અનુકંપ્યત્વ બે પ્રકારે છે (૧) તાદૃશદુઃખાશ્રયત્વરૂપ અનુકંપ્યત્વ અને (૨) 'સ્વઅપેક્ષાએ હીનતા' રૂપ વિશેષણથી યુક્ત તાદૃશદુઃખાશ્રયત્વ રૂપ અનુકંપ્યત્વ (એટલે કે 'આ મારા કરતાં હીન = નીચા છે અને તેવા પ્રકારના દુઃખથી દુઃખી છે' એવું અનુકંપ્યત્વ). આમાંથી સુપાત્રમાં પ્રથમ પ્રકારનું અનુકંપ્યત્વ માનવું એ મિથ્યા ન હોવા છતાં બીજા પ્રકારનું અનુકંપ્યત્વ માનવું એ તો મિથ્યા છે જ, કેમકે સાધુ વગેરે સુપાત્રમાં સ્વની અપેક્ષાએ હીનત્વ રહ્યું નથી. તેથી 'એ અતિચાર લગાડનાર બને છે' એવી અમારી વાતમાં કોઇ દોષ નથી.

બીજા આચાર્યોનો અભિપ્રાય આવો છે - અનુકંપ્યત્વ તો તાદૃશ દુઃખની આશ્રયતા રૂપ એક પ્રકારનું જ છે. સ્વાપેક્ષયા હીનત્વ રૂપ વિશેષણથી યુક્ત એવો જે બીજો પ્રકાર કહ્યો છે તે માનવાની જરૂર નથી. પણ જે જીવોમાં અનુકંપ્યત્વ હોય છે તેઓમાં ઘણું ખરું, અનુકંપા કરનારની અપેક્ષાએ હીનત્વ પણ રહ્યું હોય છે. અનુકંપ્યત્વ અને હીનત્વ વચ્ચે વ્યાપ્ય-વ્યાપક ભાવ ન હોવા છતાં, આ ભૂયઃ સાહચર્યના કારણે, સુપાત્રમાં દેખાયેલું અનુકંપ્યત્વ જો હીનત્વની બુદ્ધિ (સુપાત્રમાં બિચારા પણાની બુદ્ધિ) પણ પેદા કરે છે તો જ એ અતિચાર લગાડનારું બને છે. કારણકે અન્યથા બુદ્ધિ = અયથાર્થ બુદ્ધિ હીનમાં ઉત્કર્ષની અને ઉત્કૃષ્ટમાં હીનતાની બુદ્ધિ

⌘ स्वस्य इष्टो य उद्धारो विवक्षितदुःखाभावरूपस्तत्प्रतियोगि यद्दुःखं तदाश्रयत्वमिति समासः।

@ અહીં 'અસંયત' તરીકે મિથ્યાદૃષ્ટિ ગૃહસ્થો જાણવા. 'આદિ' શબ્દથી બાવા જોગી વગેરેનો નિર્દેશ જાણવો. તેઓનો ત્યાગી તરીકેનો વ્યવહાર હોવાથી 'અસંયત' શબ્દ દ્વારા સમાવેશ કરવાનો નથી. અવિરત સમ્યક્ત્વી- દેશવિરતને ગ્રન્થકાર સ્વયં આગળ પાત્ર કહેવાના છે. માટે એમનું 'અસંયતાદિ' શબ્દથી અહીં ગ્રહણ નથી.

हीनत्वबुद्धिं जनयति तदैवातिचारापादकं, नान्यदा, अन्यथाधियो हीनोत्कृष्टयोरुत्कर्षापकर्षबुद्ध्याधानद्वारैव दोषत्वात्। अत एव 'न चानुकंपादानं साधुषु न संभवति, आयरिय अणुकंपाए गच्छो अणुकंपिओ महाभागो' इति वचनाद् इत्यष्टकवृत्त्यनुसारेणाचार्यादिष्वप्युत्कृष्टत्वधियोऽप्रतिरोधेऽनुकंपाऽव्याहतेति। एतन्नये च सुपात्रदानमपि गृहीतदुःखोद्धारोपायत्वेनेष्यमाणमनुकंपादानमेव, साक्षात्स्वेष्टोपायत्वेनेष्यमाणं चान्यथेति वोध्यम्।।२।।

કરાવવા દ્વારા જ દોષ રૂપ બને છે. સુપાત્ર વિશે થયેલી અનુકંપ્યત્વની બુદ્ધિ પણ જો હીનત્વની બુદ્ધિ નથી કરાવતી તો એ અતિચાર પણ લગાડતી નથી જ. તેથી જ, ૨૭મા અષ્ટકના ત્રીજા શ્લોકની વૃત્તિમાં જે કહ્યું છે કે - 'આચાર્યની અનુકંપા કરવામાં મહાભાગ ગચ્છની અનુકંપા થઇ જાય છે' એવા વચનથી જણાય છે કે 'સાધુઓને અનુકંપાદાન દેવું એ સંભવતું નથી એવું નથી - તેને અનુસારે તો આચાર્ય વગેરે અંગે પણ જો 'આ મારાથી ઘણા ઊંચા છે' એવી બુદ્ધિ હણાઇ ન જાય તો અનુકંપા હોવી અબાધિત છે.

[**પ્રશ્ન** - સાધુ વગેરે સુપાત્રને આહારાદિનું જે દાન કરવામાં આવે છે તેમાં તેઓનું ભૂખ વગેરેનું દુઃખ દૂર થાય એવી ગણતરી તો હોય જ છે, કેમકે એવું દુઃખ વગેરે રૂપ કારણ ઊભું થયું ન હોય તો તો સાધુ આહારાદિનું ગ્રહણ કરે જ નહિ. હવે અનુકંપ્યત્વની વ્યાખ્યામાં સ્વઅપેક્ષાએ હીનત્વ હોવા રૂપ વિશેષણનો સમાવેશ જો ન માનવાનો હોય તો, (અને તેથી સાધુ વગેરે પર પણ અનુકંપા હોવી જો અબાધિત હોય તો,) આહારાદિનું દાન દેતી વખતે, દાતા માટે સાધુ વગેરે સુપાત્રમાં અનુંકપ્યત્વ હોવું પણ અક્ષત જ હોવાથી એ બધું દાન અનુકંપાદાન જ બની જશે. અને તો પછી સાધુ વગેરે અંગે સુપાત્રદાન જેવું કોઇ દાન જ ન રહેવાની આપત્તિ આવશે.

ઉત્તર - તમારી વાત સાચી છે. પણ] સાધુ વગેરે પર અનુકંપા હોવી અબાધિત માનનાર આ નયમતે અનુકંપાદાન અને સુપાત્રદાનની વ્યાખ્યા જ જુદી છે, એટલે આવી આપત્તિ આવતી નથી. આ નયમતે એ વ્યાખ્યાઓ એવી છે કે 'આહારાદિનું ગ્રહણ કરનાર સાધુ વગેરેનું ભૂખ વગેરેનું દુઃખ દૂર કરવાનો આ (દાન દેવું તે) ઉપાય છે. (એટલે કે હું સાધુ મહારાજને આ આહારદિનું દાન કરું જેથી એમનું ભૂખ વગેરેનું દુઃખ દૂર થાય)' આવા અભિપ્રાયથી જો દાન આપવામાં આવતું હોય તો એ અનુકંપાદાન જ છે. અને, 'આ સાધુમહારાજ વગેરેને આહારાદિનું દાન કરવું એ મારા ઇષ્ટ મોક્ષનો ઉપાય છે, (એટલે કે આ સાધુમહારાજ વગેરેને આહારાદિ નું દાન કરું જેથી મારો સંસારમાંથી ઉદ્ધાર થાય-મોક્ષ થાય કે આ સાધુમહારાજ વગેરે સંયમી છે, ગુણવાન્ છે, એમને આહારાદિનું દાન કરું જેથી એમના સંયમ વગેરે ગુણો મારામાં પણ આવે.)' આવા અભિપ્રાયથી જો દાન આપવામાં આવતું હોય તો એ સુપાત્રદાન છે. એટલે આ નયમતે પણ સુપાત્રદાનનો અભાવ થઇ જતો નથી.

[**શંકા** - પણ જે નયમત સુપાત્રમાં અનુકંપ્યત્વ માનતો નથી એ નયમતે તો, 'आयरियअणुकंपाए...' ઇત્યાદિ વાક્ય અસંગત ઠરી જશે ને?

સમાધાન - ના, ત્યાં 'અનુકંપા' શબ્દનો અર્થ 'ભક્તિ' કરવાથી કોઇ અસંગતિ રહેશે નહીં. ને આવો અર્થ કરવો શાસ્ત્રસિદ્ધ પણ છે જ. સર્વશાસ્ત્ર શિરોમણિ શ્રીકલ્પસૂત્ર ના ચોથા વ્યાખ્યાનમાં 'तए णं समणे भगवं महावीरे माउयअणुकंप्पणट्ठाए...' ઇત્યાદિ સૂત્રની વ્યાખ્યામાં 'માતાની અનુકંપા માટે' નો અર્થ 'માતાની ભક્તિ માટે' એમ કર્યો છે.]॥२॥ અનુકંપ્યપ્રત્યે અનુકંપા દાખવવી અને સુપાત્ર પ્રત્યે ભક્તિ દાખવવી એ યોગ્ય છે એમ કહ્યું. એમાં અનુકંપા શું છે? એ જણાવવા ગ્રન્થકાર કહે છે –

तत्राद्या दुःखिनां दुःखोद्दिधीर्षाल्पासुखश्रमात्।
पृथिव्यादौ जिनार्चादौ यथा तदनुकंपिनाम्।।३।।

तत्रेति । तत्र = भक्त्यनुकंपयोर्मध्ये आद्या = अनुकंपा दुःखिनां = दुःखार्त्तानां पुंसां दुःखोद्दिधीर्षा = दुःखोद्धारेच्छा, अल्पानामसुखं यस्मादेतादृशो यः श्रमस्तस्मात्। इत्थं च वस्तुगत्या बलवदनिष्टाननुबन्धी यो दुःखिदुःखोद्धारस्तद्विषयिणी स्वस्येच्छाऽनुकंपेति फलितम्। उदाहरति–यथा जिनार्चादौ कार्ये पृथिव्यादौ विषये तदनुकंपिनामित्थंभूतभगवत्पूजाप्रदर्शनादिना प्रतिबुद्धाः सन्तः षट्कायान् रक्षन्त्विति परिणामवतामित्यर्थः। यद्यपि जिनार्चादिकं भक्त्यनुष्ठानमेव, तथापि तस्य सम्यक्त्वशुद्ध्यर्थत्वात् तस्य चानुकंपालि-

---

[અનુકંપાનું લક્ષણ]

અલ્પજીવોને દુઃખ પહોંચે તેવા પ્રયત્નથી દુઃખી જીવોનું દુઃખ દૂર કરવાની ઇચ્છા એ અનુકંપા છે. એટલે કે જીવોનું જે દુઃખ દૂર કરવામાં અન્ય ઘણા જીવોનું દુઃખ ઊભું થતું હોય તો એ દુઃખ દૂર કરવાની ઇચ્છા એ અનુકંપા નથી, જેમકે માછીમારને જાળ ન હોવાથી ભૂખ્યા રહેવું પડે છે. તો એને જાળ આપીને એ દુઃખ દૂર કરવામાં આવે તો એનું એકનું દુઃખ દૂર થાય પણ અન્ય સેંકડો માછલી વગેરેને મરણનું મહાદુઃખ ઊભું થાય, એટલે આ રીતે એનું દુઃખ દૂર કરવાની ઇચ્છા એ અનુકંપા નથી. [ચેતનાનો વિશિષ્ટ વિકાસ પામેલા એકાદ પંચેન્દ્રિયજીવની હિંસા દ્વારા ચેતનાનો અત્યંત અલ્પ વિકાસ પામેલા અનેક એકેન્દ્રિયાદિ જીવોની દયા થતી હોય તો પણ તે અનુંકપારૂપ નથી, એ વાત પણ અહીં ઉપલક્ષણથી જાણવી. એટલે જ શ્રી સૂયગડાંગમાં, 'રોજે રોજ અનાજ વગેરેના ઉપયોગ દ્વારા અનેક એકેન્દ્રિય જીવોની વિરાધના કરવાના બદલે એક કદાવર હાથીને મારી મહિનાઓ સુધી એના માંસથી ચલાવવું - જેથી એક જ જીવની હિંસા કરવી પડે' હસ્તી તાપસોના આવા અભિપ્રાયને એકેન્દ્રિયજીવોની અનુંકપારૂપે કે સુંદરબુદ્ધિરૂપે સ્વીકાર્યો નથી.] એટલે વસ્તુસ્થિતિ એ થઇ કે દુઃખીના જે દુઃખનો ઉદ્ધાર, તેના કરતાં વધુ મોટા દુઃખને ખેંચી લાવનાર ન હોય તે દુઃખના ઉદ્ધારની ઇચ્છા એ અનુકંપા છે. આ બાબતમાં ઉદાહરણ દેખાડતા ગ્રન્થકાર ઉત્તરાર્ધમાં કહે છે કે- જેમકે જિનપૂજા વગેરે કાર્યમાં પૃથ્વીકાયાદિજીવો પર અનુકંપાવાળા શ્રાવકોએ કરેલી અનુકંપા. જો કે જિનપૂજા વગેરેમાં પૃથ્વીકાયાદિ થોડા જીવોની વિરાધના થાય છે, તેમ છતાં, 'ભગાવનની આવી પૂજા જોઇને જીવો પ્રતિબોધ પામો અને પ્રતિબોધ પામીને સર્વવિરતિ જીવન સ્વીકારી છએ જીવનિકાયના જીવોનું રક્ષણ કરો, ને એ રીતે એ જીવોનો અકાલમૃત્યુના દુઃખમાંથી ઉદ્ધાર થાઓ.' આવો પરિણામ ધરાવનારા શ્રાવકાદિ માટે તો એ 'અનુકંપા' રૂપ છે જ.

[શંકા - આ રીતે છએ જીવનિકાયના જીવોના આરંભ સમારંભાદિ દ્વારા થનારા દુઃખોનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી જિનપૂજા વગેરે થાય છે, અને તેથી એમાં અનુકંપા અક્ષત છે એમ તમે આ જે કહો છો એનાથી તો એ ફલિત થઇ જવાની આપત્તિ આવશે કે 'જિનપૂજા' એ ષડ્જીવનિકાય પરની અનુકંપાથી કરાતું અનુકંપાઅનુષ્ઠાન છે, પ્રભુપ્રત્યેની ભક્તિથી કરાતું ભક્તિ અનુષ્ઠાન નથી.

સમાધાન - તમારી શંકા સાચી છે,] શ્રી જિનેશ્વરદેવની પૂજા તો જો કે, શ્રી જિનેશ્વરદેવપ્રત્યેની ભક્તિથી કરવામાં આવતી હોવાથી ભક્તિઅનુષ્ઠાન જ છે. તેમછતાં, **પંચલિંગી** વગેરે ગ્રન્થમાં આ પ્રમાણે જે જણાવ્યું છે કે 'શ્રીજિનપૂજા સમ્યક્ત્વની શુદ્ધિ માટે કરવામાં આવે છે, અને સમ્યક્ત્વનું અનુકંપા એ લિંગ છે. એટલે જિનપૂજા જીવોની અનુકંપા માટે કરવામાં આવે છે એમ કહેવામાં પણ કોઇ દોષ નથી' તેને અનુસરીને અમે પણ આ પ્રમાણે એને અનુકંપાના દૃષ્ટાન્ત તરીકે કહ્યું છે.॥૩॥ અનુકંપાની વ્યાખ્યામાં 'અલ્પાસુખશ્રમાદ્'

ङ्गकत्वात् तदर्थकत्वमप्यविरुद्धमेवेति **पञ्चलिङ्ग्यादावित्थं** व्यवस्थितेरस्माभिरप्येवमुक्तम्।।३।। अल्पासुखश्रमादित्यस्य कृत्यमाह -

स्तोकानामुपकारः स्यादारंभाद्यत्र भूयसाम्।
तत्रानुकंपा न मता यथेष्टापूर्त्तकर्मसु।।४।।

स्तोकानामिति - स्पष्टः। नवरमिष्टापूर्त्तस्वरूपमेतत् (यो. दृ. स. ११६-११७)

ऋत्विग्भिर्मंत्रसंस्कारैर्ब्राह्मणानां समक्षतः। अंतर्वेद्यां हि यद्दत्तमिष्टं तदभिधीयते।।

वापीकूपतडागानि देवतायतनानि च। अन्नप्रदानमेतत्तु पूर्त्तं तत्त्वविदो विदुः।। इति।।४।।

नन्वेवं कारणिकदानशालादिकर्मणोऽप्युच्छेदापत्तिरित्यत आह–

पुष्टालंबनमाश्रित्य दानशालादि कर्म यत्।
तत्तु प्रवचनोन्नत्या बीजाधानादिभावतः।।५।।

અલ્પજીવોને દુઃખ પહોંચે એવા પ્રયત્નથી' (દુઃખને દૂર કરવાની ઇચ્છા) એવું જે કહ્યું છે તે શા માટે કહ્યું છે એ જણાવવા ગ્રન્થકારશ્રી કહે છે –

જે અનુષ્ઠાનમાં ઘણા જીવોનો આરંભ થવા દ્વારા થોડા જીવોને ઉપકાર થાય છે તે અનુષ્ઠાનમાં થોડા જીવોનો દુઃખમાંથી ઉદ્ધાર હોવા છતાં 'અનુકંપા' મનાયેલી નથી. (કારણકે ઘણા જીવોને એનાથી દુઃખ પહોંચે છે.) જેમકે ઇષ્ટાપૂર્ત્તવગેરે અનુષ્ઠાનો. **ઇષ્ટાપૂર્ત્તનું** સ્વરૂપ આવું જાણવું - ગોરોએ મંત્રસંસ્કાર કરવા પૂર્વક બ્રાહ્મણોની સમક્ષ વેદિકાની અંદર જે આપ્યું હોય તે **'ઇષ્ટ'** કહેવાય છે. વાવડી, કૂવો, તળાવ, દેવતાનું મંદિર વગેરે બંધાવવા કે દાનશાળા વગેરેમાં અન્ન આપવું એ બધું **'પૂર્ત્ત'** છે એમ તત્ત્વજ્ઞો કહે છે.॥૪॥

[કારણિક દાનશાળાદિમાં અનુકંપા અક્ષત]

શંકા - દાનશાળા વગેરેમાં જે દાન અપાય છે તેમાં ભક્તિ તો હોતી નથી, એટલે એ સુપાત્રદાન તો નથી, વળી દાનશાળા વગેરે પૂર્ત્તમાં અનુકંપા નથી એમ તમે કહો છો, એટલે એ અનુકંપાદાન પણ નથી. તો પછી, તેવા કારણે જે દાનશાળા વગેરે ચલાવવામાં આવે છે તેનો તો ઉચ્છેદ જ થઇ જવાની આપત્તિ આવશે.

આવી શંકાનું **સમાધાન** આપવા ગ્રન્થકાર કહે છે–

કારણિક દાનશાળા વગેરેમાં અનુકંપા રહેલી જ છે. કઇ રીતે ? આ રીતે - પુષ્ટ કારણને = યથાર્થ કારણને અવલંબીને દાનશાળા વગેરે જે કર્મ કરવામાં આવે છે તેનાથી લોકો શ્રીજિનશાસનની પ્રશંસા કરે છે. આનાથી પ્રવચનની ઉન્નતિ થવા દ્વારા લોકોમાં બીજાધાન થાય છે. (ઉત્તરોત્તર ધર્મપ્રાપ્તિના બીજ પડે છે.) એ બીજાધાનથી પરંપરાએ તે તે ઘણા જીવોની મુક્તિ થાય છે. ઘણા જીવો સકળજીવરાશિના અભય-અમરણ દાતા બને છે. એક જીવ પણ બીજાધાન દ્વારા સમ્યક્ત્વાદિ (જૈનધર્મ) પામે છે તો પરિણામે સર્વજીવોને તેના તરફથી 'અભય' મળે છે. એટલે કે સર્વજીવોનો, એના દ્વારા થનારા મરણના દુઃખમાંથી ઉદ્ધાર થાય છે. **ઉપદેશમાલા** (૨૬૮) માં કહ્યું છે કે 'सयलम्मिवि.- જે વ્યક્તિ એક પણ દુઃખાર્ત્ત જીવને જૈનધર્મ પમાડે છે તે સકલ જીવલોકમાં અમારીની ઘોષણા કરે છે.' આમ દાનશાળા વગેરેમાં પૃથ્વીકાયાદિ થોડા જીવોની વિરાધના હોવા છતાં ઘણા જીવોને બીજાધાનાદિ થવા દ્વારા જે ઉપકાર થાય છે તેના કારણે, આ કારણિક દાનશાળા વગેરે અનુકંપાની કારણતાને ઉલ્લંઘતા નથી, એટલે કે એમાં અનુકંપાની કારણતા જળવાઇ રહે છે. તેથી અનુકંપાથી મળતા

बहूनामुपकारेण नानुकंपानिमित्तताम्।
अतिक्रामति तेनात्र मुख्यो हेतुः शुभाशयः।।६।।

पुष्टालंबनमिति। पुष्टालंबनं = सद्भावकारणमाश्रित्य यद्दानशालादिकर्म **प्रदेशिसंप्रतिराजादीनां**, तत्तु प्रवचनस्य प्रशंसादिनोन्नत्या बीजाधानादीनां भावतः = सिद्धेर्लोकानाम्।।५।। **बहूनामिति**। ततो निर्वृतिसिद्धेर्बहूनामुपकारेणानुकंपानिमित्ततां नातिक्रामति। तेन कारणेनात्रानुकंपोचितफले मुख्यः शुभाशयो हेतुः, दानं तु गौणमेव, वेद्यसंवेद्यपदस्थ एव तादृगाशयपात्रं, तादृगाशयानुगम एव च निश्चयतोऽनुकंपेति फलितम्।।६।। एतदेव नयप्रदर्शनपूर्वं प्रपञ्चयति-

क्षेत्रादिव्यवहारेण दृश्यते फलसाधनम्।
निश्चयेन पुनर्भावः केवलः फलभेदकृत्।।७।।

क्षेत्रादीति। व्यवहारेण पात्रादिभेदात् फलभेदो, निश्चयेन तु भाववैचित्र्यादेवेति तत्त्वम्।।७।। कालालं-

---

तेवा फળविशेष માટે એ કારણિક દાનशાળા વગેરે કृત્ય અસંગત ન રહેવાથી એનો ઉચ્છેદ થઇ જવાની આપત્તિ આવતી નથી. પ્રદેશીરાજા, સંપ્રતિરાજા વગેરેના દાનशાળા વગેરે કાર્યો પણ આવા હોઇ અનુકંપાવાળા હતા.

પ્રશ્ન - તેવા પુષ્ટકારણ વિના જે દાનशાળા વગેરે કરવામાં આવે છે, અને તેવા પુષ્ટકારણે જે દાનशાળા વગેરે ચલાવવામાં આવે છે, એ બંનેમાં, આરંભાદિ કરીને દાન આપવાની ક્રિયા તો સમાન જ છે, તો એકમાં અનુકંપા ન રહી હોવા છતાં બીજામાં તે રહી છે એનું કારણ શું?

ઉત્તર - બન્નેમાં દાનાદિ ક્રિયા સમાન હોવા છતાં બીજા કાર્યમાં અનુકંપા રહી છે અને તેથી એનાથી અનુકંપાપ્રાયોગ્ય ફળ મળે છે એમાં મુખ્ય કારણ હોય તો તે, તે કાર્ય કરનારનો શુભઆશય છે, દાન આપવાની ક્રિયા એ ફળ પ્રત્યે ગૌણ છે.

આવો શુભ આશય વેદ્યસંવેદ્યપદે રહેલા જીવોમાં જ હોય છે. (આમાં કારણ એવું લાગે છે કે અવેદ્ય સંવેદ્યપદે રહેલા જીવોમાં તેવો સૂક્ષ્મબોધ હોતો નથી કે જેથી એ પુષ્ટકારણને ઓળખીને એને આગળ કરીને એવો શુભભાવ પેદા કરી શકે.) અને એવો શુભ આશય પ્રગટ્યો હોય તો જ નિશ્ચયનયે 'અનુકંપા' હોય છે એ વાત આના પરથી (દાનાદિ ગૌણ છે, શુભાશય મુખ્ય છે એના પરથી) ફલિત થાય છે. એટલે કે એવો આશય પ્રાપ્ત થયો ન હોય તો જિનપૂજા વગેરે પણ નિશ્ચયનયે અનુંકપા યુક્ત હોવા સિદ્ધ થતા નથી.

[ફળભેદમાં નયવિચારણા]

આ જ વાતને નયપ્રદર્શનપૂર્વક વિચારતા ગ્રન્થકાર કહે છે -

[**શંકા** - જિનપૂજામાં શ્રીજિનેશ્વરદેવને ચરણે ધરેલું દાન અને કારણિક દાનशાળા વગેરેમાં દીન-હીન ને આપેલું દાન એ બન્નેમાં અનુકંપા રહી છે એમ તમે કહ્યું. વળી તમે એમ પણ કહ્યું કે 'જો એવો શુભઆશય ન હોય તો જિનપૂજા વગેરેમાં પણ અનુકંપા રહી નથી.' તો આ બધા પરથી, 'સાતક્ષેત્રોમાં શ્રીજિનેશ્વરદેવ એ રત્નપાત્ર છે, એમને ચરણે જે ધરવામાં આવે છે એનું ઉત્કૃષ્ટ ફળ મળે છે. સાધુ-સાધ્વી વગેરે રૂપ ક્ષેત્રમાં ધરેલા દાનનું એનાથી ઓછું ફળ મળે છે, દીન-હીનને આપેલ દાનનું તો એથી'ય ઓછું ફળ મળે છે... ઇત્યાદિ શાસ્ત્રપ્રસિદ્ધ વાતોનો શું વિરોધ નહિ થાય? આવી શંકાનું સમાધાન એ છે કે—]

શ્રી જિનેશ્વરદેવ, સાધુ-સાધ્વી વગેરે રૂપ પાત્રના ભેદે જુદું જુદું ફળ મળે છે એવી જે શાસ્ત્રપ્રસિદ્ધ વાત

बनस्य पुष्टत्वं स्पष्टयितुमाह –

कालेऽल्पमपि लाभाय नाकाले कर्म बह्वपि।
वृष्टौ वृद्धिः कणस्यापि कणकोटिर्वृथान्यथा।।८।।

काल इति। स्पष्टः।।८।। अवसरानुगुण्येनानुकंपादानस्य प्राधान्यं भगवद्दृष्टान्तेन समर्थयितुमाह–

છે એ વ્યવહારનયે જાણવી. નિશ્ચયનય તો એ જ કહે છે કે ફળમાં જે ભેદ પડે છે તે પાત્રના ભેદના કારણે નહિ, પણ દાતાના ભાવના ભેદના કારણે. દાતાનો ભાવ જેટલો વધુ શુભ એટલું ફળ વધુ સુંદર મળે છે. [સામાન્યથી, દીન-હીનને આપવામાં જે ભાવ આવે એના કરતાં સાધુ-સાધ્વીને આપવામાં ઘણું ખરું ભાવ વધુ પ્રગટે, અને એના કરતાંય શ્રીજિનેશ્વરદેવને ચરણે ધરવામાં ઘણું ખરું ભાવ વધુ પ્રગટે છે. એટલે બહુલતયા, શ્રીજિનેશ્વરદેવને ચરણે ધરવાથી જ વધુ ફળ મળતું દેખાય છે. વળી વ્યવહારમાં ભાવ તો દેખાતો નથી. એટલે વ્યવહારનય, પાત્રભેદે ફળભેદ કહે છે એ ધ્યાનમાં રાખવું.]

એવું પુષ્ટ આલંબન હોય તો દાનશાળા વગેરે કૃત્ય અનુકંપાયુક્ત બને છે એ કહ્યું. એમાં કાલ = યોગ્ય અવસર એ પુષ્ટ આલંબન છે એ વાતને સ્પષ્ટ કરવા ગ્રન્થકાર કહે છે –

કાલે = યોગ્ય અવસરે કરેલું નાનું પણ કાર્ય ફાયદો કરે છે, જ્યારે અકાલે = અનવસરે કરેલું મોટું પણ કાર્ય લાભ કરતું નથી. જેમકે વર્ષાકાળે એક કણની પણ વૃદ્ધિ થાય છે, જ્યારે એ સિવાય એક કરોડ કણિયા પણ નિષ્ફળ થાય છે. આ જ વાતને જણાવતી કેટલીક પંક્તિઓ -

કાળ મોંઘે અશન, શીતકાળે વસન, શ્રમસુખાસન રણે ઉદકદાયી,
સુગુણનરસાંભરે, વીસરે નવિ કદા, પાસજી તું સદા છે સખાઇ... - શ્રીવીરવિજય મહારાજ
મોંઘે કાળે રે દાન દીયંતા શાબાશી ઘણી -બારવ્રતની પૂજામાં, પૌષધવ્રતની પૂજામાં...

तोयैरल्पैरपि करुणया भीमभानौ निदाघे, मालाकार! व्यरचि भवता या तरोरस्य पुष्टिम्।
सा किं शक्या जनयितुमिह प्रावृषेण्येन वारां धाराः सारा अपि विकिरता विश्वतो वारिदेन।।८।।

[દુકાળ વગેરેની જે પરિસ્થિતિમાં સમર્થ શ્રાવક વગેરે દાનશાળા વગેરે કરે કે જેનાથી 'ઓહો! જૈનો કેવા દયાના કામ કરે છે' ઇત્યાદિ રૂપે જૈનધર્મની પ્રશંસા થાય તો એ પરિસ્થિતિ વગેરે રૂપ અવસર એ પુષ્ટ આલંબનરૂપ જાણવો. પણ જો પરિસ્થિતિ એવી હોય કે દાનશાળા વગેરે કરનાર સ્થિતિસંપન્ન તે તે શ્રાવકાદિની જ પ્રશંસા થવાની હોય, પણ જૈનધર્મની પ્રશંસા થવાની ન હોય, તો એનાથી બીજાધાનાદિ થવાનું ન હોઇ એ પરિસ્થિતિ વગેરે એ રીતે પુષ્ટઆલંબન બનતી નથી. તેમ છતાં, મારી નજર સામે જીવો ભૂખ વગેરેના ભયંકર દુઃખથી હેરાન થઇ રહ્યા છે, મરી રહ્યા છે, અને તોય છતી શક્તિએ હું કાંઇ નહિ કરું તો મારું દિલ કઠોર-નિર્દય બની જશે, અને એવું કઠોર બનેલું દિલ ધર્મ માટે અયોગ્ય છે. 'તેથી હું ધર્મ માટે અયોગ્ય ન બની જાઉં' એવો શુભઆશય પેદા થવા રૂપે એ પરિસ્થિતિ પુષ્ટ આલંબન બને પણ ખરી. એમ કોઇ પરિસ્થિતિ એવી ઊભી થઇ હોય કે જેમાં અન્ય ધર્મીઓ પણ એવા દયા-દાનાદિ કાર્યો કરતા હોય વગેરે રૂપ કારણોએ જૈનો તેવા કાર્ય કરે તો પણ જૈનધર્મની કંઇ વિશેષ પ્રશંસાદિ થવાના ન હોય, તેમ છતાં, જો આગેવાન જૈનો તેવા કાર્ય ન કરે તો જૈન ધર્મની નિંદા વગેરે થવાના હોય અને તેથી લોક બોધિદુર્લભ બનવાનો હોય તો એવી પરિસ્થિતિ પણ 'આ દાનશાળાદિ કરું, જેથી લોકો બોધિદુર્લભ ન બને' એવા શુભઆશય દ્વારા પુષ્ટઆલંબન રૂપ બની જાય છે. આવું વિચારતાં લાગે છે.] અવસરને અનુસરીને કરાતું અનુકંપાદાન પ્રધાન છે એટલે કે

धर्माङ्गत्वं स्फुटीकर्तुं दानस्य भगवानपि।
अत एव व्रतं गृह्णन् ददौ संवत्सरं वसु।।९।।

धर्मांगत्वमिति। अत एव = कालेऽल्पस्यापि लाभार्थत्वादेव दानस्य = अनुकंपादानस्य धर्माङ्गत्वं स्फुटीकर्तुं भगवानपि व्रतं गृह्णन् संवत्सरं वसु ददौ। ततश्च महता धर्मावसरेऽनुष्ठितं सर्वस्याप्यवस्थौचित्ययोगेन धर्मांगमिति स्पष्टीभवतीति भावः। तदाह - (अष्टक प्र. २७/३)

धर्मांगख्यापनार्थं च दानस्यापि महामतिः। अवस्थौचित्ययोगेन सर्वस्यैवानुकंपया। इति।।९।।

नन्वेवं साधोरप्येतदापत्तिरित्यत आह–

ધર્મનું કારણ બને છે એ વાતનું ભગવાનના દૃષ્ટાન્તથી સમર્થન કરવા માટે ગ્રન્થકાર કહે છે –

[અનુકંપાદાન ધર્માંગ છે]

યોગ્ય અવસરે કરેલું નાનું પણ કાર્ય ઘણો લાભ કરાવે છે. માટે જ, 'અનુકંપાદાન એ પણ ધર્મનું એક અંગ છે' એ વાતને પ્રસિદ્ધ કરવા માટે ભગવાને પણ દીક્ષાગ્રહણ કાલે એક વર્ષ માટે સાંવત્સરિક દાન આપ્યું. કહેવાનો આશય એ છે કે ભગવાને અન્ય અવસરે અનુકંપાદાનાત્મક સાંવત્સરિક દાન આપ્યું હોત તો 'અનુકંપાદાન એ ધર્મનું એક અંગ છે' એવું પ્રસિદ્ધ ન થાત. પણ ચારિત્ર પ્રાપ્તિરૂપ ધર્મના અવસરે એ દાન આપ્યું એટલે એ ધર્મના અંગ રૂપે લોકમાં પ્રસિદ્ધિ પામ્યું. કારણકે મહાપુરુષો (મોટા માણસો) જે ચીજના અવસરે જે કાંઇ કરે છે 'એ તે ચીજનું એક અંગ છે' એમ સામાન્ય જન સ્વીકારી લે છે. [આ વાત લોકવ્યવહારમાં પણ જોવા મળે છે. ગામના એક પ્રતિષ્ઠિત આગેવાનની કન્યાના લગ્નનો પ્રસંગ હતો. જ્યારે વરરાજા ચોરીમાં આવી રહ્યા હતા ત્યારે વરરાજાની આડેથી બિલાડી ઉતરી. આ બનાવને કન્યાની માતા કે જે એક દક્ષસન્નારી હતા તેણે જોયો. 'બીજા કોઇની ખાસ નજર ગઇ નથી તો મારે આ વાત જાહેર કરી લોકોમાં અપશુકનની શંકા શા માટે ઊભી કરવી'? એમ વિચારી તેણે એ વાત કોઇને કરી નહિ. પણ પોતાના મનમાં અપશકુનની શંકા રૂપ કીડો ડંખવા લાગ્યો. પુત્રીનું લગ્નજીવન કેવું જશે એની જાતજાતની ચિંતા થવા માંડી. એટલે એ અપશુકનને હણી નાંખવાના નુસખા રૂપે એ સાસુએ જમાઇનું નાક ખેંચ્યું. લોકોએ આ દૃશ્ય જોયું. સાસુ મૂર્ખ કે પાગલ નથી, પણ દક્ષ છે, બિલ્કુલ સ્વસ્થ છે તેમજ અણજાણપણે સહસા આ કામ કર્યું નથી એવું લોકોના ખ્યાલમાં સહેજે આવી ગયું છે. એટલે લોકોએ કલ્પી લીધું કે આ નાક ખેંચવું એ પણ લગ્ન પ્રસંગનું એક અંગ છે. કહેવાય છે કે 'સાસુએ જમાઇનું નાક ખેંચવું' એ બાબત લગ્નના એક અંગ રૂપે ત્યારથી પ્રસિદ્ધ થઇ.]

આમ, ભગવાને ધર્મ અવસરે અનુકંપાદાન દીધું એનાથી અનુકંપા એ પણ એક ધર્માંગ છે એમ પ્રસિદ્ધ થયું એ વાત સિદ્ધ થઇ. વળી ભગવાન્ ગૃહસ્થો કે સાધુઓ બધા માટે મહાન્ છે, અનુસરણીય છે, એટલે ગૃહસ્થો કે સાધુઓ બધાને પોત પોતાની અવસ્થાનું = ભૂમિકાનું ઔચિત્ય જાળવીને અનુકંપાદાન દેવું એ ધર્માંગ છે (શુભ આત્મપરિણામ રૂપ ધર્મનું કારણ છે) એ વાત સ્પષ્ટ થાય છે. **અષ્ટકપ્રકરણમાં** (૨૭/૩) કહ્યું છે કે 'બધા માટે પોતપોતાની ભૂમિકાના ઔચિત્યને જાળવીને અનુકંપાથી દાન દેવું એ ધર્માંગ બને છે એવું પ્રસ્થાપિત કરવા માટે મહામતિ ભગવાને સાંવત્સરિક મહાદાન આપ્યું.'॥૯॥

'અનુકંપાદાન જો બધાને માટે ધર્માંગ રૂપ છે તો સાધુએ પણ અનુકંપાદાન દેવું જોઇએ એવી આપત્તિ આવશે' એવી સંભવિત શંકાને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે–

પુષ્ટ આલંબનરૂપ દશાવિશેષમાં મહાવ્રતધારી સાધુ **શ્રીસુહસ્તિગિરિ** મહારાજે અનુકંપાદાન આપ્યું હતું.

साधुनापि दशाभेदं प्राप्यैतदनुकंपया।
दत्तं ज्ञाताद्भगवतो रंकस्येव सुहस्तिना।।१०।।

साधुनापीति। साधुनापि = महाव्रतधारिणापि दशाभेदं प्राप्य = पुष्टालंबनमाश्रित्यैतद् = दानमनुकंपया दत्तं, **सुहस्तिनेव** रङ्कस्य, तदाह - 'श्रूयते चागमे आर्यसुहस्त्याचार्यस्य रंकदानमिति। कुतः? इत्याह - 'भगवतः **श्रीवर्धमानस्वामिनो** ज्ञातात्। **तदुक्तं** - ज्ञापकं चात्र भगवान्निष्क्रान्तोऽपि द्विजन्मने। देवदूष्यं ददद्धीमाननुकंपाविशेषतः।। (अष्टक प्रक. २७/५) इति। प्रयोगश्चात्र - 'दशाविशेषे यतेरसंयताय दानमदुष्टं, अनुकंपानिमित्तत्वात्, भगवद्द्विजन्मदानवद्' इत्याहुः।।१०।।

न चाधिकरणं ह्येतद्विशुद्धाशयतो मतम्।
अपि त्वन्यद्गुणस्थानं गुणान्तरनिबन्धनम्।।११।।

न चेति। न चैतत्कारणिकं यतिदानमधिकरणं मतं, अधिक्रियते आत्माऽनेनाऽसंयतसामर्थ्यपोषणत

अष्टकप्रकरण (२७/३) नी वृत्तिमां कह्युं छे के 'आगममांथी जाणवा मळे छे के आर्यसुहस्ति आचार्ये भिखारीने अन्ननुं दान आप्युं हतुं.' वळी तेओए ए दान कंइ मात्र स्वमतिकल्पनाथी नहोतुं आप्युं के जेथी ए आचरण अनुकरणीय न बने. तेओए तो **श्रीवर्धमानस्वामीनुं** दृष्टान्त लइने ए दान आप्युं हतुं. अष्टकप्रकरण (२७/५) मां कह्युं छे के 'दीक्षा स्वीकारेल पण धीमान् भगवाने विशेष प्रकारनी अनुकंपाथी प्रेराइने ब्राह्मणने (अडधुं) देवदूष्य आप्युं हतुं, एम साधु पण दशाविशेषे अनुकंपादान आपी शके छे ए बाबतमां दृष्टान्त जाणवुं,' साधुने पण अवस्थाविशेषे अनुकंपादान देवुं ए अदुष्ट छे एवुं सिद्ध करवा माटेनो अनुमान प्रयोग आवो जाणवो के - 'दशाविशेषे साधुए असंयतने करेल अनुकंपादान निर्दोष होय छे, केमके आ बिचारा जीवनो भवकान्तारमांथी उद्धार थाओ एवी(भाव) अनुकंपाना निमित्तभूत होय छे, जेमके भगवाने ब्राह्मणने करलुं दान. [आमां रहस्य आ छे के - सामान्यथी असंयतने दान करवामां एनो असंयम वधवानुं ज संयतने देखाय छे. बीजुं विशेष कोइ कारण न होय त्यारे मनमां बीजो कोइ भाव रमतो नथी. माटे असंयमनी वृद्धि नजरमां रमवा छतां एनी धरार उपेक्षा करीने संयत, असंयतने दान आपे तो ए अधिकरण रूप बने ए स्पष्ट छे. पण ज्यारे एवुं कारण विशेष ऊभुं थाय छे त्यारे अपायेला अनुकंपादानथी लेनार असंयतने बहुमानादि द्वारा बोधिप्राप्ति वगेरे थाय छे. तेथी एना असंयमनी वृद्धिनुं दृश्य दबाइ जइने ए अनुकंपा द्वारा एने थनारा बोधि प्राप्ति वगेरेनुं दृश्य नजर सामे रमवा मांडे छे. तेथी एने नजरमां राखीने करातुं होवाथी ए कारणिक अनुकंपादान निर्दोष रहे छे.] ॥१०॥

आत्मा जेना वडे दुर्गतिनो अधिकारी बने छे ए अधिकरण छे. असंयतने दान देवाथी ए असंयतनी शक्ति वधे छे जेनाथी एना असंयमनुं पोषण थाय छे. आ कारणे असंयतने संयते आपेलुं अनुकंपादान ए अधिकरण रूप बने छे. तेम छतां साधुए कारणे आपेलुं अनुकंपादान ए 'अधिकरण' मनायुं नथी. केमके एमां स्वभूमिकाना औचित्यनी जाळवणी होवाथी आशय विशुद्ध होय छे. श्रोताने बोधिप्राप्ति आदिना उद्देशथी थता उपदेशदानमां जेम साधुने स्वभूमिकाना औचित्यनुं उल्लंघन नथी तेम ए ज उद्देशथी थता अनुकंपादानमां पण ते उल्लंघन नथी ए जाणवुं.]

[**शंका** - आशय विशुद्ध होवा मात्रथी शुं थइ गयुं? असंयतने दान देवानी क्रिया तो एनी ए ज रहेवाथी

इत्यधिकरणम्। कुतः? इत्याह - विशुद्धाशयतः = अवस्थौचित्येनाशयविशुद्धेः, भावभेदेन कर्मभेदात्। अनर्थासंभवमुक्त्वाऽर्थप्राप्तिमप्याह- 'अपि तु' इत्यभ्युच्चये। अन्यदधिकृतगुणस्थानकान्मिथ्यादृष्टित्वादेरपरमविरतसम्यग्दृष्ट्यादिकं गुणानां = ज्ञानादीनां स्थानं मतं गुणान्तरस्य सर्वविरत्यादेर्निबन्धनम्।।११।।

नन्वेवं '[1]गिहिणो वेयावडिअं न कुज्जा' इत्याद्यागमविरोध इत्यत आह -

वैयावृत्त्ये गृहस्थानां निषेधः श्रूयते तु यः।
स औत्सर्गिकतां बिभ्रन्नैतस्यार्थस्य बाधकः।।१२।।

वैयावृत्त्य इति। गृहस्थानां वैयावृत्त्ये तु साधोर्यो निषेधः श्रूयते, स औत्सर्गिकतां बिभ्रन्नैतस्यापवा-

એ અધિકરણરૂપ બનશે જ!

સમાધાન - ના, એવું નથી,] આશય બદલાઇ જવાથી દાન દેવાની ક્રિયા પણ બદલાઇ જ ગઇ હોય છે. એટલે કે તેવા વિશુદ્ધ આશય વિનાની દાનક્રિયા કરતાં આ વિશુદ્ધ આશયવાળી દાનક્રિયા એ એક જુદી જ ક્રિયા છે. તેથી વિશુદ્ધઆશયશૂન્ય દાનક્રિયા અધિકરણ રૂપ હોવા છતાં આ દાનક્રિયા તેવી નથી. [આ ઋજુસૂત્ર નયમતે કહ્યું. વ્યવહારનયમતે વિચારીએ તો, દાનક્રિયા તો બન્નેમાં સમાન છે, તેમ છતાં સહકારી ભેદે ફળભેદ થાય છે. જેમકે ઘટોત્પત્તિના કારણભૂત એવો પણ દંડ તોફાની છોકરાના હાથમાં આવે તો એ ઘટનાશનું કારણ બની જાય છે. એમ પ્રસ્તુતમાં અનર્થના કારણભૂત એવું પણ અસંયતને આપેલું દાન, વિશુદ્ધ આશયરૂપ સહકારીના યોગે અનર્થ કરનારું રહેતું નથી, પણ ઉપરથી લાભ કરનારું બની રહે છે. માટે એને અધિકરણરૂપ મનાતું નથી.] આમ કારણિક અનુકંપાદાનથી, લેનાર અસંયતના અસંયમના પોષણદ્વારા અધિકરણ બનવા રૂપ કોઇ અનર્થ તો નથી થતો, પણ ઉપરથી એ લાભ થાય છે કે આ કારણિક અનુકંપાદાનના પ્રભાવે એને લેનાર જીવ બોધિપ્રાપ્તિ દ્વારા અધિકૃત મિથ્યાત્વ ગુણઠાણેથી ૪ થા અવિરત સમ્યક્ત્વ વગેરે ગુણઠાણે ચડે છે જે ગુણઠાણું સમ્યક્ જ્ઞાનાદિગુણોનું સ્થાન છે તેમજ ઉપરના સર્વવિરતિ વગેરે ગુણઠાણાના કારણભૂત છે.॥११॥

[આગમવિરોધની શંકાનું નિરાકરણ]

'કારણિક અનુકંપાદાનથી થતા લાભને તમે જણાવ્યો. તેમ છતાં શ્રીદશવૈકાલિકસૂત્રમાં વિવિક્તચર્યા ચૂલિકામાં સાધુને ઉદ્દેશીને જે કહ્યું છે કે 'ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરવી' એનો તો આનાથી વિરોધ થશે જ ને! કેમકે ગૃહસ્થનું ભૂખ વેગેરેનું દુઃખ જે દૂર થાય છે એ પણ એક પ્રકારની એની વૈયાવચ્ચ જ છે ને!' આવી શંકાને દૂર કરવા ગ્રન્થકાર કહે છે–

ગૃહસ્થની વૈયાવચ્ચ કરવાનો સાધુને જે નિષેધ છે તે તો ઔત્સર્ગિક છે. એટલે કે એવું કારણવિશેષ ઊભું ન થયું હોય તેવી સામાન્ય પરિસ્થિતિ માટે એ નિષેધ છે.

જ્યારે અહીં અનુકંપાદાનની જે અનુજ્ઞા બતાવી છે એ તો કારણવિશેષે હોવાથી આપવાદિક છે. ઔત્સર્ગિક વાત અપવાદની બાધક નથી હોતી, પણ અપવાદ જ ઉત્સર્ગનો બાધક હોય છે. [શ્રી તીર્થંકર/ગણધર દેવોએ સામાન્યતયા પ્રથમ સામાન્યપરિસ્થિતિને અનુલક્ષીને ઔત્સર્ગિક વિધાન કે નિષેધ કર્યા હોય છે. એ પછી વિશેષ પરિસ્થિતિને અનુલક્ષીને આપવાદિક નિષેધ કે વિધાન કર્યા હોય છે. એટલે આપવાદિક નિષેધ કે વિધાન ઔત્સર્ગિક વિધાન કે નિષેધની ઉપરવટ જઇને કરવામાં આવ્યા હોય છે. તેથી ઔત્સર્ગિક વિધાનાદિ વિદ્યમાન

१. अभिवायणवंदणपूअणं वा। असंकिलिट्ठेहिं समं वसिज्जा, मुणी चरित्तस्स जओ न हाणी।। इति श्लोकशेषः (दशवै. द्वि. चू. ९)

दिकस्यार्थस्य बाधकः। अपवादो ह्युत्सर्गं बाधते, न तूत्सर्गोऽपवादमिति।।१२।। सूत्रान्तरं समाधत्ते–

ये तु दानं प्रशंसन्तीत्यादिसूत्रेऽपि संगतः।
विहाय विषयो मृग्यो दशाभेदं विपश्चिता।।१३।।

ये त्विति। ये तु दानं प्रशंसन्तीत्यादिसूत्रेऽपि– 'जे उ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं।
जे अ णं पडिसेहंति वित्तिच्छेअं करंति ते।। (१९/२०) इति **सूत्रकृतसूत्रेऽपि** दशाभेदं विहाय संगतो

હોવા છતાં પરિસ્થિતિ વિશેષમાં તેના નિષેધાદિમાં જિનાજ્ઞા છે એવું ફલિત થાય છે. માટે 'અપવાદ ઉત્સર્ગને બાધિત કરે છે' એમ કહેવાય છે. અથવા સામાન્ય પરિસ્થિતિ કરતાં વિશેષ પરિસ્થિતિ એ બળવત્તર નિમિત્તરૂપ છે. એટલે સામાન્યપરિસ્થિતિ માટેના કાયદારૂપ ઉત્સર્ગ કરતાં વિશેષ પરિસ્થિતિ માટેના કાયદારૂપ અપવાદ બળવત્તર છે, અને તેથી એ ઉત્સર્ગને બાધિત કરે છે.] માટે એ ઔત્સર્ગિકસૂત્ર આ આપવાદિક અનુકંપાદાનનું બાધક નથી.॥૧૨॥ આ આપવાદિક અનુકંપાદાનથી શ્રીસૂયગડાંગના 'જે ઉ દાણં પસંસંતિ...' ઇત્યાદિ સૂત્રનો જે વિરોધ થાય છે તેને ટાળવા સમાધાન આપતા ગ્રન્થકાર કહે છે –

શંકા - **શ્રી સૂયગડાંગના** પ્રથમશ્રુતસ્કંધના ૧૧ મા માર્ગ અધ્યયનની ૨૦ મી ગાથામાં કહ્યું છે કે 'દાનથી ગ્રહણ કરનારા અનેક જીવોને ઉપકાર થાય છે એવું વિચારીને જેઓ તેની પ્રશંસા કરે છે તેઓ એ દાનમાં થનારા પ્રાણીવધને ઇચ્છે છે = અનુમોદે છે. (માટે એની પ્રશંસા ન કરવી.) 'દાનમાં ઘણી હિંસા થાય છે' એમ વિચારીને જે અગીતાર્થો દાનનો નિષેધ કરે છે તેઓ તે દાન પર નભનારા જીવોની આજીવિકાનો ઉચ્છેદ કરે છે (અને તેથી અંતરાયકર્મ બાંધે છે. માટે એનો નિષેધ પણ ન કરવો.)' આમ આ સૂત્રમાં અસંયતને અપાતા દાનની પ્રશંસાનો પણ નિષેધ કર્યો છે, તો અસંયતને દાન આપવાની તો વાત જ ક્યાં રહી?

સમાધાન - અસંયતદાનના નિષેધના ગર્ભિત અર્થવાળા એ સૂત્રના, અવસ્થાભેદને (વિશેષ પ્રકારની અવસ્થાને) છોડીને યોગ્ય વિષયને પંડિત પુરુષે ઐદંપર્યશુદ્ધિથી વિચારી કાઢવો જોઇએ, પણ પદાર્થ માત્રમાં મૂઢ ન બની જવું, કારણકે આ સૂત્રની સંગતિ, પુષ્ટઆલંબન સિવાયની અવસ્થા અંગે જ થાય છે. ૨૭ મા અષ્ટકની ૭ મી ગાથામાં કહ્યું જ છે કે 'જેઓ દાનની પ્રશંસા કરે છે.... ઇત્યાદિ જણાવનાર જે સૂત્ર સૂયગડાંગમાં કહ્યું છે તેને મહાત્માઓએ અવસ્થા ભેદ = અપુષ્ટ આલંબનવાળી અવસ્થા અંગે જાણવું.' આશય એ છે કે પ્રસ્તુત સૂત્રનો શંકાકારે કરેલો યથાશ્રુત અર્થ એ પદાર્થ છે. આવા પદાર્થને પ્રકટ કરવાથી જે બોધ થાય તેને જ આગમસૂત્રના અંતિમ તાત્પર્ય રૂપ માની લેવાની કે એ મુજબ આચરણ કરવાની મૂઢતા સેવવી ન જોઇએ. પણ પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાર્થ સુધી ઊંડા ઉતરવું જોઇએ, તો સાચું રહસ્ય હાથમાં આવે. [વ્યાખ્યાના પદાર્થ વગરે આ ૪ અંગોની પ્રરૂપણા શ્રીઉપદેશપદ કે શ્રીઉપદેશરહસ્ય ગ્રન્થમાંથી જોઇ લેવી. બીજી બત્રીશીના ભાવાનુવાદમાં આનો થોડો અધિકાર આવશે.] પ્રસ્તુતસૂત્ર અંગે એ પ્રરૂપણા આવી જાણવી - સૂત્રનાં પદોને પકડીને કરાતો સીધો અર્થ એ પદાર્થ છે. એના પર થોડો વિચાર કરીએ તો જણાય છે કે આ રીતે દાનની પ્રશંસા કે નિષેધ બન્નેમાં દોષ રહ્યો છે તો દાન સંબંધી કાંઇ બોલવું જ ન જોઇએ. એટલે કે એનો ઉપદેશ પણ દેવો ન જોઇએ. આવું શંકાવાક્ય એ વાક્યાર્થ છે. પણ આ ઉપદેશ ન દેવો એ યોગ્ય તો નથી જ, કારણકે દાન, શીલ, તપ અને ભાવ એ ચારે ય પ્રકારના ધર્મનો ઉપદેશ આપવાનું પ્રતિપાદન સઘળાં આસ્તિકશાસ્ત્રોમાં કરેલું છે. તો પછી પ્રસ્તુતસૂત્રથી એનો વિરોધ ન થાય એ રીતે એ સૂત્રને વિશેષ વિષય વાળું માનવું જોઇએ. એટલે કે એમાં કરેલા નિષેધ અને વિધાન અમુક ચોક્કસ વિભાગપૂર્વક છે એમ માનવું જોઇએ. એ વિભાગનો આ

युक्तो विषयो विपश्चिता मृग्यः = ऐदंपर्यशुद्ध्या विचारणीयः। न तु पदार्थमात्रे मूढतया भाव्यं, अपुष्टालंबन-विषयतयैवास्योपपादनात्। आह च-ये तु दानं प्रशंसन्तीत्यादि सूत्रं तु यत्स्मृतम्। अवस्थाभेदविषयं द्रष्टव्यं तन्महात्मभिः।। (अष्टक २७/७) इति।।१३।। पुनः शंकते –

नन्वेवं पुण्यबन्धः स्यात्साधोर्न च स इष्यते।
पुण्यबन्धान्यपीडाभ्यां छन्नं भुङ्क्ते यतो यतिः।।१४।।

नन्विति। नन्वेवमपवादतोऽपि साधोरनुकंपादानेऽभ्युपगम्यमाने पुण्यबन्धः स्यात्, अनुकंपायाः सातबन्धहेतुत्वात्। न च स पुण्यबन्ध इष्यते साधोः। यतः = यस्माद्यतिः पुण्यबन्धान्यपीडाभ्यां छन्नं भुङ्क्ते।।१४।।

एतदेव स्पष्टयति–

रीते निर्णय करवो के आगममां जे जे दाननुं विधान करवामां आव्युं छे ते सत्प्रवृत्तिरूप होइ हिंसारूप न होवाना कारणे तेनो उपदेश देवामां के प्रशंसा करवामां हिंसानी अनुमति वगेरे रूप कोइ दोष नथी. एम आगममां जे जे दाननो निषेध करवामां आव्यो छे (जेमके माछीमारने जाळ आपवी) ते असत्प्रवृत्तिरूप होवाथी तेनो निषेध करवामां आजीविकानो उच्छेद करवानो परिणाम न होइ कोइ दोष नथी. आम आगमने बाधा पहोंचे ए रीते उभय करवामां दोष छे अने आगम अबाधित रहे ए रीते उभय करवामां लाभ छे. आवी विचारणा– एनुं प्रतिपादक वाक्य ए महावाक्यार्थ छे. 'आ रीते आगमनुं उल्लंघन न करवा रूप आगमनी अबाधा ए मोक्षप्राप्तिनुं कारण छे' आवो निर्णय ए प्रस्तुतमां ऐदम्पर्यार्थ छे. [आ माटेना विशेष जिज्ञासुए उपदेशपदनी ८७७ थी ८८० गाथाओनो तेमज उपदेश रहस्यनी १६८ थी १७१ गाथाओनो सविवरण अधिकार जोवो.]

आ विचारणा परथी जणाय छे के आगमविहित दाननी प्रशंसा के विधान करवामां कोइ दोष नथी. प्रस्तुतमां असंयतने जे अनुकंपादान आपवानी वात छे ते पण विशेष प्रकारनी अवस्थाने अनुलक्षीने ज छे. जे अवस्थामां अपातुं अनुकंपादान प्रभु महावीरदेव अने आर्यसुहस्तिगिरि महाराजना दृष्टांतपरथी विहित होवुं जणाय छे. ए लेनारने बोधिप्राप्ति वगेरे करावी आपनार सत्प्रवृत्ति रूप होइ एमां एना असंयमनी वृद्धि करवानो परिणाम न होवाथी कोइ दोष लगातो नथी. आम दशाविशेषमां असंयतने आपेलुं अनुकंपादान अधिकरणरूप नथी, के एमां 'गिहिणो वेयावडियं...' इत्यादि के 'जे उ दाणं...' इत्यादि आगमवचनोनो विरोध नथी एे नक्की थयुं. ॥१३॥ तेम छतां पूर्वपक्षी नवी शंका उठावे छे (गाथा १४ थी १६)–

आ रीते अपवादथी अनुकंपादान देवामां साधुने पण आज्ञाभंगादिना कारणे थनार पापबंधरूप कोइ दोष लागतो नथी एे तमे जणाव्युं. तेम छतां अनुंकपा एे *शातावेदनीयकर्म रूप पुण्यना बंधनुं कारण होइ एनाथी पुण्यबंध थशे जे साधुने इष्ट नथी. आ वात एना परथी जणाय छे के पुण्यबंध अने अन्यपीडाना परिहार माटे तो साधुओने प्रच्छन्न भोजन करवानुं होय छे.॥१४॥ आ ज वातने स्पष्ट करवा शंकाकार कहे छे –

[साधुओने पुण्यबंध अनिष्ट-शंका]

साधु महाराज जाहेरमां भोजन करवा बेसे तो एे सहज छे के भूखपीडित भिखारी वगेरे एमने भोजन

---

* भूतव्रत्यनुकंपादानं, सरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य।। तत्त्वार्थसूत्र ६/१३।।

दीनादिदाने पुण्यं स्यात्तददानं च पीडनम्।
शक्तौ पीडाऽप्रतीकारे शास्त्रार्थस्य च बाधनम्।।१५।।

दीनादीति। प्रकटं भोजने दीनादीनां याचमानानां दाने पुण्यं स्यात्, न चानुकंपावांस्तेषामदत्त्वा कदापि भोक्तुं शक्तः, अतिधाष्ट्यमवलंब्य कथंचित् तेषामदाने च पीडनं स्यात् तेषां तदानीमप्रीतिरूपं शासनद्वेषात्परत्र

કરતા જોઇ ભોજનની માંગણી કરે. કૃપાપરીત મનવાળા સાધુ તેમને આપ્યા વિના તો સ્વયં પણ આરોગી ન જ શકે, કેમકે એમનું ભૂખનું દુઃખ જોઇ સ્વયં દ્રવી ગયા હોય છે. દિલ દ્રવી ગયું હોવા છતાં ઘણી ધિક્કાઇ કરીને-દિલ પર પથરો મૂકીને કદાચ તેઓને ન આપે અને સ્વયં બધું ભોજન કરી લે તો તે ભિખારીઓને પીડા થાય. 'આ સાધુઓ અને તેમનો ધર્મ કેવો નિર્દય છે કે અમે આટલા ક્ષુધાતુર છીએ તો પણ અમને કંઇ આપતા નથી અને પોતે જ બધું ઓહિયા કરી જાય છે' ઇત્યાદિ અપ્રીતિરૂપ પીડા અહીં (આ જન્મમાં) થાય અને શાસનદ્વેષાદિના કારણે થયેલ પાપબંધથી પરલોકમાં દુર્ગતિ વગેરેની પીડા થાય.

શંકા - [સંયમયોગોને સીદાવ્યા વગર પ્રસન્નતાપૂર્વક તપશ્ચર્યા વગેરે કરનાર સાધુને જોઇને પણ કેટલાક મિથ્યાત્વોપહત બુદ્ધિવાળા જીવોને અપ્રીતિ-દુર્ભાવ થતા હોય છે કે 'મહારાજ નાહકનું શરીરને કષ્ટ આપે છે... વગેરે. પણ છતાં, સાધુ તપશ્ચર્યા ચાલુ રાખે છે ને પરપીડાજનનના કોઇ દોષથી ખરડાતા નથી, કારણકે એ મિથ્યાત્વી જીવને પીડા થાઓ એવો સાધુનો કોઇ આશય હોતો નથી. એમ] ભિખારીને આ જે કાંઇ પીડા થાય છે તે પોતાની બુદ્ધિ મિથ્યાત્વથી હણાયેલી હોવા રૂપ સ્વદોષના કારણે થાય છે. સાધુને કાંઇ તેઓને પીડા કરવાનો એવો કોઇ સંક્લિષ્ટ પરિણામ હોતો નથી, સાધુને તો પોતાને અનિષ્ટ એવો પુણ્યબંધ ન થઇ જાય એટલો જ પરિણામ હોય છે. એટલે ભિખારીને ન આપવામાં સાધુને શું દોષ લાગવાનો?

સમાધાન - બીજાઓને થનારી પીડાનો-અપ્રીતિનો જેનાથી પરિહાર થઇ શકે એવો યોગ્ય ઉપાય જો વિદ્યમાન હોય તો એ ઉપાયને અજમાવીને સાધુએ તેઓની પીડાનો પરિહાર કરવો એવો શાસ્ત્રાર્થ છે. [બળાભિયોગની શંકાથી સ્વલ્પ પણ પીડા થવાની જે શક્યતા છે તેનો પરિહાર કરવા માટે ઇચ્છાકાર પ્રયોગ કરવો જોઇએ ઇત્યાદિ શાસ્ત્રસિદ્ધ વાતો આ શાસ્ત્રાર્થની સૂચક જાણવી.] એટલે એ અપ્રીતિ રૂપ પરપીડાનો પરિહાર ન કરવામાં શાસ્ત્રાર્થને બાધા તો પહોંચે જ છે.

[**શંકા** - આ રીતે પરપીડાનો જે પરિહાર થતો નથી એમાં સાધુના રાગ/દ્વેષ કાંઇ ભાગ ભજવતા નથી, તો સાધુને એમાં શું દોષ લાગે?

સમાધાન -] રાગ-દ્વેષ જેમ ચારિત્રના પ્રતિપક્ષરૂપ છે, અને તેથી એ બેથી જેમ દોષ લાગે છે, તેમ (પરપીડાનો પરિહાર કરવાની) શક્તિ ગોપવવી એ પણ ચારિત્રના પ્રતિપક્ષ રૂપ જ છે, અને તેથી એનાથી પણ દોષ લાગે જ છે. [ઉપા. મહારાજે સામાચારીપ્રકરણની નવમી ગાથામાં કહ્યું છે કે -

ण य केवलभावेणं हियकज्जे वीरिअं णिगूहंतो।
वीरियायारविसोहियचरणोचियणिज्जरं पावे।।१।।

જે હિતકાર્ય કરવાનો માત્ર ભાવ રાખે છે, પણ એ માટે વીર્ય ફોરવતો નથી તે વીર્યાચાર પાલનથી વિશોધિત ચારિત્રને ઉચિત નિર્જરા કરી શકતો નથી.

આમાં વીર્યાચાર પાલનથી ચારિત્રની વિશુદ્ધિ કહી છે, તેથી વીર્યને ગોપવવાથી ચારિત્રની અશુદ્ધિ થાય એ સમજી શકાય છે. તેથી શક્તિ ગોપવવી એ પણ ચારિત્રને વિરોધી છે ને માટે દોષ જનક છે એ સમજાય

च कुगतिसंगतिरूपम्। 'तदप्रीतिदानपरिणामाभावान्न दोषो भविष्यती' त्याशंक्याह – शक्तौ सत्यां पीडायाः = परदुःखस्याप्रतीकारे = अनुद्धारे च शास्त्रार्थस्य = पराप्रीतिपरिहारप्रयत्नप्रतिपादनरूपस्य बाधनं, रागद्वेषयोरिव शक्तिनिगूहनस्यापि चारित्रप्रतिपक्षत्वात्। प्रसिद्धोऽयमर्थः **सप्तमाष्टके**।।१५।।

किं च दानेन भोगाप्तिस्ततो भवपरंपरा।
धर्माधर्मक्षयान्मुक्तिर्मुमुक्षोर्नेष्टमित्यदः।।१६।।

किं चेति। किं च दानेन हेतुना भोगाप्तिर्भवति, ततो भवपरंपरा, मोहधारावृद्धेः। तथा 'धर्माधर्मयोः = पुण्यपापयोः क्षयान्मुक्तिः' इति हेतोरदः = अनुकंपादानं मुमुक्षोर्नेष्टम्।।१६।। सिद्धान्तयति–

नैवं यत्पुण्यबंधोऽपि धर्महेतुः शुभोदयः।
वह्नेर्दाह्यं विनाश्येव नश्वरत्वात्स्वतो मतः।।१७।।

नैवमिति। नैवं यथा प्रागुक्तं, यद् = यस्मात् पुण्यबन्धोऽपि शुभोदयः = सद्विपाको धर्महेतुर्मतः तद्धेतुभिरेव दशाविशेषेऽनुषंगतः पुण्यानुबंधिपुण्यसंभवात्, प्राणातिपातविरमणादौ तथाऽवधारणात्। न

छे.] माटे याचकोनी आवी पीडानो परिहार करवा साधुએ उद्यमशील बनवुं ज जोइએ. आ वात सातमा प्रच्छन्न भोजन अष्टकमां विवेचेली छे. [आम प्रकट भोजन करवामां आवे, अने याचको मांगता आवे तो, याचकोने नहि आपवामां जे दोष छे तेनो याचकोने आपवा द्वारा परिहार न करतां प्रच्छन्नभोजननुं विधान करीने जे परिहार करवामां आव्यो छे तेनाथी जणाय छे के याचकोने अनुकंपादान आपवा द्वारा साधुने जे पुण्यबंध थाय ते पण ઇष्ट नथी.]॥१५॥

[सामान्यथी उत्सर्ग રૂपे आ रीते अनुकंपादान अने એनाथी थनार पुण्यबंध भले साधुने ઇष्ट न होय, पण जे अनुकंपादानथी सामा જીवने બોધિप्राप्ति आदि थवानो लाभ छे तेवुं प्रासंगिक अनुकंपादान अपवादपदे साधुने शा माटे ઇष्ट न बने? आवी शंकाना समाधान माटे पूर्वपक्षी कहे छे–]

'ऐन्द्रशर्मप्रदं दानमनुकंपासमन्वितम्' ઇत्यादि द्वारा तमे ज कही गया छो के अनुकंपादानथी सांसारिक भोगसुખनी प्राप्ति थाय छे. એटले आ रीते साधु अनुकंपादान अपवादपदे आपे तो पण એना फળરૂपे भोगप्राप्ति थाय छे जेना कारणे पाछी भवपरंपरा सर्जाय छे. वळी मोक्ष तो पुण्य अने पाप બન્નેના क्षयथी थाय छे. એटले मोक्षेच्छुने जेम पापબંध ઇष्ट होतो नथी तेम पुण्यબંध पण ઇष्ट होतो नथी. वळी जेमां स्वात्महितરૂप स्वार्थ न भળेलो होय पण ઉपरथी भववृद्धिરૂप अहित भળेलुं होय એवो तो कोઇ परार्थ (परोपकार) करवो शास्त्रमां अनुज्ञात नथी. એटले आवा आपवादिक अनुकंपादानथी अन्यने બોધિप्राप्ति वगेरे थवा રૂप परोपकार रह्यो होवा छतां साधुने पोताने तो भोगप्राप्तिद्वारा भव रंपरा वृद्धि રૂप अने मोक्षनुं दूरीकरण રૂप अहित ज थतुं होइ मुमुक्षु એवा साधुने એ शी रीते ઇष्ट बने? माटे એवी अवस्था विशेषमां पण अनुकंपादान करवुं એ साधु माटे योग्य नथी ज. [पूर्वपक्ष पूरो.]॥१६॥ आ पूर्वपक्षनो जवाब आपवा ग्रन्थकार सिद्धान्त देખાડે छे–

[पुण्यबंध पण शुभोदय-समाधान]

पूर्वपक्षीએ करेली आ બધી वातो बराबर नथी. सामान्य संજોगोमां याचકादिने आपवाथी जे पुण्यબંध थाय अने तेनाथी जे भोगप्राप्ति वगेरे थाय ते साधुने अनिष्ट होय छे. पण सामाने બોધિप्राप्ति वगेरे थवाना

चायं मुक्तिप्रतिपंथी, दाह्यं विनाश्य वह्नेरिव तस्य पापं विनाश्य स्वतो नश्वरत्वात् = नाशशीलत्वात् । शास्त्रार्थाऽबाधेन निर्जराप्रतिबन्धकपुण्यबन्धाभावान्नात्र दोष इति गर्भार्थः ।।१७।।

भोगाप्तिरपि नैतस्मादभोगपरिणामतः ।
मंत्रितं श्रद्धया पुंसां जलमप्यमृतायते ।।१८।।

भोगाप्तिरिति । भोगप्राप्तिरपि नैतस्माद् = आपवादिकानुकंपादानात्, अभोगपरिणामतः = भोगानुभवोपनायकाध्यवसायाभावात् । दृष्टान्तमाह - मंत्रितं जलमपि पुंसां श्रद्धया = भक्त्या अमृतायते = अमृतकार्य-

---

લાભને નજરમાં રાખીને દશાવિશેષમાં જે અનુકંપાદાન આપવામાં આવે છે તેનાથી થનાર પુણ્યબંધ સાધુને અનિષ્ટ નથી, કારણ કે પુણ્યબંધ પણ શુભ રૂપે ઉદયમાં આવનારો હોવાથી ઉત્તરોત્તર ધર્મપ્રાપ્તિમાં હેતુભૂત બનનારો હોય છે. જે ઉત્તરોત્તર ધર્મપ્રાપ્તિમાં હેતુભૂત હોય તેનાથી જ દશાવિશેષમાં આનુષંગિક ફળ રૂપે પુણ્યાનુબંધી પુણ્યનો (શુભ રૂપે ઉદયમાં આવનાર પુણ્યનો) બંધ સંભવે છે. આ વાત પણ એના પરથી નિર્ણીત થાય છે કે ઉત્તરોત્તર અપ્રમત્તતા, વીતરાગતા વગેરે ધર્મપ્રાપ્તિના હેતુભૂત પ્રાણાતિપાત વિરમણ વગેરેથી પણ આનુષંગિક ફળ રૂપે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય જ છે. આવા શુભઉદયવાળો પુણ્યાનુબંધી પુણ્યોદય મોક્ષનો પ્રતિબંધક નથી, કેમકે જેમ અગ્નિ બળતણનો નાશ કરીને પછી સ્વયં પણ નષ્ટ થઇ જાય છે તેમ આ પુણ્યાનુબંધી પુણ્ય પણ યોગ્ય ભૂમિકા વગેરેની પ્રાપ્તિ કરાવીને પછી સ્વયં નષ્ટ થઇ જાય છે. એટલે એના કારણે મોક્ષ અટકતો ન હોવાથી એ મુક્તિનું પ્રતિબંધક નથી. માટે એ મુમુક્ષુને શા માટે ઇષ્ટ ન હોય? આમાં રહસ્ય એ છે કે આ રીતે દશાવિશેષમાં અનુકંપાદાન કરવાથી શાસ્ત્રાર્થનો બાધ થતો ન હોવાના કારણે એનાથી જે નિર્જરાનો પ્રતિબંધક હોય એવો પુણ્યબંધ થતો નથી, અને તેથી 'પુણ્યબંધ હોવા' માત્રના કારણે આ પ્રાસંગિક અનુકંપાદાનમાં કોઇ દોષ નથી.।।૧૭।।[પુણ્યબંધથી ભોગપ્રાપ્તિ દ્વારા ભવપરંપરાનું સર્જન થશે એવો જે દોષ દેખાડ્યો હતો તેનું નિરાકરણ કરવા ગ્રન્થકાર કહે છે—]

[વિષયપ્રાપ્તિમાં પણ અભોગપરિણામ]

'આ આપવાદિક અનુકંપાદાનથી પુણ્યબંધ દ્વારા ભોગપ્રાપ્તિ થશે' ઇત્યાદિ વાત પણ યોગ્ય નથી, કારણકે ભોગનો અનુભવ કરાવી આપે એવો અધ્યવસાય હોતો નથી. [આશય એ છે કે ભોગસાધનભૂત વિષયોની પ્રાપ્તિ = સંપર્ક થવો એ માત્ર 'ભોગ' નથી, નહિતર તો અપ્રમત્તસંયત વગેરેને પણ આહારાદિકાળે રસનેન્દ્રિય વગેરેના વિષયનો સંપર્ક હોઇ ભોગ માનવો પડે. કિન્તુ વિષયસંપર્ક થવા પર એમાં તન્મય બની રાગ-આસક્તિ આદિ કરવા એ ભોગ છે. વળી એક સામાન્ય કાયદો એવો છે કે શુભ કે અશુભ ક્રિયાકાળે જેવો ભાવ હોય તેવો ભાવ તે ક્રિયાથી બંધાયેલા પુણ્ય કે પાપના ઉદયકાળે પ્રાયઃ કરીને આવે છે. એટલે કે શુભ-અશુભ ક્રિયાને અનુસરીને પુણ્ય કે પાપ બંધાય છે અને એ ક્રિયા વખતે રહેલા શુભ-અશુભ ભાવને અનુસરીને તે પુણ્ય કે પાપના ઉદયકાળે શુભ-અશુભ ભાવની પ્રાપ્તિ થાય છે. સાધુ મહારાજ વિશેષ પ્રસંગે જે અનુકંપાદાન કરે છે એ વખતે 'આ લેનારને આહાર-વિષયાદિની પ્રાપ્તિ થવા દ્વારા એનું દુઃખ દૂર થાઓ અને એ સુખી થાઓ' એવો ભાવ નથી હોતો પણ 'આ અનુકંપાદાન દ્વારા લેનાર જીવ બોધિપ્રાપ્તિ વગેરે દ્વારા રાગદ્વેષાદિના ભયંકર બંધન વગેરે રૂપ સંસારમાંથી સર્વથા મુક્ત થાઓ' ઇત્યાદિ ભાવ (અભોગપરિણામ) હોય છે. એટલે એ અનુકંપાદાન રૂપ ક્રિયાથી બંધાયેલા પુણ્યના ઉદયે વિષયોની પ્રાપ્તિ થવા પર પણ તેવા રાગાદિ પરિણામ (ભોગપરિણામ) થતા નથી. આમ ભોગહેતુભૂત વિષયોની પ્રાપ્તિ થવા પર પણ અભોગપરિણામના પ્રભાવે

कारि भवति। एवं हि भोगहेतोरप्यत्राध्यवसायविशेषाद् भोगानुपनतिरुपपद्यत इति भावः।।१८।।

नन्विदं **हरिभद्रसं**मत्या भवद्भिर्व्यवस्थाप्यते, तेनैव चाभिनिविश्योक्तमित्याशंक्याह-

न च स्वदानपोषार्थमुक्तमेतदपेशलम्।
हरिभद्रो ह्यदोऽभाणीद्यतः संविग्नपाक्षिकः।।१९।।

न चेति। न च स्वदानस्य = स्वीयासंयतदानस्य पोषार्थं = समर्थनार्थं उक्तमेतदपेशलं = असुन्दरम्। यतः = यस्मात् संविग्नपाक्षिको **हरिभद्रो**ऽदः = प्रागुक्तं हि = निश्चितमभाणीत्। न हि संविग्नपाक्षिकोऽनृतं ब्रूते। तदुक्तं **सप्तविंशतितमाष्टकविवरणे** - 'स्वकीयासंयतदानसमर्थनागर्भार्थकमिदं प्रकरणं सूरिणा कृतमिति

ભોગપ્રાપ્તિ થતી નથી (ભોગાનુભવ થતો નથી.) તેથી સંસારવૃદ્ધિ પણ થતી નથી.]

'આ અમૃત છે' 'આ અમૃત છે' એવા વારંવારના ચિંતનરૂપ મંત્રથી મંત્રિત થયેલું પાણી પણ માનવીની એવી શ્રદ્ધાના પ્રભાવે જેમ અમૃતનું કાર્ય કરે છે@ તેમ ભોગના હેતુભૂત વિષયો પણ અભોગ પરિણામના પ્રભાવે અભોગનું કાર્ય કરે છે એમ સમજવું. એટલે કે આ વિશેષ પ્રકારના અધ્યવસાયના પ્રભાવે ભોગહેતુથી પણ ભોગની પ્રાપ્તિ ન થવાની આ વાત સંગત રહે છે. [માટે, સાધુથી થતા કારણિક અનુકંપાદાનનો, આ રીતે ભોગપ્રાપ્તિ દ્વારા સંસારવૃદ્ધિના કારણરૂપે કે મોક્ષપ્રતિબંધક પુણ્યબંધના કારણરૂપે કહી ઉચ્છેદ કરવો એ યોગ્ય નથી.]

'સાધુના અનુકંપાદાનની તમે આ જે પ્રરૂપણા અને પુષ્ટિ કરો છો એ બધું **શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** કર્યું છે માટે કરો છો. પણ મૂળ વાત તો એ છે કે તેમણે જ અભિનિવેશ પકડીને એ બધી પ્રરૂપણા કરી છે. એટલે એમની સંમતિથી તમે કરેલી આ પ્રરૂપણા પણ અભિનિવેશમૂલક હોઇ આદરણીય નથી' એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે-

'પોતે અસંયતોને જે દાન આપેલું તેનું સમર્થન કરવા માટે હરિભદ્રસૂરિ મહારાજે આ બધું કહ્યું છે, માટે એ બધું અસુંદર છે' એવું કહેવું એ યોગ્ય નથી, કારણકે સંવિગ્નપાક્ષિક એવા શ્રીહરિભદ્રસૂરિ મહારાજે આ બધી વાત નિશ્ચિતપણે કહી છે, અને સંવિગ્નપાક્ષિક અસત્ય બોલતા નથી. [કેમકે એમાં એમની સંવિગ્નપાક્ષિકતા જ ખંડિત થઇ જાય.] ૨૭ મા અષ્ટકના વિવરણમાં વિવરણકારે પણ આ વાતનો ખુલાસો કર્યો છે. [એટલે કે હરિભદ્રસૂરિ મહારાજ સ્વયં જો અભિનિવિષ્ટ હોત, અને તેથી તેઓએ સ્વકીય અનુકંપાદાનના સમર્થન માટે અસત્ય વાતો ઉપજાવી કાઢી હોત તો વિવરણકાર તેઓશ્રીનો સંવિગ્નપાક્ષિક તરીકે ઉલ્લેખ કરી એ પ્રરૂપણાનું સમર્થન ન કરત.] એ વિવરણમાં કહ્યું છે કે - 'શ્રીહરિભદ્રસૂરિમહારાજ ભોજનાવસરે શંખવાદન પૂર્વક યાચકોને ભોજન અપાવતા હતા આવું સંભળાય છે. આના પર કેટલાક વિવેચકો એવી કલ્પના કરે છે કે 'સાધુના અનુકંપાદાનનું સમર્થન કરનાર આ પ્રકરણ શ્રીહરિભદ્રસૂરિમહારાજે પોતે અસંયતોને જે દાન કર્યું તેનું સમર્થન કરવા માટે રચ્યું છે. [માટે એ જિનાજ્ઞામૂલક નહીં, પણ અભિનિવેશમલૂક હોઇ સુજ્ઞજનોને અગ્રાહ્ય છે.]' પણ તેઓની આવી કલ્પના મુજબની વાત સંભવતી નથી, કારણકે શ્રીહરિભદ્રસૂરિ મહારાજ સંવિગ્નપાક્ષિક હતા, અને સંવિગ્ન કે સંવિગ્નપાક્ષિક શાસ્ત્રકાર આગમવિરુદ્ધ પદાર્થ કહે એ સંભવતું નથી, કેમકે એવું કરે તો એમનું સંવિગ્નપણું કે સંવિગ્નપાક્ષિકપણું જ ઊડી જાય. પંચાશક (૧૨/૧૭) માં કહ્યું છે કે 'દુર્ભાષિત = આગમવિરુદ્ધ ઉપદેશ એ અતીવ કટુ વિપાક દેનારો છે એવું જાણતા સંવિગ્ન

@ पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं किं नाम नो विपविकारमपाकरोति? -- [कल्याणमंदिरस्तोत्रे]

केचित्कल्पयन्ति, हरिभद्राचार्यो हि भोजनकाले शंखवादनपूर्वकमर्थिभ्यो भोजनं दापितवानिति श्रूयते। न चैतत्संभाव्यते, संविग्नपाक्षिको ह्यसौ, न च संविग्नस्य तत्पाक्षिकस्य वाऽनागमिकार्थोपदेशः संभवति, तत्त्व-हानिप्रसङ्गात्। आह च(पंचा. १२/१७)-

[1]संविग्गो णुवएसं ण देइ दुब्भासिअं कडुविवागं।

जाणंतो तम्मि तहा अतहक्कारो उ मिच्छत्तं।।इति।।१९।।

भक्तिस्तु भवनिस्तारवाञ्छा स्वस्य सुपात्रतः।
तया दत्तं सुपात्राय बहुकर्मक्षयक्षमम्।।२०।।

भक्तिस्त्विति। भक्तिस्तु स्वस्य सुपात्रतो भवनिस्तारवांछा। आराध्यत्वेन ज्ञानं भक्तिः, आराधना च गौरवितप्रीतिहेतुः क्रिया गौरवितसेवा चेत्येतदपि फलतो नैतल्लक्षणमतिशेते। तया = भक्त्या सुपात्राय दत्तं

ઉપદેશક અનુપદેશ દેતા નથી = અનાગમિક વાત કરતા નથી. માટે તેમના કથન અંગે 'તહત્તિ' ન કરવું એ મિથ્યાત્વ છે'.

[અષ્ટકજીના વિવરણકારની અને ઉપા. મહારાજની આવી પ્રરૂપણા પરથી એવું ફલિત થઇ શકે છે કે શ્રીહરિભદ્રસૂરિ મહારાજાની ઉક્ત પ્રરૂપણા સત્યથી વેગળી નથી. એટલે સાધુએ કારણિક અનુકંપાદાન દેવું એમાં શાસ્ત્રાર્થનો બાધ નથી. માટે (૧) અન્યજીવોને બોધિપ્રાપ્તિ વગેરે લાભ જોઇને શ્રીહરિભદ્રસૂરિમહારાજે જો એ રોજનું દાન અપાવ્યું હોય તો એ આગમવિરુદ્ધ ન હોતું, તેથી એનો બચાવ કરવાનો કોઇ પ્રશ્ન નહોતો. અથવા (૨) શ્રીહરિભદ્રસૂરિ મહારાજનો 'સંવિગ્નપાક્ષિક' તરીકે ઉલ્લેખ કર્યો છે 'સંવિગ્ન' તરીકે નહિ, એટલે તેઓમાં સાધુઓને જિનાનુજ્ઞાત ન હોય એવું આચરણ પણ સંભવે છે. એવું આચરણ હોવા છતાં, એનો બચાવ ન હોય અને પ્રરૂપણા તો જિનાજ્ઞાનુસાર જ હોય તો જ સંવિગ્નપાક્ષિકપણું ટકી શકે છે. પ્રસ્તુતમાં શ્રીહરિભદ્રસૂરિ મહારાજનું શંખવાદનપૂર્વક યાચકોને ભોજનદાન એ પણ એવા જ પ્રકારનું એક જિનાજ્ઞાઅનનુજ્ઞાત આચરણ હોવું સંભવી શકે. પણ તેઓશ્રીએ આનો બચાવ કર્યો નથી, કે એના બચાવ માટે પ્રસ્તુત પ્રકરણ બનાવ્યું નથી. એનો તો જિનાનનુજ્ઞાત તરીકે જ સ્વીકાર તેઓએ કર્યો છે, અને એ રીતે સ્વકીય સંવિગ્નપાક્ષિકત્વ જાળવી રાખ્યું છે. (આ બેમાંથી બીજી કલ્પનાની સંભાવના વધુ જાણવી.) માટે તેઓ શ્રીમદે આપવાદિક અનુકંપાદાનની કરેલી આ પ્રરૂપણમાં આગમવિરુદ્ધત્વની તો કોઇ શંકા કરવાની જરૂર નથી.]॥૧૯॥ [દાનના પ્રથમ પ્રકાર અનુકંપાદાનની પ્રરૂપણા પૂર્ણ થઇ. હવે બીજાપ્રકાર સુપાત્રદાનની પ્રરૂપણા કરતા ગ્રન્થકાર કહે છે—]

[ભક્તિ શું છે?]

'[ભક્તિથી આપેલું સુપાત્રદાન મોક્ષદાયક છે' એવું શ્રીજિનેશ્વરદેવોએ કહ્યું છે એ પ્રમાણે ગ્રન્થકારે પૂર્વે પ્રથમશ્લોકમાં કહેલું. એમાં ભક્તિ શું છે ? આ -] સુપાત્રના આલંબને પોતે ભવસમુદ્રને તરી જવાની વાંછા એ ભક્તિ છે. સામાન્યથી ભક્તિ તરીકે આ વાત પ્રસિદ્ધ છે કે – 'આ મારે આરાધ્ય છે, મારી આરાધનાનું પાત્ર છે' એવી પ્રતીતિ (જ્ઞાન) એ ભક્તિ છે. એ આરાધના એટલે એવી ક્રિયા કે જે ગૌરવપ્રાપ્ત આરાધ્ય વ્યક્તિની પ્રસન્નતાના હેતુભૂત હોય, એમ ગૌરવપ્રાપ્ત આરાધ્યની સેવા એ પણ આરાધના છે. [ઉપલી અવસ્થા પામેલ ગૌરવપ્રાપ્ત આરાધ્ય વ્યક્તિઓને પ્રસન્નતા-અપ્રસન્નતા જેવું કશું હોતું નથી. એટલે 'ગૌરવપ્રાપ્ત

---

१ संविग्नोऽनुपदेशं न ददाति दुर्भाषितं कटुविपाकम्। जानानस्तस्मिंस्तथाऽतथाकारस्तु मिथ्यात्वम्।।

बहुकर्मक्षये क्षमं = समर्थं भवति।।२०।। तथाहि-

पात्रदानचतुर्भंग्यामाद्यः संशुद्ध इष्यते।
द्वितीये भजना शेषावनिष्टफलदौ मतौ।।२१।।

पात्रेति। पात्रदानविषयिणी या चतुर्भंगी - संयताय शुद्धदानं, संयतायाशुद्धदानं, असंयताय शुद्धदानं, असंतायाशुद्धदानं इत्यभिलापाः। तस्यामाद्यो भङ्गः सम्यग् = अतिशयेन शुद्ध इष्यते, निर्जराया एव जनकत्वात्। द्वितीयभंगे कालादिभेदेन फलभावाभावाभ्यां भजना विकल्पात्मिका। शेषौ = तृतीयचतुर्थभंगावनिष्टफलदौ एकान्तकर्मबन्धहेतुत्वान्मतौ।।२१।।

शुद्धं दत्त्वा सुपात्राय सानुबन्धशुभार्जनात्।
सानुबन्धं न बध्नाति पापं बद्धं च मुञ्चति।।२२।।

शुद्धमिति। सुपात्राय = प्रतिहतप्रत्याख्यातपापकर्मणे शुद्धमन्नादिकं दत्त्वा सानुबन्धस्य = पुण्या-

---

આરાધ્યની સેવા એ પણ આરાધના છે' એમ કહ્યું છે.] [આમ આરાધ્ય તરીકે 'જ્ઞાન' એ ભક્તિ તરીકે પ્રસિદ્ધ છે. જ્યારે ગ્રન્થકારે ભક્તિ તરીકે ઇચ્છાને કહી છે, તો આ બેમાં વિરોધ નહિ થાય? એવી શંકાનું વારણ કરવા ગ્રન્થકાર કહે છે—] આરાધ્ય તરીકે જ્ઞાન રૂપ જે ભક્તિ છે તે પણ ફળને આશ્રીને અમે કરેલા આ લક્ષણનું ઉલ્લંઘન કરતી નથી, અને તેથી અવ્યાપ્તિ દોષ નથી. [આ ભક્તિ જ્ઞાનરૂપ હોઇ ઇચ્છા રૂપ ઉક્ત લક્ષણ તેમાં સાક્ષાત્ જતું નથી. તેમ છતાં ઉક્ત ઇચ્છારૂપ ભક્તિની જેમ આ જ્ઞાનરૂપ ભક્તિનું ફળ પણ ભવનિસ્તાર છે. એટલે ફળને આશ્રીને એ પણ ઉક્ત લક્ષણને અનુસરે છે.]

આવી ભક્તિથી સુપાત્રને આપેલું દાન પ્રચુર કર્મનિર્જરા કરવા માટે સમર્થ હોય છે. ॥૨૦॥ આ વાતને પાત્રદાનના ચારભાંગા દ્વારા સમજાવવા ગ્રન્થકાર કહે છે—

સુપાત્ર સમજીને ભક્તિથી અપાતું દાન એ પાત્રદાન. એના ૪ ભાંગા છે (૧) સંયતને શુદ્ધદાન, (૨) સંયતને અશુદ્ધદાન, (૩) અસંયતને શુદ્ધદાન અને (૪) અસંયતને અશુદ્ધદાન. આ ૪ માંથી પ્રથમ ભાંગો અત્યંતશુદ્ધ છે કારણકે નિર્જરાનો જ જનક છે.* બીજા ભાંગામાં અમુક કાળ-પુરુષ વગેરેની પરિસ્થિતિમાં વિપુલ નિર્જરારૂપ ફળ મળે છે, અન્ય કાળ-પુરુષ વગેરેની પરિસ્થિતિમાં તે ફળ મળતું નથી. એટલે બીજા ભાંગામાં વિકલ્પરૂપ ભજના છે. શેષ ત્રીજા અને ચોથા ભાંગા એકાન્તે કર્મબન્ધના હેતુભૂત હોઇ અનિષ્ટફળ આપનારા મનાય છે.॥૨૧॥[આ જ વાતનું સ્પષ્ટીકરણ કરવા પ્રથમભાંગાને વિવેચી રહેલા ગ્રન્થકાર કહે છે—]

જેમણે પૂર્વબદ્ધ પાપકર્મને નિંદાદિથી હણી નાંખ્યા છે અને અનાગત પાપનું પચ્ચક્ખાણ કર્યું છે (અને સંવરથી વર્તમાનકાલીન પાપકર્મને અટકાવ્યા છે) તેવા સુપાત્રને એષણાદિ સંબંધી દોષ રહિત શુદ્ધ અન્ન વગેરે આપીને શ્રાવકાદિ પુણ્યાનુબંધી પુણ્ય બાંધવાના પ્રભાવે સાનુબંધ પાપ બાંધતા નથી, તેમજ પૂર્વબદ્ધ પાપકર્મનો

---

* समणोवासगस्स णं **भंते!** तहारूवं समणं वा माहणं वा (पडिहयपच्चक्खायपावकम्मं) फासुएसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणस्स किं कज्जति? **गोयमा!** एगंतसो निज्जरा कज्जइ, नत्थि य से पावे कम्मे कज्जति। समणोवासगस्स णं **भंते!** तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाणजावपडिलाभेमाणस्स किं कज्जइ? **गोयमा!** बहुतरिया से निज्जरा कज्जइ, अप्पतराए से पावे कम्मे कज्जइ। समणोवासगस्स णं **भंते!** तहारूवं अस्संजयअविरयपडिहयपच्चक्खायपावकम्मं फासुएण वा अफासुएण वा एसणिज्जेण वा अणेसणिज्जेण वा असणपाणजाव किं कज्जइ? **गोयमा!** एगंतसो से पावे कम्मे कज्जइ, नत्थि से काइ निज्जरा कज्जइ।। [भगवती-सूत्रं ३३१].

नुबन्धिनः शुभस्य = पुण्यस्यार्जनात् सानुबन्धं = अनुबन्धसहितं पापं न बध्नाति। बद्धं च पूर्वं पापं मुञ्चति = त्यजति। इत्थं च पापनिवृत्तौ प्रयाणभंगाप्रयोजकपुण्येन मोक्षसौलभ्यमावेदितं भवति।।२२।।

#भवेत्पात्रविशेषे वा कारणे वा तथाविधे।
अशुद्धस्यापि दानं हि द्वयोर्लाभाय नान्यथा।।२३।।

भवेदिति। पात्रविशेषे वा आगमाभिहितस्वरूपक्षपकादिरूपे, कारणे वा तथाविधे = दुर्भिक्षदीर्घाध्वग्लानत्वादिरूपे आगाढेऽशुद्धस्यापि दानं हि सुपात्राय द्वयोः = दातृगृहीत्रोर्लाभाय भवेत्, दातुर्विवेकशुद्धान्तःकरणत्वात्, ग्रहीतुश्च गीतार्थादिपदवत्त्वात्। नान्यथा = पात्रविशेषस्य कारणविशेषस्य वा विरहे।।२३।। **नन्वेवं** संयतायाशुद्धदाने फले द्वयोर्भवतु भजना, दातुर्बहुतरनिर्जराऽल्पतरपापकर्मबन्धभागित्वं तु **भगव-**

क्षय करे छे. आ रीते पाप निवृत्त थये पुण्य पण जे बंधाय छे ते जीवनुं मोक्ष तरफ जे प्रयाण चालु छे तेने अटकावावामां प्रयोजक बनतुं नथी. [ઉપરથી પ્રથમ સંઘયણ વગેરે સામગ્રી પૂરી પાડનારું છે અને] તેથી મોક્ષ સુલભ બને છે એ વાત સૂચિત થાય છે.॥૨૨॥ બીજા ભાંગાનું વિવેચન કરવા ગ્રન્થકાર કહે છે—

[પાત્રદાનનો બીજો ભાંગો]

આગમોક્ત સ્વરૂપવાળા વિકૃષ્ટ તપસ્વી ક્ષપક વગેરે રૂપ પાત્રવિશેષને આપેલું અશુદ્ધદાન કે એ સિવાય પણ દુર્ભિક્ષ, જંગલ વગેરેમાં દીર્ઘવિહાર, ગ્લાનત્વ વગેરે રૂપ આગાઢ કારણે અન્ય પણ સાધુને આપેલું અશુદ્ધદાન (અનેષણીય આહારાદિનું દાન) દાતા અને ગ્રહણ કરનાર સાધુ એ બન્નેને હિતકર બને છે, કારણકે દાતા પાત્રવિશેષ કે કારણવિશેષનો વિવેક કરનારો શુદ્ધ અંતઃકરણ વાળો હોય છે, તેમજ ગ્રહણ કરનાર સાધુ 'ગીતાર્થ વગેરે પદથી યુક્ત હોય છે. જો આવું પાત્ર વિશેષ કે કારણવિશેષ ન હોય તો અશુદ્ધદાન, દેનારને કે લેનારને હિતકર બનતું નથી. [દાતા બે પ્રકારે હોય છે. સાધુ મહારાજને અનેષણીય-અપ્રાસુક ન અપાય એવું જાણનારા અને ન જાણનારા મુગ્ધ. આમાંથી મુગ્ધ જે અશુદ્ધ દાન કરે છે એની વાત આગળ કરવાના છે. જેઓ ઉક્ત જાણકાર છે તેઓ પાત્રવિશેષ વગેરેની અવિદ્યમાનતામાં તો સાધુની હીલના વગેરે કરવાનો અભિનિવેશ હોય તો જ અશુદ્ધ આપે છે. પણ એની વાત પણ આગળ અશુભદીર્ઘઆયુની હેતુતા વગેરેમાં કરવાના છે. એટલે જણાય છે કે અહીં જે દાતા લેવાનો છે તે અમુગ્ધ-જાણકાર છે તેમજ અભિનિવિષ્ટ નથી. આવો દાતા તો પાત્ર વિશેષ કે કારણવિશેષ તપાસી ને જ અશુદ્ધ આહારાદિનું દાન કરે, એ સિવાય નહિ. માટે દાતાનું અંતઃકરણ વિવેકથી શુદ્ધ હોવું અહીં કહ્યું છે. લેનાર સાધુ માટે ગીતાર્થ વગેરે પદોથી યુક્ત હોય છે એવું જે કહ્યું તેમાં ગીતાર્થ વગેરે પદો બૃહત્કલ્પભાષ્યની ૪૯૪૬ મી નીચેની ગાથા પ્રમાણે જાણવા. गीयत्थो जयणाए कडजोगी कारणंमि णिद्दोसो। एगेसिं गीयकडो अरत्तदुट्ठो य जयणाए।। ગીતાર્થ, જયણા, કૃતયોગી (તે તે કાર્ય તેમજ તપ વગેરેનો અનુભવી-અભ્યાસી) અને કારણ એમ ૪ પદ જાણવા. અન્ય આચાર્યના મતે ગીતાર્થ, કૃતયોગી, અરક્ત, અદ્વિષ્ટ અને જયણા એમ પાંચ પદ જાણવા. આ ૪ કે ૫ પદવાળા મહાત્મા અશુદ્ધઆહારનું ગ્રહણ વગેરે અપવાદને સેવે તો પણ નિર્દોષ = શુદ્ધ રહે છે એવું આ જ શ્લોકમાં કહ્યું છે. આમ એમને કોઇ દોષ લાગતો નથી, વળી ચારિત્રકાયને ટેકો મળે છે જેના દ્વારા ઉત્તરોત્તર સંયમસ્થાન પ્રાપ્તિ, કર્મ નિર્જરા વગેરે લાભ થાય છે. તેમજ સંયમની શાસ્ત્રઅવિરુદ્ધ કોઇપણ ક્રિયા નિર્જરા રૂપ લાભ તો કરાવે જ છે. એટલે આ રીતે ગ્રાહક મહાત્માને લાભ થાય છે. જ્યારે પાત્રવિશેષ કે કારણવિશેષ ન હોય ત્યારે અશુદ્ધનું ગ્રહણ કરવામાં

संथरणंमि असुद्धं दुन्नवि गिण्हंतदितयाणऽहियं। आउरदिट्ठंतेणं तं चेव हियं असंथरणे।।[नि. भा. १६५०].

त्युक्तं कथम्? अपवादादावपि भावशुद्ध्या फलाविशेषाद्–इत्यत आह–

अथवा यो गृही मुग्धो लुब्धकज्ञातभावितः।
तस्य तत्स्वल्पबन्धाय बहुनिर्जरणाय च।।२४।।

अथवेति। अथवा पक्षान्तरे। यो गृही मुग्धः = अगृहीतदानशास्त्रार्थो लुब्धकज्ञातेन 'मृगेषु लुब्धकानामिव साधुषु श्राद्धानां यथाकथंचिदन्नाद्युपढौकनेनानुधावनमेवयुक्तमिति पार्श्वस्थप्रदर्शितेन भावितः = वासितः। तस्य तत् = संयतायाशुद्धदानं मुग्धत्वादेव स्वल्पपापबन्धाय बहुकर्मनिर्जरणाय च भवति।।२४।।

શાસ્ત્રાર્થ બાધિત થતો હોવાથી નિર્જરા વગેરે રૂપ ફળની પ્રાપ્તિ થતી નથી.]॥૨૩॥

[ભગવતીજીના સૂત્ર અંગે શંકા-સમાધાન]

શંકા - સાધુને અશુદ્ધ દાન આપવામાં પાત્રવિશેષ કે કારણવિશેષ હોય તો બન્નેને શુદ્ધ દાન આપવા જેટલું સંપૂર્ણ ફળ મળે છે, ન્યૂન નહિ અને એ બેમાંથી એકેય ન હોય તો એ ફળ મળતું નથી. એવી ભજના તમે જે દેખાડી એ ભલે માન્ય કરીએ. પણ **ભગવતીજીમાં** તો (સૂત્ર ૩૩૧ માં) એમ કહ્યું છે કે 'પ્રતિહત-પ્રત્યાખ્યાત પાપકર્મવાળા સાધુને અનેષણીય-અપ્રાસુક અશનાદિનું દાન કરનાર શ્રમણોપાસકને વિપુલ નિર્જરા થાય છે અને અલ્પ પાપકર્મબંધ થાય છે' તો આનું શું કરશો? કેમકે જો અપવાદાદિ છે (પાત્રવિશેષાદિ છે) તો દેનાર વિવેકપૂર્વક દેતો હોઇ ભાવશુદ્ધ હોવાના કારણે તેને શુદ્ધદાનને સમાન જ એકાંતે વિપુલનિર્જરા રૂપ ફળ મળવું જોઇએ, પાપબંધ જરા પણ થવો ન જોઇએ. (અને જો તેવું પાત્રવિશેષ વગેરે નથી તો બહુતર નિર્જરા વગેરે રૂપ ફળ મળવું ન જોઇએ. એટલે બહુતર નિર્જરા વગેરે રૂપ ફળ જે ભગવતીજીમાં કહ્યું છે તે તો શી રીતે સંગત થાય?)

આવી શંકાનું **સમાધાન** કરવા ગ્રન્થકાર કહે છે–

'અથવા શબ્દ બીજા પક્ષને જણાવવા માટે છે. [અહીં બીજો પક્ષ આ રીતે જાણવો. આગળ જે પ્રથમ પક્ષ કહ્યો એમાં પાત્રવિશેષત્વ રૂપ કે કારણવિશેષત્વરૂપ લેનાર સાધુની પરિસ્થિતિના ભેદે ફળભેદ રૂપ ભજના બતાવી. હવે દેનાર દાતાના મુગ્ધત્વ રૂપ (લુબ્ધકદૃષ્ટાન્તભાવિતત્વરૂપ) કે અભિનિવિષ્ટત્વ રૂપ આશયભેદ સ્વરૂપ પરિસ્થિતિભેદે ફળભેદ રૂપ ભજના બતાવવાનો આ બીજો પક્ષ છે.]' સાધુઓને કેવું દાન આપવું જોઇએ?' ઇત્યાદિ દાનશાસ્ત્રની વાતોનો અજાણકાર જે મુગ્ધ ગૃહસ્થ લુબ્ધકદૃષ્ટાન્તથી ભાવતિ છે તે [તેવા પાત્ર કે કારણ વિશેષની અવિદ્યમાનતામાં પણ] સાધુને જે અશુદ્ધદાન આપે છે તે, તે દાતા મુગ્ધ હોવાથી જ તેને અલ્પપાપબંધ કરાવનારું અને પ્રચુર નિર્જરા કરાવનારું બને છે. આમાં લુબ્ધકદૃષ્ટાન્તની ભાવના આવી જાણવી – પાસત્થાઓ મુગ્ધજીવોને આમ સમજાવે છે કે જેમ લુબ્ધક (શિકારી) માટે ગમે તે રીતે હરણનો પીછો પકડવો એ (શિકારની પ્રાપ્ત થવા રૂપ)લાભ માટે છે તેમ તમારે ગૃહસ્થોએ ગમે તે રીતે પણ આહારાદિ લઇને સાધુ મહારાજ ના પાડતા હોય તો પણ સાધુની પાછળ પડવું એ (સુપાત્ર દાનની પ્રાપ્તિ રૂપ)લાભ માટે થાય છે. ગમે તે રીતે સાધુ મહારાજને વહોરાવવું– ભક્તિ કરવી એમાં જ તમારું હિત છે. પાસત્થાઓની આવી સમજાવટથી ભવિત થયેલા જીવો લુબ્ધક દૃષ્ટાન્તભાવિત મુગ્ધ જીવો કહેવાય છે. [આમ મુગ્ધતા અને લુબ્ધકદૃષ્ટાન્તના પ્રભાવે 'ગમે તે રીતે વહોરાવવાથી મારું હિત જ થવાનું છે' એવો અભિપ્રાય હોવાથી 'આમને વહોરાવું જેથી મારું હિત થાય' એવો શુભઆશય પ્રગટ થયો હોવાના કારણે પ્રચુર નિર્જરા થાય છે. અને એમાં જે કાંઇ અવિધિ વગેરે થાય છે એના કારણે અલ્પ પાપબંધ થાય છે એ સમજવું.]॥૨૪॥ [સંયતને અપાતા

इत्थमाशयवैचित्र्यादत्राल्पायुष्कहेतुता।
युक्ता चाशुभदीर्घायुर्हेतुता सूत्रदर्शिता।।२५।।

इत्थमिति। इत्थं = अमुना प्रकारेणाशयवैचित्र्यात् = भावभेदात् अत्र = संयताशुद्धदानेऽल्पायुष्कहेतुताऽशुभदीर्घायुर्हेतुता च सूत्रदर्शिता = **स्थानांगाद्युक्ता** युक्ता, मुग्धाभिनिविष्टयोरेतदुपपत्तेः, शुद्धदायकापेक्षयाऽशुद्धदायके मुग्धेऽल्पशुभायुर्बन्धसंभवात्, क्षुल्लकभवग्रहणरूपाया अल्पतायाश्च सूत्रान्तरविरोधेनासंभवादिति व्यक्तमदः **स्थानाङ्गवृत्त्यादौ**[सू. १२५]।।२५।।

અશુદ્ધ દાન અંગેના અન્ય સૂત્રની સંગતિ દેખાડતા ગ્રન્થકાર કહે છે–]

[ઠાણાંગજીના સૂત્ર અંગે શંકા-સમાધાન]

[શ્રી સ્થાનાગંસૂત્રમાં આ પ્રમાણે સૂત્ર (૧૨૫) આવે છે કે '*જીવો ત્રણ કારણે અલ્પઆયુષ્યકર્મ બાંધે છે. તે આ રીતે–પ્રાણાતિપાત કરવો, મૃષાવાદ બોલવું, સુવિહિત સાધુ ભગવંતને અપ્રાસુક-અનેષણીય અશનાદિ વહોરાવવા. આ ત્રણ કારણે જીવો અલ્પાયુષ્યકર્મ બાંધે છે....ત્રણ કારણે જીવો અશુભદીર્ઘઆયુષ્ય બાંધે છે. તે આ રીતે- પ્રાણાતિપાત કરવો, મૃષા બોલવું તેમજ તથાવિધ સાધુમહારાજને હીલના, નિંદા, ખિંસા, ગર્હા, અપમાન વગેરે કરીને અન્યતર અમનોજ્ઞ, અપ્રીતિકર આહારાદિ વહોરાવવા. આ ત્રણ કારણે જીવો અશુભદીર્ઘ આયુષ્ય બાંધે છે.' આ સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે 'પ્રાણાતિપાતાદિથી અશુભદીર્ઘઆયુ બંધાય છે' એવું જણાવનાર સૂત્રાંશનો અને 'સંયતને અશુદ્ધદાન દેવાથી બહુનિર્જરા-અલ્પ પાપબંધ થાય છે' એવું જણાવનાર ભગવતીજીના સૂત્રનો વિરોધ ન થાય એ માટે ઠાણાંગના પ્રસ્તુત સૂત્રમાં જે પ્રથમાંશ છે તેમાં લુબ્ધકદૃષ્ટાન્તભાવિતજીવે આપેલા અશુદ્ધ દાનની વાત જાણવી. એનાથી અલ્પઆયુષ્ય બંધાય છે એવું જે કહ્યું છે તેમાં પણ ક્ષુલ્લકભવ રૂપ અલ્પઆયુષ્ય ન સમજવું પણ નિરવદ્યદાન દેનારને થતા આયુષ્યબંધની અપેક્ષાએ અલ્પઆયુષ્યબંધ સમજવો. (અશુભદીર્ઘાયુ અંગેના સૂત્રાંશમાં તો અવજ્ઞા-હીલના વગેરેના પ્રભાવે અશુભદીર્ઘઆયુષ્યનો બંધ થાય છે એ સુગમ છે.)] આમ સંયતને અશુદ્ધદાન આપવું એ અલ્પાયુષ્યબંધનું અને અશુભદીર્ઘાયુષ્યબંધનું કારણ છે એવું **ઠાણાંગ** વગેરેમાં જે કહ્યું છે તે પણ આશયની વિચિત્રતાના (શુભ-અશુભભાવના) કારણે સંગત રહે છે. કારણકે લુબ્ધક દૃષ્ટાન્ત ભાવિત મુગ્ધને અશુદ્ધદાન દેવામાં પણ સાધુની ભક્તિદ્વારા સ્વહિત સાધી લેવાનો શુભઆશય હોય છે જ્યારે ભિક્ષાના દોષો વગેરેના જાણકાર પણ અભિનિવિષ્ટ ગૃહસ્થને 'અશુદ્ધ વહોરાવીને સાધુને એમના ચારિત્રથી ભ્રષ્ટ કરું' ઇત્યાદિ દ્વેષ-હીલના વગેરે રૂપ અશુભઆશય હોય છે. અશુદ્ધદાયક મુગ્ધને શુદ્ધદાયકની અપેક્ષાએ અલ્પ શુભાયુનો બંધ સંભવે છે, પ્રસ્તુતમાં ક્ષુલ્લક ભવરૂપ અલ્પ આયુના બંધની વાત અન્યસૂત્ર સાથે વિરુદ્ધ હોઇ સંભવતી નથી. આ વાત **સ્થાનાંગની વૃત્તિ**# વગેરેમાં સ્પષ્ટ કરેલી છે.॥૨૫॥

---

* तिहिं ठाणेहिं जीवा अप्पाउअत्ताते कम्मं पगरिंति, तं जहा-पाणे अतिवातित्ता भवति, मुसं वइत्ता भवइ, तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभित्ता भवइ, इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा अप्पाउअत्ताते कम्मं पगरेंति।... तिहिं ठाणेहिं जीवा असुभदीहाउयत्ताए कम्मं पगरेंति, तं जहा - पाणे अतिवातित्ता भवइ, मुसं वइत्ता भवइ, तहारूवं समणं वा माहणं वा हीलेत्ता णिंदित्ता खिंसेत्ता गरहित्ता अवमाणित्ता अन्नयरेणं अमणुन्नेणं अपीतिकारणेणं असण. पडिलाभेत्ता भवइ, इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा असुभदीहाउअत्ताए कम्मं पगरेंति। [ठा. १२५.]

श्री ठाणांगवृत्तिनो अधिकार आवो छे--

अथवा यो हि जीवो जिनादिगुणपक्षपातितया तत्पूजाद्यर्थं पृथिव्याद्यारम्भेण न्यासापहारादिना च प्राणातिपातादिषु वर्तते तस्य सरागसंयमनिरवद्यदाननिमित्तायुष्कापेक्षयेयमल्पायुष्टा समवसेया। **अथ** नैतदेवं, निर्विशेषणत्वात्सूत्रस्य, अल्पायुष्कस्य क्षुल्लकभवग्रहणरूपस्यापि

यस्तूत्तरगुणाशुद्धं प्रज्ञप्तिगोचरं वदेत्।
तेनात्र भजनासूत्रं दृष्टं सूत्रकृते कथम्?।।२६।।

यस्त्विति। यस्त्वाधाकर्मिकस्यैकान्तदुष्टत्वं मन्यमानः प्रकृतेऽर्थे **प्रज्ञप्तिगोचरं** = भगवतीविषयं

[ભગવતીજી અંગે અન્યાભિપ્રાયની દુષ્ટતા]

સંયતને અપાતા અશુદ્ધદાન અંગે અન્ય વિવેચકના અભિપ્રાયમાં શું દોષ રહેલો છે તે દેખાડવા ગ્રન્થકાર કહે છે-

અન્યવિવેચક માને છે કે આધાકર્મિક ભિક્ષા તો એકાન્તે દુષ્ટ છે. એને આપનારો મુગ્ધ હોય કે શાસ્ત્રજ્ઞ હોય, બન્નેને મહાનુક્સાન જ થાય, બહુતરા નિર્જરા વગેરે રૂપ લાભ થાય જ નહિ. ભગવતીજીમાં અપ્રાસુક અનેષણીય દાતાને જે બહુતરા નિર્જરા કહી છે તે આધાકર્મિક ભિક્ષા રૂપ અપ્રાસુક- અનેષણીયને આપનાર દાતાને નહીં, કિન્તુ બીજવગેરેથી સંસક્ત હોય તેવા આહારાદિ રૂપ ઉત્તરગુણઅશુદ્ધ ભિક્ષાના દાતાને કહી છે. [એવી શંકા ન કરવી કે 'અપ્રાસુક/અનેષણીય શબ્દ આધાકર્મિક આહારાદિને જ જણાવે છે, આવા ઉત્તરગુણ અશુદ્ધ પિંડને નહિ.' આવી શંકા એટલા માટે ન કરવી કે] જેનો પરિત્યાગ શક્ય છે એવા બીજાદિસંસક્ત અન્ન વગેરેને જણાવવા માટે પણ 'અપ્રાસુક/અનેષણીય' શબ્દોનો પ્રયોગ દેખાય છે.

અન્યવિવેચકના આવા અભિપ્રાય અંગે ગ્રન્થકાર કહે છે - 'આધાકર્મના દાનથી પણ બહુતરા નિર્જરા થાય એવું માનીએ તો આધાકર્મને શાસ્ત્રમાં જે મૂલગુણ અશુદ્ધ (અવિશોધિકોટિ) દોષ કહ્યો છે તેનો વિરોધ જ થઇ

प्राणातिपातादिहेतुतो युज्यमानत्वाद्। अतः कथमभिधीयते - सविशेषणप्राणातिपातादिवर्ती जीव आपेक्षिकी चाल्पायुष्कतेति? **उच्यते** - अविशेषणत्वेऽपि सूत्रस्य प्राणातिपातादेर्विशेषणमवश्यं वाच्यम्, यत इतस्तृतीयसूत्रे प्राणातिपातादित एव अशुभदीर्घायुष्टां वक्ष्यति, न हि समानहेतोः कार्यवैषम्यं युज्यते, सर्वत्रानाश्वासप्रसङ्गात्। तथा 'समणोवासगस्स णं **भंते!** तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणस्स किं कज्जइ? **गोयमा!** बहुतरिया से निज्जरा कज्जइ, अप्पतराए से पावे कम्मे कज्जइत्ति **भगवती**वचनश्रवणादवसीयते - नैवेयं क्षुल्लकभवग्रहणरूपाऽल्पायुष्टा, न हि स्वल्पपापबहुनिर्जरानिबन्धनस्यानुष्ठानस्य क्षुल्लकभवग्रहणनिमित्तता सम्भाव्यते, जिनपूजनाद्यनुष्ठानस्यापि तथाप्रसंगात्।

અર્થ - જે જીવ, શ્રીજિનેશ્વરદેવ, સાધુ વગેરેના ગુણોથી આકૃષ્ટ હોવાના કારણે એમની પૂજા વગેરે માટે પૃથ્વીકાયાદિનો આરંભ, થાપણ ઓલવવી વગેરે દ્વારા હિંસા વગેરે પાપસ્થાનો સેવે છે તેને સરાગ-સંયમ, નિરવદ્યદાન વગેરેથી જેવું આયુષ્ય બંધાય એની અપેક્ષાએ અલ્પઆયુષ્ય બંધાય છે. સૂત્રમાં જે અલ્પાયુષ્કતા કહી છે તે આવી સમજવી.

શંકા - સૂત્રમાં આવો વિશિષ્ટ પ્રકારનો જીવ ને આવી વિશિષ્ટ પ્રકારની અલ્પાયુષ્યતા જણાવનાર કોઇ વિશેષણ વપરાયું નથી. વળી, સૂત્રમાં જે અલ્પાયુષ્ય કહ્યું છે તે ક્ષુલ્લકભવરૂપ અલ્પાયુષ્ય પણ લઇ જ શકાય છે, કારણકે હિંસા વગેરેથી એવા અલ્પાયુષ્યનો બંધ થવો સંગત છે. તેથી, એવું શા માટે કહો છો કે "અહીં, હિંસક જીવ તરીકે, 'જિનાદિગુણપક્ષપાતી હોવાના કારણે જિનપૂજા વગેરે માટે હિંસાદિમાં પ્રવૃત્ત' એવા વિશેષણવાળો જીવ લેવાનો છે ને અલ્પાયુષ્કતા તરીકે સરાગસંયમ-નિરવદ્યદાન આદિજન્ય દીર્ઘશુભાયુની અપેક્ષાએ જે અલ્પ હોય એવું આયુષ્ય ધરાવતી આપેક્ષિકી અલ્પાયુષ્કતા લેવાની છે"?

સમાધાન - આ સૂત્રમાં હિંસા કે અલ્પાયુષ્કતા માટે કોઇ વિશેષણ વાપર્યું ન હોવા છતાં, (વિશિષ્ટ પ્રકારના જીવકૃત) વિશિષ્ટપ્રકારની હિંસા ને વિશિષ્ટપ્રકારની અલ્પાયુષ્કતાની જ અહીં વાત છે એમ માનવું આવશ્યક છે. કારણકે આ સૂત્ર પછીના ત્રીજા સૂત્રમાં હિંસાથી દીર્ઘઅશુભ આયુષ્ય બંધાય છે એમ જણાવ્યું છે. એટલે ત્યાંની જેમ અહીં પણ જો સામાન્ય હિંસાની જ વાત હોય તો અહીં પણ શુભઅલ્પઆયુષ્ય ન કહેતાં, અશુભદીર્ઘઆયુષ્ય જ કહ્યું હોત. કારણકે સમાનકારણનું કાર્ય અલગ-અલગ હોવું સંભવતું નથી. વળી **ભગવતીજીમાં,** સાધુને અનેષણીય આહારાદિ વહોરાવનારને અલ્પપાપબંધ ને વિપુલનિર્જરાનું ફળ બતાવ્યું છે તેથી પણ જણાય છે કે હિંસા-અનેષણીય આહારદાનાદિથી જે શુભાલ્પાયુષ્યની અહીં વાત કરી છે તે ક્ષુલ્લક ભવના આયુષ્યની નહીં જાણવી. કારણકે જે પ્રવૃત્તિ અલ્પપાપ-વિપુલનિર્જરાનું કારણ હોય તે ક્ષુલ્લકભવના આયુષ્યનું કારણ હોય શકે નહીં , નહીંતર તો જિનપૂજા વગેરે અનુષ્ઠાનને પણ એવા માનવા પડે.

उत्तरगुणाशुद्धं वदेत्, शक्यपरित्यागबीजादिसंसक्तान्नादिस्थलेऽप्यप्रासुकानेषणीयपदप्रवृत्तिदर्शनात्। तेन चैवं यूकापरिभवभयात् परिधानं परित्यजताऽत्र = विषये **सूत्रकृते** भजनासूत्रं कथं दृष्टम्? एवं हि **तदनाचारसूत्रे** श्रूयते–

[1]अहागडाइं(कम्माणि)भुंजंति अन्नमन्ने सकम्मुणा।

उवलित्ते वियाणिज्जा अणुवलित्तेत्ति वा पुणो।।द्वि. श्रु. ५-८।।

अत्र ह्याधाकर्मिकस्य फले भजनैव व्यक्तीकृता, 'अन्योऽन्यं' पदग्रहणेनार्थान्तरस्य कर्त्तुमशक्यत्वात्, स्वरूपतोऽसावद्ये भजनाव्युत्पादनस्यानतिप्रयोजनत्वाच्चेति संक्षेपः।।२६।।

शुद्धं वा यदशुद्धं वाऽसंयताय प्रदीयते।
गुरुत्वबुद्ध्या तत्कर्मबन्धकृन्नानुकंपया।।२७।।

शुद्धं चेति(?वेति)। असंयताय यच्छुद्धं वाऽशुद्धं वा गुरुत्ववुद्ध्या प्रदीयते तदसाधुषु साधुसंज्ञया

જાય ને, કારણકે એ પિંડ ગમે તે રીતે શુદ્ધ થયો હોય તો જ એના દાતાને આવું શુભફળ મળે, અન્યથા નહીં,' આવી કલ્પી લીધેલી આપત્તિ રૂપ જૂ થઇ જવાના ભયે, શુભભાવથી (અને લુબ્ધકદૃષ્ટાંત ભાવિત હોવાના કારણે) આધાકર્મનું દાન કરનાર મુગ્ધજીવને થનારી સૂત્રમાં પ્રતિપાદિત એવી બહુતરાનિર્જરાને ઊડાડવા રૂપ વસ્ત્રનો ત્યાગ કરવા તૈયાર થઇ ગયેલા તે વિવેચકે **સૂયગડાંગમાં** આવતા ભજનાસૂત્રનો અર્થ કઇ રીતે કર્યો છે? ['संथरणंमि असुद्धं...' ઇત્યાદિ વચનથી, તથાવિધ કારણે આધાકર્માદિ અશુદ્ધ પણ લેનાર ગીતાર્થ વગેરે પદયુક્ત મહાત્મા તેમજ વિવેકી દાતા એ બન્નેને હિત થાય છે એવું જે જણાય છે તદ્રૂપ વસ્ત્રને છોડવાની પણ આપત્તિ એ વિવેચક માટે જાણવી.] સૂયગડાંગમાં **અનાચારશ્રુત અધ્યયનમાં** (૨-૫-૮) કહ્યું છે કે 'જેઓ અન્યોન્ય = પરસ્પર આધાકર્મનો ઉપયોગ કરે છે તેઓ સ્વકીય કર્મથી (સ્વકૃત આધાકર્મ ઉપભોગ જન્ય કર્મથી) લેપાયેલ જાણવા' આવો એકાન્ત ન કહેવો કે 'સ્વકીય કર્મથી નહિ લેપાયેલા જાણવા' એવો એકાન્ત પણ ન કહેવો.'

આ સૂત્રમાં આધાકર્મના ફળમાં ભજના હોવી જ વ્યક્ત કરી છે. એટલે આધાકર્મને એકાન્તે દુષ્ટ માનવાનું ન હોવાથી અન્યવિવેચકનો એ અભિપ્રાય યોગ્ય નથી. સૂત્રમાં 'અન્યોન્ય' શબ્દ જે વપરાયો છે તેના કારણે અર્થાન્તર (બીજો અર્થ) કરી શકાતો નથી. [**શંકા** - 'અહાગડાઇં' ('અહાકમ્માણિ') શબ્દ સૂત્રમાં જે વપરાયો છે તેનો અર્થ 'યથાકૃત (યથાકર્મ) = ગૃહસ્થે પોતાને માટે સ્વાભાવિક રીતે બનાવેલ પિંડ' આવો થઇ શકે છે. એટલે ઉક્ત સૂત્રનો અર્થ આવો થઇ શકે છે કે 'આવા યથાકૃત પિંડને ખાનાર કર્મથી લેપાય જ કે ન જ લેપાય એ બેમાંથી એકેય એકાન્ત કહેવો નહિ, કારણ કે જે રાગ/દ્વેષાદિ કરીને તેવા યથાકૃત પિંડને આરોગે છે તે કર્મથી લેપાય છે અને જે રાગદ્વેષ વિના આરોગે છે તે કર્મથી લેપાતા નથી.' આમ આ સૂત્ર યથાકૃત પિંડના ફળ અંગે ભજના દેખાડે છે, આધાકર્મના ફળ અંગે નહિ. માટે આધાકર્મ તો એકાન્તે દુષ્ટ જ છે.]

સમાધાન -] ઉક્તસૂત્રનો આ રીતે અર્થાન્તર કરી શકાતો નથી. વળી યથાકૃત પિંડ તો સ્વરૂપે નિર્દોષ હોય છે. એટલે એના ફળ તરીકે 'એકાન્તે કર્મબંધ થાય જ' એવી શંકા પડવાનો પ્રશ્ન જ ન રહેવાથી એના વિશે વિકલ્પની સંગતિ કરી દેખાડવાનું કોઇ વિશેષ પ્રયોજન રહેતું નથી. માટે ઉક્ત સૂત્રનો આવો અર્થાન્તર કરીને આધાકર્મને અબાધિતપણે એકાન્તે દુષ્ટ માનવું વગેરે અયોગ્ય છે.॥૨૬॥ [બીજા ભાંગાની વિચારણા કરી. હવે ત્રીજા, ચોથા ભાંગાની વિચારણા કરવા ગ્રન્થકાર કહે છે–]

---

१ आधाकर्माणि भुञ्जन्तेऽन्योन्यं स्वकर्मणा। उपलिप्तान् विजानीयादनुपलिप्तानिति वा पुनः।।

कर्मबन्धकृत्। न पुनरनुकंपया, अनुकंपादानस्य क्वाप्यनिषिद्धत्वात्, 'अणुकंपादाणं पुण जिणेहिं न कयाइ पडिसिद्धम्'[#] इति वचनात् ।।२७।।

दोषपोषकतां ज्ञात्वा तामुपेक्ष्य ददज्जनः।
प्रज्वाल्य चन्दनं कुर्यात्कष्टामङ्गारजीविकाम्।।२८।।
अतः पात्रं परीक्षेत दानशौण्डः स्वयं धिया।
तत् त्रिधा स्यान्मुनिः श्राद्धः सम्यग्दृष्टिस्तथापरः।।२९।।

[પાત્રદાનચતુર્ભંગીના ત્રીજા-ચોથા ભાંગા]

'આ ગુરુ છે'.એવી ભક્તિની બુદ્ધિથી અસંયતને જે શુદ્ધ કે અશુદ્ધ આહારાદિ આપવામાં આવે છે તે અસાધુને સાધુ માનવા રૂપ વિપરીતબુદ્ધિના કારણે કર્મબંધ કરાવનારું બને છે. [ભગવતીજી(સૂ. ૩૩૧) માં કહ્યું છે કે 'હે **ભગવન્!** તથાવિધ અસંયત-અવિરતને પ્રાસુક કે અપ્રાસુક એષણીય કે અનેષણીય આહારાદિ આપનાર શ્રાવકને શું ફળ મળે છે? હે **ગૌતમ!** તેને એકાંતે પાપકર્મ બંધાય છે, જરા પણ નિર્જરા થતી નથી.

આની વૃત્તિમાં ખુલાસો કર્યો છે કે પ્રાસુકાદિશુદ્ધમાં જીવઘાતનો અભાવ હોવાથી અને અપ્રાસુકાદિ અશુદ્ધમાં તેનો સદ્ભાવ હોવાથી કંઇક વિશેષતા જરૂર હોય છે, પણ 'અસંયમનું પોષણ' રૂપ મુખ્ય બાબત બંનેમાં સમાન હોઇ તેના ફળ રૂપ પાપકર્મબંધ અને નિર્જરાના અભાવની જ અહીં વિવક્ષા હોવાથી તે વિશેષતાની વિવક્ષા કરી નથી.] અસંયતને દાન દેવાનું પાપકર્મબંધ રૂપ આ ફળ, પણ 'આમને આહારાદિનું દાન કરું જેથી મારો સંસારમાંથી છૂટકારો થાય, મોક્ષ થાય' એવી ભક્તિથી મોક્ષ માટે અપાતા દાનનું જાણવું, અનુકંપાથી અસંયતને અપાતા દાનનું નહિ. કારણકે અનુકંપાથી તો કોઇને પણ દાન આપવાનો શાસ્ત્રમાં નિષેધ નથી. આ વાત 'અનુકંપાદાનનો તો શ્રીજિનેશ્વરદેવોએ કોઇને પણ વિશે નિષેધ કર્યો નથી' [અનુકંપાના ઉપલક્ષણથી 'ઔચિત્ય' પણ સમજી લેવું. પોતે આપ્યા પૂર્વે પણ જેને ઘણું ઘણું મળ્યું છે તેવા અનુકંપાના અપાત્ર અન્ય સંન્યાસી વગેરેને 'સજ્જનને બારણે આવેલો ક્યારે ય પાછો ન ફરે' એવા ઔચિત્યને જાળવવા માટે આપે તો પણ કર્મબંધ રૂપ કટુ ફળ મળતું નથી. માત્ર સુપાત્રની (ભક્તિની) બુદ્ધિ જ વિપરીત હોઇ એનાથી દેવાતા દાનથી જ પાપકર્મબંધ થાય છે. અથવા તો આ ઔચિત્યથી અપાતું દાન પણ નીચેની રીતે અનુકંપાદાનમાં જ સમાવિષ્ટ જાણવું. હું આ સંન્યાસી વગેરેને નહિ આપું તો એ સંન્યાસી તેમજ જોનાર અન્યલોકો 'આનો ધર્મ કેવો કે દાન આપવાનો નિષેધ કરે છે' ઇત્યાદિ રૂપે ધર્મની નિંદા કરી બોધિદુર્લભ ન બનો એવી ભાવ અનુકંપા એમાં ભળેલી હોય છે.]॥૨૭॥ [મોક્ષ માટે ભક્તિથી અસંયતને અપાતું દાન કર્મબંધ કરનારું કેમ છે? એને ઉપમા સહિત સમજાવવા અને કર્મબંધથી બચવા માટે ભક્તિના પાત્રની પરીક્ષા કરવી જોઇએ એવું જણાવવા ગ્રન્થકાર કહે છે—]

આ મારા આપેલા આહારાદિથી લેનાર પરિવ્રાજકાદિના અસંયમ, મિથ્યાત્વ વગેરે રૂપ દોષોનું જ પોષણ થવાનું છે એવું જાણીને પણ [અનુકંપાનો અવસર ન હોવા છતાં ભક્તિથી] તે દોષપોષણની ઉપેક્ષા કરીને આહારાદિનું દાન કરતો શ્રાવક ચન્દનને બાળીને કોલસા પાડવાની કષ્ટમય આજીવિકા ઊભી કરવા જેવું કરે છે. ચંદનનો ચંદન તરીકે જ વ્યાપાર કરનાર ચંદનના કોલસા પાડીને કોલસાનો વ્યાપાર કરનાર કરતાં ઘણો સારો લાભ પામી શકે છે અને કોલસા પાડતી વખતની ગરમી વગેરે કષ્ટમાંથી બચી શકે છે. સુપાત્રમાં દાન

[#] अस्य पूर्वार्ध : 'मोक्खत्थं जं दाणं तं पइ एसो विही समक्खाओ' ।

दोषेति-अत इति-स्पष्टौ।।२८।।२९।।

एतेषां दानमेतत्स्थगुणानामनुमोदनात्।
औचित्यानतिवृत्त्या च सर्वसंपत्करं मतम्।।३०।।

एतेषामिति। एतेषां = मुनि-श्राद्ध-सम्यग्दृशां दानमेतत्स्थानां = एतद्वृत्तीनां गुणानामनुमोदनात्, तद्दानस्य तद्भक्तिपूर्वकत्वात्, औचित्यानतिवृत्त्या = स्वाचारानुल्लंघनेन च सर्वसंपत्करं = ज्ञानपूर्वकत्वेन परंपरया महानन्दप्रदं मतम्।।३०।।

शुभयोगेऽपि यो दोषो द्रव्यतः कोऽपि जायते।
कूपज्ञातेन स पुनर्नानिष्टो यतनावतः।।३१।।

शुभयोगेऽपीति। पात्रदानवद्वुद्धीनां साधर्मिकवात्सल्यादौ शुभयोगेऽपि = प्रशस्तव्यापारेऽपि यः

કરવા યોગ્ય સ્વસંપત્તિ એ ચંદન છે. કુપાત્રમાં એનું દાન એ કોલસા પાડવા જેવું છે. ભક્તિથી અપાતા દાનથી લાભને બદલે નુકશાન ન થઇ જાય એ માટે દાનવીર શ્રાવકે સ્વયં બુદ્ધિથી પાત્રની પરીક્ષા કરવી જોઇએ. પરીક્ષામાં પાસ થનાર પાત્ર ત્રણ પ્રકારે હોય છે. સાધુ, શ્રાવક તેમજ અવિરતસમ્યગ્દૃષ્ટિ.॥૨૮॥૨૯॥ [પાત્રને આપેલું દાન કયા કારણે કેવું ફળ આપે છે એ જણાવવા ગ્રન્થકાર કહે છે–]

[સુપાત્રદાનની ફળપ્રદતાનું કારણ]

મુનિ, શ્રાવક અને સમ્યક્ત્વીને જે દાન આપવામાં આવે છે તે તેઓમાં રહેલ સંયમ વગેરે ગુણોના કારણે તેઓ પ્રત્યે પ્રગટેલી ભક્તિથી આપવામાં આવતું હોવાથી એ દાનથી તેઓમાં રહેલ તે ગુણોની અનુમોદના થાય છે. વળી એમાં સ્વઆચારનું ઉલ્લંઘન ન કરવા રૂપ ઔચિત્યનું પાલન હોય છે, ઉલ્લંઘન નથી હોતું. એટલે ગુણોની અનુમોદના અને ઔચિત્યનું અનુલ્લંઘન એ બે કારણે આ દાન સર્વસંપત્કર મનાયું છે. [ઇતર સંન્યાસીમાં રહેલા બ્રહ્મચર્ય, ક્ષમા વગેરે ગુણોથી આકર્ષાઇને તે ગુણોની અનુમોદના માટે કોઇ શ્રાવક તેને પણ સાધુની જેમ જ ભક્તિથી દાન આપે તો એમાં ઔચિત્યપાલન ન હોઇ એ દાન સર્વસંપત્કર બનતું નથી એ જાણવું.] આ રીતે સુપાત્રને આપેલું દાન જ્ઞાનપૂર્વક હોઇ પરંપરાએ મોક્ષના મહાઆનંદને આપનારું બને છે, માટે એને સર્વસંપત્કર મનાયું છે. [જ્ઞાનપૂર્વક એમ જે કહ્યું એનાથી એ સૂચિત થાય છે કે એ દાન દેતી વખતે, તે સાધુ વગેરે સુપાત્રમાં રહેલ સંયમ વગેરે વિશિષ્ટ ગુણોના આકર્ષણ-અનુમોદના વગેરેથી જ ચિત્ત રંગાયેલું હોય છે. અને તેથી એ દાનથી બંધાયેલ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયકાળે પણ તે ગુણોના વિશિષ્ટ આકર્ષણ, તે ગુણ પ્રાપ્તિની અનુકૂળતા વગેરે ભાવો પ્રાપ્ત થાય છે જે જીવને મોક્ષ તરફ લઇ જાય છે.]॥૩૦॥ [સાધુ રૂપ સુપાત્રને દાન આપવામાં તો આરંભાદિ કોઇ દોષ લાગતો નથી. પણ શ્રાવકની અને અવિરત સમ્યક્ત્વીની તો ભોજન વગેરેથી ભક્તિ કરવામાં આરંભાદિ પણ થાય છે. તો એ દાન સર્વસંપત્કર શી રીતે બને? એવા પ્રશ્નનું સમાધાન કરવા ગ્રન્થકાર કહે છે–]

[દ્રવ્યદોષ અનિષ્ટ નથી]

સુપાત્રને દાન આપવાના અભિપ્રાયવાળા શ્રાવકાદિની સાધર્મિકવાત્સલ્ય વગેરે રૂપ પ્રશસ્ત પ્રવૃત્તિમાં આરંભ વગેરે રૂપ જે કોઇ દ્રવ્યદોષ લાગે છે તે આગમપ્રસિદ્ધ કૂપદૃષ્ટાન્ત મુજબ જયણાપરાયણ દાતાને અનિષ્ટ બનતો નથી (પાપકર્મબંધ વગેરે રૂપ અનિષ્ટ કરનાર હોતો નથી), કારણકે સ્વરૂપે સાવદ્ય હોવા છતાં અનુબંધથી

कोऽपि द्रव्यतः दोषो जायते स कूपज्ञातेन = आगमप्रसिद्धकूपदृष्टान्तेन यतनावतः = यतनापरायणस्य नानिष्टः, स्वरूपतः सावद्यत्वेऽप्यनुबन्धतो निरवद्यत्वात्। तदिदमुक्तम्

*जा जयमाणस्स भवे विराहणा सुत्त-विहिसमग्गस्स।

सा होइ णिज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स।। [ओ. नि. ७/५९] अत्र हि अपवादपदप्रत्ययाया विराधनाया व्याख्यानात् फलभेदौपयिको ज्ञानपूर्वकत्वेन क्रियाभेद एव लभ्यते। **यत्तु** 'वर्जनाभिप्रायजन्यां निर्जरां प्रति जीवघातपरिणामाजन्यत्वेन जीवविराधनायाः प्रतिबन्धकाभावत्वेनैवात्र हेतुत्वमिति' **कश्चिदाह**

એ નિરવદ્ય હોય છે. [જિનભવનાદિ વિહિત કાર્યો વિધિપૂર્વક અને જયણાપૂર્વક કરવામાં જે દ્રવ્યહિંસા થાય છે તે પરમાર્થથી અહિંસા રૂપ હોય છે એ વાતનું પ્રતિપાદન ઉપદેશપદમાં પદાર્થ-વાક્યાર્થ વગેરેની વિચારણાના અધિકારમાં કર્યું છે.] માટે જ વિધિ-જયણા વગેરેથી યુક્ત પ્રવૃત્તિમાં થતી આવી દ્રવ્યવિરાધનાને નિર્જરાફળક કહી છે. ઓઘનિર્યુક્તિ (७५८) અને પિંડનિર્યુક્તિ (७६०) માં કહ્યું છે કે 'સૂત્રવિધિસમગ્ર, અધ્યાત્મવિશોધિયુક્ત અને જયણાપૂર્વક પ્રવર્ત્તનારથી જે વિરાધના થાય છે તે નિર્જરાત્મક ફળવાળી બને છે.' આ શ્લોકની વ્યાખ્યામાં એવું જણાવ્યું છે કે અહીં 'વિરાધના' તરીકે અપવાદપદ પ્રત્યયિક વિરાધના લેવાની છે. આધાકર્મગ્રહણ, નદી ઉતરવી વગેરે રૂપ આપવાદિક પ્રવૃત્તિઓમાં (જીવઘાતાદિરૂપ) વિરાધના થવાની જાણકારી હોય જ છે. તેમ છતાં, સંયમરક્ષા-જ્ઞાનવૃદ્ધિ વગેરેના ઉદ્દેશથી એ પ્રવૃત્તિ કરવામાં આવે છે. એટલે જ્ઞાનપૂર્વક થનારી એવી પણ આ વિરાધના અન્ય વિરાધના કરતાં વિલક્ષણ હોય છે એવું નિર્ણીત થાય છે. માટે કર્મબંધફલક એવી અન્યવિરાધનાથી વિલક્ષણક્રિયા રૂપ હોઇ અહિંસાપાલન જેમ કર્મનિર્જરા રૂપ ભિન્ન ફળનું કારણ બને છે તેમ આ આપવાદિક વિરાધનારૂપ વિલક્ષણ ક્રિયા પણ કર્મનિર્જરારૂપ ભિન્ન ફળનું કારણ બને છે. [તેથી જયણા વગેરે જેમ સીધા જયણાવગેરે રૂપે જ નિર્જરાના કારણભૂત છે, પણ પ્રતિબંધકાભાવરૂપે નહિ, તેમ આ આપવાદિકી વિરાધના પણ સીધી વિલક્ષણક્રિયા રૂપે જ નિર્જરાના કારણભૂત બને છે, પ્રતિબંધકાભાવરૂપે નહિ. તેથી] 'ઓઘનિર્યુક્તિની ઉક્ત ગાથામાં જે નિર્જરા કહી છે તે વર્જનાભિપ્રાય (વિરાધનાને વર્જવાના અભિપ્રાય) જન્ય છે અને તેના પ્રત્યે જીવવિરાધના પ્રતિબંધકાભાવરૂપે કારણ છે, કારણકે એ વિરાધના જીવઘાતપરિણામ જન્ય (જીવોને મારવાના પરિણામથી જન્ય) હોતી નથી' આવું કોક સાહસિક વિવેચનકારે જે કહ્યું છે તેમાં તે વિવેચક નું અપૂર્વ જ વ્યાખ્યાન(!) તેમજ અપૂર્વ જ તર્ક કરવાની કુશળતા(!) જણાય છે. [એટલે કે એના વ્યાખ્યાન અને તર્ક અયોગ્ય છે.] કારણકે એ વિવેચકે જીવવિરાધનાને નિર્જરા પ્રત્યે જે પ્રતિબંધક માની છે તે કઇ રીતે માની છે? કેવલ (કોઇપણ વિશેષણશૂન્ય-શુદ્ધ)વિરાધનારૂપે તો એ નિર્જરાની પ્રતિબંધક નથી. [કેમકે એવું હોય તો આપવાદિકી વિરાધનાથી પણ નિર્જરાનો પ્રતિબંધ થઇ જાય]. એટલે જો જીવઘાતપરિણામ વિશિષ્ટ વિરાધના (જીવને મારવાનો પરિણામ હોય અને થયેલી વિરાધના) રૂપે એને જો નિર્જરાની પ્રતિબંધક માનીએ તો જીવઘાતપરિણામ પણ દેવાનાંપ્રિય એવા એ વિવેચકના મતે નિર્જરાનો હેતુ બની જશે! કઇ રીતે? આ રીતે- જ્યાં વિશેષણયુક્ત વિશેષ્ય રૂપવિશિષ્ટની વાત હોય ત્યાં (જેમકે જલવિશિષ્ટ ઘટની વાત હોય ત્યાં) માત્ર વિશેષ્ય હોય તો પણ વિશિષ્ટનો અભાવ હોય છે જે વિશેષણાભાવપ્રયુક્ત હોય છે. (જેમકે ખાલી ઘડો હોય ત્યાં જલયુક્તઘટનો અભાવ હોય છે). એમ માત્ર વિશેષણ હોય તો પણ વિશિષ્ટનો તો અભાવ જ રહે છે(જેમકે જ્યાં પાણી છે, પણ ઘડો નથી ત્યાં). આ વિશિષ્ટાભાવ વિશેષ્યાભાવપ્રયુક્ત હોય છે. આથી જણાય છે કે જ્યાં વિશેષણાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ હોય છે ત્યાં માત્ર (શુદ્ધ) વિશેષ્ય જ હોય

* या यतमानस्य भवेद्विराधना सूत्रविधिसमग्रस्य। सा भवति निर्जरफलाऽध्यात्मविशोधियुक्तस्य।।

साहसिकः, तस्यापूर्वमेव व्याख्यानमपूर्वमेव चागमतर्ककौशलं, केवलायास्तस्याः प्रतिवन्धकत्वाभावात्, जीवघातपरिणामविशिष्टत्वेन प्रतिवन्धकत्वे च विशेषणाऽभावप्रयुक्तस्य विशिष्टाभावस्य शुद्धविशेष्यस्वरूपत्वे विशेष्याभावप्रयुक्तस्य तस्य शुद्धविशेषणरूपस्यापि संभवाज्जीवघातपरिणामोऽपि देवानांप्रियस्य निर्जराहेतुः प्रसज्येत। **अथ** वर्जनाभिप्रायेण जीवघातपरिणामजन्यत्वलक्षणं स्वरूपमेव विराधनायास्त्याज्यतेऽतो नेयमसती प्रतिबन्धिकेति **चेत्**? किमेतद् विराधनापदप्रवृत्तिनिमित्तं विशेषणं वा? आद्ये 'प्रवृत्तिनिमित्तं नास्ति, पदं चोच्यते ' इत्ययमुन्मत्तप्रलापः।

अन्त्ये चोक्तदोषतादवस्थ्यमिति शिष्यध्यन्धनमात्रमेतत्। **अथ** 'यद्धर्मविशिष्टं यद्वस्तु निजस्वरूपं जहाति स धर्मस्तत्रोपाधिरि'ति नियमा'द्वर्जनाऽभिप्रायविशिष्टा हि जीवविराधना जीवघातपरिणामजन्यत्वं

છે, એમ જ્યાં વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ હોય છે ત્યાં માત્ર વિશેષણ જ હોય છે. પ્રસ્તુત શ્લોકમાં જે *વિરાધનાની વાત છે એમાં જીવઘાતપરિણામ રૂપ* વિશેષણ તો નથી. એટલે તમારા મતે, ત્યાં વિશેષણાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ રૂપે પ્રતિબંધકાભાવ હાજર છે અને નિર્જરારૂપ કાર્ય થયું. આ પ્રતિબંધકાભાવ રૂપ કારણનો શ્લોકમાં 'વિરાધના' (શુદ્ધવિશેષ્ય) રૂપે ઉલ્લેખ થયો છે. એટલે કે વિશેષણાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ એ શુદ્ધ વિશેષ્ય સ્વરૂપ છે એવું તમારે સ્વીકારવું પડશે. અને તો પછી વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવને શુદ્ધ વિશેષણ સ્વરૂપ માનવો એ પણ સંભવી શકે છે. હવે, જે ચીજ જેના પ્રત્યે પ્રતિબંધક હોય તેનો અભાવ તે કાર્ય પ્રત્યે કારણ હોય છે. પ્રસ્તુતમાં જીવઘાતપરિણામવિશિષ્ટ જે વિરાધના, એ જો નિર્જરા પ્રત્યે પ્રતિબંધક છે તો જીવઘાતપરિણામવિશિષ્ટ વિરાધનાનો અભાવ એ નિર્જરા પ્રત્યે કારણ છે. આમાં જીવઘાતપરિણામ એ વિશેષણ છે અને વિરાધના એ વિશેષ્ય છે. જ્યાં જીવનો ઘાત કરવાનો (શિકારી વગેરેનો) પરિણામ હોવા છતાં (હરણ ભાગી જવા વગેરે કારણે) વિરાધના થઇ નથી ત્યાં વિરાધના રૂપ વિશેષ્યના અભાવ પ્રયુક્ત વિશિષ્ટાભાવ હાજર છે, જે જીવઘાતપરિણામાત્મક શુદ્ધવિશેષણ સ્વરૂપ છે. વળી આ વિશિષ્ટાભાવ નિર્જરા પ્રત્યે કારણ તો છે જ. એટલે શુદ્ધવિશેષણ એવો (શિકારી વગેરેનો) જીવઘાતપરિણામ પણ નિર્જરાનું કારણ હોવો સિદ્ધ થઇ ગયો!

[વિરાધનાના સ્વરૂપ અંગે ચર્ચા]

પૂર્વપક્ષ - જીવઘાતપરિણામજન્યત્વ એ વિરાધનાનું સ્વરૂપ છે. સાધુને તો જીવવિરાધનાને વર્જવાનો અભિપ્રાય હોય છે. એટલે તેમનાથી જીવવિરાધના જે થાય છે તે જીવને મારવાના પરિણામથી થયેલી હોતી નથી. એટલે કે વર્જનાભિપ્રાયથી વિરાધનાનું જીવઘાતપરિણામજન્યત્વ સ્વરૂપ દૂર કરાયું હોય છે. જેનું સ્વરૂપ જ નષ્ટ થઇ ગયું તે વસ્તુ અસત્ = અવિદ્યમાન બની જાય છે. એટલે અસત્ એવી એ વિરાધના નિર્જરાની પ્રતિબંધક બનતી નથી, અને તેથી પ્રતિબંધકાભાવ રૂપે નિર્જરાનું કારણ બને છે.

ઉત્તરપક્ષ - તે તે વસ્તુનો તે તે શબ્દથી ઉલ્લેખ જે થાય છે તે, તે તે વસ્તુમાં રહેલ અમુક ધર્મના કારણે થાય છે. આ ધર્મને પ્રવૃત્તિનિમિત્ત કહે છે. જેમકે ગોત્વ ધર્મના કારણે ગાયનો 'ગો' શબ્દથી ઉલ્લેખ થાય છે. તો 'ગોત્વ' એ 'ગો' પદનું પ્રવૃત્તિનિમિત્ત છે. આ પદપ્રવૃત્તિનિમિત્ત પણ વસ્તુનું એકપ્રકારનું સ્વરૂપ જ હોય છે. (જેમકે ગોત્વ એ ગાયનું સ્વરૂપ છે.) વસ્તુના પદપ્રવૃત્તિનિમિત્ત સિવાયના અન્ય જે સ્વરૂપો હોય છે તે બધા એ વસ્તુના વિશેષણ તરીકે હોય છે. જેમકે પુષ્પનું પુષ્પત્વ રૂપ જે સ્વરૂપ છે એ પદપ્રવૃત્તિનિમિત્તભૂત છે, તે સિવાયના રક્તત્વ (રક્તવર્ણ), સૌંદર્ય, સુગંધ વગેરે રૂપ જે સ્વરૂપો છે તે બધા એના વિશેષણ રૂપ બને છે અને તેથી રક્તપુષ્પ, સુંદરપુષ્પ, સુગંધીપુષ્પ વગેરે રૂપે ઉલ્લેખ થાય છે. માટે આટલું નક્કી થયું કે

संयमनाशहेतुं परित्यजती'तिभावार्थपर्यालोचनादनुपहितविराधनात्वेन प्रतविन्धकत्वं लभ्यते, इत्युपहिता-यास्तस्याः प्रतिबन्धकाभावत्वमक्षतमिति **चेत्? न**, प्रकृतविराधनाव्यक्तौ जीवघातपरिणामजन्यत्वस्यासत्त्वेन

વસ્તુના જે કોઇ સ્વરૂપો હોય તે કાં તો પદપ્રવૃત્તિનિમિત્ત હોય કાં તો વિશેષણ હોય. પ્રસ્તુતમાં વિરાધનાનું જીવઘાતપરિણામજન્યત્વ એવું તમે જે સ્વરૂપ કહો છો તે તેનું પદપ્રવૃત્તિનિમિત્ત છે કે વિશેષણ? જો પદપ્રવૃત્તિનિમિત્ત કહેશો તો એ આપત્તિ આવશે કે પ્રસ્તુતવિરાધનાનો 'વિરાધના' તરીકે ઉલ્લેખ કરવો એ ઉન્મત્ત પ્રલાપ રૂપ બની જશે. તે આ રીતે– પ્રસ્તુતવિરાધનામાં જીવઘાતપરિણામજન્યત્વ સ્વરૂપ પ્રવૃત્તિનિમિત્ત નથી. જે વસ્તુમાં જે પદનું પ્રવૃત્તિનિમિત્ત ન હોય તે વસ્તુનો તે પદથી ઉલ્લેખ તો ઉન્મત્ત જ કરે. જેમકે 'ગો' પદનું પ્રવૃત્તિનિમિત્ત 'ગોત્વ' અશ્વમાં નથી, તેમ છતાં અશ્વને ગો તરીકે તો ઉન્મત્ત જ બોલે. તેથી 'જીવઘાતપરિણામજન્યત્વ' ને જો વિરાધનાનું વિશેષણ માનશો તો જીવઘાતપરિણામ પણ નિર્જરાનો હેતુ બની જવાનો ઉપરોક્ત દોષ તદવસ્થ રહેશે. એટલે આ રીતે એ વિરાધનાને અપ્રતિબંધક સિદ્ધ કરવાની વાત તો શ્રદ્ધાળુ શિષ્યોની બુદ્ધિને ઠગવાની જ વાત છે.

[વર્જનાભિપ્રાય એ વિરાધનામાં ઉપાધિ છે?]

પૂર્વપક્ષ : જે ધર્મથી વિશિષ્ટ (યુક્ત) બનેલી જે વસ્તુ સ્વસ્વરૂપને છોડી દે છે તે ધર્મ તે વસ્તુમાં 'ઉપાધિ' કહેવાય છે. જેમકે જપાકુસુમના સંપર્કથી સ્ફટિક પોતાના નિર્મળસ્વરૂપને છોડીને લાલરંગ અપનાવે છે તો જપાકુસુમ એ સ્ફટિકમાં ઉપાધિ છે. વર્જનાભિપ્રાય યુક્ત જે જીવવિરાધના થાય છે તે જીવવિરાધના વર્જનાભિપ્રાયના પ્રભાવે સંયમનાશના હેતુભૂત એવું સ્વકીય જીવઘાતપરિણામજન્યત્વ સ્વરૂપ ગુમાવે છે. આનો વિચાર કરતાં જણાય છે કે વર્જનાભિપ્રાય એ વિરાધનામાં ઉપાધિ ભૂત છે. એ ઉપાધિ હોય તો વિરાધના સંયમનાશક રહેતી નથી, એટલે કે નિર્જરાનો પ્રતિબંધક પણ રહેતી નથી. એ ઉપાધિ ન હોય તો જ અનુપહિત વિરાધના નિર્જરાની પ્રતિબંધક બને છે. તેથી વર્જનાભિપ્રાયથી ઉપહિત વિરાધનામાં સ્વરૂપે જ પ્રતિબંધકાભાવત્વ અબાધિતપણે જળવાઇ રહે છે. અર્થાત્ જીવઘાતપરિણામથી વિશિષ્ટ ન હોઇ એ પ્રતિબંધક જ નથી તો તમે કહેલી આપત્તિ શી રીતે આવે?

ઉત્તરપક્ષ : પ્રસ્તુત વિરાધના 'આ જીવને હણું' ઇત્યાદિ અભિપ્રાયથી થઇ હોતી નથી. એટલે એમાં પહેલેથી જીવઘાતપરિણામજન્યત્વ હોતું જ નથી. તો વર્જનાભિપ્રાયથી તે દૂર થવું પણ અશક્ય જ રહે છે.

[**પૂર્વપક્ષ** : તમારી વાત સાચી છે. તેમ છતાં, વિરાધના વિશે સામાન્યથી જે 'આ જીવઘાતપરિણામ જન્ય છે' એવી જીવઘાતપરિણામજન્યત્વપ્રકારક પ્રમા થતી હોય છે તે પ્રમાનો પ્રતિબંધ કરવા રૂપ જે વિરાધનાના સ્વરૂપનો ત્યાગ તે તો વર્જનાભિપ્રાયથી થવો અશક્ય રહેતો નથી ને?

ઉત્તરપક્ષ : હા,] ઉપર પ્રમાણે તત્પ્રકારક પ્રમાનો પ્રતિબંધ કરવા રૂપ સ્વરૂપત્યાગ પણ અશક્ય જ રહે છે, કારણકે આ વિરાધના જીવઘાતપરિણામજન્ય ન હોઇ તેને વિશે તેવી પ્રમા (યથાર્થ જ્ઞાન) જ મૂળમાં સંભવતી નથી. તો તેનો પ્રતિબંધ પણ શી રીતે થાય?

પૂર્વપક્ષ : વર્જનાભિપ્રાયના અભાવવિશિષ્ટ વિરાધના તરીકે જ વિરાધનાને પ્રતિબંધક માનવામાં ઉપરનો કોઇ દોષ રહેતો નથી. ઉપરાંતમાં વર્જનાભિપ્રાયને નિર્જરાનું પૃથક્ કારણ માનવું ન પડવાથી લાઘવ થવા રૂપ ગુણ જ થાય છે. [આશય એ છે કે જેમ સૂર્યકાન્તમણિના અભાવવિશિષ્ટ ચન્દ્રકાન્તમણિ એ દાહ પ્રત્યે પ્રતિબંધક છે તો સૂર્યકાન્ત મણિ દાહ પ્રત્યે ઉત્તેજક છે તેમ પ્રસ્તુતમાં વર્જનાભિપ્રાય પણ નિર્જરા પ્રત્યે ઉત્તેજક છે. એટલે વર્જનાભિપ્રાય ઉત્તજેક રૂપે જ (પ્રતિબંધકનો પ્રતિબંધ કરવા રૂપે જ) નિર્જરા પ્રત્યે કારણ હોઇ તેને સ્વતંત્ર

त्याजयितुमशक्यत्वात्। अत एव तत्प्रकारकप्रमितिप्रतिवन्धरूपस्यापि तद्धानस्यानुपपत्तेः(?त्तिः)। **स्यादेतत्** वर्जनाभिप्रायाभावविशिष्टविराधनात्वेन प्रतिवन्धकत्वे न कोऽपि दोषः, प्रत्युत वर्जनाभिप्रायस्य पृथक्कारणत्वाकल्पनाल्लाघवमिति, **मैवं**, विशेषणविशेष्यभावे विनिगमनाविरहात्, अन्यथा दोषाभावविशिष्टवाधत्वेनैव दुष्टज्ञाने प्रतिवन्धकत्वप्रसंगात्, विशेष्याभावस्थलेऽतिप्रसंगाच्च। तस्माद्वर्जनाभिप्रायस्यैव फलविशेषे निश्चयतो हेतुत्वं, व्यवहारेण च तत्तद्व्यक्तीनां भावानुगतानां निमित्तत्वमिति सांप्रतम्। विपञ्चितं

कारण मानवुं पडतुं नथी.]

उत्तरपक्ष : आ वात बराबर नथी, कारण के वर्जनाभिप्रायाभावविशिष्ट विराधनाने प्रतिबंधक मानवो के विराधना विशिष्ट वर्जनाभिप्रायाभावने प्रतिबंधक मानवो एमां कोइ विनिगमक = निर्णायक नथी. अन्यथा [=तेम छतां, 'वर्जनाभिप्रायाभाव ए अभावरूप होइ एने अमे विशेष्यरूप नहि मानीए, अने तेथी विराधनाविशिष्टवर्जना-भिप्रायाभावने प्रतिबंधक मानवो आवश्यक न रहेवाथी विनिगमना विरह नथी' एवुं जो कहेशो तो एवुं पण मानवानी आपत्ति आवशे के] दुष्टज्ञानने दोषाभाव विशिष्ट बाध रूपे ज प्रतिबंधक मानवुं पडशे, बाधविशिष्ट दोषाभाव रूपे एने प्रतिबंधक मनाशे नहि. कहेवानो आशय ए छे के 'पीतत्वाभाववान् शंखः' 'वल्न्यभाववान् जळह्रदः' इत्यादि रूप जे बाधनुं ज्ञान प्रतिबंधक बने छे ते पण निर्दोष जोइए. ए बाध ज्ञान थवामां ज जो कोइ दोष भाग भजवतो होय तो पछी, ए दुष्टज्ञानथी प्रतिबंध थइ शकतो नथी. जेमके पीळियाना कारणे थतुं 'श्वेतत्वाभाववान् शंखः' एवुं प्रत्यक्ष दोषजन्य होवाना कारणे 'श्वेतः शंखः' एवा ज्ञाननो प्रतिबंध करी शकतुं नथी. आम दोषाभावविशिष्ट बाध रूप दुष्टज्ञान प्रतिबंधक बने छे. आ ज रीते बाधनुं ज्ञान थाय अने ए निर्दोष छे एवुं ज्ञान थाय तो पण प्रतिबंध थाय छे. एटले के बाधविशिष्ट दोषाभाव रूपे पण दुष्टज्ञान प्रतिबंधक बने छे. ज्यारे तमारा अभिप्राय मुजब तो दोषाभाव विशेष्यरूप बनी शकतो न होवाथी बाधविशिष्ट दोषाभावरूपे दुष्टज्ञान प्रतिबंधक बनी शकतुं नथी.

वळी, जे व्यक्तिने जीवविराधनाने वर्जवानो कोइ अभिप्राय नथी (एटले के वर्जनाभिप्रायाभाव रूप विशेषण हाजर छे) पण तेम छतां विराधना पण थइ नथी (एटले के विशेष्यनो अभाव छे) तेने विशिष्टाभाव तो जळवाइ रहेवाथी कर्मनिर्जरारूप कार्य थवानो अतिप्रसंग थशे. माटे वर्जनाभिप्रायाभावविशिष्ट विराधनाने प्रतिबंधक मानी, वर्जनाभिप्रायने निर्जरानुं स्वतंत्र कारण न मानवो ए योग्य नथी.

[वर्जनाभिप्राय ज निर्जरानुं कारण]

[प्रश्न : प्रस्तुत श्लोकमां जे निर्जरा कही छे तेना कारणनी अमे जे जे कल्पना आपीए छीए ते बधीने तमे तोडी नांखो छो तो आखरे तमे ज कहोने के ए निर्जरानुं कारण कोण छे?]

उत्तर : आवी बधी कल्पनाओमां अेक या बीजी आपत्ति आवती होवाथी, वर्जनाभिप्राय ए ज कर्मनिर्जरारूप विशिष्ट फळ प्रत्ये निश्चयनये कारण छे एवुं मानवुं योग्य छे.

[प्रश्न : पण तो पछी 'विराधना'ने उक्त श्लोकमां निर्जरानुं कारण तरीके जे कही छे तेनो विरोध नहि थाय?]

उत्तर : अे व्यवहारनये कह्युं छे. व्यवहारनये वर्जनाभिप्राय रूप भावथी युक्त ते ते विराधनाने कर्म निर्जरा रूप फळविशेष प्रत्ये निमित्तकारण कहेवामां कांइ अयोग्य नथी. जे आसवा ते परिसवा' 'जे आश्रवनुं स्थान छे ते शुभभावना प्रभावे संवरनुं स्थान बने छे' इत्यादि प्रतिपादन व्यवहारनये शास्त्रोमां मळे ज

चेदमन्यत्रेति नेह विस्तरः।।३१।।

इत्थं दानविधिज्ञाता धीरः पुण्यप्रभावकः।
यथाशक्ति ददद्दानं परमानंदभाग् भवेत्।।३२।।

इत्थमिति-स्पष्टः।।३२।।

છે ને! આ બાબતનો વિસ્તારથી વિચાર અન્યગ્રન્થમાં કર્યો છે માટે અહીં કરતા નથી.*

[જુઓ ધર્મપરીક્ષા શ્લોક ૫૩ની વૃત્તિ. સભાવાનુવાદ મુદ્રિત પુસ્તકમાં જુઓ પૃ. નં. ૨૯૯ થી ૩૦૯]

[પ્રકરણનો ઉપસંહાર કરતાં ગ્રન્થકાર કહે છે–]

આ પ્રમાણે દાનવિધિનો જાણકાર, ધીર, પુણ્યનો = ધર્મનો પ્રભાવક અને યથાશક્તિ દાન દેતો આત્મા મોક્ષસુખને પામે છે.॥૩૨॥

[દાનબત્રીશીની કેટલીક વિશેષ વાતો -

(૧) ભૂખ-રોગ વગેરેથી દુઃખી થયેલાનો તે દુઃખમાંથી છૂટકારો કરવા અપાતું આહાર-ઔષધ વગેરેનું દાન એ અનુકંપાદાન છે. આ અનુકંપાદાન સાંસારિક સુખોને દેનારું હોય છે. આ રીતે અપાતા અનુકંપાદાનમાં 'એ જીવ સંસારમાંથી છૂટકારો પામી મોક્ષસુખને પામે એવી ગણતરી મુખ્યતયા હોતી નથી, માત્ર તાત્કાલિક દુઃખમાંથી મુક્ત થઇ કંઇક સુખવાળી (સંસારની જ) અવસ્થા પામે એવી ગણતરી હોય છે'. તેથી 'जब्भावेन कया पुण किरिया तब्भाववुड्ढिकरी' 'ક્રિયા જે ભાવથી કરવામાં આવી હોય તે ભાવની વૃદ્ધિ કરનારી બને છે' એ શાસ્ત્રવચન મુજબ આ અનુકંપાદાન પણ બહુલતયા સાંસારિક સુખોને જ આપે છે. આમાં દ્રવ્ય અનુકંપા હોય છે.

(૨) વિવક્ષિત એક કે અનેક જીવોના જેટલા પ્રમાણના દુઃખના ઉદ્ધાર માટે દાનાદિ કરવામાં આવતા હોય તેના કરતાં મોટા પ્રમાણના દુઃખો અન્ય એક કે અનેક જીવો પર સાક્ષાત્ કે પરંપરાએ આવી પડતા હોય તો એમાં અનુકંપા કહેવી એ અવિવેક છે એ વાત સ્પષ્ટ છે, તેથી એવા અનુષ્ઠાનને અનુકંપાદાન પણ કહેવાતું

---

* **ધર્મપરીક્ષામાં**, પ્રસ્તુત શ્લોકની અભિપ્રેત આપવાદિક વિરાધનામાં 'न चेयमनाभोगजन्या वर्जनाभिप्रायवती वा' એવા વાક્યપ્રયોગ દ્વારા અનાભોગજન્યત્વનો અને વર્જનાભિપ્રાયનો નિષેધ કર્યો છે. (જુઓ પુસ્તક પૃ. નં. ૩૦૩) જ્યારે અહીં, વર્જનાભિપ્રાયને જ સ્વતંત્રકારણ કહેવા દ્વારા, નિર્જરાફલક એ વિરાધનામાં વર્જનાભિપ્રાય તો રહ્યો જ છે એવું સૂચન કર્યું છે. તો આ દેખાતા વિરોધનું શું કરવું? એનું સમાધાન નીચે મુજબ કરવું.

(૧) ધર્મપરીક્ષામાં, પ્રસ્તુત વિરાધનામાં વર્જનાભિપ્રાય હોવાનો નિષેધ જે કર્યો છે તે, તેમજ નિર્જરાના કારણ તરીકે તેનો જે નિષેધ કર્યો છે એ, આ બન્ને 'આ વિરાધનાથી છુટું' એવો જે વ્યાવહારિક સ્થૂલ વર્જનાભિપ્રાય છે એના અભિપ્રાયે જાણવો. જ્યારે પ્રસ્તુત ગ્રન્થમાં જે વર્જનાભિપ્રાયને નિર્જરાના કારણ તરીકે કહ્યો છે તે નૈશ્ચયિક વર્જનાભિપ્રાય જાણવો. સંયમપાલનાદિના ઉદ્દેશથી નદીમાં પાણી ઉતરવાની ક્રિયા રૂપ વિરાધના કરવા તૈયાર થઇ ગયેલા મહાત્માને પણ એ પાણીમાં રહેલા જીવોની પ્રાણવિયોગરૂપ વિરાધનાથી કેમ બચું? એવો તાત્ત્વિક વર્જનાભિપ્રાય તો હોય જ છે. (અથવા સંયમપાલનાદિ દ્વારા મોક્ષ પામી એ બધા જીવોની વિરાધનાથી બચું એવો પરિણામે નૈશ્ચયિક વર્જનાભિપ્રાય તો હોય જ છે.) અથવા બીજી રીતે સમાધાન - પૂર્વપક્ષીનો વર્જનાભિપ્રાયને ઉત્તેજક માનવાનો અને સ્વતંત્રકારણ ન માનવાનો જે અભિપ્રાય છે તેનું અહીં ગ્રન્થાકારે ટૂંકમાં ખંડન કર્યું છે. અને 'વર્જનાભિપ્રાય પણ કારણ નથી, આજ્ઞાશુદ્ધ ભાવ જ કારણ છે' એવી ઉપરની જે કોટિ છે તેનો ધર્મપરીક્ષામાં વિસ્તાર કર્યો છે. તેમજ અહીં 'विपञ्चितं चेदमन्यत्र' શબ્દથી એનો અતિદેશ કર્યો છે. માટે આ બે ગ્રન્થાધિકારોમાં વાસ્તવિક કોઇ વિરોધ નથી એ જાણવું. [આવા સમન્વયની વિસ્તૃતનોંધ માટે ધર્મપરીક્ષા મુદ્રિત પુસ્તકના પૃ. નં. ૩૦૯ વગેરેની ટીપ્પણી જોવી.]

નથી.

(૩) પણ તેવું જ અનુષ્ઠાન જો બોધિપ્રાપ્તિ વગેરે લાભને નજરમાં રાખીને કરવામાં આવતું હોય તો એ પાછું અનુકંપાદાન બને છે. કારણ કે બોધિપ્રાપ્તિ વગેરે દ્વારા ચૌદે રાજલોકમાં અભયદાનનો પડહ વાગે છે. ઉપદેશમાલામાં કહ્યું છે કે –

'सयलम्मिवि जियलोए तेण इहं घोसिओ अमाघाओ।

इक्कंपि जो दुहत्तं सत्तं बोहेइ जिणवयणे।।२६८।।

અર્થઃ 'સંસારના દુઃખથી આર્ત્ત થયેલા એક પણ જીવને જે જિનવચનનો બોધ (સમ્યક્ત્વાદિ) પમાડે છે તેણે આ સકલ જીવલોકમાં અમારીની ઘોષણા કરાવેલી જાણવી.' આમ, આમાં, ઉદ્ધારાતા દુઃખોનું જ પ્રમાણ વધી જવાથી અનુકંપા અક્ષત રહે છે. જો કે આવા અનુષ્ઠાનમાં અન્ય જીવોને થનારા બોધિપ્રાપ્તિ વગેરેનો જ મુખ્ય ઉદ્દેશ હોવાથી એમાં દ્રવ્યઅનુકંપા નહિ, પણ ભાવઅનુકંપા જાણવી. વળી, આ અનુષ્ઠાનથી અન્ય જીવોને બોધિપ્રાપ્તિ થશે ઇત્યાદિ અવિતથ નિર્ણય માટે સૂક્ષ્મ બોધ આવશ્યક છે. એવો સૂક્ષ્મબોધ વેદ્યસંવેદ્યપદે રહેલા જીવોને જ હોય છે, માટે ગ્રન્થકારે એ પ્રમાણે કહ્યું છે. વેદ્યસંવેદ્યપદનો આશય પેદા થયો હોય તો જ નિશ્ચયની અનુકંપા હોય છે એવું જે કહ્યું છે તે પણ આવી ભાવઅનુકંપાના અભિપ્રાયે જાણવું. નહિતર નૈશ્ચયિક દ્રવ્યઅનુકંપા તો અવેદ્યસંવેદ્યપદસ્થને પણ સંભવે છે. પ્રભુ મહાવીર દેવે જે કહ્યું છે કે- 'भो मेहा! ताए जीवाणुकंपाए परित्तीकओ ते संसारो' તેનાથી જણાય છે કે અવેદ્યસંવેદ્યપદે રહેલા માર્ગાનુસારી મિથ્યાત્વી એવા એ (મેઘકુમારના જીવ) હાથીમાં અનુકંપા વિદ્યમાન હતી.

(૪) ઔચિત્યને જાળવીને અનુકંપાદાન દેવું એ બધા માટે ધર્મ રૂપ છે. એટલે દશાવિશેષમાં સાધુએ અનુકંપાદાન દેવું પણ નિષિદ્ધ નથી. 'આ વરાક સંસારસમુદ્રમાંથી કઇ રીતે નિસ્તાર પામે?' એવા ભાવથી જ અપાયેલું હોઇ એ અનુકંપાદાન સ્વકીયસંસારનિસ્તારને રુંધે એવો પુણ્યબંધ કરાવતું નથી. આમાં પણ 'जब्भावेन कया पुण....' એ ન્યાય લગાડવો. સુપાત્રદાનથી બોધિપ્રાપ્તિ આદિનો જે લાભ થાય છે તેમાં પણ આ જ ન્યાય લગાડવો.

(૫) ગુણવાનની ભક્તિના અભિપ્રાયથી થતી સાધર્મિક વાત્સલ્ય વગેરે શુભપ્રવૃત્તિમાં જયણા અને વિધિનું જો સંપૂર્ણ પાલન હોય તો પાપકર્મબંધરૂપ અલ્પ પણ દોષ લાગતો નથી, પ્રચુર નિર્જરા અને પુણ્યાનુબંધીપુણ્યબંધ રૂપ લાભ જ થાય છે. એ માટે કૂપખનન દૃષ્ટાન્તનું અર્થઘટન આવું જાણવું - જેમ કૂપખનન સ્વ-પરને નિર્મળજળ પ્રાપ્તિ રૂપે ઉપકાર કરનારું છે તેમ સાધર્મિકવાત્સલ્ય કરણ- અનુમોદન દ્વારા સ્વ-પરને પુણ્યબંધ વગેરે ઉપકાર કરનારું છે. સાધર્મિક વાત્સલ્યમાં જો જયણા કે વિધિની થોડી ઘણી ખામી રહેલી હોય, પણ શુભભાવોલ્લાસ જોરદાર હોય તો અલ્પપાપબંધ અને વિપુલનિર્જરા-પ્રચુરપુણ્યબંધ થાય છે. એવે વખતે કૂપદૃષ્ટાન્તનું અર્થઘટન આવું જાણવું - જેમ કૂવો ખોદવામાં પ્રારંભે કાદવથી ખરડાવું, શ્રમ, તૃષાવૃદ્ધિ વગેરે દોષ થાય છે. પણ છેવટે નિર્મળપાણી પ્રાપ્ત થતાં એ પાણીથી જ એ બધું દૂર થઇ જાય છે અને સ્વ-પરને અન્ય પણ ઘણો લાભ થાય છે, તેમ સાધર્મિકવાત્સલ્ય વગેરેમાં અવિધિ-અજયણાના કારણે થયેલી હિંસા વગેરેથી અલ્પ પાપબંધ વગેરે દોષ લાગે છે, પણ જે જોરદાર શુભભાવોલ્લાસ જાગે છે તેનાથી એ પાપબંધ રૂપ દોષ હણાઇ જઇ વિપુલનિર્જરા-પ્રચુરપુણ્યબંધ રૂપ લાભ થાય છે. લુબ્ધકદૃષ્ટાન્તભાવિત મુગ્ધ જીવ સંયતને જે અશુદ્ધદાન આપે છે તેમાં પણ આ જ પ્રમાણે જાણવું, એટલે કે એની અવિધિ વગેરેના કારણે એને અલ્પ પાપબંધ થાય છે, અને શુભભાવના કારણે પ્રચુરકર્મનિર્જરા થાય છે.

જે સાધર્મિકવાત્સલ્ય વગેરે દેખાદેખીથી માત્ર કીર્ત્તિ વગેરે માટે કરવામાં આવે છે, સાધર્મિકોમાં રહેલા ગુણોના આકર્ષણથી થયેલ શુભભાવોલ્લાસનું તો જેમાં નામ નિશાન નથી, તેમજ વિધિ અને જયણાની તો જેમાં ધરાર ઉપેક્ષા જ છે તેવા સાધર્મિકવાત્સલ્ય વગેરેથી તેના આયોજકને ઉપરોક્ત કોઇ લાભો થતા નથી એવું મને લાગે છે.

તથા પુર વગેરે આફતના અવસરે દીન હીન બનેલા લોકો માટે રસોડું કરવું વગેરે રાહતકાર્યો, લેનારના ને જોનારના દિલમાં શ્રી જિનશાસન પ્રત્યે અહોભાવ-આદર પેદા થાય એ રીતે કરવા જોઇએ. એ માટે દાતાઓએ સ્વનામને ગૌણ કરવું જોઇએ, ને 'જૈનો આ કરી રહ્યા છે' એ રીતે જ આ કાર્યો કરવા જોઇએ. તેમજ આજના જાહેરાતના યુગમાં આવાં જે કોઇ કાર્યો કર્યાં હોય તેના અખબાર વગેરેમાં યોગ્ય સમાચારો આવે એ માટે પ્રયત્ન પણ અવશ્ય કરવો જ જોઇએ. બેશક, પોતાના નામની વાહવાહ, પ્રશંસા, જાહેરાતથી તો દૂર જ રહેવાનું છે. પણ , જૈન શાસનની વાહ-વાહ તો જેટલી વધુ થાય એટલી ઇચ્છનીય છે. જેથી સામાન્ય પ્રજાના માનસમાં 'જૈનો તો ખાલી ઓચ્છવ-મહોત્સવમાં ખર્ચો કરે છે. માનવો માટે કશું કરતા નથી' વગેરે માન્યતા દ્વારા જૈનશાસનની નિંદા-અવહેલના ઘર ન કરી જાય, ને ઉપરથી 'પ્રભુવીરના અનુયાયીઓ- જૈનો પ્રજા માટે પણ કેટલો કેટલો ભોગ આપે છે - એમની ઉદારતાને ધન્ય છે.' વગેરે લાગણી ઊભી થાય. જૈનસંઘના લાખો-કરોડો રૂપિયા ખર્ચીને આવાં કાર્યો થાય, ને છતાં એની યોગ્ય જાહેરાતની બાબતમાં ઉપેક્ષા સેવાય, એ અજૈન પ્રજાને જૈનશાસનના અહોભાવ દ્વારા બોધિબીજની સંભવિત પ્રાપ્તિથી વંચિત રાખવા બરાબર હોવાથી માત્ર મૂઢતા છે, 'સત્કાર્ય કરવું તો ગુપ્ત કરવું, જાહેરાતની શી જરૂર?' વગેરે માન્યતા, આ બાબતમાં ગુણકર નથી, પણ દોષકર છે, ને ખર્ચેલા લાખો રૂપિયાને ઊગી નીકળવા દેતી નથી - આ વાત નિઃશંક છે.

વાચક જસની મુનિ-હિતવાણી

આતમ સાખે ધર્મ જે તિહાં જનનું શું કામ?
જન-મન-રંજન ધર્મનું મૂલ ન એક બદામ.
જગમાં જન છે બહુ રુચિ રુચિ નહીં કો એક;
નિજ હિત હોય તેમ કીજીએ, ગ્રહી પ્રતિજ્ઞા ટેક.
દૂર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ;
સંગતિ કીજે સંતની, હુઇએ તેના દાસ.
સમતા સે લય લાઇએ, ધરી અધ્યાતમ રંગ
નિંદા તજીએ પરતણી, ભજીએ સંયમ ચંગ.
વાચક 'જસવિજયે' કહી, એહ મુનિ હિત વાત;
એહ ભાવ જે મુનિ ધરે, તે પામે શિવ સાત.

(ઉદ્ધૃતઃ યતિધર્મબત્રીશી)

।। अथ देशनाद्वात्रिंशिका ।।२ ।।

आद्यायां द्वात्रिंशिकायां दानमुक्तं, तदन्तरायभीरुत्वं च मुख्यो गुणः, तच्च देशनाविवेकनिर्वाह्यमितीयमधुना विविच्यते–

यथास्थानं गुणोत्पत्तेः सुवैद्येनेव भेषजम् ।
बालाद्यपेक्षया देया देशना क्लेशनाशिनी ।।१ ।।

यथास्थानमिति । सुवैद्येन भेषजमिव बालाद्यपेक्षया = बालाद्यानुगुण्येन देशना देया साधुनेति शेषः । किंभूता? क्लेशनाशिनी = भावधातुसाम्येन दोषापहा । कुतः? इत्याह यथास्थानं = स्थानमनतिक्रम्य गुणोत्पत्तेः, यथाहि सदप्यौषधं तरुणादियोग्यं बालादीनां न गुणाय तथा धर्मदेशनापि मध्यमादियोग्या बालादीनां न गुणाय, इति यथास्थानमेतन्नियोगो न्याय्यः ।।१ ।। विपक्षे बाधमाह–

[सूयगडांगमां जे कह्युं छे के 'जो दाननी प्रशंसा करवामां आवे तो दान अंगे थती जीवविराधनानी अनुमोदनानो दोष लागे ने जो दाननो निषेध करवामां आवे तो ए दान पर नभनाराओनी आजीविकानो उच्छेद थवाथी अंतराय करवानो दोष लागे.' तेथी योग्य विवेक करवानुं प्रथम बत्रीशीमां जणाव्युं. एटले दान अंगे बोलवामां खूब सावधानी जोइए, नहींतर ईतो व्याघ्रस्ततो नदी न्याये उभयथा दोष लागे. तेथी बोलवानो विवेक प्रगटे ए माटे हवे देशनाबत्रीशी कहेवाशे.]

पहेली बत्रीशीमां दाननी वात करी. 'एनो अंतराय न थइ जाय' एम डरता रहेवुं ए अंतरायभीरुत्व मुख्य गुण छे. ए देशनाविवेकथी (देशनाना विवेकथी के देशनाथी प्राप्त थता विवेकथी) जाळवी शकाय छे. एटले हवे बीजी बत्रीशीमां देशनानुं विवेचन कराय छे. [अहीं अंतरायभीरुत्व जे कह्युं छे तेना उपलक्षणथी 'जीवहिंसानी अनुमोदना न थइ जाय' एवी भीरुता पण जाणी लेवी.]

[श्रोतानुसारे देशना]

'दवा छे ने! ए तो रोगोने नाबुद ज करशे' एम विचारी सारो वैद्य कांइ आडेधड दवा नथी आपतो, किन्तु दवा लेनार जेवो बाळ, वृद्ध वगेरे होय तेने अनुसरीने दवा आपे छे, तो ज ए दवा धातुनुं साम्य करीने रोगने दूर करनारी बने छे. नहितर, तरुणादिने योग्य सारुं पण औषध जो बाळ वगेरेने आपवामां आवे तो एमने ए गुणकर बनतुं नथी. आ ज रीते गीतार्थ गुरुए 'भगवाननी वाणी छे ने! ए तो कर्मरोगने नाबुद करवानो उपकार ज करशे' एम विचारी गमे तेम देशना आपवानी होती नथी, किन्तु श्रोता जेवो बाळ, मध्यम के पंडित होय तेने अनुसरीने देशना आपवी जोइए, तो ज ए भावधातुनुं साम्य करीने रागादि क्लेशोनो नाश करनारी बने छे, केमके यथास्थाने ज गुणो उत्पन्न थाय छे. तेथी ज मध्यम वगेरे कक्षाना श्रोताने योग्य ऊंची पण धर्मदेशना बाळ वगेरे कक्षाना जीवोने हितकर बनती नथी. माटे श्रोता जे कक्षानो होय ते कक्षाने अनुरूप देशना आपवी ए योग्य छे.॥१॥ आनाथी विपरीत करवामां, 'श्रोताने लाभ नथी थतो' एटलुं ज नुकशान नथी, किन्तु 'गेरलाभ पण थवा' रूप मोटुं नुकशान थवा रूप बाधा देखाडता ग्रन्थकार कहे छे-

यथास्थान देशना आपवामां न आवे अने श्रोतानी कक्षानुं उल्लंघन करीने जो देशना देवामां आवे तो बुद्धिमां अपरिणाम के अतिपरिणामरूप अंधापो चाले छे जेनाथी श्रोता उन्मार्गे घसडाइ जाय छे. माटे आ रीते परस्थानदेशना देवी ए एक प्रकारनी कुशीलता करवा जेवुं छे जे कुशीलता सन्मार्ग रूप वृक्ष माटे

उन्मार्गनयनात् पुंसामन्यथा वा कुशीलता।
सन्मार्गद्रुमदाहाय वह्निज्वाला प्रसज्यते।।२।।

उन्मार्गेति। अन्यथा = यथास्थानं देशनाया अदाने पुंसां ध्यांध्यकरणद्वारेणोन्मार्गनयनात् वा कुशीलता प्रसज्यते। किंभूता? सन्मार्गद्रुमाणां दाहाय वह्निज्वाला, अनाभोगेनापि स्वतः परेषां मार्गभेदप्रसंगस्य प्रबलापायहेतुत्वादिति भावः।।२।।

नन्वेवं, 'न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्तो हितश्रवणात्।

ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति।।' इति वाचकवचनं [तत्त्वार्थकारिका - २९] व्याहन्येत। अतः खल्वनुग्रहधियाऽऽगमार्थोपदेशमात्रमेवेष्टसाधनतया प्रतीयते, श्रोतुर्भावस्तु दुर्ग्रहः - इत्याशङ्कायामाह–

अनुग्रहधिया वक्तुर्धर्मित्वं नियमेन यत्।
भणितं तत्तु देशादिपुरुषादिविदं प्रति।।३।।

अनुग्रहेति। अनुग्रहधिया वक्तुः = धर्मोपदेष्टुर्धर्मित्वं = निर्जराभागित्वं नियमेन = एकान्तेन यद्भणितं, तत्तु देशादीन् पुरुषादींश्च वेत्ति यस्तं प्रति, न तु तज्ज्ञाने शक्तिमस्फोरयतं प्रति।।३।। ननु पुरुषादिभेदेन

અગ્નિજ્વાલા સમાન હોય છે, એટલે કે એનાથી સ્વયં અને અન્ય શ્રોતા વગેરે માટે સન્માર્ગ નષ્ટ થાય છે, સન્માર્ગથી દૂર ફેંકાઇ જવાનું થાય છે. આ પરસ્થાન દેશનાને આવી કુશીલતા રૂપ એટલા માટે કહી છે કે અનાભોગથી પણ પોતાનાથી અન્યને માર્ગભેદ થાય એ મિથ્યાત્વવૃદ્ધિ વગેરે રૂપ ભયંકર અપાયના કારણભૂત છે.॥२॥

[આપ્તવચનો અંગે શંકા-સમાધાન]

શંકા - [બાળ વગેરેનો વિભાગ કરીને એને અનુસારે દેશના આપવી જોઇએ. અન્યથા શ્રોતાઓને લાભ તો નથી થતો. પણ ઉપરથી શ્રોતા અને વક્તા બન્નેને નુકશાન થાય છે. આવું તમે જે કહ્યું તેનાથી વાચક પુંગવ **શ્રી ઉમાસ્વાતિ મહારાજાના** વચનનો વિરોધ થાય છે. તેઓ શ્રીમદે શ્રી તત્ત્વાર્થસૂત્રની પ્રથમ કારિકાના ૨૯ માં શ્લોકમાં કહ્યું છે કે 'હિતની વાતોને-ધર્મને સાંભળવાથી બધા જ શ્રોતાઓને એકાન્તે ધર્મ(લાભ) થાય જ એવું નથી. પણ ઉપકાર કરવાની બુદ્ધિથી બોલતા વક્તાને તો એકાન્તે કર્મનિર્જરા વગેરે રૂપ લાભ થાય જ છે.' આનો વિરોધ એટલા માટે થાય છે કે વક્તાએ ભલે ને બાળાદિને મધ્યમાદિ યોગ્ય દેશના આપી હોય, તેમ છતાં એમાં હિતબુદ્ધિ અને આગમાવિરુદ્ધતા જળવાયેલી હોય તો વક્તાને તો લાભ જ થવો જોઇએ ને? ઉમાસ્વાતિ મહારાજાનાં આ વચનો પરથી જણાય છે કે ઉપદેશક મહાત્માને તો અનુગ્રહબુદ્ધિથી આગમોક્ત ઉપદેશ આપવો એ જ કર્મનિર્જરારૂપ સ્વઇષ્ટનું સાધન છે. વળી શ્રોતાના મનમાં કેવા ભાવો રમે છે, એ કેવી ભૂમિકાએ રહેલો છે એ વાત છદ્મસ્થ ઉપદેશક માટે દુર્જ્ઞેય પણ છે. માટે 'બાળાદિને અનુસરીને દેશના આપવી' એવી વાત યોગ્ય નથી.]

આવી શંકાનું **સમાધાન** કરવા ગ્રન્થકાર કહે છે–

અનુગ્રહબુદ્ધિથી ધર્મનો ઉપદેશ દેનારા વક્તાને એકાન્તે નિર્જરા રૂપ ધર્મ થાય છે એવું ઉમાસ્વાતિ મહારાજાએ જે કહ્યું છે તે દેશ કાલ વગેરેના તેમજ શ્રોતા પુરુષ વગેરેના જાણકાર વક્તા માટે કહ્યું છે, નહિ

देशनाभेदो न युक्तः, राजरङ्कयोरेकरूपेणैव देशनाविधानात्। तथा **चाचारसूत्रं** - [1]जहा पुण्णस्स कत्थई तहा तुच्छस्स कत्थई, जहा तुच्छस्स कत्थई तहा पुण्णस्स कत्थई [आचारांग सू. १०२] त्ति। सूत्रोल्लंघनं च महतेऽनर्थाय-इत्याशङ्क्याह–

कोऽयं पुरुष इत्यादिवचनादत एव च।
पर्षदादिविवेकाच्च व्यक्तो मन्दस्य निग्रहः।।४।।

कोऽयमिति। अत एव च = विपर्यये दोषादेव च 'कोऽयं पुरुषः?' इत्यादिवचनात् **नन्द्यावश्यकादौ**

કે તે વાતોને જાણવા માટે પ્રયત્ન પણ ન કરતાં વક્તા માટે. જે વક્તા દેશ-કાલ વગેરે તેમજ શ્રોતા પુરુષની કક્ષા વગેરેને જાણી લે છે, અને વળી તે શ્રોતાઓ પરની ઉપકારબુદ્ધિ તો એમની અક્ષત જ છે તો પછી એ વક્તા તે બાળ પુરુષાદિને જે રીતે ઉપકાર થાય એ રીતે જ બોલવાના છે, એટલે કે તેઓ બાળાદિને અનુસરીને જ બોલવાના છે, તેથી એવા વક્તાને તો એકાન્તે લાભ શા માટે ન થાય? આમ એની દેશનામાં પણ બાળાદિને અનુસરવાનું વિધાન જળવાઇ રહેલું જ હોય છે.

શંકા – તેમ છતાં, શ્રોતા પુરુષ વગેરેના ભેદે જુદી જુદી દેશના કહેવી એ યોગ્ય નથી, કારણકે શ્રોતા ગમે તે હોય – રાજા હોય યા રંક હોય, તો પણ બન્નેને સમાનરૂપે દેશના આપવાનું શાસ્ત્રમાં વિધાન છે. **આચારાંગ** (સૂ. ૧૦૧)માં કહ્યું છે કે 'જે રીતે પુણ્યશાળી રાજા વગેરેને ધર્મ કહેવાય છે તે જ રીતે તુચ્છ-ગરીબ વગેરેને પણ ધર્મ કહેવાય છે. જે રીતે તુચ્છને ધર્મ કહેવાય છે તે રીતે પુણ્યશાળીને કહેવાય છે.' આ રીતે આચારાંગસૂત્રમાં શ્રોતાનો ભેદ હોય તો પણ સમાન દેશના દેવાનું કહ્યું છે, તેથી, દેશનાભેદ કરવો એમાં સૂત્રનું ઉલ્લંઘન છે જે મોટું અનર્થ કરે છે. માટે શ્રોતાભેદે દેશનાભેદ કરવો એ યોગ્ય નથી.

આવી શંકાનું **સમાધાન** આપવા ગ્રન્થકાર કહે છે–

દેશના દેવામાં વિપર્યય કરવામાં દોષ લાગે છે. તેથી, આચારાંગમાં ઉક્તસૂત્રના પછીના જ સૂત્રમાં 'આ(શ્રોતા) કોણ પુરુષ છે?' એવું જે કહ્યું છે તેનાથી તેમજ નન્દીસૂત્ર, આવશ્યક વગેરેમાં પર્ષદ્નો વિવેક કરવાનું જે કહ્યું છે તેનાથી જણાય છે કે દેશ વગેરેની તેમજ પુરુષ વગેરેની જાણકારી ન પામેલા મન્દ વક્તાનો અપસિદ્ધાન્ત થઇ જવા રૂપ નિગ્રહ થાય છે એ વાત સ્પષ્ટ છે. [જો દેશ-પુરુષ વગેરેની જાણકારી વગર પણ બોલનારને અપસિદ્ધાન્ત થઇ જવાનો પ્રશ્ન ન હોત તો શાસ્ત્રોમાં તેવું વિધાન પણ ન કરત.] આશય એ છે કે આચારાંગનું 'જહા પુણ્ણસ્સ...' ઇત્યાદિ સૂત્ર તો 'સાધુએ ધર્મદેશના નિસ્પૃહપણે આપવી' એવું વ્યક્ત કરવા માટે છે. [રાજા વગેરેને ધર્મોપદેશ આદરપૂર્વક આપે જેથી વસ્ત્ર-પાત્રાદિ પ્રાપ્ત થાય, તુચ્છ પાસેથી શું મળવાનું છે? એમ વિચારી એને ધર્મોપદેશ ન આપે-અથવા ઉપેક્ષાથી આપે... આવું ન થાય એ માટે પૂર્વાર્ધ છે. જેમ તુચ્છને ધર્મોપદેશ દેતી વખતે એની પાસેથી બદલામાં કાંઇ પ્રાપ્ત કરવાની સ્પૃહા હોતી નથી તેમ રાજા વગેરેને ધર્મોપદેશ દેતી વખતે પણ નિસ્પૃહ રહેવું એવું જણાવવા માટે ઉત્તરાર્ધ છે.] રાજાદિના (એ કોનો ભક્ત છે? એ ભદ્રક પરિણામી છે કે રૌદ્ર પરિણામી? ઇત્યાદિ) અભિપ્રાયને અનુસરીને એ મુજબ દેશના દેવામાં ન આવે તો શું શું દોષ થાય એનું સ્પષ્ટ પ્રરૂપણ કરીને એ પછી ત્યાં જ (આચારાંગના એ અધિકારમાં જ) શ્રોતા પુરુષ વગેરેના તેમજ દેશ વગેરેના જાણકારને જ દેશનાનો અધિકાર છે એવું જે વ્યક્ત કર્યું છે તેનાથી જણાય છે કે ઉપરનું સૂત્ર તો સાધુની નિરીહતા વ્યક્ત કરવા માટે જ છે. [આ વાતનો વૃત્તિકાર ભગવંત શ્રી શીલાંકાચાર્યે

1 यथा पुण्यस्य कथ्यते तथा तुच्छस्य कथ्यते, यथा तुच्छस्य कथ्यते तथा पुण्यस्य कथ्यते।

पर्षदादीनां विवेकाद् = विवेचनाच्च मन्दस्य = देशादिपुरुषादिज्ञानाभाववतो वक्तुर्निग्रहः = अपसिद्धान्तलक्षणो व्यक्तः = प्रकट एव। अयं भावः- उक्ताचारसूत्रं साधोर्धर्मव्याख्याने निरीहतामात्रद्योतकमेव, राजादेरभिप्राय़ाननुसरणे प्रकटदोषोपदर्शनपूर्वमनुपदमेव तत्र पुरुषादिदेशादिपरिज्ञानवत्त्वेन देशनाधिकारित्वाभिव्यञ्जनात्। तदुक्तं - '[1]अवि य हणे अणाइयमाणे एत्थं पि जाण सेयं ति णत्थि केयं पुरिसे कं च णए त्ति' [आचारांग सू. १०३]। किञ्चैवं पुरुषादिपरिज्ञानानावश्यकत्वे पर्षदादिगुणदोषोपवर्णनं तत्र तत्र व्यर्थं स्यादिति।।४।।

अज्ञातवाग्विवेकानां पण्डितत्वाभिमानिनाम्।
विषं यद्वर्तते वाचि मुखे नाशीविषस्य तत्।।५।।

अज्ञातेति। अज्ञातो वाग्विवेकः = शुद्धाशुद्धयोग्यायोग्यविषयत्वादिरूपो यैस्तेषां पंडितत्वाभिमानिनां वाचि = भाषायां विषं यन्मिथ्यात्वरूपं वर्तते तदाशीविषस्य = व्यालस्य मुखे न, अनेकजन्मदुःखदं ह्येकेमन्यच्चैकजन्मदुःखदमेवेति।।५।। बालादीनां लक्षणमाह–

पण ખુલાસો કર્યો છે કે 'अत्र च निरीहता विवक्षिता, न पुनरयं नियमः एकरूपतयैव कथनीयम्' - આ સૂત્રમાં નિરીહતા જણાવવાની વિવક્ષા છે, બધાને એક સરખી રીતે જ કહેવું એવો નિયમ જણાવવાની નહિ.] દેશનાના અધિકારીને અભિવ્યક્ત કરનાર તે સૂત્રમાં કહ્યું છે કે 'અનાદર કરતો એવો તે રાજા ક્રોધાભિભૂત થઇ હણી પણ નાંખે'. આમ અવિધિથી ઉપદેશ દેવામાં આ લોકમાં તો બાધા થાય. પર્ષદ વગેરેને જાણ્યા વગર અવિધિથી કહેવામાં 'આ ધર્મકથામાં પણ શ્રેયઃ = પુણ્ય જ થવાનું છે એવું નથી' એ તું જાણ, તો પછી ધર્મકથા કઇ રીતે કરવી? એ જણાવવા આગળ કહે છે – 'આ ભદ્રક છે કે મિથ્યાત્વી? કયા આશયથી પૂછે છે? કયા દેવતાને નમેલો છે (ભક્ત છે?) ઇત્યાદિ વિચારી પછી યથાયોગ્ય ઉપદેશ આપવો.'

વળી **ઉમાસ્વાતિ મહારાજાના** કે **આચારાંગના** ઉક્ત વચનને આગળ કરીને 'ધર્મોપદેશ માટે પુરુષ વગેરેના જ્ઞાનની કોઇ જરૂર નથી' એવું માનીએ તો તે તે ગ્રન્થોમાં પર્ષદ્ના ગુણ-દોષોનું જે વર્ણન મળે છે તે નિરર્થક થઇ જાય. ॥૪॥ [કોની આગળ ક્યારે શું બોલવું? ઇત્યાદિ વિવેક જેઓને નથી તેઓના વચન કેટલા ભયંકર નીવડે છે એ જણાવવા ગ્રન્થકાર કહે છે–]

મારા વચન શુદ્ધ છે કે અશુદ્ધ, દેશ-પુરુષાદિને યોગ્ય છે કે અયોગ્ય? ઇત્યાદિ બાબતનો વિવેક = ભેદ જેઓ કરી શકતા નથી, અને તેમ છતાં જેઓ જાતને પંડિત માને છે તેઓના વચનમાં મિથ્યાત્વરૂપ (સ્વરુચિ મુજબ તે તે નયને આગળ કરનાર શ્રોતા માટે સીધેસીધી અન્યનયની વાતો કરવા માંડવી એ મિથ્યા જ ઠરે છે ને!) જે ઝેર હોય છે તે આશીવિષ સર્પના મુખમાં પણ હોતું નથી. એટલે કે આશીવિષ સર્પના ઝેર કરતાં પણ એ ઝેર વધુ ભયંકર હોય છે. કારણકે સાપનું ઝેર તો એક જન્મમાં જ મૃત્યુ વગેરેનું દુઃખ આપે છે. જ્યારે એ ઝેર તો અનેક જન્મનું દુઃખ આપે છે. [માટે તો કહ્યું છે ને કે - सावज्जणवज्जाणं वयणाणं जो न याणइ विसेसं। वुत्तुं पि तस्स न खमं किमंग पुण देसणं काउं?।। સાવદ્ય અને નિરવદ્ય વચનના ભેદ જે જાણતો નથી તેને બોલવું પણ યોગ્ય નથી તો દેશના આપવી તો શી રીતે યોગ્ય ઠરે?]

આમ, બાળ વગેરે શ્રોતાને અનુસરીને દેશના આપવી એ નક્કી થયું. એમાં બાળ વગેરેનું લક્ષણ જણાવવા હવે ગ્રન્થકાર કહે છે–

---

१ अपि च हन्यादनाद्रियमाणेऽत्रापि जानीहि श्रेय इति नास्ति कोऽयं पुरुषः? कं च नतः?

तत्र बालो रतो लिङ्गे वृत्तान्वेषी तु मध्यमः।
पंडितः सर्वयत्नेन शास्त्रतत्त्वं परीक्षते।।६।।

तत्रेति। तत्र = तेषु बालादिषु मध्ये लिंगे = लिंगमात्रे रतो बालः, लिंगमात्रप्राधान्यापेक्षयाऽसदारंभत्वात्। वृत्तान्वेषी तु = वृत्तप्राधान्यापेक्षी तु मध्यमः, बालापेक्षया मध्यमाचारत्वात्। यस्तु सर्वयत्नेन

[બાળાદિનું લક્ષણ]

જે જીવો લિંગને જ પ્રધાનતયા જુએ છે, એટલે કે ધર્મની વિદ્યમાનતા કે અવિદ્યમાનતા ના નિર્ણય માટે બાહ્ય વેશ-આકારને જ આગળ કરે છે તેઓ 'બાળ' છે, કેમકે અસદ્ આરંભવાળા હોય છે, (નિષિદ્ધ કાર્ય કરનારા હોય છે.) માત્ર લિંગને જોઇને આચરણા કરવાવાળા હોઇ તેઓનું આચરણ શેષ બે પ્રકારના જીવો કરતાં તુચ્છ હોય છે. [માત્ર ગૃહત્યાગ વગેરે બાહ્ય દેખાવ જોવા મળે એટલે આવા જીવો એ વ્યક્તિને ધર્મી માની લે છે અને પછી એના દોરવાયા દોરવાય પણ છે, પણ એ જોવા નથી બેસતા કે આ વેશધારીનું, વેશધારણાદિ દેખાતા આચરણ સિવાયનું વર્તન એના વેશને અનુસરતું શાસ્ત્રોક્ત છે કે નહીં? તેમજ એના સિદ્ધાન્તો = માન્યતા યોગ્ય છે કે નહીં? ઇત્યાદિ.] જે જીવો માત્ર વેશને જોઇને ધર્મનો નિર્ણય નથી કરી લેતાં, પણ વેશને અનુરૂપ વૃત્ત = આચરણ છે કે નહીં એ પણ વિચારે છે, [એવું આચરણ હોય તો જ ધર્મની વિદ્યમાનતા માને છે] તેઓ 'મધ્યમ' છે. ગુરુ-લાઘવનો કે ઐદંપર્યનો વિચાર કરીને જે કાર્ય થાય તે કાર્યને તે નથી કરતો પણ માત્ર (અવિવૃત) સૂત્રમાં જે કહ્યું હોય તેવા કાર્યને આચરે છે. માટે મધ્યમ આચારવાળો હોઇ એ 'મધ્યમ' કહેવાય છે. જેઓ સર્વપ્રયત્ન પૂર્વક શાસ્ત્રતત્ત્વોને-મૂળસિદ્ધાન્તોને તપાસે છે [અને તે અવિસંવાદી લાગે તો જ તેમાં ધર્મ માને છે] તેઓ પંડિત છે, કારણકે તાત્ત્વિક દૃષ્ટિએ એ જીવો જ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ માર્ગને અનુસરનારા હોઇ ઉત્કૃષ્ટ આચારવાળા હોય છે. [લોકમાં પણ જોવા મળે છે કે બાળક માત્ર ચળકાટને જોઇને આકર્ષાઇ જાય છે. અને તેથી, વધુ ચળકાટવાળા ઇમીટેશનને પકડે છે, સાચા રત્નને છોડી દે છે. મધ્યમબુદ્ધિવાળો થયેલો માણસ ભેગી રત્નની કિંમત, વજન, નિર્મળતા વગેરે પણ જુએ છે. જ્યારે કુશળ પારખું ઊંડાણમાં ઉતરી એના લક્ષણોને-ગુણ દોષને પણ જુએ છે.]

[અહીં પ્રશ્ન ઊઠી શકે છે કે, 'બાળજીવ સામી વ્યક્તિના માત્ર વેશને જુએ છે, આચારને પણ જોતા નથી. અને તેથી, અસદ્ આચાર હોય તો પણ જો ત્યાગીનો વેશ જોવા મળે તો, બાળજીવ એને ત્યાગી-ધર્મી-વન્દનીય તરીકે સ્વીકારી લે છે' આ વાત પ્રસિદ્ધ છે. આમાં બાળજીવનો પોતાનો આચાર સદ્ છે કે અસદ્ છે એની વાત નથી. તેમ છતાં, અહીં લિંગમાત્રની રુચિવાળો જીવ 'બાળ' હોવામાં 'એ અસદ્ આરંભવાળો હોય છે' એ પ્રમાણે હેતુ દર્શાવ્યો છે. આવું કેમ? વળી આગળ પણ મધ્યમજીવને ખુદને જ બાળની અપેક્ષાએ મધ્યમ આચારવાળો અને ઉત્તમજીવને ઉત્તમ આચારવાળો કહ્યો છે. તો 'બાળ' વગેરેનો ભેદ પડવામાં તેઓના પોતાના આચારની મુખ્યતા છે કે સામી વ્યક્તિમાં તેઓ શેને પ્રાધાન્ય આપે છે એની મુખ્યતા છે? આવા સંભવિત પ્રશ્નનો ઉત્તર આવો લાગે છે કે ઉપદેશ આપવા માટે સામા જીવની કક્ષાની જાણકારી જે મેળવવાની હોય છે એમાં તો 'માત્ર લિંગને = બાહ્ય દેખાવને જુએ તે બાળ' આવી જ વ્યાખ્યા મુખ્ય છે. પણ આવા જીવની દૃષ્ટિ = ભૂમિકા જ એવી હોય છે કે કોઇપણ ક્ષેત્રમાં એ હોય, એ વેશમાત્રને જ પ્રધાન કરતો હોય છે, પછી એ વેશને અનુરૂપ આચાર કેવા જોઇએ? એ બાબતની એને કોઇ કાળજી હોતી નથી, અને તેથી એ આચારમાં ઘણો શિથિલ બને છે, અસદ્ આચારવાળો બને છે. જેમકે એવો જીવ પોલીસ બને તો પણ પોલીસનો ડ્રેસ પહેરવાથી, હું

शास्त्रतत्त्वं परीक्षते स पंडितः, तत्त्वतस्तस्य मार्गानुसारितयोत्कृष्टाचारत्वात् ।।६।।

गृहत्यागादिकं लिंगं बाह्यं शुद्धिं विना वृथा।
न भेषजं विनाऽऽरोग्यं वैद्यवेषेण रोगिणः।।७।।

गृहेति। गृहत्यागादिकं बाह्यं = बहिर्वर्ति लिंगं शुद्धिं विना = अन्तस्तत्त्वविवेकमन्तरा वृथा = निरर्थकम्। न हि रोगिणो भेषजोपयोगं विना वैद्यवेषधारणमात्रेणारोग्यं भवति। अत एवैतत्परैरपि मिथ्याचार-

---

કંઇક સત્તાવાળો બન્યો, બીજો ગુનો આદરે તો એને અટકાવવાની-સજા કરવાની મને સત્તા મળી. એવો બધો એનો ખ્યાલ હશે, પણ હું પોલીસ છું તો મારે તો કોઇ જ ગુનાહિત પ્રવૃત્તિ ન કરાય, મારે તો બધા જ કાયદાઓનું પરિપૂર્ણ પાલન કરવું જોઇએ... તો જ આ વેશને હું વફાદાર કહેવાઉં... આવો એને કોઇ ખ્યાલ ન રહેવાથી, એ સ્વયં લાંચ લેવી-લોકોને ત્રાસ આપી-દબડાવી પૈસા પડાવવા વગેરે અસદ્ આચારમાં પડશે.

એમ કોઇ 'બાળ' જીવ, યાવત્ ચારિત્રજીવનનો સ્વીકાર કરે તો પણ, જો ગ્રહણ-આસેવનશિક્ષા દ્વારા એ આગળની મધ્યમ-પંડિત અવસ્થા ન પામે, તો એ વેશમાત્રને જ પ્રધાન કરનારો રહેવાથી, 'સંસારમાં હતા ત્યાં સુધી ખાડામાં હતા, હવે તો આપણો ઉદ્ધાર થઇ ગયો' આવો મિથ્યા સંતોષ માનનારો બને છે. 'ચારિત્ર લીધું એટલે કાંઇ કાર્ય પતી ગયું નથી, હવે તો સાધનાની શરુઆત થાય છે.' ઇત્યાદિ કોઇ વિચાર એને રહેતો ન હોવાથી આચાર પાલનનું તથા અતિચાર-અનાચાર વર્જનનું એને મહત્ત્વ રહેતું નથી. અને તેથી અનાદિકાલીન સંસ્કારવશાત્ એ વેશને અનનુરૂપ અનેક અસદ્ આચરણોમાં સરકી પડે છે

પણ જો એ જીવ મધ્યમ હોય કે બને તો, વેશમાત્રને પ્રધાન કરનારો રહેતો નથી, પણ 'મારું આચરણ કેવું છે?' એ જોનારો પણ બને છે. અને તેથી એ આચાર પાલનને મહત્ત્વ આપનારો બનવાથી અસદ્ આચારોથી બચી શકે છે. અને તેથી મધ્યમ આચારવાળો બને છે.

પ્રસ્તુતમાં, બાળ અને મધ્યમ જીવમાં ક્રમશઃ અસદ્ અને મધ્યમ આચાર હોવાની જે વાત કરી છે તે આવા અભિપ્રાયથી કરી હોય એમ લાગે છે, અથવા,

બાળ જીવ માત્ર વેશને જોનારો હોવાથી જે વેશધારીમાં અક્ષન્તવ્ય શિથિલાચાર હોય તેની પણ ત્યાગી તરીકે પૂજા કરે છે, અને એ દ્વારા એ વેશધારીના શિથિલાચારને પ્રોત્સાહન આપે છે, એને વધુ શિથિલ બનાવે છે, માટે આવાની પણ પૂજા એ બાળજીવનો અસદ્આચાર છે. મધ્યમજીવ આવા શિથિલાચારીને પૂજતો નથી અને તેથી શિથિલાચારને વધારવામાં નિમિત્ત બનતો નથી માટે એ મધ્યમ આચારવાળો છે. આવા અભિપ્રાયથી ઉક્ત વાત કરી હોય એવું પણ હોય શકે.

ચારિત્રમાર્ગમાં આવેલો કે રહેલો પંડિત જીવ ઉત્સર્ગ-અપવાદ... નિશ્ચય-વ્યવહાર વગેરેના સમન્વય પૂર્વક જે સિદ્ધાન્તનો ઐદંપર્યાર્થ છે કે 'જેમ જેમ રાગદ્વેષ શીઘ્ર વિલીન થતા જાય તેમ તેમ પ્રવર્તવું' એને મુખ્ય કરીને પ્રવર્તવાથી ઉત્તમ આચારવાળો હોય છે. એમ, એવા અન્ય ઉત્તમ આચારવાળાનો જ એ મુખ્યતયા પૂજક હોવાથી ઉત્તમ આચારને જ સમર્થન-પ્રોત્સાહન આપનારો હોવાના કારણે ઉત્તમ આચારવાળો છે. આવો અભિપ્રાય હોઇ શકે.] ॥૬॥ [લિંગમાં પણ પરિગ્રહત્યાગ વગેરે ધર્મ રહેલ છે, તેમજ એ પણ આદરણીય તો છે જ, તો એને પ્રધાન કરનાર જીવને 'બાળ' શા માટે કહો છો? એવી શંકાનું સમાધાન કરવા ગ્રન્થકાર કહે છે—]

[બાળ-મધ્યમના દર્શનમાં ન્યૂનતા]

આંતરિક વિવેક રૂપ શુદ્ધિ વિના બહારથી જે ગૃહત્યાગ આદિ કરવામાં આવે છે તે નિરર્થક ઠરે છે, રોગીના

फलमुच्यते, तल्लक्षणं चेदं - बाह्येन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् । इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ।। इति ।।७।।

गुरुदोषकृतां वृत्तमपि त्याज्यं लघुत्यजाम् ।
जाड्यत्यागाय पतनं ज्वलति ज्वलने यथा ।।८।।

गुर्विति । वृत्तं खलु असदारंभनिवृत्तिमदनुष्ठानं, तच्च कार्ये हेतूपचारेण यच्चारित्रमुच्यते तत्क्षायोपशमिकत्वाच्छुद्धमेव, यत्तु कीर्त्त्याद्यर्थं तद्वदाभासते तल्लघुत्यजामपि = सूक्ष्मदोषाकरणयत्नवतामपि गुरून् दोषान् प्रवचनोपघातकारिणः कुर्वन्ति ये तेषां संबन्धि त्याज्यम् । यथा जाड्यत्यागाय = अंगशैत्यापनयनाय ज्वलति ज्वलने पतनम् ।।८।।

પેટમાં દવા ગયા વિના માત્ર બાહ્ય વૈદ્યનો વેષધારણ કરી લેવાથી આરોગ્ય પ્રાપ્ત થતું નથી. ('હોસ્પીટલમાં દાખલ થઇને ત્યાંનો ડ્રેસ પહેરી લેવા માત્રથી નિરોગી બની જવાય' એવું માનનારો તો 'બાળ' જ કહેવાય ને!) માટે જ આંતરિક ભાવ વગરના આવા આચરણરૂપ લિંગને અન્યધર્મીઓ પણ મિથ્યાચારના ફળરૂપ કહે છે. મિથ્યાચારનું લક્ષણ આ પ્રમાણે જાણવું - 'જે વિમૂઢ આત્મા બહારથી ઇન્દ્રિયોને રુંધે છે અને અંદરમાં મનથી ઇન્દ્રિયના વિષયોને યાદ કરતો રહે છે તે મિથ્યાચાર કહેવાય છે.' [આગમમાં પણ ગુણનો અંશ પણ ન પામેલા જીવોને જે અનંતવાર દ્રવ્યચારિત્રની પ્રાપ્તિ કહી છે તે આવા જ તત્ત્વનિરપેક્ષ દ્રવ્યલિંગ રૂપ જાણવી.]।।૭।। [મધ્યમજીવો વૃત્તને જુએ છે એ કહ્યું હતું. સારું દેખાતું બધું વૃત્ત કાંઇ વાસ્તવમાં પ્રશસ્ત હોતું નથી એવું જણાવવા ગ્રન્થકાર કહે –]

હિંસા વગેરે પાંચ આશ્રવ રૂપ અસદ્ આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન એ વૃત્ત છે. એ વૃત્ત ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી થયેલ આંતરિક પરિણામ રૂપ ચારિત્રથી જો ઉત્પન્ન થયેલું હોય તો કાર્યમાં કારણનો ઉપચાર કરીને એને 'ચારિત્ર' કહે છે. એ ક્ષાયોપશમિક હોવાથી શુદ્ધ જ હોય છે. પણ એને સમાન જ ભાસતું એવું પણ જે વૃત્ત, આંતરિક ચારિત્ર પરિણામ વગર જ, કીર્ત્તિલાભ વગેરે માટે આચરવામાં આવે છે તે અપરિશુદ્ધ હોય છે. નાના દોષ લાગી ન જાય તે માટે પ્રયત્નશીલ એવા પણ જે જીવો પ્રવચનનો ઉપઘાત કરનારા મોટા દોષોને સેવે છે [તેમ સાધુ-શ્રાવક વગેરેની નિંદા કરે છે] તેવા જીવોનું સમાન દેખાતું એવું પણ વૃત્ત ત્યાજ્ય છે, (એટલે કે ધર્મનિર્ણાયક નથી.) જેમકે ઠંડીને દૂર કરવા માટે અગ્નિમાં જ કૂદી પડવાનું આચરણ ત્યાજ્ય છે. [અહીં કહેવાનો ભાવ એ છે કે વૃત્ત તો કીર્ત્યાદિ વગેરે માટે ચારિત્ર પાલનારનું પણ હોય છે, માટે એના ભરોસે ધર્મનો નિર્ણય કરવો એ પણ યોગ્ય નથી. આંતરિક પરિણામથી યુક્ત એવા સદ્વૃત્તથી ધર્મનો નિર્ણય થઇ શકે છે. પણ દેખવા મળતું વૃત્ત સદ્ છે કે અસદ્ એનો નિર્ણય બુધ-પંડિત જ કરી શકે છે. અને પંડિત તો શાસ્ત્રતત્ત્વને પણ જાણી શકતો હોઇ એનાથી જ ધર્મનો નિર્ણય શા માટે ન કરે? એટલે ધર્મના નિર્ણય માટે બાહ્યલિંગ પર ભરોસો રાખવો જેમ યોગ્ય નથી એમ વૃત્ત પર ભરોસો રાખવો પણ યોગ્ય નથી એ નક્કી થયું.]।।૮।। હવે પંડિત જેને જુએ છે તે શાસ્ત્રતત્ત્વને જણાવવા ગ્રન્થકાર કહે છે–]

[શાસ્ત્રતત્ત્વ]

જે ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય, વ્યવહાર વગેરેથી યુક્ત હોય, દૃષ્ટ અને ઇષ્ટથી અવિરુદ્ધ અર્થવાળું હોય તેમજ ઔદંપર્યની વિશુદ્ધિવાળું હોય એટલે કે તાત્પર્યથી શુદ્ધ હોય તે શાસ્ત્રતત્ત્વ = આગમતત્ત્વ છે. અને તેને એક માત્ર પંડિતો જ જાણી શકે છે. આમાં દૃષ્ટ એટલે પ્રત્યક્ષ અને અનુમાનથી જાણેલા અર્થો તથા ઇષ્ટ એટલે

शास्त्रतत्त्वं बुधज्ञेयमुत्सर्गादिसमन्वितम्।
तद् दृष्टेष्टाविरुद्धार्थमैदंपर्यविशुद्धिमत्।।९।।

शास्त्रेति। शास्त्रतत्त्वं बुधज्ञेयं = पंडितैकगम्यम्, उत्सर्गादिसमन्वितं, आदिनाऽपवादनिश्चयव्यवहारादिग्रहः। तद् दृष्टेष्टाभ्यां = प्रत्यक्षादिनाऽऽगमान्तरेण चाऽविरुद्धार्थं, तथा ऐदंपर्यविशुद्धिमत् = तात्पर्यतः शुद्धम्।।९।।

श्रुतचिन्तोत्तरोत्पन्नभावनाभाव्यमस्त्यदः।
श्रुतं सर्वानुगाद्वाक्यात्प्रमाणनयवर्जितात्।।१०।।

श्रुतेति। श्रुतचिन्ताभ्यामुत्तरोत्पन्ना या भावना तया भाव्यं सुग्रहतात्पर्यकमदः = शास्त्रतत्त्वमस्ति। तत्र श्रुतं सर्वानुगात् = सर्वशास्त्राविरोधिनिर्णीतार्थात् वाक्यात् प्रमाणनयवर्जितात् = प्रमाणनयाधिगमरहितात्, पदार्थमात्रावग्रहोत्तरस्य वाक्यार्थस्य कथंभावाकांक्षागर्भत्वेनेहारूपत्वात्, प्रमाणनयाधिगमयोश्च कृत्स्नैकदेशापायरूपत्वात्।।१०।।

स्वकीय જ આગમાન્તરથી જાણેલા અર્થો. આ બન્નેનો વિરોધ ન થાય એવા અર્થોનું પ્રતિપાદક શાસ્ત્ર જોઇએ. [જેમાં ઉત્સર્ગ-અપવાદ પ્રતિપાદક ઘણાં સૂત્રો મળે છે; 'આત્મા છે, પરિણામી છે, વિચિત્ર એવા પારમાર્થિક કર્મથી બંધાયેલો છે, તે મુક્ત થાય છે' આવું બધું દૃષ્ટેષ્ટ અવિરુદ્ધ અર્થનું પ્રતિપાદન છે; તેમજ ઉપલક દૃષ્ટિએ વિરુદ્ધ ભાસતા પદાર્થોમાં પણ સર્વજ્ઞની આજ્ઞા જ પ્રમાણ છે આવી ઐદંપર્યશુદ્ધિ જેમાં મળે છે તે આગમતત્ત્વ છે.]॥૯॥ [શાસ્ત્રતત્ત્વ અંગે જ કંઇક વધુ કહે છે—]

શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાન વડે ઉત્તરકાળે ભાવનાજ્ઞાન ઉત્પન્ન થાય છે. શાસ્ત્રતત્ત્વ આ ભાવનાજ્ઞાનથી ભાવવા યોગ્ય હોય છે. એટલે કે એનાથી એનું તાત્પર્ય સુગૃહીત થાય છે. આ શ્રુત, ચિન્તા અને ભાવના જ્ઞાનની ક્રમશઃ પ્રરૂપણા કરવા સૌ પ્રથમ શ્રુતજ્ઞાનને ગ્રન્થકાર ઉત્તરાર્ધમાં જણાવે છે. સર્વશાસ્ત્રો સાથે આના યથાશ્રુત અર્થને કોઇ વિરોધ નથી એવો જેના અર્થ માટે નિર્ણય થયો છે તેવા વાક્યના પ્રમાણ અને નયના બોધ શૂન્ય અર્થ માત્રનો જે બોધ થાય છે એ શ્રુતજ્ઞાન છે. આવું જ્ઞાન કરનારા જીવને એવા પ્રકારનો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ જ હોતો નથી કે જેથી પ્રસ્તુત વાક્યના પોતે સમજેલા અર્થથી વિરુદ્ધ એવા પ્રત્યક્ષ કે અનુમાન દ્વારા દૃષ્ટપદાર્થ કે અન્ય શાસ્ત્રવચન દ્વારા ઇષ્ટપદાર્થની ઉપસ્થિતિ થાય. એટલે પોતે સમજેલ અર્થ એને સકલશાસ્ત્રઅવિરોધી લાગે છે. આ કારણે અહીં 'સર્વશાસ્ત્રાવિરોધિનિર્ણીતાર્થ' એવું વિશેષણ વાપર્યું છે. વળી આવા કંઇક વિરોધી ભાસતા અન્ય વાક્યાર્થ વગેરે એને ઉપસ્થિત ન હોવાથી એવા જીવને 'આવું કેમ કહ્યું હશે?' એ રીતે 'કથંભાવ' ની આકાંક્ષાગર્ભિત હોઇ ઇહામય એવો વાક્યાર્થ (પદાર્થાદિ ૪ માંનું બીજું અંગ) પણ થતો નથી તો પ્રમાણ કે નય રૂપ બોધ તો શી રીતે થાય? કેમકે પ્રમાણ અને નય તો પદાર્થ માત્રના અવગ્રહ પછી આવી ઇહા થવા ઉપર જે સંપૂર્ણ કે એકદેશીય અપાય = નિર્ણય થાય તદ્રૂપ છે. માટે 'પ્રમાણનયવર્જિત' એવું વિશેષણ જોડ્યું છે. ॥૧૦॥ [શ્રુતજ્ઞાનની જ અન્ય વિશેષતા દેખાડવા ગ્રન્થકાર કહે છે—]

[શ્રુતજ્ઞાનની વિશેષતા]

૧૦ માં શ્લોકમાં રહેલા પંચમી વિભક્ત્યન્ત 'वाक्यात्' શબ્દ સાથે 'उत्पन्नं' શબ્દનો અન્વય જાણવો. એમ ૧૩ માં શ્લોકમાં રહેલ 'ज्ञानं' શબ્દનો પણ અહીં અન્વય જાણવો. કોઠારમાં રહેલ અવિનષ્ટ બીજ જેવું આ

उत्पन्नमविनष्टं च बीजं कोष्ठगतं यथा।
परस्परविभिन्नोक्तपदार्थविषयं तु न।।११।।

उत्पन्नमिति। उत्पन्नमित्यत्र प्राक्तनपंचम्यन्तस्यान्वयः, ज्ञानमिति व्यवहितोत्तरश्लोकस्थमत्रानुषज्यते।

શ્રુતજ્ઞાન હોય છે. [કોઠારમાં રહેલા અવિનષ્ટ બીજમાંથી અંકુરો વગેરેની પ્રાપ્તિ થતી નથી, તેમ છતાં અંકુરા વગેરેની પ્રાપ્તિની યોગ્યતા રહી હોય છે, કેમકે અવિનષ્ટ છે, માત્ર એવી યોગ્ય સામગ્રી મળવી જોઇએ. એમ આ શ્રુતજ્ઞાનમાં ચિન્તા-ભાવના જ્ઞાનસંબંધી બોધ પ્રાપ્ત થતા નથી, તેમ છતાં મિથ્યા અભિનિવેશથી મુક્ત હોઇ એ બોધની યોગ્યતા રહી હોય છે, માત્ર એ માટે યોગ્ય પ્રજ્ઞાપક વગેરેની સામગ્રી જોઇએ. પોતે જેવો અર્થ કર્યો હોય તેનો મિથ્યાઅભિનિવેશ જો થઇ જાય તો એનું જ્ઞાન 'શ્રુતજ્ઞાન' નથી રહેતું, મિથ્યાજ્ઞાન થઇ જાય છે, એ વિનષ્ટબીજ સમાન જાણવું.] વળી આ શ્રુતજ્ઞાન પરસ્પર જે પદાર્થ વિભિન્ન કહ્યા હોય છે તેના વિષયનું હોતું નથી, કેમકે એ સંદેહરૂપ હોઇ અજ્ઞાન છે. આમ અહીં પરસ્પર વિભિન્નોક્ત પદાર્થ વિષયનો વ્યવચ્છેદ કર્યો છે. આના સ્થાને કેટલાક વિદ્વાનો વાચ્યાર્થમાત્ર વિષયનો વ્યવચ્છેદ હોવો કહે છે. તેઓએ આ વ્યવચ્છેદ, પદાર્થ-વાક્યાર્થ-મહાકાવ્યાર્થ-ઐદંપર્યાર્થ બોધ રૂપે થતા એક દીર્ઘ ઉપયોગમાં સંકળાયેલા પદાર્થ (પદથી વાચ્યાર્થ) બોધનો ન માનવો જોઇએ, કેમકે શ્રુતજ્ઞાનમાં એવો બોધ હોય છે એવું **ઉપદેશપદમાં** કહ્યું છે. પણ, આવા દીર્ઘ ઉપયોગમાં નહીં સંકળાયેલ (સંકળાવવાની યોગ્યતા પણ નહીં ધરાવનાર), વાચ્યાર્થ (= પદાર્થ) માત્ર વિષયના બોધનો અહીં વ્યવચ્છેદ જાણવો. અથવા તો ત્યાં સ્વતન્ત્ર સંજ્ઞાનો વ્યવચ્છેદ જ ઇષ્ટ છે એમ માનવું જેથી કોઇ દોષ નથી.

આશય એ છે કે વ્યાખ્યા વિનાનું કેવલ સૂત્ર મૂક છે, મૂંગા માણસની જેમ તે અંગુલીનિર્દેશાદિ સૂચન માત્ર કરી શકે છે. પણ અર્થની થતી વ્યાખ્યા જીભ સમાન છે. એટલે કે વ્યાખ્યા ગ્રન્થ જિજ્ઞાસુઓને સ્પષ્ટ અર્થબોધ કરાવે છે. સ્પષ્ટ અર્થબોધ માટે આવશ્યક વિસ્તૃત પ્રતિપાદન કરનાર વાક્ય સમૂહો એ વ્યાખ્યા છે, એ જ શબ્દારૂઢ થયેલો અર્થ છે. આ અર્થ = સૂત્રની વ્યાખ્યા કરનારા વાક્ય સમૂહો ચાર પ્રકારના છે. પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ ને ઐદંપર્યાર્થ. શબ્દો સાંભળવા માત્રથી જે યથાશ્રુત સામાન્ય અર્થ ભાસે છે તેનું પ્રતિપાદક વચન એ પદાર્થ છે. જેમકે 'हंतव्वा नो भूआ सव्वे' આ સૂત્રના યથાશ્રુત અર્થનું પ્રતિપાદન કરનાર (૧) 'જેનાથી કોઇપણ જીવને પીડા પહોંચે એવી મન-વચન કે કાયાથી કોઇપણ પ્રવૃત્તિ કરવી નહીં' આવું વ્યાખ્યા વાક્ય એ પદાર્થ છે. (૨) આટલી વ્યાખ્યા કરવા પર વ્યુત્પન્ન શ્રોતાને સ્વયં શંકા પડે છે અથવા વ્યાખ્યાતા સ્વયં તે શંકાને વ્યક્ત કરતું વ્યાખ્યા વાક્ય કહે છે - જો કોઇપણ જીવને પીડા પહોંચે એવી પ્રવૃત્તિ નિષિદ્ધ છે, તો શ્રાવકોએ જિનમંદિરનું નિર્માણ શી રીતે કરાવી શકાય? (અર્થાત્ કરાવી શકાય નહીં), કારણકે એમાં તો ઘણા ત્રસ-સ્થાવર જીવોને પીડા પહોંચે જ છે – આવું વાક્ય એ જ વાક્યાર્થ છે. આને જ 'ચાલના' **પણ કહે છે.** (૩) આ સંદેહનું સમાધાન કરવા માટે વ્યાખ્યાતા જે કહે તે મહાવાક્યાર્થ - (પ્રત્યવસ્થાન) છે. અર્થાત્ **'અવિધિથી** જિનાલય વગેરે કરાવવા એ દોષરૂપ છે, માટે વિધિતત્પર બનવું. 'हंतव्वा नो भूआ सव्वे' વગેરે વાક્યમાં જે **નિષેધ છે** તે અવિધિકૃત હિંસાનો નિષેધ છે. – સંયમરક્ષાર્થે નદી ઉતરવી વગેરે વિહિત પ્રવૃત્તિ સિવાયની પ્રવૃત્તિમાં થતી હિંસાનો નિષેધ છે. વળી આ વિહિત પ્રવૃત્તિ વખતે પણ, एगं पायं जले किच्चा... વગેરે શાસ્ત્રદર્શિત વિધિના પાલન દ્વારા, શક્ય પરિહારવાળી પરપીડાનો પરિહાર તો કરવાનો જ હોય છે. આ રીતે આ અંશમાં પરપીડાપરિહાર જણાવનાર સૂત્ર પણ અનુસરાતું હોવાથી વિધિતત્પર અવશ્ય બનવું જોઇએ.' ઇત્યાદિ વચનપ્રયોગો એ મહાવાક્યાર્થ છે. (૪) મહાવાક્યાર્થ રૂપે સમાધાન આપવા છતાં, શંકા રહ્યા કરે કે ભલે ને જિનમંદિરનાં નિર્માણાદિ શ્રાવકો

एवमग्रेऽपि। अविनष्टं च यथा कोष्ठगतं वीजं, परस्परविभिन्नोक्ता ये पदार्थास्तद्विषयं तु न, तस्य संदेहरूपत्वात्। यैस्तु वाच्या(क्या)र्थमात्रविषयस्यात्र व्यवच्छेद उच्यते, तैर्विशकलितस्यैवायमेष्टव्यः, न तु

માટે, ને લોચકરણ-નદી ઉત્તરણ વગેરે સાધુઓ માટે વિહિત હોય, પણ એટલા માત્રથી કાંઇ એમાં થનારી પીડા વગેરે થોડાં ટળી જાય છે? ને જો બીજા જીવોને પીડા વગેરે થાય તો અન્ય વેપાર વગેરે પ્રવૃત્તિની જેમ આ પ્રવૃત્તિથી પણ આત્માને તો નુકશાન જ થાય ને? એ અધર્મ જ બની જાય ને? આવી કોઇ જ શંકા ન રહે એ માટે તે તે સૂત્રોનું ઐદંપર્ય = તાત્પર્ય જણાવનાર વચન પ્રયોગ જે કરવામાં આવે કે 'जिनाज्ञा धर्मे सारः' ધર્મમાં સારભૂત – મહત્ત્વ ધરાવતી કોઇ બાબત હોય તો એ જિનાજ્ઞા છે.' આવું વાક્ય એ ઐદંપર્યાર્થ છે. અર્થાત્ – કોઇપણ પ્રવૃત્તિ ધર્મરૂપ બને (અને તેથી કર્તવ્ય બને) કે અધર્મરૂપ બને (અને તેથી અકર્તવ્ય-નિષિદ્ધ બને) એમાં અહિંસા કે હિંસા એ મહત્ત્વનું પરિબળ નથી પણ જિનાજ્ઞા હોવી કે ન હોવી એ મહત્ત્વનું પરિબળ છે. એટલે કે જેમાં હિંસા થતી હોય તે અધર્મ (ત્યાજ્ય) અને જેમાં અહિંસા હોય તે ધર્મ (કર્તવ્ય) એવું રહસ્ય નથી, પણ, જેમાં જિનાજ્ઞા ભળેલી હોય તે કર્તવ્ય (લાભકર્તા) ને જેમાં જિનાજ્ઞા ભળેલી ન હોય તે ત્યાજ્ય (નુકશાન કર્તા) આવું રહસ્ય છે. આવું બધું જણાવનાર વાક્યપ્રયોગ એ ઐદંપર્યાર્થ-તાત્પર્યાર્થ છે. इदं एव परं (= प्रधानं) કે तदेव परं (= प्रधानं) આ રીતે इदंपरं–तत्परं શબ્દ બની તેના પરથી ઐદંપર્ય-તાત્પર્ય શબ્દો બન્યા છે. વક્તાના અભિપ્રાયમાં જે પ્રધાન (= મુખ્ય) હોય તે ઐદંપર્ય = તાત્પર્ય કહેવાય છે. તેને જણાવનાર વાક્ય ઐદંપર્યાર્થ છે. આ પદાર્થ-વાક્યાર્થ વગેરે ચાર ભેદમાં ક્રમિક ઉત્પાદ રૂપ પરસ્પર અપેક્ષા હોય છે. તેથી પરસ્પર સાપેક્ષભાવે પદાર્થાદિ ચારે નો બોધ ઉદ્ભવે ત્યારે જ બોધ સૂત્રના પરિપૂર્ણ બોધ રૂપ બને છે. આ પરિપૂર્ણ અર્થબોધ અવયવીની જેમ એક દીર્ઘઉપયોગ સ્વરૂપ છે ને એમાં પદાર્થાદિ ચારે અવયવની જેમ સંકળાયેલા હોય છે.

સૂત્રની વ્યાખ્યા સ્વરૂપ આ ચાર વાક્યોમાંથી પ્રથમ પદાર્થવાક્યથી જે બોધ થાય તે શ્રુત-ચિન્તા અને ભાવનાજ્ઞાન એ ત્રણમાંનું પ્રથમ શ્રુતજ્ઞાન છે. 'જિનમંદિરનિર્માણાદિમાં પરપીડાપરિહાર શક્ય નથી (ને છતાં એનું પણ ગ્રન્થોમાં વિધાન તો મળે જ છે) તો જિનમંદિરનિર્માણને કર્તવ્ય શી રીતે માનવું? વગેરે ઉપસ્થિતિ વાક્યાર્થબોધકાળે હોય છે, પણ પદાર્થવાક્યથી શ્રુતજ્ઞાન થતી વખતે હોતી નથી... તેથી પદાર્થ વાક્યમાં કોઇપણ શાસ્ત્રવચનનો વિરોધ હોવાની કલ્પનામાત્ર પણ હોતી નથી. તેથી એ વાક્યને 'सर्वशास्त्रअविरोधिनिर्णीतार्थ' તરીકે કહ્યું છે.

'एगे आया' આ સૂત્રનો યથાશ્રુતાર્થ 'એક આત્મા છે' આટલો બોધ થાય એ શ્રુતજ્ઞાન છે. પણ આ બોધ થતી વખતે 'જો એક જ આત્મા હોય તો કોઇનો પણ મોક્ષ શી રીતે સંભવે?' વગેરે કશું ઉપસ્થિત હોતું નથી, ને તેથી, 'આ વાત **संग्रहनयनी अपेक्षाએ** કહી છે' વગેરે સમાધાનરૂપ મહાવાક્યાર્થ પણ હોતો નથી. આમ, શ્રુતજ્ઞાનમાં નયબોધ **હોતો નથી.** એ જ રીતે પ્રમાણ બોધ પણ હોતો નથી. તેથી શ્રુતજ્ઞાન કરાવનાર પદાર્થવાક્યને **'प्रमाणनयवर्जित'** કહ્યું છે.

પણ છતાં, આ પદાર્થવાક્યથી થતું શ્રુતજ્ઞાન ક્રમશઃ વાક્યાર્થ વગેરેનો બોધ કરાવીને સૂત્રનો પરિપૂર્ણ અર્થબોધ કરાવવાનું કારણ બની પણ શકે છે. માટે એને ઉત્પન્ન અને કોષ્ઠગત અવિનષ્ટ બીજ તરીકે કહ્યું છે.

'हंतव्वा नो भूआ सव्वे' આ સૂત્ર પરથી થતો 'કોઇ પણ જીવને પીડા થાય એવી પ્રવૃત્તિ કરવી નહીં' આવો બોધ એ શ્રુતજ્ઞાન છે. આ સામાન્ય અર્થની સાથે વિરોધ ધરાવનાર, 'શ્રાવકે જિનમંદિરનું નિર્માણ કરવું જોઇએ'

दीर्घैकोपयोगानुस्यूतस्य पदवाक्यमहावाक्यैदंपर्यार्थमूर्त्तिकस्य, तस्योपदेशपदप्रसिद्धत्वादिति ध्येयम्। यद्वा तत्र स्वतन्त्रसंज्ञाव्यवच्छेद एवेष्यते इति न दोषः।।११।।

महावाक्यार्थजं सूक्ष्मयुक्त्या स्याद्वादसंगतम्।
चिन्तामयं विसर्पि स्यात्तैलबिन्दुरिवांभसि।।१२।।

महेति। महावाक्यार्थेन = वस्त्वाकांक्षारूपेण जनितं सूक्ष्मया = सूक्ष्मबुद्धिगम्यया युक्त्या स्याद्वादेन =

આવા પદાર્થ વિષયક બોધ, આ શ્રુતજ્ઞાનમાં સાથે સાથે ભળેલો હોતો નથી. અર્થાત્ પરપીડા પરિહાર અને જિનમંદિર નિર્માણ... આ બે વિભિન્નોક્ત પદાર્થો છે. આ બન્નેનો ભાસ કરાવે એવું સમૂહાલંબનજ્ઞાન સ્વરૂપે શ્રુતજ્ઞાન થતું નથી, કેમકે એમાં તો પરપીડાજનક પ્રવૃત્તિનો ત્યાગ ને કર્તવ્યતા બન્ને ભાસવાથી એ સંદેહરૂપ બની જાય... એટલે 'હંતવ્વા...' વગેરે સૂત્ર પરથી થતું શ્રુતજ્ઞાન એનાથી વિભિન્નોક્ત જિનમંદિર નિર્માણાદિ પદાર્થ વિષયક હોતું નથી. એમ જિનમંદિર નિર્માણાદિ વિષયક સૂત્ર પરથી જે શ્રુતજ્ઞાન થાય એ, એના માટે વિભિન્નોક્ત જે પરપીડાપરિહારાદિ પદાર્થ, તદ્વિષયક હોતું નથી. આમ કોઇપણ સૂત્ર પરથી થનારું શ્રુતજ્ઞાન, સ્વવિભિન્નોક્ત પદાર્થ વિષયક હોતું નથી, માટે અહીં 'परस्परविभिन्नोक्तपदार्थविषयं तु न' એમ કહ્યું છે. એટલે કે આવા વિભિન્ન પદાર્થ વિષયક બોધ શ્રુતમય જ્ઞાનમાં હોતો નથી.

અન્ય વિદ્વાનો કહે છે કે શ્રુતમયજ્ઞાનમાં પદાર્થ = પદનો અર્થ = વાચ્યાર્થ માત્ર વિષયક બોધનો વ્યવચ્છેદ હોય છે. ગ્રન્થકારનું કહેવું એવું છે કે અન્યવિદ્વાનો આ જે વ્યવચ્છેદ કરે છે તે વાક્યાર્થાદિથી સાવ નિરપેક્ષપણે (યોગ્યતા રૂપે પણ અપેક્ષા નહીં - અને તેથી જ પોતે કરેલા અર્થના અભિનિવેશવાળો) છૂટોછવાયો જે વાચ્યાર્થબોધ થાય છે તેનો શ્રુતમય જ્ઞાનમાં વ્યવચ્છેદ જાણવો જોઇએ. પણ દીર્ઘ એક ઉપયોગ રૂપે થતા પદાર્થ બોધ (વાચ્યાર્થબોધ), વાક્યાર્થબોધ, મહાવાક્યાર્થબોધ ને ઐદંપર્યાર્થબોધમાં સંકળાયેલા (કે અભિનિવેશશૂન્ય હોવાના કારણે સંકળાવાની યોગ્યતા ધરાવનારા) પદાર્થબોધનો વ્યવચ્છેદ માનવો નહીં. કારણકે આવો બોધ શ્રુતમયજ્ઞાનમાં હોય છે એમ ઉપદેશપદમાં જણાવ્યું છે. અથવા તો ત્યાં સ્વતંત્રપ્રસિદ્ધ સંજ્ઞાનો જ વ્યવચ્છેદ માનવો એટલે કે એ પણ શ્રુતજ્ઞાન સ્વરૂપ હોવા છતાં, જૈન શાસ્ત્રોમાં શ્રુત-ચિન્તા-ભાવનામયજ્ઞાન એવી જે સંજ્ઞાઓ છે એમાંની 'શ્રુતમયજ્ઞાન' ની સંજ્ઞાનો જ-તેનો વ્યવહાર ન કરવારૂપે આવા છૂટા બોધમાં વ્યવચ્છેદ માનવો. તેથી કોઇ દોષ રહેતો નથી.॥૧૧॥

[ચિન્તામય જ્ઞાનનું પ્રતિપાદન કરવા ગ્રન્થકાર કહે છે—]

એક અભિપ્રાયના બોધરૂપ પદાર્થ પર તદ્વિષયક અન્ય અભિપ્રાયો ઉપસ્થિત થવાથી ચાલના(શંકા) રૂપ વાક્યાર્થ થાય છે. તથાવિધ ક્ષયોપશમના પ્રભાવે એના સમાધાન રૂપે અન્ય અભિપ્રાયોનો પણ જેમાં સમાવેશ હોય તેવો મહાવાક્યાર્થ થાય છે. આમ આમાં પદાર્થદૃષ્ટ (= પદના અર્થ માત્રથી જ્ઞાત) ધર્મ સિવાયના વસ્તુના અન્યપણ સર્વધર્મો આક્ષિપ્ત હોય છે. [આમ મહાવાક્યાર્થ માટે શબ્દથી સાક્ષાદ્ ઉક્ત વસ્તુસ્વરૂપની તો ખરી જ, પણ એ સિવાયના વસ્તુ સ્વરૂપની પણ આકાંક્ષા આવશ્યક છે. એટલે કે સંપૂર્ણ વસ્તુસ્વરૂપની આકાંક્ષા જોઇએ. માટે અહીં મહાવાક્યાર્થને વસ્તુઆકાંક્ષારૂપ કહેલ છે.] એટલે મહાવાક્યાર્થ રૂપ બોધ આક્ષિપ્ત ઇતર સર્વ ધર્માત્મક વસ્તુના પ્રતિપાદક અનેકાન્તવાદની વ્યુત્પત્તિવાળો હોય છે. આવા મહાવાક્યાર્થથી જન્ય તેમજ સર્વ પ્રમાણ-નયગર્ભિત અવિસંવાદિની સૂક્ષ્મબુદ્ધિગમ્ય યુક્તિઓની વિચારણાઓથી યુક્ત અને સપ્તભંગીમય સ્યાદ્વાદથી સંકળાયેલું એવું ચિન્તામય જ્ઞાન હોય છે જે પાણીમાં તેલનું ટીપું જેમ વિસ્તાર પામવાના સ્વભાવવાળું

सप्तभङ्ग्यात्मकेन संगतं ज्ञानमम्भसि तैलविन्दुरिव विसर्पि = प्रवर्धमानं चिन्तामयं स्यात्।।१२।।

सर्वत्राज्ञापुरस्कारि ज्ञानं स्याद्भावनामयम्।
अशुद्धजात्यरत्नाभासमं तात्पर्यवृत्तितः।।१३।।

सर्वत्रेति। सर्वत्र = महावाक्यनिर्णीतेऽर्थे विपक्षशङ्कानिरासदार्ढ्यायाज्ञापुरस्कारि = भगवदाज्ञाप्राधान्द्योतकं तात्पर्यवृत्तितो जायमानं ज्ञानं भावनामयं स्यात्। अशुद्धजात्यरत्नस्य = स्वभावत एवान्यजीवरत्नेभ्योऽधिकज्ञानदीप्तिस्वभावस्य भव्यरूपस्याभासमं = कान्तितुल्यम्। एकस्य वाक्यस्य कथं श्रुतादयो

હોય છે તેમ [ઉત્તરોત્તર જેમ જેમ ચિન્તન કરવામાં આવે તેમ તેમ] વિસ્તાર પામવાવાળું હોય છે. સૂક્ષ્મબુદ્ધિગમ્ય વિચારણાઓથી યુક્ત હોવાથી, 'ઘટોઽસ્તિ' આટલું શ્રવણ થવા પર તરત વિચાર આવે છે કે 'ઘડો છે તો શું સર્વથા છે? પર સ્વરૂપે પણ એ વિદ્યમાન છે?' વગેરે...ને તરત સ્વક્ષયોપશમના પ્રભાવે 'ઘડો સ્વસ્વરૂપે સત્ છે - પરસ્વરૂપે અસત્ છે...વગેરે...' ખ્યાલ આવે છે. એટલે કે 'સ્યાદસ્ત્યેવ'.. 'સ્યાન્નાસ્ત્યેવ...' વગેરે સ્વરૂપ સપ્તભંગી એના બોધમાં સ્ફુરે છે. [સપ્તભંગીના એક એક ભંગ સ્યાત્ પદ લાંછિત હોવાથી અહીં 'સ્યાદ્વાદ' શબ્દના વિવરણ તરીકે 'સપ્તભંગ્યાત્મક' કહેલ છે.] તેથી મહાવાક્યાર્થજન્ય ચિન્તાજ્ઞાન સપ્તભંગીમય સ્યાદ્વાદથી યુક્ત હોય છે એમ અહીં જણાવ્યું છે.॥૧૨॥ [હવે ત્રીજા **ભાવનામય** જ્ઞાનનું પ્રતિપાદન કરવા ગ્રન્થકાર કહે છે—]

મહાવાક્યથી જે અર્થનો જેવો નિર્ણય થાય છે તેનાથી ભિન્ન વિવક્ષા હશે તો? તેવી વિપરીત અર્થની શંકાનું દૃઢ નિરાકરણ કરવા માટે, 'ભગવાન્ની આજ્ઞા જ સર્વત્ર મુખ્ય છે' એવું જિનાજ્ઞાના પ્રાધાન્યનું સૂચક તેમજ તાત્પર્યવૃત્તિને વિષય કરનારું જ્ઞાન એ ભાવનામયજ્ઞાન જાણવું. [જેમકે, મહાવાક્યાર્થથી બોધમાં નિર્ણય થયો કે 'न हिंस्याद् सर्व भूतानि...' એવા વાક્યથી અવિધિકૃત હિંસાનો જ નિષેધ છે, જિનમંદિર વગેરે સંબંધી વિધિહિંસા જિનોપદિષ્ટ હોવાથી એ, નિષેધનો વિષય નથી. આના પર પણ જો કોઇને શંકા થાય કે 'ભલે ને જિનભવન વગેરે સંબંધી એ હિંસા જિનોપદિષ્ટ હોય, પણ એટલા માત્રથી એમાં મરતા જીવોની પીડા થોડી દૂર થઇ જાય છે? માટે એ હિંસાથી પણ અધર્મ થતો હશે તો?' આવી શંકાનું નિર્મૂળ ઉન્મૂલન કરવા માટે 'કોઇપણ અનુષ્ઠાન ધર્મરૂપ બને છે કે અધર્મરૂપ એમાં જિનાજ્ઞા જ મુખ્ય આધાર છે. આવા તાત્પર્યને વિષય કરનારું જ્ઞાન એ ભાવનાજ્ઞાન છે. જિનભવન વગેરે પણ, એમાં દ્રવ્યહિંસા હોવા છતાં જિનાજ્ઞા રહી હોવાથી ધર્મરૂપ જ છે.] જેમ અશુદ્ધ એવા પણ જાત્યરત્નની તથાસ્વભાવે જ અન્ય રત્નો કરતાં અધિક દીપ્તિ હોય છે તેમ શેષ જીવરત્નો કરતાં સ્વભાવે જ અધિક દીપ્તિસ્વભાવવાળા ભવ્યજીવની કાન્તિ સમાન આ ભાવનાજ્ઞાન હોય છે. [એટલે કે આ જ્ઞાન અન્યજ્ઞાનો કરતાં અધિક પ્રકાશ ફેલાવનારું હોય છે. આ જ્ઞાનથી જણાય છે કે જ્ઞાન અને જ્ઞાનપૂર્વકની ક્રિયા જ શીઘ્ર મોક્ષદાયક બને છે.] એક જ વાક્યના શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન વગેરે વ્યાપારો શી રીતે થાય? એવી જો નૈયાયિક શંકા કરે તો એને એવો જવાબ આપવો કે જેમ તમારા મતે સવિકલ્પક જ્ઞાનની ઉત્પત્તિ માટે ઇન્દ્રિયના સંનિકર્ષ વગેરે વ્યાપારો થાય છે તેમ પ્રસ્તુતમાં સમજવું. નૈયાયિકની પ્રક્રિયા આવી છે - 'अयं घटः' એવું સવિકલ્પ જ્ઞાન કે જેમાં ઘટત્વ વિશેષણ છે અને અયં (ઘડો)વિશેષ્ય છે, તે ઉત્પન્ન થવા માટે પૂર્વક્ષણે ઘટત્વ અને ઘટનું વિશેષણ-વિશેષ્યભાવશૂન્ય એવું નિર્વિકલ્પક પ્રત્યક્ષ થવું જોઇએ. આ નિર્વિકલ્પક પ્રત્યક્ષ થવા માટે આંખનો ઘટ સાથે સ્વસંયુક્તત્વ (= સંયોગ) સન્નિકર્ષ અને ઘટત્વ સાથે સ્વસંયુક્તસમવાય સન્નિકર્ષ નૈયાયિકે આવશ્યક માનેલો છે. આમ એક જ ઇન્દ્રિયના જેમ સંયોગ, સ્વસંયુક્તસમવાય... એમ જુદા

व्यापाराः? इति परप्रत्यवस्थाने तु यथेन्द्रियस्य तव सविकल्पके जननीये सन्निकर्षादय इत्युत्तरमधिकमुपदेश-रहस्ये विपंचितमस्माभिः।।१३।।

आद्येऽविरुद्धार्थतया मनाक् स्याद्दर्शनग्रहः।
द्वितीये बुद्धिमाध्यस्थ्यचिन्तायोगात्कदापि न।।१४।।

आद्यइति। आद्ये = श्रुतमये ज्ञाने सति मनाक् = ईषदविरुद्धार्थतया स्वाभिमतस्य दर्शनग्रहो भवति 'अस्मदीयं दर्शनं शोभनं नान्यद्' इत्येवंरूपः। द्वितीये = चिन्तामये ज्ञाने सति बुद्धेर्नयप्रमाणाधिगमरूपाया माध्यस्थ्येन स्वपरतंत्रोक्तस्य न्यायबलायातस्यार्थस्य समर्थनसामर्थ्याविशेषरूपेण चिन्तायोगात् कदापि न स्याद्दर्शनग्रहः। अत एवान्यत्राप्यविसंवादिनोऽर्थस्य दृष्टिवादमूलकत्वात्तन्निराकरणे दृष्टिवादस्यैव तत्त्वतो

જુદા સન્નિકર્ષ (= ઇન્દ્રિયના વ્યાપાર) તમે માનેલા છે એમ પ્રસ્તુતમાં એક જ વાક્યના શ્રુતજ્ઞાન વગેરે વ્યાપારો સમજવા. અથવા, એક જ ઇન્દ્રિયના, વિષય સાથે સન્નિકર્ષ– મન સાથે સંયોગ વગેરે થાય છે એમ પ્રસ્તુતમાં જાણવું.

આ પદાર્થ વગેરે સંબંધી વિશેષ વિચારણા અમે **ઉપદેશરહસ્યગ્રન્થમાં** કરી છે.॥૧૩॥

[શ્રુતજ્ઞાનાદિનું ફળ]

[આ શ્રુતજ્ઞાન વગેરેની વિદ્યમાનતમાં શું થાય છે તે ગ્રન્થકાર જણાવે છે–]

જેને આદ્ય = શ્રુતમયજ્ઞાન થાય છે તેને સ્વઅભિમત અર્થથી વિરુદ્ધ કોઇ અર્થની ઉપસ્થિતિ ન હોવાથી પોતે સમજેલો અર્થ જ સર્વથા અવિરુદ્ધપણે સત્ય લાગે છે. તેથી પોતાની એ માન્યતા રૂપ દર્શનનો એને 'અમારું દર્શન સુંદર છે, અન્ય નહીં' ઇત્યાદિ રૂપ કંઇક આગ્રહ બંધાય છે. [આ આગ્રહ પણ યોગ્યપ્રજ્ઞાપનાથી દૂર થાય એવો હોય છે માટે 'કંઇક' એમ કહ્યું છે. જો એ દૂર થાય એવો ન રહે તો મિથ્યા અભિનિવેશરૂપ બનવાથી શ્રુતજ્ઞાન ન રહેતાં મિથ્યાજ્ઞાન બની જાય. એટલે, બૌદ્ધદર્શન વગેરેમાં રહેલા પણ કોઇ સાધકને માત્ર પદાર્થોના ક્ષણિકત્વ વગેરેની સૂચક વાતો જ સાંભળી હોવાથી, અને (કથંચિદ્) નિત્યત્વસૂચક વગેરે વાતો સાંભળી ન હોવાથી પદાર્થોને અનિત્ય વગેરે માનવાની માન્યતા ઘડાઇ હોવા માત્રથી એ ગાઢ મિથ્યાત્વી જ હોવાનો બેધડક નિર્ણય કરી શકાય નહીં. શાસ્ત્રોમાં પણ, ગુરનિયોગના કારણે ક્યારેક વિપરીત શ્રદ્ધા પણ હોવી સમ્યક્ત્વીને કહી છે. આ જીવોને વસ્તુના વિવક્ષિત અંશને જણાવનાર વચનો મળ્યા હોવાથી એ બાબતનું શ્રુતમય જ્ઞાન હોય છે, અન્યનયાભિપ્રેત અંશને જણાવનાર (વિભિન્નોક્ત) વચનો મળ્યા ન હોવાથી એ અંગે વાક્યાર્થ પણ થયો નથી હોતો. છતાં અભિનિવેશ ન હોવાથી પ્રજ્ઞાપનીયતા હોવાના કારણે માર્ગાનુસારીપણું વગેરે સંભવિત હોય છે એમ લાગે છે. પણ દૃષ્ટિરાગના સંસ્કારવશાત્ સ્વદર્શનનો આગ્રહ બંધાઇ જવો અને માન્યતા અભિનિવેશમાં પલટાઇ જવી એ ઘણું ખરું શક્ય હોવાથી મોટે ભાગે તો એ મિથ્યાજ્ઞાન રૂપ જ બની જતું હોય છે એ જાણવું.] જેને બીજું ચિન્તામય જ્ઞાન થાય છે એની નય અને પ્રમાણના બોધ રૂપ બુદ્ધિ, સ્વ-પરદર્શનમાં કહેલ ન્યાયપૂર્ણ બાબતનું સમાન રીતે સમર્થન કરવાના સામર્થ્યરૂપ માધ્યસ્થ્યથી પવિત્રિત થઇ હોય છે. આ માધ્યસ્થ્યના પ્રભાવે તે તે દર્શનોક્ત વાતોની યથાસ્થાન નિયોગ કરવાની ચિન્તા પ્રવર્તવાથી કોઇ એક દર્શનનો કદાગ્રહ પકડાતો નથી.] [પણ દરેક દર્શનની યોગ્ય બાબતનો સ્વીકાર હોય છે.] માટે જ જૈન દર્શનનો પણ એવો કદાગ્રહ પકડાયો હોતો નથી કે 'સાચી અને સારી વાતો અમારા જૈન દર્શનમાં જ કહી છે, અન્ય દર્શનોની તો બધી વાતો અસુંદર જ છે...ઇત્યાદિ' આના કારણે જ અન્ય દર્શનમાં પણ જે અકરણનિયમ વગેરે

निराकरणमिति व्यक्तमुपदेशपदे ।।१४।।

सर्वत्रैव हिता वृत्तिः समापत्त्याऽनुरूपया।
ज्ञाने संजीविनीचारज्ञातेन चरमे स्मृता।।१५।।

सर्वत्रेति। सर्वत्रैव भव्यसमुदाये हिता = हितकारिणी वृत्तिः = प्रवृत्तिः समापत्त्या = सर्वानुग्रहपरिणत्याऽनुरूपया = उचितया संजीविनीचारज्ञातेन चरमे ज्ञाने भावनामये स्मृता। अत्रायं भावार्थो वृद्धैरुपदिश्यते- यथा किल कयाचित् स्त्रिया कृत्रिमगवीकृतस्य स्वपत्युर्वटवृक्षाधःस्थितया विद्याधरीवचनेनोपलब्धस्वभावलाभोपायभावं संजीविनीसद्भावं तत्र विशिष्याजानानया तत्प्रदेशवर्तिनी सर्वैव चारिस्तस्य चारिताऽनुषंगतः संजीविन्युपभोगाच्च स पुरुषः संवृत्त इति। एवं सर्वत्रैव कृपापरं भावनाज्ञानं भवति, हितं तु योग्यतानियतसं-

---

અવિસંવાદી વાત કહી હોય છે તેને દૃષ્ટિવાદમૂલક સમજી, તે સારી વાતનો 'આ તો ફલાણાએ કહી છે, માટે એ સારી હોય જ નહિ' ઇત્યાદિરૂપે તિરસ્કાર કરવામાં દૃષ્ટિવાદનો જ તિરસ્કાર થાય છે એવું **ઉપદેશપદગ્રન્થમા** સ્પષ્ટરૂપે જણાવ્યું છે. [જુઓ ઉપદેશપદ ગાથા ૬૯૩/૬૯૪. ત્યાં કહ્યું છે કે અન્યદર્શનમાં જે વાત અર્થથી સમાન હોય યા સાન્વર્થ શબ્દોથી પણ સમાન હોય તેના અંગે પ્રદ્વેષ રાખવો એ મોહ છે, જિનમતસ્થિત સાધુ-શ્રાવકો માટે તો એ વિશેષ કરીને મોહરૂપ છે. દ્વાદશાંગીને સર્વપ્રવાદોનું મૂળ કહી છે. માટે એ રત્નાકર સમાન છે. તેથી અન્ય શાસ્ત્રોમાં પણ જે કાંઇ સુંદર વાતો મળે તે બધીનો દ્વાદશાંગીમાં સમવતાર કરવો. માટે વ્યાસ-કપિલ વગેરે પ્રણીત યોગશાસ્ત્રોમાં જે અકરણનિયમ વગેરે સુંદર વાતો આવે છે તે બધી જિનાગમસમુદ્રમાંથી જ લબ્ધસ્વરૂપ જાણવી. એટલે તેની અવજ્ઞા કરવામાં શ્રી જિનાવજ્ઞા થતી હોવાથી કોઇ કલ્યાણપ્રાપ્તિ થતી નથી.]॥૧૪॥ [ભાવનામયજ્ઞાનની વિદ્યમાનતામાં શું થાય છે એ જણાવવા ગ્રન્થકાર કહે છે—]

ચરમ ભાવનામય જ્ઞાનની હાજરીમાં, ઉચિત એવી સર્વજીવો પર અનુગ્રહ કરવાની પરિણતિ રૂપ સમાપત્તિના પ્રભાવે, સર્વ ભવ્યજીવોના સમુદાયની હિતકર પ્રવૃત્તિ ચારિસંજીવિનીચાર ન્યાયે પ્રવર્ત્તે છે. 'સ્વસિદ્ધાન્ત સર્વદર્શનોના સમૂહ રૂપ છે' આવી બુદ્ધિની થયેલી વ્યુત્પત્તિના પ્રભાવે અન્યદર્શનમાં રહેલ જીવો પર પણ અનુગ્રહ કરવાની પરિણતિ ઊભી થાય છે, [એ જીવો પર 'હરીફ' વગેરેપણાંનો ભાવ ઊભો થતો નથી.] ચારિસંજીવિનીચાર દૃષ્ટાન્ત અંગે વૃદ્ધ પુરુષો આવો ભાવાર્થ જણાવે છે – કોઇ સ્ત્રીએ સ્વપતિને વશ કરવા માટે કોઇ પરિવ્રાજિકાએ ઉપદિષ્ટ ઉપાય અજમાવ્યો અને તેનો પતિ બળદ બની ગયો. પછી તો ઘણું દુઃખ થયું. રોજ બળદને ચારો ચરાવવા લઇ જાય છે. એકવાર પોતે વડલાની નીચે બેઠી હતી. ત્યારે ત્યાં આવેલી પરસ્પર વાત કરતી વિદ્યાધરી પાસેથી એટલું સાંભળવા મળ્યું કે આ જ વડ નીચે સંજીવની નામની જે ઔષધિ છે તે ચરાવવામાં આવે તો આ કૃત્રિમ બળદ પાછો સ્વાભાવિક મનુષ્યરૂપને પામે. પણ કઇ ઔષધિ સંજીવની છે? એ વિશેષ રીતે ન જાણનાર તે સ્ત્રીએ સ્વપતિને વડ નીચેની બધી ઔષધિઓ ક્રમશઃ ચરાવી. એમાં ભેગી ભેગી સંજીવની ઔષધિ પણ જેવી ચરવામાં આવી ગઇ કે તુરંત એ બળદ પુનઃ મનુષ્ય બની ગયો. આમ જેમ એ સ્ત્રીની તે પુરુષ બળદનું હિત કરવાની બુદ્ધિ હતી (અને એ મુજબ હિતકર પ્રવૃત્તિ હતી) તેમ ભાવનાજ્ઞાનવાળા મહાનુભાવને સર્વજીવો પર હિતકર બુદ્ધિ હોય છે, અને તદનુરૂપ હિતકર પ્રવૃત્તિ હોય છે. એનાથી પોતપોતાની યોગ્યતાને અનુસરીને તે તે જીવોનું હિત થાય છે.॥૧૫॥ આ ભાવનાજ્ઞાનના જ ફળની

जं अत्थओ अभिण्णं अण्णत्था सद्दओ वि तह चेव। तम्मि पओसो मोहो विसेसओ जिणमयठियाणं।।६९३।।
सव्वप्पवायमूलं दुवालसंगं जओ समक्खायं। रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तंमि।।६९४।।

भवमिति ।।१५।। एतस्यैव फलमभिष्टौति-

एतेनैवोपवासादेर्वैयावृत्त्यादिघातिनः ।
नित्यत्वमेकभक्तादेर्जानन्ति बलवत्तया ।।१६।।

एतेनेति। एतेनैव = भावनाज्ञानेनैवोपवासादेर्वैयावृत्त्यादिबलवद्गुणघातिनः सकाशात् वलवत्तया नित्यत्वं = सार्वदिकत्वं [1]'अहो णिच्चं तवो कम्मं' (दशवैकालिकसूत्र ६/६२) इत्याद्यागमप्रसिद्धमेकभक्तादेर्जानन्ति = निश्चिन्वन्ति **उपदेशपदादिकर्त्तारः**। अन्यथा हि यथा श्रुतार्थमात्रग्राह्येकभक्तापेक्षयोपवासादेरेव वलवत्त्वश्रवणात्पूर्वापरविरोधोद्भावनेनैव म्रियेतेति भावः। विस्तरस्तूपदेशरहस्ये ।।१६।।

સ્તુતિ કરતા ગ્રન્થકાર કહે છે–

[ભાવનાજ્ઞાનનો પ્રભાવ]

ઉપદેશપદ મહાગ્રંથના કર્ત્તા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા વગેરેએ આ ભાવનાજ્ઞાનના બળે જ એવો નિશ્ચય કર્યો છે કે વૈયાવચ્ચ વગેરે રૂપ અધિક બળવાન ગુણને હણનારા ઉપવાસ વગેરે કરતાં 'એકાશન' એ કર્મનિર્જરા વગેરે રૂપ લાભ માટે અધિક બળવાન્ સાધન હોઇ નિત્યકર્તવ્ય છે. એકાશનનું આ નિત્યકર્તવ્યત્વ 'અહો णिच्चं तवोकम्मं' ઇત્યાદિ આગમમાં પ્રસિદ્ધ છે. આશય એ છે કે એકબાજુ શ્રી દશવૈકાલિકસૂત્ર (૬-૬૨) માં કહ્યું છે કે 'સર્વ શ્રી તીર્થંકરદેવોએ નિત્ય તપોનુષ્ઠાન કહ્યું છે. લજ્જા એટલે સંયમ, લજ્જાસમ = સંયમને અવિરોધી, વૃત્તિ = દેહ પાલન, સંયમને અવિરોધીપણે દેહપાલન થઇ શકે એ રીતે એક ટંક ભોજન (એકાશન) કરવાની અનુજ્ઞા છે. 'અહો' શબ્દથી આ બાબતની પ્રશંસા સૂચિત થાય છે.' બીજી બાજુ "એકાશન કરતાં ઉપવાસથી વધુ પ્રબળ કર્મનિર્જરા થાય છે" ઇત્યાદિ વાતો શાસ્ત્રપ્રસિદ્ધ છે. એટલે ભાવનાજ્ઞાન જો ન હોય તો આ વાતોમાં પૂર્વાપરવિરોધનું ઉદ્ભાવન કરીને જ અલ્પજ્ઞ તો કિંકર્ત્તવ્યમૂઢતા યા અશ્રદ્ધા વગેરેથી હણાઇ જાય. કિન્તુ શ્રીહરિભદ્રસૂરિ મહારાજા વગેરેએ આ ભાવનાજ્ઞાનના માહાત્મ્યથી એવો નિશ્ચય કરી આપ્યો છે કે 'નિત્ય એકાશનનો ત્યાગ કરીને કરવામાં આવતો ઉપવાસ પણ પ્રાયઃ સારો નથી, કારણકે એકાશન નિત્ય કર્તવ્ય છે જ્યારે ઉપવાસને નૈમિત્તિક કહ્યો છે. પર્વતિથિ વગેરે કારણે જ ઉપવાસ કરવાનું વિધાન હોવાથી 'अहो णिच्चं तवोकम्मं" સૂત્રમાં પણ આ પ્રમાણે જે કહ્યું છે તે સ્વીકારવું જોઇએ. તાત્પર્ય એ છે કે શાસ્ત્રોક્ત કારણો વિના પણ, નિત્ય એકાશનની ઉપેક્ષા કરીને ઉપવાસ કરવામાં આવે તો સૂત્રપોરિસિ વગેરે બીજા પ્રચુર નિર્જરાજનક આચારો સીદાવાની સંભાવના રહે છે. એટલે કહ્યું છે કે ઉપવાસ નૈમિત્તિક છે અને એકાશન નિત્ય કર્મ છે. આ માટેની વિસ્તૃત વિચારણા ઉપદેશરહસ્ય (શ્લોક ૧૦૭-૧૦૮)માં છે. આમ જે શાસ્ત્રવચનો અંગે ભાવનાજ્ઞાનશૂન્ય વ્યક્તિને વિરોધની આશંકા વગેરે દ્વારા નુકશાન સંભવિત છે એ જ શાસ્ત્રવચનો શ્રીહરિભદ્રસૂરિ મહારાજ વગેરેને અત્યંત અવિરુદ્ધ-સુઘટ લાગે છે એ ભાવનાજ્ઞાનનો પ્રભાવ છે. માટે દરેક આત્મહિતેચ્છુએ ભાવનાજ્ઞાન સુધી પહોંચવાનો પ્રયત્ન કરવો જોઇએ, જેથી પછી ક્યારેય શાસ્ત્રવચનોમાં વિરોધની આશંકા ન રહે. આવો આ શ્લોકનો સૂચિતાર્થ જાણવો।।૧૬।।[2]

---

१ अहो निच्चं तवोकम्मं सव्ववुद्धेहिं वन्निअं। जाव लज्जासमा वित्ती एगभत्तं च भोअणं।।

२ ભાવનાજ્ઞાન શૂન્ય વ્યક્તિ માટે ગ્રન્થકારે જે ભય વ્યક્ત કર્યો છે કે પૂર્વાપર વિરોધના ઉદ્ભાવન દ્વારા બિચારો માર્યો જ જાય! તે ખરેખર! કેટલો બધો વાસ્તવિક ભાસે છે. વર્તમાનમાં પણ, કહેવાતા વિદ્વાનો ભાવનાજ્ઞાનનો સ્પર્શ પામ્યા ન હોવાથી માત્ર પદાર્થજ્ઞાનમાં અટવાઇ જઇને કેવા મૂંઝાય છે તે ક્યાં અજ્ઞાત છે?

જેમકે 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઇએ' આવા મતલબના શાસ્ત્રવચન પરથી ભાવનામયજ્ઞાન સુધી ન પહોંચનાર- ને

विनैतन्नूनमज्ञेषु धर्मधीरपि न श्रिये।
गृहीतग्लानभैषज्यप्रदानाभिग्रहेष्विव।।१७।।

विनेति। एतद् = भावनाज्ञानं विना नूनं = निश्चितं धर्मधीरपि = धर्मबुद्धिरपि न श्रिये = चारित्रलक्ष्म्यै प्रभवति। गृहीतो ग्लानभैषज्यप्रदानस्याभिग्रहो 'ग्लानाय मया भैषज्यं दातव्यमि'त्येवंरूपो यैस्तैष्विवाज्ञेषु = पूर्वापरानुसंधानविकलेषु।।१७।।

કલ્યાણ માટે ભાવનાજ્ઞાનની આવશ્યકતા પર ભાર મૂકવા ગ્રન્થકાર કહે છે-]

[અજ્ઞની ધર્મબુદ્ધિ પણ અસુંદર]

આ ભાવનાજ્ઞાન વિના તો પૂર્વાપર અનુસંધાનશૂન્ય અજ્ઞજીવમાં રહેલી ધર્મબુદ્ધિ પણ ચારિત્રલક્ષ્મી = ગુણસ્થાનપ્રાપ્તિ માટે સમર્થ થતી નથી એ વાત નિશ્ચિત છે. આશય એ છે કે 'આ અનુષ્ઠાન કરવાથી મારે ચારિત્રપાલન વગેરે રૂપ ધર્મ થશે' આવી ધર્મબુદ્ધિથી કરવામાં આવેલ અનુષ્ઠાન પણ ભાવનાજ્ઞાન વિના ધર્મ રૂપ બની શકતું નથી. [ઉપદેશમાલા (૪૧૪)માં પણ કહ્યું છે કે '*અલ્પજ્ઞાની જીવ અતિ દુષ્કર તપ વગેરે કરે તો પણ ક્લેશ પામે છે, કારણકે સુંદરબુદ્ધિથી કરેલું તેનું ઘણું પણ અનુષ્ઠાન સુંદર બનતું નથી'] ઉત્તરાર્ધમાં આ જ બાબતનું દૃષ્ટાન્ત આપે છે– એક નગરમાં સપરિવાર આચાર્ય મહારાજ ચોમાસુ પધાર્યા. એક અજ્ઞ ભાવુકે પ્રતિજ્ઞા કરી કે 'મારે ગ્લાન સાધુને ઔષધ આપવું.' આવો અભિગ્રહ લેવાની ધર્મબુદ્ધિ પણ આવા અજ્ઞ

માત્ર પદાર્થજ્ઞાનનો જ્ઞાતા બનેલો- કહેવાતો વિદ્વાન આટલો બોધ કરી લે છે કે 'ધર્મનું પ્રયોજન મોક્ષ જ હોવું જોઇએ'. પણ પછી, જ્યારે 'अर्थकामाभिलाषिणापि धर्म एव यतितव्यम्' આવું શાસ્ત્રવચન એની સામે ઉપસ્થિત થાય છે ત્યારે, એ ભાવનામય જ્ઞાનને પામેલો ન હોવાથી આટલો સરળ વિષયવિભાગ કરી શકતો નથી કે ધર્મનું પ્રયોજન બતાડવાના અધિકારમાં તેમજ આશયશુદ્ધિ અંગેના અધિકારમાં 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઇએ' એવું વિધાન આવેલું છે જ્યારે, 'અર્થ-કામ માટે શું કરવું?' એવી જિજ્ઞાસાના અધિકારમાં એનો નિરવદ્ય ઉપાય દર્શાવવા માટે- તેમજ પાપક્રિયાઓમાંથી જીવને બહાર કાઢી વધુ ને વધુ ધર્મક્રિયાઓ તરફ વાળવાના અભિપ્રાયથી 'અર્થ-કામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઇએ' ઇત્યાદિ વિધાન આવેલું છે, માટે આમાં કોઇ વાસ્તવિક વિરોધ નથી. ભાવનાજ્ઞાનથી દૂર રહ્યા હોવાના કારણે આવું સમાધાન શોધી-સમજી શકતા ન હોવાથી, શાસ્ત્રવચનોમાં કેવાકેવા મનઘડંત-પૂર્વાપર વિરુદ્ધ- જિનાજ્ઞાને પ્રતિકૂળ અર્થઘટનો કરવા પડે છે એ જાણવા માટે જોઇ લ્યો **ધર્મસ્વરૂપદર્શન** પુસ્તક- તેની પ્રસ્તાવનારૂપે લખાયેલ **तत्त्वावलोकन**. ને એમાં કરાયેલાં નિરૂપણોની શાસ્ત્રાનુસારી તર્ક સંગત સમીક્ષા માટે જોઇ લ્યો -- **तत्त्वावलोकनसमीक्षा**. પદાર્થજ્ઞાનમાં જ છબછબિયા કર્યા કરવાથી કેવો મરો થાય છે! 'અર્થ-કામના અભિલાષીએ પણ ધર્મમાં જ ઉદ્યમ કરવો જોઇએ' આવું સ્પષ્ટ વિધાન મળતું હોવા છતાં, 'અર્થ-કામની ઇચ્છા છે? તો ધર્મ તો ન જ કરાય' 'ધર્મ કરશો તો ડૂબી જશો...' વગેરે ઘોંઘાટ કરવો પડે છે! ને 'ધર્મ મોક્ષ માટે જ કરાય' એવા વચનના એક અભિપ્રાયને પકડનારા અભિનિવેશમાં તણાઇ જવું પડે છે! આ કહેવાતા વિદ્વાનોને પૂછવું જોઇએ કે - જે ગ્રન્થમાં 'અર્થ-કામના અભિલાષીએ પણ ધર્મમાં જ ઉદ્યમ કરવો જોઇએ' એવું વિધાન છે એ ગ્રન્થનાં રચયિતા ગ્રન્થકારના દિલમાં શું રહ્યું છે? અર્થ-કામના અભિલાષીએ ધર્મ ન જ કરવો જોઇએ એ કે ધર્મ જ કરવો જોઇએ એ? એમના દિલમાં જો એવું રહ્યું હોય કે 'અર્થ-કામના અભિલાષીએ ધર્મ તો ન જ કરાય', તો 'અર્થ-કામના અભિલાષીએ પણ ધર્મ જ કરવો જોઇએ' એવું તેઓ શી રીતે કહી શકે? દિલમાં બેઠું હોય કે 'ધર્મ ન જ કરાય'... ને છતાં બહાર એમ બોલે કે 'ધર્મ જ કરવો જોઇએ' તો તો એમનું આપ્તપણું જ ક્યાં રહે? પણ, તેઓ પણ આપ્ત તો છે જ. માટે માનવું જોઇએ કે 'અર્થ-કામના અભિલાષીએ પણ ધર્મ જ કરવો જોઇએ' એવું જ ગ્રન્થકારના દિલમાં રહેલું છે ને તેથી આ જ વાત શાસ્ત્રસિદ્ધ છે.

ભાવનાજ્ઞાન કેળવીને યોગ્ય વિષય વિભાગ કરી આપનારા મહાત્માઓનાં ચરણોમાં વંદન કરીએ... અને ભાવનાજ્ઞાન સુધી નહીં પહોંચેલા-શ્રુત (પદાર્થ) જ્ઞાનમાં જ અભિનિવેશવાળા બની સ્વ-પરને ભારે નુકશાન પહોંચાડી રહેલા કહેવાતા વિદ્વાનોની ભાવકરુણા ચિંતવીએ કે પરમકૃપાળુ પરમાત્મા તેઓને પણ ભાવનાજ્ઞાન સુધી પહોંચાડે... અસ્તુ

* अप्पागमो किलिस्सइ जइवि करेइ अइदुक्करं तु तवं। सुंदरबुद्धीइ कयं वहुयंपि न सुंदरं होइ।।

तेषां तथाविधाऽप्राप्तौ स्वाधन्यत्वविभाविनाम्।
चित्तं हि तत्त्वतः साधुग्लानभावाभिसन्धिमत्।।१८।।

तेषामिति। तेषां = गृहीतोक्ताभिग्रहाणां तथाविधस्य = ग्लानस्याप्राप्तौ स्वाधन्यत्वविभाविनां 'अहोऽहमधन्यो न सिद्धं मे वाञ्छितमि' त्येवमालोचनपराणां चित्तं हि यतस्तत्त्वतोऽभिग्रहविषयाप्राप्तौ शोकगमनलक्षणाद्भावात्साधूनां ग्लानभावेऽभिसन्धिमद् = अभिप्रायान्वितं भवति। भावनान्वितश्च नैवं प्रतिजानीते। यतः परैरप्येवमिष्यते, यदाह तारावाप्तौ **रामं प्रति सुग्रीवः**-[अष्टक २१/६]

अंगेष्वेव जरां(?रा) यातु यत्त्वयोपकृतं मम। नरः प्रत्युपकाराय विपत्सु लभते फलम्।।इति।।

एवं दानदीक्षादिकमपि भावनां विना स्थूलबुद्ध्या न श्रिये, किंत्वनर्थकृदेव, यदुक्तम**ष्टके** [२१-७]-

---

જીવોને ધર્મ માટે બનતી નથી.॥१७॥ [આ જ બાબતને સ્પષ્ટ કરવા ગ્રન્થકાર કહે છે—]

ગ્લાનને ઔષધ આપવાનો અભિગ્રહ લેનાર તે અજ્ઞ જીવો તથાવિધ ગ્લાન સાધુ ન મળવાથી જાતને અધન્ય માને છે કે 'હું અધન્ય છું કે જે મારું ઇચ્છિત સફળ ન થયું.' આવું વિચારનારા તેઓનું ચિત્ત, જેનાથી અભિગ્રહની સફળતા થાય તેવો વિષય ન મળવાથી શોકાતુર બનતું હોવાથી જણાય છે કે એ ગર્ભિત રીતે 'સાધુ મહારાજ બિમાર પડ્યા હોત તો સારું' એવા અભિપ્રાયવાળું છે. [સાધુ બિમાર પડે તો જ તેઓનું ઇચ્છિત સિદ્ધ થાય તેમ છે. એટલે આ વાત સ્પષ્ટ છે.] માટે ધર્મબુદ્ધિથી અજ્ઞ જીવે કરેલો આવો અભિગ્રહ પણ ધર્મ (કર્મ નિર્જરા) માટે થતો નથી. એટલે ભાવનાજ્ઞાનયુક્ત જીવ આવી પ્રતિજ્ઞા કરતો નથી. આ વાત એના પરથી જણાય છે કે **વાલ્મીકિ** વગેરે અન્યધર્મીઓ પણ આવું જ માને છે. **સુગ્રીવે રામચન્દ્રજીની** સહાયથી તારારાણીની પુનઃ પ્રાપ્તિ થઇ એના પર રામચન્દ્રજીને કહ્યું કે 'તમે આ જે મારા પર ઉપકાર કર્યો છે એના પર હું ઇચ્છા કરું છું કે મારા શરીરમાં જ વૃદ્ધત્વ આવી જાવ. કેમકે જો એવું ઘડપણ નહીં આવે તો મને પણ તમારા પર આવો પ્રત્યુપકાર કરવાની ભાવના થશે જે તમે વિપત્તિમાં મૂકાવ તો જ સફળ બને. એટલે કે જો વૃદ્ધત્વ ન આવે તો મને પ્રત્યુપકાર કરવાની ઇચ્છા થશે. કે જે ઇચ્છાની સફળતા માટે તમારે વિપત્તિમાં ફસાવું પડે. તેથી એમાં તો ઉપરથી ઉપકારી પર વિપત્તિ જ ઇચ્છવાની હોઇ બહેતર છે કે મારા અંગોમાં જ ઘડપણ આવી જાય.' આ જ રીતે ભાવનાજ્ઞાન વિના માત્ર સ્થૂલબુદ્ધિથી અપાતા દાન-દીક્ષા વગેરે પણ હિતકર બનતા નથી. કિન્તુ અનર્થ કરનારા જ બને છે એ જાણવું. २१ માં ધર્મસૂક્ષ્મબુદ્ધ્યાશ્રયણઅષ્ટકમાં (२१/७) કહ્યું છે કે 'ગ્લાનને ઔષધ આપવાનો અભિગ્રહ ધર્મબુદ્ધિથી કરવા છતાં બુદ્ધિદોષના કારણે જેમ ધર્મના વ્યાઘાત માટે થાય છે એમ વિરુદ્ધ દાન વગેરે કરવામાં તેમજ શાસ્ત્રોક્તન્યાયબાધિત પ્રવ્રજ્યા આપવા વગેરેમાં હીનોત્તમગતિના કારણે હંમેશા ધર્મવ્યાઘાત જ થાય છે. જીવોપઘાત ના હેતુભૂત હોઇ શાસ્ત્રનિષિદ્ધ એવું સાધુ માટે આધાકર્મ દ્રવ્ય કે અન્ય માટે માંસ વગેરે દ્રવ્ય એ વિરુદ્ધ દ્રવ્ય, અને સદોષ હોવાના કારણે શાસ્ત્રનિષિદ્ધ પાત્ર એ વિરુદ્ધ પાત્ર. વિરુદ્ધદ્રવ્યનું દાન કે વિરુદ્ધ પાત્રને અપાતું દાન એ વિરુદ્ધદાન, શાસ્ત્રનિષિદ્ધ હોવાના કારણે 'હીન' એવા પણ દેય દ્રવ્ય કે પાત્રને 'ઉત્તમ' તરીકે જોવા એ હીનોત્તમગતિ. ભાવનાજ્ઞાનશૂન્ય સ્થૂલબુદ્ધિવાળો અજ્ઞ એવું વિચારે છે કે 'આ બિચારો ભૂખથી હેરાન હેરાન થઇ રહ્યો છે તો લાવ શિકાર કરી માંસ આપી એનું દુઃખ દૂર કરું' ઇત્યાદિ - આવું વિચારી માંસદાન કરે. એમ ભિક્ષાના દોષોનો જાણકાર પણ, તેવા કારણ વિશેષ વિના જ, સાધુમહારાજની ભક્તિ થશે એમ વિચારી આધાકર્મનું દાન આપે. આ બધું વિરુદ્ધદાન છે, એમાં ધર્મનો વ્યાઘાત જ થાય છે. એમ દીક્ષા આપવા માટે યોગ્ય મુમુક્ષુના શાસ્ત્રમાં જે જે ગુણો કહ્યા છે તેનાથી શૂન્ય કોઇ જીવ દીક્ષા લેવા માટે આવ્યો, તો અયોગ્ય

एवं विरुद्धदानादौ हीनोत्तमगतेः सदा। प्रव्रज्यादिविधाने च शास्त्रोक्तन्यायवाधिते ।।

इति।।१८।। इत्थं च भावनैव सर्वक्रियाजीवातुरिति निगमयति–

तस्माद्भावनया भाव्यं शास्त्रतत्त्वं विनाऽपरम्।
परलोकविधौ मानं बलवन्नात्र दृश्यते।।१९।।

तस्मादिति। परलोकविधौ = धर्मक्रियायां मानं = प्रमाणं वलवद् = अन्यानुपजीवि।।१९।।

बाह्यक्रियाप्रधानैव देया बालस्य देशना।
सेवनीयस्तदाचारो यथाऽसौ स्वास्थ्यमश्नुते।।२०।।

बाह्येति। स्पष्टः।।२०।।

सम्यग्लोचो धरा शय्या तपश्चित्रं परीषहाः।
अल्पोपधित्वमित्यादि बाह्यं बालस्य कथ्यते।।२१।।

सम्यगिति। आदिनाऽनुपानत्कत्वं, रजन्यां प्रहरद्वयं स्वापः, महती पिंडविशुद्धिः, द्रव्याद्यभिग्रहाः,

---

જાણવા છતાં, જ્યાં સુધી પાળશે ત્યાં સુધી છ જીવનિકાયની દયા તો કરશે ઇત્યાદિ સ્થૂળબુદ્ધિથી વિચારી દીક્ષા આપે તો એમાં પણ ધર્મવ્યાઘાત જાણવો. એમ 'ગચ્છવાસમાં ઘણા દોષ સંભવે છે' એવું વિચારી નિરતિચાર સંયમ પાલનની બુદ્ધિથી જે અગીતાર્થ એકાકી બને છે તેનું તે આચરણ પણ ધર્મવ્યાઘાત માટે થાય છે.

આ બધાથી નિશ્ચિત થાય છે કે ભાવનાજ્ઞાન વિના ધર્મબુદ્ધિ પણ હિતકર બનતી નથી.॥૧૮॥ આમ ભાવનાજ્ઞાન જ સર્વઅનુષ્ઠાનોનો પ્રાણ છે એવું નિગમન કરતા ગ્રન્થકાર કહે છે–

આમ, ભાવનાજ્ઞાન વિનાની ધર્મબુદ્ધિથી કરેલું ધર્માનુષ્ઠાન પણ અધર્મ રૂપ બને છે, તેનાથી જણાય છે કે પરલોક સંબંધી વિધિ રૂપ ધર્મક્રિયા અંગે (એ વાસ્તવમાં ધર્મક્રિયારૂપ છે કે નહીં એ જાણવા માટે) ભાવનાજ્ઞાનથી ભાવિત કરેલ શાસ્ત્રતત્ત્વ સિવાય બીજું કોઇ બળવાન્ પ્રમાણ દેખાતું નથી. એટલે કે એવું શાસ્ત્રતત્ત્વ જ અન્ય પર આધાર રાખ્યા વિના પ્રમાણભૂત બને છે. તાત્પર્ય એ છે કે પરલોક માટે... યાવત્ પરમલોક માટે હિતકર બને એવી ઇચ્છાથી જે કાંઇ અનુષ્ઠાન કરાય તે બધું ભાવનાજ્ઞાનથી ભાવિત કરેલ શાસ્ત્રતત્ત્વના આધારે કરવું, માત્ર સ્વકલ્પના નિર્મિત તર્કોના કે શ્રુતજ્ઞાનના આધારે નહીં.॥૧૯॥ [આમ બાળ વગેરેનું લક્ષણ કહ્યું. હવે બાળજીવને કેવી દેશના આપવી તે ગ્રન્થકાર જણાવે છે–]

[બાળાદિને આપવાની દેશના]

જેમાં બાહ્યક્રિયાનું પ્રાધાન્ય જળવાઇ રહ્યું હોય એવી જ દેશના બાળજીવોને આપવી. તેમજ એમાં જે બાહ્યક્રિયારૂપ આચારનું વર્ણન આવતું હોય તે બધા આચારનું તેની સમક્ષ પાલન કરવું જેથી એ બાળજીવ સ્વાસ્થ્ય પામે. જો એ આચારનું તેની સમક્ષ પાલન કરવામાં ન આવે તો તેને એ ઉપદેશમાં વૈતથ્યની શંકા પડવાથી મિથ્યાત્વ રૂપ રોગની વૃદ્ધિ થાય છે. એટલે આ રીતે એ રોગી ન બને અને ક્રિયામાર્ગમાં શ્રદ્ધા રૂપ તેમજ ધર્મ પ્રત્યે આશ્ચર્ય પ્રેરિત અહોભાવ રૂપ સ્વાસ્થ્ય પામે એ માટે એની સમક્ષ આચારપાલન કરવું.॥૨૦॥ [એ જ બાહ્યક્રિયાઓને જણાવતા ગ્રન્થકાર કહે છે–]

લોચ, ભૂમિશયન, અનેક પ્રકારનો તપ, બાવીશ પરીષહ, અલ્પઉપધિ રાખવી, પગરખાં ન પહેરવાં, રાત્રે માત્ર બે પ્રહરની જ અલ્પનિદ્રા, વિશિષ્ટ કાળજીપૂર્વક સૂક્ષ્મતાવાળી (સામાને અહોભાવ પેદા કરી દે એવી

विकृतित्यागः, एकसिक्थादिपारणकं, अनियतविहारकल्पः, नित्यं कायोत्सर्गश्चेत्यादिकं ग्राह्यम्।।२१।।

मध्यमस्य पुनर्वाच्यं वृत्तं यत्साधुसंगतम्।
सम्यगीर्यासमित्यादि त्रिकोटीशुद्धभोजनम्।।२२।।

मध्यमस्येति। आदिनाऽन्यप्रवचनमातृग्रहः। तिस्रः कोट्यो रागद्वेषमोहरूपाः कृतकारितानुमितभेदेन हननपचनक्रयरूपा वा।।२२।।

वयःक्रमेणाध्ययनश्रवणध्यानसंगतिः।
सदाशयेनानुगतं पारतंत्र्यं गुरोरपि।।२३।।

वय इति। क्रमोऽत्र प्रथमे वयस्यध्ययनं द्वितीयेऽर्थश्रवणं तृतीये च ध्यानेन भावनमित्येवंरूपः। सदाशयः 'संसारक्षयहेतुर्गुरुरयमि'ति कुशलपरिणामः।।२३।।

महान्) पिंडविशुद्धि, द्रव्य-क्षेत्र-काळ-भाव संबंधी विविध अभिग्रहो, विगइ त्याग, जेमां एक वगेरे धान्यनो ज उपयोग होय तेवुं पारणुं, अनियत-विहारकल्प, हंमेश कायोत्सर्ग करवो वगेरे રૂપ બાહ્ય આચાર, જેનાથી 'બાળ' શ્રોતાનું આચારધર્મ પર આકર્ષણ થાય એ રીતે સમ્યગ્ પ્રકારે કહેવો. [પૂર્વના શ્લોકમાં કહી ગયા છે કે આ બધા આચારોનું બાળજીવો સમક્ષ બરાબર આચરણ કરવું જેથી એ સ્વાસ્થ્ય પામે. એટલે તથાવિધ પરિસ્થિતિવશાત્ આ વિચિત્ર તપ, અનુત્પાનકત્વ, પિંડવિશુદ્ધિ વગેરેમાંના પણ જે આચારોનું પાલન થતું ન હોય તેનું વર્ણન ન કરવું. એટલે જે ગામડા વગેરેમાં ગોચરીની વ્યવસ્થા થતી હોય ત્યાં લોકોને 'અમારા માટે બનાવેલું પણ અમે લઇએ નહીં' વગેરે વાત કરવી ન જોઇએ.]।।૨૧।। [મધ્યમકક્ષાના શ્રોતાને કેવી દેશના આપવી તે ગ્રન્થકાર જણાવે છે—]

મધ્યમકક્ષાના જીવને ઇર્યાસમિતિ વગેરે અષ્ટ પ્રવચન માતાના પાલનવાળું, રાગ-દ્વેષ-મોહ રૂપ કે કરણ-કરાવણ-અનુમોદનરૂપ કે જીવઘાત કરવો-રાંધવું-ખરીદવું રૂપ ત્રણકોટિથી શુદ્ધ ભોજનના આચારવાળું એવું સાધુનું સદ્વૃત્ત ભાવપૂર્વક વર્ણવવું. બાળજીવ પાસે જેવી પિંડવિશુદ્ધિ વર્ણવવામાં આવે એના કરતાં પણ વધુ સૂક્ષ્મતાપૂર્વક મધ્યમજીવો પાસે વર્ણવવી.।।૨૨।।[આને જ અંગે ગ્રન્થકાર અન્ય વાતો કહે છે—]

પ્રથમ વયમાં અધ્યયન કરવું, બીજી વયમાં અર્થશ્રવણ કરવું અને ત્રીજી ઉંમરમાં ધ્યાનથી આત્માને ભાવિત કરવો. આવા પ્રકારના વયના ક્રમે અધ્યયન, શ્રવણ અને ધ્યાન યુક્ત સદ્વૃત્ત કહેવું. [અહીં અધ્યયન એટલે મુખ્યતયા સૂત્ર ગોખવાની વાત જાણવી. બાલ્યવયમાં યાદદાસ્ત તીવ્ર હોય છે ને સમજશક્તિ ઓછી, માટે એ ઉંમરે અધ્યયન કરવાનું કહ્યું. ઉંમર વધતાં સમજશક્તિ વધતી જાય છે ને સામાન્યતયા સ્મરણશક્તિ ઘટતી જાય છે. માટે એ ઉંમરે અર્થ શ્રવણ કરવાનું કહ્યું. જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ અનેક અનુભવો થતા જાય છે— તડકા-છાયામાંથી વારંવાર પસાર થવાનું બનતું રહે છે. તેથી પ્રારંભકાળે સામાન્ય પ્રસંગ પણ મનમાં જેવા સંકલ્પ-વિકલ્પોના તોફાન મચાવતો તેવા તોફાન પાછલી ઉંમરમાં વિશેષ પ્રસંગો પણ મચાવી ન શકે એવી માનસિક કેળવણી-સહનશીલતા પ્રાયઃ પેદા થઇ હોય છે. એટલે એ ઉંમરમાં ધ્યાન સુકર બને છે. માટે એ વયમાં ધ્યાન કરવાનું કહ્યું છે.] તેમજ 'આ ગુરુ મારો સંસારક્ષય કરનારા છે' આવા કુશલપરિણામપૂર્વક ગુરુને પરતંત્ર રહેવું. આ પારતંત્ર્ય ભગવત્પ્રાપ્તિના બીજભૂત છે જેનાથી મોક્ષ થાય છે.।।૨૩।। [પંડિત શ્રોતાને આપવાની દેશનાનું દિગ્દર્શન કરતા ગ્રન્થકાર કહે છે—]

वचनाराधनाद्धर्मोऽधर्मस्तस्य च बाधनात्।
धर्मगुह्यमिदं वाच्यं बुधस्य च विपश्चिता।।२४।।

वचनेति। वचनाराधनाद् = आगमाराधनयैव धर्मः, तस्य = वचनस्य बाधनादेवाधर्मो, नान्यत्रैकान्त इत्येतदुपसर्जनीकृतसकलक्रियं प्रधानीकृतभगवद्वचनं धर्मगुह्यं बुधस्य विपश्चिता वाच्यं, वचनायत्तत्वात्सर्वानुष्ठानस्य।।२४।।

इत्थमाज्ञाऽऽदरद्वारा हृदयस्थे जिने सति।
भवेत्समरसापत्तिः फलं ध्यानस्य या परम्।।२५।।

इत्थमिति। इत्थं = अनया रीत्याऽऽज्ञाऽऽदरद्वारा = भगवद्वचनबहुमानद्वारेण हृदयस्थे = ध्यानसाक्षात्कृते जिने सति भवेत्समरसापत्तिः = समतापत्तिर्या ध्यानस्य परं = प्रकृष्टं फलं, तदाह – [1]'सैषेह

જિનવચનની- આગમની આરાધનાથી જ શ્રુત-ચારિત્ર ધર્મ થાય છે. અને તે વચનને બાધા પહોંચાડવાથી જ, કષ્ટ વગેરે કરવા છતાં અધર્મ થાય છે. આ એક જ બાબતમાં એકાન્ત છે, અન્ય 'અહિંસા' 'કષ્ટ' વગેરે બાબતમાં એકાન્ત નથી. એટલે કે 'જેમાં અહિંસા હોય તે ધર્મ, જેમાં અહિંસા ન હોય તે અધર્મ' ઇત્યાદિરૂપ કોઇ એકાન્ત નથી. આમ 'જિનાજ્ઞાની આરાધનાથી ધર્મ અને વિરાધનાથી અધર્મ' આવું વિધિ- નિષેધ ગર્ભિત ધર્મનું રહસ્ય જણાવનાર વચન 'પંડિત' કક્ષાના શ્રોતાને કહેવું. આ વચનમાં સકલ અનુષ્ઠાનોને ગૌણ કરવામાં આવ્યા છે અને ભગવદ્વચનને મુખ્ય કરવામાં આવ્યું છે. આવું એટલા માટે કરાય છે કે બધાં અનુષ્ઠાનો જિનવચનને આધીન છે.॥૨૪॥ [જિનવચનનો આવો આદર કરવાથી થતા લાભને ગ્રન્થકાર જણાવે છે–]

[આજ્ઞાઆદરનું પ્રકૃષ્ટ ફળ]

આ રીતે દરેક અનુષ્ઠાનમાં ભગવાનની આજ્ઞાને આગળ કરવા રૂપે એનો આદર કરવાથી ભગવાન્ હૃદયસ્થ થાય છે. 'એક સંબંધીનું જ્ઞાન અન્ય સંબંધીનું સ્મારક હોય છે' આ ન્યાય મુજબ, ભગવદ્વચન રૂપ એક સંબંધીનું કરેલું જ્ઞાન તેના સ્વતંત્ર વકૃતૃત્વ સંબંધથી અન્ય સંબંધી એવા ભગવાન્નું સ્મરણ કરાવે છે. આમ સ્મૃતિ દ્વારા ભગવાન્ હૃદયસ્થ બને છે. ભગવાન્ હૃદયસ્થ થયે સમરસાપત્તિ (સમતાપત્તિ) થાય છે જે ધ્યાનનું પ્રકૃષ્ટ ફળ છે. [ભગવત્સ્વરૂપમાં ઉપયુક્ત બનેલો જીવ તે ઉપયોગથી અભિન્ન હોઇ પરમાર્થથી ભગવાન્મય જ બની જાય છે. આમ બાહ્યઆલંબનભૂત ભગવાન્ના આકારથી ઉપરક્ત એવી મનની ધ્યાનવિશેષરૂપ કે તેના ફળ રૂપ જે વિશેષ અવસ્થા હોય છે તેને 'સમાપત્તિ' કહે છે. યોગ શાસ્ત્રમાં કહ્યું છે કે 'तत्स्थतदंजनता समापत्तिः' આ સમાપત્તિ 'મારામાં ભગવત્સ્વરૂપ છે, હું તે જ છું' ઇત્યાદિ ધ્યાનથી ઉલ્લિખિત થતા વૈજ્ઞાનિક સંબંધવિશેષ રૂપ છે.] આ સમાપત્તિ જ સમ્યક્ત્વ વગેરે ગુણપુરુષ રૂપ યોગીની માતા છે તેમજ નિર્વાણફળ આપનારી છે. એમ બીજા ષોડશકના ૧૦ માં શ્લોકમાં કહ્યું છે. (અહીં સમ્યક્ત્વાદિની માતા તરીકે કહેવા દ્વારા એ સૂચન જાણવું કે સમ્યક્ત્વ પેદા કરનાર સમતાપત્તિ પણ એ અવસ્થાને ઉચિત ધ્યાનનું ફળ છે.) માટે આ સમાપત્તિને ધ્યાનના પ્રકૃષ્ટફળરૂપે અહીં કહી છે.

इत्थं च – વળી, આ રીતે પણ આજ્ઞાનો આદર જ ગરીયાન્ = મહત્ત્વનો છે– મુખ્ય છે. કઇ રીતે? આ રીતે– આગમવચનોક્ત અર્થના સ્મરણપૂર્વક થતું ધર્મવ્યાપારરૂપ વચનાનુષ્ઠાન કે જે સમાપત્તિસંજ્ઞક

---

१ चिन्तामणिः परोऽसौ तेनैवं भवति समरसापत्तिः। सैषेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता।।

योगिमाते'ति [षोड. २/१५]। इत्थं च समापत्तिसंज्ञकाऽसंगानुष्ठानफलकस्य वचनानुष्ठानस्याज्ञाऽऽदर-

અસંગાનુષ્ઠાનસ્વરૂપ ફળનું જનક છે તે આ રીતે આજ્ઞાના આદર દ્વારા જ ઉત્પન્ન થાય છે. પહેલાં દંડ દ્વારા ચક્રભ્રમણ થાય છે ને પછી દંડ કાઢી લીધો હોવા છતાં તજ્જન્ય સંસ્કાર દ્વારા ચક્રભ્રમણ થતું રહે છે. એમ પહેલાં, જિનવચનના અનુસંધાનપૂર્વક અનુષ્ઠાન થાય છે. એ વચનાનુષ્ઠાન છે. આ વચનાનુષ્ઠાનથી એવા સંસ્કાર ઊભા થાય છે કે જેથી પછી, વચનોનું અનુસંધાન ન હોવા છતાં ચન્દનગન્ધન્યાયે સહજ રીતે અનુષ્ઠાન થયા કરે છે. આ અસંગાનુષ્ઠાન છે. તેથી અહીં વચનાનુષ્ઠાનને અસંગાનુષ્ઠાનફળક કહ્યું છે. 'સમાપત્તિસંજ્ઞક' એવા વિશેષણ દ્વારા અહીં ગ્રન્થકારે અસંગાનુષ્ઠાનની 'સમાપત્તિ' એવી સંજ્ઞા સૂચવી છે. યોગદૃષ્ટિસમુચ્ચયના ૧૭૬ મા શ્લોકમાં અસંગાનુષ્ઠાનના પ્રશાન્તવાહિતા, વિસભાગપરિક્ષય, શિવવર્ત્મ અને ધ્રુવાધ્વા એવા નામો જણાવ્યા છે. છતાં, યોગવિંશિકા મૂળ તથા વૃત્તિમાં અરૂપી પરમાત્મારૂપ આલંબનના કેવલજ્ઞાનાદિ ગુણોની સમાપત્તિસ્વરૂપ પરિણતિને અનાલંબનયોગ તરીકે જણાવેલ છે. વળી એની અઢારમી ગાથામાં અસંગ-અનુષ્ઠાનને અનાલંબન યોગ તરીકે જણાવેલ છે. એટલે અસંગાનુષ્ઠાન = અનાલંબન યોગ = સમાપત્તિ થવાથી અસંગાનુષ્ઠાનની 'સમાપત્તિ' એવી સંજ્ઞા જણાવી છે.

આમ, આજ્ઞાના આદરથી જ વચનાનુષ્ઠાન દ્વારા અસંગાનુષ્ઠાનાત્મક વિશિષ્ટ ફળ પ્રાપ્ત થતું હોવાથી એ જ ગરીયાન્ છે એ નિશ્ચિત થયું. ક્રિયાન્તરે ચ... આજ્ઞાના આદર રહિતપણે જે તપ વગેરે અનુષ્ઠાનો કરાય છે તેનું આવું પ્રકૃષ્ટફળ મળતું નથી, કારણકે એમાં વચનના પુરસ્કાર દ્વારા, ભગવાન હૃદયસ્થ થતા ન હોવાથી સમાપત્તિ થતી નથી.

અહીં એ સમજવા જેવું છે કે, ભાવનામય જ્ઞાનમાં બધી જ ક્રિયાઓ ગૌણ ને જિનવચન જ મુખ્ય ભાસવા-પ્રરૂપવાની જે વાત ૨૪ માં શ્લોકમાં કરેલી એના અનુસંધાનમાં આ ૨૫ માં શ્લોકમાં इत्थं = અનયા રીત્યા એમ જણાવીને આજ્ઞાના આદરની વાત કરી છે. એટલે પ્રસ્તુતમાં, સમાપત્તિસ્વરૂપ પ્રકૃષ્ટ ફળ લાવી આપનાર આજ્ઞા આદર તરીકે ભાવનામય જ્ઞાન દ્વારા પ્રગટતો આજ્ઞાઆદર સમજવો જોઇએ. તેથી, ક્યારેક, 'શાસ્ત્ર વચનો જ અમારે પ્રમાણ છે, શાસ્ત્ર જ અમારી ચક્ષુ છે, અમે તો શાસ્ત્રને જ અનુસરીએ... શાસ્ત્ર શું કહે છે? તે જણાવો...' વગેરે પ્રચાર દ્વારા પોતાને શાસ્ત્રાનુસારી માનનારાઓ પણ આ ભાવનાજ્ઞાનથી સો યોજન દૂર રહ્યા હોવાના કારણે, સમાપત્તિ તરફ આગળ વધવાની વાત તો દૂર રહી, કંઇક મિથ્યાઅભિનિવેશના કારણે, મોક્ષ-મોક્ષ કરવા છતાં, મોક્ષથી કેટલાય દૂર ફેંકાઇ જતા હોય છે. બેશક, પ્રભુવચનો પ્રત્યે તેઓનો ખૂબ આદર અહોભાવ હોવો તે, ને એ આદરભાવના પ્રભાવે જ પ્રભુવચનોને નજરમાં રાખી તેઓ યાવત્ સંસાર ત્યાગ કરી કઠોર સાધનામય જીવન જીવતા હોય તે...ને કેટલાંય શાસ્ત્રોનું અધ્યયન પણ કરતાં હોય તે... ને આ બધું નજરમાં રાખી 'આપણને તો ઘણો પ્રભુવચનનો પ્રેમ છે' આવી માન્યતામાં પણ રાચતા હોય તે... આ બધું સંભવિત છે... પણ ભાવનાજ્ઞાનના અભાવનો પ્રભાવ જુઓ... આવી માન્યતાને એ માત્ર ભ્રાન્તિરૂપ બનાવી દે છે.

તે તે શાસ્ત્રવચનનો યથાશ્રુત અર્થ (પદાર્થાદિ ચારમાંનો પ્રથમ પદાર્થ) તેઓ સમજી શકતા હોય છે ને એ અર્થને જ સંપૂર્ણ અર્થ રૂપ માની એના અભિનિવેશવાળા બનતા હોય છે. એટલે એ સૂત્રના ઉત્સર્ગપદે નીકળતા અર્થને તેઓ જાણતા હોય તો અપવાદપદે નીકળતા અર્થને જાણતા હોતા નથી. એ સૂત્રના વ્યવહારનયાભિપ્રાયે નીકળતા અર્થને જાણતા હોય તો નિશ્ચયનયાભિપ્રાયે નીકળતા અર્થને જાણતા હોતા નથી. જાણતા ન હોય ત્યાં સુધી તો ઠીક છે, પણ ક્યારેક પોતે જે જાણતા હોય તે જ સંપૂર્ણ અર્થબોધ સ્વરૂપ છે, આ સિવાય આ સૂત્રનો બીજો કોઇ અર્થ હોય જ ન શકે... આવો બધો અભિનિવેશ બંધાઇ જતો હોય છે જે

द्वारैवोपपत्तेरयमेव गरीयानिति फलितम्। क्रियान्तरे च नैतदुपपत्तिः, न च तदनन्तरं भगवदनुध्यानादुपपत्तिः, अनियमादनुषङ्गत एवासंगसंभवाच्चेति।।२५।।

देशनैकनयाक्रान्ता कथं बालाद्यपेक्षया।
इति चेदित्थमेव स्यात्तद्बुद्धिपरिकर्मणा।।२६।।

देशनेति। धर्मगुह्यानुक्तौ बालाद्यपेक्षयैकनयाक्रान्ता = व्यवहारादिमात्रप्रधाना देशना कथं युज्यते?

જીવને બીજા અભિપ્રાયે નીકળતા અર્થને સાંભળવા-સમજવા માટેની ઉદારતાથી પણ વંચિત કરી દે છે, પરાભિપ્રાય માટે અત્યંત અસહિષ્ણુ બનાવે છે... ક્યારેક ઝનુની પણ બનાવે છે. જે બધું જ, એ જીવને મોક્ષમાર્ગથી ક્યાંય દૂર હડસેલી દેવા માટે સમર્થ હોય છે.

આગળ ત્રીજી બત્રીશીમાં ગ્રન્થકાર, ગચ્છવાસ સંભવિત અલ્પદોષથી ડરીને ગચ્છને છોડી જનારા સાધુઓ, અત્યંત દુષ્કર તપશ્ચરણ વગેરે કરતા હોવા છતાં, બાહ્યની જેમ અવ્રત હોય છે વગેરે જે જણાવવાના છે તેમાં પણ આવું જ કંઇક સમજવું જોઇએ. આ જીવોને પણ ખૂબ શાસ્ત્રવચનની રુચિ હોય છે, ને એના, પોતાને બેસેલા અર્થને (પદાર્થબોધને) અનુસરવા માટે જ તેઓ ગચ્છ છોડી ગયા હોય છે ને છતાં, આરાધક બનવાના બદલે મોટે ભાગે વિરાધક જ બની જતા હોય છે એ બધો ભાવનામય જ્ઞાન જન્ય આજ્ઞાઆદરના અભાવનો જ અપરાધ હોય છે. એમ ગચ્છમાં રહ્યા હોવા છતાં, ભાવનામયજ્ઞાન પામવાની તમન્ના ન ધરાવવી, ને પોતે કરેલા અર્થનો અભિનિવેશ પકડી લેવો... આ બધાના કારણે બાહ્ય દૃષ્ટિએ આજ્ઞા રુચિ હોવા છતાં, બાહ્યતાપસ વગેરેની જેમ અભિન્નગ્રન્થિપણું- અવ્રતપણું વગેરે નુકશાનો લમણે ઝીંકાય એ અસંભવિત નથી. માટે સર્વ આત્મહિતેચ્છુએ ભાવનામય જ્ઞાન સુધી પહોંચવાનો પ્રયાસ કરવો જોઇએ. ને જ્યાં સુધી એ શક્ય ન બને ત્યાં સુધી એ જ્ઞાનને પામેલા ગીતાર્થ ગુરુનું પારતન્ત્ર્ય સ્વીકારવું જોઇએ. આ રહસ્ય છે.

ભાવનાજ્ઞાન જન્ય આજ્ઞાઆદર પૂર્વક થતી ક્રિયાનું જ સમાપત્તિસ્વરૂપ પ્રકૃષ્ટફળ મળે છે એ કહ્યું. – આવા આદર વિનાની ક્રિયામાં એવું પ્રકૃષ્ટ ફળ મળતું નથી, કારણકે એમાં ભગવાન્ હૃદયસ્થ થતા હોતા નથી.

શંકા – એવી આદર શૂન્ય ક્રિયા પછી ભગવાન્નું ધ્યાન ધરવાથી ભગવાન હૃદયસ્થ થશે ને તેથી એ પ્રકૃષ્ટફળ પણ પ્રાપ્ત થઇ જશે ને?

સમાધાન – આ બરાબર નથી, કારણકે દરેક ક્રિયા પછી ભગવદ્ધ્યાન થાય જ એવો કે એવું ધ્યાન લગાવવાથી સમાપત્તિ થાય જ એવો કોઇ નિયમ નથી. આશય એ છે કે, ભગવદાજ્ઞાના આદર પૂર્વક ક્રિયા થાય તો વચનાનુષ્ઠાન ને ક્રમશઃ અસંગ અનુષ્ઠાન થવાનો નિયમ છે. જ્યારે, 'આત્મહિત માટે ભગવદાજ્ઞા જ મહત્ત્વની છે' આવો આદર જેને પેદા થયો નથી (પછી ભલે ને અનાદર ન હોય) એવી વ્યક્તિ આત્મહિત માટે ક્રિયા કરી પછી પ્રભુનું ધ્યાન કરે તો એ અવશ્ય સમાપત્તિ પામે જ એવો નિયમ નથી. ક્યારેક કોક જીવ ધ્યાનની તેવી તીવ્રતાને કારણે એ પામી જાય તો, તેમાં પણ પ્રભુવચનના આદરનો અનુષંગ = સંબંધ હોવાની સંભાવના છે, ને એના પ્રભાવે અસંગઅનુષ્ઠાન સંભવિત બને છે. માટે અંતતો ગત્વા આજ્ઞાનો આદર જ મહાન્ છે એ જાણવું.॥૨૫॥ [બાળ વગેરેને આપવાની દેશનાનું સ્વરૂપ કહ્યું. એના પર સંભવિત શંકાનું સમાધાન દેખાડવા ગ્રન્થકાર કહે છે–]

[એકનયાક્રાન્તદેશનાથી પણ બુદ્ધિ પરિકર્મણા]

શંકા - બાળ વગેરે શ્રોતાને ધર્મના રહસ્યભૂત વચનની પ્રધાનતા વગેરે રૂપ નિશ્ચયને કહ્યા વગર માત્ર

'एगंते होइ मिच्छत्तं' इति वचनादिति **चेत्**? इत्थमेव = वालाद्यपेक्षया व्यवहारादिमात्रप्राधान्येनैव तद्बुद्धेः = वालादिबुद्धेः परिकर्मणा = अर्थान्तरग्रहणसौकर्यरूपा स्यात्। इत्थं चात्रार्थान्तरप्रतिपक्षाभावान्नयान्तरव्यवस्थापनपरिणामाच्च न दोषः, शिष्यमतिपरिकर्मणार्थमेकनयदेशनाया अपि **संमत्यादौ** व्युत्पादनात्।।२६।।

प्रमाणदेशनैवेयं ततो योग्यतया मता।
द्रव्यतः सापि नो मानं वैपरीत्यं यया भवेत्।।२७।।

प्रमाणेति। तत इयं योग्यतया प्रमाणदेशनैव मता, व्युत्पादयिष्यमाणनयान्तरसमाहारेण तत्त्वोपपत्तेः, तद्भावेन तत्फलसंभवाच्च। द्रव्यतः फलानुपयोगलक्षणात् सापि = प्रमाणदेशनापि नो मानं = न प्रमाणं

બાહ્ય આચાર વગેરેની પ્રધાનતાવાળી વ્યવહારપ્રધાન દેશના આપવી એવું તમે કહ્યું. પણ આવી દેશના શી રીતે યોગ્ય કહેવાય? કેમકે કોઇ પણ નયના એકાન્તમાં મિથ્યાત્વ છે એવું શાસ્ત્રવચન છે.

સમાધાન – બાળ વગેરે દરેક શ્રોતાને સ્યાદ્વાદમય વાતોનો જ બોધ કરાવવાનો વક્તાનો અભિપ્રાય હોય છે. પણ બાળ વગેરેની બુદ્ધિ જ એવી હોય છે કે વ્યવહારાદિમાત્રના પ્રાધાન્યવાળી દેશનાથી જ એ એવી પરિકર્મિત થઇ શકે છે કે જેથી નિશ્ચયાદિને માન્ય અર્થાન્તરને સમજવો સરળ બને. આમ આવી એકનયના પ્રાધાન્યવાળી આ દેશનામાં પણ અન્યનયમાન્ય અર્થાન્તરનું ખંડન જ કરવાનો અભિપ્રાય હોતો નથી. તેમજ એ અન્યનયમાન્ય અર્થનું પણ (યોગ્ય અવસરે) વ્યવસ્થાપન કરવાનો પરિણામ હોવાથી મિથ્યાત્વ લાગી જવાનો દોષ નથી. આ રીતે શિષ્યની બુદ્ધિને વિકસિત કરવા માટે એકનયમાન્ય દેશના દેવી પણ કલ્પે છે એ બાબતનું **શ્રી સમ્મતિતર્ક પ્રકરણ** વગેરેમાં પ્રતિપાદન કર્યું છે. એટલે, પંડિતને અપાતી ધર્મગુહ્યનું– આજ્ઞાઆદરનું મહત્ત્વ સમજાવતી દેશના જ ભાવનાજ્ઞાન વગેરે સુધી પહોંચાડનારી હોવાથી પ્રકૃષ્ટફળ પ્રયોજિકા બનતી હોવાથી એ પ્રધાન છે જ. પણ એની ભૂમિકા ન હોવાથી જે રીતે એ ભૂમિકા ઘડાય એ રીતે (યોગ્યભૂમિકા ઘડવા માટે) બાળ– મધ્યમને વ્યવહાર નયાક્રાન્ત દેશના અપાય છે. તેથી બાળ જીવ ધીમે ધીમે મધ્યમ બને છે ને મધ્યમજીવ પંડિત બને છે. આ વાત આગળના શ્લોકમાં કરશે.॥૨૬॥ [નય કરતાં પ્રમાણ મહાન્ છે. માટે તો તત્ત્વાર્થસૂત્ર 'प्रमाणनयैरधिगमः' માં અલ્પસ્વરી એવા પણ 'નય' શબ્દને પ્રથમ ન મૂકતાં બીજો મૂક્યો છે. એટલે નયદેશના કરતાં પ્રમાણદેશના જ મહાન્ હોવાથી બાળ વગેરેને પણ પ્રમાણ દેશના જ શા માટે ન આપવી? એવી શંકાનું સમાધાન કરવા ગ્રન્થકાર કહે છે–]

બાળ વગેરેને લક્ષ્યમાં રાખીને અપાતી એકનયદેશના પણ તેની બુદ્ધિની પરિકર્મણા દ્વારા અન્યનયદેશનાની ભૂમિકા તૈયાર કરતી હોવાથી પ્રમાણદેશના રૂપ જ મનાયેલી છે, કારણકે તેવી ભૂમિકા તૈયાર થવા પર અન્યનયની પ્રજ્ઞાપના થાય છે. એટલે ઉભયનયનો સમાહાર થવાથી એ દેશનામાં પ્રમાણદેશનાપણું સંગત ઠરે છે. વળી આ પ્રમાણદેશનાપણાંના કારણે (અથવા અન્યનયની પણ દેશના થવાના કારણે ઉભયનયની સાપેક્ષતા સમજાવાથી = 'પ્રમાણ' ભૂત વાતો = પ્રામાણિક વાતો સમજાવાથી) પ્રમાણદેશનાનું જે ફળ છે તે ફળ પ્રાપ્ત થવું સંભવે છે. એટલે આ કારણે પણ બાળ વગેરેને આપેલી એકનયદેશના પ્રમાણદેશના જ છે. બાકી બાળ વગેરેને જો સીધી પ્રમાણદેશના આપવામાં આવે તો તેઓની બુદ્ધિ તેવી પરિકર્મિત ન હોવાથી જે ફળ મળવું જોઇએ એ ફળ મળતું નથી. એટલે એ દેશના દ્રવ્યથી પ્રમાણ દેશના કહેવાય છે..આવી દ્રવ્યથી પ્રમાણદેશના પ્રમાણભૂત નથી, કેમકે એનાથી બુદ્ધિનો યોગ્ય પ્રકાશ થવાના બદલે ઉપરથી બુદ્ધિનો અંધાપો થાય છે, સાધુવેશ વગેરે પરનું એનું બહુમાન નષ્ટ થઇ જાય છે. [બેશક, દૂધ વધારે શક્તિપ્રદ છે. પણ હોજરી જો દૂધને પચાવવા

यया वैपरीत्यं ध्यान्ध्यलक्षणं भवेत्।।२७।।

आदौ यथारुचि श्राव्यं ततो वाच्यं नयान्तरम्।
ज्ञाते त्वेकनयेऽन्यस्मात् परिशिष्टं प्रदर्शयेत्।।२८।।

आदाविति - आदौ = प्रथमं यथारुचि = श्रोतृरुच्यनुसारिनयानुगुण्येन श्राव्यं जिनवचनम्। ततः स्वपारतन्त्र्यं बुद्धिपरिकर्मणां च श्रोतुर्ज्ञात्वा नयान्तरं वाच्यम्। अन्यस्मात् = स्वव्यतिरिक्तात्त्वेकस्मिन्नये श्रोत्रा ज्ञाते सति परिशिष्टं = अज्ञातनयान्तरं प्रदर्शयेत्, अप्राप्तप्रापणगरीयस्त्वान्महतामारंभस्य।।२८।।

संविग्नभाविता ये स्युर्ये च पार्श्वस्थभाविताः।
मुक्त्वा द्रव्यादिकं तेषां शुद्धोञ्छं तेन दर्शितम्।।२९।।

संविग्नेति। *[संविग्नभाविता बालाः पंडिताश्च स्युः, पार्श्वस्थवासिता बालाः स्युः, तत्र पार्श्वस्थवासिता

માટે સમર્થ નથી, તો મગનું પાણી આપવું જ હિતકર બને છે. મગનું પાણી જ હોજરીને ક્રમશઃ દૂધ પચાવવાને પણ સમર્થ બનાવશે. બાકી દૂધ પચાવવાની શક્તિ ન હોવા છતાં, 'દૂધ સંપૂર્ણ ખોરાક છે' એટલી જ વાતને નજરમાં લઇ આપવામાં આવે તો શક્તિના બદલે અશક્તિ જ વધે એ સ્પષ્ટ છે.]।।૨૭।। [ક્રમશઃ નયદેશના આપવી એ પણ પ્રમાણદેશનારૂપ બને છે એવું કહ્યું. એમાં કયા ક્રમે તે તે નયદેશના આપવી એ જણાવવા ગ્રન્થકાર કહે છે–]

[નયદેશનાપ્રદાનનો ક્રમ]

સહુ પ્રથમ શ્રોતાની જેવી રુચિ હોય તેને અનુકૂળ જે નય હોય તેની દેશના આપવી. [આનાથી શ્રોતાને વક્તા પ્રત્યે આકર્ષણ થાય છે જેના પ્રભાવે એને વક્તા પર કંઇક આસ્થા થવાથી વક્તાની વાત પર વિચાર કરવા અને સ્વીકારવા એ તૈયાર થાય છે. માટે તો ઉપમિતિભવપ્રપંચાકથામાં અર્થપ્રેમી જીવને અર્થકથાથી આકર્ષવા વગેરની વાત છે.] આવી દેશનાથી એ શ્રોતા પોતાને (વક્તાને) પરતંત્ર બન્યો છે(પોતે જે કહેશે એને સ્વીકારવાની તૈયારી વાળો થયો છે) એ, તેમજ અન્ય નયની વાત સમજવા માટે આવશ્યક એવી એની બુદ્ધિની પરિકર્મણા થઇ ગઇ છે એ, જાણીને પછી વક્તાએ એને બીજા નયની દેશના આપવી. [એક પણ નયની વાત મુખ્યતયા જેણે જાણી નથી એવા શ્રોતા માટે આ વાત કહી.] જે શ્રોતાએ એક નયની વાત અન્ય વક્તા પાસેથી પહેલાં જાણી લીધી છે (પણ એનો અભિનિવેશ નથી) તેવા શ્રોતાને અજ્ઞાત એવા બીજા નયની દેશના આપે. [એ પણ પોતાના પર એનો વિશ્વાસ ઊભો કરીને પછી આપવી, એ જાણવું. તેમજ એમાં પ્રથમ જ્ઞાત નયનું મુખ્યતયા ખંડન ન હોય તે જાણવું, કેમકે એ નયની એની વ્યુત્પત્તિ પણ ઊભી જ રાખવાની છે.] કારણકે મહાપુરુષોનો કોઇપણ પ્રયાસ અપ્રાપ્તચીજની પ્રાપ્તિ કરાવનારો હોવાના કારણે જ મહાન હોય છે.।।૨૮।। [આ જ વાતને એક શાસ્ત્રસિદ્ધ બાબતથી સ્પષ્ટ કરતા ગ્રન્થકાર કહે છે –]

સંવિગ્નભાવિત જીવો બાળ પણ હોઇ શકે, પંડિત પણ હોઇ શકે. પાસત્થાઓથી વાસિત જીવો બાળ હોય છે. તે બાળજીવો મુગ્ધ પણ હોઇ શકે, અભિનિવિષ્ટ પણ હોઇ શકે. આમાંથી જે સંવિગ્નભાવિત બાળ જીવો હોય છે તેઓ અપરિણત હોય છે. દ્રવ્ય-ક્ષેત્ર વગેરેની તેવી વિશેષ પરિસ્થિતિને ન જાણતા તેઓ વિશેષ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર વગેરેને પણ સામાન્યસંજોગો રૂપે જ જુએ છે. અને તેથી 'સાધુઓને શુદ્ધ ભિક્ષા જ અપાય, એવા

---

* બ્રેકેટ અંતર્ગત પાઠ સંવેગી ઉપાશ્રય, હાજા પટેલની પોળ, અમદાવાદની હસ્તલિખિત પ્રતમાં નથી.

बाला (मुग्धा) आभिनिवेशिकाश्च बोध्याः। ये संविग्नभाविता बालास्तेऽपरिणताः यथापरिणतिमजानाना द्रव्यादिकमविशेषतयैकान्तव्यवस्थानाः]। तेन = हेतुना ये संविग्नभाविताः स्युः ये च पार्श्वस्थभावितास्तेषां द्रव्यादिकं मुक्त्वाऽऽदिना क्षेत्रादिग्रहः, शुद्धोञ्छं = शुद्धपिंडविधानं दर्शितं,

· [1]संविग्गभाविआणं लुद्धयदिट्ठंतभाविआणं च।

स्वअभिप्रायमुजबना એકान्तनी मान्यतावाळा होय छे. [आवी मान्यतावाळी परिस्थिति ઊભी એवी रीते थयेली होय छे के, पूर्वे जे संविग्नो आव्या होय तेओએ सामान्य नियम मुजब प्रथम उत्सर्ग देખाडवानो होઇ आ उत्सर्गमार्ग तेओने देખाड्यो होय. એ पछी अपवादमार्ग देખाडवानो अवसर रह्यो न होय अथवा ते श्रोताओनी बुद्धि तेवी परिकर्मित थઇ न होय अने तेथी अपवादमार्ग देખाड्यो न होय. એटले એ बाળजीवोએ आवो એकान्त नક्की करी दीधो होय छे के शुद्धભिक्षा જ वहोरावाय (आ એकान्तनो पण अभिनिवेश न पકडाઇ गयो होय ते जाणवुं). 'सौ प्रथम श्रोतानी रुचिने अनुसरीने એने अनुકूળ नयदेशना आपवी तेमજ श्रोताએ એकनय જो अन्य पासेथी जाણ्यो होय तो એने अन्यनयनी देशना आपवी' आवी ઉपर देખाडेली જे व्यवस्था छे तेना કारણे જ बृहत्कल्प वगेरेमां જेओ संविग्नભावित होय तेमજ જेओ पार्श्वस्थभावित होय ते (बाળजीवोने) तेवा विशेष प्रકारना द्रव्य-क्षेत्र वगेरेने छोडीने शुद्ध ભिक्षादाननुं विधान ઉपदेशवानुं जणाव्युं छे. त्यां कह्युं छे के 'संविग्नભावित गृहस्थोने तेमજ लुब्धक दृष्टान्तભावित गृहस्थोने तेवा विशेष क्षेत्र, काल अने ભावने छोडीने शुद्ध पिंडनी वातो कहे.'] [आमां संविग्नભावित गृहस्थोने शुद्धपिंडनी देशना देवानी જे वात छे એ 'प्रथम यथारुचि देशना आपवानी' वातना समर्थनमां जाणवी, अने लुब्धक दृष्टान्तભावितने જे शुद्धपिंडनी देशना देवानी वात छे એ 'अन्य अज्ञात नय देખाडवानी' वातना समर्थनमां जाणवी, કारणके लुब्धक दृष्टान्तભावित आ जीवोએ अशुद्ध ભिक्षा आपवानी वात तो पासत्था पासेथी जाणेली જ होय छे. लुब्धक दृष्टान्तભावित जीवोने शुद्धपिंडनी आ देशना पण पोताना वचन पर એने विश्वास बेसे એवी ભूमिકा ઊભी કर्या पछी समજवी, अन्यथा, कां तो वક्ताની सत्यवातने पण असत्य मानी એ ફगावी दे अथवा तो बुद्धिભेद थवाथी द्विधामां पડे, अने अशुद्ध ભिक्षा आपवानुं पण બंध करे तो ભगवतीજीमां कहेला प्रચुरनिर्જराना लाભथी पण वंचित रहे. श्रोताने स्ववचन पर विश्वास बेसे એवी परिस्थिति निर्माण કरवी એ आत्मार्थी धर्मोपदेशकनुं એक बहु महत्त्वनुं कर्त्तव्य छे. એमां य જ्यारे એक नयने જ जाणनार अने श्रद्धा કरनार श्रोताने अन्यनयनुं प्रदर्शन કरवानुं होय त्यारे तो એ अत्यंत आवश्यक बनी जाय छे. એटले જ तो, दीर्घ अटवीमांथी જ्यारे विहार કरवानो होय अने तेथी अपवाद पदे अशुद्ध ભिक्षा वगेरेनो पण ઉपयोग કरवानो होय त्यारे मात्र ઉत्सर्गने જ जाणनार अने सद्दहनार अगीतार्थो ઉत्सर्गने જ પકडीने अहित न आचरी बेसे એ माटे तेओने अध्वाकल्प (दीर्घअटवी पसार કरती वખतना आचारो) જे कहेवानो होय छे (के જेमां अटवी संબंधी अपवादनी वातो पण आवे छे) तेना पर ते अगीतार्थोने 'आ तो आचार्य महाराज पोतानी कल्पेली बधी वातो कहे छे, शास्त्रमां तो आवुं अशुद्ध लेवानुं कांઇ कह्युं नथी' એवो अविश्वास न थઇ जाय એ माटे 'आचार्य जाणीबूઝीने वચमां वચमां કંઇક कहेवानुं छोडी दे अने अन्य गीतार्थो 'गुरुજी, आ तो कहेवानुं रही गयुं' એम कही याद કरावे એवी કरामत કरवानुं छेदग्रन्थोमां कह्युं छे. (જेथी ते अगीतार्थोने पण प्रतीति थाय के आचार्य महाराज आ જे बधुं कहे छे ते स्वકल्पित नथी, शास्त्रोक्त छे अने तेने अन्य गीतार्थो पण जाणे જ छे.) संविग्नભावितने पण જे એनी रुचिने अनुसारे शुद्ध ભिक्षानी

१ संविग्न भावितानां लुब्धकदृष्टान्तभावितानां च। मुक्त्वा क्षेत्रकालं भावं च कथयन्ति शुद्धोञ्छम्।।

मुत्तूण खित्तकालं भावं च कहिंति सुद्धंछं।। इत्यादिना **बृहत्कल्पादौ**। अत्र हि संविग्नभावितान् प्रति द्रव्यादिकारणेष्वशुद्धस्यापि व्युत्पादनं, पार्श्वस्थभावितान् प्रति च शुद्धोञ्छविधेरेव तत्सार्थकमिति लभ्यते, इतरत्तु पिष्टपेषणतुल्यमिति।।२९।।

दुर्नयाभिनिवेशे तु तं दृढं दूषयेदपि।
दुष्टांशच्छेदतो नांघ्री दूषयेद्विषकंटकः।।३०।।

दुर्नयेति। परस्य कुदेशनया दुर्नयाभिनिवेशे त्वेकान्तग्रहरूपे ज्ञाते तं = दुर्नयं दृढं दूषयेदपि। यतो दुष्टांशस्य छेदतो विषकंटकोंऽघ्री न दूषयेदेवमिहापि दुर्नयलवच्छेदे द्वावपि नयौ सुस्थितावतिष्ठेते इति।

देशना आपवानुं कह्युं ते 'स्ववचन पर એને विश्वास बेसे' ઇत्यादिરૂप स्वपारतन्त्र्यनुं अने बुद्धिपरिकर्मणानुं संपादन थाय એ माटे जाणवुं. એ थया बाद] संविग्नभावित ते गृहस्थोने तेवा विशेष प्रकारना द्रव्य वगेरे कारणोએ 'अशुद्धભિક્ષાનું પણ દાન કરાય' ઇત્યાદિરૂપ અન્યનયથી પણ માહિતગાર કહે. પાર્શ્વસ્થભાવિત ગૃહસ્થ તો આ નયની બાબતમાં વ્યુત્પન્ન જ હોવાથી તેને તો માત્ર શુદ્ધપિંડની દેશનાથી જ ઉભયનયનો પરિચય થઇ જવાથી પ્રમાણ દેશના સંપન્ન થઇ જાય છે. એટલે એને માટે તો શુદ્ધપિંડ અંગેનું વ્યુત્પાદન સાર્થક બને છે એ જણાય છે, અશુદ્ધ ભિક્ષાની દેશના તો એના માટે પિષ્ટપેષણ તુલ્ય જ બની રહે છે, કેમકે એ બાબતમાં તો એ વ્યુત્પન્ન જ હોય છે. संविग्नभावित गृहस्थो 'अशुद्धભિક્ષા વહોરાવાય જ નહીં' આવો જે ખ્યાલ ધરાવતા હોય છે તેના નિવારણ માટે '(અવસરે) અશુદ્ધ ભિક્ષા પણ વહોરાવાય' એવી પ્રરૂપણા કરવી આવશ્ક હોય છે. પણ પાર્શ્વસ્થભાવિત ગૃહસ્થ એવો ખ્યાલ ધરાવતો હોતો નથી, માટે એને આવી પ્રરૂપણા કરવી આવશ્યક નથી એમ અહીં જણાવ્યું છે, બાકી, એ પણ, શુદ્ધ-અશુદ્ધ કાંઇ પણ વહોરાવાય, આટલો જ વ્યુત્પન્ન હોય છે. કેવા અવસરે શુદ્ધ અને કેવા અવસરે અશુદ્ધ વહોરાવવાનું એ બાબતમાં તો એ પણ અવ્યુત્પન્ન જ હોવાથી, જો એવી યોગ્ય ભૂમિકા હોય તો 'આવા દ્રવ્યાદિ અવસરે અશુદ્ધ પણ વહોરાવી શકાય' વગેરે ઉપદેશ સાર્થક છે જ. અથવા તો, એને શુદ્ધભિક્ષાદાનનો ઉપદેશ જે આપવાનો હોય છે એમાં જ આ વિભાજન પણ સમજાવી દેવાની હકીકત જાણવી. એટલે કે સામાન્ય સંયોગોમાં શુદ્ધ જ અપાય, અશુદ્ધ પણ આપવાની જે વાત છે તે આવી આવી પરિસ્થિતિ માટે જાણવી. ટૂંકમાં, यावदप्राप्तं तावद् विधेयम्.]॥२८॥

[दुर्नयाभिनिवेशे दृढ खंडन]

[અન્ય પાસેથી જાણેલા એક નયનો જો અભિનિવેશ બંધાઇ ગયો હોય અને તેથી એ દુર્નય બની ગયો હોય તો શું કરવું? એ ગ્રન્થકાર જણાવે છે–]

'શ્રોતાને અન્યની કુદેશનાથી એકાન્તના આગ્રહ રૂપ દુર્નયાભિનિવેશ થઇ ગયો છે' એવું જો જણાય તો એ દુર્નયનું દૃઢ પણે ખંડન પણ કરવું. જેમ દુષ્ટભાગ છેદી નાંખવામાં આવે તો વિષકંટક પગને બગાડતો નથી એમ પ્રસ્તુતમાં દુર્નયના અંશનો છેદ કરવાથી પછી બન્ને નયો સુસ્થિત બનીને રહે છે, એટલે કે પછી બન્ને નયોની વ્યુત્પન્નતા રહે છે. એક નયનો અભિનિવેશ રહેતો નથી.

शंका - પણ આમ અન્યનયના પ્રતિક્ષેપ પૂર્વક જો અજ્ઞાતનયની દેશના આપવામાં આવે તો એ પણ દુર્નય જ નહીં બની જાય? કેમકે નયમાં ઇતરાંશનો પ્રતિક્ષેપ હોતો નથી. 'प्रकृतवस्त्वंशग्राही तदितरांशाऽप्रतिक्षेपी अध्यवसायविशेषो नयः' એવી જ નયની વ્યાખ્યા છે.

समाधान - આમાં ઇતરનયનો જે પ્રતિક્ષેપ કરવામાં આવે છે તે, તે ઇતર નયને દૂષિત ઠેરવવાના તાત્પર્યથી

न चैवमितरांशप्रतिक्षेपाद्दुर्नयापत्तिः, तस्य प्रकृतनयदूषणातात्पर्येण नयान्तरप्राधान्यग्राहकत्वेन परेषां तर्कवदनुग्राहकत्वेन तत्र तत्र व्यवस्थितत्वात्। निर्णीतमेतन्नयरहस्ये[पृ. ३६]।।३०।।

जानाति दातुं गीतार्थो य एवं धर्मदेशनाम्।
कलिकालेऽपि तस्यैव प्रभावाद्धर्म एधते।।३१।।
गीतार्थाय जगज्जन्तुपरमानन्ददायिने।
मुनये भगवद्धर्मदेशकाय नमो नमः।।३२।।

जानातीति। गीतार्थायेति व्यक्तौ।।३१।।३२।।

નહિ, અર્થાત્ એના વિષયનો સર્વથા નિષેધ કરવાના તાત્પર્યથી નહિ, પણ [એ જ્ઞાતનયનો અભિનિવેશ છૂટી જાય અને] અજ્ઞાત નયનો વિષય મુખ્યરૂપે ગૃહીત થઇ શકે એ માટે હોય છે 'द्रव्यमात्रग्राही नयो द्रव्यार्थिकः' ઇત્યાદિ રૂપ તે તે નયના લક્ષણમાં 'માત્ર' શબ્દથી પર્યાય વગેરે રૂપ ઇતરાંશનો પ્રતિક્ષેપ ભાસે છે. પણ વસ્તુતઃ એ 'માત્ર' શબ્દ પર્યાયનો સર્વથા નિષેધ કરવા માટે નથી, પણ 'દ્રવ્ય' નો જ મુખ્યરૂપે સ્વીકાર કરવા માટે છે. એટલે આ મુખ્ય વિષયભૂત 'દ્રવ્ય' સિવાયના અન્ય 'પર્યાય' વગેરેનો એ તર્કની જેમ ગૌણ રૂપે નિશ્ચાયક બને છે. (અથવા તર્ક = અન્વયવ્યભિચારની શંકાનો વિઘટક અનુકૂલતર્ક. અનુમિતિ પ્રત્યે તર્ક એ સીધો જનક નથી પણ વ્યાપ્તિગ્રાહકતયા ગૌણરૂપે ગ્રાહક છે. એમ પ્રસ્તુતમાં જાણવું.) આવી વ્યવસ્થા દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક વગેરે દરેક નયોના લક્ષણમાં રહેલ 'માત્ર' શબ્દ માટે જાણવી. આવી જ રીતે પ્રસ્તુતમાં પણ દુર્નય બનેલ જ્ઞાતનયનો જે પ્રતિક્ષેપ કરવાનો કહ્યો છે એના અંગે જાણવું. 'નય' આ રીતે ઇતરાંશપ્રતિક્ષેપ કરવાથી 'દુર્નય' નથી બનતો એનો નિર્ણય ગ્રન્થકારે સ્વકીય 'નયરહસ્ય' ગ્રન્થમાં કરી દેખાડ્યો છે. (જુઓ શ્રી અંધેરી ગુજરાતી જૈનસંઘ પ્રકાશિત નયરહસ્ય પુસ્તક પૃ. ૩૬)॥૩૦॥

[દેશના દ્વાત્રિંશિકાનો ઉપસંહાર કરતાં ગ્રન્થકાર કહે છે–]

જે ગીતાર્થ મહાત્મા આ પ્રમાણે ધર્મદેશના આપવાનું જાણે છે તેઓના જ પ્રભાવે કલિકાળમાં પણ ધર્મની જાહોજલાલી છે. જગતના જીવોને પરમાનન્દ આપનારા, ભગવદ્ધર્મના દેશક આવા ગીતાર્થ મુનિ ભગવંતને નમસ્કાર હો... નમસ્કાર હો...॥૩૧॥૩૨॥

દેશનાબત્રીશી અંગે કંઇક વિચારણા–

ધર્મની (ધર્મપ્રતિપાદક શાસ્ત્રની) કષ, છેદ અને તાપ એમ જે ૩ પરીક્ષાઓ કહેલી છે તેનો અને બાળ, મધ્યમ અને પંડિત એ ૩ કક્ષાના જીવોનો પરસ્પર વિચાર કરીએ તો જણાય છે કે જે ધર્મ કષ પરીક્ષામાં પાસ થતો હોય એને બાળજીવો સત્યધર્મ તરીકે સ્વીકારી લે છે. તપ કરવો, ધ્યાન ધરવું વગેરે વિધાનો અને કોઇની હિંસા ન કરવી, જૂઠ ન બોલવું વગેરે નિષેધો સાંભળીને જ એમને એના પર અહોભાવ થઇ જાય છે. પછી તેઓને એ ધર્મમાં કહેલાં અનુષ્ઠાનો આ વિધિ-નિષેધને અનુરૂપ છે કે નહીં એ જોવાની જરૂર લાગતી નથી. મધ્યમજીવો વૃત્તને પ્રધાન ગણે છે. એટલે કે નાના મોટા અનુષ્ઠાનોને તપાસે છે. તેથી જે ધર્મ 'છેદ' પરીક્ષામાંથી પાસ થતો હોય તેને તેઓ 'ધર્મ' તરીકે સ્વીકારી લે છે. એટલે હિંસાનો નિષેધ કર્યા પછી હિંસાગર્ભિત યજ્ઞ વગેરે અનુષ્ઠાનો જો એ ધર્મમાં થતા હોય તો એવા ધર્મને તેઓ 'ધર્મ' તરીકે સ્વીકારતા નથી. અહિંસા વગેરેની જેમ જેમ વધુ ઝીણી ઝીણી કાળજીવાળા આચરણો જોવા-જાણવા મળે તેમ તેમ તેઓને એ ધર્મ પ્રત્યે વધુ આકર્ષણ થાય છે. માટે તો તેઓની આગળ સમિતિ વગેરેની દેશના આપવાનું વિધાન છે. આ જીવોની બુદ્ધિ

પંડિત જીવોની બુદ્ધિ જેટલી વિકાસ પામેલી ન હોઇ, સુંદર આચાર માર્ગ જોવા મળી જાય તો પછી એના મૂળભૂતસિદ્ધાન્તો આ અહિંસા વગેરેને અનુરૂપ છે કે નહીં? એ જોવાની તેઓને જરૂર લાગતી નથી. પંડિતજીવો શાસ્ત્રતત્ત્વને જુએ છે. એટલે કે જેના શાસ્ત્રોનો સિદ્ધાન્ત એવો હોય કે જેના પર અહિંસા વગેરે સંગત ઠરે તેને તેઓ યોગ્ય માને છે. એટલે કે તેઓ જે ધર્મ 'તાપ' પરીક્ષામાં ઉત્તીર્ણ થતો હોય તેને સત્ય ધર્મ તરીકે સ્વીકારે છે. તેઓ વૃત્તને પણ જુએ છે. તેમ છતાં વૃત્ત કરતાંયે અનેક ગણું વધુ મહત્ત્વ મૂળભૂતસિદ્ધાંતને જ આપતા હોય છે. એટલે એક કઠોર આચાર પાલન કરનારા ગચ્છ બહાર થયેલ સાધુ છે અને એક શિથિલ બનેલ સંવિગ્નપાક્ષિક છે. તો એ બેમાં પંડિત જીવ સંવિગ્નપાક્ષિકને જ ઊંચા માનશે, ગચ્છબાહ્યને નહીં. શાસ્ત્રમાં આવી કરેલી વાતમાં પણ એને જરાય અસંગતિ-શંકા-કે આશ્ચર્ય નહીં લાગે, કિન્તુ આ એકદમ બરાબર જ છે એવું લાગશે.

બાળજીવો લિંગને જુએ છે અને એને અનુરૂપ એના વિસ્મય પમાડે એવા સ્થૂલબાહ્ય આચારોને જૂએ છે, પણ સૂક્ષ્મતાથી આચરણને જોતા નથી આવી જે વાસ્તવિકતા છે તેના પરથી એક સૂચન આ પણ સમજવું કે આવા જીવોને પરિકર્મિત બુદ્ધિવાળા અને સ્વ (= વક્તા) પ્રત્યે વિશ્વાસવાળા કરીને બાળકક્ષામાંથી ઉપર લાવવાનો પ્રયાસ કરવાની ભૂમિકા જ્યાં સુધી ઊભી થઇ ન હોય ત્યાં સુધી તેઓ આગળ પ્રચ્છન્ન શિથિલાચારવાળાનું ખંડન ન કરવું. ઉપર ઉપરની દૃષ્ટિએ તર્ક પૂર્ણ લાગે એવી કર્ણપ્રિયવાણીથી લોકોને ધર્મ તરફ આકર્ષનારા હોય અને સ્વજીવનમાં અક્ષન્તવ્ય શિથાલાચારવાળા હોય તેવાઓના પણ, સ્વ-પરને નુકશાન કરનારા પણ દોષો ઉક્ત બાળજીવો આગળ પ્રકટ કરવા ન જોઇએ. એમ આચારપાલનમાં સૂક્ષ્મકાળજીનો આભાસ ઊભો કરનારા ગચ્છ બાહ્યજીવોના સ્વ-પરને નુકશાન કરનારા દોષો પણ એવી વિશેષભૂમિકા ઊભી કર્યા વગર મધ્યમ કક્ષાના જીવોને કહેવા ન જોઇએ.

પદાર્થ-વાક્યાર્થ વગેરે સાથે આ બાળજીવો વગેરેની વિચારણા કરીએ તો એવું લાગે છે કે બાળજીવોને માત્ર પદાર્થ બોધ થાય છે, કોઇપણ જીવને મન વગેરેથી પીડા ન કરવી એટલો યથાશ્રુત અર્થ એ પકડી લે છે. પણ પછી, જિનમંદિર, લોચ વગેરે પ્રવૃત્તિમાં આ યથાશ્રુત અર્થ બાધિત થાય છે વગેરે રૂપે એ યથાશ્રુત અર્થ અને પ્રવૃત્તિનું પરસ્પર અનુસંધાન કરવાની એની ભૂમિકા હોતી નથી, કારણકે પ્રવૃત્તિ—વૃત્તને જોવાની એને જરૂર જ લાગતી હોતી નથી. મધ્યમકક્ષાનો જીવ વૃત્તને-પ્રવૃત્તિને પ્રધાન ગણે છે. એટલે 'કોઇને પીડા ન કરવી' એવું જાણ્યા પછી જિનભવન વગેરે પ્રવૃત્તિનો વિચાર કરતાં, જો એ પૃથ્વીકાયાદિને જીવ તરીકે જાણતો હોય તો એને શંકા પડી શકે છે કે આમાં તો અન્યજીવોને પીડા કરવાનું થાય છે. એટલે આ પ્રવૃત્તિ શી રીતે કરી શકાય? આમ મધ્યમજીવ વાક્યાર્થસુધી પહોંચી શકે છે. મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાર્થને તો પંડિત જ પામી શકે છે.

શંકા - પ્રસ્તુત બત્રીશીના ૨૧ માં શ્લોકમાં (એમ ષોડશકમાં પણ) બાળજીવને લોચ, પૃથ્વી પર સંથારો, તપશ્ચર્યા, પરીષહ સહન વગેરે સ્વરૂપ સાધુજીવનના બાહ્ય આચારની દેશના આપવાનું કહ્યું છે. જ્યારે યોગશતકમાં અપુનર્બન્ધકજીવને લૌકિક ધર્મની, સમ્યગ્દૃષ્ટિને શ્રાવકધર્મની, શ્રાવકને સર્વવિરતિની ને સાધુને સામાચારીની દેશના આપવાનું કહ્યું છે. અપુનર્બન્ધકજીવ બાળ હોવો સમજાય છે. એટલે પ્રસ્તુત ગ્રન્થ પ્રમાણે એને સાધુના બાહ્ય આચારોની દેશના આપવાનું જણાય છે ને યોગશતકના મતે લૌકિકધર્મની દેશના આપવાનું જણાય છે, તો આ બેમાં વિરોધ નહીં? વળી આવશ્યકની ૧૬૧૮ મી ગાથાની વૃત્તિમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે એમ જણાવ્યું છે કે પહેલાં સર્વવિરતિ બતાવવી ને પછી દેશવિરતિ બતાવવી. એમ બૃહત્કલ્પ પ્રથમ ઉદ્દેશામાં

૧૧૩૯ મી ગાથામાં સર્વવિરતિ-દેશવિરતિ-સમ્યગ્દર્શન-મદ્યમાંસનિવૃત્તિ... ઉપદેશનો આ ક્રમ દર્શાવ્યો છે તથા આ ક્રમ ન જાળવે તો પ્રાયશ્ચિત્ત પણ દર્શાવ્યું છે, જ્યારે યોગશતકમાં, સમ્યગ્દૃષ્ટિજીવને, પહેલાં સાધુધર્મ ન દર્શાવતા શ્રાવકધર્મ શા માટે દર્શાવવો તે શ્લોક નબંર ૨૮ માં સકારણ જણાવ્યું છે. એટલે આનો પણ વિરોધ નથી?

સમાધાન - ઉપસ્થિત થયેલા શ્રોતાની ભૂમિકાને વક્તા બે રીતે તપાસે છે. ધર્મમાર્ગમાં જોડાવા અંગેની ભૂમિકા ને તત્ત્વને સમજવા અંગેની ભૂમિકા. આમાંની પ્રથમ ભૂમિકા મુખ્યતયા મોહનીયકર્મના ક્ષયોપશમના આધારે ઊભી થાય છે. ને એ ક્ષયોપશમને અનુસરીને એના અપુનર્બન્ધક, અવિરત સમ્યક્ત્વી, દેશવિરતિ અને સર્વવિરતિ એવા ચાર મુખ્યભેદ છે. બીજી ભૂમિકા મુખ્યતયા જ્ઞાનાવરણના ક્ષયોપશમને સાપેક્ષ છે ને એના બાળ, મધ્યમ અને પંડિત એવા ભેદ છે. બીજા પ્રકારની ભૂમિકા ઊભી કરનાર આ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ મોહનીયના ક્ષયોપશમને અનુસરીને જ હીન કે અધિક હોય છે એવો નિયમ નથી. એટલે, સર્વવિરતિની ભૂમિકા હોવા સાથે 'બાળ' પણું હોવું પણ સંભવે છે. એમ અપુનર્બન્ધકની ભૂમિકા હોવા સાથે પંડિતપણું હોવું પણ અસંભવિત નથી.

એટલે જ, આઠ વર્ષની ઉંમરે બુદ્ધિનો એટલો વિકાસ ન હોવા છતાં સર્વવિરતિની ભૂમિકા હોવી નિષિદ્ધ નથી. એવા જીવને સર્વવિરતિના માર્ગે લાવવા પણ બહુ ઊંચા સૂક્ષ્મ તત્ત્વોની સમજણ ન આપતાં સ્થૂળથી સંસારમાં કેટલાં પાપો છે ને સંયમ જીવનના આચારો કેટલા નિષ્પાપ છે વગેરેની સમજણ આપવી જ ઉચિત હોય છે. એમ વયસ્ક હોવા છતાં, ગામડામાં રહેવા વગેરેના કારણે એટલી સમજણ શક્તિ ન હોય, અને તેમ છતાં સર્વવિરતિ યોગ્ય ભૂમિકા હોય તો સંયમજીવનના આચારોનું સ્થૂળ દૃષ્ટિએ વર્ણન કરી, આકર્ષીને સંયમમાર્ગે ચઢાવી શકાય છે. એમ અપુનર્બન્ધક કે અવિરત સમ્યક્ત્વી યોગ્ય ભૂમિકા ધરાવનાર શ્રોતા પણ આમ ઘણું ભણ્યો ગણ્યો હોવાના કારણે બુદ્ધિ વિકસિત હોય તો એને એની ભૂમિકા યોગ્ય વાતો પણ સૂક્ષ્મ રીતે કરવી પડે છે. જેમકે એ જ ભૂમિકાના બાળ જીવને જિનપૂજાનો મહિમા વગેરે દર્શાવી પૂજા કરતો કરી દેવાનો. એને આમાં પુષ્પાદિના જીવોની હિંસા હોવા છતાં એ દોષરૂપ નથી વગેરે સમજાવવાનું હોતું નથી, કારણકે જો સમજાવવા જઇએ તો સ્વરૂપહિંસા વગેરેને એ સમજી ન શકવાથી 'આમાં તો હિંસા થાય' એમ કરીને પૂજા ન પણ કરે, ઉપરથી અવહેલના પણ કરે. માટે તો બાળજીવને બુધસંબંધી દેશના આપવી એ પરસ્થાનદેશના હોઇ પાપદેશના કહેવાયેલી છે. કેટલીય બાબતો એવી હોય છે જે બુધને હેતુગ્રાહ્ય હોવા છતાં બાળજીવને આજ્ઞાગ્રાહ્ય જ હોય છે. બાળજીવને પણ એ બાબતો હેતુ પુરસ્સર સમજાવવા જઇએ તો એ સમજી ન શકવાથી મૂંઝવણમાં પડે, કદાચ વક્તા પ્રત્યે અભાવ પણ પેદા થાય કે 'મને સમજાવી શકવાની આવડત નથી ને નકામી માથાઝીંક કરે છે' અથવા 'વક્તા કહે છે એ બધું જ કાંઇ સાચું નથી' એવી અશ્રદ્ધા વગેરે પણ થાય. ને તેથી એને માર્ગમાં જોડવાનું પ્રયોજન સિદ્ધ થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે ગોવાળિયાઓની સમક્ષ એમની ભાષામાં વાદ ન કરતાં પંડિતોની ભાષામાં વાદ કર્યો ને માટે હાર્યા.

બીજી બાજુ ભલે અપુનર્બન્ધક હોય, પણ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ તેજ હોય તો એને જિનપૂજાનું વિધાન દર્શાવવા પર સહજ આ શંકા થવાની શક્યતા હોય છે કે 'આમાં' તો હિંસા રહેલી છે... ઇત્યાદિ... એટલે એને સ્વરૂપહિંસા વગેરે સમજણ આપી 'જિનાજ્ઞા ધર્મે સારઃ' ના ઐદંપર્યાર્થ સુધી પહોંચાડવો આવશ્યક બની રહે છે. અન્યથા, ન હિંસ્યાત્સર્વભૂતાનિ કહીને હિંસામય યજ્ઞાદિનું વિધાન કરનાર વૈદિક ગ્રન્થોમાં પૂર્વાપરવિરોધ

વગેરે દોષો છે તો જૈન ગ્રન્થોમાં પણ એ દોષ લાગશે ઇત્યાદિ વિચાર એને જૈન ધર્મ પ્રત્યે આકર્ષિત નહીં થવા દે.

પ્રસ્તુત ગ્રન્થમાં અને ષોડશકમાં બાળ આદિને આપવાની દેશનાનું જે સ્વરૂપ જણાવ્યું છે એ દિગ્દર્શન છે. એને અનુસરવાનો અર્થ સમજવો જોઇએ. સર્વવિરતિ પામવાને ઉચિત બાળજીવને સંયમજીવનના બાહ્ય આચારોની, દેશવિરતિ પામવાને ઉચિત બાળ જીવને શ્રાવક જીવનના આચારોની, સમ્યક્ત્વ પામવાને ઉચિત બાળ જીવને સમ્યક્ત્વ ઉચિત વ્યવહારોની-આચારોની, અને માર્ગાનુસારી અવસ્થા પામવાને ઉચિત જીવને માર્ગાનુસારીના ૩૫ ગુણો-વ્યવહારોની દેશના આપવી ઉચિત છે.

આ જ રીતે મધ્યમજીવ જો સર્વવિરતિને ઉચિત હોય તો એને સંયમની વિશુદ્ધિ, આચારપાલન અંગે ગ્રન્થોમાં દર્શાવેલી સૂક્ષ્મકાળજીઓ વગેરેનું વર્ણન કરવું જોઇએ. આ જ પ્રમાણે દેશવિરતિ વગેરેને ઉચિત મધ્યમજીવને શ્રાવકપણાં વગેરેના આચાર પાલનની સૂક્ષ્મકાળજીઓનું વર્ણન કરવું જોઇએ.

એમ સર્વવિરતિ વગેરેને ઉચિત પંડિતજીવને સંયમજીવન વગેરે તે તેના આચારોનું સૂક્ષ્મ નિરૂપણ ને એમાં મૂળભૂત સિદ્ધાન્તો કેવી રીતે વણાયેલા હોય છે તે વર્ણવવું જોઇએ, તેમજ તે તે દરેક આચારોમાં 'આજ્ઞા ધર્મે સારઃ' એ ધર્મગુહ્ય સમજાવવું જોઇએ.

જ્યારે વ્રત-નિયમમાં જોડવાનો પ્રસ્તાવ ન હોય ને માત્ર જાણકારી વગેરે આપવાનો પ્રસ્તાવ હોય (જાણકારી આપવાનું પ્રયોજન એ દ્વારા એના દિલમાં ધર્મમાર્ગનું આકર્ષણ પેદા કરવું, સ્થિર કરવું, વધારવું ને પરિણામે એને પણ ધર્મમાર્ગમાં જોડવો... આગળ વધારવો એ હોય છે.) તો અપુનર્બન્ધક પ્રાયોગ્ય જીવને પણ, એની બાળ વગેરે ભૂમિકાને અનુસરીને સર્વવિરતિના બાહ્ય આચારો વગેરેનું પણ વર્ણન કરી શકાય છે. એનાથી એને આદર બહુમાન પ્રગટે છે, ભવિષ્ય માટે એક લક્ષ્ય બંધાય છે. પણ જ્યારે વ્રત-નિયમ આપવાની ગણતરીથી પ્રેરણા થઇ રહી હોય ત્યારે સર્વવિરતિને ઉચિત જીવને એની જ પ્રેરણા કરવી જોઇએ. નીચી કક્ષાની પ્રેરણા એને એનું જ આકર્ષણ કરી એમાં જ જોડશે જે નુકશાનકર્તા પુરવાર થાય. જેને થોડી વધુ પ્રેરણા કરવાથી સર્વથા રાત્રીભોજન છોડી શકે એમ હોય તેને, એમ કહેવામાં આવે કે, 'તું રાત્રીભોજન કરે છે? તો પણ રાત્રે જમ્યા પછી કાંઇ ન લેવું એટલો નિયમ લે...' તો એ પ્રકારે નિયમ લઇ એ રાત્રીભોજન જે ચાલુ રાખશે એનો દોષ લાગે એ સ્પષ્ટ છે.

હારિભદ્રી આવશ્યકમાં તેમજ બૃહત્કલ્પભાષ્યમાં સર્વવિરતિને ઉચિત ભાસેલા આવા જીવોની અપેક્ષાએ વાત છે. યોગશતકમાં પણ આવા જીવો માટે આ જ વાત છે, માટે કોઇ વિરોધ નથી.

કોઇપણ આવે તેને પહેલાં સર્વવિરતિ બતાવવાનું જે કહ્યું છે તેમાં પણ ગર્ભિત રીતે આ તો સમજી લેવું જ જોઇએ કે 'આને સર્વવિરતિની વાત કરવાથી એ ડરી જશે, ભાગી જશે, પછી કશું સાંભળવા પણ ઊભો ન રહે...' આવો કોઇ નિર્ણય વક્તાને શ્રોતા માટે થયો ન જ હોવો જોઇએ, જો એવો નિર્ણય (સબળ સંભાવના) કોઇપણ રીતે થઇ ગયો હોય તો એને સર્વવિરતિનો ઉપદેશ ન જ અપાય. હજાર રૂપિયાનો માલ દેખાડવાથી 'આમાં આપણું કામ નહીં' એમ સમજીને ભાગી જ જાય- ૧૦૦ રૂ. નો પછી બતાડવાનો માલ જોવા પણ ઊભો ન રહે' આવું દુકાનદારને પ્રતીત થઇ ગયું હોય તો એ શી રીતે પહેલાં ૧૦૦૦ રૂ. નો માલ જ દેખાડે? એટલે ઉક્ત નિર્ણયાભાવવાળા શ્રોતાને સૌ પ્રથમ સર્વવિરતિની દેશના આપવાની વાત સમજવી જોઇએ.

બાકી તો વક્તાને દેશ-કાળ-પુરુષ આદિનો જેવો નિર્ણય થાય એ પ્રમાણે દેશના અંગે ઉપરથી નીચે જવાની કે નીચેથી ઉપર જવાની બન્ને પ્રકારની પદ્ધતિ ઉચિત લાગે છે, એમાં એકાન્ત ન જાણવો.

જેમ છેદસૂત્રોમાં સમાન ગુના માટે શૈક્ષક, ગીતાર્થ, સ્થવિર, ઉપાધ્યય, આચાર્યને ઉત્તરોત્તર વધુ પ્રાયશ્ચિત્ત આપવાની પદ્ધતિ બતાવ્યા બાદ તરત જ ઘણે સ્થળે, (મતાંતર તરીકે નહીં, પણ જુદી પદ્ધતિ તરીકે) ઉત્તરોત્તર ઓછું પ્રાયશ્ચિત્ત આપવાની પદ્ધતિ પણ બતાવી છે એમાં પુરુષ-દેશ-કાળને નજરમાં લેવાની અપેક્ષા છે. એમ દેશના અંગે જાણવું.

ધારો કે શ્રોતા સંપૂર્ણતયા રાત્રીભોજન ત્યાગ કરી શકે એવી પરિસ્થિતિમાં નથી એવી વક્તાને જાણકારી મળી ગઇ છે. તેમ છતાં, વક્તાને એવી પણ પ્રતીતિ થઇ છે કે શ્રોતા દાક્ષિણ્યતા ગુણવાળો છે. ને તેથી 'માહારાજ સાહેબ ઘણું ઘણું કહે છે તો કેટલી ના પાડવી? બધી વાતનો ઇનકાર કરવો યોગ્ય ન કહેવાય, કાંઇ નહીં, થોડો પુરુષાર્થ ફોરવીને-કષ્ટ વેઠીને પણ આટલું તો કરીશ જ' આવા અભિપ્રાયથી પણ આંશિક ત્યાગ કરવા કટિબદ્ધ બનશે, એ રીતે ત્યાગ અપનાવશે, બરાબર પાલશે ને એ પાલનના પ્રભાવે આગળ વધશે. આવી સંભાવના ભાસી હોય તો સર્વથા ત્યાગની વાતથી પ્રારંભ કરે, ને ક્રમશઃ નીચે ઉતરે.

પણ, આવી જ પરિસ્થિતિવાળા શ્રોતા માટે જો આવી પ્રતીતિ થઇ હોય કે, 'મહારાજ સાહેબ તો બધી અશક્ય વાત કરે છે... મોટી મોટી વાત કરે છે - આપણું કામ નહીં... આપણે કશું કરી શકવાના તો છીએ નહીં, નાહક મહારાજ સાહેબને ઉપદેશ આપવાનું કષ્ટ આપવું, એમનો સમય બગાડવો એના કરતાં ઊભા જ થઇ જાવ...' વગેરે. તો નીચેથી જ શરુઆત કરે ને જેમ જેમ નીચે નીચેના સરળ નિયમો અપનાવવાનો અભિપ્રાય ઘડાતો જાય તેમ તેમ ઉપર ખેંચતા જાય. (ઉછામણીની જેમ.)

અથવા નવા જીવ આગળ એના પરિણામ જાણવા માટે, સૌ પ્રથમ એની આગળ સર્વવિરતિના આચાર વગેરેનું વર્ણન કરે. (એને સર્વવિરતિ સ્વીકારવાની પ્રેરણા કરવા રૂપે નહીં, પણ માત્ર સાધુ જીવન આવું હોય છે એવો ખ્યાલ આપવા માટે.) આ સાંભળવા પર એના દિલમાં કેવા પરિણામો જાગે છે એ તપાસે. એમાં જો એની વાતો વગેરે પરથી એમ લાગે કે વિષયસુખપિપાસા વગેરેના કારણે હજુ સર્વવિરતિના સ્વીકાર માટે સમર્થ નથી. તો પછી શ્રાવક ધર્મનું વર્ણન કરે. ને એના પરિણામો તપાસે. એમ ક્રમશઃ સમ્યગ્દર્શન અને માર્ગાનુસારીના આચારોનું વર્ણન કરે. પણ વ્રત સ્વીકાર માટેની પ્રેરણા, સર્વવિરતિ માટે અસમર્થ ભાસેલા જીવને કરે નહીં, તો દોષ નથી. હારિભદ્રી આવશ્યકમાં પણ, પહેલાં શ્રાવકધર્મ કહેવામાં આવે અને સર્વવિરતિ માટેનું સત્ત્વ ધરાવનાર પણ પ્રથમ શ્રાવક ધર્મ સાંભળી એ જ સ્વીકારે તો દોષ કહ્યો છે. એવું સત્ત્વ ન ધરાવનાર શ્રાવકધર્મ સ્વીકારે એમાં દોષ કહ્યો નથી.

ધર્મબિન્દુમાં પણ सहिष्णोः प्रयोगेऽन्तरायः, अनुमितिश्चेतरत्र... એમ કહીને સમર્થ અંગે જ દોષ દર્શાવ્યો છે, અસમર્થ અંગે નહીં.

આમ દેશનાપદ્ધતિ અંગે યથાયોગ્ય વિચારવું.

શ્રુત, ચિન્તા અને ભાવના આ ત્રણે જ્ઞાનને જળ, દૂધ અને અમૃતની ઉપમા શ્રીલલિતવિસ્તરા ગ્રન્થમાં આપવામાં આવી છે. જેમ જળ કરતાં દૂધ અને દૂધ કરતાં અમૃત વધારે દાહશામક અને મિઠાશવાળું હોય છે એમ શ્રુતજ્ઞાન કરતાં ચિન્તાજ્ઞાન અને ચિન્તાજ્ઞાન કરતાં ભાવનાજ્ઞાન વધારે વિષયતૃષ્ણાશામક હોય છે. (અથવા જળથી શુષ્કતા મટી ભિનાશ આવે, દૂધથી રુક્ષતા જઇ સ્નિગ્ધતા આવે અને અમૃતથી મૂર્ચ્છા-જડતા જઇ ચૈતન્ય સ્ફુરાયમાન થાય એમ શ્રુતજ્ઞાનથી વિષયતાપની શુષ્કતા મટી ઉપશમની ભિનાશ આવે, ચિન્તાજ્ઞાનથી વિષયચિંતાની રુક્ષતા મટી તત્ત્વચિંતનની સ્નિગ્ધતા આવે અને ભાવનાજ્ઞાનથી વિષયરસની જડતા મટી તત્ત્વાભિનિવેશનું ચૈતન્ય આવે.)

।। अथ मार्गद्वात्रिंशिका ।।३।।

देशनया मार्गो व्यवस्थाप्य इति तत्स्वरूपमिहोच्यते –

मार्गः प्रवर्तकं मानं शब्दो भगवतोदितः।
संविग्नाशठगीतार्थाचरणं चेति स द्विधा।।१।।

मार्ग इति। प्रवर्तकं = स्वजनकेच्छाजनकज्ञानजननद्वारा प्रवृत्तिजनकं मानं = प्रमाणम्। स च भगवता = सर्वज्ञेनोदितो विधिरूपः = शब्दः। संविग्नाः = संवेगवन्तोऽशठाः = अभ्रान्ता गीतार्थाः = स्वभ्यस्तसूत्रार्थास्तेषामाचरणं चेति द्विधा, विधेरिव शिष्टाचारस्यापि प्रवर्तकत्वात्। तदिदमाह **धर्मरत्नप्रकरणकृत्** - [1]मग्गो आगमणीई अहवा संविग्गबहुजणाइण्णं त्ति।।१।।

द्वितीयानादरे हन्त प्रथमस्याप्यनादरः।
जीतस्यापि प्रधानत्वं सांप्रतं श्रूयते यतः।।२।।

द्वितीयेति। द्वितीयस्य = शिष्टाचरणस्यानादरे = प्रवर्तकत्वेनानभ्युपगमे हंत प्रथमस्यापि = भगवद्वचनस्याप्यनादर एव, यतो जीतस्यापि सांप्रतं प्रधानत्वं व्यवहारप्रतिपादकशास्त्रप्रसिद्धं श्रूयते। तथा च

કયા જીવને કેવી દેશના આપવી એ ગઇ બત્રીશીમાં જણાવ્યું. એ દેશનાથી મોક્ષમાર્ગની વ્યવસ્થા કરવાની હોય છે. એટલે હવે આ ત્રીજી બત્રીશીમાં તે માર્ગનું સ્વરૂપ કહેવાય છે.–

(૧) સ્વજનક જે ઇચ્છા તેનું જનક જે જ્ઞાન તેને ઉત્પન્ન કરવા દ્વારા જે પ્રવૃત્તિ જનક બનતું હોય તેવું પ્રમાણ એ માર્ગ છે. આમાં સ્વ એટલે પ્રવૃત્તિ. એટલે કે માર્ગ તરીકે અભિપ્રેત પ્રમાણ, જ્ઞાનને ઉત્પન્ન કરે છે. એ જ્ઞાન તેવી ઇચ્છા પેદા કરે છે. અને એ ઇચ્છા પ્રવૃત્તિ કરાવે છે. આમ તથાવિધ જ્ઞાનજનન દ્વારા પ્રવર્તક બનતું પ્રમાણ એ માર્ગ છે. આ માર્ગ બે પ્રકારે છે. (૧) સર્વજ્ઞ ભગવંતે કહેલ વિધ્યર્થપ્રયોગ યુક્ત શબ્દ અને (૨) સંવિગ્ન અશઠ ગીતાર્થોનું આચરણ. આમાં અશઠ એટલે પોતે આચરેલ આચરણના નિર્ણયમાં અભ્રાન્ત અને ગીતાર્થ એટલે સૂત્ર અને અર્થના સુંદર અભ્યાસવાળા (એટલે કે એ અભ્યાસના કારણે સૂત્રાર્થની ઉપસ્થિતિવાળા તેમજ પૂર્વાપરવિરોધ ન રહે એ રીતે તાત્પર્યને પામેલા.) વિધ્યર્થપ્રયોગ જેમ પ્રવર્તક છે તેમ યથોક્ત શિષ્ટાચાર પણ પ્રવર્તક છે જ, માટે એ પણ 'માર્ગ' રૂપ છે. આ વાત **ધર્મરત્નપ્રકરણકાર શ્રી શાંતિસૂરિમહારાજે** આ રીતે કહી છે – 'માર્ગ આગમનીતિરૂપ છે અથવા સંવિગ્નબહુજનથી આચરાયેલ આચાર રૂપ છે.'॥૧॥ [**શંકા** - ઉપદેશપદમાં પદાર્થ, વાક્યાર્થ વગેરેની પ્રરૂપણામાં ઐદંપર્યાર્થ તરીકે 'સર્વજ્ઞવચન રૂપ આજ્ઞા ધર્મમાં સાર છે'એવું ફલિત કરી દેખાડ્યું છે. તેથી સર્વજ્ઞવચનનો આદર કરવો એ બરાબર છે, પણ સંવિગ્નગીતાર્થના આચરણને માર્ગ માની એનો આદર કરવો શી રીતે યોગ્ય કહેવાય? આવી શંકાનું **સમાધાન** આપવા ગ્રન્થકાર કહે છે–]

[શિષ્ટાચાર પણ આદરણીય]

શિષ્ટાચાર રૂપ દ્વિતીય માર્ગનો પ્રવર્તક તરીકે ન માનવા રૂપ અનાદર કરવામાં ભગવદ્વચન રૂપ પ્રથમમાર્ગનો પણ અનાદર જ થાય છે, કારણકે 'શિષ્ટાચાર રૂપ જીત વર્તમાનમાં પ્રધાન છે' એવું કથન વ્યવહાર

१. उभयाणुसारिणी जा सा मग्गणुसारिणी किरिया।। इत्युत्तरार्द्धः।।८०।।

जीतप्राधान्यानादरे तत्प्रतिपादकशास्त्रानादराद्व्यक्तमेव नास्तिकत्वमिति भावः ।।२ ।।

अनुमाय सतामुक्ताचारेणागममूलताम् ।
पथि प्रवर्तमानानां शंक्या नान्धपरंपरा ।।३ ।।

अनुमायेति । उक्ताचारेण = संविग्नाशठगीतार्थाचारेण आगममूलतामनुमाय सतां = मार्गानुसारिणां पथि = महाजनानुयातमार्गे प्रवर्तमानानामन्धपरंपरा न शंक्या = न शंकनीया । इत्थं *चात्रागमबोधितेष्टोपाय-

---

प्रतिपादक शास्त्रमां संभळाय छे. एटले जीतव्यवहारने-शिष्टाचारने प्रवर्तक तरीके स्वीकारी प्रधानपणे अनुसरवामां न आवे तो एना प्राधान्यने जणावनार शास्त्रनो अनादर थाय एे स्पष्ट छे. अने जिनवचनमय शास्त्रनो अनादर करवाथी तो नास्तिकता ज आवी जाय एे चोख्खुं चणाक छे. [आम शिष्टाचारनो आदर करवामां पण जिनाज्ञा रहेली ज छे, माटे एना अनादरनी शंकायोग्य नथी.]॥२॥ [**शंका** - आगमवचनमां जे विध्यर्थप्रत्यय वपरायो होय छे तेनाथी इष्टना उपाय रूपे जाणी प्रवर्तवुं एे शिष्टो माटे योग्य छे. 'वर्तमानमां जीतव्यवहार प्रधान छे' एवा आगमवचनमां ते ते आचारोने इष्टना उपाय तरीके जणावनार विध्यर्थप्रत्यय तो कोइ छे नहीं. जेने इष्टोपाय रूपे जाणी न होय एवी तो कोइ प्रवृत्ति शिष्टो करता नथी. माटे आवा आचरणने अनुसरवुं एे तो एक प्रकारनी अंधपरंपरा ज बनी रहेशे ने! आवी शंकानुं **समाधान** आपवा ग्रन्थकार कहे छे–]

संविग्न अशठ गीतार्थोना आचरणथी 'तेओए आचरेल आ प्रवृत्ति आगममूलक छे' एवुं अनुमान करीने, महाजने आचरेला मार्गमां प्रवृत्ति करतां मार्गानुसारी सज्जनो माटे 'आ अंध परंपरा छे' एवी शंका न करवी. [आशय एे छे के ते ते आचरण विशेनां वचनो उपलब्ध आगममां न मळतां होय तो पण, मार्गानुसारी सज्जनो 'आ बधा आचरे छे, माटे आपणे पण आचरीए' एटलुं मात्र विचारीने गाडरिया प्रवाह रूपे एे आचरणोने नथी आचरतां, किन्तु 'संविग्न अशठ गीतार्थ महापुरुषो आने आचरे छे एटले अवश्य एे आगममां कह्युं होवुं जोइए' एे प्रमाणे अनुमान करी आगमोक्त आचरण रूपे ज एने आचरे छे. माटे तेओनी एे प्रवृत्ति गाडरियां प्रवाह रूप होती नथी.]

[शिष्टाचारमां प्रवर्तकता]

आम अहीं जे कह्युं के 'उक्त आचरण परथी अनुमान करीने मार्गानुसारी सज्जनो प्रवृत्ति करे छे' तेना परथी मानवुं पडे छे के तेओए करेलुं एे अनुमान '(विधि) आगम बोधित इष्टोपायताकत्वनुं ज होवुं जोइए, मात्र आगममूलकत्वनुं नहीं. एटले के 'आ आचरण आगममूलक छे, कारणके संविग्न अशठ गीतार्थो एने आचरे छे, जेमके महाव्रतपालन' एटलुं ज अनुमान करीने तेओ एे प्रवृत्ति करे छे एवुं नथी, किन्तु 'आ आचरणमां (आगमगत विधिप्रत्ययथी) आगमथी जणायेली इष्टसाधनता रहेली छे, केमके संविग्न अशठ गीतार्थो एने आचरे छे, जेमके महाव्रतपालन' आवुं अनुमान करीने ज सज्जनो तेनी प्रवृत्ति करे छे... आवुं अनुमान केम मानवुं पडे छे? एे समजवा विचारणा–

प्रवृत्ति माटे इष्टसाधनत्वनुं ज्ञान आवश्यक छे, मात्र आगममूलकत्वनुं ज्ञान एना माटे परिपूर्ण नथी. (जिनपूजामां आगममूलकत्वनुं ज्ञान होवा छतां इष्टसाधनत्वनुं ज्ञान न होवाथी साधुओ प्रवर्तता नथी.)

---

* संवेगी उपाश्रयनी ह. ल. प्रतमां 'चात्र विधिबोधिते...' इत्यादि पाठ छे. तेमां आगमगतविधिबोधित... इत्यादि अर्थ जाणवो.

ताकत्वमेवानुमेयं, आगमग्रहणं चान्धपरंपराशंकाव्युदासाय, इति नागमकल्पनोत्तरं विध्यर्थवोधकल्पनाद्वार-व्यवधानेन प्रवर्तकतायाः शब्दसाधारण्यक्षतिः, अप्रत्यक्षेणागमेन प्रकृतार्थस्य वोधयितुमशक्यत्वात्,

એટલે પ્રસ્તુતમાં આગમમૂલકત્વનું અનુમાન કર્યા પછી પણ ઇષ્ટ સાધનતાનું જ્ઞાન ('આ મારા ઇષ્ટનું સાધન છે' એવું જ્ઞાન) કરવાનું તો ઊભું જ રહે છે. આ જ્ઞાન કયું કરવું? કેવી રીતે કરવું?

આગમવચનથી એ ઇષ્ટસાધનતાનું જ્ઞાન થવું માની શકાતું નથી. કારણકે જીતવ્યવહાર તરીકે અભિપ્રેત પ્રસ્તુત આચરણોને જણાવનાર કોઇ આગમવચન ઉપલબ્ધ આગમોમાં સાંભળવા મળતું નથી. એટલે અપ્રત્યક્ષ આગમથી 'વિવક્ષિત આચરણ ઇષ્ટ સાધન છે' એવો એ પ્રસ્તુત અર્થનો બોધ થવો શક્ય નથી.

પ્રશ્ન – ગીતાર્થના આચરણ પરથી આગમમૂલકત્વનું જે અનુમાન કરવામાં આવે છે તેમાં આગમ એ પણ એક પ્રકારનું વચન જ છે. એટલે ગીતાર્થના આચારણ પરથી એવા આગમવચનમૂલકત્વનું અનુમાન કરવું કે જે ઇષ્ટસાધનત્વને જણાવનાર વિધિપ્રત્યયથી ઘટિત જ હોય. એટલે અપ્રત્યક્ષ હોવા છતાં અનુમેય એવા તે આગમવચનથી તે ઇષ્ટ સાધનત્વનું જ્ઞાન થઇ શકે છે.

ઉત્તર – આ વાત પણ અયોગ્ય છે. કારણકે ગીતાર્થ આચરણ પરથી અનુમિત થતા આગમવચનની વર્ણાનુપૂર્વી કોઇ નિશ્ચિત થઇ શકતી નથી. એટલે કે આગમવચનમાં કયા શબ્દો કયા ક્રમે વપરાયા હશે તે નક્કી કરી શકાતું નથી. દા. ત. કલ્પ(કપડાં) નું પ્રાવરણ એક ગીતાર્થ આચરણ રૂપ છે. એને જણાવનાર આગમવચન 'કલ્પાનાં પ્રાવરણં કુર્યાત્' આવું હશે કે 'કલ્પાન્ પ્રાવૃણુયાત્' આવું હશે કે અન્ય કોઇ? ઇત્યાદિ નક્કી કરી શકાતું નથી. જે વચનના ઘટકીભૂત શબ્દોનો નિર્ણય ન થઇ શકતો હોય તે વચન પણ અનિર્ણીત જ રહે છે. અને અનિર્ણીત વચન તો અર્થબોધક પણ શી રીતે બને? માટે જ તો સિદ્ધાન્તમુક્તાવલિની દિનકરી ટીકામાં કહ્યું છે કે 'कल्प्यते = अनुमीयते। अनेन च मंगलस्य समाप्तिहेतुत्वेऽनुमानमेव प्रमाणं, न तु शिष्टाचारानुमिता श्रुतिः, इदानीमानुपूर्वीविशेषनिर्णयाभावेन तस्या अवोधकत्वाद्।'

અર્થઃ– કલ્પાય છે = અનુમાન કરાય છે. આમ 'અનુમાન કરાય છે' એવું કહીને એ સૂચિત કર્યું છે કે 'મંગલ સમાપ્તિનું કારણ છે' એ બાબતમાં અનુમાન જ પ્રમાણ છે, નહીં કે શિષ્ટાચાર પરથી શ્રુતિનું અનુમાન કરી એ શ્રુતિરૂપ આગમ પ્રમાણ. તે પણ એટલા માટે કે હમણાં એ શ્રુતિના અનુમાન પરથી પણ શ્રુતિની વર્ણાનુપૂર્વીવિશેષનો નિર્ણય કરી શકાતો ન હોવાથી એવી અનિર્ણીત શ્રુતિ અબોધક છે.' માટે અપ્રત્યક્ષ આગમથી ઇષ્ટ સાધનત્વરૂપ પ્રસ્તુત અર્થનો બોધ થઇ શકતો નથી એ નક્કી થયું. દ્વાદશાંગી રૂપ આગમસમુદ્રમાં ચોક્કસ શબ્દોથી બનેલ હોવા રૂપે વ્યવસ્થિત એવું જે આગમવચન પ્રસ્તુત અર્થનો બોધ કરાવી શકે એવું રહ્યું હશે તે તો હાલ ઉપસ્થિત નથી. તેથી એ પણ બોધક નથી. આમ તે તે આચરણના ઇષ્ટસાધનત્વને જણાવનાર તે તે વિશેષ આગમવચન પ્રત્યક્ષ કે અનુમાનથી જાણી શકાતું નથી. તેથી બધા આચરણો અંગે સામાન્યથી જ અનુમાન કરી શકાય છે. કહ્યું છે કે 'આચરણા પણ આજ્ઞા = આગમ જ છે.' [આ ઉપચરિત વચન જાણવું. વાસ્તવિક અર્થ એનો પણ પ્રસ્તુતમાં આવો જાણવો કે આચરણામાં પણ આજ્ઞા રહેલી જ હોય છે.][આ જ કારણે આગમબોધિતેષ્ટોપાયકત્વના અભિપ્રેત અનુમાનમાં પણ એ સામાન્યથી જ અનુમાન જાણવું.]

આમ ગીતાર્થઆચરણ પરથી 'એ આગમમૂલક છે' એટલું જ જો અનુમાન કરવામાં આવે ને "આ આચરણ આગમવચનથી જણાયેલી ઇષ્ટસાધનતાવાળું છે, કેમકે અશઠગીતાર્થોથી આચરાયેલું છે, જેમકે મહાવ્રતપાલન" આવું અનુમાન અશક્ય રહે તો ઇષ્ટસાધનતાનું જ્ઞાન આગમથી થયેલું હોવું માની શકાતું નથી. એટલે એ જ્ઞાન માટે 'વિવક્ષિત આચરણ ઇષ્ટસાધન છે, કેમકે આગમમૂલક છે' ઇત્યાદિ રૂપ અનુમાન જ કરવું પડે છે. એ

व्यवस्थितस्य चानुपस्थितेः सामान्यत एव तदनुमानात्, तदिदमुक्तं 'आयरणा वि हु आणत्ति'। वस्तुत

અનુમાન કર્યા પછી જ સજ્જનો એ પ્રવૃત્તિ કરે. એટલે કે આગમમૂલકત્વના અનુમાન પછી પ્રવૃત્તિ માટે વિધિ પ્રત્યયના અર્થરૂપ જે ઇષ્ટસાધનતા તેના બોધ માટે કરવામાં આવતી કલ્પના (અનુમાન) રૂપ દ્વારનું વ્યવધાન થયું. [વિધ્યર્થબોધકલ્પના...ઇત્યાદિ જે પદ છે તેનો સમાસ વિધ્યર્થબોધાય કલ્પના એવો કરવો. અથવા કલ્પનાનો અર્થ અનુમિતિ કરીએ તો વિધ્યર્થબોધરૂપા કલ્પના વિધ્યર્થબોધકલ્પના એવો સમાસ કરવો. અથવા તો ત્યાં પ્રતમાં કદાચ લહિયાથી અશુદ્ધિ થઇ ગઇ હોય અને શુદ્ધપાઠ વિધ્યર્થબોધકકલ્પના...ઇત્યાદિ હોય. એવો પાઠ જો હોય તો અર્થ આવો થાય કે વિધ્યર્થ જે ઇષ્ટસાધનતા તેની બોધક જે કલ્પના (અનુમાન)...] આવું વ્યવધાનભૂત જે અનુમાન કરવું પડે છે એમાં આપત્તિ એ આવે કે 'પ્રવર્તકતા શબ્દસાધારણ હોય છે' એટલે કે 'જે કોઇ પ્રવર્તક હોય તે શબ્દ હોય' એવી જે માન્યતા છે તેની ક્ષતિ થઇ જાય. કારણકે વિધિ પ્રત્યયને જે પ્રવર્તક માનવામાં આવે છે તે પણ ઇષ્ટસાધનતાબોધકત્વરૂપે. (જુઓ ધર્મપરીક્ષા ગાથા ૫૫ ની વૃત્તિ). એટલે જણાય છે કે જેમાં ઇષ્ટસાધનતાબોધકત્વ હોય તે પ્રવર્તક બને. પ્રસ્તુતમાં આ ઇષ્ટસાધનતાબોધકત્વ 'વિવક્ષિત આચરણ ઇષ્ટસાધન છે, કેમકે આગમમૂલક છે' એવા અનુમાનમાં આવ્યું. તેથી અનુમાન પ્રવર્તક બનવાથી ઉક્તમાન્યતાની ક્ષતિ થાય.

એટલે પહેલાં કહ્યું તેમ માનવું પડે છે કે ગીતાર્થના આચરણ પરથી માત્ર આગમમૂલકત્વનું અનુમાન નથી કરાતું, કિન્તુ આગમબોધિતેષ્ટોપાયતાકત્વનું અનુમાન કરાય છે. આમાં ઇષ્ટોપાયત્વ આગમથી જણાયેલું કલ્પવાનું હોવાથી 'પ્રવર્તકતા શબ્દ સાધારણ હોય છે' એવી માન્યતા બાધિત થતી નથી. [આમાં એ આગમવચન કેવા શબ્દોવાળું હોય એ જાણવાની આવશ્યકતા રહેતી નથી અને સામાન્યથી આ અનુમાન થાય છે એ જાણવું.]

પ્રશ્ન – પ્રવૃત્તિ માટે તો માત્ર ઇષ્ટસાધનતાનું જ્ઞાન આવશ્યક છે. એટલે પ્રસ્તુતમાં પણ માત્ર ઇષ્ટોપાયતાકત્વનું અનુમાન માનો ને! આગમબોધિતેષ્ટોપાયતાકત્વનું અનુમાન માનવાની શી જરૂર છે? અર્થાત્ એમાં 'આગમ' ને ઘુસાડવાની શી જરૂર છે?

ઉત્તર – સામાન્યજનની પ્રવૃત્તિ જોઇને ચાલતી અંધ પરંપરામાં પણ એ અંધપરંપરા ચલાવનારાઓ 'ફલાણો આ પ્રવૃત્તિ કરે છે તો આપણે પણ કરીએ, આપણને પણ એનાથી કંઇક ઇષ્ટલાભ થશે' ઇત્યાદિ રૂપે એમાં ઇષ્ટોપાયત્વનું અનુમાન કરીને જ એ પ્રવૃત્તિ કરે છે, અને તેમ છતાં એ અંધપરંપરારૂપ બને છે. એટલે પ્રસ્તુતમાં સજ્જનોની વિવક્ષિત પ્રવૃત્તિ માટે પણ, જો એ માત્ર ઇષ્ટોપાયત્વના અનુમાનથી થયેલી હોય, તો અંધપરંપરાની શંકા ઊભી થઇ શકે છે. એટલે એ શંકાને દૂર કરવા માટે પ્રસ્તુતમાં 'આગમ' નું ગ્રહણ કર્યું છે.

['આગમબોધિતેષ્ટોપાયતાકત્વ' નું ક્લિષ્ટ અનુમાન અનુભવાતું નથી. એટલે ગ્રન્થકાર સ્વઅભિપ્રાય દેખાડવા વસ્તુતઃ વગેરે કહે છે–] વસ્તુતઃ તો યુક્તિસંગત શિષ્ટાચારથી જ ઇષ્ટસાધનત્વ રૂપ વિધ્યર્થ સિદ્ધ થઇ જાય છે. એટલે કે 'વિવક્ષિત આચરણ ઇષ્ટસાધન છે, કારણકે યુક્તિસંગત શિષ્ટાચાર (ગીતાર્થ આચરણ) રૂપ છે, જેમકે મહાવ્રતપાલન' આવા અનુમાન દ્વારા શિષ્ટાચાર જ ઇષ્ટસાધનત્વનો બોધ કરાવી દે છે. એટલે 'આગમથી ઇષ્ટસાધનતા જણાયેલી છે' ઇત્યાદિ માનવું આવશ્યક ન રહેવાથી એ માટે આગમાનુમાન કરવું પડતું નથી. ['યુક્તિસંગત' એવું જે શિષ્ટાચારનું વિશેષણ વાપર્યું છે એનાથી અંધપરંપરાની શંકા દૂર થઇ જાય છે એ જાણવું.] [વળી આમ શિષ્ટાચારથી ઇષ્ટસાધનતાબોધ થવાથી શિષ્ટાચાર જ પ્રવર્તક બન્યો. તેથી પ્રવર્તકતા શબ્દસાધારણ હોય' એવા નિયમમાં ગ્રન્થકારને સ્વરસ નહીં હોય એમ લાગે છે. આ રીતે શિષ્ટાચાર

उपपत्तिकेन शिष्टाचारेणैव विध्यर्थसिद्धावागमानुमानं भगवद्वहुमानद्वारा समापत्तिसिद्धये इति द्रष्टव्यम्।।३।।

सूत्रे सद्धेतुनोत्सृष्टमपि क्वचिदपोद्यते।
हितदेऽप्यनिषिद्धेऽर्थे किं पुनर्नास्य मानता।।४।।

सूत्र इति। सूत्रे = आगमे उत्सृष्टमपि = उत्सर्गविषयीकृतमपि सद्धेतुना = पुष्टेनालंवनेन क्वचिदपोद्यते = अपवादविषयीक्रियते। हितदेऽपि = इष्टसाधनेऽप्यनिषिद्धे = सूत्रावारिते किं पुनरस्य = शिष्टाचारस्य न मानता = न प्रमाणता?।।४।। उदासीनेऽर्थे भवत्वस्य मानता, वारितं तु कारणसहस्रेणापि परावर्तयितुमशक्यमित्यत आह–

પણ પ્રવર્તક બને છે માટે જ સિદ્ધાન્તમુક્તાવલીમાં પણ, મંગલમાં રહેલી, સમાપ્તિ કે વિઘ્નધ્વંસ રૂપ ઇષ્ટની સાધનતાને 'શિષ્ટાચારવિષયત્વ' હેતુથી જ સિદ્ધ કરી દેખાડી છે, શિષ્ટાચારવિષયત્વ દ્વારા શ્રુતિનું અનુમાન કરી એ શ્રુતિ પરથી ઇષ્ટસાધનતાની સિદ્ધિ કરી દેખાડી નથી.]

[આગમાનુમાનનું પ્રયોજન]

પ્રશ્ન - આગમાનુમાન જો ઇષ્ટસાધનત્વને જણાવવા માટે નથી કરાતું તો શા માટે કરાય છે ?

ઉત્તર - ભગવદ્બહુમાનદ્વારા સમાપત્તિની સિદ્ધિ માટે આગમાનુમાન કરાય છે. આશય એ છે કે બીજી બત્રીશીમાં ૨૫માં શ્લોકમાં જણાવી ગયા કે 'આજ્ઞાના આદર દ્વારા શ્રી જિનશ્વરદેવ હૃદયસ્થ થયે સમરસાપત્તિ-- સમાપત્તિ થાય છે જે ધ્યાનનું પ્રકૃષ્ટ ફળ છે. આગમાર્થના સ્મરણ પૂર્વક કરાતું અનુષ્ઠાન જ વચનાનુષ્ઠાન બને છે જે અસંગાનુષ્ઠાનનું જનક હોય છે. આ માટે આજ્ઞાનો આદર જ આવશ્યક છે ઈત્યાદિ : ' પ્રસ્તુતમાં શિષ્ટાચારથી ઈષ્ટસાધનતાનો બોધ થવા દ્વારા તે તે અનુષ્ઠાનની પ્રવૃત્તિ કરાય છે એમ કહ્યું . એટલે આગમાનુમાન જો કરવામાં ન આવ્યું હોય તો આ આગમાર્થનું સ્મરણ વગેરે અશક્ય બનવાથી સમાપત્તિ શી રીતે થાય ? તેથી સમાપત્તિ વગેર રૂપ વિશિષ્ટ લાભ માટે આગમાનુમાન કરાય છે એ જાણવું.॥૩॥ [આગમની જેમ સંવિગ્નઅશઠ ગીતાર્થનું આચરણ (શિષ્ટાચાર) પણ પ્રમાણભૂત છે જ એનું વધુ સમર્થન કરવા ગ્રન્થકાર કહે છે–]

આગમમાં વિધિ કે નિષેધ રૂપે ઉત્સર્ગનો વિષય બનેલી ચીજ પણ પુષ્ટકારણ રૂપ સદ્ધેતુ પામીને નિષેધ કે વિધિ રૂપે અપવાદનો વિષય બની જાય છે. એટલે કે એવા વિશેષ અવસરે આચરેલા વિરુદ્ધ આચરણને પણ આગમમાં પ્રમાણભૂત ઠેરવ્યું છે. તો પછી જે હિતકર છે = ઇષ્ટ સાધનભૂત છે તથા સૂત્રથી નિષેધ કરાયેલ નથી તે શિષ્ટાચાર પણ પ્રમાણભૂત શા માટે ન ઠરે ? અર્થાત્ એ પ્રમાણભૂત છે જ. ॥૪॥ જે શિષ્ટાચાર પ્રત્યે આગમ ઉદાસીન છે એટલે કે આગમમાં જેનો નિષેધ પણ નથી કે વિધાન પણ નથી તેવો શિષ્ટાચાર ભલે પ્રમાણભૂત ઠરે, પણ જે શિષ્ટાચારનો સૂત્રમાં સાક્ષાત્ શબ્દોથી નિષેધ કર્યો છે તેને હજાર કારણ ભેગા થાય તો પણ બદલી શકે નહિ, એટલે કે હજાર કારણ ભેગા થઈને પણ એ નિષિદ્ધ આચરણને અનુજ્ઞાત = વિધિઆચરણરૂપ બનાવી શકે નહિ. આવી શંકાનું સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે–

આગમમાં કોઈ પણ ચીજનો સર્વથા નિષેધ નથી કે સર્વથા વિધાન નથી. [આમાં 'મૈથુન' નો અપવાદ સમજવો. એ રાગદ્વેષ વિના અશક્ય હોઇ એનો સર્વથા નિષેધ છે. કહ્યું છે કે - ण वि किंचि अणुन्नायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं। मोत्तुं मेहुणभावं न तं विणा रागदोसेहिं।।] [જો સર્વથા નિષેધ કે વિધાન નથી તો સાધક પ્રવૃત્તિ

[1]**निषेधः सर्वथा नास्ति विधिर्वा सर्वथाऽऽगमे।**
आयं व्ययं च तुलयेल्लाभाकाङ्क्षी वणिग्यथा।।५।।

निषेध इति। सूत्रे विधिनिषेधौ हि गौणमुख्यभावेन मिथः संवलितावेव प्रतिपाद्येते, अन्यथाऽनेकान्त-मर्यादातिक्रमप्रसंगादिति भावः।।५।।

प्रवाहधारापतितं निषिद्धं यन्न दृश्यते।
अत एव न तन्मत्या दूषयन्ति विपश्चितः।।६।।

प्रवाहेति। शिष्टसंमतत्वसंदेहेऽपि तद्दूषणमन्याय्यं किं पुनस्तन्निश्चय इति भावः। तदिदमाह –
[*]जं च विहिअं ण सुत्ते(ण सुत्ते विहिअं) ण य पडिसिद्धं जणंमि चिररूढं।

કરવી કે નિવૃત્ત થવું એનો નિર્ણય કઈ રીતે કરે ? આ રીતે-] જેમ નફો મેળવવાની ઇચ્છાવાળો વાણિયો લાભ નુકશાનને નજરમાં રાખીને વ્યાપારમાં પ્રવૃત્ત કે નિવૃત્ત થાય છે એમ કર્મનિર્જરાના લાભ-નુકશાનની તુલના કરીને એ મુજબ પ્રવૃત્ત-નિવૃત્ત થવું.

સૂત્રમાં સર્વથા વિધિ કે સર્વથા નિષેધ નથી એવું જે કહ્યું એનો અર્થ એ થાય કે એકાન્તે કોઈ વિધાન નથી કર્યું કે એકાન્તે કોઈ નિષેધ નથી દેખાડ્યો. કોઈ પણ સૂત્રમાં વિધિ અને નિષેધ એ બન્ને ગૌણમુખ્યભાવે પરસ્પર સંકળાયેલા જ પ્રતિપાદિત કરાય છે. એટલે કે વ્યવહારદૃષ્ટિએ જે વિધિ પ્રતિપાદક સૂત્ર હોય છે તેમાં પણ ગૌણ ભાવે (અપવાદપદે) તેનો નિષેધ કરવાનો અભિપ્રાય અર્થથી તો હોય જ છે. એમ જે નિષેધક સૂત્ર હોય છે તેમાં પણ ગૌણભાવે (અપવાદપદે) તેનું વિધાન કરવાનો અભિપ્રાય અર્થથી તો રહેલો જ હોય છે. આ રીતે ગૌણમુખ્યભાવે બંને જો સંકળાયેલા ન હોય તો અનેકાન્તની મર્યાદાનું ઉલ્લંઘન જ થઈ જાય. [આશય એ છે કે વિધિ- નિષેધ બન્ને સંવલિત ન હોય તો એ સૂત્ર એકાન્ત ઉપદેશક બની જાય. અને તો પછી તે તે સૂત્રરૂપ ભગવદ્વચન અને કુતીર્થિકોના તેને સમાન દેખાતાં વચન 'न हिंस्यात् सर्वभूतानि' ઈત્યાદિ વચન... એમાં કોઈ ફેર જ ન રહે. તેમજ ઉત્સર્ગ-અપવાદ ઉભયઘટિત પરિપૂર્ણ અર્થનું એ એ સૂત્રમાં બોધકત્વ ન આવવાથી એ નિશ્ચયદૃષ્ટિએ 'પ્રમાણ' પણ ન બને. વળી નિશ્ચયથી પ્રામાણ્ય માટે સિદ્ધાન્તો પર સ્યાદ્વાદ-અનેકાન્તવાદની મહોર છાપ પણ આવશ્યક છે. વિશેષ અર્થ માટે જુઓ ઉપદેશ રહસ્ય શ્લોક ૧૩૩] [આમ તે તે શિષ્ટાચારનો સૂત્રમાં જે નિષેધ કરાયો હોય છે તે પણ કારણ વિશેષભાવી અપવાદપદીય વિધિથી સંવલિત જ હોય છે. એટલે કે એવી પરિસ્થિતિમાં એ નિષિદ્ધ જ ન હોઈ પ્રમાણભૂત શા માટે ન બને ?] ॥૫॥ [આ જ બાબતનું વધુ સમર્થન કરવા ગ્રન્થકાર કહે છે-

[આચરણામાં સ્વમતિકલ્પિત દોષ ન દર્શાવાય]

જેનો આદ્યપ્રવર્તક અજ્ઞાત હોય એવી પણ જે પ્રવૃત્તિ પ્રવાહધારામાં = પરંપરામાં આવેલી હોય, અને જે શાસ્ત્રમાં નિષિદ્ધ ન દેખાતી હોય તેવી પ્રવૃત્તિને કારણે (શિષ્ટાચાર પણ પ્રમાણ છે એ કારણે જ) પ્રાજ્ઞ પુરુષો સ્વમતિથી દૂષિત ઠેરવતા નથી. અહીં 'પ્રવાહધારાપતિત' એવા શબ્દથી એ સૂચિત થાય છે કે એના પ્રવર્તક અશઠસંવિગ્નગીતાર્થ હતા કે અન્ય ? તેનો તેમજ સમાનકાલીન અન્ય ગીતાર્થોને તે માન્ય હતું કે નહીં ? તેનો

---

१ सरखावोः तम्हा सव्वाणुन्ना सव्वनिसेहो य पवयणे नत्थि। आयं वयं तुलिज्जा लाहाकंखि व्व वाणियओ।। उ. माला ३९२।।

* यच्च न सूत्रे विहितं न च प्रतिषिद्धं जने चिररूढम्। स्वमतिविकल्पितदोषास्तदपि न दूषयन्ति गीतार्थाः।।

समइविगप्पियदोसा तं पि ण दूसंति गीयत्था।।धर्मरत्न. - ९९।। ६।।

संविग्नाचरणं सम्यक् कल्पप्रावरणादिकम्।
विपर्यस्तं पुनः श्राद्धममत्वप्रभृति स्मृतम्।।७।।

संविग्नेति। संविग्नानामाचरणं सम्यक् = साधुनीत्या कल्पप्रावरणादिकम्। तदाह-

[1]अन्नह भणियंपि सुए किंचि कालाइकारणाविक्खं।
आइन्नमन्नहच्चिय दीसइ संविग्गगीएहिं।।
[2]कप्पाणं पावरणं अग्गोअरच्चाओ झोलिआभिक्खा।

उवग्गहियकडाहयतुंवयमुहदाणदोराई।। इत्यादि। विपर्यस्तं = असंविग्नाचरणं पुनः श्राद्धममत्वप्रभृति स्मृतम्। तदाह -[८७]

[3]जह सड्ढेसु ममत्तं राढाइ असुद्धउवहिभत्ताई।

હાલ નિર્ણય નથી. એટલે કે એ શિષ્ટસંમત હોવામાં સંદેહ છે. તેમ છતાં એને દૂષિત ઠેરવવું એ જો ન્યાયસંગત નથી તો જે શિષ્ટાચરણ માટે શિષ્ટની સંમતિનો નિર્ણય છે તેને અપ્રમાણ કહી દૂષિત ઠેરવવું એ શી રીતે ન્યાયી ઠરે ? ધર્મરત્નપ્રકરણ (૯૯)માં કહ્યું છે કે 'સૂત્રમાં જે વિહિત નથી, તેમજ પ્રતિષિદ્ધ પણ નથી, અને ગીતાર્થજનમાં ચિરરૂઢ થયેલું છે તેને પણ 'આમાં આવા આવા દોષો રહેલા છે' ઈત્યાદિ રીતે સ્વમતિથી દોષોને કલ્પીને ગીતાર્થો દૂષિત ઠેરવતા નથી.' માટે શિષ્ટાચારને અપ્રમાણ માનવો એ યોગ્ય નથી. ॥૬॥ [પ્રમાણ અને અપ્રમાણ આચરણોના ઉદાહરણ આપે છે-]

કલ્પપ્રાવરણ વગેરે આચરણ એ સાધુમર્યાદાપૂર્વકનું સંવિગ્નોનું સમ્યક્ આચરણ છે. ધર્મરત્ન પ્રકરણમાં (૮૧,૮૨) કહ્યું છે કે ' આગમ શાસ્ત્રમાં જુદા જ પ્રકારે કહેલી મળતી હોવા છતાં, સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓએ કાળ વગેરે કારણોની અપેક્ષાએ કેટલીક બાબતો એના કરતાં જુદા જ પ્રકારે આચરી હોય એવું જોવા મળે છે, જેમકે ભિક્ષાચર્યા વગેરે માટે કપડાં ઓઢીને જવું, અગ્રાવતારનો ત્યાગ અને કટીપટ્ટકને જુદી રીતે કરવો , ઝોળીને ગાંઠ મારીને ભિક્ષા લાવવી. ઔપગ્રહિક કટાહક = કડાઈ, તગારુ=પરાત (કાપ કાઢવા માટે), તુંબડું = તુંબડામાંથી બનાવાતી તરપણી, એને પકડી શકાય એ માટે મોઢું = કાંઠો બનાવવો, કાંઠામાંથી પકડવા માટે દોરી લગાવવી...' ઇત્યાદિ. આનાથી વિપર્યસ્ત તરીકે એટલે કે અસંવિગ્નોના આચરણ તરીકે શ્રાદ્ધમમત્વ વગેરે આચરણો પ્રસિદ્ધ છે. ધર્મરત્નપ્રકરણમાં (૮૭) કહ્યું છે કે ' જે પ્રમાદરૂપ બને છે તે આચરણ આવું જાણવું - શ્રાવકો પર મમત્વ, રાઢીની = શરીર શોભાની ઇચ્છાથી અશુદ્ધ ઉપધિ- ભોજનાદિ ગ્રહણ કરવા, યાવત્કાલ માટે આપેલી વસતિ, પથારી, ઓશિકું વગેરેના પરિભોગ.' ॥૭॥ [આગળ તમે કહી ગયા કે કોઈનો સર્વથા નિષેધ નથી કે વિધાન નથી. તેથી સૂત્રમાં ઉત્સર્ગે નિષિદ્ધ એવા કલ્પપ્રાવરણાદિ કે શ્રાદ્ધમમત્વાદિ એ બન્ને આચરણો સમાન જ થયા. તો એ બેમાં તમે શું ભેદ જુઓ છો કે જેથી એકને સંવિગ્ન આચરણ રૂપે પ્રમાણ માનો છો અને અન્યને અસંવિગ્નઆચરણ રૂપે અપ્રમાણ માનો છો ? આવા પ્રશ્નનો જવાબ આપવા ગ્રન્થકાર કહે છે-]

---

१ अन्यथा भणितमपि सूत्रे किंचित्कालादिकारणापेक्षम्। आचीर्णमन्यथैव दृश्यते संविग्नगीतैः।।

२ कल्पानां प्रावरणमग्रावतारत्यागो झोलिकाभिक्षा। औपग्रहिककटाहकतुंवकमुखदानदवरकादि।।

३ यथा श्राद्धेषु ममत्वं राढयाऽशुद्धोपधिभक्तादीनि। प्रदत्तवसतितूलीमसूरकादीनां परिभोगः।।

णिद्दिट्ठ(णिद्देज्ज)वसहितूलीमसूरगाईण परिभोगेत्ति।।७।।

आद्यं ज्ञानात्परं मोहाद्विशेषो विशदोऽनयोः।
एकत्वं नानयोर्युक्तं काचमाणिक्ययोरिव।।८।।

आद्यमिति। ज्ञानं = तत्त्वज्ञानं, मोहः = गारवमग्नता।।८।।

આમાંનું કલ્પપ્રાવરણ વગેરે રૂપ પ્રથમપ્રકારનું આચરણ તત્ત્વજ્ઞાનથી (સંયમપાલનાદિના ઉચિત ઉપાયના જ્ઞાનથી) થયું છે જ્યારે શ્રાદ્ધમમત્વ વગેરે રૂપ દ્વિતીય પ્રકારનું આચરણ રસ, ઋદ્ધિ અને શાતાગારવની મગ્નતા રૂપ મોહથી થયું છે. વળી દરેક પ્રવૃત્તિમાં પ્રાણ તો આંતરિક ભાવ જ હોય છે. એટલે આ બે આચરણોમાં પ્રાણરૂપ આંતરિક ભાવોનો આ ભેદ એ જ એ બેનો આસમાન જમીનનો ભેદ છે. તેથી એ બેને કાચ અને માણેકની જેમ એક = સમાન રીતે પ્રમાણભૂત માનવા એ યોગ્ય નથી.#॥૮॥

#[આ અર્થાધિકાર માધ્યસ્થ્યપૂર્વક સૂક્ષ્મવિચાર માંગી લે છે. આચાર્યાદિ મહાત્માઓની પ્રવૃત્તિમાં જરાપણ ફેરફાર થયેલો કે કરેલો દેખાય તો એ પ્રવૃત્તિનો નિષેધ કરનાર શાસ્ત્રવચનોને કે તે પ્રવૃત્તિથી ભિન્નપ્રવૃત્તિ જણાવનાર શાસ્ત્રવચોનોને આગળ કરીને એ ફેરફારવાળી પ્રવૃત્તિને શાસ્ત્રવિરુદ્ધ કહેવાય કે નહિં ? તેમજ એવી પ્રવૃત્તિ કરનાર મહાત્માઓને વિરાધક, આજ્ઞાભંજક, ગુરુદ્રોહી, મિથ્યાત્વી, કુગુરુ વગેરે કહી શકાય કે નહીં ? કે પછી એ પ્રવૃત્તિ પણ જીત આચારરૂપ અને માર્ગરૂપ બને ?

શંકા - આવો પ્રશ્ન જ કેમ ઊઠાવવો પડે છે? જે આચરણ 'જીત' રૂપ બની શકે છે એના માટે ધર્મરત્ન પ્રકરણની ૯૯ મી ગાથામાં 'ણ य पडिसिद्धं' અંશ પણ જણાવેલો છે. એટલે કે સૂત્રમાં જેનો નિષેધ ન હોય તે આચરણ જ માન્ય બની શકે. એટલે જો એ પ્રવૃત્તિનું નિષેધક શાસ્ત્રવચન મળતું હોય તો એ પ્રવૃત્તિ માર્ગરૂપ ન બનવાથી એને આદરનારા વિરાધક બને જ એ સ્પષ્ટ છે.

સમાધાન - આ 'ण य पडिसिद्धं' જે કહ્યું છે તેનો અર્થ 'જેનો સર્વથા નિષેધ ન હોય તે' એવો લેવાનો છે, નહીં કે 'જેનો સામાન્યથી પણ નિષેધ ન હોય તે...' અર્થાત્ જે સર્વથા નિષિદ્ધ હોય તે જ 'જીત' રૂપ બની શકતું નથી, એ સિવાયનું આચરણ તો, સામાન્યથી નિષિદ્ધ હોવા છતાં, 'જીત' રૂપ બની શકે છે.

શંકા - આવું શાના પરથી કહો છો?

સમાધાન - આવી સ્પષ્ટ અસન્દિગ્ધ તારવણી કરાવી આપનારા ઘણાં કારણો છે.

(૧) જો આવું ન માનીએ તો ગ્રન્થકારે બીજા માર્ગ તરીકે દર્શાવેલ 'જીત' નો ઉચ્છેદ જ થઇ જાય છે. કારણકે જે આચરણ શાસ્ત્રવિહિત છે તેનો તો 'ભગવદ્વચન' રૂપ પ્રથમમાર્ગમાં જ સમાવેશ છે. અને જે આચરણ શાસ્ત્રનિષિદ્ધ છે તેનો તો જીતમાં સમાવેશ થઇ શકતો નથી એમ તમે કહો છો.

શંકા - ના, જીતનો ઉચ્છેદ માનવાની આપત્તિ નથી, શાસ્ત્ર જે બાબતોનું વિધાન કરતું નથી કે નિષેધ કરતું નથી, કિન્તુ ઉદાસીન રહે છે, તેવી બાબતોનું દેશકાળાદિને આશ્રીને થતું આચરણ 'જીત' બની શકે છે.

સમાધાન - આવી કલ્પના ઉચિત નથી. 'જીત' તરીકે માન્ય આચરણો માટે 'अन्नह भणियं पि सुએ' 'आइन्नमन्नहच्चिय' 'શાસ્ત્રમાં અન્યથા કહેલું છે અને આચરણ અન્યથા જોવા મળે છે' આવું જે કહેલું છે એના પરથી જ શું એ જણાઇ જતું નથી કે જેવું આચરણ થયું છે એવું શાસ્ત્રવિહિત નથી, શાસ્ત્રવિહિત આચરણ એનાથી ભિન્ન હોય છે.

શંકા - પણ એમાં, એ આચરણ શાસ્ત્રનિષિદ્ધ છે એવું ક્યાં સિદ્ધ થયું?

સમાધાન - 'એક વિશેષનું વિધાન અન્ય વિશેષના નિષેધમાં ફલિત થાય છે' આવો એક ન્યાય છે. જેમકે, ગૃહસ્થ માટે ન્યાયસંપન્ન વૈભવનું વિધાન કર્યું છે એનાથી જ અન્યાયોપાર્જિત વૈભવનો નિષેધ થઇ જાય છે. પ્રસ્તુતમાં 'જે રીતનું આચરણ ગીતાર્થ સંવિગ્નોએ કરેલું છે એના કરતાં, અન્ય પ્રકારે શ્રુતમાં વિધાન કર્યું છે' એવું જે જણાવ્યું છે તેનાથી જ, આ ન્યાયાનુસારે, જણાઇ જાય છે કે ગીતાર્થ સંવિગ્નોનું તે આચરણ નિષિદ્ધ હતું.

(૨) વળી શાસ્ત્રનિષિદ્ધ આચરણા 'જીત' બની શકે નહીં એવું માનવામાં તો ધર્મરત્નપ્રકરણમાં કલ્પપ્રાવરણા વગેરે જે 'જીત' ના ઉદાહરણો આપેલા છે એ બધા પણ અસંગત ઠરી જવાની આપત્તિ આવશે, કારણકે એ બધા શાસ્ત્રનિષિદ્ધ છે. એ અધિકારમાં સંવત્સરી અને ચોમાસીની તિથિના ફેરફારને પણ 'જીત' તરીકે જણાવેલ છે. જ્યાં સુધી સંવત્સરી પાંચમની હતી

दर्शयद्भिः कुलाचारलोपादामुष्मिकं भयम्।
वारयद्भिः स्वगच्छीयगृहिणः साधुसंगतिम्।।९।।
द्रव्यस्तवं यतीनामप्यनुपश्यद्भिरुत्तमम्।
विवेकविकलं दानं स्थापयद्भिर्यथा तथा।।१०।।
अपुष्टालंबनोत्सिक्तैर्मुग्धमीनेषु मैनिकैः।
इत्थं दोषादसंविग्नैर्हहा विश्वं विडम्बितम्।।११।।

दर्शयद्भिरिति। आमुष्मिकं = प्रेत्यप्रत्यवायविपाकलक्षणम्(...विपाकफलं इति पूर्वमुद्रितप्रते)।।९।। **द्रव्यस्तवमिति**। अपिना आगमे यतीनां तन्निषेधो द्योत्यते। अनुपश्यद्भिः = मन्यमानैः।।१०।। **अपुष्टेति**। व्यक्तः।।११।।

[असंविग्नोએ પોતાના મોહપ્રેરિત આચરણોથી વિશ્વની કેવી વિડંબણા કરી છે એને ૩ શ્લોકો વડે જણાવતા ગ્રન્થકાર કહે છે–]

[असंविग्नाचरणथी विडंबणा]

અયોગ્ય આચારોને કુલાચાર તરીકે જણાવી, 'આનો લોપ કરશો તો પરલોકમાં એના વિપાક ભોગવવા પડશે' એવો પરલોકસંબંધી ભય દેખાડતા, (અથવા 'આપણા સાધુઓનો જ સંગ વગેરે કરવો એ તમારો કુલાચાર છે, એનો લોપ કરીને અન્ય સાધુઓનો સંગ કરશો તો પરલોકમાં એના વિપાક ભોગવવા પડશે' આવું દેખાડતા અને એ રીતે) સ્વગચ્છના ભક્ત ગૃહસ્થોને (અન્ય ગચ્છના) સાધુપુરુષો સાથે સંગ કરતા અટકાવતા, સાધુઓ માટે જેનો આગમમાં નિષેધ કર્યો છે (આટલો અર્થ અપિ શબ્દથી દ્યોતિત થાય છે) તેવો પણ દ્રવ્યસ્તવ સાધુઓ માટે પણ ઉત્તમ છે એવું માનતાં, વિવેકશૂન્ય દાનની પણ 'દાન તો જે કાંઇ આપીએ છીએ એનાથી લાભ જ લાભ છે' ઇત્યાદિ રીતે ગમે તેમ સ્થાપના કરતાં અપુષ્ટ આલંબનને પકડીને ઊભા થયેલા તેમજ મુગ્ધજીવો રૂપ માછલાંઓ અંગે માછીમાર સમાન (એટલે કે મુગ્ધજીવોને ઠગીને આત્મહિતરૂપ પ્રાણોથી વિયુક્ત કરનારા) એવા અસંવિગ્નોએ આ પ્રમાણે દોષથી હા! હા!! વિશ્વની વિટંબણા કરી છે.॥९॥१०॥११॥ [असंविग्नोनी જ અન્ય અયોગ્ય વાતને ઉઘાડી પાડતાં ગ્રન્થકાર કહે છે–]

ત્યાં સુધી ચોથ તો અપર્વતિથિ હતી. અપર્વમાં પર્વ કરવાનો નિષેધ હોવો તો સ્પષ્ટ જ છે. તેમ છતાં, સંવત્સરી પર્વ ચોથનું થયું છે ને એ 'જીત' કહેવાયું છે.

શંકા - પણ તિથિ તો સિદ્ધાન્ત છે, સામાચારી નહીં. સામાચારીમાં ફેરફાર થઇ શકે, સિદ્ધાન્તમાં નહીં. તેથી તિથિમાં પણ ફેરફાર તો ન જ થઇ શકે ને?

સમાધાન - શાસ્ત્રની અનભિજ્ઞતા વગેરેના કારણે થયેલી આ માત્ર ભ્રાન્તિ જ છે... નહીંતર તો શ્રી કાલિકસૂરિમહારાજ પણ પાંચમની ચોથ કરવા સ્વરૂપ ફેરફાર શી રીતે કરી શકત? તેઓશ્રીએ ચોથ કરી છે ને આખા સંઘે અપનાવી છે, માટે આત્મહિતેચ્છુએ આ ભ્રાન્તિ વહેલી તકે કાઢી નાખવા જેવી છે. [પૂ. કાલિકસૂરિ મહારાજની ગુરુપંરપરા (અને પોતે પણ ત્યાં સુધી) પાંચમની જ સંવત્સરી કરતા હતા અને ઉપદેશતા હતા, તેમ છતાં, ચોથની સંવત્સરી તેઓએ કરી એટલા માત્રથી તેઓ 'વિરાધક', 'જિનાજ્ઞાભંજક', 'ગુરુદ્રોહી', 'પોતે ત્યાં સુધી જે કરતા હતા અને કહેતા હતા તેના કરતાં વિરુદ્ધ કરનારા તથા કહેનારા...' વગેરે દોષારોપણ થતું નથી-થયું નથી એ નોંધનીય છે.](પુનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવા એ શાસ્ત્રનિષિદ્ધ છે એવી પોતાની માન્યતા હોવા છતાં પૂ. સ્વ. આચાર્ય વિજયરામચન્દ્રસૂરિ મહારાજે પણ વિ. સંવત ૨૦૨૦

अप्येष शिथिलोल्लापो न श्राव्यो गृहमेधिनाम्।
सूक्ष्मोऽर्थ इत्यदोऽयुक्तं सूत्रे तद्गुणवर्णनात्।।१२।।

अपीति। एषोऽपि शिथिलानामुल्लापो यदुत 'न श्राव्यो गृहमेधिनां सूक्ष्मोऽर्थः' इत्यदः = वचनमयुक्तं, सूत्रे = **भगवत्यादौ** तेषां = गृहमेधिनामपि केषाञ्चिद् गुणवर्णनात्, 'लद्धट्ठा गहिअट्ठा' इत्यादिना साधूक्त-सूक्ष्मार्थपरिणामशक्तिमत्त्वप्रतिपादनात्। **सम्यक्त्वप्रकरणप्रसिद्धोऽयमर्थः**।।१२।।

શિથિલાચારીઓનો આ પણ જે ઉલ્લાપ છે કે 'ગૃહસ્થોને શાસ્ત્રોની સૂક્ષ્મ વાતો કહેવી ન જોઇએ.' તે યોગ્ય નથી, કેમકે ભગવતીજી વગેરે સૂત્રમાં કેટલાક ગૃહસ્થોના વર્ણનમાં #'लद्धट्ठा गहिअट्ठा' વગેરે વિશેષણો વપરાયાં છે જે વિશેષણો 'તેઓએ શાસ્ત્રના સૂક્ષ્મ અર્થને જાણેલો છે' ઇત્યાદિ જણાવે છે. તેમજ આનાથી 'સાધુ વડે કહેવાતા સૂક્ષ્મ પદાર્થોને પરિણમાવવાની તેઓમાં શક્તિ હોય છે' એનું પ્રતિપાદન થાય છે. આ વાત **સમ્યક્ત્વ પ્રકરણમાં** પ્રસિદ્ધ છે. એટલે જે ગૃહસ્થો સૂક્ષ્મ બાબતોને પરિણમાવી શકતા હોય તેઓને તેનાથી નુકશાન થવાનો સંભવ રહેતો નથી. તો એ બાબતો તેમને શા માટે ન જણાવવી?॥૧૨॥ [આવા શિથિલાચારી અસંવિગ્નો સાચા સાધુઓની જે નિંદા કરે છે તેનો ફલિતાર્થ દેખાડતાં ગ્રન્થકાર કહે છે –]

જેમકે શ્રીસૂયગડાંગના બીજા શ્રુતસ્કંધના સાતમા નાલન્દીય અધ્યયનના પ્રારંભે લેપ નામના શ્રમણોપાસકના लद्धट्ठे गहियट्ठे पुच्छियट्ठे विणिच्छियट्ठे अभिगहियट्ठे આવા વિશેષણો કહેલાં છે જેનો અર્થ આ પ્રમાણે છે-- लब्धार्थ = તત્ત્વના જાણકાર, गृहीतार्थ = મોક્ષમાર્ગ સ્વરૂપ અર્થને ગ્રહણ કરેલો છે, पृष्टार्थ = જેણે વિશેષ પ્રકારે અર્થ પૂછેલો છે, અને તેથી विनिश्चितार्थ = જેણે વિશેષ પ્રકારે અર્થનો નિશ્ચય કર્યો છે, अभिगतार्थ = જેણે એ અર્થ પ્રતીત થયો છે તે.

થી ૨૦૪૭ સુધી એવી જે આચરણા કરી ને એ પૂર્વે તથા પછી એનાથી ભિન્ન આચરણા કરી, તો આ બેમાંથી કઇ આચરણા શાસ્ત્રસિદ્ધ ને કઇ શાસ્ત્રનિષિદ્ધ? બેમાંથી એક તો શાસ્ત્રનિષિદ્ધ હશે જ? એ અંગે એમને શાસ્ત્રપાઠ પૂછવા જોઇએ? તથા, પહેલાં તેઓ જુદું કરતા હતા, હવે જુદું કરે છે, અસ્થિરમનના છે... આવું બધું કહી શકાય? તથા એ શાસ્ત્રનિષિદ્ધ આચરણા જે આચરી એ વિરાધના કરી એમ કહી શકાય?

"પણ એ તો અભિયોગ વગેરે પરિસ્થિતિવશાત્ એમણે એવી આચરણા કરવી પડેલી..."

છતાં, ચતુર્વિધ સંઘના એમને અનુસરનારા સભ્યોને પણ એ આચરણાનું પ્રાયશ્ચિત્ત કરાવવામાં નથી આવ્યું એ જણાવે છે કે એ આચરણા સામાન્યથી શાસ્ત્રનિષિદ્ધ હોવા છતાં વિરાધના રૂપ નહોતી, ને તેથી માર્ગરૂપ હતી.

સંવિગ્નગીતાર્થ મહાત્માઓ પણ પટ્ટક વગેરે દ્વારા જે ફેરફાર કરે છે તે દેશ-કાળાદિની પરિસ્થિતિવશાત્ જ કરે છે ને તેથી એવો ફેરફાર વિરાધનારૂપ ન બનતા માર્ગરૂપ જ બને છે એ સ્વીકારવું જોઇએ.)

પૂર્વે, શ્રીઆચારાંગજીનું શસ્ત્રપરિજ્ઞા અધ્યયન સૂત્રથી અને અર્થથી ભણી લીધા બાદ જ શિષ્યની વડી દીક્ષા કરવાનું વિધાન હતું. એટલે એ પૂર્વે વડી દીક્ષા કરવાનો નિષેધ હતો એ સમજી શકાય છે. અને હવે?... શ્રીઆચારાંગજીને ભણે એ પૂર્વે જ શ્રીદશવૈકાલિકસૂત્રના ષડ્જીવનિકાય અધ્યયનને શિષ્ય સૂત્રથી-અર્થથી ભણી લે એટલે વડી દીક્ષા કરવામાં આવે છે. આ આચરણ પણ 'જીત' કહેવાયું છે. 'વિરાધના' નહીં.

એટલે, શાસ્ત્રનિષિદ્ધ હોવા માત્રથી, વિવક્ષિત આચરણા 'જીત' રૂપ બની ન શકે, એ 'વિરાધના' જ કહેવાય એવું કહી શકાતું નથી.

(૩) અનેક શાસ્ત્રવચનો પણ આ નિષ્કર્ષ પર પહોંચવા પ્રેરે છે કે જે આચરણા શાસ્ત્રનિષિદ્ધ હોય તે, તેવા દેશકાલ વગેરેને લક્ષમાં લઇને ગીતાર્થ સંવિગ્નોથી આચરવામાં આવે તો 'જીત' રૂપ બને છે, વિરાધના રૂપ નહીં. જેમકે આચરણામાં કોઇપણ ફેરફાર માટે કયા આગમવચન સામે જોવું? એ માટે ધર્મરત્નપ્રકરણના વૃત્તિકારે કહ્યું છે કે --

दोसा जेण णिरुज्झन्ति, जेण खिज्जंति पुव्वकम्माइं।
सो सो मुक्खोवाओ रोगावत्थासु समणं व।।

અર્થ - જેનાથી દોષો દૂર થતા જાય, જેનાથી પૂર્વબદ્ધકર્મોનો નાશ થતો જાય તે બધું મોક્ષના ઉપાયરૂપ છે (એટલે કે માર્ગ

तेषां निन्दाऽल्पसाधूनां बह्वाचरणमानिनाम्।
प्रवृत्तांगीकृतात्यागे मिथ्यादृग्गुणदर्शिनी।।१३।।

तेषामिति। तेषां = असंविग्नानामल्पसाधूनां = विरलानां यतीनां, बह्वाचरित(रण)मानिनां = बहुभिराचीर्णं खलु वयमाचरामः स्तोकाः पुनरेते संविग्नत्वाभिमानिनो दांभिका इत्यभिमानवतां निन्दा, अंगीकृतस्य मिथ्याभूतस्यापि बह्वाचीर्णस्यात्यागेऽभ्युपगम्यमाने मिथ्यादृशां गुणदर्शिनी प्रवृत्ता, सम्यग्दृगपेक्षया मिथ्यादृशामेव बहुत्वात्। तदाह-

[1]बहुजणपवित्तिमिच्छं (मेत्तं) इच्छंतेण(हिं) इहलोइओ चेव।
धम्मो न उज्झियव्वो जेण तहिं बहुजणपवित्ति।।उ. पद ९०९।।१३।।

'घणांओએ જે આચર્યું છે તેને અમે આચરીએ છીએ, જાતને સંવિગ્ન માનતા આ થોડા સાધુઓ જે ક્રિયાચુસ્ત હોવાનો દેખાવ કરે છે તેઓ તો દંભી છે' આવા અભિમાનવાળા તે અસંવિગ્નો વિરલ સંખ્યામાં રહેલા ઉદ્યતવિહારી સંવેગી સાધુઓની જે નિન્દા કરે છે (કે તમે તો ઓછા છો એટલે તમારું આચરણ ત્યાજ્ય છે, અમે ઘણા છીએ એટલે અમારું આચરણ ગ્રાહ્ય છે ઇત્યાદિ૩૫) તે નિંદા મિથ્યાત્વીઓને ગુણવાન તરીકે જોવામાં ફલિત થાય છે. આવું એટલા માટે ફલિત થાય છે કે 'તેઓએ સ્વીકારેલ માર્ગ મિથ્યા હોવા છતાં, માત્ર જો બહુ આચરનારા હોવાથી જ અત્યાજ્ય માનવાનો હોય તો એ રીતે તો સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ મિથ્યાત્વીઓ જ ઘણા હોવાથી મિથ્યાત્વીઓનો માર્ગ જ અત્યાજ્ય બની જાય. એટલે કે એને જ ગુણકર માનવો પડે. ઉપદેશપદ ૯૦૯ માં કહ્યું છે કે 'જે લોકોને બહુજનપ્રવૃત્તિમાત્ર માન્ય છે તેઓએ ઇહલૌકિક ધર્મ છોડવો નહિ, કારણ કે તેમાં ઘણા લોકો પ્રવર્તતા હોય છે.'॥૧૩॥ [એ અસંવિગ્નો જો ખોટા છે તો ધર્મસ્થાનોમાં તેઓની બોલબાલા જ કેમ ચાલે છે? એનો જવાબ આપવા ગ્રન્થકાર કહે છે–]

१ बहुजनप्रवृत्तिमात्रमिच्छद्भिर्लौकिकश्चैव। धर्मो नोज्झितव्यो येन तत्र बहुजनप्रवृत्तिः।।

૩૫ બને છે) જેમકે રુગ્ણ અવસ્થામાં જે જે ચીજથી રોગ મટતો જાય એ બધું ઔષધ ૩૫ છે.

'વિવક્ષિત નવા આચરણનું નિષેધક કોઇ શાસ્ત્ર વચન મળતું હોય તો એ આચરણ અપનાવવું નહીં' એવું વૃત્તિકારે કહ્યું નથી.

'જીત' તરીકે પ્રમાણભૂત ઠરેલ અનેક આચરણો દર્શાવીને છેવટે, અથવા વધુ શું કહેવું?

'जं सव्वहा न सुत्ते पडिसिद्धं नेव जीववहहेऊ।
तं सव्वंपि पमाणं चारित्तधणाणमणियं च।।

અર્થ - સૂત્રમાં, મૈથુનસેવનની જેમ જેનો સર્વથા નિષેધ નથી, તેમજ જે જીવહિંસાના કારણભૂત નથી તે બધી વાતો ચારિત્રધનવાળા મહાત્માઓને પ્રમાણ છે, માન્ય છે.' આ પ્રમાણે ધર્મ રત્ન પ્રકારણના મૂળકારે પણ કહ્યું છે. પૂર્વાચાર્યોએ પણ કહ્યું છે કે

'अवलंविऊण कज्जं जं किंपि समायरंति गीयत्था।
थोवावराहबहुगुण सव्वेसिं तं पमाणं तु।।

અર્થ - સંયમોપકારક કાર્યને આશ્રીને ગીતાર્થ પુરુષો અલ્પદોષવાળું અને અનેકગુણોવાળું જે કાંઇ આચરે છે તે બધા ચારિત્રસંપન્ન મહાત્માઓને 'પ્રમાણ' હોય છે.'

નિષિદ્ધ વાતો જ તેવા દેશ-કાળમાં અનિષિદ્ધ બની જઇ કલ્પ્ય બની જાય છે એવું વાચકવર્ય શ્રીઉમાસ્વાતિ મહારાજાએ પ્રશમરતિપ્રકરણમાં કહ્યું છે.

'किंचिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यादकल्प्यमपि कल्प्यम्।

इदं कलिरजःपर्वभस्म भस्मग्रहोदयः।
खेलनं तदसंविग्नराजस्यैवाधुनोचितम्।।१४।।

इदमिति। व्यक्तः।।१४।।

समुदाये मनाग्दोषभीतैः स्वेच्छाविहारिभिः।
संविग्नैरप्यगीतार्थैः परेभ्यो नातिरिच्यते।।१५।।

समुदाय इति। समुदाये मनाग्दोषेभ्यः = ईषत्कलहादिरूपेभ्यो भीतैः स्वेच्छाविहारिभिः = स्वच्छन्दचारिभिः संविग्नैरपि = वाह्याचारप्रधानैरप्यगीतार्थैः परेभ्यः = असंविग्नेभ्यो नातिरिच्यते = नाधिकीभूयते।।१५।।

આ कलिकाળરૂપ रજः पर्व = હોળી છે. વળી એમાં ભસ્મગ્રહના ઉદય રૂપ ભસ્મ = રાખ એટલે કે ધૂળ यावत्... ઊડી રહી છે. જેમ હોળી પર્વમાં ધૂળ ઉડતી હોય ત્યારે એમાં અશિષ્ટ લોકો જ નાચે-કૂદે છે એમ એક તો કલિકાળ અને એમાં પાછી ભસ્મગ્રહની અસર... એટલે આ કાળમાં અસંવિગ્નો રૂપ રાજાનો નાચ હોવો જ યોગ્ય છે.॥૧૪॥ [સુખશીલતા વગેરેના કારણે બાહ્ય આચારમાર્ગથી શિથિલ થયેલાઓના દોષ દેખાડ્યા. હવે બાહ્ય આચારમાર્ગને મુખ્ય કરનારા પણ સ્વેચ્છાચારીઓના દોષ દેખાડવા ગ્રન્થકાર કહે છે-]

[સ્વેચ્છાચારીઓના દોષ]

'સમુદાયમાં કંઇક કલહ વગેરે થાય છે' આવા અલ્પ દોષથી બીને (સમુદાયનો ત્યાગ કરીને) સ્વચ્છન્દચારી બનેલા બાહ્ય આચારને પ્રધાન કરનારા અગીતાર્થો બીજા અસંવિગ્નો કરતાં જુદાં નથી. અર્થાત્ અસંવિગ્નો જેમ અનેક દોષોનું સ્થાન બને છે તેમ સંવિગ્ન જેવા દેખાતા આ સ્વચ્છન્દાચારીઓ પણ અનેક દોષોનું સ્થાન બને છે.॥૧૫॥ [તેઓના દોષોનું દિગ્દર્શન કરતા ગ્રન્થકાર કહે છે–]

पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा।।

અર્થ - પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર, ઔષધ વગેરેમાંથી તેવી કોઇક શુદ્ધ અને કલ્પ્ય ચીજ પણ તેવા દેશકાળાદિમાં અકલ્પ્ય બની જાય છે, એમ, અકલ્પ્ય બાબત પણ વિશેષપ્રકારના દેશકાળાદિમાં કલ્પ્ય બની જાય છે.'

જે પૂર્વે અકલ્પ્ય હતું, એટલે જ નિષિદ્ધ હતું, તે જ પછી કલ્પ્ય = આચરણીય = 'જીત' માર્ગ રૂપ બને છે એવું આમાં પણ જણાવ્યું છે.

પ્રશ્ન - આમાં, અકલ્પ્ય કલ્પ્ય બની જવાની જે વાત છે એ તો 'અપવાદમાર્ગ' માટે છે. 'જીત' માટે ક્યાં છે?

ઉત્તર - સામાન્યથી, 'અપવાદ' અને 'જીત' શબ્દોથી બે જુદી જુદી બાબતો ઉપસ્થિત થવાના કારણે એ બેને સાવ ભિન્ન માનવાના કારણે આ પ્રશ્ન ખડો થાય છે. અમુક ચોક્કસ દેશ-કાળ-પુરુષાદિને નજરમાં લઇને ગીતાર્થ સંવિગ્નોથી આચરાયેલ બાબત જ 'જીત' બને છે કે 'અપવાદ' બને છે. આ બે વચ્ચે ભેદ પાડવો હોય તો એવો પાડી શકાય કે, દેશકાળાદિને નજરમાં લઇને એકવાર કરેલ આચરણ, બીજીવાર કરતી વખતે જો, દેશકાળાદિના વિશેષ પ્રકારે નિરીક્ષણ કર્યા બાદ આવશ્યક લાગે તો કરવાનું હોય એ 'અપવાદ' તરીકે સમજાય છે. પણ, અવસર્પિણી કાળ વગેરેને નજરમાં લઇ, જ્યાં સુધી દેશકાળાદિમાં બીજો વિશેષ ફેરફાર ન થાય ત્યાં સુધી માટે, હંમેશ માટે, સંવિગ્ન ગીતાર્થો જે આચરણ નિશ્ચિત કરી દે એ 'જીત' તરીકે સમજાય છે. પછી, આ આચરણમાં દરેક વખતે, 'તેવા દેશકાળાદિ છે કે નહીં?' એ માટેના ગીતાર્થના વિશિષ્ટ નિર્ણયની આવશ્યકતા હોતી નથી.

આ તો આવો કંઇક ભેદ ભાસે છે એ માટે કહ્યું બાકી, 'જીત' પણ એક વિશેષ પ્રકારનો અપવાદ જ છે અને તેથી ઉક્ત વચન એના માટે પણ છે જ.

वदन्ति गृहिणां मध्ये पार्श्वस्थानामवन्द्यताम्।
यथाच्छन्दतयात्मानमवन्द्यं जानते न ते।।१६।।

वदन्तीति। परदोषं पश्यन्ति, स्वदोषं च न पश्यन्तीति महतीयं तेषां कदर्थनेति भावः।।१६।।

આ સ્વેચ્છાચારી સાધુઓ ગૃહસ્થોની સભામાં શિથિલાચારી બનેલા પાસત્થાઓને અવન્દ્ય તરીકે જણાવે છે, પણ 'સ્વયં પણ યથાછન્દ બન્યા હોવાના કારણે અવન્દ્ય છે' એ વાત તેઓ જાણતા નથી. પાસત્થા જેમ અવન્દ્ય છે તેમ યથાછંદ પણ અવન્દ્ય છે જ. કહેવાનો ભાવ એ છે કે તેઓ પરદોષને (પાસત્થાઓના દોષને) જુએ છે (અને તેથી અવન્દ્ય કહે છે) અને પોતાના યથાછંદપણાંના દોષને જોતા નથી અને (તેથી તે જાતને અવન્દ્ય માનતા નથી.) એટલે આ તેઓની બહુ મોટી કદર્થના છે.॥૧૬॥ [આ સ્વેચ્છાચારીઓ પણ પોત પોતાની બુદ્ધિ પ્રમાણે તર્ક પૂર્વક વધુ આરાધના થાય એવા આચારપાલનમાં તત્પર દેખાય છે. તો તેઓના એ ઉદ્યત આચારથી તેઓ મોક્ષમાર્ગમાં આગળ તો વધશે જ ને? એવી શંકાનું સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે–]

तम्हा सव्वाणुन्ना सव्वनिसेहो च पवयणे नत्थि।
आयं वयं तुलिज्जा लाहाकंखिव्व वाणियओ।।
અને પ્રસ્તુત ગ્રન્થમાં (૩-૫)મી ગાથા-
निषेधः सर्वथा नास्ति विधिर्वा सर्वथाऽऽगमे।
आयं व्ययं च तुलयेल्लाभाकांक्षी वणिग्यथा।।

બન્નેનો અર્થ - (તેથી) પ્રવચનમાં = આગમમાં કોઇપણ વાતનો સર્વથા નિષેધ નથી કે સર્વથા અનુજ્ઞા નથી. લાભાકાંક્ષી વાણિયાની જેમ આય-વ્યયનો હિસાબ લગાવી પ્રવૃત્તિ યા નિવૃત્તિ કરવી.

શાસ્ત્રોમાં ડગલે ને પગલે વિધાન કે નિષેધ હોવા છતાં એ વિધાન-નિષેધ સર્વથા (એકાન્તે) હોતા નથી. દેશકાળાદિને અનુસરીને વિહિત ચીજ નિષિદ્ધ ને નિષિદ્ધ ચીજ વિહિત બની શકે છે.

કોઇપણ પરિસ્થિતિમાં જેનું આચરણ વિરાધના રૂપ જ રહે, માર્ગ રૂપ ન જ બને એવી ચીજ તો એક માત્ર મૈથુન છે. કહ્યું છે--

न य किंचि अणुन्नायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं।
मोत्तुं मेहुणभावं न तं विणा रागदोसेहिं।।

અર્થ - શ્રીજિનેશ્વર ભગવંતોએ કોઇ ચીજની સર્વથા અનુજ્ઞા આપી નથી કે મૈથુન સિવાય અન્ય કોઇ ચીજનો સર્વથા નિષેધ કર્યો નથી. મૈથુનનો સર્વથા નિષેધ એટલા માટે છે કે એ રાગ-દ્વેષ વિના થઇ શકતું નથી.

જેનાથી રાગ-દ્વેષની હાનિ થાય એવી તો કોઇ પણ પ્રવૃત્તિ આચરણીય છે એમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ અનેક ગ્રન્થોમાં ઉપસંહાર રૂપે જણાવે છે--

किं बहुना इह जह जह रागद्दोसा लहुं विलिज्जंति।
तह तह पयट्टिअव्वं एसा आणा जिणिंदाणं।।

અર્થ - વધારે શું કહેવું? 'જે જે રીતે રાગ-દ્વેષ શીઘ્ર વિલીન થતા જાય તે તે રીતે પ્રવર્તવું' આ શ્રીજિનેશ્વરદેવની આજ્ઞા છે.

આ બધા ગ્રન્થાધિકારો પરથી સ્પષ્ટ છે કે, શાસ્ત્રમાં સામાન્યથી નિષેધ મળતો હોવા માત્રથી, તે તે ફેરફાર સંવિગ્ન ગીતાર્થો દેશ-કાળાદિને જોઇને પણ કરી ન જ શકે... એવો બધો ફેરફાર શાસ્ત્રવિરુદ્ધ જ હોય... વિરાધનારૂપ જ હોય... આવી બધી વાતો સત્યથી વેગળી છે.

તેથી જ ઉપાધ્યાયજી મહારાજે પણ આ માર્ગ દ્વાત્રિંશિકાની આઠમી ગાથામાં, કલ્પપ્રાવરણાદિ જીત રૂપ જે છે અને શ્રાદ્ધમમત્વાદિ વિરાધનારૂપ જે છે એના કારણ તરીકે એમ નથી કહ્યું કે 'કલ્પપ્રાવરણાદિ શાસ્ત્રનિષિદ્ધ નથી માટે જીત રૂપ છે જ્યારે શ્રાદ્ધમમત્વાદિ શાસ્ત્રનિષિદ્ધ છે માટે વિરાધનારૂપ છે,' કિન્તુ એમ કહ્યું છે કે 'કલ્પપ્રાવરણાદિ તત્ત્વજ્ઞાનથી થયેલા છે માટે 'જીત' છે અને શ્રાદ્ધમમત્વાદિ મોહથી (= રાગ-દ્વેષથી) થયેલા છે માટે 'વિરાધના' છે.'

गीतार्थपारतंत्र्येण ज्ञानमज्ञानिनां मतम्।
विना चक्षुष्मदाधारमन्धः पथि कथं व्रजेत्।।१७।।

गीतार्थेति। मुख्यं ज्ञानं गीतार्थानामेव, तत्पारतंत्र्यलक्षणं गौणमेव तदगीतार्थानामिति भावः।।१७।।

અગીતાર્થોને ગીતાર્થના પારતંત્ર્યરૂપે જ જ્ઞાન હોવું મનાયું છે. એટલે ગીતાર્થના આધાર વિના તેઓ મોક્ષમાર્ગમાં આગળ શી રીતે વધી શકે? દેખતા માણસની સહાય વિના આંધળો રસ્તે શી રીતે ચાલી શકે? જેઓ ગીતાર્થ છે તેઓને જ મુખ્ય (= અનુપચરિત) જ્ઞાન હોય છે. અગીતાર્થો તો તેઓને પરતંત્ર રહે– તેઓના દોરવાયા દોરવાય તો જ જ્ઞાનના કાર્યાકાર્યના વિવેક વગેરે રૂપ ફળને પામી શકતા હોવાથી ગૌણપણે એટલે કે પારતન્ત્ર્યરૂપે જ્ઞાનવાળા હોય છે. આશય એ છે કે જ્ઞાનનું ફળ કાર્ય-અકાર્યનો વિવેક વગેરે છે. ગીતાર્થને એ સ્વકીય જ્ઞાનથી થઇ જાય છે. અગીતાર્થને એવું જ્ઞાન ન હોવા છતાં, જો ગીતાર્થને પૂછીને જ કાંઇપણ કરવું એવું ગીતાર્થનું પારતન્ત્ર્ય હોય, તો ગીતાર્થ તેને અકાર્યને અકાર્ય રૂપે જણાવી નિવૃત્તિ કરાવે છે ને કાર્યને કર્તવ્યરૂપે જણાવી પ્રવૃત્તિ કરાવે છે. અગીતાર્થને પોતાનું જ્ઞાન હોત તો પણ એના પ્રભાવે આ જ થવાનું હતું. એટલે અગીતાર્થને જ્ઞાન ન હોવા છતાં જ્ઞાનનું ફળ ગીતાર્થપારતન્ત્ર્ય દ્વારા મળી જતું હોવાથી ફળતઃ જ્ઞાન હોવાનું કહેવાય છે. તેથી અગીતાર્થમાં રહેલું ગીતાર્થપારતન્ત્ર્ય એ જ એનું જ્ઞાન છે. વળી આ ગુરુપારતન્ત્ર્ય એ વાસ્તવિક જ્ઞાન તો નથી જ, પણ જ્ઞાનના કાર્યભૂત કાર્યાકાર્ય વિવેકના કારણભૂત છે. માટે, ઉપચારથી જ્ઞાન રૂપ કહેવાતું હોવાથી એને ગૌણ રૂપે જ્ઞાન કહ્યું છે.॥૧૭॥ તેથી જ ગુરુપારતન્ત્ર્ય છોડનારને થતું નુકશાન જણાવવા ગ્રન્થકાર કહે છે–]

પ્રશ્ન - આ બધા પ્રતિપાદન પરથી શું તમારો એવો અભિપ્રાય ફલિત થતો નથી કે સર્વથા નિષિદ્ધ મૈથુનને છોડીને, જેણે જે ફેરફાર કરવો હોય તે કરી શકે છે, ભલે ને એ શાસ્ત્રનિષિદ્ધ હોય, તો પણ, એ વિરાધનારૂપ બનતું નથી. પણ 'જીત' માર્ગ રૂપ જ બને છે?

ઉત્તર - ના, આવો અભિપ્રાય ફલિત થતો નથી. કારણકે કોઇપણ આચરણને 'જીત' બનવા માટેની એક મહત્ત્વની શર્ત એ છે કે સંવિગ્નગીતાર્થ મહાત્માઓએ એ આચરેલું હોવું જોઇએ. એટલે જે તે વ્યક્તિના આચરણની તો કોઇ કિંમત જ નથી. આચરણમાં રાગદ્વેષના કારણે આવનારી અનુચિતતાને સંવિગ્નતા ટાળે છે અને દેશ-કાળના તથા તેને અનુરૂપ આચરણના નિર્ણયમાં સંભવિત અનુચિતતાને ગીતાર્થતા ટાળે છે. માટે, સંવિગ્નગીતાર્થનું આચરણ 'જીત' બનવામાં કોઇ અનુપપત્તિ નથી.

જે સંવિગ્નગીતાર્થ નથી એનું તો સુંદરબુદ્ધિથી કરેલું આચરણ પણ શાસ્ત્રકારો ક્યાં માન્ય કરે છે?

अप्पागमो किलिस्सइ जइवि करेइ अइदुक्करं तु तवं।
सुंदरबुद्धिए कयं वहुयं पि न सुन्दरं होइ।।उपदेशमाळा ४१४।।

અર્થ - અલ્પ આગમજ્ઞાની અતિદુષ્કર તપ કરે તો પણ ક્લેશ પામે છે, કારણકે 'આ હિતકર અનુષ્ઠાન છે' એવા ખ્યાલથી તેણે કરેલું ઘણું કાર્ય પણ પરિણામે સુંદર બનતું નથી.

આચરણમાં જે રાગદ્વેષપ્રયુક્ત શિથિલતા આવે છે એ તો રાગ-દ્વેષ પ્રયુક્ત હોવાના કારણે જ 'જીત' રૂપ બનતી નથી એ સ્પષ્ટ છે. અર્થાત્ એવા કોઇ દેશ-કાળાદિને નજરમાં લેવામાં આવ્યા નથી, પણ રાગ-દ્વેષ કે પ્રમાદને વશ બની શિથિલ આચરણ કર્યું, ને પછી એના બચાવ માટે દેશ-કાળને આગળ ધરવામાં આવે તો એ વિરાધના રૂપ છે એ સ્પષ્ટ છે.

શંકા - છતાં, આચરણામાં પટ્ટક વગેરે દ્વારા ફેરફાર કરનારા આ આચાર્યાદિ મહાત્માઓ શાસ્ત્રના રહસ્યાર્થ પામેલા ન હોવાથી અગીતાર્થ છે, ને તેથી એમણે ફેરવેલું આચરણ વિરાધનારૂપ જ બને ને?

સમાધાન - 'બીજા બધા અગીતાર્થ છે ને અમે જ સાચું તત્ત્વ સમજેલા ગીતાર્થ છીએ' આવું માનવાવાળા જ વસ્તુતઃ તત્ત્વના અનભિજ્ઞ અગીતાર્થ હોય છે એવું યોગસારમાં કહ્યું છે.

तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः।

तत्त्यागेनाफलं तेषां शुद्धोञ्छादिकमप्यहो।
विपरीतं फलं वा स्यान्नौभंग इव वारिधौ।।१८।।

तदिति। तत्त्यागेन = गीतार्थपारतंत्र्यपरिहारेण तेषां = संविग्नाभासानां शुद्धोञ्छादिकमप्यफलं विपरीतफलं वा स्यात्, वारिधाविव नौभंगः।।१८।। यदि नामैतेषां नास्ति ज्ञानं, कथं तर्हि मासक्षपणादिदुष्करतपोऽनुष्ठातृत्वमित्यत आह–

[गच्छनिर्गतने नुकशान]

ગીતાર્થપારતન્ત્ર્ય રૂપ જ્ઞાનનો ત્યાગ કરવાથી પછી તે સંવિગ્ન જેવા દેખાતા અગીતાર્થો શુદ્ધ ભિક્ષા વગેરેને જે આચરે છે એ બધું પણ તેઓનું યા તો નિષ્ફળ જાય છે યા તો વિપરીતફળ આપનારું બને છે. જેમ સમુદ્રમાં હોડીમાં છિદ્ર પડી જાય તો એ હોડી સમુદ્રને તરવા માટે યા તો નિરર્થક બની જાય છે યા તો એમાં જ પાણી ભરાવાથી એને વળગી રહેનાર માટે ઉપરથી ડુબાડનારી બને છે. એમ ભવસમુદ્રને પાર પમાડવા અંગે ગચ્છબાહ્ય તે અગીતાર્થોના શુદ્ધભિક્ષા વગેરે અનુષ્ઠાનો જાણવા. મુખ્યતયા જ્ઞાનપૂર્વકની ક્રિયા આત્માને હિતકર્તા છે. અગીતાર્થોના આ શુદ્ધભિક્ષા વગેરે અનુષ્ઠાનો જ્ઞાનપૂર્વકના ન થવાથી તાપસાદિના અજ્ઞાનકષ્ટની જેમ અજ્ઞાનકષ્ટરૂપ જ બની રહેવાથી એ આત્માને લાભકર્તા શી રીતે બને?॥૧૮॥ જો આ અગીતાર્થોને જ્ઞાન નથી તો માસક્ષમણ વગેરે દુષ્કરતપ તેઓ શી રીતે કરે છે? વિશિષ્ટ જ્ઞાન-વિવેક વિના આવો તપ થોડો સંભવે? એવી શંકાને દૂર કરવા ગ્રન્થકાર કહે છે–

ગચ્છબહાર નીકળેલા આ અગીતાર્થો પ્રાયઃ કરીને અભિન્નગ્રન્થિક (ગ્રન્થિભેદ નહિ કરેલા) હોય છે, મૂઢ એટલે કે અજ્ઞાનઆવિષ્ટ હોય છે. એટલે અત્યંત દુષ્કર એવા પણ માસક્ષપણ વગેરે અનુષ્ઠાનો આચરે તો પણ કુતીર્થિકોની જેમ તેઓ વ્રતપરિણામ રહિત હોય છે. [એટલે કે અન્ય તાપસો વગેરે પણ જેમ તેવા વિશિષ્ટ

इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः।।२-१०।।

'માત્ર અમે જ તત્ત્વના સાચા જાણકાર = ગીતાર્થ છીએ. બીજા બધા તો તત્ત્વને સમજવામાં ભ્રાન્ત થયેલા છે અને તેથી અતાત્ત્વિક = અગીતાર્થ છે' આવી માન્યતા ધરાવનારા મત્સરીઓ તત્ત્વના સારથી ક્યાંય દૂર ફેંકાઇ ગયા છે.

આમ, દેશકાળાદિને અનુસરીને સંવિગ્નગીતાર્થો જે કાંઇ આચરે છે તે, શાસ્ત્રનિષિદ્ધ હોવા છતાં, વિરાધના રૂપ બનતું નથી, બલ્કે જીત-માર્ગ રૂપ બને છે અને તેથી આરાધના રૂપ હોવાના કારણે એને આચરનારા એના દ્વારા આત્મહિત સાધે છે એવો આ અધિકારનો રહસ્યાર્થ નિશ્ચિત થયો. અને તેથી જ, સંવિગ્નગીતાર્થો દેશકાળાદિને જોઇ પટ્ટક વગેરે દ્વારા જે કાંઇ ફેરફાર કરે-- નવું આચરણ પ્રવર્તાવે તે અંગે, 'શાસ્ત્ર શું કહે છે? શાસ્ત્રમાં તો આનાથી ભિન્ન વાતો કહી છે, આનો તો નિષેધ કર્યો છે, માટે આ બધા શાસ્ત્રવિરુદ્ધ છે, જિનાજ્ઞાભંજક છે, વિરાધક છે, ગુરુદ્રોહી છે, કુગુરુ છે, અવન્દનીય છે' આવી બધી બૂમરાણ મચાવી મૂકવી એ શાસ્ત્રના રહસ્યાર્થની અનભિજ્ઞતા જ છે કે બીજું કાંઇ? તથા, 'અમને શાસ્ત્રપાઠ આપો, કયા શાસ્ત્રવચનના આધારે તમે આ ફેરફાર કરો છો?' વગેરે રીતે શાસ્ત્રપાઠ માગવા એ પણ મૂઢતા જ રહે છે ને કે બીજું કાંઇ? તેમજ, વિવક્ષિત આચરણથી વિપરીત પ્રતિપાદન કરનારા શાસ્ત્રપાઠો લોકો સમક્ષ રજુ કરીને પોતાની જાતને શાસ્ત્રસિદ્ધાન્તસંરક્ષક, શાસ્ત્રાનુસારી, ગીતાર્થ વગેરે માની લેવી એ... તથા, 'આચરણમાં ફેરફાર કરનારા આ મહાત્માઓ આ વિવક્ષિત શાસ્ત્રપાઠને અનુસરતા નથી, માટે અગીતાર્થ છે, ને તેથી એમણે કરેલા ફેરફાર અગીતાર્થકૃત હોવાથી 'જીત' રૂપ ન બને, વિરાધના જ બને...' વગેરે માન્યતાઓ અપનાવવી એ... આ બધું નરી ભ્રાન્તિ જ રહે છે ને કે બીજું કાંઇ? વસ્તુતઃ વિરાધના રૂપ શું બને એને ગ્રન્થકારે નવમા વગેરે શ્લોકમાં જણાવ્યું છે. એમાં સ્વગચ્છ પર શ્રદ્ધા ધરાવનારા ગૃહસ્થોને અન્ય સાધુઓનો સંગ કરતા વારવા... આવા આચરણને પણ વિરાધનારૂપ જણાવ્યું છે. એટલે, બીજા ગચ્છના સાધુઓને હાથ ન જોડવા, વંદન ન કરવા, એમના પ્રવચનાદિ ન સાંભળવા, સંપર્ક ન કરવો વગેરે સ્વશ્રદ્ધાળુ શ્રાવકોને જે શીખવવામાં આવે છે તે વિરાધનારૂપ શા માટે નહીં? એ બધા સુજ્ઞોએ વિચારવા યોગ્ય છે.]

अभिन्नग्रन्थयः प्रायः कुर्वन्तोऽप्यतिदुष्करम्।
बाह्या इवाव्रता मूढा ध्वांक्षज्ञातेन दर्शिताः।।१९।।

अभिन्नेति। अभिन्नग्रन्थयः = अकृतग्रन्थिभेदाः प्रायः कुर्वन्तोऽप्यतिदुष्करं मासक्षपणादिकं बाह्या इवाऽव्रताः स्वाभाविकव्रतपरिणामरहिता मूढाः = अज्ञानाविष्टा ध्वांक्षज्ञातेन = वायसदृष्टान्तेन दर्शिताः। यथाहि केचन वायसा निर्मलसलिलपूर्णसरित्परिसरं परित्यज्य मरुमरीचिकासु जलत्वभ्रान्तिभाजस्ताः प्रति प्रस्थिताः, तेभ्यः केचनान्यैर्निषिद्धाः प्रत्यायाताः सुखिनो वभूवुः, ये च नाऽऽयातास्ते मध्याह्नार्कतापतरलिताः पिपासिता एव मृताः। एवं समुदायादपि मनाग्दोषभीत्या ये स्वमत्या विजिहीर्षवो गीतार्थनिवारिताः प्रत्यावर्तन्ते, तेऽपि ज्ञानादिसंपद्भाजनं भवन्ति, अपरे तु ज्ञानादिगुणेभ्योऽपि भ्रश्यन्तीति। तदिदमाह–

[1]पायं अभिन्नगंठी तवा(मा)इतह दुक्करं पि कुव्वंता।

જ્ઞાન વિના ય મોહથી પંચાગ્નિતપ વગેરે રૂપ કષ્ટમય અનુષ્ઠાન કરે છે, અને તેમ છતાં વાસ્તવિક સાધુતા તો પામતાં જ નથી તેમ પ્રસ્તુતમાં જાણવું.]

આ વાત કાગડાના દૃષ્ટાન્તથી પંચાશક વગેરેમાં બતાવી છે. કાગડાનું દૃષ્ટાન્ત આ પ્રમાણે જાણવું – સુસ્વાદુ, શીતળ, સ્વચ્છ અને કમળની રજકણોથી સુંગધી બનેલા જળવાળું એક મનોહર સરોવર હતું. તેને કિનારે કેટલાક કાગડાઓ રહેતા હતા. તૃષાતુર બનેલા કેટલાક કાગડાઓ સરોવર તરફ ન જતા બીજી બાજુ મૃગજળમાં પાણીની ભ્રાન્તિ પામી એ તરફ ઉપડ્યા. તે વખતે કોકે તેમને સલાહ આપી, 'એ તો મૃગજળ છે. પાણી જોઇએ છે તો સરોવરમાં જ જાવ.' આ સાંભળી કેટલાક કાગડા સરોવરે પાછા ફર્યા અને પાણી પામીને સુખી થયા. જેઓ પાછા ન ફર્યા તેઓ મધ્યાહ્નના સૂર્યતાપથી ક્લાન્ત અને તૃષાતુર થઇ મરી ગયા. આમ ગુણાલય એવો ગુરુગચ્છ એ સરોવર છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર એ પાણી છે, ધર્માર્થી જીવો એ કાગડા છે. ગુરુગચ્છથી બહાર થઇ જવું એ મૃગજળ તરફ જવા સમાન છે. સમુદાયમાં દેખાતા અલ્પદોષથી ડરીને સ્વમતિમુજબ ગચ્છબહાર વિહાર કરી જવાની ઇચ્છાવાળા જે અગીતાર્થો ગીતાર્થોએ વારવાથી પાછા ફરે છે તેઓ જ્ઞાનાદિ સંપત્તિ પામીને સુખી થાય છે, અને જેઓ પાછા ફરતા નથી તેઓ જ્ઞાનાદિગુણો રૂપી પાણીથી ભ્રષ્ટ થાય છે અને છેવટે દુઃખી થાય છે. પંચાશક (૧૧/૩૮) માં કહ્યું છે કે - '(ગચ્છબહાર નીકળેલા તેઓ) પ્રાયઃ અભિન્નગ્રન્થિક હોય છે. તેઓ અજ્ઞાનથી દુષ્કર તપ વગેરે કરતાં હોવા છતાં બાહ્ય કુતીર્થિકોની જેમ સાધુ નથી હોતા એ ધ્વાંક્ષના = કાગડાના ઉદાહરણથી જાણવું.' આગમમાં (આચારાંગ સૂ. ૧૮૮) પણ કહ્યું છે કે 'દ્રવ્યથી નમતા પણ કેટલાક જીવો પોતાના સંયમજીવિતનો વિપરિણામ = નાશ કરી નાંખે છે.'

તાત્પર્ય એ છે કે તે અગીતાર્થોનું અનુષ્ઠાન જ્ઞાનથી નહિ, પણ મોહથી થયું હોય છે. આવું મોહથી થયેલું અનુષ્ઠાન નિષ્ફળ યા વિપરીતફલક બને છે. [ગુરુ પ્રત્યેનો દ્વેષ વગેરે રૂપ તેવા અતિક્રૂર પરિણામના કારણે નહીં, કિન્તુ અપવાદસેવનાદિનો ભય હોવાના કારણે એકલવિહારી બનનાર કોક સાધુ કોઇક વસ્તુના ઉત્સર્ગપદે કરેલા નિષેધને સૂત્રથી જાણતો હોવા છતાં અર્થાપત્તિથી અપવાદપદે તેની જે અનુજ્ઞા હોય છે તેને જાણતો હોતો નથી. તેથી અપવાદપદે અનુજ્ઞાત એવી તે વસ્તુને એ તો નિષિદ્ધ જ માનતો હોવાથી પોતાનાથી તે સેવાઇ ન જાય એવા ભયવાળો હોય છે. આ જ કારણે તે ગચ્છવાસથી પણ ભીરુ હોય છે. (કારણકે ગચ્છવાસમાં

---

१ प्रायोऽभिन्नग्रन्थयस्तमसस्तथा दुष्करमपि कुर्वन्तः। वाह्या इव न ते साधवः ध्वांक्षोदाहरणेन विज्ञेयाः।।

वज्झव्व ण ते साहू धंखाहरणेण विन्नेया।। **आगमेप्युक्तं**–

[1]'नममाणा वेगे जीविअं विप्परिणामंति' [आचा. १८८]

द्रव्यतो नमन्तोऽप्येके संयमजीवितं विपरिणामयन्ति नाशयन्तीत्येतदर्थः।।१९।।

वदन्तः प्रत्युदासीनान् परुषं परुषाशयाः।
विश्वासादाकृतेरेते महापापस्य भाजनम्।।२०।।

वदन्त इति। उदासीनान् = मध्यस्थान् शिक्षापरायणान् प्रति परुषं 'भवन्त एव सम्यक्क्रियां न कुर्वते कोऽयमस्मान् प्रत्युपदेशः' इत्यादिरूपं वचनं वदन्तः परुषोऽज्ञानावेशादाशयो येषां ते तथा, एते आकृतेः = आकारस्य विश्वासान्महापापस्य परप्रतारणलक्षणस्य भाजनं भवन्ति, पामराणां गुणाभासमात्रेणैव

आवी उत्सर्गनिषिद्ध बाबतोनुं सेवन अवरनवर संभवित होय छे.) आ गच्छवासभीरुताना कारणे ज विचित्र कर्मोदयवशात् जे एकाकी बन्यो होय छे अने छतां, सूत्रने अनुसरवानी रुचि खसी न होवाथी, सूत्रना स्वमतिमुजब अर्थ करी ए प्रमाणे 'हुं शास्त्रने अनुसरीने वर्तुं छुं' एवा आश्वासन साथे प्रवृत्ति करे छे. तेनी आ प्रवृत्तिओ घणुं खरुं तो अज्ञान कष्ट रूपे ज परिणमे छे. तेम छतां, तेवा विशेष प्रकारना परिणामना कारणे क्यारेक क्यांक आगमानुसारी कृत्यरूपे पण ए परिणमे छे. आवा जीवोनी बादबाकी माटे अहीं 'प्रायः' शब्द वपरायो छे ते जाणवुं. भगवती सूत्रनी वृत्तिमां आराधक-विराधक चतुर्भंगीना अधिकारमां आवा जीवोने देशआराधक जणाव्या छे. ते जाणवुं.

आम गच्छबाह्य थया होवा छतां केटलाक जीवो परिणामविशेषना कारणे देशआराधक होय छे, ने तेनो व्यवच्छेद करवा प्रायः शब्द छे. एम, केटलाक विद्वानो एम पण कहे छे के परिणामविशेषना कारणे को'कने गच्छबहार नीकळवा छतां सर्वविरति पण संभवित छे. ने तेथी प्रायः शब्दथी एनो पण व्यवच्छेद करी शकाय. आमां तेओ दलील आपे छे के प्रस्तुत श्लोकमां 'प्रायः अव्रताः' ने पंचाशकजीना उक्त श्लोकमां 'पायं ण ते साहू' आवो अन्वय होवाथी, प्रायः शब्द, कोइ व्रती-साधु होवा पण संभवे छे एम जणावे छे. ए वखते 'अभिन्नग्रन्थयः' ए बाह्यानुं विशेषण समजवुं. अथवा, 'प्रायः अभिन्नग्रन्थयः' = प्रायः अभिन्नग्रन्थि होय, पण कोक 'भिन्नग्रन्थि = ग्रंथि– परिग्रहने भेदनार निर्ग्रन्थ-साधु' संभवे छे एवो अर्थ जाणवो.]॥१९॥ [स्वच्छन्दाचारी बनेला आ अगीतार्थोने बीजो मोटो प्रत्यपाय देखाडवा ग्रन्थकार कहे छे–]

वळी हितशिक्षा आपनारा मध्यस्थ हितेच्छुओ प्रत्ये 'तमे ज बराबर क्रिया करता नथी, अमने शुं सलाह आपो छो?' इत्यादि रूप कठोर वचन बोलता अने अज्ञानना आवेशथी कठोर आशयवाळा एवा आ अगीतार्थो आकृतिना विश्वासथी अन्यने ठगवाना महापापना भागीदार बने छे, कारण के पामरजीवोनी गुणोनो आभास थवा मात्रथी स्खलना थइ जवी संभवे छे. आशय ए छे के आवा अगीतार्थोनो बाह्य देखाव तो सम्यक् क्रियानो तेमज विशिष्ट आराधक भावनो ज होय छे. वळी बाळजीवो तो बाह्य देखावने ज जुए छे ए बीजी बत्रीशीमां कही गया. एटले एवा पामर बाळजीवो आ बाह्यलिंगना विश्वासमां आवी आवा अगीतार्थोने विशिष्ट आराधक तरीके स्वीकारे छे, अने तेओना दोरवाया दोरवाय छे. तेथी भविष्यमां स्खलना पामे छे. एटले तेओना विश्वासनो आ जे घात थाय छे तेना पापना ते अगीतार्थो भागी बने छे.॥२०॥ [आम शिथिलविहारी बनेलाने तेमज उद्यतविहारी बनवाना अभिमानवाळा गच्छबहार थयेला अगीतार्थोने

---

१ नमन्तो वैके जीवितं विपरिणामयन्ति।।

स्खलनसंभवात् ।।२०।।

ये तु स्वकर्मदोषेण प्रमाद्यन्तोऽपि धार्मिकाः ।
संविग्नपाक्षिकास्तेऽपि मार्गान्वाचयशालिनः ।।२१।।

ये त्विति। ये तु स्वकर्मदोषेण = वीर्यान्तरायोदयलक्षणेन प्रमाद्यन्तोऽपि = क्रियास्ववसीदन्तोऽपि धार्मिकाः = धर्मनिरताः संविग्नपाक्षिकाः = संविग्नपक्षकृतस्तेऽपि मार्गस्यान्वाचयो भावसाध्वपेक्षया पृष्ठलग्नतालक्षणस्तेन शालन्त इत्येवंशीलाः। तदुक्तं [उप. माला - ५२२] - '[1]लब्भिहिसि तेण पहं ति'।।२१।।

शुद्धप्ररूपणैतेषां मूलमुत्तरसंपदः ।
सुसाधुग्लानिभैषज्यप्रदानाभ्यर्चनादिकाः ।।२२।।

शुद्धेति। एतेषां = संविग्नपाक्षिकाणां शुद्धप्ररूपणैव मूलं सर्वगुणानामाद्यमुत्पत्तिस्थानं, तदपेक्षयतनाया एव तेषां निर्जराहेतुत्वात्। तदुक्तं [उप. माला ५२६]–

[2]हीणस्स वि सुद्धपरूवगस्स संविग्गपक्खवाइस्स।
जा जा हविज्ज जयणा सा सा से णिज्जरा होइ।। इच्छायोगसंभवाच्चात्र नेतरांगवैकल्येऽपि फलवैकल्यं,

---

संभवित दोषो बताव्या. हवे वीर्यान्तरायकर्मना उदयथी शिथिल बनेलाने थोडे घणे अंशे पण बचाव जे रीते मळी शके ए जणाववा ग्रन्थकार कहे छे–]

[संविग्नपाक्षिक विचार]

वीर्यान्तरायकर्मना उदयरूप स्वकर्मदोषना कारणे क्रियाओमां सीदाता होवा छतां पण धर्मरत = स्वक्रिया प्रत्ये श्रद्धाशील जेओ संविग्नपाक्षिक बने छे एटले के मोक्षाभिलाषी संविग्न सुसाधुओ प्रत्ये पक्षवाळा = सुंदरबुद्धिवाळा जेओ बने छे तेओ पण मार्गना अन्वाचयथी शोभता होय छे. आमां मार्गनो अन्वाचय एटले भावसाधुनी पुंठ पकडी राखवी ते. एटले के भावसाधुने दरेक बाबतमां आगळ करवा ते. [तेथी भविष्यमां तेओ पुनः मार्गने पामी शके छे.] उपदेशमाळा (५२२) मां कह्युं छे के ['बहुवार पण समजाववा छतां वेशना गाढ अनुरागथी वेश न छोडे तो एने समजावाय के तुं संविग्नपाक्षिकपणुं पाळ, जेथी चारित्रधर्मनुं बीजाधान रहेवाथी भवांतरे] तुं आ संविग्नपाक्षिकताथी मोक्षमार्ग पामी शकीश.'॥२१॥ [संविग्न पाक्षिको शेना बळ पर पुनः मार्ग पामी शके छे? ए जणाववा ग्रन्थकार कहे छे–]

[संविग्नपाक्षिक जीवोनी रुचि शुद्धमार्ग पर अक्षत रहेली होय छे. एटले तेओ स्वशिथिलतानो बचाव करवा मार्गनी अन्यथा प्ररूपणा करता नथी, किन्तु शुद्धमार्गनी ज प्ररूपणा करे छे.] तेओनी आ शुद्ध प्ररूपणा (जिनवचनना सर्वे सर्वा आदर परिणामने आधीन होवाथी) उत्तरोत्तर सर्वगुणोने उत्पन्न थवा माटे प्रथम उत्पत्तिकारण बने छे, कारणके शुद्ध प्ररूपणानी सापेक्ष जयणा ज तेओने माटे कर्मनिर्जराना हेतुभूत बने छे. उपदेशमाळा (५२६) मां कह्युं छे के 'निष्कलंक चारित्रगुणे करीने तो दूर, (एटलुं ज नहीं) उत्तरगुणोए करीने पण न्यून एवा संविग्नपक्षपाती शुद्ध प्ररूपकनी (कायाथी शिथिल होवा छतां हैये शुद्ध आराधना पर दृढ राग अने सदनुष्ठान पर गाढ ममता होवाथी) परिमित जळग्रहणादिमां दोष ओछा लगाडवानी कांइक

---

१ अच्चणुरत्तो जो पुण न मुयइ बहुसो वि पन्नविज्जंतो। संविग्गपक्खियत्तं करिज्ज, लब्भिहिसि तेण पहं।।५२२।।

२ हीनस्यापि शुद्धप्ररूपकस्य संविग्नपक्षपातिनः। या या भवेद्यतना सा सा तस्य निर्जरा भवति।।

सम्यग्दर्शनस्यैवात्र सहकारित्वात्, शास्त्रयोग एव सम्यग्दर्शनचारित्रयोर्द्वयोस्तुल्यवदपेक्षणात्। तदिदमुक्तम् [आ. नि. ११६५]-

[1]दंसणपक्खो सावय चरित्तभट्ठे य मंदधम्मे य।

दंसणचरित्तपक्खो समणे परलोगकंखिमि।। उत्तरसंपदः = उत्कृष्टसंपदश्च सुसाधूनां ग्लानेरपनायकं यद्भैषज्यं तत्प्रदानं चाभ्यर्चनं च तदादिकाः।।२२।।

आत्मार्थं दीक्षणं तेषां निषिद्धं श्रूयते श्रुते।
ज्ञानाद्यर्थान्यदीक्षा च स्वोपसंपच्च नाहिता।।२३।।

आत्मार्थमिति। आत्मार्थं = स्ववैयावृत्त्याद्यर्थं तेषां = संविग्नपाक्षिकाणां दीक्षणं श्रुते निषिद्धं श्रूयते, '[2]अत्तट्ठा न वि दिक्खइ' इति वचनात्। ज्ञानाद्यर्थाऽन्येषां भावचरणपरिणामवत्पृष्ठभाविनामपुनर्बन्धकादीनां

શુભ પરિણતિ રૂપ જે જે કોઇ જયણા હોય છે, તે તે એને નિર્જરા કરાવનારી થાય છે. [આમાં સંવિગ્નપાક્ષિકનું 'શુદ્ધપ્રરૂપક' એવું જે વિશેષણ મૂક્યું છે એનાથી જણાય છે કે શુદ્ધ પ્રરૂપણા એ જ આ નિર્જરામાં મુખ્ય ભાગ ભજવનાર ચીજ છે. એ ન હોય તો શેષ જયણા વધારે હોય તો પણ નિર્જરા નથી, અને એ હોય તો શેષ જયણા જેટલી ઓછી/વધારે હોય એ પ્રમાણે ઓછી/વધારે નિર્જરા અવશ્ય થાય.]

પ્રશ્ન - જ્ઞાન-દર્શન-ચારિત્રમાંથી ચારિત્ર અહીં અવિદ્યમાન હોવાથી કર્મનિર્જરા રૂપ ફળ શી રીતે મળે?

[સંવિગ્નપાક્ષિકને ઇચ્છાયોગનો સંભવ]

ઉત્તર - સંવિગ્નપાક્ષિકને શુદ્ધમાર્ગની રુચિ અખંડિત હોય છે. એટલે શ્રુતોક્ત અનુષ્ઠાન કરવાની ઇચ્છા વિદ્યમાન હોઇ ઇચ્છાયોગ સંભવી શકે છે, તેથી ચારિત્રરૂપ અન્ય અંગની વિકલતા હોવા છતાં ફળનો અભાવ રહેતો નથી. એટલે કે ઇચ્છાયોગના ફળરૂપ નિર્જરા તો થાય જ છે. તે પણ એટલા માટે કે ઇચ્છાયોગ માટે સમ્યગ્દર્શન જ (સમ્યગ્જ્ઞાનનો પણ આમાં જ અંતર્ભાવ સમજી લેવો) સહકારી છે, ચારિત્ર નહીં. શાસ્ત્રયોગ માટે જ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ બન્નેની સમાન રીતે અપેક્ષા હોય છે. આવશ્યકનિર્યુક્તિ (૧૧૬૫)માં કહ્યું છે કે "શ્રાવક, ચારિત્રભ્રષ્ટ પુરાણ અને ચારિત્રપાલનમાં શિથિલ થયેલ મન્દધર્મ જીવોમાં દર્શન પક્ષ હોય છે. પરલોકાકાંક્ષી શ્રમણમાં = સુસાધુમાં દર્શન-ચારિત્ર પક્ષ હોય છે." (આમ ચારિત્ર રૂપ એક અંગ ન હોવાથી શાસ્ત્રયોગજન્ય ફળ ન મળવા છતાં ઇચ્છાયોગજન્ય ફળ તો અબાધિત રહેવું સંભવે છે એ જાણવું.) આમ શુદ્ધ પ્રરૂપણા એ તેઓની પાયાની સંપત્તિ છે એ નક્કી થયું. એ સિવાય સુસાધુઓને ગ્લાનિ દૂર કરે એવું ઔષધ આપવું, તેમની ભક્તિ કરવી વગેરે તેઓની ઉત્તરસંપદ્ = ઉત્કૃષ્ટ સંપત્તિ જાણવી. ॥૨૨॥ [આ સંવિગ્નપાક્ષિકોનો એક મહત્ત્વનો આચાર બતાવતા ગ્રન્થકાર કહે છે–]

સંવિગ્નપાક્ષિક સ્વવૈયાવૃત્ત્ય વગેરે માટે અન્યને દીક્ષા ન આપે એવો શાસ્ત્રમાં નિષેધ સંભળાય છે. ઉપદેશમાળામાં (૫૧૬) માં કહ્યું છે કે '(સંવિગ્નપાક્ષિક) સ્વનિમિત્તે ઉપસ્થિત થયેલાને પણ પોતાને માટે શિષ્ય તરીકે દીક્ષા આપતો નથી. તેમ છતાં, ભાવચારિત્રના પરિણામવાળા જીવોની પાછળ રહેલા અપુનર્બન્ધક વગેરે અન્યજીવોને જ્ઞાન વગેરેની એને પ્રાપ્તિ થાય એ માટે, પોતાના નામે દીક્ષા આપવી તેમજ એ માટે સ્વઉપસંપત્ તરીકે એને સ્વીકારવો એ અહિતકર નથી. જે ભાવચારિત્રપરિણામવાળા નથી તેઓને દીક્ષા શી રીતે અપાય?

---

१ दर्शनपक्षः श्रावके चारित्रभ्रष्टे च मन्दधर्मे च। दर्शनचाचित्रपक्षः श्रमणे परलोककाङ्क्षिणि।।

२ वंदइ न य वंदावइ, किइकम्मं कुणइ, कारवे नेय। अत्तट्ठा न वि दिक्खइ, देइ सुसाहूण बोहेउं।।५१६।। उपदेश.

दीक्षा च तदर्थं च तेषां स्वोपसंपच्च नाहिता = नाहितकारिणी, असद्ग्रहपरित्यागार्थमपुनर्बन्धकादीनामपि दीक्षणाधिकारात्। तदुक्तं '[२]सइअपुणबंधगाणं कुग्गहविरहं लहुं कुणइत्ति'। तात्त्विकानां तु तात्त्विकैः सह योजनमप्यस्याचारः। तदुक्तं - 'देइ सुसाहूण वोहेउं' ति।।२३।।

नावश्यकादिवैयर्थ्यं तेषां शक्यं प्रकुर्वताम्।
अनुमत्यादिसाम्राज्याद् भावावेशाच्च चेतसः।।२४।।

नेति। आवश्यकादिवैयर्थ्यं च तेषां स्ववीर्यानुसारेण शक्यं स्वाचारं प्रकुर्वतां न भवति, तत्करण एवाचारप्रीत्येच्छायोगनिर्वाहात्। तथाऽनुमत्यादीनां = अनुमोदनादीनां साम्राज्यात् = सर्वथाऽभंगात्। चेतसः = चित्तस्स भावावेशात् = अर्थाद्युपयोगाच्च श्रद्धामेधाद्युपपत्तेः।।२४।।

द्रव्यत्वेऽपि प्रधानत्वात्तथाकल्पात् तदक्षतम्।
यतो मार्गप्रवेशाय मतं मिथ्यादृशामपि।।२५।।

द्रव्यत्वेऽपीति। तदावश्यकस्य भावसाध्वपेक्षया द्रव्यत्वेऽपि प्रधानत्वाद्, इच्छाद्यतिशयेन भावकारण-

---

એવું ન પૂછવું, કારણ કે અસદ્ગ્રહ છોડાવવા માટે અપુનર્બન્ધક વગેરેને દીક્ષા આપી શકાય છે. પંચાશકમાં (૨/૪૪) માં કહ્યું છે કે "ભાવિત કરાતું શ્રીજિનોક્ત દીક્ષાવિધાન પણ સકૃદ્ બંધક અને અપુનર્બન્ધક જીવોના અસદ્ગ્રહનો શીઘ્રનાશ કરે છે." આમ તાત્ત્વિક પરિણામ શૂન્ય જીવને તાત્ત્વિક પરિણામ શૂન્ય એવા પોતાની પાસે રાખી શકે એ જણાવ્યું. પણ જે પ્રતિબુદ્ધ જીવ ચારિત્રના તાત્ત્વિક પરિણામવાળો હોય તેને તો તાત્ત્વિકોની સાથે = સુસાધુઓની સાથે જ જોડી આપે છે. આ પણ એનો એક આચાર છે. ઉપદેશમાળા (૫૧૬) માં કહ્યું છે– "સંવિગ્નપાક્ષિક જીવ યોગ્યજીવને બોધ પમાડીને પછી સુસાધુઓને સોંપી દે."॥૨૩॥ [તેઓથી સેવાતાં અનુષ્ઠાનો નિષ્ફળ જતાં નથી એવું ગ્રન્થકાર જણાવે છે.–]

સ્વવીર્યને અનુસારે શક્ય સ્વઆચારને કરતા તેઓનાં આવશ્યક વગેરે વ્યર્થ જતાં નથી, કારણકે સ્વવીર્યાનુસાર અનુષ્ઠાનો કરતા રહેવામાં આવે તો જ એના પ્રત્યેની પ્રીતિ જળવાઇ રહેવાથી ઇચ્છાયોગનો નિર્વાહ થાય છે. [સ્વવીર્યને અનુસારે પણ એ ન કરવામાં આવે તો એના પ્રત્યે બેદરકારી વગેરે ભાવ આવવાથી પ્રીતિ રહી શકતી નથી.] વળી આચારોની અનુમોદના વગેરે તો સર્વથા અક્ષત રહેલી હોય છે. તેમજ ચિત્તનો આવશ્યકાદિના અર્થમાં ઉપયોગ હોવાથી શ્રદ્ધા-મેધા વગેરે (ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા) ઉપપન્ન થઇ શકે છે. ૧ ઇચ્છાયોગનો નિર્વાહ, ૨ અનુમોદનાની અખંડિતતા તેમજ ૩ ઉપયોગથી થયેલ શ્રદ્ધા વગેરે... આ ત્રણ કારણે તેઓનું આવશ્યક દ્રવ્યઆવશ્યક હોવા છતાં પ્રધાન હોઇ અક્ષત રહે છે. (આટલો અન્વય ૨૫ મા શ્લોકમાંથી કરવો.)॥૨૪॥ [આ જ વાતને ગ્રન્થકાર કારણ દર્શાવવા પૂર્વક કહે છે]

સંવિગ્નપાક્ષિકોનું તે આવશ્યક ભાવસાધુના આવશ્યકની અપેક્ષાએ દ્રવ્યઆવશ્યક રૂપ હોવા છતાં પ્રધાનદ્રવ્યરૂપ હોઇ, તેમજ એવો જ તેઓનો આચાર હોવાથી (અર્થાત્ સ્વ આચાર મુજબ એ હોવાથી) અક્ષત રહે છે, એટલે કે સર્વથા નિષ્ફળ જતું નથી. આવું પણ એટલા માટે નિશ્ચિત થાય છે કે મિથ્યાત્વીઓનું આવશ્યક પણ માર્ગપ્રવેશ માટે થાય છે એવું ગીતાર્થોએ સ્વીકાર્યું છે. એટલે કે તેઓનું આવશ્યક પણ સર્વથા નિરર્થક નથી. તો દર્શનપક્ષને જાળવી રાખનાર સંવિગ્નપાક્ષિકનું તો એ શી રીતે નિરર્થક હોય? અનુયોગદ્વારસૂત્રની

---

२ दिक्खाविहाणमेअं भाविज्जंतं तुं तंतणीईए। सइअपुणवंधगाणं कुग्गहविरहं लहुं कुणइ।।२/४४।। पंचाशक

त्वाद्, द्रव्यपदस्य क्वचिदप्रधानार्थकत्वेन क्वचिच्च कारणार्थकत्वेनानुयोगद्वारवृत्तौ व्यवस्थापनात्। तथाकल्पात् = तथाऽऽचारात् तदावश्यकं तेषामक्षतं, यतो मार्गप्रवेशाय मिथ्यादृशामपि तदावश्यकं मतं = गीतार्थैरङ्गीकृतं, अभ्यासरूपत्वात्, अस्खलितत्वादिगुणगर्भतया द्रव्यत्वोपवर्णनस्यैतदर्थद्योतकत्वाच्च।।२५।।

मार्गभेदस्तु यः कश्चिन्निजमत्या विकल्प्यते।
स तु सुन्दरबुद्ध्यापि क्रियमाणो न सुन्दरः।।२६।।

मार्गेति। व्यक्तः।।२६।।

વૃત્તિમાં 'દ્રવ્ય' શબ્દની બે વ્યવસ્થા દેખાડી છે. જે સર્વથા નિરર્થક હોય તે અનુષ્ઠાન અપ્રધાનદ્રવ્ય કહેવાય છે. અને જે ભાવનું કારણ બનતું હોય તે અનુષ્ઠાન પ્રધાન દ્રવ્ય કહેવાય છે. આમ 'દ્રવ્ય' પણ પ્રધાન-અપ્રધાન દ્વિવિધ હોઇ પ્રસ્તુતમાં અપ્રધાનદ્રવ્ય આવશ્યકની શંકા ન પડે એ માટે 'પ્રધાન' શબ્દ વપરાયો છે. સંવિગ્નપાક્ષિકનું આવશ્યક, 'ઇચ્છા' વગેરે પ્રબળ કક્ષાના હોઇ ભાવનું કારણ બને છે. એટલે એ પ્રધાનદ્રવ્ય આવશ્યક રૂપ હોય છે. મિથ્યાત્વીઓનું આવશ્યક પણ સાવ નિષ્ફળ નથી હોતું, કિન્તુ માર્ગપ્રવેશ કરાવનાર હોય છે. એવું જે કહ્યું એમાં આ બે કારણો જાણવા. (૧) તે અભ્યાસરૂપ હોય છે. જેમ જિનોક્ત દીક્ષાવિધિ અન્યતીર્થિકોની ક્રિયાઓના અભ્યાસના સંસ્કારથી થયેલ કુગ્રહનો વિરહ કરી માર્ગ પ્રવેશ માટે થાય છે એમ આ અભ્યાસરૂપ આવશ્યક પણ અન્યક્રિયાભ્યાસજન્ય સંસ્કારથી થયેલ કુગ્રહનો વિરહ કરી માર્ગપ્રવેશ માટે થાય છે. (૨) દ્રવ્યઆવશ્યકનું પણ અસ્ખલિત ઉચ્ચારણ વગેરે ગુણોથી સુશોભિત હોવા રૂપે જે વર્ણન કરવામાં આવ્યું છે તેનાથી પણ આ વાત દ્યોતિત થાય છે કે એ સર્વથા નિરર્થક નથી હોતું. જે સર્વથા નિષ્ફળ હોય તેને માટે આ અસ્ખલિતત્વ વગેરે ગુણો હોય યા ન હોય એનો કોઇ ફેર ન હોવાથી એનું વર્ણન પણ શા માટે કરે?॥૨૫॥

[આમ શુદ્ધ પ્રરૂપણાના બળ પર સંવિગ્નપાક્ષિકો પણ નિર્જરા સાધી શકે છે અને તેઓના અનુષ્ઠાનો પણ સાવ નિષ્ફળ જતા નથી એ જણાવ્યું. એટલે આવા જીવોને પણ ધર્મમાં સ્થાન તો છે જ. વળી સાધુધર્મ અને ગૃહસ્થધર્મ એમ બે પ્રકારે પ્રસિદ્ધ ધર્મમાર્ગમાંથી તો એકેયમાં આ જીવોનો નંબર લાગતો નથી. વળી તેઓની આચાર મર્યાદાનું પણ ઉપદેશમાલા વગેરેમાં વર્ણન છે. એટલે સંવિગ્નપાક્ષિક એ પણ એક ત્રીજો માર્ગ છે એવું સિદ્ધ થાય છે. તેમ છતાં, જરાક જરાક ફેરફાર દેખાય અને એનો જુદો જુદો માર્ગ કલ્પી લેવામાં આવે તો મહા અનર્થ થાય. એટલે એ અંગે લાલબત્તી ધરીને, પછી પ્રસ્તુતમાં સંવિગ્નપાક્ષિકનો ત્રીજો માર્ગ તો આગમસિદ્ધ છે એવું બતાવી 'એને કોઇએ સ્વમતિકલ્પનાથી કલ્પ્યો નથી, માટે એ અસુંદર નથી' એવું જણાવવાનો ગ્રન્થકારનો અભિપ્રાય છે. એટલે ૨૬ મી ગાથામાં લાલબત્તી ધરતા ગ્રન્થકાર કહે છે—]

સ્વમતિથી જે અન્ય માર્ગ કલ્પી કાઢવામાં આવે છે તે ગમે એટલી સારી બુદ્ધિથી આચરવામાં આવે તો પણ સુંદર-પરિણામ લાવનારો બનતો નથી. (કોઇ પણ અનુષ્ઠાનમાં જિનાજ્ઞા એ જ પ્રધાન છે. સ્વમતિકલ્પિત માર્ગમાં એ ન હોઇ એ સુંદર શી રીતે બને?)॥૨૬॥ [પણ સંવિગ્નપાક્ષિકોનો આ જે માર્ગ છે તે સ્વમતિકલ્પિત નથી કિન્તુ આગમસિદ્ધ છે એવું જણાવવા શ્રીમદ્ આચારાંગની અને શ્રીમદ્ ઠાણાંગની શ્રુતિને ગ્રન્થકાર જણાવે છે—]

[દ્વિવિધ બાલતા]

'સંયમથી નિવૃત્ત થતા કેટલાક જીવો આચારમાર્ગને યથાર્થ કહે છે' આવી અને 'માર્ગને કહેનારો, પણ

निवर्तमाना अप्येके वदन्त्याचारगोचरम्।
आख्याता मार्गमप्येको नोञ्छजीवीति च श्रुतिः।।२७।।

निवर्तमाना इति। एके संयमान्निवर्तमाना अप्याचारगोचरं यथावस्थितं वदन्ति 'वयमेव कर्तुमसहिष्णवः, मार्गः पुनरित्थंभूत एवे' ति। **यदाचारसूत्रं** (१८७) '[1]नियट्टमाणा वेगे आयारगोअरमाइक्खंति' । अत्र संयमाल्लिंगाद्वा निवर्तमानाः, 'वा' शब्दादनिवर्तमानाश्च लभ्यन्ते, उभयथाप्यवसीदन्त एव योजिता। यथास्थिताचारोक्त्या हि तेषामेकैकवालता भवत्याचारहीनतया, न तु द्वितीयापि। ये तु हीना अपि वदन्ति 'एवंभूत एवाचारोऽस्ति योऽस्माभिरनुष्ठीयते, सांप्रतं दुःषमानुभावेन वलाद्यपगमान्मध्यभूतैव वर्तनी श्रेयसी, नोत्सर्गावसरः' इति, तेषां तु द्वितीयापि वालता वलादापतति, गुणवद्दोषानुवादात्। **यदागमः** [आचारांगसूत्र - १८६] - '[2]सीलमंता उवसंता संखाए रीयमाणा असीला अणुवयमाणस्स वितिआ मंदस्स बालया।' तथा 'मार्गमेक आख्याता न चोञ्छजीवी' त्यपि श्रुतिरस्ति। तदुक्तं स्थानांगे - [३८८] आघाइत्ता (?आघवतिता) णामं एगे णो उंछजीवी (उंछजीविसंपन्ने?)' इति।।२७।।

ઉંછજીવી નહિ' આવી શ્રુતિ છે.

દર્શનપક્ષને જાળવી રાખનારા કેટલાક જીવો સંયમથી નિવૃત્ત થવા છતાં આચારમાર્ગ તો જેવો છે એવો જ કહે છે. શુદ્ધમાર્ગને પ્રરૂપીને તેઓ આ સ્વીકાર કરે છે કે 'અમે જ કરવા માટે અસમર્થ છીએ, બાકી માર્ગ તો આવો જ છે.' આચારાંગસૂત્રમાં કહ્યું છે કે 'નિવૃત્ત થતા કેટલાક જીવો આચારવિષયને યથાવસ્થિત કહે છે.' આમાં નિવૃત્ત થતા એટલે કર્મોદયે સંયમથી કે લિંગથી નિવૃત્ત થતા, 'વા' શબ્દથી નિવૃત્ત ન થતા જીવોની પણ વાત સમજવી. તેમ છતાં, સંયમથી કે લિંગથી નિવૃત્ત થતા હોય કે ન થતા હોય તો પણ સંયમમાં સીદાતા તો જરૂર હોય એ સમજવું. એ સીદાતા જીવોની જ આ સૂત્રમાં વાત છે. યથાવસ્થિત આચાર તેઓ જે કહે છે તેના પ્રભાવે બીજી બાળતામાંથી (મૂર્ખતામાંથી) બચાવ મળે છે. આચારહીનતાના કારણે માત્ર પ્રથમબાળતા આવે છે. પણ જેઓ સ્વયં આચારહીન હોવા છતાં આમ કહે છે કે "અમે જેવું આચરીએ છીએ એવો જ આચાર છે. વર્તમાનમાં દુઃષમાકાળના પ્રભાવે બળ વગેરેની હાનિ થઇ હોવાથી મધ્યમમાર્ગ જ હિતકર છે, શાસ્ત્રોમાં કહેલ ઉત્સર્ગ માર્ગનો હાલ અવસર નથી." આવું કહેનારા તે આચારહીન જીવોમાં બીજી બાળતા = મૂર્ખતા પણ બળાત્કારે આવી જ પડે છે, કારણકે એમાં ગુણવાન્ એવા પણ શાસ્ત્રોક્ત આચાર માર્ગના 'એ અત્યારે હિતકર નથી' ઇત્યાદિરૂપે દોષ ગાવાનું થાય છે. આમ આમાં ગુણવાન્ની જે નિંદા કરવાનું થાય છે એ બીજી બાળતા છે. આચારાંગ (સૂ. ૧૮૬) માં કહ્યું છે કે '૧૮૦૦૦ શીલાંગમય શીલવાળા, ઉપશાન્ત અને સંખ્યાથી = પ્રજ્ઞાથી સંયમમાં પરાક્રમ કરતા સુસાધુની પાછળ 'આ તો અશીલ છે' એ પ્રમાણે નિંદા કરતા મંદની = અજ્ઞની એ બીજી બાળતા છે."

એ જ રીતે સ્થાનાંગજીમાં (૩૪૪) પણ આવી શ્રુતિ છે કે 'એક પ્રકાર એવો છે પુરુષોનો કે જે સૂત્રાર્થને (બરાબર) કહે છે પણ એષણા વગેરેમાં નિરત હોતો નથી.'॥૨૭॥[આમ ધર્મયુક્ત જીવોનો આવો પ્રકાર આગમસિદ્ધ છે એ બતાવ્યું. 'આ સંવિગ્નપાક્ષિકોએ સાધુવેશ તો રાખ્યો હોય છે, વળી ધર્મની તેઓમાં હાજરી

---

१ निवर्तमाना वैके आचारगोचरमाचक्षते।।१८७।।

२ शीलवन्त उपशान्ताः सङ्ख्यया गच्छन्तः 'अशीला' अनुवदतो द्वितीया मन्दस्य बालता।।१८६।। २. आख्यायकः नाम एको नोञ्छजीविकासंपन्नः।।३८८।।

असंयते संयतत्वं मन्यमाने च पापता।
भणिता तेन मार्गोऽयं तृतीयोऽप्यवशिष्यते।।२८।।

असंयत इति। असंयते संयतत्वं मन्यमाने च पापता भणिता, '[1]असंजए संजयलप्पमाणे पावसमणुत्ति वुच्चइ' त्ति **पापश्रमणीयाध्ययनपाठात्**, असंयते यथावस्थितवक्तरि पापत्वानुक्तेः। तेन कारणेनायं = संविग्नपक्षरूपस्तृतीयोऽपि मार्गोऽवशिष्यते, साधुश्राद्धयोरिव संविग्नपाक्षिकस्याप्याचारेणाविसंवादिप्रवृत्तिसंभवात्। तदुक्तं –

[2]सावज्जजोगपरिवज्जणाइ सव्वुत्तमो अ जइधम्मो।
वीओ सावगधम्मो तइओ संविग्गपक्खपहो।। [उप. माला ५१९] योगाख्यो मार्गः संविग्नपाक्षिकाणां नासंभवी, मैत्र्यादिसमन्वितवृत्तादिमत्त्वेनाध्यात्मादिप्रवृत्त्यवाधात्। 'अविकल्पतथाकाराविषयत्वेन नैतद्धर्मो मार्गः,

---

છે. તો તેઓને પણ સાધુ માની સાધુમાર્ગમાં જ સમાવી લ્યોને! જેથી અન્ય માર્ગ કલ્પવાની જરૂર નહીં રહે' એવી શંકાનું વારણ કરીને ત્રીજા માર્ગની સિદ્ધિ કરવા ગ્રન્થકાર કહે છે–]

અસંયતમાં સંયતત્વ માનવું એ પાપ કહેલું છે. તેથી સંવિગ્નપાક્ષિક રૂપ આ ત્રીજો માર્ગ અવશિષ્ટ રહે છે.

[संविग्नपक्ष એ ત્રીજો માર્ગ]

ઉત્તરાધ્યયનસૂત્રના ૧૭ માં પાપશ્રમણીય અધ્યયનમાં કહ્યું છે કે "અસંયતને 'સંયત' તરીકે જે બોલાવે છે તે પાપશ્રમણ કહેવાય છે." વળી 'અસંયત' ને યથાસ્થિત જે કહે છે (એટલે કે અસંયત તરીકે જે કહે છે) તેને પાપશ્રમણ તરીકે નથી કહ્યા. એટલે જણાય છે કે અસંયતમાં સંયતત્વ માનવું એ પાપ છે. સંવિગ્નપાક્ષિક પણ સંયત તો હોતા નથી જ. એટલે અસંયત એવા તેઓમાં સંયતત્વ માની તેઓનો સાધુમાર્ગમાં જ સમાવેશ કરી દેવો એ 'પાપ' હોઇ યોગ્ય નથી. [વળી એને ગૃહત્યાગ કર્યો હોવાથી એ ગૃહસ્થ તો નથી જ.] તેથી સંવિગ્નપક્ષ રૂપ ત્રીજો માર્ગ માનવાનો જ એક માત્ર માર્ગ બાકી રહે છે. એટલે કે સંવિગ્નપક્ષ એ પણ એક ત્રીજો ધર્મ માર્ગ છે, કારણ કે સાધુ અને શ્રાદ્ધની જેમ સંવિગ્નપાક્ષિકની પણ આચારથી અવિસંવાદી પ્રવૃત્તિ સંભવી શકે છે. [એટલે કે સાધુ અને શ્રાદ્ધની પોતપોતાના માટે શાસ્ત્રપ્રતિપાદિત આચાર સાથે અવિસંવાદી પ્રવૃત્તિ હોવાથી એ બે જેમ માર્ગરૂપ છે તેમ સંવિગ્નપાક્ષિકની પણ પોતાના માટે (ઉપદેશમાલા વગેરે) શાસ્ત્રપ્રતિપાદિત આચાર સાથે અવિસંવાદી પ્રવૃત્તિ સંભવિત હોવાથી એ પણ એક માર્ગ છે.] ઉપદેશમાલા (૫૧૯) માં કહ્યું છે કે "સર્વ પાપપ્રવૃત્તિના ત્યાગના કારણે સાધુધર્મ એ સર્વોત્તમ(મોક્ષમાર્ગ) છે. બીજો માર્ગ શ્રાવકધર્મ અને ત્રીજો માર્ગ સંવિગ્નપાક્ષિક ધર્મ છે. (પાછલા બે ધર્મ મોક્ષમાર્ગરૂપ 'ચારિત્ર'ની પ્રત્યે કારણ હોવાથી એ બે પણ મોક્ષમાર્ગ છે. કારણમાં કાર્યનો ઉપચાર થાય.) આ વાત યોગ્ય પણ છે, કારણકે સંવિગ્નપાક્ષિકોને 'યોગમાર્ગ' (યોગ એ જ માર્ગ યોગમાર્ગ) વિદ્યમાન હોવો અસંભવિત નથી. તે પણ એટલા માટે કે મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્યથી યુક્ત વૃત્ત (શુદ્ધ પ્રરૂપણા-યથાશક્ય અનુષ્ઠાન વગેરે રૂપ)

---

१ सम्मद्दमाणो पाणाणि बीयाणि हरियाणि य। असंजए संजयमन्नमाणे पावसमणित्ति वुच्चइ।।उत्तरा।। १७/६।।

२ सावद्ययोगपरिवर्जनातः सर्वोत्तमश्च यतिधर्मः। द्वितीयः श्रावकधर्मस्तृतीयः संविग्नपक्षपथः।।

[1]कप्पाकप्पे परिनिट्ठिअस्स ठाणेसु पंचसु ठिअस्स
संजमतवड्ढगस्स उ अविगप्पेण तहक्कारो।। [आ. नि. ६८८] इति वचनात् साधुवचन एवाविकल्पेन तथाकारश्रवणादिति **चेत्? न**, एतद्वचनबलादन्यत्र लभ्यमानस्य विकल्पस्य व्यवस्थितत्वेन व्याख्यानात्। व्यवस्था चेयं-संविग्नपाक्षिकस्य वचनेऽविकल्पेनैव तथाकारोऽन्यस्य तु विकल्पेनैवेति। विवेचितं चेदं **सामाचारीप्रकरणेऽस्माभिः** [गाथा ३२]।।२८।।

विद्यमान होवाना कारणे अध्यात्म अने भावना योग प्रवर्तवो बाधित नथी.*

शंका- आवश्यकनिर्युक्ति (६८८) मां कह्युं छे के "कल्प अने अकल्पना रहस्यना जाणकार, पांच महाव्रतोमां रहेला, संयम अने तपना वैभववाळा महात्माना वचनमां अविकल्पे = निश्चितपणे तथाकार करवो, एटले के तेओना वचन निःशंकपणे तहत्ति करवा." आ वचनानुसारे सुसाधुना वचन ज अविकल्पे तथाकारनो विषय होवा जणाय छे.

संविग्नपाक्षिक पांच महाव्रतमां रहेला न होइ तेओना वचन अविकल्पे तथाकारनो विषय बनता नथी. तेथी तेओनो धर्म मार्गरूप नथी. संविग्नपाक्षिकनो धर्म पण मार्ग रूपे एटला माटे स्वीकारवो छे के (१) एनाथी पण विशेष कर्मनिर्जरा थाय छे. तेमज (२) एनां अनुष्ठानो पण व्यवहारथी तात्त्विक अध्यात्म अने भावना योग रूप बने छे. पण आ बन्ने बाबतो बनवामां मुख्य परिबळ एमनी मूळ संपद् रूप शुद्ध प्ररूपणा ज छे. अहीं तेना वचनमां अविकल्पे तथाकार करवानो कह्यो नथी ए जणावे छे के एना वचनो असत्य पण संभवे छे. तेथी एनी प्ररूपणा शुद्ध न रहेवाथी एनो धर्म मार्गरूप नथी ए फलित थाय छे.]

समाधान - आवश्यकनिर्युक्तिना उक्तवचनबळे, सुसाधु भिन्न व्यक्तिना वचन प्रत्ये जे 'विकल्पे तथाकार' मळे छे एमां विकल्प ए व्यवस्थित विभाषा रूप छे, मात्र विकल्परूप नथी. एटले के अन्य व्यक्तिना वचनमां क्यारेक तथाकार करवो क्यारेक न करवो एवो विकल्प एनाथी ध्वनित नथी थतो किन्तु "अन्य केटलीक व्यक्तिओना (संविग्न पाक्षिकना) वचनोमां अविकल्पे तथाकार करवो अने शेष अन्य व्यक्तिओना वचनमां विकल्पे तथाकार करवो" एवी व्यवस्था एनाथी ध्वनित थाय छे. आ बाबतनी विवेचना अमे (ग्रन्थकारे) **सामाचारी प्रकरणमां** (श्लोक - ३२, पुस्तक पृ. ४१) करी छे. आम संविग्नपाक्षिकना वचनमां पण अविकल्पे तथाकार करवानो होइ एनो धर्म पण मार्गरूप छे ज. एटले संविग्नपाक्षिक ए त्रीजो मार्ग छे एम सिद्ध थयुं.।।२८।। [छेवटे आ मार्गद्वात्रिंशिकानो उपसंहार ४ गाथाओथी करतां ग्रन्थकार कहे छे—]

साधु, श्राद्ध अने संविग्नपाक्षिक आ त्रण मोक्षना मार्ग छे. शेष गृहस्थ, द्रव्यलिंगी अने कुलिंगी ए त्रण

---

१ कल्पाकल्पे परिनिष्ठितस्य स्थानेषु पञ्चसु स्थितस्य। संयमतपआढ्यकस्य त्वविकल्पेन तथाकारः।।

* योगबिन्दु (३५८) अने १८ मी योगभेदद्वात्रिंशिका (२)मां अध्यात्म अने भावना योगना लक्षण आवा आप्या छे के 'उचितप्रवृत्तिरूप औचित्यथी अणुव्रत/महाव्रत रूप वृत्त युक्त जीवनुं, मैत्र्यादिथी वणायेलुं जीवादिपदार्थो अंगेनुं जे तत्त्वचिंतन जिनवचनना आधारे चाले छे अे 'अध्यात्म योग' छे. आनो ज प्रतिदिन वृद्धि पामतो अने मनःसमाधिसंयुक्त एवो पुनः पुनः अभ्यास अे 'भावनायोग' छे. आ व्याख्याओ परथी जणाय छे के आ बन्ने योगमार्ग साधु के श्रावकने होय छे. तो संविग्नपाक्षिकने अे शी रीते संभवे? आवा प्रश्ननो उत्तर - योगबिन्दु ३७९ अने १९मी योगविवेक द्वात्रिंशिका (१४)मां जणाव्युं छे के अपुनर्बन्धक अने सम्यग्दृष्टिने कारणमां कार्यनो उपचार करवा रूप व्यवहारथी तात्त्विक अध्यात्म अने भावनारूप योगमार्ग होय छे. कारण पण कथंचिद् कार्यरूप होवाथी आने व्यवहारथी तात्त्विक कह्यो छे. एटले संविग्नपाक्षिकनुं सम्यक्त्व अक्षत होइ आ व्यवहारथी तात्त्विक योगमार्ग होवा असंभवित नथी. योग जेवो भासतो अतात्त्विक योगाभास सकृद्बंधक वगेरेने होय छे.

साधुः श्राद्धश्च संविग्नपक्षी शिवपथास्त्रयः।
शेषा भवपथा गेहिद्रव्यलिंगिकुलिंगिनः।।२९।।
गुणी च गुणरागी च गुणद्वेषी च साधुषु।
श्रूयन्ते व्यक्तमुत्कृष्टमध्यमाधमबुद्धयः।।३०।।
ते च चारित्रसम्यक्त्वमिथ्यादर्शनभूमयः।
अतो द्वयोः प्रकृत्यैव वर्तितव्यं यथाबलम्।।३१।।
इत्थं मार्गस्थिताचारमनुसृत्य प्रवृत्तया।
मार्गदृष्ट्यैव लभ्यन्ते परमानन्दसंपदः।।३२।।

साधुरित्याद्यारभ्य चतुःश्लोकी सुगमाः।।२९।।३०।।३१।।३२।।

સંસારના માર્ગ છે. [ઉપદેશમાલા (૫૨૦) માં કહ્યું છે કે 'सेसा मिच्छद्दिट्ठी गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं। जह तिण्णि य मुक्खपहा, संसारपहा तहा तिण्णि॥५२०॥ 'બાકીના ગૃહીલિંગ, કુલિંગ અને દ્રવ્યલિંગથી (મનાયેલ ગુરુ) એ મિથ્યાદૃષ્ટિ છે. જેમ ત્રણ મોક્ષમાર્ગ છે એમ ત્રણ સંસાર માર્ગ જાણવા."]॥૨૯॥ જેઓ સ્વયં ગુણી છે (સર્વવિરત અને દેશવિરત) તેઓ ઉત્કૃષ્ટબુદ્ધિવાળા છે, જેઓ ગુણોના રાગી છે (સંવિગ્નપાક્ષિક અને અવિરતસમ્યક્ત્વી) તેઓ મધ્યમબુદ્ધિવાળા છે અને જેઓ સાધુઓ પર ગુણદ્વેષી છે તેઓ અધમબુદ્ધિવાળા છે આ વાત શાસ્ત્રોમાં વ્યક્તપણે સાંભળવા મળે છે. [અથવા સાધુપણું લીધેલા સાધુઓમાં જેઓ ગુણી છે (સંયમગુણથી યુક્ત છે) તેઓ (સુસાધુ) ઉત્કૃષ્ટબુદ્ધિવાળા છે, જેઓ ગુણરાગી છે (સ્વયં સંયમથી શિથિલ બન્યા છે, પણ સંયમગુણના રાગી છે) તેઓ (સંવિગ્નપાક્ષિક) મધ્યમબુદ્ધિવાળા છે અને જેઓ ગુણદ્વેષી છે (સ્વયં સંયમથી શિથિલ થયા છે અને સાચા સંયમમાર્ગરૂપ ગુણના દ્વેષી છે) તેઓ અધમબુદ્ધિવાળા છે.]॥૩૦॥ આવા ત્રણ પ્રકાર ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાત્વદર્શનની ભૂમિકા પર ઊભા છે. માટે શક્તિને અનુસરીને ગુણી અને ગુણરાગી એ બે પ્રકારમાં સ્વાભાવિક રીતે જ વર્તવું.॥૩૧॥ આ પ્રમાણે માર્ગસ્થિત આચારને અનુસરીને પ્રવૃત્ત થયેલી માર્ગદૃષ્ટિથી જ પરમાનન્દ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.॥૩૨॥

[માર્ગદ્વાત્રિંશિકા અંગે કેટલીક વિચારણા]

શ્રુતોક્ત માર્ગમાં (શ્રુતવ્યવહારમાં) ફેરફાર કરીને જે આચરણો પ્રવર્તે છે તેની આ બત્રીશીમાં વિચારણા કરી છે. મુખ્યતયા એના ૪ પ્રકારો છે. (૧) જીતવ્યવહાર (૨) શિથિલાચાર (૩) સ્વચ્છંદવિહાર અને (૪) સંવિગ્નપક્ષ. આમાંનો પ્રથમ તત્ત્વજ્ઞાનથી થયો હોય છે, બીજો અને ત્રીજો મોહથી થયો હોય છે જ્યારે ચોથો વીર્યાન્તરાયના ઉદયથી થયો હોય છે. (બીજામાં પણ વીર્યાન્તરાયનો ઉદય હોય છે પણ મોહનો ઉદય મુખ્ય હોય છે. ત્રીજામાં બાહ્ય દૃષ્ટિએ વધુ કઠોર જેવા દેખાતા આચાર પણ હોય, એટલે વીર્યાન્તરાયનો ઉદય એ અપેક્ષાએ ન પણ હોય.)

પ્રથમમાં દ્રવ્યથી શાસ્ત્રોક્તમાર્ગ કરતાં ભેદ છે પણ ભાવથી નથી માટે એ નિશ્ચયથી તાત્ત્વિક માર્ગ રૂપ જ છે. બીજામાં દ્રવ્યથી અને ભાવથી ઉભયથી માર્ગભેદ થયેલ છે માટે એ માર્ગ રૂપ નથી. ત્રીજામાં ગુરુકુલવાસનો ત્યાગ તેમજ અગીતાર્થોનો ગીતાર્થ અનિશ્રિત વિહાર એ અંશમાં માર્ગ ભેદ હોવા છતાં

અન્યઅનુષ્ઠાનો શ્રુતોક્ત માર્ગને વધુ નજીક હોવાનો આભાસ કરાવનારા હોઇ (અપ્રધાન) દ્રવ્યથી માર્ગભેદ નથી (એમ કહી શકાય) અને ભાવથી માર્ગભેદ છે. માટે એ ય માર્ગરૂપ નથી. કિન્તુ માર્ગાભાસ - અતાત્ત્વિક માર્ગ છે. તેથી જ, ભગવતીજીમાં આરાધક-વિરાધક ચતુર્ભંગી જે કહી છે તેમાંનો માત્ર શીલની હાજરીવાળો દેશઆરાધક ભાંગો પણ આ જીવોને હોતો નથી. આમાં અલ્પદોષથી ભય પામી ગચ્છને છોડનારા અગીતાર્થો આવે છે તેમ યથાછંદો પણ આવે છે એ જાણવું. ચોથામાં દ્રવ્યથી માર્ગભેદ છે. ભાવથી આચરણ અંશમાં માર્ગભેદ છે, પ્રરૂપણા-માન્યતા અંશમાં નથી. એટલે એનો આચાર વ્યવહારથી તાત્ત્વિક માર્ગ રૂપ છે. આરાધક વિરાધક ચતુર્ભંગીમાંથી આ જીવોને બીજો દેશવિરાધક ભાંગો હોય છે, કારણકે પ્રાપ્તચારિત્રનું અપાલન હોવા છતાં શ્રુત અખંડિત હોય છે.

દુષમકાળના પ્રભાવે શ્રુતોક્ત કઠોર માર્ગ કરતાં સરળ એવો જે જીતવ્યવહાર રૂપ આચાર હીન હીન કાળમાં પળાય છે તેવો જ આચાર પૂર્વ પૂર્વના કાળમાં થયેલ સંવિગ્નપાક્ષિકોનો પણ સંભવે છે. વળી બન્નેની શ્રુતોક્તમાર્ગ પર શ્રદ્ધા તો સમાન રીતે અખંડિત હોય છે. તો પછી એકના એ આચરણમાં સંપૂર્ણ ચારિત્ર પાલન અને બીજાના એ આચરણમાં ચારિત્ર પાલનનો અભાવ (શિથિલતા) એવો ભેદ કેમ? એવા પ્રશ્નનો જવાબ આવો જાણવો કે આચરણ કેવું કઠોર યા અકઠોર છે એના પર ચારિત્રની વિદ્યમાનતા કે અવિદ્યમાનતાનો આધાર નથી, પણ વીર્યના અનિગૂહન-નિગૂહન પર એનો આધાર છે. ઉપદેશમાલા (૩૮૪) માં કહ્યું છે કે 'सो वि य नियपरक्कमववसायधिइवलं अगूहंतो। मुत्तूण कूडचरिअं जइ जयंतो अवस्स जइ।।" હીન સંઘયણ વગેરે કારણે યથોક્ત બજાવવાને જે અસમર્થ હોય તે પણ પોતાના પરાક્રમ = સંઘયણવીર્યથી શક્ય બાહ્ય પ્રવૃત્તિ તથા ધૈર્યના બળને છૂપાવે નહિ, ને એમાં માયા પ્રપંચનો ત્યાગ કરી પ્રામાણિક પ્રયત્ન કરે તો નિયમા (જિનાજ્ઞા બજાવવાથી) સુસાધુ જ છે." આના પરથી વીર્યને ગોપવવાનું ન હોય તો ચારિત્રપાલન સંપૂર્ણ રહે છે એ જણાય છે. જીતવ્યવહારમાં વીર્યનિગૂહન હોતું નથી માટે ચારિત્ર અખંડ રહે છે, સંવિગ્નપાક્ષિકમાં તે હોય છે માટે ચારિત્ર રહેતું નથી.

આ બત્રીશી અંગે એક પ્રશ્ન ઊઠે છે કે આ બત્રીશીના પ્રથમ શ્લોકમાં માર્ગના બે પ્રકારો કહ્યા છે – જિનવચન અને સંવિગ્ન અશઠ ગીતાર્થનું આચરણ. જ્યારે ૨૯ મા શ્લોકમાં ને એ પૂર્વના શ્લોકોમાં પણ સાધુ, શ્રાદ્ધ અને સંવિગ્નપાક્ષિક એમ ત્રણ મોક્ષના માર્ગ કહ્યા છે. તો આવો ભેદ કેમ?

આ પ્રશ્નનો જવાબ આવો સમજવો યોગ્ય લાગે છે કે પ્રથમ શ્લોકમાં જે દ્વિવિધ માર્ગ કહ્યો છે તે પ્રવર્તક (= પ્રવૃત્તિજનક, ને ઉપલક્ષણથી ત્યાજ્યની નિવૃત્તિ જનક) પ્રમાણ સ્વરૂપ માર્ગ છે જ્યારે ૨૯ મા વગેરે શ્લોકોમાં જે ત્રિવિધ માર્ગ કહ્યો છે તે પ્રવૃત્તિ (ને ઉપલક્ષણથી નિવૃત્તિ) સ્વરૂપ માર્ગ છે. માટે કોઇ વિરોધ નથી. આશય એ છે કે આત્મહિત માટે તે તે પ્રવૃત્તિ (કે નિવૃત્તિ) કરવી? એનો અભ્રાન્ત નિર્ણય કરવા માટે સાધકે નજરમાં લેવાના પ્રમાણ બે જ છે – એક છે જિનવચનો ને બીજું છે અશઠસંવિગ્નગીતાર્થનું આચરણ. આ પ્રમાણ પરથી (૧) અભ્રાન્ત નિર્ણય જેવો થાય એ મુજબ જ સંપૂર્ણતયા પ્રવૃત્તિ (કે નિવૃત્તિ) પ્રતિજ્ઞાપૂર્વક કરવી એ, તથા (૨) એ અભ્રાન્ત નિર્ણયને અંશતઃ અનુસરવાની પ્રતિજ્ઞા કરી એ મુજબ પ્રવૃત્તિ (કે નિવૃત્તિ) કરવી એ, તથા (૩) એ અભ્રાન્ત નિર્ણયને સંપૂર્ણ અનુસરવાની પ્રતિજ્ઞા કરવા છતાં, પાછળથી પ્રમાદવશ એ મુજબ પ્રવૃત્તિ (કે નિવૃત્તિ) ન કરવા છતાં, પોતાના આચરણમાં રહેલા એ વિસંવાદનો બચાવ ન કરતાં એ અભ્રાન્ત નિર્ણયને તો યથાર્થ રૂપે જ પ્રરૂપવો એ... આવી ત્રણે જીવનપદ્ધતિઓ જીવને મોક્ષ તરફ લઇ જનારી હોવાથી 'માર્ગ' સ્વરૂપે કહેવાયેલી છે. માટે એ અપેક્ષાએ સાધુ, શ્રાદ્ધ અને સંવિગ્નપાક્ષિક એમ ત્રણ ભેદ માર્ગના બતાવ્યા.

ટૂંકમાં 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' એ સૂત્રાનુસારે જ્ઞાન અને ક્રિયા એ મોક્ષમાર્ગ છે. એમાંથી જ્ઞાનાત્મક અંશના ઉપાય સ્વરૂપ માર્ગ (પ્રમાણાત્મક કારણમાં જ્ઞાનાત્મકકાર્યનો ઉપચાર કરીને) જિનવચન ને સંવિગ્નગીતાર્થ આચરણ એમ દ્વિવિધ કહેવાયો છે. ને જ્ઞાન-ક્રિયાસમુદાય સ્વરૂપ સ્વયં (અનુપચરિત) માર્ગ સાધુ, શ્રાવક ને સંવિગ્નપાક્ષિક એમ ત્રિવિધ કહેવાયો છે. એ જાણવું.

વળી બીજો એક પ્રશ્ન એ ઊભો થાય છે કે પ્રથમ સાધુમાર્ગ, બીજો શ્રાવકમાર્ગ ને ત્રીજો સંવિગ્નપાક્ષિકમાર્ગ... એમ નંબર પૂર્વક ત્રણ માર્ગ કહ્યા છે. તો શું સંવિગ્નપાક્ષિક એ શ્રાવક કરતાં નિમ્ન માર્ગ છે?

આ પ્રશ્નનો જવાબ 'હા' માં છે - શ્રાવકપણું ઊંચું છે ને સંવિગ્નપાક્ષિકપણું નિમ્ન. આમાં પ્રથમ કારણ તો એ જ કે એને ત્રીજાનંબરનો માર્ગ કહ્યો છે. જ્યારે શ્રાવકપણાંને બીજા નંબરનો.

તથા, શ્રી ઉપદેશમાળામાં (૫૦૧ માં) કહ્યું છે કે જો ઉત્તરગુણ સહિત મૂળગુણોને ધારણ કરી શકતો ન હોય તો શ્રેયસ્કર એ છે કે (પોતાની જન્મભૂમિ, દીક્ષાભૂમિ અને વિહારભૂમિ એ) ત્રણ ભૂમિ સિવાયના (પ્રદેશમાં રહી) સુશ્રાવકપણું પાળવું. તથા એની ૫૨૨ મી ગાથામાં કહ્યું છે કે "અત્યંત નિર્ગુણી, ગીતાર્થોએ વારંવાર સમજાવવા છતાં વેશના ગાઢ અનુરાગના કારણે વેશ ન છોડે તો (ને કંઇક કોમળ ભાવવાળો હોય તો) (એને સમજાવાય કે) તું સંવિગ્નપાક્ષિકપણું પાળ જેથી (ચારિત્રધર્મનું બીજાધાન રહેવાથી ભવાંતરે) મોક્ષમાર્ગ પામી શકીશ.

આમાં પણ પ્રથમ વિકલ્પ તો વેશ છોડાવવાનો જ બતાવ્યો છે જે સંવિગ્નપાક્ષિકપણાને નિમ્ન જણાવે છે. તથા, એના શ્લોક નં. ૫૦૨-૫૦૩ માં જણાવ્યું છે કે – "પ્રભુપ્રતિમા, સુસાધુની પૂજામાં ઉદ્યમશીલ ને (દેશવિરતિના અણુવ્રતાદિ) આચાર પાલનમાં દૃઢ સુશ્રાવક વધુ સારો છે (પણ) સાધુવેશ ધારી રાખનાર સંયમભ્રષ્ટ જીવ નહીં." "સર્વ (પાપ પ્રવૃત્તિઓની) પ્રતિજ્ઞા કરીને જે સર્વવિરતિ જાળવતો નથી એ સર્વવિરતિવાદી સર્વવિરતિ અને દેશવિરતિ બન્નેથી ચૂકે છે."

વળી, ૫૧૩ મા શ્લોકમાં કહ્યું છે કે – સુસાધુ (સર્વ કર્મ મળ ધોવા દ્વારા) શુદ્ધ થાય છે, સમ્યક્ત્વાદિ ગુણોથી યુક્ત સુશ્રાવક પણ શુદ્ધ થાય છે. ચરણ-કરણમાં શિથિલ પણ જો સંવિગ્નપક્ષરુચિવાળો હોય તો તે પણ નિર્મળ થાય છે. (મુનિને સાક્ષાત્ શુદ્ધિ ને અન્ય બેને પરંપરાએ જાણવી.) આમાં પણ શ્રાવકને પહેલાં ને સંવિગ્નપાક્ષિકને પછી જણાવ્યો છે.

વળી આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં, શ્રાવકને ઉપચારથી સર્વઆરાધક કહ્યો છે જ્યારે સંવિગ્નપાક્ષિકને દેશવિરાધક કહ્યો છે.

આ બધી બાબતો સૂચવે છે કે શ્રાવકપણું ઊંચું છે ને સંવિગ્નપાક્ષિકપણું નિમ્ન છે. જો કે આ વાત મૂળગુણમાં (વિશેષતઃ ચોથા વ્રતમાં) ગરબડ હોવાની અપેક્ષાએ જાણવી ઉચિત લાગે છે.

> उत्सर्गे वाऽपवादे वा व्यवहारेऽथ निश्चये।
> ज्ञाने कर्मणि वाऽयं चेन्न तदा ज्ञानगर्भता।। [अध्यात्मसारः ૬-૩૫]
>
> જો કોઇ વિરક્ત જણાતો મુનિ ઉત્સર્ગ કે અપવાદના વિષયમાં, વ્યવહાર કે નિશ્ચયના વિષયમાં, જ્ઞાન કે ક્રિયના વિષયમાં– ક્યાંય પણ એકાન્ત આગ્રહ સેવે, તો તે મુનિનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત ન હોઇ શકે.

।। अथ जिनमहत्त्वद्वात्रिंशिका ।।४।।

मार्गविवेचनानन्तरं तद्देशकस्य भगवतो माहात्म्यं व्यवस्थाप्यते-

वप्रत्रयध्वजच्छत्रचक्रचामरसंपदा।
[1]विभुत्वं न विभोस्तादृङ्मायाविष्वपि संभवात्।।१।।

वप्रेति। तादृक् = प्रेक्षावच्चमत्कारजनकं, मायाविष्वपि = ऐन्द्रजालिकेष्वपि। यदि हि बाह्यसंपदैव महत्त्वबुद्धिर्धर्मजननी स्यात्तदा मायाविष्वपि सा स्यादित्यर्थः। तदिदमुक्तं **समन्तभद्रेणापि**-

देवागमनभोयानचामरादिविभूतयः। मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान्।। [आप्तमी. १] इति। **न च** व्यक्तिविशेषविषयकत्वेन नातिप्रसंग इति **शंकनीयं**, प्रमेयत्वादिना महत्त्वप्रकारकज्ञानादपि

ક્યારેક એવી અક્ષન્તવ્ય ગરબડ ન હોવા છતાં, 'ગરબડ છે, અને છતાં પ્રરૂપણામાં એનો બચાવ ન કરતાં યથાર્થતા જ જળવાતી હોવાથી સંવિગ્નપાક્ષિક' આવી અપેક્ષાએ સંવિગ્નપાક્ષિકતા કહી હોય તો એની કક્ષા શ્રાવકથી નિમ્ન ન પણ હોય... એવું લાગે છે.

ત્રીજી બત્રીશીમાં માર્ગનું વિવેચન કર્યું. એમાં પ્રથમ શ્લોકમાં જિનવચનને માર્ગસ્વરૂપે કહેલ છે. વળી પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ, એ ન્યાયે, એ પ્રમાણભૂત વચનો કહેનાર શ્રી તીર્થંકર દેવો પ્રત્યે વિશ્વાસ-શ્રદ્ધા કેળવાય એ માટે શ્રી તીર્થંકર દેવોની મહત્તા દર્શાવવી જોઇએ. એટલે હવે જિન મહત્ત્વ દ્વાત્રિંશિકા કહેવામાં આવે છે.

[મહત્ત્વબુદ્ધિ થી ધર્મજનન]

બુદ્ધિશાળીને પણ જે ચમત્કાર પમાડે એવું પ્રભુનું મહત્ત્વ (મહાન્પણું) સમવસરણના ત્રણ કિલ્લા, ઇન્દ્રધ્વજ, છત્ર, ધર્મચક્ર, ચામર વગેરે બાહ્ય સંપત્તિના કારણે નથી, કેમકે એવી બાહ્યસમૃદ્ધિ પ્રયુક્ત મહત્ત્વ તો માયાવીઓમાં પણ સંભવે છે. આશય એ છે કે પ્રભુને વિશે 'આ મહાન્ છે' એવી બુદ્ધિ થવી એ ધર્મજનિકા છે. પ્રભુની સમવસરણ વગેરે બાહ્ય સંપત્તિ માત્રના કારણે, 'પ્રભુ મહાન્ છે, કારણકે આવી વિશિષ્ટ સંપત્તિવાળા છે' આ રીતે થયેલી એ બુદ્ધિ જો ધર્મજનની હોત તો તો એ રીતે માયાવીઓએ પણ જે બાહ્ય સંપત્તિનો માયા પ્રપંચ ખડો કર્યો હોય છે તેને જોઇને 'આ મહાન્ છે' એવી થયેલી બુદ્ધિ પણ ધર્મજનની બનવી જોઇએ. દિગંબર આચાર્ય **સમન્તભદ્રે** પણ [આપ્તમીમાંસા - ૧ માં] કહ્યું છે કે "દેવોનું આગમન, ગગનવિહાર, ચામર વગેરે વિભૂતિ તો માયાવીઓ પાસે પણ જોવા મળે છે. તેથી એ બધાના કારણે અમે તને મહાન્ માનીએ છીએ એવું હે પ્રભો! નથી."

શંકા - 'વ્યક્તિવિશેષવિષયકત્વ' એવું વિશેષણ લગાડવાથી એ અતિપ્રસંગ નહીં આવે. આશય એ છે કે મહત્ત્વબુદ્ધિ પણ જેને તેને વિશે થયેલી હોય તો કાંઇ ધર્મજનિકા બનતી નથી. કિન્તુ અમુક ચોક્કસ વ્યક્તિ વિશે થયેલી હોય તો જ ધર્મજનિકા બને છે. એટલે કે 'વ્યક્તિવિશેષવિષયક મહત્ત્વબુદ્ધિ ધર્મજનિકા છે' એવું અમે કહીએ છીએ. માયાવીએ રચેલી ઇન્દ્રજાળથી એના વિશે જે મહત્ત્વબુદ્ધિ થાય છે એ વ્યક્તિવિશેષવિષયક હોતી નથી, કારણકે માયાવી એ 'વ્યક્તિવિશેષ' નથી. તેથી એ ધર્મજનિકા બનતી નથી. માટે પ્રભુમાં બાહ્ય સંપત્તિના કારણે મહત્ત્વ માનવામાં હવે કોઇ દોષ રહેતો ન હોવાથી બાળજીવો પણ જેને જોઇને મહાનતાને

१ 'विभुत्वं' इति लिखितमुद्रितप्रतेषु। 'महत्त्वं न' इत्यनन्तरमनुमेयं...' इत्यादिवृत्तिपाठात् 'महत्त्वं' इति मूलपाठो निश्चीयते।

फलापत्तेर्विशेषरूपेण महत्त्वप्रकारकत्वनिवेशस्यावश्यकत्वात्। अत एवासाधावाप्यालयविहारादिमत्त्वेन साधुत्ववुद्धावपि विशेषादर्शनदशायां न फलाभाव इति तत्र तत्र व्युत्पादितम्। अव्यक्तसमाधिफलविशेषे तु

પિછાણી લે છે એવી આ બાહ્ય સંપત્તિથી જ મહત્ત્વ માનવું યોગ્ય છે.

સમાધાન -- આવી શંકા યોગ્ય નથી, મહત્ત્વબુદ્ધિ એટલે મહત્ત્વપ્રકારક બુદ્ધિ. એટલે કે જેમાં મહત્ત્વ એ પ્રકાર હોય, અને કોઇ વ્યક્તિ વિશેષ્ય હોય એવી વિશિષ્ટ બુદ્ધિ, જેમકે 'अयं महान्' 'આ મહાન્ (મહત્ત્વવાન્) છે' એવી બુદ્ધિ. દા. ત. 'जलवान् घटः' માં જળ પ્રકાર છે અને ઘડો વિશેષ્ય છે. આ બુદ્ધિ 'ઘટ વિષયક' છે 'જળપ્રકારક' છે. આને 'જળબુદ્ધિ' પણ કહેવાય છે. આમાં જળ જે પ્રકાર બન્યું છે તે પોતાનામાં રહેલ જળત્વધર્મને આગળ કરીને બન્યું છે. આ બુદ્ધિ થવા પર તૃષાશમનાર્થીની 'પ્રવૃત્તિ' થવા રૂપ કાર્ય થાય છે. એટલે એમ કહેવાય કે જળબુદ્ધિ ઉક્ત પ્રવૃત્તિજનિકા છે. હવે, જો એમ કહેવામાં આવે કે (અમુક ચોક્કસ ઘટ) ઘટવિશેષવિષયક જળબુદ્ધિ ઉક્ત પ્રવૃત્તિજનિકા છે. તો એનો અર્થ એ થાય કે એ થનારી બુદ્ધિમાં ઘટવિશેષ (= એ ચોક્કસ ઘડો) વિશેષ્ય હોવો આવશ્યક છે. પછી 'જળ' ભલેને ગમે તે ધર્મને આગળ કરીને પ્રકાર બન્યું હોય. એટલે કે એવા ઘટવિશેષને વિશેષ્ય તરીકે રાખીને 'द्रव्यवान् घटः' એવી જે બુદ્ધિ થાય કે જેમાં 'દ્રવ્ય તરીકે પણ 'જળ' જ રહેલું હોઇ 'જળ' પ્રકાર છે, પણ સ્વનિષ્ઠ દ્રવ્યત્વ ધર્મને આગળ કરીને, તે પણ ઉક્ત પ્રવૃત્તિજનિકા બનવી જોઇએ, કારણકે એ પણ ઘટવિશેષવિષયક જળબુદ્ધિ છે. પણ એ બનતી નથી. પાણી ભરેલા ઘટવિશેષને ઉદ્દેશીને કોઇ એમ બોલે કે 'દ્રવ્યવાન્ ઘટઃ' તો તૃષાશમનાર્થી શ્રોતા કાંઇ ઉક્તપ્રવૃત્તિ કરતો નથી. ઉક્તપ્રવૃત્તિ માટે તો 'जलवान् घटः' એ રીતે જ જળબુદ્ધિ થવી જોઇએ. એટલે કે એમાં 'જળ' નો અમુક ચોક્કસરૂપે જ (જળત્વરૂપે જ) ઉલ્લેખ થયો હોવો જોઇએ. [પછી 'ઘટ' નો તો અન્ય ધર્મરૂપે ઉલ્લેખ થયો હોય તો પણ ચાલે. જેમકે 'जलवान् अयं' અથવા 'जलवद् द्रव्यम्' ઇત્યાદિ બુદ્ધિથી પણ ઉક્તપ્રવૃત્તિ થાય છે.]

આ જ રીતે, પ્રસ્તુતમાં, 'महत्त्ववान् अयं' આવી બુદ્ધિ ધર્મજનિકા જે બને છે તેને જો માત્ર આ રીતે જ વિશેષિત કરવામાં આવે કે એ વ્યક્તિવિશેષવિષયક (જિનવિષયક) હોવી જોઇએ. એટલે કે એમાં 'अयं' તરીકે જિન હોવા જોઇએ તો એ ધર્મજનિકા બને. તો અર્થ એ થયો કે એમાં 'મહત્ત્વ' જે પ્રકાર છે એ કયા રૂપે (= સ્વનિષ્ઠ કયા ધર્મને આગળ કરીને) પ્રકાર છે એની અહીં કોઇ વિવક્ષા નથી. અને તો પછી જિનને વિશે જ 'प्रमेयवान् अयं' આવી જે બુદ્ધિ થાય કે જેમાં પ્રમેય તરીકે પણ 'મહત્ત્વ' જ પ્રકાર છે, (પણ સ્વનિષ્ઠ પ્રમેયત્વધર્મરૂપે એ પ્રકાર છે) એ પણ ધર્મજનિકા બનવી જોઇએ, કેમકે એ પણ વ્યક્તિવિશેષવિષયક મહત્ત્વબુદ્ધિ જ છે. પણ એ કાંઇ ધર્મજનિકા બનતી નથી. તેથી જણાય છે કે 'મહત્ત્વ' ની બુદ્ધિ પ્રમેયત્વ વગેરે ગમે તે ધર્મને લઇને થઇ હોય તો ન ચાલે, પણ અમુક વિશેષ ધર્મને લઇને જ થઇ હોવી જોઇએ, તો જ એ બુદ્ધિ ધર્મજનિકા બને.

આમ, ધર્મજનિકા બુદ્ધિ માટે અમુક ચોક્કસ વિશેષ્ય જ જોઇએ એવું આવશ્યક નથી. જ્યારે પ્રકાર માટે અમુક ચોક્કસરૂપે જ પ્રકાર જોઇએ એવી જે વાસ્તવિકતા છે તેના કારણે જ અસાધુ અંગે પણ આલય-વિહારાદિમત્ત્વેન જે સાધુતાની બુદ્ધિ થાય છે તેના, વિશેષનું દર્શન ન હોય એવી અવસ્થામાં પુણ્યબંધ વગેરે રૂપ ફળનો અભાવ રહેતો નથી એ વાતને તે તે ગ્રન્થોમાં (આવશ્યકનિર્યુક્તિ - અધ્યાત્મમતપરીક્ષા વગેરે ગ્રન્થોમાં) યુક્તિ પુરસ્સર પ્રતિપાદિત કરી છે. આશય એ છે કે સામે રહેલા સાધુ સુવિહિત છે કે નહીં એ જાણવા માટે આવશ્યકનિર્યુક્તિ (૧૧૪૮) માં આ પ્રમાણે કહ્યું છે – 'आलएणं विहारेणं ठाणाचंकमणेण य। सक्को सुविहिओ णाऊं भासावेणइएण य।। અર્થઃ આલય (ઉપાશ્રય), વિહાર, સ્થાન (=કાયોત્સર્ગાદિ), ચંક્રમણ (ઇર્યાસમિતિ પૂર્વક

विषयविशेषोऽपि निवेश्यः। यदि चालयविहारादिलिंगेन साधुत्वमनुमीयत एव तदनुमितिप्रयोज्यवन्दनादिना च फलविशेष इति विभाव्यते, तदा भगवत्यपि विशिष्टरूपेण महत्त्वानुमित्यनन्तरमेव स्मरणादिना फलोदया-

ગમનાગમન), ભાષાસમિતિ, વિનય વગેરે સંબંધી નિપુણ નિરીક્ષણથી સુવિહિતતા જાણી શકાય છે." આના પરથી એ ફલિત થાય છે કે આ પ્રમાણેના આલયવિહારાદિથી યુક્ત હોવા રૂપે સાધુ તરીકેની જે બુદ્ધિ થાય છે એટલે કે આલયવિહારાદિને જોઇને 'આ સાધુ છે' એવી જે બુદ્ધિ થાય છે તે ધર્મજનિકા છે. અર્થાત્ આલયવિહારાદિથી યુક્ત હોવા રૂપે સાધુતાની થયેલી બુદ્ધિ ધર્મજનિકા છે. આમાં વિશેષ્ય માટે 'આવી બુદ્ધિ સુવિહિતસાધુવિષયક જ હોવી જોઇએ' આવી વિશેષ કોઇ શરત નથી. તેથી જ જ્યારે, જે સુવિહિત નથી અને તેથી જે વાસ્તવમાં અસાધુ છે તેના પણ આલય-વિહારાદિના પ્રયત્નપૂર્ણ બાહ્ય દેખાવને જોઇને જે 'આ સાધુ છે' એવી બુદ્ધિ થાય છે તે વિશેષઅદર્શનદશામાં નિષ્ફળ નથી રહેતી. બાહ્ય દેખાવ પરિપૂર્ણ હોવા છતાં કોઇપણ રીતે જો મૂળ ગુણની ગરબડ વગેરે રૂપ વિશેષ જણાઇ ગયો હોય તો તેના આલયવિહારાદિ ઠગારા છે એવું જણાઇ જતું હોવાથી પછી 'આ સાધુ છે' એવી સ્વારસિક બુદ્ધિ જ થતી નથી એ જાણવું.

સમડી મૃત્યુ સમયે નવકાર સાંભળવાથી રાજકુમારી બની. એ કાંઇ અરિહંત ભગવાન્ વગેરેનું વિશેષ સ્વરૂપ જાણતી નહોતી. એમ કોઇ મુગ્ધજીવને તીર્થંકર દેવના વિશેષ ગુણોને જાણ્યા વિના પણ 'આ મહાન્ છે' એવી જે બુદ્ધિ થાય છે એનાથી વિશેષ ફળ મળે જ છે. સંપ્રતિરાજાનો જીવ ભિખારી ચારિત્રના વિશેષ સ્વરૂપને જાણતો ન હોવા છતાં એના પરના બહુમાનથી રાજા બન્યો... આ બધું અવ્યક્તસમાધિનું ફળ કહેવાય છે. આના માટે 'વિષયવિશેષ' પણ એક શરત રૂપે આવશ્યક છે. આ બધામાં વિષયવિશેષ હોવાથી જ એ ફળ મળ્યું છે. સમડીને અન્ય દેવાદિને નમસ્કાર ગર્ભિત બીજો કોઇ મંત્ર સાંભળવા મળ્યો હોત તો એ રાજકુમારી ન થાત. મુગ્ધને અન્ય કોઇ વ્યક્તિ વિશે 'આ મહાન્ છે' એવી થયેલી બુદ્ધિથી વિશેષ ફળ ન મળે. ભિખારીને તાપસ દીક્ષા વગેરે પર એવું બહુમાન જાગ્યું હોત તો કાંઇ એ સંપ્રતિ રાજા ન બનત.*

શંકા - આવશ્યકનિર્યુક્તિમાં તો આલયવિહારાદિ જોઇને સાધુતાનું અનુમાન કરી વંદનાદિ કરવાનું કહ્યું છે. એનાથી જણાય છે કે આલયવિહારાદિથી તો માત્ર 'આ સાધુ છે' એટલી અનુમિતિ જ થાય છે, વિશેષ ફળ તો એ પછી જે વંદનાદિ કરવામાં આવે છે તેનાથી પ્રાપ્ત થાય છે. એટલે પ્રભુ વિશે પણ 'આ મહાન્ છે' એટલી બુદ્ધિ માત્ર જ ધર્મજનિકા શી રીતે બની જાય?

સમાધાન - સાધુ અંગે આ રીતે જો વિચારવું હોય તો પ્રભુ અંગે પણ આ રીતે વિચારવું કે ભગવાન્ અંગે પણ વિશિષ્ટ રૂપે 'આ મહાન્ છે' એવી અનુમિતિ કર્યા પછી તરત જ સ્મરણ– નમસ્કારાદિ જે થાય છે તેનાથી વિશેષ ફળ મળે છે. આવો અર્થ પ્રાપ્ત કરવા માટે, મૂળ શ્લોકમાં જે 'મહત્ત્વં ન' એવો શબ્દ પડેલો છે તેના પછી 'અનુમેયં' એટલા શબ્દનો અધ્યાહાર કરવો, એટલે પછી કોઇ અસંગતિ રહેશે નહિ. તેથી શ્લોકાર્થ આવો થશે "સમવસરણ વગેરે બાહ્ય સંપત્તિથી પ્રભુના તેવા વિશેષ મહત્ત્વનું અનુમાન થઇ શકતું નથી, કારણ કે તેવી બાહ્ય સંપત્તિ તો માયાવીઓમાં પણ સંભવે છે."

શંકા - બાહ્યસંપત્તિ જોઇને તો માયાવી અંગે પણ 'આ મહાન્ છે' એવી અનુમિતિ થઇ જ જાય છે ને! પછી ભલે ને એનાથી ફળવિશેષ ન મળતું હોય!

* અવ્યક્ત સમાધિનું વિશેષ ફળ મળવામાં વિષયવિશેષ જેમ આવશ્યક છે એમ કદાગ્રહનો અભાવ પણ આવશ્યક હોય છે એ જાણવું. અધ્યાત્મ ઉપનિષદ્ના પ્રથમ અધિકારની ૭૬મી ગાથાના ઉત્તરાર્ધમાં આ પ્રમાણે કહ્યું છે--

समाधेरव्यक्ताद्यदभिदधति व्यक्तसदृशं फलं योगाचार्या ध्रुवमभिनिवेशे विगलिते।।७६।।

विशेषा'न्महत्त्वं ने' त्यनन्तर'मनुमेयमि'त्यध्याहारान्नानुपपत्तिः, स्वेतरनिष्ठात्यन्ताभावप्रतियोगिगुणवत्त्व-रूपस्य महत्त्वस्य वाह्यसंपदाऽनुमातुमशक्यत्वात्, मायाविष्वेव व्यभिचारात्।।१।।

स्वामिनो वचनं यत्तु संवादि न्यायसंगतम्।
कुतर्कध्वान्तसूर्यांशुर्महत्त्वं तद्यदभ्यधुः।।२।।

स्वामिन इति। यत्तु स्वामिनः = वीतरागस्य वचनं संवादि = समर्थप्रवृत्तिजनकं न्यायसंगतं =

समाधान - स्वभिन्नमां रहेला अत्यन्ताभावनो जे प्रतियोगी होय तेवा गुणवत्त्वरूप महत्त्वनी बाह्यसंपत्तिथी अनुमिति थइ शकती नथी. अर्थात् स्वभिन्न व्यक्तिमां जेवा गुणोनो अभाव होय तेवा गुणो (अर्थात् पोताना असाधारण गुणो) रूप महत्त्वनुं बाह्यसंपत्ति लिंग बनी शकती नथी, कारणके मायावीओमां तेवी बाह्यसंपत्ति होवा छतां तेवुं महत्त्व न होवाथी बाह्यसंपत्ति महत्त्वसाधक अनुमानना हेतु तरीके व्यभिचारी = अनैकान्तिक छे.॥१॥ [भगवान्मां रहेल विशिष्ट प्रकारनुं महत्त्व बाह्यसंपत्तिवत्त्वरूपे नथी. अथवा बाह्यसंपत्ति एनुं अनुमापक लिंग नथी एवुं तमे कह्युं. तो ए महत्त्व क्या विशिष्ट रूपे छे? अथवा एनुं कयुं लिंग छे? ए तो जणावो... एवा प्रश्ननो जवाब आपवा ग्रन्थकार कहे छे–]

[संवादी वचन ए महत्त्व]

वीतरागप्रभुनुं संवादी, न्यायसंगत अने कुतर्करूपी अंधकार माटे सूर्यकिरण समान एवुं जे वचन छे ए ज तेमनुं विशिष्ट महत्त्व छे, कारणके श्री हरिभद्रसूरि महाराजे पण 'पक्षपातो न मे वीरे...' इत्यादि कह्युं छे. इष्टफळनी प्राप्ति करावी आपवामां समर्थ प्रवृत्तिनुं जे वचन जनक होय ते संवादी जाणवुं. स्याद्वादमुद्रानुं जे वचन उल्लंघन करतुं न होय ते न्यायसंगत जाणवुं, कारणके तात्त्विकदृष्टिए विचारीए तो एकान्त (एकान्तवचन) अन्याय्य छे. [अहीं 'अन्यायत्वात्' शब्दमां 'अन्याय' शब्दने नञ्बहुव्रीहि समासवाळो जाणवो, नञ्तत्पुरुषवाळो नहीं.] एकान्त शा माटे अन्याय्य छे? आ माटे - धर्म अने धर्मी वच्चे एकान्ते भेदसंबंध मानवो के अभेदसंबंध? जो भेदसंबंध मानवामां आवे तो एनो अर्थ ए थयो के धर्म धर्मीथी साव जुदो छे अने को'क संबंधथी एमां रहेलो छे. वळी आ संबंध पण धर्मीमां रह्यो छे. (जेमके 'रूपवान् घटः' मां रूप समवाय संबंधथी घडामां रह्युं छे अने समवायसंबंध पण घडामां रह्यो छे.) ए संबंधने धर्मीमां रहेवा माटे वळी कोइ अन्य संबंध जोइशे. (जेमके समवाय संबंध स्वरूपसंबंधथी घडामां रह्यो छे.) वळी ए अन्य संबंधने धर्मीमां रहेवा त्रीजो कोइ संबंध जोइशे. आम एकान्ते भेद संबंध मानवामां अनवस्था चालशे. तेथी जो एकान्ते अभेद संबंध मानवामां आवे तो एनो अर्थ ए थयो के धर्म अने धर्मी वच्चे सर्वथा अभेद छे. अने तो पछी जेम 'घडो घडो' एवो सह प्रयोग असंगत छे तेम 'रूपवान् घडो' एवो पण सह प्रयोग असंगत बनी जाय.

शंका -- धर्म-धर्मी वच्चे भेद संबंध ज मानवो जोइए. पण ए मानवामां धर्म-धर्मी वच्चे जे संबंध सिद्ध थाय छे ते संबंध धर्मीमां स्वतः ज जोडायेलो छे एम मानवुं. एटले ए संबंधने राखवा माटे बीजो संबंध कल्पवानो न होवाथी अनवस्था दोष नहीं आवे.

समाधान -- 'रूपवान् घटः' इत्यादि विशिष्ट बुद्धि रूप प्रमाणथी (अनुमानना हेतुथी) रूप अने घट वच्चे स्वतः संबद्ध एवा अन्य संबंधनी कल्पना आ रीते करवी एना करतां तो ए विशिष्टबुद्धि स्वरूप प्रमाणथी ज शबल वस्तुने सिद्ध थती मानवी ए न्याय संगत छे. एटले के धर्मने धर्मीमां अन्य संबंधथी रहेलो मानीने पछी पण संबंधने जो धर्मीमां स्वतः संबद्ध मानवो पडे छे तो प्रथमथी ज विशिष्ट बुद्धि रूप प्रमाणथी धर्म

स्याद्वादमुद्रामनतिक्रान्तं, एकान्तस्य तत्त्वतोऽन्यायत्वात्, धर्मधर्मिसंबन्धभेदेऽनवस्थानात्, तदभेदे च सहप्रयोगाद्यनुपपत्तेः, धर्मिग्राहकमानेन स्वतः संबद्धस्य संबन्धान्तरस्य कल्पनाऽपेक्षया तेनैव सिद्धस्य शबलस्य वस्तुनोऽभ्युपगमस्य न्याय्यत्वात्। तदनुभवेऽपि चैकान्तभ्रमस्य दोषप्रावल्यादुपपत्तेः, विशेषदर्शनेन च तस्य निवर्तयितुं शक्यत्वादिति दिक्। कुतर्का एव ध्वान्तानि तेषु सूर्यांशुः। तन्महत्त्वं, अवच्छेद्यावच्छेदकयोर्लि-

અને ધર્મી વચ્ચે ભેદાભેદ સંબંધ (અર્થાત્ ભેદાનુસ્યુત અભેદ સંબંધ, નહીં કે ભેદ + અભેદ) જ માનવાથી ઉપરોક્ત ભેદપક્ષનો કે અભેદપક્ષનો એકેય દોષ નહીં આવે. જેમ, એકલી સૂંઠ પિત્તકારક છે, ગોળ કફકારક છે, પણ બન્નેની ગોળી બનાવવાથી સૂંઠના દોષને ગોળ, ને ગોળના દોષને સૂંઠ ખાઇ જાય છે. ને નવા જ અનેક ગુણો પેદા થાય છે, એમ ભેદાભેદ માનવાથી ભેદપક્ષના દોષોને અભેદ અને અભેદ પક્ષના દોષોને ભેદ ગળી જાય છે, તથા વસ્તુતત્ત્વની યથાર્થ સંગતિ વગેરે ગુણો પેદા થાય છે. માટે ભેદાભેદ વગેરે રૂપે શબલ વસ્તુ માનવી એ ન્યાયસંગત છે.

આ અનેકાન્ત એકત્વ-અનેકત્વ, નિત્યત્વ-અનિત્યત્વ, ભેદ-અભેદ વગેરે સર્વ બાબતોમાં વણાયેલો છે અને તેનો અનુભવ પણ થાય જ છે. તેમ છતાં સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય વગેરે રૂપે એકાન્તનો જે ભ્રમ થાય છે તેની મિથ્યાત્વ વગેરે રૂપ દોષની પ્રબળતાથી સંગતિ કરી શકાય છે. જેમ રેલવેના બે પાટા ભેગા નથી થતા, પણ સમાંતર જ જાય છે એ વાત અનુભવસિદ્ધ હોવા છતાં આંખની એવી મર્યાદા વગેરેના કારણે એ ભેગા થતા હોવા જે દેખાય છે તેની સંગતિ કરી શકાય છે.

શંકા -- રેલવેના પાટા તો જ્યાં ભેગા થતા દેખાય ત્યાં પહોંચીને જોઇએ તો જુદા-સમાંતર રહેલા જ જણાઇ જાય છે. એટલે એ ભેગા થતા જે દેખાતા હતા તે ભ્રમ હતો એવો નિર્ણય થઇ શકે છે અને ભ્રમ દૂર થઇ શકે છે. પણ આ નિત્યત્વ વગેરે બાબતોમાં તો હરહંમેશ એકાન્ત જ જણાયા કરે છે. માટે એને ભ્રમ શી રીતે મનાય? ભ્રમ હોય તે તો ક્યારેક દૂર થવો જોઇએ ને.

સમાધાન – દ્રવ્ય રૂપે જે નિત્ય છે એ જ વસ્તુ પર્યાય રૂપે અનિત્ય છે વગેરે વિશેષનું વિવેકથી જ્યારે દર્શન થાય છે ત્યારે એ ભ્રમ દૂર થવો શક્ય છે. માટે એ ભ્રમરૂપ જ છે એ જાણવું.

અહીં સંવાદી વચનને જ પ્રભુના મહત્ત્વ તરીકે કહ્યું. આમ તો, 'બાહ્યસંપત્તિવાળા હોવાથી પ્રભુ મહાન્ છે એવું નથી' એવા નિષેધથી જે અર્થ ફલિત થતો હતો કે 'બાહ્યસંપત્તિરૂપે મહાનતા નથી' તેના અનુસંધાનમાં આ પ્રરૂપણા છે કે 'સંવાદીવચનવાળા હોવાથી મહાન્ છે.' એટલે ફલિત એ થયું કે સંવાદીવચન રૂપે મહાનતા (મહત્ત્વ) રહેલ છે. જેમ 'जलवान् घटः' એવી બુદ્ધિના વિષયભૂત પાણીમાં જલત્વરૂપે પ્રકારતા હોવાથી જલત્વ એ અવચ્છેદક બને છે અને પ્રકારતા અવચ્છેદ્ય (અવચ્છિન્ન) બને છે એમ પ્રસ્તુતમાં સંવાદીવચન અવચ્છેદક બન્યું અને પ્રભુમાં રહેલું મહત્ત્વ અવચ્છેદ્ય બન્યું. અથવા જે બીજો પક્ષ અનુમિતિનો દેખાડેલો એમાં વિચારીએ તો "બાહ્યસંપત્તિથી મહત્ત્વનું અનુમાન થઇ શકતું નથી, અર્થાત્ 'આ મહાન્ છે, કારણકે બાહ્યસંપત્તિવાળા છે' આવું અનુમાન થઇ શકતું નથી, એવો નિષેધ પૂર્વે કરેલો." એટલે એના અનુસંધાનમાં અહીં જણાય છે કે "સંવાદીવચનથી મહત્ત્વનું અનુમાન થઇ શકે છે, અર્થાત્ 'આ મહાન્ છે, કારણકે સંવાદી વચનવાળા છે' આવું અનુમાન થઇ શકે છે." એટલે કે સંવાદીવચન એ લિંગ = હેતુ છે અને મહત્ત્વ એ લિંગી = સાધ્ય છે. આમ સંવાદીવચન અવચ્છેદક યા લિંગ છે અને મહત્ત્વ અવચ્છેદ્ય યા લિંગી છે. આ વાસ્તવિકતા છે. તેમ છતાં સ્યાદ્વાદનો આશ્રય કરીએ તો અવચ્છેદ્ય-અવચ્છેદક અને લિંગ-લિંગીનો કથંચિદ્ અભેદ હોવાથી અહીં સંવાદીવચનને જ મહત્ત્વ તરીકે જણાવ્યું છે.॥૨॥ પ્રભુનું વિશિષ્ટ મહત્ત્વ સંવાદી વચનરૂપે જ છે એનું સૂચન

गलिंगिनोर्वा स्याद्वादाश्रयणेन कथंचिदभेदात्। यदभ्यधुः **श्रीहरिभद्रसूरयः**।।२।।

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः।।३।।

पक्षपात इति। न मे = मम वीरे = **श्रीवर्धमानस्वामिनि** पक्षपातः = गुणानालोचनपूर्व एव रागः। **कपिलादिषु** च न मे द्वेषः। किन्तु यस्य वचनं युक्तिमत्तस्य परिग्रहः = स्वीकारः कार्यः। इत्थं चात्राविसंवादिवचनत्वेनैव भगवतो महत्त्वमाचार्यैरभिप्रेतम्।।३।। औदयिकभावस्यापि विशिष्टस्य महत्त्वप्रयोजकत्वं व्यवस्थापयति–

पुण्योदयभवैर्भावैर्मतं क्षायिकसंगतैः।
महत्त्वं महनीयस्य बाह्यमाभ्यन्तरं तथा।।४।।

पुण्येति। पुण्योदयभवैस्तीर्थकरनामकर्माद्युदयोत्पन्नैः भावैः = विशिष्टसंहननरूपसत्त्वसंस्थानगतिप्र-

---

જેના પરથી થાય છે એવું શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જે કહ્યું છે તેનો અનુવાદ કરતાં ગ્રન્થકાર કહે છે–

મને **શ્રી વર્ધમાનસ્વામી** પર પક્ષપાત નથી કે **કપિલ** વગેરે અન્ય દર્શનના પ્રણેતા પર દ્વેષ નથી. [તો પછી તમે શ્રીમહાવીરપ્રભુના વચનો સ્વીકારો છે અને કપિલ વગેરેના નથી સ્વીકારતા, આવો ભેદ કેમ?... એટલા માટે કે] જેનું વચન યુક્તિસંગત હોય તેનો સ્વીકાર કરવો જોઇએ. [અમને શ્રીવીરવિભુના વચનો યુક્તિસંગત લાગ્યા છે એટલે એનો અમે સ્વીકાર કરીએ છીએ.] આમ, શ્રી મહાવીરદેવને ભગવાન્ તરીકે જે સ્વીકાર્યા છે અને કપિલ વગેરે ને જે નથી સ્વીકાર્યા એનું કારણ 'પ્રભુ મહાવીરદેવ પાસે સમવસરણ વગેરેની ઋદ્ધિ છે જે કપિલ વગેરે પાસે નથી' એવું ન જણાવતા 'પ્રભુનું વચન અવિસંવાદી છે, કપિલાદિનું તેવું નથી.' એવું જ જે જણાવ્યું છે તેનાથી આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજાને 'અવિસંવાદી વચનરૂપે જ પ્રભુમાં અસાધારણ મહત્ત્વ છે' એવું અભિપ્રેત છે એ સૂચિત થાય છે.॥૩॥ [શાસ્ત્રોમાં તો 'અષ્ટ મહાપ્રતિહાર્યની પૂજાને યોગ્ય એ અર્હન્' વગેરે દ્વારા, જિનનામકર્મના ઉદયે પ્રાપ્ત થયેલ બાહ્યસંપત્તિ વગેરે રૂપે પણ પ્રભુમાં મહત્ત્વ હોવું જણાવ્યું છે. એટલે] વિશિષ્ટ ઔદયિકભાવ પણ મહત્ત્વપ્રયોજક છે એ વાતને વ્યવસ્થાપિત કરતાં ગ્રન્થકાર કહે છે–

[વિશિષ્ટ ઔદયિકભાવ પણ મહત્ત્વ પ્રયોજક]

કેવલજ્ઞાન વગેરે ક્ષાયિક ભાવોથી સહચરિત, જિનનામકર્મ વગેરે પુણ્યના ઉદયથી ઉત્પન્ન થયેલ વિશિષ્ટ સંઘયણ-રૂપ-સત્ત્વ-સંસ્થાન-ગતિ વગેરે ઔદયિક ભાવોથી પણ મહનીય પ્રભુમાં મહત્ત્વ હોય છે એવું શાસ્ત્રજ્ઞો માને છે. આમ (૧) ક્ષાયિક સંગત આ ઔદયિકભાવોથી થયેલું આ બાહ્ય મહત્ત્વ છે અને અવિસંવાદી વચનથી થયેલું પૂર્વોક્ત આભ્યન્તર મહત્ત્વ છે. એમ આ બન્ને મહત્ત્વ પૂજ્ય પુરુષમાં હોય છે. અથવા તો (૨) ઔદયિકભાવો અને અવિસંવાદીવચન એ બન્નેથી એક વિશિષ્ટ જ મહત્ત્વ ઉત્પન્ન થયું હોય છે જે કથંચિદ્ બાહ્ય મહત્ત્વ અને આભ્યન્તર મહત્ત્વ એમ બન્ને વ્યપદેશ પામે છે. જ્યારે બાહ્ય સંપત્તિની પ્રધાન વિવક્ષા હોય ત્યારે એ બાહ્યમહત્ત્વ કહેવાય અને જ્યારે અવિસંવાદી વચનની પ્રધાન વિવક્ષા હોય ત્યારે એ આભ્યન્તર મહત્ત્વ કહેવાય. [અથવા આવો અર્થ સમજવો – (૧) વિશિષ્ટ સંઘયણ-રૂપ વગેરે ઔદયિકભાવ એ બાહ્ય મહત્ત્વ ને કેવલજ્ઞાન વગેરે ક્ષાયિકભાવ એ આભ્યન્તર મહત્ત્વ. આમ બન્ને સ્વતંત્ર મહત્ત્વ થયા. અથવા (૨)

भृतिभिः क्षायिकसंगतैः = क्षायिकज्ञानादिमिलितैर्महत्त्वं महनीयस्य = पूज्यस्य मतं वाह्यं तथाऽऽभ्यन्तरं प्रत्येकं विशिष्टमेव वा कथंचिदुभयव्यपदेशभाक्। इत्थं च विशिष्टवाह्यसंपदोऽन्यासाधारणत्वान्नातिप्रसंगत्वमिति भावः।।४।।

बहिरभ्युदयादर्शी भवत्यन्तर्गतो गुणः।
मणेः पटावृतस्यापि बहिर्ज्योतिरुदञ्चति।।५।।

बहिरिति। व्यक्तः।।५।। स्वभावभेदादपि कार्यैकलिंगकं महत्त्वमाह–

भेदः प्रकृत्या रत्नस्य जात्यस्याजात्यतो यथा।
तथाऽर्वागपि देवस्य भेदोऽन्येभ्यः स्वभावतः।।६।।

भेद इति। अर्वागपि = मिथ्यात्वादिदशायामपि। स्वभावत इत्यन्यथा स्वस्मिन्नन्यवृत्तिगुणापत्तेः। न च

क्षायिकभाव विशिष्ट औदयिक भाव એ જ એક વિશિષ્ટ પ્રકારનું મહત્ત્વ છે જે કથંચિદ્ ઉભયવ્યપદેશ પામે છે, એટલે કે औદયિક ભાવના પ્રાધાન્યની વિવક્ષા હોય ત્યારે એ બાહ્ય મહત્ત્વ કહેવાય છે ને ક્ષાયિકભાવના પ્રાધાન્યની વિવક્ષા હોય ત્યારે એ આભ્યન્તર મહત્ત્વ કહેવાય છે.] વળી આવી ક્ષાયિકભાવવિશિષ્ટ બાહ્ય સંપદ્ અન્ય જીવોમાં હોતી નથી. એટલે તેઓમાં તેવું અસાધારણ મહત્ત્વ સિદ્ધ ન થવાથી તેઓ અંગે 'આ મહાન્ છે' એવી બુદ્ધિ દ્વારા ધર્મજનન થવા રૂપ અતિપ્રસંગ દોષ રહેતો નથી. [તેમજ તેઓમાં વિશિષ્ટ બાહ્ય સંપદ્ રૂપ આ લિંગ જ રહ્યું ન હોવાથી વ્યભિચાર પણ રહેતો નથી.] [**શંકા** - અનતિશયિત જ્ઞાનવાળા છદ્મસ્થે ક્ષાયિકભાવોનું અનુમાન કરવાનું હોય છે. તેથી કોઇ માયાવીના તેવા પ્રપંચથી તે અનુમાન દ્વારા તેની બાહ્ય સંપદ્ વિશિષ્ટ હોવી પણ એને લાગી જાય. અને તો પછી એ અજિન વિશે 'આ મહાન્ છે' એવી બુદ્ધિ થવાનો અતિપ્રસંગ આવશે જ ને! **સમાધાન** - આ અનુમાતાનો દોષ છે, લિંગરૂપ વિશિષ્ટ બાહ્યસંપદ્નો નહિ. વિશિષ્ટ બાહ્યસંપદ્ રૂપ લિંગનો નિર્ણય કરવામાં એ ભ્રાન્ત થયો માટે ભ્રમાત્મક અનુમિતિ થઇ. આ વાત, આલય-વિહાર વગેરે દ્વારા સુવિહિતત્વના કરતા અનુમાન અંગે શાસ્ત્રોમાં જે કહ્યું છે તે મુજબ જાણવી.]॥४॥ [કેવલજ્ઞાન વગેરે આંતરિક ગુણથી વિશિષ્ટ બાહ્યસંપદ્થી મહત્ત્વ માનવાની વાત કરી. એમાં આંતરિકગુણ અને બાહ્યસંપદ્ વચ્ચેનો સંબંધ દર્શાવતા ગ્રન્થકાર કહે છે–]

કેવલજ્ઞાન વગેરે આંતરિક ગુણ બહાર અભ્યુદય દેખાડનારો હોય છે. કપડાથી વીંટળાયેલા પણ મણિની જ્યોતિ બહાર ફેલાય છે. [એટલે કે આંતરિક ગુણ પ્રયુક્ત અભ્યુદય જેમાં ભળેલો હોય એવી બાહ્યસંપદ્થી મહત્ત્વ મનાયું છે.]॥५॥ [આમ અવિસંવાદી વચન પ્રયુક્ત મહત્ત્વ અને ક્ષાયિકભાવસંગત બાહ્યસંપદ્ પ્રયુક્ત મહત્ત્વની વાત કરી. શ્રીતીર્થંકર દેવોનું જીવદળ જ અન્યજીવો કરતાં વિશિષ્ટ હોય છે. એટલે અન્યજીવો કરતાં તેઓનો આ જે સ્વભાવ જ જુદો હોય છે તત્પ્રયુક્ત મહત્ત્વને હવે ગ્રન્થકાર જણાવે છે. આ મહત્ત્વ કાર્યૈકલિંગક હોય છે. એટલે કે તીર્થસ્થાપના વગેરે રૂપ કાર્યથી જ શ્રીમહાવીરપ્રભુ વગેરે જિનેશ્વરદેવોનો તે તે આત્મા તેવા વિશિષ્ટ સ્વભાવવાળો હતો અને તેથી તત્પ્રયુક્ત મહત્ત્વવાળો હતો એવું અનુમાન કરી શકાય છે.]

[વિશિષ્ટસ્વભાવપ્રયુક્ત મહત્ત્વ]

માટી વગેરેથી મલિન રહેલા પણ જાત્યરત્નનો જેમ અન્ય અજાત્ય રત્નકરતાં તથાસ્વભાવે જ ભેદ = વિશેષતા હોય છે એમ મિથ્યાત્વ વગેરે અર્વાગ્ દશામાં પણ શ્રીજિનેશ્વરદેવનો અન્ય જીવ કરતાં તથાસ્વભાવે

प्रागभावाभावान्नेयमापत्तिः, स्वगुणप्रागभावस्य स्वयोग्यतापरिणतिपर्यवसितत्वादिति भावः ।।६।।

नित्यनिर्दोषताऽभावान्महत्त्वं नेति दुर्वचः ।
नित्यनिर्दोषता यस्माद् घटादावपि वर्तते ।।७।।

नित्येति । नित्यनिर्दोषताया अभावान्महत्त्वं न प्रक्रमाद्वीतरागे इति दुर्वचः = दुष्टं वचनं, यस्मान्नित्यनिर्दोषता = दोषात्यंताभाववत्त्वरूपा नित्यत्वे सतीयमेव वा घटादावपि वर्तते । आदिनाऽऽकाशादिग्रहः । इत्थं च 'वीतरागो न महान्, नित्यनिर्दोषत्वाभावादि'त्यन्वयिनि घटादौ दृष्टांते साधनवैकल्यमुपदर्शितं भवति,

---

જ ભેદ = વિશેષતા હોય છે. કાષ્ઠાપ્રાપ્ત પરોપકાર વગેરે વિશિષ્ટ ગુણોને અનુરૂપ આવો વિશેષ સ્વભાવ જો તેઓમાં પહેલેથી માનવામાં ન આવે તો પોતનામાં અન્યના ગુણો પ્રકટ થવાની આપત્તિ આવે. જેનો યોગ્યતા રૂપ અંશ પણ પોતાનામાં ન હોય તે ગુણ પોતાનો ન હોઇ શકે. જેમકે આકાશમાં રૂપ-રસ વગેરેની યોગ્યતા નથી તો રૂપ/રસ વગેરે ક્યારેય આકાશના હોતા નથી. તેથી વિશિષ્ટ યોગ્યતા રૂપ વિશેષસ્વભાવ પહેલેથી ન હોય તો એ વિશિષ્ટગુણો પોતાના ન રહ્યા (અન્યના જ થઇ ગયા).

શંકા – મિથ્યાત્વાદિદશામાં આવો કોઇ વિશેષ સ્વભાવ માનવાની જરૂર નથી. તેમ છતાં પોતાનામાં અન્યના ગુણો ઉત્પન્ન થઇ જવાની આપત્તિ એટલા માટે નથી આવતી કે પોતાનામાં અન્યના ગુણોનો પ્રાગભાવ રહ્યો નથી. જ્યાં જેનો પ્રાગભાવ રહ્યો હોય ત્યાં તે ઉત્પન્ન થાય.

સમાધાન -- પરકીય ગુણોનો પ્રાગભાવ તેઓમાં રહ્યો હોતો નથી માટે પરકીય ગુણો ઉત્પન્ન થતા નથી. સ્વગુણોનો પ્રાગભાવ તેઓમાં રહ્યો હોય છે, માટે સ્વગુણો ઉત્પન્ન થાય છે. આવું તમારા કથનથી ફલિત થાય છે. આ સ્વગુણપ્રાગભાવ જે તેઓમાં રહ્યો હોવો તમે સ્વીકારો છો એ જ સ્વયોગ્યતાપરિણતિ રૂપે ફલિત થાય છે. એટલે તમે જે અનાદિ કાળથી તેઓમાં સ્વગુણપ્રાગભાવની વિદ્યમાનતા કહો છો એનાથી જ તેવા વિશિષ્ટસ્વભાવની વિદ્યમાનતા સિદ્ધ થઇ જાય છે. આશય એ છે કે જે પોતાનામાં જ હોય ને અન્યત્ર કોઇનામાં ન હોય એ, તે તે વસ્તુનો વિશિષ્ટ સ્વભાવ = સ્વયોગ્યતાપરિણતિ છે. સ્વગુણપ્રાગભાવ માત્ર સ્વમાં જ હોય છે, અન્યત્ર ક્યાંય નહીં. તેથી એ પ્રાગભાવ વિશિષ્ટસ્વભાવ-સ્વયોગ્યતાપરિણતિ રૂપે જ સિદ્ધ થઇ જાય છે.॥૬॥

['अर्वागपि' એવા શબ્દથી તમને પૂર્વની મિથ્યાત્વાદિ દોષયુક્ત અવસ્થા અભિપ્રેત છે. આનાથી ફલિત એ થયું કે તમારા ઇષ્ટદેવ જિન નિત્યનિર્દોષ નથી. તો તો દોષયુક્ત અવસ્થામાંથી સાધના દ્વારા દોષમુક્ત બનનારા તેઓમાં મહત્ત્વ શું? આવું માનનારાઓની શંકા દેખાડી સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે–]

[નિત્યનિર્દોષતા મહત્ત્વપ્રયોજક નથી]

'વીતરાગમાં નિત્યનિર્દોષતાનો અભાવ હોવાથી મહત્ત્વ પણ રહ્યું નથી' આવું વચન દુર્વચન જાણવું, કારણકે નિત્યનિર્દોષતા તો ઘડા વગેરેમાં પણ રહી છે. [તેમ છતાં તેમાં મહત્ત્વ રહ્યું નથી.] આમાં નિત્યનિર્દોષતા એટલે દોષાત્યન્તાભાવવત્ત્વ = દોષનો અત્યંતાભાવ હોવો તે અથવા તો નિર્દોષતાને જ ગુણ રૂપે લઇ નિત્ય એવી નિર્દોષતા એ નિત્યનિર્દોષતા એવો અર્થ જાણવો. 'ઘડા વગેરેમાં' એવું જે કહ્યું છે તેમાં 'વગેરે' શબ્દથી આકાશ વગેરેનો સમાવેશ જાણવો. જો કે ઘડો પોતે અનિત્ય છે તો એમાં નિત્ય નિર્દોષતા શી રીતે હોય? એવી શંકા થઇ શકે, પણ એનું સમાધાન એવું જાણવું કે પહેલાં દોષ હતો ને પછી નિર્દોષતા આવી એવું ઘડામાં નથી પણ એ ઉત્પન્ન થયો ત્યારથી અંત પામે ત્યાં સુધી એકસરખી નિર્દોષતા જ રહે છે, માટે એ નિત્યનિર્દોષતા કહેવાય. અથવા તો આદિ શબ્દથી આકાશનું ગ્રહણ કર્યું છે જ, એ નિત્ય હોવાથી એમાં નિત્યનિર્દોષતા હોવામાં

व्यतिरेकिणि चेश्वरदृष्टांते नोभयवादिसंमतत्वं, वीतरागस्यैवासिद्धौ पस्स्याश्रयासिद्धिश्च, तत्सिद्धौ वा धर्मि-ग्राहकमानेन तन्महत्त्वसिद्धौ बाधश्चेति द्रष्टव्यम्।।७।।

सात्मन्येव महत्त्वांगमिति चेत्तत्र का प्रमा।
पुमन्तरस्य कल्प्यत्वाद् ध्वस्तदोषो वरं पुमान्।।८।।

सेति। सा = नित्यनिर्दोषताऽऽत्मन्येव = आत्मनिष्ठैव महत्त्वांगम्। इत्थं च नित्यनिर्दोषात्मत्वाभावस्य हेतुत्वान्न दृष्टान्ते साधनवैकल्यमिति भावः। अत्राह - इति चेत्? तत्र = आत्मनि नित्यनिर्दोषत्वे का प्रमा

કોઇ શંકા રહેતી નથી. આમ, 'વીતરાગ મહાન્ નથી, કારણકે નિત્યનિર્દોષતાનો તેઓમાં અભાવ છે' એવા પૂર્વપક્ષીએ આપેલા અનુમાન અંગે ઘડા વગેરે અન્વયી દૃષ્ટાન્તમાં સાધનવૈકલ્ય દર્શાવ્યું. આશય એ છે કે પૂર્વપક્ષીએ જે અનુમાન આપ્યું છે તેની વ્યાપ્તિ આવી થઇ 'જ્યાં જ્યાં નિત્યનિર્દોષતાનો અભાવ હોય ત્યાં ત્યાં મહત્ત્વનો અભાવ હોય' મહત્ત્વના અભાવ રૂપ સાધ્ય જ્યાં નિર્ણીત હોય એ અન્વયી દૃષ્ટાન્ત બને. ઘડાવગેરેમાં તે નિર્ણીત છે, પણ ત્યાં નિત્યનિર્દોષતા જ રહી છે એટલે કે નિત્યનિર્દોષત્વાભાવ રૂપ સાધન નથી રહ્યું. મહત્ત્વાભાવ રૂપ સાધ્યનો અભાવ (= મહત્ત્વ) જ્યાં નિર્ણીત હોય તે વ્યતિરેક દૃષ્ટાન્ત કહેવાય. એવા દૃષ્ટાંત તરીકે પૂર્વપક્ષીને જે નિત્યનિર્દોષ ઇશ્વર માન્ય છે એમાં ઉત્તરપક્ષી સંમત નથી, અને ઉત્તરપક્ષીને જે 'જિન' માન્ય છે તેમાં પૂર્વપક્ષી સંમત નથી. એટલે ઉભયવાદી સંમત વ્યતિરેક દૃષ્ટાંત પણ છે નહીં. વળી પૂર્વપક્ષીને તો વીતરાગ જ અસિદ્ધ હોઇ તેના 'વીતરાગો ન મહાન્' ઇત્યાદિ વીતરાગપક્ષક આ અનુમાનમાં આશ્રયાસિદ્ધિ (પક્ષાસિદ્ધિ) દોષ રહેલ છે. અગર કોઇ પ્રમાણથી એ વીતરાગની સિદ્ધિ કરશો તો ધર્મી (પક્ષ)ગ્રાહક એવા એ પ્રમાણ થી જ તેમનામાં રહેલ 'મહત્ત્વ' ની સિદ્ધિ થઇ જવાથી 'મહત્ત્વાભાવ રૂપ સાધ્યના અભાવવાળો (મહત્ત્વવાળો) પક્ષ (વીતરાગ) છે' એવો નિર્ણય થઇ જવાથી બાધ દોષ પણ આવશે એ જાણવું. આશય એ છે કે ઈશ્વરમાં મહાનતા બાહ્ય ઐશ્વર્ય વગેરેના કારણે નથી એ તો જણાવી ગયા. એટલે નિર્દોષતા(કે તત્પ્રયુક્ત સંવાદીવચન) રૂપે જ મહાનતા હોવી ફલિત થાય છે. તેથી ભગવાન્ને વીતરાગ તરીકે જણાવનાર પ્રમાણ જ (વીતરાગ = રાગાદિ દોષથી મુક્ત થયેલા નિર્દોષ... એ રીતે) નિર્દોષતા જણાવવા દ્વારા મહાનતા જણાવી જ દેશે. તેથી મહત્ત્વાભાવ રૂપ સાધ્યના અભાવ સ્વરૂપે 'મહત્ત્વ' નો નિર્ણય થઇ જવાથી બાધ દોષ આવે એ સ્પષ્ટ છે. આમ પૂર્વપક્ષીના ફલિત થતા 'વીતરાગ મહાન્ નથી, કારણકે નિત્યનિર્દોષતાવાળા નથી' આવા અનુમાનમાં આટલા બધા દોષો રહ્યા હોઇ એનું વચન દુર્વચન છે એ સિદ્ધ થાય છે.।।૭।। અન્વયી દૃષ્ટાન્તમાં સાધનવૈકલ્ય દેખાડી પૂર્વપક્ષીના અનુમાનને ગ્રન્થકારે જે દૂષિત ઠેરવ્યું તેની સામે પૂર્વપક્ષીની સંભવિત દલીલને જણાવી તેનું નિરાકરણ કરતા ગ્રન્થકાર કહે છે–

પૂર્વપક્ષ - નિત્યનિર્દોષતા આત્મામાં અને ઘટાદિ જડ પદાર્થોમાં રહેલી છે. આમાંથી આત્મામાં જે નિત્યનિર્દોષતા રહેલી હોય છે એ જ 'મહત્ત્વ' નું અંગ = સાધન = હેતુ (અહીં 'અંગ' એટલે કારકહેતુ નહીં પણ 'જ્ઞાપકહેતુ' અર્થ જાણવો.) છે, એટલે કે એને જ મહત્ત્વ વ્યાપક છે. અર્થાત્ નિત્યનિર્દોષાત્મત્વ જ્યાં હોય ત્યાં મહત્ત્વની સત્તા સિદ્ધ થાય. તેથી ફલિત એ થશે કે 'વીતરાગ મહાન્ નથી...' વગેરે અમારા અનુમાનમાં નિત્યનિર્દોષત્વાભાવ એ હેતુ નથી પણ નિત્યનિર્દોષાત્મત્વાભાવ એ હેતુ છે. તેથી મહત્ત્વાભાવવાન્ તરીકે નિર્ણીત એવા ઘટાદિ અન્વયીદૃષ્ટાન્તમાં સાધનવૈકલ્ય હોવાનો દોષ રહેતો નથી.

ઉત્તરપક્ષ – આત્મામાં નિત્યનિર્દોષતા રહી હોવામાં શું પ્રમાણ છે? અર્થાત્ અમુક આત્મા નિત્યનિર્દોષ

= किं प्रमाणम्? तथा च प्रतियोग्यप्रसिद्ध्याऽभावाप्रसिद्धेर्हेतुरेवासिद्ध इति भावः। महत्पदप्रवृत्तिनिमित्ततयैव नित्यनिर्दोषात्मत्वं सेत्स्यतीत्यत आह – पुमन्तरस्य = नित्यनिर्दोषस्य पुंसः कल्प्यत्वाद्वरं ध्वस्तदोषः पुमान् कल्पनीयः। तथा च दोषात्यन्ताभाववदात्मत्वापेक्षया लघौ दोषध्वंस एव महत्पदप्रवृत्तिनिमित्तत्वकल्पनं न्याय्यमिति भावः। वस्तुतः पदप्रवृत्तिनिमित्तमात्रं न पदार्थान्तरकल्पनक्षममिति द्रष्टव्यम्।।८।। ध्वस्तदोषत्वे भगवतः **समंतभद्रोक्तं** मानमनुवदति-

---

છે એવું કોઇ પ્રમાણથી સિદ્ધ થઇ શકતું નથી. તેથી નિત્યનિર્દોષાત્મત્વ રૂપ પ્રતિયોગી અપ્રસિદ્ધ હોવાથી નિત્યનિર્દોષાત્મત્વાભાવ પણ અપ્રસિદ્ધ હોઇ હેતુ જ અસિદ્ધ થઇ જશે. એટલે કે આ રીતે સાધનવૈકલ્ય દોષ દૂર થશે, પણ હેત્વસિદ્ધિનો દોષ ઊભો થવાથી અનુમાન તો દૂષિત જ રહેશે.

પૂર્વપક્ષ - 'મહત્' પદના પ્રવૃત્તિનિમિત્તરૂપે જ નિત્યનિર્દોષાત્મત્વ સિદ્ધ થાય છે, એટલે પ્રતિયોગી સિદ્ધ હોઇ એના અભાવાત્મક હેતુ અસિદ્ધ હોવાનો દોષ રહેતો નથી. પદાર્થમાં રહેલા જે ધર્મના કારણે તે તે પદાર્થનો તે તે પદથી ઉલ્લેખ થાય છે તે ધર્મને 'પદ પ્રવૃત્તિ નિમિત્ત' કહે છે. ઈશ્વરાત્માનો જે 'મહાન્' એવા પદથી ઉલ્લેખ થાય છે તેનું પ્રવૃત્તિનિમિત્ત તો કોઇ જોઇએ જ. એટલે એ પ્રવૃત્તિનિમિત્ત તરીકે આ નિત્યનિર્દોષાત્મત્વ સિદ્ધ થાય છે.

[દોષધ્વંસમાં લાઘવ]

ઉત્તરપક્ષ – આ નિત્યનિર્દોષાત્મત્વ રૂપ પદપ્રવૃત્તિનિમિત્ત કોનામાં રહ્યું છે? જે જીવો દેખાય છે તેમાં તો કોઇનામાં રહ્યું નથી. તેથી તમારે જે નિત્યનિર્દોષ હોય તેવા કોઇ અન્ય પુરુષની કલ્પના કરવી પડશે. એટલે એના કરતાં તો જેના દોષો નષ્ટ થઇ ગયા છે એવા પુરુષની કલ્પના કરવી જ વધુ સારી છે. [કેમકે એમાં કોઇ નવા પુરુષની કલ્પના કરવાની નથી અને એના સઘળા દોષો નષ્ટ થઇ ગયા છે એની કલ્પના આગળી ગાથામાં દર્શાવેલ રીતે અવિરોધીપણે થઇ શકે છે.] [તેમ છતાં, કલ્પના કરવી એ વાત તો બન્નેમાં સમાન જ છે ને! એવી દલીલને નિર્મૂળ કરવા આગળ કહે છે–] નિત્યનિર્દોષાત્માની કલ્પના કરવાથી 'મહત્' પદનું જે પદપ્રવૃત્તિનિમિત્ત મળતું હતું કે નિત્યનિર્દોષાત્મત્વ, તેના કરતાં ધ્વસ્તદોષ (=દોષ ધ્વંસવાળા) પુરુષની કલ્પના કરવાથી 'મહત્' પદનું જે પ્રવૃત્તિનિમિત્ત મળે છે 'દોષધ્વંસ' તે લઘુ છે. નિત્યનિર્દોષાત્મત્વ એટલે દોષાત્યંતાભાવવાન્માં રહેલ આત્મત્વ, એટલે કે દોષાત્યંતાભાવવદાત્મત્વ. એના કરતાં દોષધ્વંસ લઘુ છે એ તો સ્પષ્ટ જ છે. આમ ધ્વસ્તદોષ પુરુષની કલ્પના કરવામાં આવે તો લઘુ એવા દોષધ્વંસમાં મહત્પદપ્રવૃત્તિનિમિત્તત્ત્વ જે કલ્પવું પડે છે એ પણ ન્યાયસંગત વાત ઠરે છે. માટે એ કલ્પના કરવી જ યોગ્ય છે. તેથી નિત્યનિર્દોષાત્મત્વ સિદ્ધ ન થવાથી હેત્વસિદ્ધિ દોષ ઊભો જ રહ્યો.

વળી વાસ્તવિકતા તો એ છે કે પદપ્રવૃત્તિનિમિત્ત માત્ર એ એક નવા જ પદાર્થની કલ્પના કરાવી આપવામાં સમર્થ હોતું નથી એ ધ્યાનમાં રાખવું. નહિતર તો જેની કલ્પના માટે બીજું કોઇ નિમિત્ત મળતું નથી એવું પણ 'શશવિષાણત્વ' પ્રચલિત એવા 'શશવિષાણ' પદના પ્રવૃત્તિનિમિત્ત તરીકે સિદ્ધ થઇ જાય. તેથી એના પરથી નિત્યનિર્દોષાત્મા કે ધ્વસ્તદોષ પુરુષ એ બેમાંથી એકેયની કલ્પના કરી શકાતી નથી.॥૮॥

["દોષાત્યન્તાભાવવદાત્મત્વની અપેક્ષાએ દોષધ્વંસ લઘુ હોવાથી 'મહત્' પદના પ્રવૃત્તિનિમિત્ત તરીકે ભલે સ્વીકારાય. પણ એટલા માત્રથી એવો પદાર્થ વાસ્તવિક હોય જ એવું સિદ્ધ થતું નથી એ તમે જ જણાવી ગયા. એટલે પરમાત્મામાં દોષધ્વંસ = સર્વથા દોષ નાશ થયો હોય છે, (ને તેથી એ મહાન્ છે) એવું શી રીતે સિદ્ધ કરશો?" આવી શંકાનું અથવા "નિત્યનિર્દોષતા માનવામાં કોઇ પ્રમાણ ન હોવાથી એ ઈશ્વરાત્મામાં માની

दोषावरणयोर्हानिर्निःशेषाऽस्त्यतिशायनात्।
क्वचिद्यथा स्वहेतुभ्यो बहिरन्तर्मलक्षयः।।९।।

दोषेति। क्वचिद्दोषावरणयोर्निःशेषा हानिरस्ति, अतिशायनात् = तारतम्यात्, यथा स्वहेतुभ्यः = मलक्षयहेतुभ्यः स्वर्णादेर्बहिरन्तश्च मलक्षयः। यद्यप्यत्र 'दोषावरणे निःशेषहानिप्रतियोगिनी, तारतम्यवद्धा-

---

न शकाय એમ તમે કહ્યું, તો દોષધ્વંસમાં શું પ્રમાણ છે કે જેથી એ ઈશ્વરાત્મામાં માની શકાય?" આવી શંકાનું સમાધાન કરવા, **શ્રીસમન્તભદ્રે** કહેલા અનુમાનનો અનુવાદ કરતા ગ્રન્થકાર કહે છે–]

[શ્રીસમન્તભદ્રાચાર્યોક્ત અનુમાન]

શ્રી સમંતભદ્રાચાર્યે નીચેનું અનુમાન આપ્યું છે – કો'ક આત્મામાં દોષ અને આવરણની નિઃશેષ હાનિ થાય છે, કેમકે તેનું તારતમ્ય જોવા મળે છે. જે જે દોષ અને આવરણની હાનિ ઓછીવત્તી જોવા મળતી હોય તેની તેની ક્યાંક સર્વથા હાનિ પણ થાય છે, જેમકે સ્વહેતુથી થતો સુવર્ણના બાહ્ય અને આંતરિક મલનો ક્ષય (અહીં આવરણ અને દોષ એ બેની વાત પ્રસ્તુત હોવાથી એ બેને તુલ્ય એવા સુવર્ણના બાહ્ય-આભ્યંતર મલની વાત કરી છે.) મલનો નાશ કરનાર હેતુઓથી સુવર્ણમલનો જેમ સર્વથા નાશ થાય છે તેમ પ્રસ્તુતમાં દોષ અને આવરણના નાશ અંગે જાણવું. આત્મામાં સ્વભાવ જેવા બની ગયેલા રાગ-દ્વેષ વગેરે દોષો છે, અને એના કારણે આત્મા પર ચોંટેલા જ્ઞાનાવરણ વગેરે કર્મ એ આવરણ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ તેના ક્ષયહેતુઓથી એનો સર્વથા ક્ષય થાય છે એ આ અનુમાનથી સિદ્ધ થાય છે. 'यद्यपि...' થી અનુમાનમાં અસંગતિનું ઉદ્ભાવન કર છે. [પછી तथापि... કહી એનું વારણ દેખાડશે.] નૈયાયિકોની માન્યતા એવી છે કે અનુમાન પ્રયોગ એવો કરવો કે જેમાં સાધ્ય અને સાધન સમાનાધિકરણ હોય. એટલે પ્રસ્તુત અનુમાનનો એવો પ્રયોગ કરવો હોય તો આ રીતે થાય - 'દોષ અને આવરણ નિઃશેષહાનિના પ્રતિયોગી છે, કારણકે તરતમભાવયુક્ત હાનિના પ્રતિયોગી છે.' આ અનુમાનના પક્ષની વિચારણા કરીએ તો જણાય છે કે એમાં બાધ અને અસિદ્ધિ દોષ આવે છે. તે આ રીતે - જે દોષ અને આવરણનો હજુ સર્વથા ક્ષય નથી થયો એને (એટલે કે અવીતરાગ ગત દોષ-આવરણને) જો પ્રસ્તુતમાં પક્ષ બનાવવામાં આવ્યા હોય તો 'એ સર્વથા હાનિના પ્રતિયોગી નથી' એવું નિર્ણીત હોવાથી બાધદોષ સ્પષ્ટ છે. જેમ જ્ઞાન અને વિષય પરસ્પરસાપેક્ષ હોવાથી જ્યાં સુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી પદાર્થ 'વિષય' બનતો નથી, એમ ધ્વંસ અને પ્રતિયોગી સાપેક્ષ પદાર્થ હોવાથી, જ્યાં સુધી સર્વથા ધ્વંસ થયો નથી ત્યાં સુધી દોષ-આવરણ પ્રતિયોગી ન બને, ને એટલે બાધદોષ આવે. અભિપ્રેત વીતરાગના સર્વથા નાશ પામી ગયેલા દોષ-આવરણને જો પક્ષ તરીકે લેવાના હોય તો એ તો નષ્ટ થઇ ગયા હોવાથી જ અનુમાનકાળે અસિદ્ધ છે. માટે પક્ષાસિદ્ધિ દોષ આવે. અથવા એ સર્વથા નષ્ટ થઇ ગયા હોવાથી એની હાનિ તારતમ્ય વાળી ન રહેવાના કારણે એ દોષ-આવરણમાં તારતમ્યવદ્હાનિપ્રતિયોગિત્વ રૂપ હેતુ ન રહ્યો હોવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ (હેત્વાભાસ) આવે. આ દોષોનું વારણ 'क्वचित्' પદ લગાવવાથી પણ નથી થઇ શકતું. એટલે કે 'કો'ક આત્મામાં રહેલા દોષ અને આવરણને પક્ષ તરીકે લેવામાં આવે તો પણ એ દોષ દૂર થતા નથી. [એમાં પણ પૂર્વોક્ત દલીલ જ જાણવી. એટલે કે જો क्वचित् તરીકે અવીતરાગ જીવ લેવાનો હોય તો બાધ દોષ અને વીતરાગ જીવ લેવાનો હોય તો અસિદ્ધિ દોષ.] વળી આ આપત્તિ પણ જે દોષ-આવરણ વ્યક્તિ નિઃશેષહાનિના પ્રતિયોગી હોય તે દોષઆવરણવ્યક્તિને સાધ્યના આશ્રયરૂપે અન્ય દોષ-આવરણવ્યક્તિઓથી જુદી કરીને પછી એ વ્યક્તિ અંગે આપીએ છીએ એવું નથી. માટે દિગ્નાગના મતમાં પ્રવેશ થઇ જવાનો પણ પ્રશ્ન નથી. એટલે બાધ

निप्रतियोगित्वादि'त्यनुमाने पक्षविवेचने वाधासिद्धी न 'क्वचित्'पदग्रहणमात्रनिवर्त्ये, साध्याश्रयतया पृथक्कृतां व्यक्तिमनुपादायापादनाच्च न दिग्नागमतप्रवेशः, **न च** निःशेषहानिप्रतियोगिजातीयत्वस्य साध्यत्वे संप्रतिपन्नस्वर्णमलस्य दृष्टान्तत्वे च न कोऽपि दोष इति **वाच्यं**, निःशेषक्षीयमाणस्वर्णमलवृत्तिदोषावरणसाधारणौपाधिकत्वजातिसिद्ध्याऽर्थान्तरापत्तेः। दोषत्वादिजातिग्रहे च दृष्टान्तस्य साध्यविकलत्वात्,

અને અસિદ્ધિ દોષ ઊભા જ છે.

શંકા -- નિઃશેષહાનિપ્રતિયોગિજાતીયત્વને સાધ્ય બનાવીએ અને સંપ્રતિપન્નસ્વર્ણમલને દૃષ્ટાન્ત બનાવીએ તો કોઇ દોષ રહેશે નહિ. અર્થાત્ પ્રસ્તુત અનુમાન પ્રયોગ આવો કરીએ કે 'દોષ અને આવરણ નિઃશેષહાનિપ્રતિયોગીને સમાન જાતીય છે, કારણકે તારતમ્યયુક્તહાનિના પ્રતિયોગી છે, જેમકે વિવક્ષિત સ્વર્ણમલ, અવીતરાગ જીવના દોષ-આવરણ પ્રસિદ્ધ છે. માટે પક્ષાસિદ્ધિ દોષ નથી. અથવા અવીતરાગ જીવના દોષ-આવરણમાં તારતમ્યયુક્તહાનિનું પ્રતિયોગિત્વ રૂપ હેતુ રહેલો જ હોવાથી સ્વરૂપઅસિદ્ધિ હેત્વાભાસ નથી. વળી એમાં ક્ષીણ થઇ ગયેલ દોષઆવરણમાં રહેલ જાતિનો અભાવ જ છે એવો નિર્ણય નથી, માટે બાધ દોષ નથી. સંપ્રતિપન્ન (વિવક્ષિત) સ્વર્ણ તરીકે જેનો મલ જોયો છે અને હાલ મલનો સંપૂર્ણ ક્ષય થઇ રહ્યો છે તેવું સ્વર્ણ સમજવું. [વર્તમાન પંચમકાળે, કોઇ વીતરાગ પ્રત્યક્ષસિદ્ધ નથી... એટલે પહેલાં એના દોષ આવરણ તારતમ્યવાળા હોવા જાણ્યા હોય ને પછી એનો સર્વથા ક્ષય જાણ્યો હોય આવું શક્ય નથી. (જો પ્રત્યક્ષ હોય તો તો આ અનુમાનની આવશ્યકતા જ ન રહે.) જૈન આગમથી આ વાત સિદ્ધ છે, પણ એ પૂર્વપક્ષીને માન્ય નથી. (જો એ માન્ય હોત તો પણ આ અનુમાનની આવશ્યકતા ન રહેત.) એટલે એવા જીવગત દોષ-આવરણને દૃષ્ટાંત તરીકે ટાંકવા શક્ય ન હોવાથી સંપ્રતિપન્ન સ્વર્ણમલને દૃષ્ટાંત તરીકે ટાંકવામાં આવ્યો છે તે જાણવું.]

સમાધાન -- આ રીતે બાધ-અસિદ્ધિનું વારણ કરશો તો આપત્તિ એ આવશે કે નિઃશેષ ક્ષય પામતા સ્વર્ણમલ અને રાગાદિ દોષ-જ્ઞાનાવરણીયાદિ આવરણમાં સાધારણ એવી ઔપાધિકત્વ જાતિ સિદ્ધ થઇ જવાથી અર્થાન્તર થઇ જશે. રાગાદિગત દોષત્વાદિ જાતિ લેશો તો દૃષ્ટાન્ત સાધ્યવિકલ હોવાની આપત્તિ આવશે. આશય એ છે કે પ્રસ્તુત અનુમાનના સાધ્યની ઘટક જે જાતિ વિવક્ષિત છે તે સ્વર્ણમલ રૂપ દૃષ્ટાન્તમાં છે કે નહીં? જો નથી, તો દૃષ્ટાન્ત જ સાધ્યશૂન્ય હોવાનો દોષ આવશે, અને જો છે, તો એ એવી જાતિ સિદ્ધ થશે જે નિઃશેષ ક્ષીયમાણસ્વર્ણમલ અને રાગાદિદોષ = જ્ઞાનાવરણીયાદિ આવરણમાં સાધારણ હોય. એટલે કે દોષત્વ જાતિ જેમાં હોય તે સંપૂર્ણ ક્ષીણ થઇ શકે છે ઇત્યાદિ સિદ્ધ નહીં થાય પણ એવી સાધારણ જાતિ જેમાં હોય તે સંપૂર્ણક્ષીણ થઇ શકે છે એવું સિદ્ધ થશે. અર્થાત્ ધ્વસ્તદોષપણું સિદ્ધ નહીં થાય, પણ ધ્વસ્તતાદૃશજાતિમાન્પણું સિદ્ધ થશે. એટલે અર્થાન્તર થઇ જવાનો દોષ આવશે.

[એ અનુમાનનો પરિષ્કાર]

આમ આ રીતે અનુમાન પ્રયોગો કરવામાં જો કે દોષ આવે છે તો પણ, 'દોષત્વ અને આવરણત્વ એ બંને નિઃશેષ ક્ષીણ થતી વસ્તુમાં રહેનાર છે, કેમકે આંશિક રીતે ક્ષીણ થતી વસ્તુમાં રહેનાર છે. જેમકે સ્વર્ણમલત્વ' આવા અનુમાન પ્રયોગનું અહીં તાત્પર્ય સમજવું. તેથી બાધ, અસિદ્ધિ, અર્થાન્તર કે દૃષ્ટાન્ત સાધ્યશૂન્ય હોવું એમાંનો કોઇ દોષ આવશે નહીં. આનાથી દોષ અને આવરણ નિઃશેષ ક્ષીણ થાય છે એ સિદ્ધ થવાથી એ બે જેના નિઃશેષ ક્ષીણ થઇ ગયા છે તેવી ધ્વસ્તદોષ વ્યક્તિ પણ સિદ્ધ થઇ જશે. આવા ધ્વસ્તદોષ પુરુષમાં જ દોષધ્વંસરૂપે મહત્ત્વ માનવું યોગ્ય છે. નિત્યનિર્દોષઆત્મા તરીકે સિદ્ધ નહીં થઇ શકતા ઈશ્વરમાં નિત્યનિર્દોષતા રૂપે મહત્ત્વ માનવું યોગ્ય નથી.॥૭॥ [આમ ધ્વસ્તદોષત્વરૂપે મહત્ત્વ સિદ્ધ થઇ જવાથી અન્ય શંકાનું પણ જે

तथापि दोषत्वमावरणत्वं च निःशेषक्षीयमाणवृत्ति देशतःक्षीयमाणवृत्तिजातित्वात्, स्वर्णमलवदित्यत्र तात्पर्यम्।।९।।

इत्थं जगदकर्तृत्वेऽप्यमहत्त्वं निराकृतम्।
कार्ये कर्तृप्रयोज्यस्य विशेषस्यैव दर्शनात्।।१०।।

इत्थमिति। इत्थं = ध्वस्तदोषत्वेनैव महत्त्वसिद्धौ जगदकर्तृत्वेऽपि सति भगवतोऽमहत्त्वं निराकृतं, जगत्कर्तृत्वस्य क्वचिदप्यसिद्धेश्च। न च 'क्षित्यादिकं सकर्तृकं, कार्यत्वात्, घटादिवत्' इत्यनुमानात्तत्सिद्धिः,

---

निराकरण थाय छे ते दर्शावता ग्रन्थकार कहे छे-]

आम वीतराग प्रभुमां ध्वस्तदोषत्वरूपे ज महत्त्वनी विद्यमानता सिद्ध थइ गइ एटले जगत्नुं अकर्तृत्व होवा छतां पण अमहत्त्वनुं निराकरण थयेलुं जाणवुं. वळी कोइ पण आत्मामां जगत्कर्तृत्व सिद्ध ज नथी, एटले ए कारणे पण ए निराकरण थइ गयेलुं जाणवुं. आशय ए छे के केटलाकनो एवो मत छे के "जे जगत्कर्ता होय तेनामां महत्त्व होय. वीतराग जगत्कर्ता नथी, माटे एमनामां महत्त्व पण नथी." आ मान्यता एटला माटे खोटी ठरे छे के वीतरागमां ध्वस्तदोषत्वरूपे महत्त्व होवुं सिद्ध थइ ज गयुं छे. वळी जगत्कर्तृत्व तो स्वयं ज असिद्ध होइ ए रूपे महत्त्व मानवुं ज योग्य नथी.

[जगत्कर्तृत्वविचार]

पूर्वपक्ष – 'पृथ्वी वगेरे सकर्तृक छे, कारणके कार्य छे, जेमके घडो' आवा अनुमानथी क्षित्यादिना कर्तारूपे जगत्कर्तानी सिद्धि थइ शके छे.

उत्तरपक्ष – आवुं न कहेवुं, केमके आ अनुमान अप्रयोजक छे, अर्थात् अनुकूलतर्क शून्य छे. (क्यांक साध्य न रह्युं होवा छतां हेतु रही गयो होय तो शुं वांधो? आवी व्यभिचारनी शंकानुं उन्मूलन करनार तर्क ए अनुकूळतर्क कहेवाय छे ए जाणवुं.)

पूर्वपक्ष – जेनो कर्ता न होय (एटले के साध्याभाव होय) एवा विपक्षमां कार्यत्व (हेतु) नी विद्यमानताना बाधक एवा कार्यत्वेन-कर्तृत्वेन कार्यकारणभाव (जे कोइ कार्य होय तेनुं कर्तारूप कारण होय ज एवा कार्यकारणभाव) रूप विपक्षबाधक तर्क हाजर होइ अमारुं अनुमान अप्रयोजक नथी. अर्थात् जेनो कर्ता न होय एवुं कार्य जो संभवे तो कर्तृत्वेन-कार्यत्वेन कार्यकारणभाव जे निश्चित छे ते ज ऊडी जाय. पण ए ऊडी शके एम नथी. एटले मानवुं पडे छे के जेनो कर्त्ता न होय तेमां कार्यत्व न ज होय.

उत्तरपक्ष – "कार्यत्वावच्छिन्न प्रत्ये कर्तृत्वेन कारणता छे - अर्थात् कार्यमात्र प्रत्ये कर्तारूप कारण होय ज" एवो कार्यकारणभाव मानवामां कोइ प्रमाण नथी, एटले ए विपक्षबाधकतर्क रूप बनी शकतो नथी.

पूर्वपक्ष – घटमात्रमां कुलालजन्यत्वनी बुद्धि थाय छे. तंतुवाय (वणकर) जन्यत्व वगेरेनी नहीं. पटमात्रमां तंतुवायजन्यत्वनी बुद्धि थाय छे. पण कुलालजन्यत्व वगेरेनी नहीं. आनाथी जणाय छे के घटमात्रमां रहेल घटत्व धर्म कुलालथी प्रयोज्य होय छे अने कुलालजन्यतावच्छेदक (= कुलालनिष्ठ-जनकतानिरूपित जन्यतानो अवच्छेदक) होय छे. एम पटमां पटत्व तंतुवायप्रयोज्य होय छे अने तंतुवायजन्यतावच्छेदक होय छे. आ ज रीते घट-पट वगेरे कार्यविशेषनी विवक्षा वगर कार्यमात्रमां जे कार्यत्व धर्म होय छे तेने कुलालप्रयोज्य वगेरे मानी शकातो न होवाथी कर्तृप्रयोज्य अने कर्तृजन्यतावच्छेदक मानवो पडे छे. एटले आ रीते कर्तृत्वेन-कार्यत्वेन कार्यकारणभाव सिद्ध थाय छे.

अप्रयोजकत्वात् । कार्यत्वेन कर्तृत्वेन च कार्यकारणभावस्य विपक्षवाधकस्य तर्कस्य सत्त्वान्नाप्रयोजकत्वमिति **चेत्? न**, कार्यत्वावच्छिन्नं प्रति कर्तृत्वेन हेतुत्वे प्रमाणाभावात्, कार्ये = घटादौ 'कर्तृप्रयोज्यस्य' = कर्तृजन्यतावच्छेदकस्य 'विशेषस्यैव' = क्षितिमेर्वादिव्यावृत्तजातिविशेषस्यैव 'दर्शनाद्' = 'इदं सकर्तृकमिदं

[कर्तृजन्यतावच्छेदक कोण?]

उत्तरपक्ष – કાર્યો બે પ્રકારના હોય છે. (૧) જેને માટે 'ઇદં સકર્તૃકં' એવી બુદ્ધિ થાય છે તે ઘટ-પટ વગેરે. (૨) જેને માટે એવી બુદ્ધિ નથી થતી તે ક્ષિતિ વગેરે. ઘટ-પટ વગેરેમાં કુલાલાદિકર્તાથી પ્રયોજ્ય = કુલાલાદિજન્યતાવચ્છેદક એવા ઘટત્વ-પટત્વ વગેરે રૂપ જેમ વિશેષ ધર્મ દેખાય છે એમ કુલાલ-તંતુવાય વગેરેના વિશેષ ભેદ વિના કર્તા સામાન્યથી પ્રયોજ્ય અને કર્તૃજન્યતાવચ્છેદક રૂપે પણ ક્ષિતિ-મેરુ વગેરેથી વ્યાવૃત્તજાતિ વિશેષ (= ક્ષિતિ-મેરુ વગેરેમાં ન રહેલી હોય ને ઘટ વગેરેમાં રહેલી હોય એવી ચોક્કસ જાતિ) રૂપ ધર્મ જ દેખાય છે. આ પણ, ઘટાદિ વિશે 'આ સકર્તૃક છે' એવો અને ક્ષિતિ વગેરે વિશે 'આ સકર્તૃક નથી' એવો વ્યુત્પન્ન *પુરુષોનો જે વ્યવહાર થાય છે એના પરથી સિદ્ધ થાય છે. આવું પણ* એટલા માટે છે કે વ્યાપ્ય ધર્મથી વ્યાપકધર્મ અન્યથાસિદ્ધ થઇ જાય છે. આશય એ છે કે વ્યાપક એવો પૃથ્વીત્વ ધર્મ ઘટ-પટ વગેરે અનેક કાર્યવિશેષોમાં રહ્યો છે. છતાં, પૃથ્વીત્વવાન્ ઘટ વિશે 'આ કુલાલકર્તૃક છે' એવી બુદ્ધિ થાય છે, પણ પૃથ્વીત્વવાન્ પટ વિશે આવી બુદ્ધિ થતી નથી. એટલે ઘટમાં રહેલ પૃથ્વીત્વ ધર્મને કુલાલપ્રયોજ્ય કે કુલાલજન્યતાવચ્છેદક મનાતો નથી. પણ ઘટત્વવાન્ જે કોઇ ઘટ છે એ દરેક વિશે 'આ કુલાલકર્તૃક છે' એવી બુદ્ધિ-વ્યવહાર થાય છે. માટે ઘટમાં રહેલ ઘટત્વધર્મને કુલાલપ્રયોજ્ય અને તેથી કુલાલજન્યતાવચ્છેદક મનાય છે. આમ કુલાલજન્યતા-વચ્છેદક તરીકે વ્યાપક એવો 'પૃથ્વીત્વ' ધર્મ વ્યાપ્ય એવા 'ઘટત્વ' ધર્મથી અન્યથાસિદ્ધ (= કુલાલજન્યતાના અનવચ્છેદક તરીકે સિદ્ધ) થાય છે. એમ પ્રસ્તુતમાં વ્યાપક એવો 'કાર્યત્વ' ધર્મ ઘટ-પટ-ક્ષિતિ વગેરે અનેક કાર્યવિશેષોમાં રહેલો છે. છતાં, કાર્યત્વવાન્ ઘટાદિ વિશે 'આ સકર્તૃક છે (= કર્તૃજન્ય છે)' એવી બુદ્ધિ થાય છે, પણ કાર્યત્વવાન્ એવા ક્ષિતિ વગેરે વિશે એવી બુદ્ધિ થતી નથી. તેથી ઘટમાં રહેલા 'કાર્યત્વ' ધર્મને કર્તૃજન્યતાવચ્છેદક માની શકાતો નથી. હા, ક્ષિતિ-મેરુ વગેરે સિવાયના ઘટ-પટ વગેરે કાર્યો એવા છે જે દરેક વિશે 'આ સકર્તૃક છે' એવો વ્યવહાર થાય છે. તેથી ક્ષિતિ વગેરેમાં ન રહેલો હોય ને ઘટ-પટ વગેરેમાં રહેલો હોય એવો કોઇ ધર્મ (કે જે ધર્મ કાર્યત્વને વ્યાપ્ય છે તે)(ધારો કે અ નામની વિશિષ્ટ જાતિ) કર્તૃ(સામાન્ય) પ્રયોજ્ય બનશે ને તેથી, કર્તૃજન્યતાવચ્છેદક બનશે. એટલે કે કર્તૃજન્યતાવચ્છેદક રૂપે 'કાર્યત્વ' ધર્મ 'અ' થી અન્યથાસિદ્ધ બનશે. ને તેથી અ જાત્યવચ્છિન્ન પ્રત્યે જ કર્તૃત્વેન કારણતા માનવી પડવાથી કાર્યત્વાવચ્છિન્ન પ્રત્યે કર્તૃત્વેન કારણતામાં કોઇ પ્રમાણ ન રહેવાથી એ માની શકાશે નહીં.

પૂર્વપક્ષ - ક્ષિતિ વગેરેમાંથી વ્યાવૃત્ત આ જે વિશેષ જાતિ અ ને તમે કર્તૃજન્યતાવચ્છેદક તરીકે કહો છો તે યોગ્ય નથી, કેમકે પૃથ્વીત્વ વગેરે સાથે એનું સાંકર્ય હોવાથી એ જાતિરૂપ નથી. ['परस्पर अत्यन्ताभावसमानाधिकरणयोर्धर्मयोरेकत्र समावेशः सांकर्यम्' = એક ધર્મનો અભાવ હોય ત્યાં બીજો ધર્મ રહ્યો હોય, બીજા ધર્મનો અભાવ હોય ત્યાં પ્રથમ ધર્મ રહ્યો હોય. આવા બે ધર્મો વળી કોઇ ત્રીજા અધિકરણમાં એક સાથે રહી ગયા હોય તો એ બે ધર્મનું સાંકર્ય કહેવાય છે. પ્રસ્તુતમાં ક્ષિત્યાદિમાં પૃથ્વીત્વ છે, પણ એ વિશેષ જાતિ અ નથી. જળમયકાર્યમાં એ વિશેષ જાતિ અ છે, પણ પૃથ્વીત્વ નથી. ઘટમાં એ બન્ને છે. માટે સાંકર્ય છે.] એટલે એવી કોઇ વિશેષ જાતિ માની શકાતી ન હોવાથી કાર્યત્વને જ કર્તૃજન્યતાવચ્છેદક માનવું યોગ્ય છે.

ઉત્તરપક્ષ - જેમ ઉપાધિસાંકર્ય એ દોષરૂપ નથી એટલે કે આકાશત્વ-અભાવત્વ વગેરે રૂપ ઉપાધિઓમાં

च ने'ति व्युत्पन्नव्यवहारेण ग्रहणाद्, व्याप्यधर्मेण व्यापकधर्मान्यथासिद्धेस्तदवच्छिन्न एव कर्तृत्वेन हेतुत्वात्। पृथिवीत्वादिना सांकर्यान्नायं विशेष इति चेत्? न, उपाधिसांकर्यस्येव जातिसांकर्यस्याप्यदूषणत्वस्य त्वदीयैरेव व्यवस्थापितत्वात्, कार्यत्वस्य कालिकसंबंधेन घटत्वपटत्वादिमत्त्वरूपस्य नानात्वात्कृत्यव्यवहितोत्तरत्वस्य

કો'કમાં ક્યાંક સાંકર્ય હોય તો પણ એ ઉપાધિબાધક નથી એમ જાતિસાંકર્ય પણ જાતિબાધક દોષ રૂપ નથી એ વાતની તમારા જ નૈયાયિકોએ વ્યવસ્થા દેખાડી છે. પરસ્પર સમાનાધિકરણ જાતિઓ વચ્ચે વ્યાપ્ય-વ્યાપકભાવ હોવાનો નિયમ છે. જેમકે ઘટાત્મક એક અધિકરણમાં રહેલી ઘટત્વ-પૃથ્વીત્વ જાતિ વચ્ચે. પ્રસ્તુતમાં પૃથ્વીત્વ અને અ આ બન્ને ઘટમાં હોવાથી સમાનાધિકરણ છે ને છતાં એ બે વચ્ચે વ્યાપ્ય-વ્યાપકભાવ નથી. તેથી ઉક્ત નિયમનો ભંગ ન થાય એ માટે સાંકર્યને દોષ રૂપ માની અ નો જાતિ તરીકે નિષેધ કરવામાં આવે છે. પણ નવ્યનૈયાયિકો 'ઉક્ત નિયમમાં જ કોઇ પ્રમાણ નથી, અને તેથી સાંકર્ય હોવા છતાં એ જાતિ હોવામાં કોઇ વાંધો નથી' એમ કહે છે. માટે એ વિશેષ (અ) જાતિને બાધિત માનવી અને તેથી એને કર્તૃજન્યતાવચ્છેદક ન માનતા કાર્યત્વને કર્તૃજન્યતાવચ્છેદક માનવો એ યોગ્ય નથી.

[વળી, "ક્ષિત્યાદિમાં નહીં રહેલા અને ઘટાદિમાં રહેલા જે ધર્મવિશેષ અ ની અમે વાત કરીએ છીએ, એ અંગે, 'એનું પૃથ્વીત્વ સાથે સાંકર્ય હોવાથી એ જાતિરૂપ નથી, અને એ જાતિરૂપ ન હોવાથી એને કાર્યતાવચ્છેદક માનવામાં ગૌરવ થાય. તેથી એને કાર્યતાનો (જન્યતાનો) અવચ્છેદક માની શકાય નહીં." આ તમારી દલીલ છે. પણ તો પછી, તમે જેને કર્તૃજન્યતાનો (કાર્યતાનો) અવચ્છેદક સિદ્ધ કરવા મથો છો તે કાર્યત્વ પણ ક્યાં જાતિ છે? કે જેથી એને અવચ્છેદક માનવામાં ગૌરવ ન થાય? કાર્યત્વ પ્રાગભાવપ્રતિયોગિત્વ રૂપ છે જે જાતિ રૂપ ન હોવાથી ગૌરવ સ્પષ્ટ છે જ.

શંકા - કાર્યત્વસ્ય કાલિકસંવન્ધેન... અમે કાર્યત્વને પ્રાગભાવપ્રતિયોગિત્વ રૂપ ન લેતાં કાલિક સંબંધથી ઘટત્વવત્ત્વ (= ઘટત્વ) વગેરે સ્વરૂપ માનીશું. આશય એ છે કે કોઇપણ જન્યપદાર્થ જ્યાં સુધી વિદ્યમાન હોય ત્યાં સુધી એમાં એ વખતે વિદ્યમાન અન્ય સર્વ પદાર્થો કાલિક સંબંધથી (સમાનકાલીન હોવાના નાતે) રહેલા હોય છે. 'ઘટત્વ' જાતિ હોવાથી નિત્ય છે. તેથી જે કોઇ કાર્ય ઉત્પન્ન થાય ત્યારે એ તો વિદ્યમાન જ હોવાથી, એ કાર્યમાત્રમાં કાલિક સંબંધથી રહેલું હોય છે. વળી નિત્યપદાર્થોમાં તો કાલિક સંબંધથી કોઇ રહેતું નથી. એટલે ઘટત્વ પણ રહ્યું હોતું નથી. તેથી ઘટત્વ, કાલિક સંબંધથી કાર્યત્વને અન્યૂનાતિરિક્તવૃત્તિ થવાથી કાર્યતાનો અવચ્છેદક બની શકે છે. તેથી એને કાર્યતાવચ્છેદક માનવામાં તો લાઘવ છે ને? તો પછી શા માટે અ નામનો ધર્મવિશેષ માનવો?]

સમાધાન - આ રીતે કાલિક સંબંધથી ઘટત્વ જેમ કાર્યમાત્રમાં રહેલ છે એમ તો પટત્વ વગેરે અન્ય જાતિઓ પણ કાલિક સંબંધથી કાર્યમાત્રમાં રહેલ છે જ. ને તેથી એમાં કઇ જાતિ અવચ્છેદક બને અને કઇ નહીં? એમાં કોઇ વિનિગમક (= નિશ્ચાયક) ન રહેવાથી એ બધી નાના જાતિઓને પણ અવચ્છેદક માનવી પડવાથી પાછું ગૌરવ ઊભું જ રહેશે. એટલે ઘટત્વાદિ જાતિઓને તો અવચ્છેદક માની શકાતી નથી. તેથી કૃતિઅવ્યવહિતોત્તરત્વને જ કર્તૃજન્યતાવચ્છેદક તરીકે લેવું પડશે. અર્થાત્ – જેમ કારણ કાર્યને નિયત અવ્યવહિતપૂર્વવર્તી હોય છે – એમ કાર્ય કૃતિને અવ્યવહિતઉત્તરવર્તી હોય છે. કુંભાર કૃતિ કરે ને તરત જ ઉત્તરકાળમાં ઘટ કાર્ય ઉત્પન્ન થાય છે. વણકર કૃતિ કરે ને તરત જ ઉત્તરકાળમાં પટકાર્ય ઉત્પન્ન થાય છે. આમ ઘટ-પટ વગેરે કાર્ય કૃતિઅવ્યવહિતોત્તર હોય છે. તેથી ઘટાદિમાં રહેલું આ કૃતિઅવ્યવહિતોત્તરત્વ જ કર્તૃજન્યતાવચ્છેદક બની શકે છે. [ક્ષિતિ-અંકુરો વગેરેની ઉત્પત્તિ પૂર્વે કોઇની કૃતિ ક્યારેય જણાતી નથી. તેથી

परंपरासंवन्धेन कृतित्वस्यैव वा कर्तृजन्यतावच्छेदकत्वौचित्याच्च ।।१०।। द्रव्यजन्यतावच्छेदकतया सिद्धं जन्यसत्त्वमेव कर्तृकार्यत्वावच्छेदकं भविष्यतीत्यत आह–

क्षिति वगेरेमां कृतिअव्यवहितोत्तरत्व अप्रसिद्ध होवाथी तेमां कर्तृजन्यतावच्छेदक रह्यो होवो मानी शकातो न होवाना कारणे कर्तृजन्यता पण मानी शकाय नहीं.]

[कृतित्वने अवच्छेदक मानवामां लाघव]

[**शंका**- कुंभार-वणकर वगेरे बधानी कृति अलग-अलग अनंत होवाथी कृतिअव्यवहितोत्तरत्व पण अलग-अलग अनंत थवाथी पूर्ववत् गौरव ऊभुं ज छे!]

समाधान - परम्परासंवंधेन... तो पछी परंपरा संबंधथी कृतित्वने ज अवच्छेदक मानवुं उचित रहेशे. अर्थात् स्व = कृतित्व, तेनो आश्रय कृति. एने अव्यवाहितोत्तर घट-पट वगेरे कार्यो होय छे. एटले कृतित्व स्वाश्रय-अव्यवहितोत्तरत्व संबंधथी घट-पट वगेरे कार्योमां रह्युं होय छे जे जाति होवाथी एक ज छे. तेथी आ स्वाश्रयअव्यवहितोत्तरत्व रूप परंपरा संबंधथी कृतित्वने कर्तृजन्यतावच्छेदक मानवुं ए गौरवरूप न रहेवाथी योग्य छे. [क्षिति वगेरे तो कृतिने अव्यवहितोत्तर तरीके प्रसिद्ध न होवाथी एमां स्वाश्रयअव्यवहितोत्तरत्व संबंधथी कृतित्व रह्युं न होवाना कारणे ए बधाने कर्तृजन्य मानी शकाशे नहीं, अने तेथी एना कर्ता तरीके 'ईश्वर' नी सिद्धि पण थइ शकशे नहीं.]॥१०॥ [अहीं ए समजवा जेवुं छे के घटादि अने क्षित्यादि आ बन्नेमां कार्यत्व-जन्यत्व प्रसिद्ध छे. ज्यारे, जेमां कृति संकळायेली होय एवा कृतिपूर्वकत्व वगेरे धर्मो घट वगेरेमां प्रसिद्ध छे, क्षिति वगेरेमां नहीं. ईश्वरने सर्जनहार नहीं माननारा जैन वगेरे ग्रन्थकारो घटादि अने क्षित्यादिमां रहेली आ ज विलक्षणताने आगळ करीने घटादिने कर्तृजन्य ने क्षित्यादिने कर्तृअजन्य माने छे. तेथी जैन वगेरे ग्रन्थकारो कर्तृजन्यतावच्छेदक तरीके अभिप्रेत धर्ममां कृतिने सांकळी ले छे, जेथी क्षिति वगेरे कर्तृजन्य होवा सिद्ध न थाय. कार्यत्व तो क्षिति वगेरेमां पण रहेल ज छे. एटले कृतिजन्यतावच्छेदकमां जो कार्यत्व (जन्यत्व) संकळाइ शके, तो क्षिति वगेरे पण कर्तृजन्य होवा सिद्ध थइ जाय, ने तेथी एना कर्ता तरीके ईश्वर सिद्ध थइ शके. तेथी नैयायिक वगेरे कर्तृजन्यतावच्छेदकमां कार्यत्वने सांकळवानो प्रयास करे छे. आवो ज एक वधु प्रयास करता नैयायिकनी **शंका**–]

[द्रव्यजन्यता... नैयायिकना मते–द्रव्यादि सात पदार्थोमांथी सामान्य, विशेष अने समवाय नित्य होवाथी 'कार्य' नथी. ध्वंसात्मक अभाव कार्यरूप छे, पण भावकार्य नथी. एटले जे जन्य होय ने जेमां सत्त्व होय एवा कार्य तरीके द्रव्य-गुण के कर्म ज संभवे छे जे दरेकनुं समवायिकारण 'द्रव्य' बने छे. तेथी द्रव्यात्मक कारणनी जन्यताना अवच्छेदक तरीके जन्यसत्त्व सिद्ध थाय छे. अहीं जन्यसत्त्व एटले सामानाधिकरण्य संबंधथी जन्यत्व विशिष्ट सत्त्व... एटले के जेमां जन्यत्व पण रह्युं होय एवा घटादि अधिकरणमां रहेलुं सत्त्व. वळी विशिष्टं शुद्धान्नातिरिच्यते – विशिष्ट (= विशेषण युक्त विशेष्य) शुद्ध (= विशेषण शून्य विशेष्य) करतां भिन्न होतुं नथी – ए न्यायानुसारे जन्यत्व विशिष्ट सत्त्व, शुद्ध सत्त्व करतां अलग नथी. एटले के ए सत्त्व (= सत्ता) जाति रूप ज छे. ने तेथी जो एने अवच्छेदक तरीके लेवामां आवे तो लाघव पण थाय. तेथी] द्रव्यजन्यतावच्छेदक तरीके सिद्ध थतुं जन्यसत्त्व ज कर्तृकार्यतावच्छेदक तरीके लइ शकाशे. [अने जन्यसत्त्व तो क्षिति वगेरेमां पण रह्युं होवाथी ए पण कर्ताना कार्य बनवाथी एनो कोइक कर्ता जोइशे ज, जे ईश्वर छे. आम क्षित्यादिना कर्ता तरीके ईश्वर सिद्ध थइ जशे.] [जो के जन्यसत्त्व ध्वंसमां रहेल नथी. तेथी ध्वंस, तेवा कार्यतावच्छेदकविशिष्ट न होवाथी एना कारण तरीके कर्ता सिद्ध थशे नहीं. छतां, क्षित्यादिमां तो जन्यसत्त्व

कर्तृत्वेन च हेतुत्वे ज्ञातृत्वेनापि तद् भवेत्।
ज्ञानस्यैव च हेतुत्वे सिद्धे नः सिद्धसाधनम्।।११।।

कर्तृत्वेनेति। कर्तृत्वेन च हेतुत्वे ज्ञातृत्वेनापि तद्धेतुत्वं भवेत्, तथा चानेककार्यकारणभावकल्पनमित्थमप्रामाणिकमिति भावः। घटतदुपादानप्रत्यक्षयोः कार्यकारणभावः कल्प्यमानः सामान्यव्यभिचारानुपस्थितिलाघवाभ्यां सामान्यत एव सिध्यतीति द्व्यणुकाद्युपादानप्रत्यक्षाश्रयतया जगत्कर्तृत्वं सेत्स्यतीत्यत आह-ज्ञानस्यैव च हेतुत्वेऽभ्युपगम्यमाने सिद्धे नः = अस्माकं सिद्धसाधनं, प्रवाहतस्तेषामनादित्वात्। तदिदमुच्यते-

[1]जं जहा भगवया दिट्ठं तं तहा विपरिणमइत्ति। अपि चैवमुपादानप्रत्यक्षं निराश्रयमेव सिध्यतु, गुणस्य

रह्युं જ છે, ને તેથી એનો કર્તા કોઇક હોવો તો સિદ્ધ થઇ જ જશે - આવો નૈયાયિકનો અભિપ્રાય લાગે છે.]

આમ કર્તૃત્વેન કારણતા ને જન્યસત્ત્વેન કાર્યતા માનવાની નૈયાયિકની આવી શંકા અંગે ગ્રન્થકાર કહે છે-

કર્તૃત્વરૂપે કારણતા માનવાની હોય તો જ્ઞાતૃત્વરૂપે પણ તે માનવી પડે. એ રીતે જ્ઞાન જ કારણ તરીકે સિદ્ધ થયે અમારે જે સિદ્ધ છે એની જ સિદ્ધિ તમે કરી આપી.

આશય એ છે કે જન્યસત્ પદાર્થમાત્ર પ્રત્યે આ રીતે કર્તૃત્વેન કર્તાને કારણ માનશો તો જ્ઞાતૃત્વેન પણ માનવો પડશે. કારણકે ઉપાદાન કારણનો જ્ઞાતા ન હોય તે કાર્ય કરી શકતો નથી, ને જ્ઞાતા હોય તે કરી શકે છે. એટલે કે કર્તા કે જે સ્વયં જ્ઞાતા પણ છે તેની કર્તૃત્વેન અને જ્ઞાતૃત્વેન કારણતા માનવી પડવાથી અનેક કાર્ય-કારણ ભાવની કલ્પના કરવી પડશે. માટે જન્યસત્ પદાર્થમાત્ર વિશે આ રીતે કર્તૃત્વેન કર્તાને કારણ માનવો એ અયોગ્ય છે.

પૂર્વપક્ષ - ઘટ-તદુપાદાન... ઉપાદાન કારણ માટીનું જેને પ્રત્યક્ષ જ્ઞાન નથી એવો પુરુષ, ઘડો બનાવી શકતો નથી. માટે જણાય છે કે ઘડો અને તેના ઉપાદાન પ્રત્યક્ષનો કાર્યકારણભાવ છે. એમ પટ અને તેના ઉપાદાન તંતુના પ્રત્યક્ષનો કાર્યકારણભાવ છે. આ બધા કાર્યકારણભાવ સામાન્યથી માનવામાં આવે એટલે કે 'કાર્ય પ્રત્યે ઉપાદાન કારણનું પ્રત્યક્ષ એ કારણ છે' એ રીતે સામાન્યથી કલ્પવામાં આવે તો પણ એમાં સામાન્ય રીતે કોઇ વ્યભિચાર ઉપસ્થિત થતો નથી. વળી બધાનો સ્વતંત્ર જુદો જુદો કાર્યકારણ ભાવ માનવાનો ન રહેવાથી લાઘવ પણ છે. એટલે એ કાર્યકારણભાવ ઉક્ત રીતે સામાન્યથી જ સિદ્ધ થાય છે. હવે દ્વ્યણુક વગેરે પણ કાર્યરૂપ છે. એટલે એના પ્રત્યે પણ ઉપાદાન પ્રત્યક્ષ કારણભૂત છે. [ઘટ પ્રત્યે કપાલપ્રત્યક્ષ, પટ પ્રત્યે તંતુપ્રત્યક્ષ વગેરે રૂપે વિશેષ કાર્યકારણભાવો ન માનતા સામાન્ય કાર્યકારણ ભાવ આ માટે જ માન્યો કે જેથી દ્વ્યણુકાદિ પ્રત્યે પણ તેનું ઉપાદાનપ્રત્યક્ષ કારણ તરીકે સિદ્ધ થઇ જાય.] આ પરમાણુપ્રત્યક્ષ જે તે પુરુષને તો છે નહીં. એટલે એ પ્રત્યક્ષના આશ્રય રૂપે નિત્યજ્ઞાની ઈશ્વરાત્માની જગત્કર્તા તરીકે સિદ્ધિ થઇ જશે. [કારણ કે જેના કારણભૂત ઉપાદાન પ્રત્યક્ષ જેમાં રહ્યું હોય તે તેનો કર્તા હોય છે.]

ઉત્તરપક્ષ - આ રીતે (ઉપાદાન પ્રત્યક્ષરૂપ) જ્ઞાનને જ કાર્ય પ્રત્યે કારણ માનવાનું સિદ્ધ થયે અમારે જે સિદ્ધ છે એની જ સિદ્ધિ થાય છે. એટલે કે આ રીતે જ્ઞાનને કારણ માનવું એ અમારે ઇષ્ટાપત્તિ જ છે.

પૂર્વપક્ષ - આવાં કાર્યો તો સૃષ્ટિ કાળથી થયા કરે છે. એટલે તેના ઉપાદાન પ્રત્યક્ષજ્ઞાનનો જ્ઞાની કોને માનશો? કારણકે તમને માન્ય સર્વજ્ઞ તો દોષધ્વંસ થયા પછી સર્વજ્ઞ બન્યા છે. જ્યારે આ કાર્યો તો પૂર્વે પણ થતા હતા. એટલે એ કાર્યોના ઉપાદાનપ્રત્યક્ષના આશ્રયભૂત નિત્યજ્ઞાની નિત્યનિર્દોષઆત્મા જગત્કર્તા તરીકે

---

1 यद्यथा भगवता दृष्टं तत्तथा विपरिणमति।

साश्रयकत्वव्याप्तौ मानाभावात्, क्षणमात्रमिव सदापि कस्यचिद्गुणस्यानाश्रयस्यावस्थितेर्वक्तुं शक्यत्वात्।।११।।'ब्रह्मांडादिधृतिः प्रयत्नजन्या, धृतित्वात्, घटादिधृतिवत्' इत्यनुमानाद् ब्रह्मांडादिधारकप्रयत्नाश्रयतया जगत्कर्तृत्वसिद्धिः। तथा च श्रुतिः 'एतस्य चाक्षरस्य प्रशासने गार्गी द्यावापृथिवी विधृते तिष्ठतः' इत्यत आह-

---

સિદ્ધ થાય છે.

ઉત્તરપક્ષ - આ કાર્યો અનાદિકાળથી ચાલે છે એમ સર્વજ્ઞ ભગવંતો પણ પ્રવાહથી અનાદિ છે. એટલે કે કોઇ કાળ એવો હતો નહીં કે જેમાં સર્વજ્ઞ નહોતા. તેથી એક નિત્ય ઇશ્વરની આનાથી સિદ્ધિ થતી નથી. દ્વ્યણુકાદિ કાર્ય પ્રત્યે પણ જ્ઞાન કારણ તરીકે અમને માન્ય છે એ વાત આ શાસ્ત્રવચનથી સિદ્ધ જાણવી. 'ભગવાને જે પ્રમાણે જે જોયું હોય તે પ્રમાણે તે પરિણમે છે.' [તે તે વસ્તુ તે તે કાર્ય રૂપે પરિણમવા ભગવદ્જ્ઞાનને અનુસરે છે. માટે ભગવદ્જ્ઞાન એના પ્રત્યે કારણ તરીકે સિદ્ધ થયું.] વળી કારણ તરીકે ઉપાદાન પ્રત્યક્ષ સિદ્ધ થયું એટલા માત્રથી તેના આશ્રયરૂપે જગત્કર્તાની સિદ્ધિ થઇ જતી નથી, કેમકે એ ઉપાદાનપ્રત્યક્ષ નિરાશ્રય હોય છે એવું જ ભલે ને લાઘવથી સિદ્ધ થાય, શું વાંધો છે?

પૂર્વપક્ષ - જે કોઇ ગુણ હોય તે સાશ્રય જ હોય છે એવી વ્યાપ્તિ હોઇ સિદ્ધ થતા ઉપાદાનપ્રત્યક્ષને નિરાશ્રય શી રીતે મનાય?

ઉત્તરપક્ષ - એ વ્યાપ્તિમાં કોઇ પ્રમાણ નથી. ગુણના આશ્રયભૂત દ્રવ્યનો નાશ એ તે ગુણના નાશ પ્રત્યે કારણ છે. એટલે જે ક્ષણે દ્રવ્યનાશ થાય છે એની પછીની ક્ષણે ગુણનાશ થાય છે. માટે એક ક્ષણ તો ગુણો નિરાશ્રય રહે જ છે. તેથી ગુણો સાશ્રય જ હોય એવી વ્યાપ્તિ નથી.

પૂર્વપક્ષ - એ તો એક અંતિમ ક્ષણ માટે ગુણ નિરાશ્રય રહે છે, બાકી તો એ સાશ્રય જ હોય છે. માટે દરેક ગુણો માટે સાશ્રય હોવાની વ્યાપ્તિ તો છે જ.

ઉત્તરપક્ષ - જેમ એક ક્ષણ માટે ગુણ નિરાશ્રય રહી શકે છે તેમ કો'ક ગુણ હંમેશ માટે પણ નિરાશ્રય રહી શકે છે એવું કહેવું શક્ય હોઇ ઉપાદાનપ્રત્યક્ષના આશ્રયરૂપે જગત્કર્તાની સિદ્ધિ થઇ શકતી નથી. [પૂર્વપક્ષી એકક્ષણ માટે પણ ગુણને નિરાશ્રય માને છે એટલે એના પર ઊભી થઇ શકતી આ આપત્તિ બતાવી. તથા વેદાન્તી નિત્યવિજ્ઞાનને નિરાશ્રય માને છે. બાકી ગ્રન્થકારના સ્વમતે કોઇપણ ગુણ નિરાશ્રય હોય (એક ક્ષણ માટે પણ) એવું સંભવિત નથી એ જાણવું. તત્ત્વાર્થમાં કહ્યું છે કે 'દ્રવ્યાશ્રિતા નિર્ગુણા ગુણાઃ']॥११॥ "આ રીતે કર્તૃત્વેન-કાર્યત્વેન કાર્યકારણ ભાવદ્વારા કે ઉપાદાન પ્રત્યક્ષાશ્રયરૂપે જગત્કર્તા ભલે સિદ્ધ ન થાય. તો પણ 'બ્રહ્માંડાદિની ધૃતિ પ્રયત્નજન્ય છે, કેમકે ધૃતિરૂપ છે, જેમકે ઘટાદિની ધૃતિ'. (ધૃતિ એટલે અપતનરૂપે ધરાયેલા રહેવું તે.) આવા અનુમાનથી જે પ્રયત્ન સિદ્ધ થશે તે બ્રહ્માંડાદિના ધારક પ્રયત્નના આશ્રય રૂપે જગત્કર્તાની સિદ્ધિ થઇ શકે છે. શ્રુતિમાં પણ ગાર્ગી નામની મહિલાને ઉદ્દેશીને કહ્યું છે કે "આ અક્ષર = સ્વસ્વરૂપથી ક્યારે ય ભ્રષ્ટ ન થનારા પરમેશ્વરના પ્રશાસનમાં જ દેવલોક અને પૃથ્વી સ્વસ્થાનથી પડી ન જતાં સ્થિર રહે છે." (આમાં પ્રશાસનશબ્દનો અર્થ ધારણા કરનાર પ્રયત્ન છે.) આવી શંકાનું સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે-

[ધૃતિજનક ઈશ્વર નથી]

પતન પ્રતિબંધક સંયોગ રૂપ ધૃતિ અને સ્થિતિ ધર્મ-લોકસ્વભાવ વગેરેથી જન્ય હોઇ જગત્કર્તૃત્વની સિદ્ધિ માટે પ્રમાણરૂપ નથી. [આશય એ છે કે ઘડો વગેરે ભારે પદાર્થો હવામાં અદ્ધર રહી શકતા નથી. એને ધારી રાખવા માટે હાથ વગેરેથી પકડવા પડે છે. આ હાથનો થયેલો સંયોગ એ ધૃતિ છે જેમાં ધારી રાખનારનો

धृत्यादेरपि धर्मादिजन्यत्वान्नात्र मानता।
कृतित्वेनापि जन्यत्वाच्चेत्यन्यत्रैष विस्तरः।।१२।।

धृत्यादेरिति। धृत्यादेरपि, धृतिः पतनप्रतिवन्धकः संयोगः आदिना स्थितिग्रहः, धर्मादिजन्यत्वादादिना स्वभावादिग्रहः, नात्र जगत्कर्तृत्वे मानता = प्रमाणता। उक्तश्रुतावक्षरप्रशासनपदयोः संग्रहाभिमतैकात्मतद्धर्मपरतया नानुपपत्तिः। किञ्च प्रयत्नवदीश्वरसंयोगमात्रस्य धारकत्वेऽतिप्रसंगः, धारणानुकूलप्रयत्नवदी-

---

પ્રયત્ન કામ કરી રહ્યો છે. બ્રહ્માંડ પણ ભારે પદાર્થ છે અને તેમ છતાં એ ધારી રખાયેલ છે. એટલે એની ધૃતિના કારણભૂત પ્રયત્નના આશ્રય તરીકે જગત્કર્તાની સિદ્ધિ થાય છે. આવી પૂર્વપક્ષમાન્યતા સામે ગ્રન્થકારનું કહેવું એ છે કે એ ધૃતિ વગેરે પ્રયત્નજન્ય નથી પણ ધર્મ-સ્વભાવ જન્ય છે. એટલે કે શ્રી તીર્થંકર દેવો વગેરેના ધર્મથી અને તથાલોકસ્વભાવથી જ વિશ્વની ધૃતિ છે. તેથી એના કારણ તરીકે પ્રયત્ન અસિદ્ધ હોઇ જગત્કર્તા પણ સિદ્ધ થતો નથી.]

પૂર્વપક્ષ : આ રીતે ઈશ્વરના પ્રયત્નથી ધૃતિ નહિ માનો તો ઉક્ત શ્રુતિ અસંગત થઇ જશે ને!

ઉત્તરપક્ષ : ઉક્ત શ્રુતિમાં એકવચનાન્ત અક્ષરસ્ય પદથી જે એક જ છે એવા ઈશ્વરાત્માનો તમે અભિપ્રાય રાખો છો એ બરાબર નથી. એમાં તો સંગ્રહનયને માન્ય એકાત્મનો ઉલ્લેખ છે. એટલે કે સમાનજાતીય અનેક પદાર્થોનો સંગ્રહનય એક રૂપે સંગ્રહ કરે છે અને એક તરીકે ઉલ્લેખ કરે છે. માટે અહીં એકવચનાન્ત ઉલ્લેખથી એવું કાંઇ સિદ્ધ થઇ જતું નથી કે જે એક જ છે એવા ઈશ્વરાત્માનો અહીં ઉલ્લેખ છે. વળી 'પ્રશાસન' શબ્દનો અર્થ અહીં તદ્ધર્મ = તે આત્માઓનો ધર્મ છે. ટૂંકમાં, ઉક્ત શ્રુતિ "અક્ષરના = ઈશ્વરાત્માના પ્રશાસનથી = પ્રયત્નથી ધૃતિ છે" એમ નથી જણાવતી, કિન્તુ "અક્ષરના = જાતિરૂપે એક આત્માના પ્રશાસનથી = ધર્મથી = પુણ્યથી ધૃતિ છે" એમ જણાવે છે. એટલે ઉક્ત શ્રુતિ પણ આત્માઓના ધર્મથી જ ધૃતિ હોવાનું કહેતી હોવાથી અસંગતિ નથી.

વળી ઈશ્વરઆત્માએ પૃથ્વી-સ્વર્ગને ધારી રાખ્યા છે એવું તમે જે માનો છો તેમાં પ્રયત્નશીલ ઈશ્વરના સંયોગમાત્રને જો ધારક માનશો તો અતિપ્રસંગ થશે. [જે વસ્તુ પતન પામી રહી છે તેની સાથે પણ એવો ઈશ્વરસંયોગ વિદ્યમાન હોવાથી તે પણ ધરાઇ રહેવાનો અતિપ્રસંગ અહીં જાણવો.] માત્ર પ્રયત્નશીલ ઈશ્વરસંયોગ નહિ, કિન્તુ ધારણાનુકૂલ પ્રયત્નશીલ ઈશ્વરસંયોગને ધારક માનશો અથવા તો ધારણાવચ્છિન્નઈશ્વરપ્રયત્નને જ ધારક માનશો તો પણ એ = અતિ પ્રસંગનો દોષ આવશે. આ અતિપ્રસંગ દોષ તો જ આવે છે જો સ્વજનકવૃત્તિધારણાવચ્છિન્નવિશેષ્યતાને અથવા ધારણાવચ્છિન્નવિશેષ્યતાને જ ધારકતાવચ્છેદક સંબંધ રૂપે માનવામાં ન આવે. એ અતિપ્રસંગના વારણ માટે જો એને ધારકતાવચ્છેદક સંબંધરૂપે માનવામાં આવે તો ઈશ્વરના જ્ઞાન અને ઇચ્છા પણ ધારક બની જવાની આપત્તિ આવવાથી ગૌરવ થશે, માટે લાઘવથી ધર્મને ધારક માનવો એ જ ઉચિત છે.

આશય એ છે કે ધારણાનુકૂલપ્રયત્નવદીશ્વરસંયોગને ધારક માનવામાં આવે તો પણ, પતન પામતી ચીજ પણ ધરાઇ રહેવાનો અતિપ્રસંગ એટલા માટે આવે છે કે, સમરાંગણમાં શરપાત થતો હોય એ વખતે પણ ઈશ્વર, બ્રહ્માંડની ધૃતિને અનુકૂલ પ્રયત્નશીલ તો હોય જ છે. વળી આવા પ્રયત્નવાળા ઈશ્વરનો સંયોગ પણ તીર સાથે છે જ. એટલે એની પણ ધારણા જ થવી જોઇએ, પતન નહીં, આ અતિપ્રસંગનું વારણ કરવા માટે એવું માનવું આવશ્યક બને છે કે સ્વજનકવૃત્તિધારણાવચ્છિન્ન વિશેષ્યતા એ ધારકતાવચ્છેદક સંબંધ છે. ધારક

श्वरसंयोगस्य धारणावच्छिन्नेश्वरप्रयत्नस्यैव वा तत्त्वे स एव दोषो यदि न स्वजनकवृत्तिधारणावच्छिन्न-विशेष्यताया धारणावच्छिन्नविशेष्यताया एव वा धारकतावच्छेदकसंवन्धत्वमभ्युपगम्यते, तदभ्युपगमे च तज्ज्ञानेच्छयोरपि धारकत्वापत्तौ गौरवात्, लाघवाद्धर्मस्यैव धारकत्वौचित्यम्। तदिदमुच्यते –

निरालंवा निराधारा विश्वाधारा वसुन्धरा।

यच्चावतिष्ठते तत्र धर्मादन्यन्न कारणम्।। [योगशा. ४/१८] इति। तथा कृतित्वेनापि जन्यत्वाच्च न

જે સંબંધથી રહે તે સંબંધ ધારકતાવચ્છેદક સંબંધ કહેવાય છે. પ્રસ્તુતમાં, ધારણાનુકૂલપ્રયત્નવદીશ્વરસંયોગ એ સ્વ = ધારક છે. આ ઈશ્વરસંયોગ જેમ બ્રહ્માંડમાં રહેલો છે એમ પતન પામતી ચીજમાં પણ રહેલો છે. એટલે જ તે તે ઈશ્વરસંયોગના બ્રહ્માંડ-પતનશીલચીજ વગેરે જનકો છે, તેમજ એ બધામાં, નિરુક્ત સંયોગ રહ્યો હોવાથી એની વિશેષ્યતા પણ છે.

વળી, ધારણા = પ્રતિયોગિ વ્યધિકરણ એવો પતનાભાવ...બ્રહ્માંડમાં રહેલ છે પણ પતનશીલ વસ્તુમાં રહેલ નથી. તેથી બ્રહ્માંડમાં રહેલી નિરુક્તસંયોગની વિશેષ્યતા જ ધારણાવિશિષ્ટ = ધારણાવચ્છિન્ન છે, પતનશીલચીજમાં રહેલી વિશેષ્યતા નહીં.

તેથી નિરુક્તસંયોગ, સ્વજનકવૃત્તિધારણાવચ્છિન્નવિશેષ્યતા સંબંધથી બ્રહ્માંડમાં રહેલો છે, પણ સમરાંગણમાં પડતા તીર વગેરેમાં નહીં. તેથી તીર વગેરેની પણ ધૃતિ થઇ જવાનો અતિપ્રસંગ આવતો નથી.

'ધારણાનુકૂલપ્રયત્નવદીશ્વરસંયોગ' ની અપેક્ષાએ લઘુભૂત 'ધારણાવચ્છિન્નેશ્વરપ્રયત્ન' ને ધારક માનવો હોય તો પણ ઉક્ત અતિપ્રસંગનું વારણ કરવા ધારણાવચ્છિન્નવિશેષ્યતાને ધારકતાવચ્છેદક સંબંધ માનવો આવશ્યક બને છે.

ઉપરોક્ત મુજબ બ્રહ્માંડમાં જ ધારણા અને પ્રયત્નની વિશેષ્યતા એ બન્ને હોવાથી ધારણાવચ્છિન્નવિશેષ્યતા સંબંધથી ઉક્ત પ્રયત્ન રહ્યો છે, પતનશીલ ચીજમાં નહીં, માટે પતનશીલ ચીજની ધારણા થઇ જવાનો અતિપ્રસંગ આવતો નથી.

આ રીતે વિશેષ પ્રકારનો ધારકતાવચ્છેદક સંબંધ માનવાથી નિરુક્ત સંયોગને કે પ્રયત્નને ધારક માનવાના બન્ને વિકલ્પમાં અતિપ્રસંગનું વારણ થઇ જાય છે. પણ, જેમ ઈશ્વરનો પ્રયત્ન ધૃતિમાં ભાગ ભજવે છે તેમ જ્ઞાન ઇચ્છા પણ ભાગ તો ભજવે જ છે. વળી ધારકતાવચ્છેદક સંબંધ આવો વિશિષ્ટ માનવાનો હોય તો, ઈશ્વરીય જ્ઞાનને જ કે ઈશ્વરીયઇચ્છાને જ ધારક માનવામાં પણ કોઇ અતિપ્રસંગ આવતો નથી, કારણકે નિરુક્ત સંબંધથી તે જ્ઞાન કે ઇચ્છા પણ માત્ર બ્રહ્માંડમાં જ રહેવાથી એની જ ધૃતિ થશે, તીર વગેરેની નહીં. તેથી કોઇ વિનિગમક ન રહેવાથી ઈશ્વરીય જ્ઞાન તથા ઇચ્છાને પણ ધારક માનવા પડવાનું ગૌરવ ઊભું થાય છે. તેથી લાઘવથી, ધર્મને ધારક માનવો એ જ યોગ્ય છે. તેથી તો આ કહેવાય છે કે - "વિશ્વના આધારભૂત આ વસુંધરા આલંબન અને આધાર વગરની હોવા છતાં જે અવસ્થિત રહે છે તેમાં ધર્મ સિવાય અન્ય કોઇ કારણ નથી." માટે બ્રહ્માંડાદિધારણપ્રયત્નના આશ્રયરૂપે જગત્કર્તૃત્વની સિદ્ધિ થઇ શકતી નથી.

પૂર્વપક્ષ - ધૃતિ એ ઘટાદિના પતનની પ્રતિબંધક છે એ જોવા મળે છે. વળી ધૃતિત્વાવચ્છિન્ન કોઇપણ ધૃતિ પ્રત્યે કૃતિત્વેન કૃતિ કારણ છે એ પણ નિર્ણીત છે. એટલે જગતના પતનની પ્રતિબંધક જે ધૃતિ તેની જનક એક નિત્ય કૃતિ સિદ્ધ થઇ જશે. (જગતનું પતન ક્યારેય થતું નથી, એ જણાવે છે કે પતન પ્રતિબંધકધૃતિ હંમેશા હાજર છે. માટે એની જનક કૃતિ પણ હંમેશા = નિત્ય હોવી જોઇએ.) અને એના આશ્રય રૂપે જગત્કર્તૃત્વની સિદ્ધિ થઇ જશે.

जगत्कर्तृत्वसिद्धिः। कृतित्वाद्यवच्छिन्ने इच्छादेर्हेतुत्वान्नित्यकृत्यादौ मानाभावात्, जन्यत्वस्य कार्यत्वावच्छेदककोटौ प्रवेशे गौरवात्, फलमुखस्यापि तस्य क्वचिद्दोषत्वात्। 'नित्यविज्ञानमानन्दं ब्रह्म' इति श्रुतेर्नित्यज्ञानसिद्धावपि नित्येच्छाकृत्योरसिद्धेः, अत एव नित्यसुखस्यापीश्वरे सिद्धिप्रसंगाच्च। तस्मादुक्तश्रुतिरपि नित्यज्ञानसुखाश्रयतया ध्वस्तदोषत्वेनैव महत्त्वमीश्वरस्य वोधयतीति स्थितम्। इत्येष विस्तरोऽन्यत्र **स्याद्वादकल्पलतादौ**, दिग्मात्रप्रदर्शनं पुनरेतदिति वोध्यम्।।१२।।

उत्तरपक्ष - આ રીતે પણ જગત્કર્તૃત્વની સિદ્ધિ થઇ શકતી નથી. કારણકે કૃતિત્વાવચ્છિન્ન કોઇપણ કૃતિ પ્રત્યે ઇચ્છા વગેરે હેતુભૂત હોઇ કૃતિમાત્ર કાર્યરૂપ હોય છે. તેથી નિત્યકૃતિ માનવામાં કોઇ પ્રમાણ નથી.

પૂર્વપક્ષ - ઇચ્છા વગેરે કૃતિત્વાવચ્છિન્ન કૃતિમાત્ર પ્રત્યે હેતુ નથી, કિન્તુ જન્યકૃતિત્વાવચ્છિન્ન જન્યકૃતિમાત્ર પ્રત્યે હેતુ છે. એટલે એનાથી ભિન્ન એવી નિત્યકૃતિ સંભવિત છે.

ઉત્તરપક્ષ - આ રીતે કાર્યતાવચ્છેદકકોટિમાં (આમાં જન્યત્વવિશિષ્ટકૃતિત્વ એ કાર્યતાવચ્છેદક છે) જન્યત્વનો પ્રવેશ કરવો એમાં ગૌરવ છે જે દોષરૂપ હોઇ એવો કાર્યકારણભાવ માની શકતો નથી. એટલે લાઘવથી કૃતિત્વને કાર્યતાવચ્છેદક માનવો યોગ્ય હોઇ કૃતિ માત્ર પ્રત્યે ઇચ્છા વગેરે હેતુ છે જ.

[**પૂર્વપક્ષ :** આ ગૌરવ ફળમુખગૌરવ હોવાથી દોષરૂપ નથી. આશય એ છે કે જેમ ઈશ્વરનું જ્ઞાન શ્રુતિથી નિત્ય હોવું સિદ્ધ થયેલું છે તેમ તેની ઇચ્છા અને કૃતિને પણ નિત્ય માનવા પડે છે. આમ નિત્યકૃતિ સિદ્ધ હોઇ કૃતિત્વાવચ્છિન્ન કૃતિને કાર્યરૂપ માની શકાતી નથી. તેથી જન્યત્વવિશિષ્ટકૃતિત્વાવચ્છિન્ન જન્યકૃતિને કાર્ય રૂપે માનવી પડે છે. આ રીતે કાર્યકારણ ભાવ નિશ્ચિત થયે જે ગૌરવ ઉપસ્થિત થાય છે કે આમાં જન્યત્વનો પણ સમાવેશ કરવો એ ગૌરવરૂપ છે... ઇત્યાદિ તે ફળમુખગૌરવ રૂપ હોઇ દોષરૂપ નથી.]

ઉત્તરપક્ષ : ફળમુખગૌરવ પણ કો'ક બાબતમાં દોષરૂપ હોય છે. એટલે 'ફલમુખગૌરવ' છે એટલું જ કહીને છૂટી શકાતું નથી.

[**પૂર્વપક્ષ :** ફળમુખગૌરવ તો ક્યાંક દોષરૂપ હોય છે ને! સર્વત્ર તો નહીં! તો અમે કહીએ છીએ કે એ અહીં તો નિર્દોષ જ છે.]

ઉત્તરપક્ષ : નિત્યકૃતિને સિદ્ધ માનીને તમે જન્યકૃતિ-ઇચ્છા વગેરેનો કાર્ય-કારણભાવ નક્કી કરો છો, અને પછી જન્યત્વપ્રવેશના ગૌરવને ફળમુખગૌરવ કહી નિર્દોષ ઠેરવો છો. પણ મૂળમાં નિત્યકૃતિ જ સિદ્ધ નથી. કારણકે "नित्य विज्ञानमानन्दं ब्रह्म" આ શ્રુતિથી નિત્યજ્ઞાન સિદ્ધ થતું હોવા છતાં નિત્ય ઇચ્છા અને નિત્યકૃતિ તો સિદ્ધ થતાં નથી જ.

[પૂર્વપક્ષ : તેમ છતાં એનાથી જે નિત્યજ્ઞાન સિદ્ધ થાય છે એના પરથી જ કલ્પી શકાય છે કે જ્ઞાનની જેમ ઈશ્વરના ઇચ્છા અને કૃતિ ગુણ પણ નિત્ય હશે. અથવા તો, ઈશ્વરમાં નિત્યજ્ઞાન આનાથી સિદ્ધ થાય છે એટલે જ નિત્યનિર્દોષતા સિદ્ધ થઇ જવાથી નિત્યનિર્દોષતા રૂપે જ મહત્ત્વ માનવું જોઇએ, ધ્વસ્તદોષત્વરૂપે નહીં.]

ઉત્તરપક્ષ - 'नित्यविज्ञान...' ઇત્યાદિ શ્રુતિનો યથાશ્રુત અર્થ કરી ઇશ્વરમાં નિત્યજ્ઞાન સિદ્ધ માનશો તો એ રીતે જ આ જ શ્રુતિથી ઈશ્વરમાં નિત્ય સુખને પણ સિદ્ધ માનવું પડશે. પણ એ તમને માન્ય નથી. અને તેથી યથાશ્રુત અર્થ ન કરતાં વિશેષ અર્થ કરવો પડે છે. તેથી આ શ્રુતિ પણ નિત્યજ્ઞાન અને સુખના આશ્રય હોવાના કારણે ઈશ્વરનું ધ્વસ્તદોષત્વેન જ મહત્ત્વ જણાવે છે એ વાત નિશ્ચિત થઇ. [એકવાર દોષધ્વંસથી પ્રાપ્ત થયા બાદ એ બન્ને ક્યારેય ચાલ્યા જવાના ન હોવાથી એ બન્નેનો નિત્ય તરીકે ઉલ્લેખ થયો છે.] આ બાબતનો વધુ વિસ્તાર **સ્યાદ્વાદકલ્પલતા** વગેરેમાં અન્યત્ર કર્યો છે. અહીં તો માત્ર દિશાસૂચન કરવાનું પ્રયોજન છે એ ધ્યાનમાં

अन्ये त्वाहुर्महत्त्वं हि संख्यावद्दानतोऽस्य न।
शास्त्रे नो गीयते ह्येतदसंख्यं त्रिजगद्गुरोः।।१३।।

अन्ये त्विति। अन्ये तु = बौद्धास्त्वाहुः 'अस्य जिनस्य हि संख्यावद्दानतो न महत्त्वम्। श्रूयते हि जिनदानस्य संख्यावत्त्वं,

'[1]तिन्नेव य कोडिसया अट्ठासीअं च हुंति कोडिओ।

असियं च सयसहस्सा एयं संवच्छरे दिन्नं ।। [आ. नि. २२०] इत्यादिना। नः = अस्माकं शास्त्रे चैतद्दानमसंख्यं त्रिजगद्गुरोः = बोधिसत्त्वस्य गीयते। तदुक्तं -

एते हाटकराशयः प्रविततास्त शैलप्रतिस्पर्द्धिनो,
रत्नानां निचयाः स्फुरन्ति किरणैराक्रम्य भानोः प्रभाः।
हाराः पीवरमौक्तिकौघरचितास्तारावली भासुरा,
यानादाय निजानिव स्वगृहतः स्वैरं जनो गच्छति।।१।। इत्यादि ।।१३।।

असंख्यदानदातृत्वेन हि बोधिसत्त्वस्य बहुविभूतिमत्त्वकार्पण्याभावादिना परेण महत्त्वं व्यवस्थाप्यते, संख्यावद्दानदातृत्वेन च जिनस्य तद्विपर्ययान्न महत्त्वमिति, तच्चायुक्तं, संख्यावत्त्वस्यान्यप्रयुक्तत्वादित्याशयेन समाधत्ते-

---

राખવું.॥१२॥ [નૈયાયિકોનું નિરાકરણ કરી હવે બૌદ્ધોનું આ બાબતમાં નિરાકરણ કરવા ગ્રન્થકાર કહે છે]

[પરિમિતદાનદાતા વીતરાગ મહાન્ નથી-બૌદ્ધમત]

અન્ય એટલે બૌદ્ધો કહે છે કે સંખ્યાવાળું દાન આપ્યું હોવાથી જણાય છે કે જિન મહાન્ નથી. જિનનું દાન સંખ્યાતું હતું એ 'એક સંવત્સરમાં ત્રણસો અઠ્યાશી કરોડ એંશી લાખ જેટલું દાન આપ્યું.' એવા આવશ્યક નિર્યુક્તિ (૨૨૦) ના વચનથી જણાય છે. જ્યારે અમારા શાસ્ત્રોમાં તો ત્રિજગદ્ગુરુ બોધિસત્ત્વનું આ દાન અસંખ્ય હોવું કહેવાયું છે. કહ્યું છે કે "પર્વતની પ્રતિસ્પર્દ્ધા કરતાં આ બજારુ માલના વિસ્તૃત ઢગલાઓ છે. આ રત્નોના ઢગલાઓ કિરણો વડે સૂર્યની પ્રભાને આક્રાન્ત કરી ચમકી રહ્યા છે. તારાઓની પંક્તિની જેમ ચળકતા આ શ્રેષ્ઠ મોતીઓના સમૂહોથી રચાયેલા હારો છે જે બધાને સ્વગૃહમાંથી પોતાના હોય એ પ્રમાણે સ્વેચ્છા મુજબ લોક લઇ જાય છે."॥૧૩॥

આ પ્રમાણે અસંખ્યદાનના પ્રતિપાદન દ્વારા બૌદ્ધો એવું વ્યવસ્થાપિત કરવા માગે છે કે અસંખ્યદાન દાતૃત્વ હોવાથી જણાય છે કે બોધિસત્ત્વમાં બહુ વિભૂતિ અને કૃપણતાનો અભાવ વગેરે રૂપે મહત્ત્વ હતું. જ્યારે જિને તો પરિમિત સંખ્યાવાળું દાન આપ્યું હોવાથી આનાથી વિપર્યય છે. એટલે કે જિનમાં અલ્પવિભૂતિમત્તા અને કૃપણતા હોવી સિદ્ધ થવાથી બહુવિભૂતિ વગેરે રૂપે મહત્ત્વ હતું નહિ. બૌદ્ધોએ મહત્ત્વ-મહત્ત્વાભાવની કરેલી આવી વ્યવસ્થા અયોગ્ય છે, કારણકે શ્રી જિનેશ્વર દેવે જે પરિમિતસંખ્યાક દાન આપ્યું છે તે વિભૂતિની અલ્પતા કે કૃપણતાના કારણે નહીં, કિન્તુ એનાથી ભિન્ન યાચકાભાવના કારણે, આવા આશયથી ગ્રન્થકાર કહે છે -

[પરિમિતદાનનું કારણ]

ભગવાનનું દાન પરિમિતસંખ્યાક હતું એ બાબતમાં અમે કારણ કહીએ છીએ- તે પરિમિતસંખ્યાક હતું

---

[1] त्रीण्येव च कोटिशतान्यष्टाशीतिश्च भवन्ति कोट्यः। अशीतिश्च शतसहस्राण्येतत्संवत्सरे दत्तम् ।।२२०।। आ. नि.।।

अत्रोच्यते न संख्यावद्दानमर्थाद्यभावतः।
सूत्रे वरवरिकायाः श्रुतेः किं त्वर्थ्यभावतः।।१४।।

अत्रोच्यते इति। अत्र = भगवद्दानस्य संख्यावत्त्वे। उच्यते- न संख्यावद्दानमर्थाद्यभावतः, आदिनोदारत्वग्रहः। अत्रैव किं मानमित्यत आह - सूत्रे = **आवश्यकनिर्युक्त्यादिरूपे** वरवरिकायाः = वृणुत वरं वृणुत वरमित्युद्घोषणारूपायाः श्रुतेः, तस्याश्चार्थाद्यभावविरोधात्, किं त्वर्थ्यभावतः = अन्यादृशयाचकाभावात्। तदिदमुक्तं-

महादानं हि संख्यावदर्थ्यभावाज्जगद्गुरोः।
सिद्धं वरवरिकातस्तस्याः सूत्रे विधानतः।। [अष्टक २६/५] इति ।।१४।।

स च स्वाम्यनुभावेन सन्तोषसुखयोगतः।
धर्मेऽप्युग्रोद्यमात्तत्त्वदृष्ट्येत्येतदनाविलम्।।१५।।

स चेति। स च = अर्थ्यभावश्च स्वाम्यनुभावेन = भगवतः सिद्धयोगफलभाजः प्रभावेण सोपक्रमनिरुपक्रमधनादानवाञ्छाजनककर्मणा(णां) संतोषसुखस्यानिच्छा-मितेच्छालक्षणस्य योगतः = संभ-

---

એ પાસે વધુ ધન ન હતું એવા કારણે નહીં કે એવી ઉદારતા નહોતી એવા કારણે નહીં. આ વાતમાં શું પ્રમાણ છે? આ - **આવશ્યક નિર્યુક્તિ** વગેરે સૂત્રમાં વરદાન માગો - વરદાન માગો એવી ઘોષણા રૂપ વરવરિકા જે સંભળાય છે એ પ્રમાણ છે. આશય એ છે કે આ. નિ. માં (૨૧૯) કહ્યું છે કે "वरवरिआ घोसिज्जइ किमिच्छिअं दिज्जए बहुविहीअं। सुरअसुरदेवदाणवनरिंदमहिआण निक्खमणे।।" અર્થઃ શૃંગાટક, ત્રિક, ચતુષ્ક વગેરેમાં વરવરિકા ઘોષિત કરાય છે એટલે વરદાન માગો - વરદાન માગો એ પ્રમાણે ઘોષણા કરાય છે. કોણ શું ઇચ્છે છે? જે, જે ઇચ્છતો હોય તેને તેનું દાન કરવું એ શાસ્ત્રીય મર્યાદામાં 'કિમિચ્છક' કહેવાય છે. ચારેય નિકાયના દેવો-ઇન્દ્રો-રાજા વગેરેથી પૂજાયેલા શ્રીજિનેશ્વરોના દીક્ષા કાળે અનેક પ્રકારનું કિમિચ્છક વરવરિકાની ઘોષણા પૂર્વક દેવાય છે." જો ધનનો કે ઉદારતાનો અભાવ હોય તો આવી વરવરિકા સંભવી શકતી નથી. માટે જણાય છે કે પરિમિત દાનમાં આ બેનો અભાવ કારણ ન હોતો. કિન્તુ બીજા એવા યાચકોનો અભાવ એમાં કારણ હતો. જે અપરિમિત દાન લઇ જાય એવા કે એટલા યાચકો જ નહોતા તો એટલું દાન પણ શી રીતે સંભવે? અષ્ટક પ્રકરણ (૨૬/૫) માં આ વાત કરી છે. તે આ રીતે "જગદ્ગુરુ શ્રીજિનેશ્વરદેવનું મહાદાન અર્થીના અભાવના કારણે સંખ્યા-વાળું હતું. આ વાત વરવરિકાથી સિદ્ધ છે. તે પણ એટલા માટે કે, સૂત્રમાં વરવરિકાનું વિધાન કરવામાં આવ્યું છે. ["મોટા ભાગે દારિદ્રયથી ઉપહત એવી આટલી વિરાટ દુનિયામાં યાચકોનો અભાવ શી રીતે વર્તે? એવા પ્રશ્નને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે-]

[યાચકાભાવનું કારણ]

ધનગ્રહણ કરવાની ઇચ્છાનું જનક સોપક્રમ કે નિરુપક્રમ કર્મ ધરાવનારા યાચકો સિદ્ધયોગના ફળને પામેલા પ્રભુના પ્રભાવે ઇચ્છા શૂન્યતા રૂપ કે પરિમિત ઇચ્છા રૂપ સંતોષ સુખને પામે એ વાત સંભવતી હોવાથી અર્થીઓનો અભાવ થાય છે. આશય એ છે કે સિદ્ધયોગના પ્રભાવે હિંસક ભાવ વગેરેની જેમ ધનેચ્છા વગેરે પણ શાંત થઇ શકે છે. [આમાં સોપક્રમકર્મવાળાને ઇચ્છાશૂન્યતા રૂપ સંતોષ અને અન્યને પરિમિતઇચ્છા રૂપ સંતોષ થાય એવું લાગે છે.] વળી પ્રભુ પ્રભાવે જ જીવો કુશલ અનુષ્ઠાન(પરિગ્રહ પરિમાણ) રૂપ ધર્મમાં અત્યંત

वात् तथा स्वाम्यनुभावेनैव प्राणिनां धर्मेऽपि कुशलानुष्ठानरूपे उद्योद्यमात् = अतिशयितप्रयत्नात् तत्त्वदृष्ट्या = संसारासारतापरिज्ञानेनेत्येतत् = संख्यावद्दानमनाविलं = निर्दोषम्। तदिदमुक्तं -

महानुभावताप्येषा तद्भावेन यदर्थिनः। विशिष्टसुखयुक्तत्वात् सन्ति प्रायेण देहिनः।।

धर्मोद्यताश्च तद्योगात्ते तदा तत्त्वदर्शिनः।

महन्महत्त्वमस्यैवमयमेव जगद्गुरुः।। [अष्टक २६/७-८] इति। **यत्तु** संतोषजनकत्वे मितमपि दानं न स्यादिति केनचिदुच्यते **तत्तूक्त**संतोषव्यवस्थाऽपरिज्ञानविजृम्भितम्। तदिद**माहाष्टकवृत्तिकृत्** 'ननु यदि तीर्थंकरानुभावादशेषदेहिनां संतोषभावादर्थ्यभावः स्यात्तदा संख्याकरणमप्ययुक्तं, अल्पस्यापि दानस्यासंभवात्, इत्यत्रोच्यते- देवताशेषाया इव *संवत्सरमात्रेण प्रभूतप्राणिग्राह्यत्वाद्युक्तमेव संख्यावत्त्वमिति।।१५।।

दानादेवाकृतार्थत्वान्महत्त्वं नेति मन्दधीः।
तस्योत्तरमिदं पुण्यमित्थमेव विपच्यते।।१६।।

दानादिति। 'दानादेव हेतोरकृतार्थत्वात् = फलविशेषप्रत्याशावश्यकत्वेनासिद्धप्रयोजनत्वात् महत्त्वं

उद्यमशील बने छे तथा संसारनी असारतानुं परिज्ञान पामे छे. (अथवा प्रभुप्रभावे ज संसारनी असारता समजवाथी परिग्रह परिमाणादि धर्ममां उद्यत बने छे.) [तेथी पण तेओनी याचकवृत्ति ओछी थइ जवाथी याचकोनो अभाव संपन्न थाय छे.] आम संख्यावद् दान याचकोना अभाव प्रयुक्त होइ निर्दोष छे. अष्टक प्रकरणमां आ वात आ प्रमाणे कही छे - 'वळी प्रभुनी आ पण एक महानुभावता छे के तेमनी हाजरीमां जीवो प्रायः करीने संतोषना विशिष्ट सुखथी युक्त होइ अर्थी रहेता नथी. वळी तेमना संपर्कथी ते जीवो त्यारे धर्मनिरत बने छे तथा तत्त्वदर्शी बने छे. एटले आ जिनमां ज मोटुं महत्त्व छे अने ए ज जगद्गुरु छे.' 'प्रभुप्रभावे जीवो जो संतोषी बनी जता होय तो तो परिमित दान पण संभवशे नहि' आवुं जे कोइए कह्युं छे ते तो अमे उपर जे संतोषनी व्यवस्था कही छे तेना अज्ञानना कारणे ज कह्युं छे. ए व्यवस्थामां अमे कह्युं ज छे के निरुपक्रम कर्मवाळा जीवोने परिमित इच्छा रूप संतोष थाय छे. एटले परिमित इच्छानुसार तेओनी परिमित याचना ऊभी रहेवाथी परिमित दान संभवित रहे छे. अष्टकजीना वृत्तिकारे पण (२६/६ वृत्तिमां) कह्युं छे के "**शंका** - जो श्रीतीर्थंकरना प्रभावे सघळा जीवोने संतोष थवाथी याचकाभाव संपन्न थाय छे तो दाननी संख्या देखाडवी पण अयोग्य छे, कारण के अल्प पण दान संभवतुं नथी. **समाधान** - देवताशेषनी जेम एक वर्षमात्रमां पण (मितेच्छावाळा पण) पुष्कळ प्राणीओ प्रभुदत्त दान लइ शके छे. तेथी दाननो सर्वथा अभाव के साव अल्पदान मानवुं योग्य नथी. किन्तु उक्त संख्यावाळुं दान मानवुं ज योग्य छे."॥१५॥ [परिमितदानना कारणे जिनमां महत्त्वाभाव माननारा बौद्धनुं निराकरण करी हवे दानना कारणे ज अकृतार्थत्वनी आशंका करी महत्त्वाभावनी स्थापना करनार पूर्वपक्षीनुं निराकरण करवा ग्रन्थकार कहे छे]

[सांवत्सरिकदान पण एक कल्प]

"श्री जिन दान आपे छे एनो अर्थ ज ए के एमणे हजु कोइ ने कोइ फळनी आशा रही छे. एटले तेओना सघळां प्रयोजनो हजु सिद्ध न थया होवाथी अकृतार्थता होय छे. तेथी ज श्रीअरिहंत महान् नथी ए जणाय छे" आवुं कोइ मंदबुद्धि पूर्वपक्षी कहे छे तेने आ उत्तर आपवो के "तीर्थंकरपणांना कारणभूत पुण्य कर्म आ रीते दानादि द्वारा ज स्वफळ देखाडे छे. एटले के दरेक तीर्थंकर देवोनी दानादि प्रवृत्ति थाय

---

* संवत्सरमात्रेणाऽप्रभूतप्राणिग्राह्यत्वादिति अष्टकप्रकरणमुद्रितप्रतौ।

नार्हतः' इति मंदधीः कश्चिदाह । तस्येदमुत्तरं यदुत पुण्यं = तीर्थकरत्वनिवन्धनमित्थमेव = दानादिप्रक्रमेणैव विपच्यते = स्वविपाकं प्रदर्शयति । तथा च स्वकल्पादेव भगवतो दानं न तु फलप्रत्याशयेति नाकृतार्थत्वमिति ध्वन्यते । तदिदमाह - [अष्टक २७/२]

उच्यते कल्प एवास्य तीर्थकृन्नामकर्मणः ।

उदयात् सर्वसत्त्वानां हित एव प्रवर्तते ।। इति । चत्वारो हि भङ्गाः पुण्यपापयोः संभवन्ति - पुण्यानुवन्धि पुण्यमित्येकः, पापानुवन्धि पुण्यमिति द्वितीयः, पापानुवन्धि पापमिति तृतीयः, पुण्यानुवन्धि पापमिति चतुर्थः । तत्राद्यं - मनुष्यादेः पूर्वभवप्रचितं मानुपत्वादिशुभभावानुभवहेत्वनन्तरं देवादिगतिपरंपराकारणमनन्तरं नारकादिभवपरंपराकारणं चैततद्द्वितीयम् । यच्च तिर्यगादेः प्राग्जन्मोपात्तं तिर्यक्त्वाद्यशुभभावानुभवननिमित्तमनन्तरं च नरकादिहेतु तत्तृतीयम् । तदनन्तरं देवादिगतिपरंपरानिमित्तं चैतच्चतुर्थमिति । यदाह - [अष्टक २४/१-२-३-४]

गेहाद्गेहान्तरं कश्चिच्छोभनादधिकं नरः । याति यद्वत्सुधर्मेण तद्वदेव भवाद्भवम् ।।
गेहाद्गेहान्तरं कश्चिच्छोभनादितरन्नरः । याति यद्वदसद्धर्मात्तद्वदेव भवाद्भवम् ।।
गेहाद्गेहान्तरं कश्चिदशुभादधिकं नरः । याति यद्वन्महापापात्तद्वदेव भवाद्भवम् ।।
गेहाद्गेहान्तरं कश्चिदशुभादितरन्नरः । याति यद्वत्सुधर्मेण तद्वदेव भवाद्भवम् ।।

જ છે. તેથી એવા સ્વકલ્પથી જ ભગવાન્ દાન દે છે, નહીં કે કોઇ ફળપ્રાપ્તિની આશાથી. માટે તેઓ અકૃતાર્થ છે એવું તેનાથી ધ્વનિત થતું નથી. અષ્ટક પ્રકરણ (૨૭/૨) માં કહ્યું છે કે "(૨૭/૧ ગાથામાં કરેલ પૂર્વપક્ષનો) જવાબ અપાય છે - જગદ્ગુરુનો તીર્થંકર નામકર્મના ઉદયથી થયેલો એવો કલ્પ જ છે કે તેઓ દાનાદિ દ્વારા સર્વજીવોના હિતમાં પ્રવર્તે છે." આ તીર્થંકરનામકર્મ પુણ્યાનુબંધી પુણ્ય છે. પુણ્ય-પાપના આવા ચાર ભાંગા સંભવે છે. - (૧) પુણ્યાનુબંધી પુણ્ય, (૨) પાપાનુબંધી પુણ્ય, (૩) પાપાનુબંધી પાપ અને (૪) પુણ્યાનુબંધી પાપ. આમાંનું પ્રથમ મનુષ્ય વગેરેને હોય છે. તે પૂર્વભવમાં બાંધેલ વર્તમાન મનુષ્યત્વ વગેરે શુભભાવોના કારણભૂત તેવા કર્મ રૂપ છે જે પછી દેવાદિ ગતિની પરંપરાના કારણભૂત હોય. એ કર્મ પછી જો નરકાદિગતિની પરંપરાના કારણભૂત બનતું હોય તો બીજા પ્રકારનું જાણવું. ત્રીજું કર્મ તિર્યંચાદિને હોય છે. તે પૂર્વભવમાં બાંધેલા અને વર્તમાન તિર્યંચપણું વગેરે અશુભભાવોના કારણભૂત તેવા કર્મરૂપ છે જે પછી નરાકાદિના કારણભૂત બનતું હોય. એ કર્મ પછી જો દેવાદિગતિની પરંપરાના કારણભૂત બનતું હોય તો ચોથા પ્રકારનું જાણવું. અષ્ટક પ્રકરણ (૨૪/૧-૨-૩-૪) માં કહ્યું છે કે "કો'ક પુરુષ સારા ઘરમાંથી વધુ સારા ઘરમાં જેમ જાય તેમ પુણ્યાનુબંધી પુણ્ય રૂપ સુધર્મના પ્રભાવે સારી ગતિમાંથી વધુ સારી ગતિમાં જાય છે. કો'ક પુરુષ સારા ઘરમાંથી જેમ ખરાબ ઘરમાં જાય છે તેમ પાપાનુબંધી પુણ્ય રૂપ અસદ્ધર્મથી જીવ સારા ભવમાંથી ખરાબ ભવમાં જાય છે. કો'ક પુરુષ ખરાબ ઘરમાંથી જેમ વધુ ખરાબ ઘરમાં જાય છે તેમ પાપાનુબંધી પાપ રૂપ મહાપાપથી જીવ ખરાબ ભવમાંથી વધુ ખરાબ ભવમાં જાય છે. કો'ક પુરુષ ખરાબ ઘરમાંથી જેમ સારા ઘરમાં જાય છે તેમ પુણ્યાનુબંધી પાપ રૂપ સુધર્મથી જીવ ખરાબગતિમાંથી સારી ગતિમાં જાય છે. અહીં, 'પુણ્યાનુબંધી' હોવાથી પાપનો 'સુધર્મ' રૂપે ઉપચરિત ઉલ્લેખ કર્યો છે એ જાણવું." ભગવાનનું પુણ્ય પ્રથમ ભંગવર્તી હોય છે. જન્મ મહોત્સવ, રાજ્યભોગ વગેરેમાં ભોગવાઇને શેષ બચેલું પણ તે ઉચિતક્રિયાઓ કરાવવામાં જ કુશળ હોય છે. એટલે એ કર્મ એક ઉચિતક્રિયા રૂપે જ દાન દેવરાવે છે. તેથી દાન પરથી અકૃતાર્થતાસિદ્ધ થઇ શકતી નથી. [તેથી મહત્ત્વાભાવ

अत्र चाद्यभंगवर्तिभगवत्पुण्यमनुभूतावशिष्टमप्युचितक्रियाप्रगुणमेवेति न दानादकृतार्थत्वमिति भावनीयम्।।१६।। एतदेव गुणान्तरानुगुणविपाकशालिनया स्पष्टयति-

गर्भादारभ्य सत्पुण्याद्भवेत्तस्योचिता क्रिया।
तत्राप्यभिग्रहो न्याय्यः श्रूयते स्वामिनस्ततः।।१७।।

गर्भादिति। गर्भादारभ्य सत्पुण्यात् = पुण्यानुवन्धिपुण्यात् भवेत् तस्य = तीर्थकृत उचिता क्रिया, [1]"तीर्थकृत्त्वं सदौचित्यप्रवृत्त्या मोक्षसाधक" मिति वचनादुचितप्रवृत्तिद्वारा तीर्थकृत्त्वस्य मोक्षसाधकत्वात्। ततः = तस्मात्तत्रापि = गर्भेऽपि स्वामिनः **श्रीवर्धमानस्या**भिग्रहः = प्रतिज्ञाविशेषः =

जीवतो गृहवासेऽस्मिन् यावन्मे पितराविमौ।

तावदेवाधिवत्स्यामि गृहानहमपीष्टतः।। [अष्टक २५/४] इत्येवमुक्तस्वरूपो न्याय्यः = न्यायादनपेतः श्रूयते।।१७।।

न्याय्यता चेष्टसंसिद्धेः पित्रुद्वेगनिरासतः।
प्रारंभमंगलं ह्येतद्गुरुशुश्रूषणं हि तत्।।१८।।

न्याय्येति। न्याय्यता चोक्ताभिग्रहस्य पित्रोर्दुःप्रतिकारयोरुद्वेगस्य वियोगनिमित्तकशोकरूपस्य निरासतः

પણ સિદ્ધ થઇ શકતો નથી.] એ બરાબર વિચારવું.॥૧૬॥

પુણ્યાનુબંધી પુણ્ય એવું તીર્થંકર નામકર્મ જ એવી વિશિષ્ટતાવાળું હોય છે કે જે સ્વઉદયે તથાકલ્પ તરીકે દાનાદિ પ્રવૃત્તિ કરાવે છે એ કહ્યું. જિનનામકર્મ આવી આવી વિશિષ્ટતાવાળું જ હોય છે એ વાતને 'એ કર્મ ઉચિત પ્રવૃત્તિ રૂપ અન્યગુણને અનુકૂળ વિપાકવાળું હોય છે' એ જણાવવા દ્વારા ગ્રન્થકાર સ્પષ્ટ કરે છે -

[પ્રભુવીરના અભિગ્રહનું ઔચિત્ય]

પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે શ્રીતીર્થંકર દેવોની ગર્ભથી માંડીને ઉચિત પ્રવૃત્તિ જ થાય છે, કારણકે અષ્ટકજી (૨૫/૧) ના 'તીર્થંકરપણું હંમેશા ઉચિત પ્રવૃત્તિ દ્વારા મોક્ષસાધક બને છે.' એવા વચનથી આવું જણાય છે. આમ જિનનામકર્મના પ્રભાવે હંમેશા ઉચિત પ્રવૃત્તિ જ હોવાથી ગર્ભમાં પણ **શ્રીવર્ધમાનસ્વામી** એ જે અભિગ્રહ લીધો કે 'જ્યાં સુધી મારા આ માતાપિતા અહીં ગૃહવાસમાં જીવે ત્યાં સુધી જ હું પણ સ્વેચ્છાથી ઘરમાં રહીશ' તે પણ ન્યાયસંગત હોવો સંભળાય છે. અભિગ્રહનું આવું સ્વરૂપ અષ્ટક (૨૫/૪) માં કહ્યું છે.॥૧૭॥ [આ અભિગ્રહ તો ચારિત્રનો પ્રતિપંથી છે. તો એ ન્યાયોચિત શી રીતે કહેવાય? એવા આશંકિત પ્રશ્નનો જવાબ આપવા ગ્રન્થકાર કહે છે -]

આ અભિગ્રહથી 'માતા-પિતાને ઉદ્વેગ ન કરવો' એ રીતે એ ઉદ્વેગના નિરાસ દ્વારા ઇષ્ટની સંસિદ્ધિ થવાથી તેમજ વડીલજનોની સેવા રૂપ હોઇ પ્રવ્રજ્યાના પ્રારંભમંગલરૂપ બનવાથી એ અભિગ્રહ ન્યાય્ય હતો. દુષ્પ્રતિકાર એવા માતા-પિતાને સ્વવિયોગ નિમિત્તે જે શોક થાય તેનું નિરાકરણ કરવા દ્વારા - એટલે કે બીજાઓને પણ 'માતા-પિતાને શોક ન ઉપજાવવો' એવી મર્યાદાનું પ્રદર્શન કરી એ શોકનું વારણ કરવા દ્વારા - ઇષ્ટ એવા મોક્ષની સિદ્ધિ થવાથી ઉક્ત અભિગ્રહ ન્યાયસંગત જ છે. આશય એ છે કે ઉચિતપ્રવૃત્તિ જ મોક્ષના ઉપાયભૂત છે અને અનુચિત પ્રવૃત્તિ મોક્ષને વિઘ્નકર્તા છે. ઉક્ત અભિગ્રહથી કહેલ રીતે મોક્ષની પ્રાપ્તિ થઇ છે. એટલે

---

१ अतः प्रकर्षसम्प्राप्ताद्विज्ञेयं फलमुत्तमम्। इति पूर्वार्धः। अष्टक - २५।।१।।

= अन्येषामप्येवंविधस्थितिप्रदर्शनात् । इष्टस्य = मोक्षस्य संसिद्धेः, उचितप्रवृत्तिर्हि तदुपायोऽनुचितप्रवृत्तिश्च तद्विघ्न इति । तदिदमुक्तम् 'पित्रुद्वेगनिरासाय महतां स्थितिसिद्धये ।

इष्टकार्यसमृद्ध्यर्थमेवंभूतो जिनागमे ।।' [अष्टक - २५/३] **ननु** भगवतो नियतकालीनचारित्रमोहनीयकर्मविपाकोदयेनैव गृहावस्थानमिति नाभिग्रहन्याय्यतेति **चेत्? न,** सोपक्रमस्य तस्य पित्रुद्वेगनिरासाद्यवलंबनकाभिग्रहग्रहणमन्तरा विरतिपरिणामविनाश्यत्वात् । तथापि प्रव्रज्याविरोधिगृहावस्थानकारिणोऽस्य कथं न्याय्यत्वमिति **चेत्? न**, आनुपूर्व्येण न्याय्यप्रव्रज्यासंपादकत्वेनैव तस्य न्याय्यत्वात्, कालान्तरे वहुफलस्य कार्यस्य क्वचित्काले निषेधेऽपि न्याय्यत्वव्यवहारस्य सार्वजनीनत्वात् । तदिदमुक्तं - [अष्टक २५/५-६]

'इमौ शुश्रूषमाणस्य गृहानावसतो गुरू । प्रव्रज्याप्यानुपूर्व्येण न्याय्यान्ते मे भविष्यति ।।

सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सतां मता । गुरूद्वेगकृतोऽत्यन्तं नेयं न्याय्योपपद्यते ।।' इति । तथा यद्गुर्वोः = मातापित्रोः शुश्रूषणं = परिचरणं, तद्धि प्रारंभमंगलम् = आदिमंगलं प्रव्रज्यालक्षणशुभकार्यस्येति नैतद्विना

જણાય છે કે એ ઉચિત પ્રવૃત્તિરૂપ છે. અષ્ટકજી (૨૫/૩) માં કહ્યું છે કે "માતા-પિતાના ઉદ્વેગનો નિરાસ કરવા માટે તથા 'માતા-પિતાના ઉદ્વેગનો નિરાસ કરવા પૂર્વક પ્રવર્તવું' એવી મહાપુરુષોની મર્યાદા જ્ઞાપિત કરવા માટે તેમજ ઇષ્ટકાર્ય મોક્ષની સિદ્ધિ માટે પ્રભુએ આવા પ્રકારનો અભિગ્રહ લીધો એવું જિનાગમમાં સંભળાય છે."

શંકા - ચારિત્ર મોહનીય કર્મનો ભગવાનને જે નિયત કાળ માટે વિપાકોદય રહેવાનો હતો તેટલો કાળ તે કર્મથી જ તેઓનો ગૃહવાસ પ્રવર્તવાનો હોઇ વિયોગ વગેરેનો પ્રશ્ન નહોતો, તેથી એ અભિગ્રહથી માતા-પિતાનો વિયોગનિમિત્તક શોક દૂર થયો ન હોવાથી એ અભિગ્રહ ન્યાયસંગત નથી.

સમાધાન - પ્રભુનું ચારિત્ર મોહનીયકર્મ સોપક્રમ હતું. એટલે માતા-પિતાના ઉદ્વેગનો નિરાસ કરવો વગેરે રૂપ આલંબનવાળા એ અભિગ્રહ વિના તો પ્રબળ વૈરાગ્ય પ્રયુક્ત વિરતિપરિણામથી એ વિનાશ પામી જાય એવું હતું. એ જો વિનાશ પામી જાય તો માતા-પિતાનો શોક નિવારી ન શકાત. એટલે એ અભિગ્રહથી એ નિવારણ થયું હોવાથી અભિગ્રહ ઉચિત જ હતો.

શંકા - તેમ છતાં, એ અભિગ્રહ પ્રવ્રજ્યાવિરોધી ગૃહવાસને કરાવનારો હતો. એટલે એને ઉચિત શી રીતે કહેવાય?

સમાધાન - આ અભિગ્રહ ગૃહવાસ, માતા-પિતાની સેવા વગેરે આનુપૂર્વીથી = ક્રમથી ન્યાયસંગત પ્રવ્રજ્યાનો સંપાદક હોવાથી જ એ ન્યાય્ય હતો. એ લીધો એટલે એનાથી એટલા કાળ પૂરતો પ્રવ્રજ્યાનો નિષેધ થયો એ અનુચિત જેવું લાગે છે. પણ વાસ્તવમાં એવું નથી. [જેમ કાલાન્તરે ઘણી શક્તિ પ્રદાન કરનાર દૂધ વગેરેનો અમુક અવસ્થામાં કરાયેલો નિષેધ પણ ઉચિત ગણાય છે તેમ] કાલાન્તરે (માતા-પિતાના સ્વર્ગગમન બાદ = તેઓને ઉદ્વેગ થવાનો કાળ વીતી ગયા બાદ) બહુ ફળ આપનાર કાર્યનો (ચારિત્રનો) અમુક કાળમાં (માતા-પિતાના જીવન કાળમાં) જે નિષેધ કરવામાં આવે છે તે ઉચિત હોવાનો વ્યવહાર સર્વજન પ્રસિદ્ધ છે. અષ્ટકજી (૨૫/૫-૬) માં કહ્યું છે કે "ગૃહમાં રહીને આ માતા-પિતાની પરિચર્યા કરતાં મારી પ્રવ્રજ્યા પણ પરિચર્યાના અંતે ન્યાયોચિત બનશે. કારણકે આ પ્રવ્રજ્યા સર્વ પ્રકારે સર્વ પાપનિવૃત્તિ રૂપ છે એવું સજ્જનોને માન્ય છે. એટલે માતા-પિતાને ઉદ્વેગ કરનાર મુમુક્ષુની પ્રવ્રજ્યા (નિમિત્ત ભાવે અન્યને ખેદ ઉપજાવવા રૂપ

प्रव्रज्यासिद्धिः, इत्यस्मादेव तस्या न्याय्यत्वम्। तदिदमाह-

प्रारंभमंगलं ह्यस्या गुरुशुश्रूषणं परम्।

एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत्।।' [अष्टक २५/७] इति ।।१८।। ननु पित्रुद्वेगे परिणामस्तावन्नास्त्येव मुमुक्षोरनिष्टनिमित्ततापरिहारस्तु सर्वत्र दुःशक इत्यत आह-

तत्खेदरक्षणोपायाप्रवृत्तौ न कृतज्ञता।
त्यागोऽप्यबोधे न त्यागो यथा ग्लानौषधार्थिनः।।१९।।

तदिति। तयोः = पित्रोः खेदस्य यद्रक्षणं तदुपायेऽप्रवृत्तौ न कृतज्ञता। सा हि तत्प्रतिपत्तिसाध्यैव। यदाह --[अष्टक २५/८]

'स कृतज्ञः पुमाँल्लोके स धर्मगुरुपूजकः। स शुद्धधर्मभाक् चैव य एतौ प्रतिपद्यते।।' इति। तथा च सर्वश्रेयोमूलभूतस्य स्वेष्टस्य कृतज्ञतागुणस्य प्रतिपक्षः पितृखेदः सर्वथैव वर्जनीय इति भावः। यदाह -

---

सावद्यथी संकळायेली बनवाथी) न्यायसंगत बनी शकती नथी." वळी प्रव्रज्या पूर्वे गृहमां वसीने माता-पितानी शुश्रूषा जे थाय એ प्रव्रज्या રૂપ शुभकार्य माटे प्रारंभमंगलરૂપ બને. तेथी એ शुश्रूषा विना प्रव्रज्या सिद्धि अशक्य होइ आ गृहवासथी ज प्रव्रज्या न्यायसंगत बनवानी हती. आम अभिग्रहथी ज न्यायसंगत प्रव्रज्या संपन्न थती होइ એ न्याय्य ज हतो. अष्टकજી (२५/७) मां कह्युं छे के "माता-पितानी शुश्रूषा એ आ प्रव्रज्यानुं श्रेष्ठ प्रारंभमंगल छे, कारणके माता अने पिता એ धर्मप्रवृत्त मनुष्यो माटे महत्त्वनुं पूजास्थान छे."॥१८॥

शंका - मुमुक्षु चारित्र ग्रहण करे એमां माता-पिताने उद्वेग पमाडवानो એनो आशय होतो नथी. એमां पोते निमित्त बने छे એ वात साची. पण એम तो अनिष्टना निमित्त बनवाथी बचवुं એ सर्वत्र शक्य पण नथी. એटले क्यांक એवुं निमित्त बनी जवा छतां प्रव्रज्या जेम अन्याय्य बनी जती नथी तेम प्रस्तुतमां माता-पिताने उद्वेग રૂપ अनिष्टना निमित्त बनवा छतां पण प्रव्रज्या कांइ अन्याय्य बनी जवानी नथी. माटे आ रीते प्रव्रज्यानो विलंब अयोग्य छे.

आवी शंकानुं **समाधान** आपवा ग्रन्थकार कहे छे -

माता-पिताનો खेद जेनाथी अटके એवा उपायने जो अजमाववामां न आवे तो એमां कृतज्ञता गुणनी हानि थाय, केमके कृतज्ञता ते उपायने अजमावीने माता-पितानी सेवा करवा द्वारा ज संपन्न थाय छे. अष्टकજી (२५/८) मां कह्युं छे के "ते ज पुरुष लोकमां कृतज्ञ छे, ते ज धर्मगुरुनो पूजक बने छे अने ते ज शुद्ध धर्मनुं भाजन बने छे जे माता-पितानो सेवा करवा द्वारा स्वीकार करे छे." [उक्त अभिग्रहथी ज कृतज्ञतानुं पालन होइ એ अभिग्रह न्याय्य ज हतो. तेमज એ रीते कृतज्ञतानुं पालन न थाय तो तो शुद्धधर्मनुं भाजन न बनाय. એटले के प्रव्रज्या धर्म पण शुद्ध न बने. माटे अभिग्रहथी थयेल प्रव्रज्या विलंब पण अयोग्य नहोतो.] तात्पर्य એ छे के सर्वकल्याणना मूळभूत जे स्वइष्ट कृतज्ञतागुण तेना प्रतिपक्षરૂપ मातापितानो खेद सर्वथा वर्ज्य छे. पंचसूत्रमां (त्रीजासूत्रमां) कह्युं छे के "मातापिता बोध न पामता होय तो कोइ पण रीते तेमने बोध पमाडवो એटले के प्रव्रज्याने अभिमुख करवा." "तेम छतां विचित्र कर्मपरिणतिना कारणे बोध न पामे तो तेओना निर्वाहना साधननी यथाशक्ति व्यवस्था करी पछी तेओनी अनुज्ञा प्राप्त करी साधु धर्म स्वीकारवो." तेम छतां तेओ अनुज्ञा न आपे तो 'दिलथी निर्माय रही बाह्य रीते माया करवी' એटले के 'हुं अल्प आयुष्यवाळो

"[1]अप्पडिवुज्झमाणे कहिंचि पडिवोहिज्जा अम्मापियरो" प्रव्रज्याभिमुखीकुर्वीतेत्यर्थः। "अप्पडिवुज्झमाणेसु य कम्मपरिणइए विहेज्जा जहासत्ति तदुवगरणं तओ अणुण्णाए पडिवज्जेज्जा धम्मं"। अथ नानुजानीतस्तदा 'अणुवहे चेव उवहिजुत्ते सिया' (पंचसूत्र - ३) अल्पायुरहमित्यादिकां मायां कुर्यादित्यर्थः। एवमुपायप्रवृत्तावपि तयोरबोधे त्यागोऽपि मुमुक्षोस्तत्त्वतो न त्यागः, यथा ग्लानयोरध्वनिग्लानीभूतयोः पित्रोरौषधार्थिनस्तदुपकारकौषधानयनार्थं कथंचित्तौ विमुच्यापि गच्छतः पुत्रस्य, प्रव्रज्यायास्तयोः स्वस्यान्येषां चोपकारहेतुत्वात्। तदिदमाह -[2]सव्वहा अपडिवुज्झमाणे चएज्जा अद्धाणगिलाणओसहत्थचागणाएणं।।१९।।

अपरस्त्वाह राज्यादि महाधिकरणं ददत्।
शिल्पादि दर्शयंश्चार्हन्महत्त्वं कथमृच्छति।।२०।।

अपरस्त्विति। अपरस्तु वाद्याह 'राज्यादि महाधिकरणं = महापापकारणं ददत्स्वपुत्रादिभ्यः, शिल्पादि दर्शयंश्च लोकानामर्हन् कथं महत्त्वमृच्छति।।२०।।

छुं' इत्यादि माया करवी [जेथी धर्म माटे अनुज्ञा आपे.] आ रीते उपाय करवा छतां तेओ बोध न पामे - अर्थात् अनुज्ञा आपवा संमत न थाय तो तेओनो त्याग करवो. मुमुक्षुए आ रीते तेओनो करेलो त्याग पण वस्तुतः त्याग नथी. आ समजवा माटे नीचेनुं दृष्टान्त विचारवुं. माता-पिता जंगलमां बिमार पडी गया. त्यां औषधादिनी कोइ संभावना नथी. साथे रहेलो पुत्र जंगल बहार आवेला गाममांथी औषध लाववा जवा माटे इच्छे छे. मा-बाप कहे छे 'अमारी आवी हालत छे ने तुं अमने छोडी जवानी वात करे छे? तुं चाल्यो जाय तो पछी अमारुं शुं थाय?' पुत्र विचारे छे के 'जो एमनी आ वातथी अहीं रही जइश तो औषध वगर एमनो रोग वधतो जशे, तेमज दिवसो जतां मारुं पण भाथुं खलास थइ जशे, पछी हुं पण एमनी शुं सेवा करी शकीश? अंते अमे बधा मरी जइशुं. एना करतां शीघ्र गाममां जइ मारुं नवुं भाथुं अने एमनुं औषध लइ आवुं तो अंते बधा सुखेथी जंगल पसार करी शकीशुं.' आ रीते माता-पितानो उपकारक औषध लाववा माटे एमनो त्याग करवो ए जेम वास्तवमां त्याग नथी तेम प्रस्तुतमां पण जाणवुं. एटले के प्रव्रज्या माटे माता-पिताने उक्त विधि पूर्वक छोडवा ए वास्तवमां न छोड्या बराबर ज छे, केमके प्रव्रज्या ए भवरोग माटे औषधरूप होइ स्व-परने उपकारक छे. पंचसूत्रमां आ वात आ रीते करी छे - "कोइपण रीते बोध न पामे तो माता-पिताने, अटवीमां ग्लान थयेल माता-पितानो औषध माटे करातां त्यागना दृष्टान्त अनुसार त्याग करवो."॥१९॥ [आम भगवाननुं दान तथाकल्परूप होइ अकृतार्थतानुं सूचक न होवाना कारणे महत्त्वाभावने सिद्ध करी शकतुं नथी ए निर्णीत थयुं. हवे अन्यवादी श्रीजिनमां जे रीते महत्त्वाभावनी शंका करे छे ते देखाडवा ग्रन्थकार कहे छे-]

[राज्यप्रदानादिनुं औचित्य]

अन्यवादी कहे छे के 'राज्य वगेरे महापापना कारणभूत-महाअधिकरण छे. शिल्पादिमां पण घणो आरंभसमारंभ रह्यो छे. एटले स्वपुत्रादिने राज्य आपनारा अने लोकोने शिल्पादि शीखवनारा श्रीअरिहंतमां महत्त्व कइ रीते होय?॥२०॥ [आ वादीने जवाब आपवा ग्रन्थकार कहे छे-]

---

१ अप्रतिबुध्यमाने कथंचित्प्रतिबोधयेन्मातापितरौ 'अप्रतिबुध्यमानयोश्च कर्मपरिणत्या विदध्याद्यथाशक्ति तदुपकरणं, ततोऽनुज्ञाते प्रतिपद्येत धर्मम्। 'अनुपधश्चैव उपधियुक्तः स्यात्।

२ सर्वथाऽप्रतिबुध्यमाने त्यजेदध्वग्लानौषधार्थत्यागज्ञातेन।

तन्नेत्थमेव प्रकृताधिकदोषनिवारणात्।
शक्तौ सत्यामुपेक्षाया अयुक्तत्वान्महात्मनाम्।।२१।।

तदिति। यदुक्तमपरेण वादिना तन्न, इत्थमेव = राज्यप्रदानादिप्रकारेणैव प्रकृतात् = राज्यप्रदानादिदोषादधिको राज्याऽप्रदानादिकृतमिथःकलहातिरेकप्रसंगादिरूपो यो दोषस्तस्य निवारणात्, शक्तौ परेषामधिकदोषनिवारणविषयायां सत्यामुपेक्षाया = माध्यस्थ्यरूपाया अयुक्तत्वात् महात्मनां = परार्थमात्रप्रवृत्तशुद्धाशयानाम्। तदिदमाह - [अष्टक २८/२-६]

अप्रदाने हि राज्यस्य नायकाभावतो जनाः। मिथो वै कालदोषेण मर्यादाभेदकारिणः।।
विनश्यत्यधिकं यस्मादिह लोके परत्र च। शक्तौ सत्यामुपेक्षा च युज्यते न महात्मनः।।
तस्मात्तदुपकाराय तत्प्रदानं गुणावहम्। परार्थदीक्षितस्यास्य विशेषेण जगद्गुरोः।।
एवं विवाहधर्मादौ तथा शिल्पनिरूपणे। न दोषो ह्युत्तमं पुण्यमित्थमेव विपच्यते।।
किं चेहाधिकदोषेभ्यः सत्त्वानां रक्षणं तु यत्। उपकारस्तदेवैषां प्रवृत्त्यङ्गं तथाऽस्य च।।२१।।

नागादे रक्षणायेव गर्त्ताद्याकर्षणेऽत्र न।
दोषोऽन्यथोपदेशेऽपि स स्यात्परनयोद्भवात्।।२२।।

नागादेरिति। नागादेः सकाशाद्रक्षणाय = रक्षणार्थं जनन्याः स्वपुत्रस्य गर्त्तादेराकर्षणे हनुजानुप्रभृत्यंग-

---

અન્યવાદીએ કહેલી આ વાત યોગ્ય નથી, કારણ કે આ રીતે રાજ્ય પ્રદાનાદિ દ્વારા જ, એ રાજ્ય પ્રદાનાદિમાં થનારા દોષ કરતાં, રાજ્ય અપ્રદાનાદિના કારણે થનારા પરસ્પર તીવ્રકલહ વગેરે રૂપ અધિક ભારે દોષનું નિવારણ શક્ય બન્યું. બીજાઓના અધિક દોષનું નિવારણ કરે તેવી શક્તિ હોવા છતાં માધ્યસ્થ્ય રૂપ ઉપેક્ષા દાખવવી એ પરોપકારમાત્રકરણના શુદ્ધ આશયવાળા મહાત્માઓ માટે અયોગ્ય છે. અષ્ટકજીમાં (૨૮/૨ થી ૬) આ વાત આ રીતે કહી છે - પુત્ર વગેરેને રાજ્યપ્રદાન ન કરે તો નાયક વગરના લોકો અવસર્પિણી કાળના દોષે સ્વધન-પરધન વગેરેની મર્યાદા તોડી આલોક-પરલોકમાં અધિક નાશ પામે. વળી શક્તિ હોય તો ઉપેક્ષા કરવી એ મહાત્માને યોગ્ય નથી. તેથી લોકો પર અધિક અનર્થમાંથી બચાવવા રૂપ ઉપકાર કરવા માટે પુત્રાદિને રાજ્યપ્રદાન કરવું એ વિશેષ કરીને પરાર્થ માટે દીક્ષિત થયેલ જગદ્ગુરુ ભગવાન માટે તો નિર્વિવાદ ગુણાવહ જ હતું, દોષાવહ નહીં. આ જ રીતે વિવાહની વ્યવસ્થા, શિલ્પનિરૂપણ વગેરે કાંઇ પણ પ્રભુને દોષ રૂપ ન થયું, કારણકે પ્રકૃષ્ટ પુણ્ય આ રીતે જ ભોગવાય છે. વળી જીવોનો કલહ વગેરે અધિક દોષોમાંથી જે બચાવ થયો એ તેઓની હિત પ્રવૃત્તિ જ થઇ. આ ઉપકાર જ પ્રભુની રાજ્યપ્રદાનાદિ પ્રવૃત્તિનું કારણ (પ્રયોજન) હતો. અર્થાત્ એ ઉપકાર કરવા માટે જ પ્રભુએ એ પ્રવૃત્તિ કરી હતી. માટે એ દુષ્ટ નહોતી."॥૨૧॥ [અધિક દોષવારક પ્રવૃત્તિ દોષાવહ નથી હોતી એ વાતનું દૃષ્ટાન્તપૂર્વક સમર્થન કરવા ગ્રન્થકાર કહે છે -]

સ્વપુત્રની સાપ વગેરેથી રક્ષા કરવા માટે એને ખાડામાંથી ખેંચી કાઢવામાં બાળકની હડપચી, ઘૂંટણ વગેરે અંગો છોલાઇ પણ જાય. તેમ છતાં આ રીતે પુત્રને ખેંચવામાં માતા જેમ દોષપાત્ર બનતી નથી એમ રાજ્યપ્રદાનાદિ કરવામાં પ્રભુ પણ દોષપાત્ર બનતા નથી, કારણકે બન્નેમાં મોટા અનર્થથી બચાવવાનો ઉપકાર કરવાનો આશય છે. બાકી, જેનું વારણ અસંભવિત છે એવા અલ્પદોષ માત્રને આગળ કરીને બહુ ગુણકર

घर्षणकारिकर्मणीवात्र = भगवतो राज्यप्रदानादौ न दोषः, अन्यथा = असंभविवारणदोषनिमित्तकस्यापि वहुगुणकर्मणो दुष्टत्वे उपदेशेऽपि = भगवतो धर्मव्याख्यानेऽपि स दोषः स्यात्, परेषां = वौद्धादीनां नयानां मिथ्यात्वमूलभूतानां दर्शनानामुद्भवात् तत एवोपपत्तेः (उत्पत्तेः), 'जावइया णयवाया तावइया चेव परसमया' इति वचनात्। तदिदमाह - [अष्टक २८/७-८]

नागादे रक्षणं यद्वद्गर्त्ताद्याकर्षणेन तु। कुर्वन्नदोषवांस्तद्वदन्यथासंभवादयम्।।

इत्थं चैतदिहेष्टव्यमन्यथा देशनाप्यलम्। कुधर्मादिनिमित्तत्वाद्दोषायैव प्रसज्यते।।२२।।

कश्चित्तु कुशलं चित्तं मुख्यं नास्येति नो महान्।
तदयुक्तं यतो मुख्यं नेदं सामायिकादपि।।२३।।

कश्चित्त्विति। कश्चित्तु मायापुत्रीयो मुख्यं = सर्वोत्तमं कुशलं चित्तं नास्य = भवदभिमतस्य भगवतः, इति नो महानयमित्याह - **तदयुक्तं**, यतो नेदं = परपरिकल्पितं कुशलं चित्तं समतृणमणिलेष्टुकाञ्चनानां सर्वसावद्ययोगनिवृत्तिलक्षणात्सामायिकादपि मुख्यम्, असद्भूतार्थविषयत्वात्।।२३।। तथाहि-

---

કાર્યને પણ જો દુષ્ટ માનવાનું હોય તો ભગવાને ધર્મોપદેશની જે પ્રવૃત્તિ કરી એમાં પણ એ દોષ લાગશે. એટલે કે એને પણ દુષ્ટ માનવી પડશે. કારણ કે અનેક આસન્નભવ્યોને એનાથી ઉપકાર થતો હોવા છતાં મિથ્યાત્વના મૂલભૂત બૌદ્ધદર્શનાદિ નયો પણ એમાંથી જ ઉત્પન્ન થાય છે. આ વાત 'જેટલા નયવાદો છે એટલા પર દર્શનો છે' એ વચનથી જણાય છે. આમ ધર્મદેશનામાં પણ આટલો દોષ સંભવિત હોઇ એને પણ દુષ્ટ માનવાની આપત્તિ આવે. અષ્ટકજી (૨૮/૭) માં આ વાત કરી છે - "ખાડામાંથી ખેંચી કાઢવા દ્વારા પુત્રાદિનું નાગાદિથી રક્ષણ કરનાર વ્યક્તિ જેમ દોષપાત્ર નથી. તેમ, અલ્પ પણ દોષ જેનાથી ન થાય એ રીતે મોટો ઉપકાર અસંભવિત હોઇ અલ્પ દોષકારક રાજ્યપ્રદાનાદિ પ્રવૃત્તિ કરનારા શ્રી અરિહંત દોષપાત્ર નથી. આ રીતે રાજ્યપ્રદાનાદિને નિર્દોષ જ માનવા જોઇએ. નહિતર તો ધર્મદેશનાની પ્રવૃત્તિ પણ કુધર્મ વગેરેના નિમિત્ત કારણભૂત હોઇ અત્યંત દોષકારક જ માનવી પડે."॥૨૨॥ [શ્રીજિનમાં મહત્ત્વાભાવની સિદ્ધિ કરવા મથતા અન્યવાદીનો અભિપ્રાય દર્શાવી એની અયોગ્યતા દેખાડતા ગ્રન્થકાર કહે છે -]

[કુશલ ચિત્તની અસંભવિતતા]

કો'ક માયાપુત્ર એમ માને છે કે તમને અભિમત આ જિન ભગવાનમાં સર્વશ્રેષ્ઠ ચિત્તપરિણામ ન હોવાથી એ મહાન્ નથી. તેની આ માન્યતા યોગ્ય નથી. કારણકે એ માયાપુત્રીય જે ચિત્તપરિણામનો જિનમાં અભાવ કહે છે એ ચિત્ત પરિણામ, જેઓને *તૃણ અને મણિ સમાન છે, લેષ્ટુ અને કાંચન સમાન છે એવા શ્રીજિનમાં* રહેલા સર્વસાવદ્યવ્યાપારથી નિવૃત્તિરૂપ સામાયિક પરિણામ કરતાં શ્રેષ્ઠ નથી, કારણકે એ પરપરિકલ્પિત ચિત્તપરિણામ અવિદ્યમાન પદાર્થના વિષયવાળો છે. તેથી એ પરપરિકલ્પિત ચિત્તપરિણામ સર્વશ્રેષ્ઠ નથી. તેમજ એના કરતાં વધુ સુંદર એવો સામાયિક પરિણામ તો શ્રીજિનમાં છે જ, માટે શ્રીજિનમાં મહત્ત્વ પણ છે જ.॥૨૩॥ પરપરિકલ્પિત કુશળચિત્ત કઇ રીતે અવાસ્તવિક વિષયવાળું છે એ ગ્રન્થકાર જણાવે છે-

"આ જગત્ના સઘળાં પાપો મારામાં સંક્રાન્ત થઇ જાઓ, અને મારા ધર્મથી જગત્ના સઘળા જીવો મુક્ત થઇ જાઓ." આવો પરિણામ એ પરમાન્ય કુશલચિત્ત છે. આમાં સ્વધર્મથી જગત્ના જીવોની મુક્તિની ઇચ્છા અને તેઓના દુર્ગતિકારણભૂત પાપોની સહિષ્ણુતા (કે જે સહિષ્ણુતા પોતે એ પાપોનું ફળ ભોગવી લે એટલે

स्वधर्मादन्यमुक्त्याशा तदधर्मसहिष्णुता।
यद्द्वयं कुशले चित्ते तदसंभवि तत्त्वतः।।२४।।

स्वधर्मादिति। स्वधर्मादन्येषां जगत्प्राणिनां मुक्त्याशा = मुक्तिवांछा तेषां = अन्येषां येऽधर्मा दुर्गतिहेतवस्तेषां सहिष्णुता स्वस्मिंस्तत्फलापत्त्या परदुःखपरिजिहीर्षालक्षणा, यदेतद्वयं कुशले चित्ते विषयीभवति तत्तत्त्वतोऽसंभवि, बुद्धानां निर्वृतिप्रतिपादनात्, गंगावालुकासमा बुद्धा निर्वृता इति परेषामागमव्यवस्थितेः, स्वान्यधर्माधर्मयोः परेषु स्वस्मिंश्चोपसंक्रमे तदयोगात्। यदि चैवमसद्भूतार्थविषयं कुशलचित्तं प्रामाणिकं स्यात्तदा-

मय्येव निपतत्वेतज्जगद्दुश्चरितं यथा।
मत्सुचरितयोगाच्च मुक्तिः स्यात्सर्वदेहिनाम्।। [अष्टक २९/४] इतिवत्
अज्ञानानां यदज्ञानमास्तां मय्येव तत्सदा।
मदीयज्ञानयोगाच्च चैतन्यं तेषु सर्वदा।। इत्यपि परेण पठनीयं स्यात्।।२४।।

अतो मोहानुगं ह्येतन्निर्मोहानामसुन्दरम्।
बोध्यादिप्रार्थनाकल्पं सरागत्वे तु साध्वपि।।२५।।

अत इति। अतः = उक्तकुशलचित्तस्य तत्त्वतोऽसंभव्यर्थविषयत्वादेतद्धि मोहानुगं = मोहनीयकर्मोद-

---

અન્યોના દુઃખ તેઓએ ન ભોગવવા પડે એવી ઇચ્છા રૂપ છે.) આ બે અભિવ્યક્ત થાય છે. પણ આ બે ચીજ વાસ્તવમાં અસંભવિત છે, કારણ કે બુદ્ધો નિર્વાણ પામ્યાનું પ્રતિપાદન કરાયું છે, આ પણ 'ગંગાની રેતીના કણ જેટલા બુદ્ધો નિર્વાણ પામ્યા છે' (અથવા 'ગંગાવાલુકાસમ = ગંગાની રેતીની જેવા નિર્લેપ = અન્યના પાપથી નહીં લેપાયેલા બુદ્ધો નિર્વાણ પામ્યા છે.') એવી તેઓની આગમોક્ત વાત પરથી જણાય છે. જો પોતાનો ધર્મ જગત્ના જીવોમાં અને જગત્ના પાપો પોતાનામાં સંક્રાન્ત થઇ શકતા હોય તો એક પણ બુદ્ધનો મોક્ષ જ અસંભવિત બની જાય. કેમકે જેવા આ કુશલચિત્તવાળા બને કે તુરંત જગત્ના જીવોના પાપથી તેઓનો આત્મા ભરાઇ જાય. વળી જો આ રીતે અવિદ્યમાનવિષયવાળું એવું પણ આ કુશળચિત્ત પ્રામાણિક હોય તો 'આ જગત્નું પાપ મારામાં આવી જાઓ અને મારા સુચરિતથી સર્વજીવોની મુક્તિ થઇ જાઓ' એવા કુશલ ચિત્તની જેમ 'અજ્ઞાની જીવોનું જે અજ્ઞાન હોય તે હંમેશા મારામાં આવી જાઓ અને મારું જ્ઞાન તેઓમાં જવા દ્વારા તેઓમાં હંમેશા ચૈતન્ય સ્ફૂર્યા કરો' એવું કુશળચિત્ત પણ કહેવું પડશે. અથવા, "અજ્ઞાન = જ્ઞાનશૂન્ય = જડ પદાર્થોની જડતા હંમેશા મારામાં આવી જાવ અને એ જડ પદાર્થોમાં મારું જ્ઞાન જવા દ્વારા હંમેશા ચૈતન્ય સ્ફૂર્યા કરો." એવું કુશળચિત્ત પણ કહેવું પડશે.॥૨૪॥ [અસંભવિત વિષયવાળું ચિત્ત શું સર્વથા અસુંદર જ હોય? કુશળ ન જ હોય? એવી શંકાનું સમાધાન કરવા ગ્રન્થકાર કહે છે -]

પરોક્ત કુશલચિત્ત તત્ત્વતઃ અસંભવિત વિષયવાળું હોઇ મોહનીયકર્મના ઉદયથી સંકળાયેલું હોય છે, કારણકે મોહનીયનો ઉદય ન હોય તો તો સઘળા વિકલ્પોના ખળભળાટ વિનાનું જ નિસ્તરંગ ચિત્ત હોય છે. આમ મોહોદયથી યુક્ત હોવાથી એ કુશળચિત્ત નિર્મોહ એવા વીતરાગ માટે અસુંદર છે. તેથી એવું કુશળચિત્ત સર્વ શ્રેષ્ઠ નથી, કારણકે નિર્મોહતાનું વિરોધી છે. પ્રશસ્તરાગવાળી-સરાગ અવસ્થામાં આવું કુશળચિત્ત એ બોધિ, આરોગ્ય, ઉત્તમસમાધિ વગેરેની પ્રાર્થનાયુક્ત ચિત્તને સમાન હોઇ પ્રશસ્ત પણ હોય છે. અસંભવિત

यानुगतं, मोहोदयाभावे हि समस्तविकल्पोत्कलिकावर्जितमेव चित्तं स्यादिति निर्मोहानां = वीतरागाणामसुन्दरम्। तथा च कुशलचित्तस्य न मुख्यत्वं, निर्मोहत्वविरोधादित्यर्थः। सरागत्वे तु = प्रशस्तरागदशायां त्वेतद्वोध्यादिप्रार्थनाकल्पमादिनाऽऽरोग्योत्तमसमाधिग्रहः साध्वपि = प्रशस्तमपि, असंभविविषयकयोरपि वाङ्मनसोः प्रशस्तभावोत्कर्षकत्वेन चतुर्थभङ्गान्तःपातित्वसंभवात्। तदुक्तं - 'वोध्यादिप्रार्थनाकल्पं सरागत्वे तु साध्वपि'। **ननु** चतुर्थभङ्गस्थवाङ्मनसोर्भगवत्यपि संभवात्कथं न कुशलचित्तयोग इति **चेत्? न**, वैकल्पिकभक्तिभावप्रयुक्तस्य चतुर्थभंगस्य प्रार्थनारूपस्य भगवत्यनुपपत्तेः, विचित्रवर्गणासद्भावेनैव तत्र तदुपवर्णनादिति वोध्यम्।।२५।। यदपि व्याघ्रादेः स्वकीयमांसदानादावतिकुशलं चित्तं वुद्धस्येष्यते, न चैतदर्हत इति नात्र महत्त्वमित्याशंक्यते तदप्यसंगतम्, तच्चित्तस्यैवानतिकुशलत्वेन मोहानुगतत्वाविशेषादित्यभिप्रायवानाह–

सत्त्वधीरपि या स्वस्योपकारादपकारिणि।
सात्मंभरित्वपिशुना परापायानपेक्षिणी।।२६।।

सत्त्वधीरिति। य्याऽपि वुद्धस्यापकारिणि = स्वमांसभक्षकव्याघ्रादौ स्वस्योपकारात् कर्मकक्षकर्त्तनसा-

---

વિષયવાળા વચન અને મન પણ પ્રશસ્તભાવોનો ઉત્કર્ષ કરાવનાર હોઇ ચોથા ભાંગામાં સમાવિષ્ટ થવા સંભવે છે. આશય એ છે કે ભગવાન્ વીતરાગ હોઇ 'પ્રસન્ન થઇને બોધિ આપે' એ વાત અસંભવિત છે. તેમ છતાં પ્રશસ્તભાવોત્કર્ષ કરનાર હોઇ એનો જેમ સત્ય, મૃષા, મિશ્ર અને અસત્યઅમૃષાભાષા-વ્યવહારભાષા રૂપ ચાર ભાંગામાંથી ચોથા વ્યવહારભાષાના ભાંગામાં સમાવેશ હોવો આવશ્યક નિર્યુક્તિ વગેરેમાં કહ્યો છે તેમ પ્રસ્તુતમાં પણ અસંભવિત વસ્તુ વિષયક ચિત્તનો તે ભાવોત્કર્ષ હોઇ ચોથા ભાંગામાં સમાવેશ સંભવે છે. કહ્યું છે કે 'સરાગ અવસ્થામાં બોધિ વગેરેની પ્રાર્થના સમાન તે કુશલચિત્ત સુંદર હોવું પણ સંભવે છે.'

શંકા - વીતરાગ ભગવાન્માં પહેલી અને છેલ્લી ભાષા હોય છે. એટલે ચોથો ભાંગો સંભવિત હોઇ આવું કુશળચિત્ત પણ કેમ ન હોય?

સમાધાન - સામાન્યથી ચોથો ભાંગો હોવા છતાં વિકલ્પાત્મક ભક્તિભાવ પ્રયુક્ત પ્રાર્થનારૂપ ચોથો ભાંગો વીતરાગપ્રભુમાં સંભવતો નથી, (કારણકે પ્રભુ કૃતકૃત્ય હોઇ પ્રાર્થના જ હોતી નથી), વિચિત્રવર્ગણા વિદ્યમાન હોવાના કારણે જ તેઓમાં ચોથાભાંગાની હાજરી કહી છે. [નહીં કે પ્રાર્થનારૂપ ભાષાની વિદ્યમાનતાના કારણે] એ જાણવું. [જીવ ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને ભાષા રૂપે પરિણમાવે છે. કાર્યભેદે કારણભેદ હોવો જોઇએ, એ ન્યાયે કાર્યરૂપે જ્યારે સત્યભાષા હોય ત્યારે તેમાં કારણભૂત વર્ગણા અમુક પ્રકારની હોવી જોઇએ. એમ અસત્યભાષા વગેરે રૂપે પરિણમનારી વર્ગણાઓ અલગ-અલગ પ્રકારની ભાષા વર્ગણા હોવી જોઇએ. પ્રસ્તુતમાં, વ્યવહારભાષા રૂપે પરિણામ પામનારી ભાષાવર્ગણાઓ વીતરાગને પણ ઉપલબ્ધ હોવાથી વ્યવહારભાષા પણ હોવાની વાત ગ્રન્થોમાં કરી છે. અર્થાત્ વ્યવહારભાષાસામાન્યની વિદ્યમાનતા કહી હોવા માત્રથી, પ્રાર્થના કે જે વ્યવહારભાષાનો એક પ્રકારવિશેષ છે, તે પણ વીતરાગમાં હોય જ એવું માની શકાય નહીં]॥૨૫॥

"વાઘ વગેરેને સ્વકીય માંસ ખાવા દેવામાં બુદ્ધનું ચિત્ત જેવું અતિકુશલ હોય છે એવું શ્રીજિનનું ન હોવાથી શ્રીજિનમાં મહત્ત્વ નથી" એવી જે આશંકા કરાય છે તે પણ અસંગત છે, કેમકે મૂળમાં એ ચિત્ત જ મોહાનુગત હોઇ અતિકુશલ હોતું નથી. આવા અભિપ્રાયથી ગ્રન્થકાર કહે છે -

हाय्यककरणलक्षणात् सत्त्वधीः, साऽऽत्मानमेव न परं विभर्ति = पुष्णातीत्यात्मंभरिस्तत्त्वं पिशुनयति = सूचयतीत्यात्मंभरित्वपिशुना परेषां स्वमांसभक्षकव्याघ्रादीनामपायान् दुर्गतिगमनादीन्नापेक्षत इत्येवंशीला। तथा चात्रात्मंभरित्वं परापायानपेक्षत्वं च महद्दूषणमिति भावः। तदुक्तं –

अपकारिणि सद्वुद्धिर्विशिष्टार्थप्रसाधनात्।

आत्मंभरित्वपिशुना परा(?तद)पायानपेक्षिणी।। इति [अष्टक २९/७]।।२६।।

पदार्थमात्ररसिकस्ततोऽनुपकृतोपकृत्।
अगूढलक्षो भगवान् महानित्येष मे मतिः।।२७।।
अर्हमित्यक्षरं यस्य चित्ते स्फुरति सर्वदा।
परं ब्रह्म ततः शब्दब्रह्मणः सोऽधिगच्छति।।२८।।
परःसहस्राः शरदां परे योगमुपासताम्।
हन्तार्हन्तमनासेव्य गन्तारो न परं पदम्।।२९।।

સ્વમાંસભક્ષક વાઘ વગેરે અપકારી જીવ પર 'આ તો કર્મસમૂહને તોડવામાં સહાય કરવા રૂપે મારા પર ઉપકાર કરનારા છે, માટે સારા છે = સારું કરનારા છે' આવી બુદ્ધની જે અતિકુશલચિત્ત રૂપ સત્ત્વધી છે તે બુદ્ધના આત્મંભરિત્વની ચાડી ખાનારી છે, કારણકે એમાં પરના = વ્યાઘ્રાદિના અપાયની કોઇ ચિંતા નથી, એટલે કે એમાં માત્ર સ્વાર્થનો જ વિચાર છે અને અન્યના દુર્ગતિગમન વગેરે અપાયોનો વિચાર નથી. એટલે કે એમાં આત્મંભરિત્વ અને પરાપાયાનપેક્ષત્વ રૂપ મોટા દૂષણ રહ્યા છે. અષ્ટકજી (૨૯/૭) માં કહ્યું છે કે "વાઘ વગેરે અપરાધી પર, 'આ કર્મક્ષયમાં સહાયક બની સર્વજ્ઞતારૂપ વિશિષ્ટ ચીજનું સંપાદન કરી આપનાર છે માટે સારો છે' એવી સદ્બુદ્ધિ આત્મંભરિત્વસૂચિકા છે, કારણકે એમાં પરના અપાયનો કોઇ વિચાર નથી." આમ આ અતિકુશલચિત્ત વસ્તુતઃ અતિ કુશળ જ નથી. એટલે એનો અભાવ હોવા માત્રથી જિનમાં મહત્ત્વાભાવ સિદ્ધ થઇ જતો નથી.॥૨૬॥ [આમ શ્રીજિનમાં મહત્ત્વની સ્થાપના કરીને અને જુદી જુદી અનેક રીતે આશંકિત મહત્ત્વાભાવનું નિરાકરણ કરીને છેવટે છ શ્લોકો દ્વારા જિનમહત્ત્વબત્રીશીનો ઉપસંહાર કરતા ગ્રન્થકાર કહે છે -]

[પરમાનંદ સંપત્તિનું બીજ-પ્રભુભક્તિ]

પદાર્થમાત્રમાં રસિક (એટલે કે એના પર રાગદ્વેષ કરવામાં નહીં, માત્ર સઘળા પદાર્થોમાં રસિક = સઘળા પદાર્થોનું જ્ઞાન કરવાના સ્વભાવવાળા) અને તેથી અનુપકારી પર પણ ઉપકાર કરનારા અને અગૂઢલક્ષણવાળા ભગવાન મહાન્ છે એવું મને લાગે છે. અથવા પદાર્થમાત્ર રસિક એટલે પદાર્થના વાસ્તવિક સ્વરૂપમાં રસિક. 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' સૂત્રાનુસારે અન્યજીવો પર ઉપકાર કરવો એ જીવનું = પોતાનું સ્વરૂપ છે. તેના રસિક હોવાથી ભગવાન્ અનુપકારી પર પણ ઉપકાર કરે છે. એમ 'ઉપયોગલક્ષણો જીવઃ' અનુસારે સર્વ પદાર્થોનું જ્ઞાન કરવાના સ્વરૂપવાળા હોવાથી ભગવાન્ અગૂઢલક્ષવાળા છે. આવા ભગવાન્ મહાન્ છે એવું મને લાગે છે.॥૨૭॥ એ ભગવાન્ ના વાચક 'અર્હમ્' એ અક્ષરો જેના ચિત્તમાં હરહંમેશ સ્ફુરિત રહે છે તે ભવ્યજીવ, તે શબ્દબ્રહ્મથી પરં બ્રહ્મની પ્રાપ્તિ કરે છે.॥૨૮॥ અન્ય ધર્મીઓ હજારો વર્ષ સુધી યોગની ઉપાસના કર્યા કરો. હંત! શ્રી અર્હન્ દેવની ઉપાસના વગર તેઓ પરમપદને પામવાના નથી.॥૨૯॥ શ્રી અરિહંતદેવના ધ્યાનથી

आत्मायमर्हतो ध्यानात्परमात्मत्वमश्नुते।
रसविद्धं यथा ताम्रं स्वर्णत्वमधिगच्छति।।३०।।
पूज्योऽयं स्मरणीयोऽयं सेवनीयोऽयमादरात्।
अस्यैव शासने भक्तिः कार्या चेच्चेतना स्त वः।।३१।।
सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात्।
भक्तिर्भागवती बीजं परमानन्दसंपदाम्।।३२।।

पदार्थेत्याद्यारभ्य षट्श्लोकी सुगमा।।२७।।२८।।२९।।३०।।३१।।३२।।

।। इति जिनमहत्त्वद्वात्रिंशिका ।।

આ (સંસારી) આત્મા પરમાત્મપણું પામે છે, જેમ રસાનુવિદ્ધ તાંબુ સ્વર્ણપણું પામે છે.॥૩૦॥ માટે આ અરિહંતદેવ જ પૂજ્ય છે, એ જ સ્મરણીય છે, એ જ આદરપૂર્વક સેવનીય છે. જો તમારામાં ચૈતન્ય છે (કદાગ્રહ પ્રેરિત પૂજ્યાપૂજ્ય વગેરેનો વિવેક કરવાની તૈયારીના પણ અભાવ રૂપ જો જડતા નથી) તો આ શ્રી અરિહંતદેવના શાસનમાં જ ભક્તિ કરવા જેવી છે.॥૩૧॥ સારી જિંદગી શ્રુતસાગરમાં ડૂબકીઓ જે મારી છે એનાથી મને આ સારભૂત રત્ન પ્રાપ્ત થયું છે કે 'શ્રી અરિહંત ભગવાન્ની ભક્તિ એ પરમાનંદ (મોક્ષ) અને સંપત્તિઓનું અથવા મોક્ષની સંપત્તિઓનું બીજ છે. પદાર્થ... વગેરે છએ શ્લોકો સુગમ છે.॥૩૨॥

[જિનમહત્ત્વદ્વાત્રિંશિકા અંગે કંઇક વિચારણા]

પ્રભુ મહાન્ હોવામાં મુખ્ય કારણ 'અવિસંવાદી વચન' કહ્યું. કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજે **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકામાં**

अयं जनो नाथ! तव स्तवाय गुणान्तरेभ्यः स्पृहयालुरेव।
विगाहतां किन्तु यथार्थवादमेकं परीक्षाविधिदुर्विदग्धः।।२।।

આ શ્લોક દ્વારા અને એની **સ્યાદ્વાદમંજરી** વૃત્તિના વૃત્તિકાર **શ્રીમલ્લિષેણસૂરિ** મહારાજે એની વૃત્તિમાં - तस्मिन्नेकस्मिन्नपि हि गुणे वर्णिते तन्त्रान्तरीयदेवेभ्यो वैशिष्ट्यख्यापनद्वारेण वस्तुतः सर्वगुणस्तवनसिद्धेः એમ કહીને પ્રભુની યથાર્થવાદિતાને જ પ્રાધાન્ય આપ્યું છે. યથાર્થ વચન પ્રભુની મહાનતાની બાબતમાં જ પ્રધાન છે એવું નથી. કિન્તુ જ્યાં જ્યાં એક બાજુ યથાર્થવચન હોય અને બીજી બાજુ અન્ય આચાર, સમૃદ્ધિ, ગુણ વગેરે હોય ત્યાં ત્યાં પ્રાયઃ બધે જ યથાર્થ વચનને પ્રધાન કરવામાં આવે છે એવું ઘણી બાબતોમાં જાણવા મળે છે. જેમકે

(૧) નવકારમંત્રમાં - શ્રી અરિહંતદેવો કરતાં સિદ્ધભગવંતો સ્વરૂપની બાબતમાં સંપૂર્ણ શુદ્ધ હોવા છતાં યથાર્થ વચન દ્વારા ઉપકારક હોવાથી શ્રી અરિહંતોને પ્રથમ નમસ્કાર છે.

(૨) આઠ પ્રભાવકોમાં શાસ્ત્રોની યથાર્થ વાતો કહી શકનારા એવા પ્રાવચનિકને પ્રથમ સ્થાન અપાયું છે.

(૩) સામાન્યતયા તો આલોચના સંવિગ્નગીતાર્થ પાસે લેવાની છે. પણ તેવા સંવિગ્નગીતાર્થ ન મળે તો કોની પાસે લેવી? એક સંવિગ્ન છે પણ ગીતાર્થ નથી. બીજા ગીતાર્થ છે પણ સંવિગ્ન નથી. આવી પરિસ્થિતિમાં અસંવિગ્નગીતાર્થ પાસે લેવાની કહી છે, પણ અગીતાર્થ સંવિગ્ન પાસે નહીં, કેમકે અસંવિગ્નગીતાર્થ યથાર્થ પ્રાયશ્ચિત્ત કહી શકે છે.

(૪) ગીતાર્થોનો અને ગીતાર્થનિશ્રિતોનો એમ બે પ્રકારે જ વિહાર કહેવાયો છે.

(૫) ધર્મની ત્રણ પરીક્ષામાં, ઉક્ત આચારાદિ સાથે પૂર્વાપર અવિરુદ્ધ વચનને તપાસનાર તાપ પરીક્ષા જ મુખ્ય કરવામાં આવી છે. એમ (૬) બાળ, મધ્યમ અને પંડિત જીવોમાંથી આગમવચનોને જોવા એ જ પંડિત જીવની પંડિતાઇ કહેવાઇ છે.

(૭) આચારપાલન હોવા છતાં, ઉત્સૂત્રભાષણ કરનારા નિહ્નવાદિનો ધર્મશાસનમાં સમાવેશ કરવામાં આવ્યો નથી, જ્યારે આચારપાલનમાં શિથિલ બન્યા હોવા છતાં શુદ્ધ પ્રરૂપણા કરનારા સંવિગ્નપાક્ષિકોનો ત્રીજા માર્ગ તરીકે નંબર ઊભો રખાયો છે. સંવિગ્નપાક્ષિકને થતી નિર્જરામાં મુખ્ય અપેક્ષા એના સૂત્રભાષણની જ હોવી દેખાડેલી છે. આ યથાર્થ વચનના કારણે જ એના વચનોને અવિકલ્પે તથાકારનો વિષય કહ્યા છે જ્યારે સંવિગ્ન અગીતાર્થનાં વચનોને તેવા કહ્યા નથી.

(૮) સર્વત્ર ઐદંપર્યાર્થ તરીકે 'આજ્ઞા ધર્મે સારઃ' એ પ્રમાણે જિનવચનરૂપ આજ્ઞાને જ પ્રધાન કરવામાં આવી છે, અહિંસા વગેરેને નહીં.

પ્રથમ શ્લોકની વૃત્તિમાં 'આલયવિહારાદિમત્ત્વેન સાધુતાની બુદ્ધિને ધર્મજનિકા' કહી છે. આમાં પ્રશ્ન થાય છે કે જે અત્યંત મુગ્ધ જેવી કક્ષાના બાળ જીવો હોય છે તેઓને આલયવિહારાદિશૂન્ય એવા પણ સાધુ વેશધારીને જોઇને 'આ સાધુ મહારાજ છે' એવી અહોભાવયુક્ત બુદ્ધિ થઇ જાય છે. આ બુદ્ધિ શું તેઓને ધર્મજનિકા નહીં બને? આવા પ્રશ્નનો જવાબ એવો લાગે છે કે સાધુવેશ જોઇને તેઓને જે અહોભાવ યુક્ત બુદ્ધિ થાય છે તે 'સાધુવેશ હોય એટલે વિશિષ્ટ સદાચારો હોય જ' એવી માન્યતાના કારણે. એટલે સાધુવેશવત્ત્વેન જે બુદ્ધિ તેઓને થાય છે એ વિશિષ્ટ સદાચારવત્ત્વેન બુદ્ધિરૂપ હોઇ તેઓ માટે 'આલય વિહારાદિમત્ત્વેન' જ હોય છે, કારણકે તેઓ માટે વિશિષ્ટ સદાચાર એ જ આલયવિહારાદિ છે. માટે એ બુદ્ધિ ધર્મજનિકા બને.

પ્રશ્ન - શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પ્રથમ અષ્ટકમાં આ પ્રમાણે કહ્યું છે.

यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वथा।
न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धनदवानलः।।
न च मोहोऽपि सज्ज्ञानच्छादनोऽशुद्धवृत्तकृत्।
त्रिलोकख्यातमहिमा महादेवः स उच्यते।।

આમાં રાગાભાવ, દ્વેષાભાવ, મોહાભાવ અને ત્રિલોક પ્રસિદ્ધ મહિમા હોવા રૂપે મહત્ત્વ કહ્યું છે એ જણાય છે. જ્યારે અહીં તો અવિસંવાદીવચન રૂપે મહત્ત્વ કહ્યું છે. એટલે આપ્ત પુરુષનો વિરોધ નહીં થાય?

ઉત્તર - રાગ, દ્વેષ અને મોહ આ ત્રણમાંના કોઇથી પણ વચન વિસંવાદી (અસત્ય) બને છે એવું શાસ્ત્રમાં જણાવ્યું છે. એટલે અવિસંવાદી વચન રૂપે જે મહત્ત્વ કહ્યું છે એનાથી જ રાગાભાવ, દ્વેષાભાવ અને મોહાભાવ રૂપે મહત્ત્વ હોવું પણ સૂચિત થઇ જ જાય છે. વળી ક્ષાયિકભાવોથી સંગત એવી બાહ્યસંપત્તિ રૂપે જે મહત્ત્વ કહ્યું છે તેનાથી ત્રિલોકખ્યાત મહિમા હોવા રૂપે મહત્ત્વ હોવાનું પણ કથન થઇ જ જાય છે. માટે કોઇ વિરોધ થતો નથી.

જે બીજભૂત ગણાય છે ત્રણ પદ ચતુર્દશ પૂર્વના,
ઉપ્પન્નેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા મહતત્ત્વના;
એ દાન સુશ્રુતજ્ઞાનના દેનાર ત્રણ જગનાથ જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું.

।। अथ भक्तिद्वात्रिंशिका ।।५।।

जिनमहत्त्वज्ञानानन्तरं तत्र भक्तिरावश्यकीति सेयमिदानीं प्रतिपाद्यते–

श्रमणानामियं पूर्णा सूत्रोक्ताचारपालनात्।
द्रव्यस्तवाद् गृहस्थानां देशतस्तद्विधिस्त्वयम्।।१।।

श्रमणानामिति। इयं = भक्तिः ।।१।।

न्यायार्जितधनो धीरः सदाचारः शुभाशयः।
भवनं कारयेज्जैनं गृही गुर्वादिसंमतः।।२।।

न्यायेति। धीरः = मतिमान् गुर्वादिसंमतः = पितृपितामहराजामात्यप्रभृतीनां बहुमतः। ईदृग्गुणस्यैव जिनभवनकारणाधिकारित्वमिति भावः।।२।।

तत्र शुद्धां महीमादौ गृह्णीयाच्छास्त्रनीतितः।
परोपतापरहितां भविष्यद्भद्रसन्ततिम्।।३।।

तत्रेति। तत्र = जिनभवनकारणे प्रक्रान्ते, शास्त्रनीतितः = वास्तुविद्याधर्मशास्त्रोक्तन्यायानतिक्रमेण।

શ્રી જિનમાં નિરુપચરિત નિરુપમ મહત્ત્વ છે એ જાણ્યા પછી એમના પર ભક્તિભાવ ઉછળવો એ સહૃદય જીવો માટે અત્યંત આવશ્યક છે. એટલે હવે એ ભક્તિનું પાંચમી બત્રીશીમાં પ્રતિપાદન કરાય છે –

[અથવા, પૂર્વની બત્રીશીમાં છેલ્લે ભગવદ્ભક્તિ એ પરમાનંદસંપત્તિનું બીજ છે એમ કહ્યું. હવે એ બીજનું સંપાદન કરવા ભક્તિનું નિરૂપણ કરાય છે–]

[અથવા, મહાન્ વ્યક્તિનો 'આ મહાન્ છે' એવી પ્રતીતિપૂર્વક યોગ થવો એ પ્રથમયોગાવંચક છે. એનું સંપાદન થઇ શકે એ માટે પૂર્વની બત્રીશીમાં પ્રભુની મહાનતાની પિછાણ કરાવી. આવો યોગ = સમાગમ થવા પર એમની પ્રણામાદિ દ્વારા અવશ્ય ભક્તિ કરવાનો નિયમ એ બીજો ક્રિયાવંચક છે. એનું સંપાદન થઇ શકે એ માટે આ બત્રીશીમાં ભક્તિનું નિરૂપણ કરવામાં આવે છે–]

સાધુઓમાં આ = ભક્તિ પરિપૂર્ણ હોય છે, કારણકે સૂત્રોક્ત આચારોનું પૂર્ણ પાલન હોય છે. ગૃહસ્થોને દ્રવ્યસ્તવ દ્વારા એ (ભક્તિ) દેશથી = અંશતઃ હોય છે. દ્રવ્યસ્તવનો વિધિ આ પ્રમાણે છે. [૪ થી બત્રીશીની છેલ્લી ગાથામાં ભગવાન્ની ભક્તિ પરમાનંદ સંપત્તિનું બીજ છે એમ કહ્યું હતું. એટલે આ પ્રથમ ગાથામાં 'ઇયં = આ' સર્વનામથી એ ભક્તિનો ઉલ્લેખ છે એ જાણવું.]॥૧॥

[જિનભક્તિ માટે જિનમંદિર જોઇએ. એટલે સૌ પ્રથમ કેવો ગૃહસ્થ જિનમંદિર બંધાવે એ ગ્રન્થકાર જણાવે છે–]

[જિનમંદિર નિર્માણના અધિકારી વગેરે]

ન્યાયોપાત્ત ધનવાળો, બુદ્ધિમાન, સદાચારી, શુભાશયયુક્ત પિતા-પિતામહ-રાજા-અમાત્ય વગેરે ગુરુવર્ગને બહુમાન્ય એવો ગૃહસ્થ જિનમંદિર બંધાવે. આવા ગુણોવાળો ગૃહસ્થ જ જિનમંદિર બંધાવવાને અધિકારી છે એવું જણાવવાનું અહીં તાત્પર્ય છે.॥૨॥ [એ જિનમંદિર માટે ભૂમિ કેવી જોઇએ એ હવે ગ્રન્થકાર

परोपतापः = प्रातिवेश्मिकादिखेदः ।।३ ।।

अप्रीतिर्नैव कस्यापि कार्या धर्मोद्यतेन वै ।
इत्थं शुभानुबन्धः स्यादत्रोदाहरणं प्रभुः ।।४ ।।

अप्रीतिरिति । धर्मोद्यतस्य परपीडापरिहारप्रयत्नातिशयो मुख्यमंगम्, यथा तापसाप्रीतिपरिहारार्थं भगवतो वर्षास्वपि गमनमिति भावः ।।४ ।।

आसन्नोऽपि जनस्तत्र मान्यो दानादिना यतः ।
इत्थं शुभाशयस्फात्या बोधिवृद्धिः शरीरिणाम् ।।५ ।।

आसन्नोऽपीति । आसन्नोऽपि = तद्देशवर्ती स्वजनादिसंवन्धरहितोऽपि । इत्थं = भगवद्भक्तिप्रयुक्तौदार्ययोगात् ।।५ ।।

इष्टकादि दलं चारु दारु वा सारवन्नवम् ।
गवाद्यपीड्या ग्राह्यं मूल्यौचित्येन यत्नतः ।।६ ।।

इष्टकादीति । आदिना पाषाणादिग्रहः । चारु = गुणोपेतम् । दारु वा चारु यत्नानीतं देवताद्युपवनादेः प्रगुणं च । सारवत् = स्थिरं खदिरसारवत् । गवादीनामपीडा वहुभारारोपणकृतपीडापरिहाररूपा तया ।

જણાવે છે–]

જિનમંદિર બંધાવવા માટે સૌ પ્રથમ વાસ્તુવિદ્યા અને ધર્મશાસ્ત્રમાં દેખાડેલી મર્યાદાને ઉલ્લંઘ્યા વગર એવી જમીન ખરીદવી જેમાં પાડોશી વગેરેને ખેદ પહોંચતો ન હોય તેમજ ભવિષ્યમાં કલ્યાણની પરંપરા ચાલવાની હોય.॥૩॥ [જેમાં કલ્યાણપરંપરા ચાલે એવી શુભલક્ષણવાળી જમીન ખરીદવી એ વાત તો બરાબર છે. પણ પાડોશી વગેરેને ખેદ ન થવો જોઇએ એવી શરત શા માટે છે? એ જણાવવા ગ્રન્થકાર કહે છે–]

ધર્મોદ્યત જીવે કોઇને પણ અપ્રીતિ થાય એવું કરવું ન જોઇએ. એ જ રીતે શુભાનુબંધ થાય છે. આ બાબતમાં પ્રભુ ઉદાહરણ રૂપ છે. ધર્મોદ્યત જીવનો અન્યની પીડાનો પરિહાર કરવાનો અતિશયિત પ્રયત્ન એ જ મુખ્ય અંગ - શુભાનુબંધ વગેરેનું મુખ્ય કારણ છે. જેમકે તાપસોની અપ્રીતિનું વારણ કરવા માટે પ્રભુ મહાવીર સ્વામીએ ચોમાસામાં પણ વિહાર કરી દીધો.॥૪॥ આડોશ પાડોશને અપ્રીતિ ન કરવી એટલું જ નહીં, પણ-

સ્વજનાદિ સંબંધ રહિત એવા પણ આસપાસમાં જે લોકો રહેતા હોય તેઓને'ય દાનાદિથી અનુકૂળ કરવા - આવર્જિત કરવા. ભગવાન્ પ્રત્યેની ભક્તિથી થયેલી આવી ઉદારતાના યોગે શુભાશય સ્ફીત થવાથી જીવોને બોધિની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.॥૫॥ [ભૂમિ અંગેની વિધિ દેખાડ્યા બાદ ભીંત અંગેની વિધિ દેખાડતાં ગ્રન્થકાર કહે છે–]

ઇંટ-પાષાણ વગેરે સુંદર ગુણોપેત વાપરવા. દેવતા વગેરેના ઉપવનમાંથી પ્રયત્નપૂર્વક લવાયેલું, લક્ષણયુક્ત અને ખદિરાદિની જેમ સ્થિર - સારવાળું લાકડું વાપરવું. બળદ વગેરેની, બહુભાર લાદવો- અન્ન પાણી વહેલાં મોડાં આપવા વગેરે- પીડાનો પરિહાર કરવો. ઇંટ વગેરે યોગ્ય મૂલ્યનું વિતરણ કરીને ખરીદવું. તે પણ પૂર્ણકલશ વગેરે શુભશુકન પૂર્વક ખરીદવું એ હિતકર નીવડે છે. અને આ શુભશુકન ચિત્તોત્સાહને અનુસરનાર હોય છે એ જાણવું. અર્થાત્ પૂર્ણકલશ વગેરે બાહ્યશુકન છે અને અંદરથી ચિત્તનો ઉત્સાહ એ આંતરિકશુકન છે. [આ

मूल्यौचित्येन ग्राह्यं तत्कारिवर्गतः। तद्ग्रहणं च पूर्णकलशादिसुशकुनपूर्वं श्रेयः, सुशकुनश्च चित्तोत्साहानुग इति भावनीयम्।।६।।

भृतका अपि सन्तोष्याः स्वयं प्रकृतिसाधवः।
धर्मो भावेन न व्याजाद्धर्ममित्रेषु तेषु तु।।७।।

भृतका इति। स्वयं प्रकृतिसाधव एव भृतका नियोज्याः। तेऽपि सन्तोष्याः, तेषामपि धर्मनिमित्तत्वेन धर्ममित्रत्वात्तेषु वञ्चनविरहितभावेनैव धर्मोपपत्तेः।।७।।

स्वाशयश्च विधेयोऽत्रानिदानो जिनरागतः।
अन्यारंभपरित्यागाज्जलादियतनावता।।८।।

स्वाशयश्चेति। स्वाशयश्च = शुभाशयश्च विधेयोऽत्र = जिनभवनकृत्येऽनेनालंवनत्वाख्यविषयतया शुद्धिरभिहिता, अनिदानः = निदानरहितो जिनरागतः = भगवद्भक्तेः, अनेनोद्देश्यत्वाख्यविषयतया शुद्धिरभिहिता। अन्येषां = गृहादिसम्बन्धिनामारंभाणां परित्यागात्। जलादीनां या यतना स्वकृतिसाध्य-

---

ઉપરાંત ગ્રન્થકારે ષોડશકની વૃત્તિમાં ગુરુવચનાનુગતત્વનો પણ ઉપલક્ષણથી અહીં સમાવેશ કર્યો છે એ જાણવું. એટલે કે બાહ્યશુકન, આંતરિક ઉત્સાહ અને ગુરુવચન એ ત્રણેને અનુસરીને થયેલ કાર્ય શીઘ્ર સિદ્ધ થાય છે એ જાણવું. (આ વાત યો. બિ. ૨૩૨ માં તેમજ ૧૪ મી બત્રીશીના ૨૭ માં શ્લોકમાં પણ છે.)]॥૬॥ [કાચા માલ સામાન અંગેની વિધિ બાદ હવે નોકર-મજૂરો અંગેની વિધિ જણાવવા ગ્રન્થકાર કહે છે—]

જેઓ સ્વભાવથી જ સજ્જન પ્રકૃતિના હોય તેવા નોકરો રાખવા. તેઓને પણ 'તમે પણ આ મંદિર નિર્માણમાં સહાયક છો' ઇત્યાદિ રૂપ વચનની ઉદારતાથી અને યોગ્ય વેતન આપવાની આર્થિક ઉદારતાથી સંતોષ આપવો. ધર્મમાં નિમિત્ત બનનારા હોઇ તેઓ પણ ધર્મ મિત્ર રૂપ હોય છે. એટલે તેઓ પ્રત્યે નિષ્કપટ રહેવું. [કારણ કે નિષ્કપટ પ્રવૃત્તિમાં રહેલ શુદ્ધ આશયથી જ ધર્મ થાય છે.]॥૭॥ [જિનમંદિર નિર્માણ અંગેની બાહ્યવિધિ દેખાડ્યા બાદ હવે નિર્માતાની આંતરિક વિધિ દેખાડવા ગ્રન્થકાર કહે છે—]

આ જિનમંદિર કૃત્ય અંગે સ્વાશય = શુભાશય ઊભો કરવો. આના દ્વારા આલંબનત્વાખ્ય વિષયતારૂપે શુદ્ધિ કહી. આ શુભાશય ભગવદ્ભક્તિથી નિયાણાં રહિત કરવો. એટલે કે 'જિનમંદિર નિર્માણ એ ગૃહસ્થોનું કર્તવ્ય છે' આવા ભગવદ્ ભક્તિભાવથી આ કાર્ય કરવું, આ કરતી વખતે ઐહિકાદિફળની અભિલાષા રાખવી નહીં. આનાથી ઉદ્દેશ્યત્વાખ્યવિષયતા રૂપે શુદ્ધિ કહી. વળી સ્વપ્રયત્નથી જીવોની પીડાનો જેટલો પરિહાર શક્ય હોય એટલો પરિહાર કરવા રૂપ જયણાવાળા રહીને તેમજ ઘર વગેરે સંબંધી આરંભોનો ત્યાગ કરીને પણ શુભભાવ ઊભો કરવો. આનાથી સાધ્યત્વાખ્યવિષયતા રૂપે શુદ્ધિ કહી. [આશય એ છે કે જિનભવન નિર્માણાદિનો ઉદ્દેશ પ્રભુભક્તિ કરવાનો છે, એટલે "જિનભવનનિર્માણ કરીશ તો મારું નામ રહી જશે... વાહ-વાહ થશે..." વગેરે ભાવો ન રાખતાં "જિનભવન નિર્માણ કરીશ તો ઉત્તમ પ્રભુભક્તિનો લાભ મળશે..." વગેરે ભાવ રાખવો એ ઉદ્દેશ્યતા સંબંધી શુદ્ધિ દ્વારા થયેલી આશયશુદ્ધિ છે. પ્રભુભક્તિ માટે જિનમંદિર (ઉપલક્ષણથી જિનપ્રતિમા) આલંબનરૂપ છે. (જિનમંદિર-મૂર્તિના આલંબને પ્રભુભક્તિ થાય છે.) એમાં કોઇ નિયાણું ન કરવું એ આલંબન સંબંધી શુદ્ધિ દ્વારા થયેલી આશય શુદ્ધિ છે. જિનમંદિર નિર્માણાદિ કાર્યમાં પણ ગૃહ વગેરે સંબંધી આરંભાદિનો ત્યાગ કરવા દ્વારા અને ઉપયુક્ત જળ વગેરે સંબંધી જયણા પાળવા દ્વારા દયા

जीवपीडापरिहाररूपा तद्वता, अनेन साध्यत्वाख्यविषयतया शुद्धिरभिहिता ।।८।।

इत्थं चैषोऽधिकत्यागात्सदारंभः फलान्वितः ।
प्रत्यहं भाववृद्ध्याप्तैर्भावयज्ञः प्रकीर्तितः ।।९।।

इत्थमिति । इत्थं च = यतनावत्त्वे चैषः = प्रकृत आरंभोऽधिकत्यागान्निष्फलाधिकारंभनिवृत्तेः फलान्वितः = श्रेयःफलयुक्तः सदारंभः प्रत्यहं = प्रतिदिवसं भाववृद्ध्या = कृताकृतप्रत्युपेक्षणादिशुभाशयानुबन्धरूपयाऽऽप्तैः साधुभिर्भावयज्ञः = भावपूजारूपः प्रकीर्तितः । तदाह '[1]एतदिह भावयज्ञः' [षो. ६/१४] इति । न चैवं द्रव्यस्तवव्यपदेशानुपपत्तिः, द्रव्यभावयोरन्योऽन्यसमनुवेधेऽपि द्रव्यप्राधान्येन तदुपपादनादिति द्रष्टव्यम् ।।९।।

जिनगेहं विधायैवं शुद्धमव्ययनीवि च ।
द्राक् तत्र कारयेद्बिंबं साधिष्ठानं हि वृद्धिमत् ।।१०।।

जिनगेहमिति । अव्ययनीवि = परिपालनसंवर्धनद्वाराऽहीयमानमूलधनम् ।।१०।।

સાધવાની છે માટે એ સાધ્ય છે. એટલે આ આરંભત્યાગ- જયણા રાખવી વગેરેને સાધ્ય સંબંધી શુદ્ધિ દ્વારા થયેલી આશયશુદ્ધિ જાણવી. આમ ત્રણેય રીતે શુભ આશય કેળવવો એવું જણાવવાનો અહીં આશય લાગે છે.]।।८।। [આ બધી વિધિના પાલનથી શું થાય છે? તે હવે ગ્રન્થકાર જણાવે છે–]

આ રીતે જયણાયુક્ત રહેવામાં નિરર્થક વધારાના આરંભથી બચવાનું થાય છે. એટલે જયણાપૂર્વકનો જિનમંદિર નિર્માણનો આ પ્રસ્તુત આરંભ એ હિતકર ફળયુક્ત સદારંભ રૂપ બને છે. આ શુભાશયની 'આટલું કાર્ય થઇ ગયું છે, આટલું બાકી છે' ઇત્યાદિ નિરીક્ષણ દ્વારા 'જિનમંદિરના દર્શન કરીને અનેક જીવો સુગતિ પામ્યા છે અને ભવિષ્યમાં પામશે' ઇત્યાદિ રૂપે રોજ વૃદ્ધિ કરતાં રહેવું. આ રીતે વિધિપૂર્વક ભાવવૃદ્ધિથી કરાયેલ જિનમંદિરને આપ્તજનોએ = સાધુઓએ ભાવયજ્ઞ = ભાવપૂજા તરીકે ઉદ્ઘોષિત કર્યું છે. છટ્ઠા ષોડશકની ૧૪ મી ગાથામાં કહ્યું છે કે 'સદ્ગૃહસ્થ માટે આ જિનમંદિર લોકમાં ભાવયજ્ઞ છે.'

શંકા - આ જો ભાવપૂજારૂપ છે તો એને 'દ્રવ્યસ્તવ' કહેવો એ અસંગત બની જશે.

સમાધાન - સંપૂર્ણ સૂત્રોક્તાચારપાલન રૂપ ભાવસ્તવના કારણભૂત હોઇ આ દ્રવ્યસ્તવ છે. વળી શુભાશય વગેરે ભાવથી સંકળાયેલ હોઇ એ ભાવપૂજા રૂપ પણ છે. આમ દ્રવ્ય અને ભાવ બન્ને અન્યોન્ય સંકળાયેલા હોવા છતાં 'દ્રવ્ય' નું જ પ્રાધાન્ય હોઇ એનો 'દ્રવ્યસ્તવ' તરીકે ઉલ્લેખ સંગત ઠરી શકે છે એ જાણવું.।।૯।। [આ પ્રમાણે જિનાલય તૈયાર થયા પછી શું કરવું? તે હવે ગ્રન્થકાર જણાવે છે–]

આ રીતે જિનાલય નિર્મિત કરી તેની સારસંભાળ સાધુઓને ન ભળાવી દેવી. કિન્તુ ગૃહસ્થે સ્વયં કરવી. એ માટે અવ્યયનીવિની વ્યવસ્થા કરવી. એટલે કે ધનની એવી વ્યવસ્થા કરવી કે જેથી રાખવામાં આવેલી એ મૂડીનું પરિપાલન અને સંવર્ધન થયા કરે પણ એમાં ઘટાડો ન થાય. એ પછી એ જિનાલયમાં શીઘ્ર જિનબિંબ કરાવવું. (વિધિપૂર્વક ઘડાવીને પધરાવવું.) કારણકે અધિષ્ઠિત થયેલું તે જિનાલય વૃદ્ધિ પામે છે. [તે પણ એટલા માટે કે જિનબિંબ નિર્માણાદિ જન્ય પુણ્ય જિનાલયની વૃદ્ધિનું કારણ છે.]।।૧૦।। જિનબિંબના નિર્માણનો વિધિ જણાવે છે–

---

१ एतदिह भावयज्ञः सद्गृहिणो जन्मफलमिदं परमम् । अभ्युदयाव्युच्छित्त्या नियमादपवर्गबीजमिति ।। षो. ६/१४ ।।

विभवोचितमूल्येन कर्तुःपूजापुरःसरम्।
देयं तदनघस्यैव यथा चित्तं न नश्यति।।११।।

विभवेति। पूजा भोजनपत्रपुष्पफलादिना। अनघस्य = अव्यसनस्य। एवकारेण स्त्रीमद्यद्यूतादिव्यसनिनो निषेधः। यथा = येन प्रकारेण चित्तं न नश्यति = कारयितृवैज्ञानिकयोः कालुष्यलक्षणश्चित्तनाशो न भवति। प्रतिषिद्धो ह्येष धर्मप्रक्रमेऽमंगलरूपस्तत्त्वज्ञैरिति।।११।।

यावन्तश्चित्तसन्तोषास्तदा बिंबसमुद्भवाः।
तत्कारणानि तावन्तीत्युत्साह उचितो महान्।।१२।।

यावन्त इति। तदा = विंबकारणे। तावन्ति, तावद्विंबकारणसाध्यफलोदयात्।।१२।।

तत्कर्तरि च याऽप्रीतिस्तत्त्वतः सा जिने स्मृता।
पूर्या दौर्हृदभेदास्तज्जिनावस्थात्रयाश्रयाः।।१३।।

तत्कर्तरि चेति। तत्कर्तरि च = विंबनिर्मातरि च याऽप्रीतिः सा तत्त्वतः = फलतो जिने स्मृता, तदालंबनकाया अपि तस्या जिनोद्देशकत्वात्। सा च सर्वापायहेतुरिति तत्परिहारे यत्नो विधेयः। तदाह-

अप्रीतिरपि च तस्मिन् भगवति परमार्थनीतितो ज्ञेया।

[जिनबिंब निर्माणविधि]

शुभमुहूर्त्ते भोजन, पत्र, पुष्प, पांच फळ, वगेरे वडे पूजा = सत्कारादि करवा पूर्वक स्वविभवोचित मूल्यनुं अर्पण करीने स्त्रीलंपटता, मद्य, जुगार वगेरे व्यसनोथी मुक्त एवा शिल्पीने जिनबिंब घडवा माटे आपवुं. बिंब भरावनार पोते अने शिल्पी ए बंनेना चित्तनो कलुषितता थवा रूप नाश न थाय ए रीते बिंब घडावबुं. कारणके धर्मनी बाबतमां चित्तक्लेश ए अमंगलरूप होइ तत्त्वज्ञो वडे एनो निषेध करायेलो छे.॥११॥ [जिनबिंब घडावबामां भावनुं ज प्राधान्य छे ए जणावबा कहे छे—]

बिंब भरावती वखते ए बिंब संबंधी जेटला चित्तमां प्रीतिविशेष = भक्ति- अहोभावना भावो उछाळा मारे छे एटला ते बिंबना कारणो जाणवा, कारणके ते बिंब भरावबाना एटला प्रमाणमां फळो मळे छे. फळप्राप्ति भावानुसारे होवाथी बिंब भरावबामां सानुबंध प्रीतिविशेष केळवबी ए तात्पर्य छे.॥१२॥ [चित्तविनाशनो निषेध जे पूर्वे कर्यो हतो तेनुं पुष्टकारण पूर्वार्द्धमां दर्शावी उत्तरार्द्धमां प्रीतिविशेषनी उत्पत्तिनी विधि दर्शावता ग्रन्थकार कहे छे—]

बिंब घडनार शिल्पी पर्नी अप्रीति ए तत्त्वतः = फळतः श्रीजिनपरनी अप्रीति रूप ज समजबी, केमके शिल्पी विशे थयेली ते पण श्री जिनोद्देशक ज छे. श्री जिन विशेनी अप्रीति तो सर्व अपायोना कारणभूत छे. एटले तेनो परिहार करबामां प्रयत्नशील रहेबुं जोइए. ७ मा षोडशकनी ७ मी गाथामां कह्युं छे के "शिल्पी पर करती अप्रीति कारणारुचि कार्यारुचिमूलक होय छे एवा परमार्थ न्याये भगवान् परनी अप्रीति रूप जाणबी. आ अप्रीति सर्वअपायोनुं निमित्त कारण छे. माटे ए करबी नहीं." आम शिल्पी परनी अप्रीति सर्वथा परिहार्य होवाथी श्रीजिननी त्रण अवस्थाने अनुसरीने दोहद = मनोरथो पूरवा. आशय ए छे के शिल्पी स्वयं बाळ, कुमार के युवान छे एने गौण करीने प्रभुनी ए त्रण अवस्थानुसारे शिल्पीना चित्तमां

सर्वापायनिमित्तं ह्येषा पापा न कर्तव्या।। [षो. ७/७] तत् तदप्रीतेः सर्वथा परिहार्यत्वात् दौर्हृदभेदाः = शिल्पिगता वालकुमारयुवलक्षणावस्थात्रयगामिनो मनोरथा तदवस्थात्रयमनादृत्य जिनावस्थात्रयाश्रयाः प्रतिमागतावस्थात्रयोद्भावनेन मनसोत्थापिताः सन्तः पूरणीयाः क्रीडनकाद्युपढौकनादिना, इत्थमेव भगवद्भक्तिप्रकर्षोपपत्तेः। यदाह [षो. ७/८-९]

अधिकगुणस्थैर्नियमात् कारयितव्यं स्वदौर्हृदैर्युक्तम्।

न्यायार्जितवित्तेन तु जिनबिंबं भावशुद्धेन।।

अत्रावस्थात्रयगामिनो बुधैर्दौर्हृदाः समाख्याता बालाद्याश्चैत्ता यत्तत्क्रीडनकादि देयमिति।।१३।।

तेवा तेवा मनोरथो जे ઊભा थाय छे तेने पूरवा माटे शिल्पीनी आगळ रमકડां वगेरे धरवा. आ रीते ज प्रभुभक्तिनो प्रકर्ष संपन्न थाय छे. सातमां षोडशकनी ८ मी/९ मी गाथामां कह्युं छे के "अधिकगुणस्थ = भगवानमां रहेल अवस्थाने अनुसारे शिल्पीगत स्वमनोरथोथी युक्त એવું જિનબિંબ ભાવશુદ્ધ ન્યાયોપાત્ત धनथी घडाववुं. आ जिनबिंब घडाववाना प्रकरणमां तज्ज्ञोએ बाળवगेरे त्रण अवस्था ભાવી शिल्पीना चित्तगत मनोरथो कह्या छे. माटे शिल्पीने रमકડां वगेरे आपवा." [आ श्लोकनो अभिप्राय आवो लागे छे - प्रतिमा घडनार शिल्पी बाल्य, युवान के वृद्ध कोઇपण ઉંમરનो होय शके छे. श्री वજસ્વામીનો प्रसंग 'वयः क्रीडति, न वજ्रः' थी જણાय छे के बाળ सहज चेष्टा-वृत्ति-रुचि वगेरे, शिल्पકળામાં विशारदता केળवी होय એવા પણ बाળ शिल्पीने संभवित होय छे. એટલે એને बाળકની रुचिने अनुરૂप रमકડां वगेरे आपवाथी એની प्रसन्नता वधे. अने तेथी प्रतिमा वधारे प्रભावपूर्ण बने. એ જ रीते शिल्पी युवान होय के वृद्ध होय तो ते ते वयमां જેવી रुचि होय એને अनुરૂप चीज वस्तु એને अर्पण करवाथी એની प्रसन्नता वधवा द्वारा प्रतिमा वधारे प्रભावक बने. शिल्पी युवान् के वृद्ध होय ने એને रमકડां आपवामां आवे तो तो એને अपमान वगेरे लागवाथी अप्रीति थाय જે अंततो गत्वा प्रभुप्रत्येनी अप्रीतिरૂप ठरती होवाथी अपायકारક छे. એટલે शिल्पीनी જેવી अवस्था होय એને अनुરૂप अनिन्द्य चीज वस्तुओ आपवानी ज अहीं वात होवी योग्य लागे छे.

शंका - पण आ श्लोकनी वृत्तिमां तो 'तदवस्थात्रयमनादृत्य' = शिल्पीनी बाળादि त्रण अवस्थाने गौण करवानुं જણાव्युं छे ने?

समाधान - शिल्पीनी बाल्यावस्थाने शिल्पीनी ज बाल्यावस्था न गणी, प्रभुनी बाल्यावस्था स्वरूप मनथी कल्पी प्रभुने જે ભક્તિભાવથી ઊંચા प्रકारना रमકડां वगेरे अर्पवानुं थाय એવું अर्पण करवानुं જણાववा माटे आ प्रमाणे જણાવેલું જાણવું. જો प्रभुनी बाल्यावस्थाने नજરમાં लाववामां न आवे, तो शिल्पी बाळक छे એમાં आपणने शुं? એને रमકડां आपीशुं तो तो એ रमवामां पडी જશે ने प्रतिमा घडवामां विलंब थशे... वगेरे विचारो आवी रमકડां वगेरेनुं अर्पण न थाय એવું संभवित छे. आवुं न थाय એ माटे, 'बाल्यावस्था तो शिल्पीनी छे ने' એવું न विचारता 'बाल्यावस्था मारा प्रभुनी ज छे' એवुं विचारवुं. - आवा अभिप्रायथी आ, शिल्पीनी अवस्थाने गौण करवानुं જણाव्युं होवुं जोઇએ. आ ज प्रमाणे युवा-वृद्ध अवस्था माटे विचारवुं.]॥१३॥ [ભાવશુદ્ધ धनने જણાववा ग्रन्थकार कहे छे–]

[ભાવશુદ્ધિ અને मन्त्रन्यास]

'स्वधनमां कोઇ पण रीते जो अन्य धन ભળી गयुं होय तो એ अंशथी એને पण पुण्यनी प्राप्ति थाओ'

स्ववित्तस्थेऽन्यवित्ते तत्पुण्याशंसा विधीयते।
मंत्रन्यासोऽर्हतो नाम्ना स्वाहान्तः प्रणवादिकः।।१४।।

स्ववित्तस्थ इति। स्ववित्तस्थे कथंचित्स्वधनान्तःप्रविष्टे परवित्ते सति तस्य = परस्य पुण्याशंसा 'अत्रस्थात्परधनांशात्परस्यापि पुण्यं भवत्वि'तीच्छारूपा विधीयते, एवं हि परकीयवित्तेन स्ववित्तानुप्रविष्टेन पुण्यकरणानभिलाषाद्भावशुद्धं न्यायार्जितं वित्तं भवतीति। तदिदमुक्तं[षो. ७/१०]

यद्यस्य सत्कमनुचितमिह वित्ते तस्य तज्जमिह पुण्यम्।

भवतु शुभाशयकरणादित्येतद्भावशुद्धं स्यात्।। इति। तथाऽर्हतोऽधिकृतस्य नाम्ना मध्यगतेन प्रणवादिकः स्वाहान्तश्च मंत्रन्यासो विधीयते, मननत्राणहेतुत्वेनास्यैव परममंत्रत्वात्।

यदाह-मन्त्रन्यासश्च तथा प्रणवनमःपूर्वकं च तन्नाम।

मंत्रः परमो ज्ञेयो मननत्राणे ह्यतो नियमात्।।[षो. ७/११] इति।।१४।।

हेमादिना विशेषस्तु न बिंबे किन्तु भावतः।
चेष्ट्या स शुभो भक्त्या तन्त्रोक्तस्मृतिमूलया।।१५।।

हेमादिनेति। हेम = सुवर्णमादिना रत्नादिग्रहस्तेन तु न विशेषः कश्चन विंबे, किन्तु भावतः =

આવો શુદ્ધ ભાવ રાખવો. એથી સ્વધનપ્રવિષ્ટ અન્યના ધનથી પુણ્ય કરી લેવાનો અભિલાષ ન રહેવાથી ન્યાયાર્જિત ધન ભાવશુદ્ધ બને છે. ષોડશક (૭/૧૦) માં કહ્યું છે કે "આ મારા ધનમાં જે અન્યનું સ્વીકાર અયોગ્ય ધન આવી ગયું હોય તેનાથી થયેલ પુણ્ય તેને મળો, આ પ્રમાણે શુભાશય કરવાથી આ ન્યાયાર્જિત ધન ભાવશુદ્ધ બને છે." જિનબિંબ ઘડાવવાની આ પણ એક વિધિ છે કે અધિકૃત તીર્થંકરદેવના નામથી મન્ત્રન્યાસ કરવો. એ મંત્રમાં નામ મધ્યમાં હોય છે. પ્રારંભે પ્રણવ = ૐ અને અંતે 'સ્વાહા' શબ્દ જાણવો. (એટલે કે ૐ ઋષભાય સ્વાહા વગેરે મન્ત્રન્યાસ કરવો.) આનાથી મનન અને ત્રાણ નિયમતઃ થતા હોવાથી આ જ શ્રેષ્ઠમંત્રરૂપ છે. ષોડશક (૭/૧૧) માં કહ્યું છે કે "તથા પ્રણવ અને નમઃ પૂર્વકના અધિકૃત પ્રભુના નામ રૂપ મન્ત્રનો ન્યાસ કરવો. એટલે કે 'ૐ નમઃ ઋષભાય ' એવો મન્ત્રન્યાસ કરવો. આ પરમ મંત્ર છે, કારણકે આનાથી અવશ્ય મનન અને ત્રાણ થાય છે." [આમ, 'ૐ ઋષભાય સ્વાહા' કે 'ૐ નમઃ ઋષભાય' આ બન્ને પ્રકારના મન્ત્રો ચાલે એવું લાગે છે કારણકે પ્રસ્તુત ગ્રન્થમાં સ્વાહા જણાવેલ છે ને ષોડશકમાં નમઃ જણાવેલ છે. તેમજ પ્રસ્તુતગ્રન્થમાં ૐ ને સ્વાહાની મધ્યમાં પ્રભુનામ હોવાનું જણાવેલ છે જ્યારે ષોડશકમાં 'ૐ નમઃ' એવા બે શબ્દ પૂર્વક પ્રભુ નામનો ન્યાસ કરવાનું કહ્યું છે.

શંકા - જો ષોડશકમાં કહેલો મન્ત્ર જુદા આકારનો છે તો એને સાક્ષીપાઠ તરીકે શા માટે રજુ કર્યો?

સમાધાન - અહીં મન્ત્રના શબ્દો અંગે આ સાક્ષીપાઠ ન જાણવો, પણ, પ્રભુના નામ યુક્ત મન્ત્રન્યાસ કરવો, એ મનન અને ત્રાણ કરનાર હોવાથી પરમ મંત્ર છે... આટલા અંશમાં જ આ સાક્ષીપાઠ જાણવો.]।।૧૪।। [રત્ન, સુવર્ણ વગેરે બહુમૂલ્ય ચીજથી બિંબ બનાવવામાં વધુ લાભ થાય છે કે ભાવવિશેષથી બિંબ બનાવવામાં? એવી જિજ્ઞાસાને સંતોષવા ગ્રન્થકાર કહે છે–]

પાષાણનું બનાવો, સોનાનું બનાવો કે રત્નનું બનાવો એનાથી બિંબમાં કોઇ ફેર પડતો નથી, કિંતુ ભાવથી ફેર પડે છે. [આ નિશ્ચયનયે કથન જાણવું. પણ ભાવ પ્રગટ થવામાં બહુધા દ્રવ્ય કારણ બને છે. તેથી જેમ

परिणामात्। स परिणामस्तन्त्रोक्तस्मृतिमूलया = आगमवचनस्मरणपूर्विकया चेष्ट्या = प्रवृत्त्या शुभो भवति, भक्तिबहुमानविनयादिलिंगानामागमानुस(स्म)रणमूलत्वात्। तदिदमाह[षो. ७/१२-१३]

बिंबं महत् सुरूपं कनकादिमयश्च यः खलु विशेषः।
नास्मात्फलं विशिष्टं भवति तु तदिहाशयविशेषात्।।
आगमतंत्रः सततं तद्वद्भक्त्यादिलिंगसंसिद्धः।
चेष्टायां तत्स्मृतिमान् शस्तः खल्वाशयविशेषः।।इति।।१५।।

लोकोत्तरमिदं ज्ञेयमित्थं यद्बिंबकारणम्।
मोक्षदं लौकिकं चान्यत् कुर्यादभ्युदयं फलम्।।१६।।

लोकोत्तरमिति। इत्थं = आगमोक्तविधिस्मृतिगर्भचेष्टाशुद्धेन यद्बिंबकारणमिदं लोकोत्तरं मोक्षदं च ज्ञातव्यम्। अन्यच्च = उक्तविपरीतं च बिंबकारणं लौकिकं सदभ्युदयं फलं कुर्यात्। पूर्वस्मिन्नभ्युदयस्या-

---

वधु કીમતી ચીજ વાપરીએ એમ બહુધા વધુ શુભ ભાવ પ્રગટે છે. વળી ભાવ સ્વયં તો દુર્લક્ષ છે. એટલે વ્યવહાર નય એમ માને છે કે પાષાણ કરતાં સોનાનું અને સોના કરતાં રત્નનું બિંબ બનાવવામાં ફળ વધુ વધુ મળે છે. અથવા બિંબ નિર્માણકાળે અંતરના ભાવો જેટલા વધુ શક્ય બને એટલા વધુ પ્રભુ પ્રત્યેની ભક્તિના ઉછાળાઓથી રસાયેલા હોવા આવશ્યક છે એ વાત પર જોર આપવા માટે આ રીતનું કથન જાણવું. બાકી ગ્રન્થકારે સ્વયં ષોડશક ૭-૧૩ ની વૃત્તિમાં કહ્યું છે કે "વિશિષ્ટ પ્રકારનો ભક્તિભાવ ઉભરાવવામાં નિમિત્ત બનવા રૂપે બાહ્યવિશેષ પણ આદરણીય છે જ. **વ્યવહારભાષ્યમાં** કહ્યું છે કે –

'लक्खणजुत्ता पडिमा पासाइआ समत्तलंकारा।
पल्हायइ जह व मणं तह णिज्जरमो वियाणाहि।।

લક્ષણયુક્ત, આલ્લાદક, સમસ્ત અલંકારથી વિભૂષિત પ્રતિમા મનને જેવો (= જેટલા પ્રમાણમાં) પ્રલ્લાદ કરે એટલી નિર્જરા જાણવી."]

આ ભાવ = પરિણામ આગમવચનના સ્મરણપૂર્વક કરાતી પ્રવૃત્તિથી સંપન્ન થતી ભક્તિના પ્રભાવે શુભ થાય છે, કારણકે ભક્તિ, બહુમાન, વિનય વગેરે લિંગો આગમાનુસ્મરણ મૂલક છે. તે પણ એટલા માટે કે આગમાનુસારી આરાધક સતત આગમદાતાં ભગવાન પરના ભક્તિ વગેરે લિંગોથી નિશ્ચિતપણે સંસિદ્ધ હોય છે. ષોડશક (૭/૧૨-૧૩) માં કહ્યું છે કે 'પ્રતિમા મોટી, સુંદર આકૃતિવાળી કે કનકાદિમય હોવી... આવી બધી જે કોઇ વિશેષતા હોય છે તેનાથી વિશિષ્ટફળ નથી મળતું, કિન્તુ આશયવિશેષથી વિશિષ્ટ ફળ મળે છે. આગમાનુસારી જીવ નિરંતર આગમવાન્ પરની ભક્તિ-વિનય-બહુમાન વગેરે લિંગોથી આલિંગિત હોય છે. આવા લિંગોથી આલિંગિત હોવું તે તેમજ પ્રવૃત્તિ વખતે આગમસ્મરણ રહ્યા કરવું એ, આ બધું પ્રશસ્ત આશયવિશેષ છે.॥૧૫॥ [ઉક્ત વિધિ પૂર્વક તેમજ તેનાથી શૂન્ય પણે જે બિંબ ભરાવવામાં આવે છે તેના નામ ભેદ અને ફળ ભેદને કહેવાની ઇચ્છાવાળા ગ્રન્થકાર કહે છે–]

આમ આગમોક્તવિધિના સ્મરણથી ગર્ભિત ચેષ્ટાથી શુદ્ધ થયેલ આશયથી જે બિંબ ભરાવવામાં આવે છે તે લોકોત્તર હોય છે અને મોક્ષદાતા હોય છે. આનાથી વિપરીતપણે જે બિંબ ભરાવવામાં આવ્યું હોય છે તે લૌકિક હોય છે અને સ્વર્ગ વગેરે અભ્યુદયફળ આપનારું હોય છે. એમ તો પ્રથમ લોકોત્તર બિંબથી પણ સ્વર્ગાદિરૂપ શ્રેષ્ઠ અભ્યુદય થાય છે, પણ એ ગૌણ રૂપે થાય છે જ્યારે લૌકિકબિંબથી એ મુખ્ય રૂપે થાય છે.

नुषङ्गिकत्वं, अत्र च मुख्यत्वमिति विशेषः। तदिदमुक्तं-

एवंविधेन यद्बिंबकारणं तद्वदन्ति समयविदः।
लोकोत्तरमन्यदतो लौकिकमभ्युदयसारं च।।
लोकोत्तरं तु निर्वाणसाधकं परमफलमिहाश्रित्य।
अभ्युदयोऽपि हि परमो भवति त्वत्रानुषंगेण।।[षो. ७/१४-१५]।।१६।।

इत्थं निष्पन्नबिंबस्य प्रतिष्ठाप्तैस्त्रिधोदिता।
दिनेभ्योऽर्वाग्दशभ्यस्तु व्यक्तिक्षेत्रमहाह्वयाः।।१७।।

इत्थमिति। इत्थं = उक्तविधिना निष्पन्नस्य बिंबस्य प्रतिष्ठाऽऽप्तैः = शिष्टैस्त्रिधोदिता दशभ्यस्तु = दशभ्य एव दिनेभ्योऽर्वाक् '[1]दशदिवसाभ्यन्तरतः' इत्युक्तेः, व्यक्तिक्षेत्रमहाह्वयाः - व्यक्तिप्रतिष्ठा क्षेत्रप्रतिष्ठा महाप्रतिष्ठा चेति। तत्र वर्तमानस्य तीर्थकृतः प्रतिष्ठा व्यक्तिप्रतिष्ठा। **ऋषभादि**चतुर्विंशति-तीर्थकृतां प्रतिष्ठा च क्षेत्रप्रतिष्ठा। सप्तत्यधिकशतजिनप्रतिष्ठा च सर्वक्षेत्रापेक्षया महाप्रतिष्ठा। तदाह -

व्यक्त्याख्या खल्वेका क्षेत्राख्या चापरा महाख्या च।
यस्तीर्थकृद्यदा किल तस्य तदाद्येति समयविदः।।
ऋषभाद्यानां तु तथा सर्वेषामेव मध्यमा ज्ञेया।
सप्तत्यधिकशतस्य तु चरमेह महाप्रतिष्ठेति।।[षो. ८/२-३]।।१७।।

षोडशक (७/१४-१५) માં કહ્યું છે "ઉક્ત શુભ આશયથી જે બિંબ કરાવાય તેને શાસ્ત્રજ્ઞો લોકોત્તરબિંબ કહે છે. એનાથી ભિન્નબિંબને લૌકિક બિંબ કહે છે અને એ અભ્યુદય ફલક હોય છે. લોકોત્તરબિંબ મુખ્યફળની અપેક્ષાએ નિર્વાણ આપનારું હોય છે. એનાથી આનુષંગિકપણે શ્રેષ્ઠ અભ્યુદય પણ થાય છે."॥૧૬॥ [આ પ્રમાણે બિંબ ભરાવવાની વિધિ દર્શાવ્યા પછી હવે પ્રતિષ્ઠાવિધિને ગ્રન્થકાર જણાવે છે–]

[ત્રિવિધ પ્રતિષ્ઠા]

આ પ્રમાણે ઉક્તવિધિથી બિંબ સંપન્ન થયે એની દશદિવસની અંદર પ્રતિષ્ઠા કરવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે. આ વાત ષોડશકના (૮-૧) '[1]દશદિવસાભ્યન્તરતઃ' વચનથી જણાય છે. તે સંક્ષેપમાં ત્રણ પ્રકારે છે. વ્યક્તિપ્રતિષ્ઠા, ક્ષેત્રપ્રતિષ્ઠા અને મહાપ્રતિષ્ઠા. વર્તમાન તીર્થના સ્થાપક તીર્થંકરની પ્રતિષ્ઠા એ વ્યક્તિપ્રતિષ્ઠા. તે તે ક્ષેત્રમાં થયેલ શ્રીઋષભદેવ વગેરે ૨૪ તીર્થંકરદેવોની પ્રતિષ્ઠા એ ક્ષેત્રપ્રતિષ્ઠા. સર્વક્ષેત્રની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ૧૭૦ જિનની પ્રતિષ્ઠા એ મહાપ્રતિષ્ઠા. ષોડશક (૮/૨-૩) માં કહ્યું છે - એક પ્રતિષ્ઠા 'વ્યક્તિ' નામની, બીજી 'ક્ષેત્ર' નામની અને ત્રીજી 'મહા' નામની છે. જે તીર્થંકર જ્યારે વર્તમાન હોય ત્યારે તેમની પ્રતિષ્ઠા એ વ્યક્તિ પ્રતિષ્ઠા છે. શ્રીઋષભદેવ વગેરે ચોવીશેય જિનની પ્રતિષ્ઠા એ ક્ષેત્રપ્રતિષ્ઠા છે. ૧૭૦ જિનની પ્રતિષ્ઠા એ મહાપ્રતિષ્ઠા છે.॥૧૭॥ [આ પ્રતિષ્ઠા શું છે? એ ગ્રન્થકાર જણાવે છે–]

[સ્વાત્મામાં થતી પ્રતિષ્ઠા જ મુખ્ય હોવામાં પ્રથમ હેતુ]

મુખ્યદેવને ઉદ્દેશ્ય તરીકે રાખીને, વીતરાગતા વગેરે ગુણમય દેવસ્વરૂપનું અવગાહન કરનારી પોતાની બુદ્ધિરૂપ ભાવનું પ્રતિષ્ઠાકારક પોતાના આત્મામાં જે સ્થાપન કરે છે તે મુખ્ય = નિરુપચરિત પ્રતિષ્ઠા છે, કેમકે

---

१ निष्पन्नस्यैवं खलु जिनबिम्बस्योचिता प्रतिष्ठाशु। दशदिवसाभ्यन्तरतः सा च त्रिविधा समासेन।।

देवोद्देशेन मुख्येयमात्मन्येवात्मनो धियः।
स्थाप्ये समरसापत्तेरुपचाराद्बहिः पुनः।।१८।।

देवोद्देशेनेति। देवोद्देशेन = मुख्यं देवमुद्देश्यतया विषयीकृत्यात्मन्येव = कारयितर्येवात्मनः = स्वस्य धियो वीतरागत्वादिगुणावगाहिन्या मुख्या = निरुपचरितेयं = प्रतिष्ठा, स्वार्थाऽवाधात्, प्रतिष्ठाकर्मणा वचननीत्या स्वभावस्यैव स्थापनात्। तदिदमुक्तं–

भवति च खलु प्रतिष्ठा निजभावस्यैव देवतोद्देशात्।
स्वात्मन्येव परं यत्स्थापनमिह वचननीत्योच्चैः।। [षो. ८/४]इति।

એમાં 'પ્રતિષ્ઠા' શબ્દનો અર્થ અબાધિત છે. કારણકે પ્રતિષ્ઠા ક્રિયાથી આગમોક્ત ન્યાયે સ્વકીયભાવની જ સ્થાપના કરવામાં આવે છે. (એટલે કે આવી સ્થાપના એ જ 'પ્રતિષ્ઠા' શબ્દનો અર્થ છે.) **તાત્પર્ય** - શારીરિક કાન્તિથી દીપતા અને તેથી દેવ કહેવાતા દેવલોકમાં વસતા દેવોનો વ્યવચ્છેદ કરવા અહીં 'મુખ્યદેવ' એમ કહ્યું છે. શ્રી અરિહંત પરમાત્મા મુખ્ય દેવ છે. એમને ઉદ્દેશીને એટલે, એમના– ગર્ભકાળથી જ અત્યંત ઉચ્ચ સ્થિતિ, રાજ્ય-ભોગ સામગ્રી પ્રત્યે અનાસક્તિ, નિરતિચાર-ઘોર સાધના, વીતરાગતા-કેવલજ્ઞાન-તીર્થસ્થાપનાનો અનુપમ ઉપકાર વગેરે– શ્રેષ્ઠ ગુણોના આલંબને પોતાના આત્મામાં પણ જે એવા જ વીતરાગતા-કેવલજ્ઞાન વગેરે ગુણો રહેલા છે તેનું અનુસંધાન કરી, આ વીતરાગતા વગેરે ગુણોએ કરીને 'હું સ્વયં તે વીતરાગ છું' આવો ભાવ-અધ્યવસાય-પરિણામ-વિચાર-બુદ્ધિ પ્રકટ થાય છે. આ જ પોતાના આત્મામાં મુખ્ય દેવ-વીતરાગની મુખ્ય પ્રતિષ્ઠા છે, કારણકે 'પ્રતિષ્ઠા' શબ્દનો અર્થ એમાં ઘટી જાય છે. તે પણ એટલા માટે કે આગમમાં જે માર્ગદર્શન આપ્યું છે તદનુસાર સ્વકીય ભાવની સ્વાત્મામાં સ્થાપના કરવી એ જ 'પ્રતિષ્ઠા' શબ્દના અર્થ તરીકે સંગત ઠરે છે. અહીં પણ આવો ભાવ જાણવો – આગળ કહેવાશે એ મુજબ વીતરાગદેવનું પ્રતિમામાં આગમન કે સંનિધાન સંભવિત નથી. એમ, એ વીતરાગદેવનું વીતરાગતા-કેવલજ્ઞાન વગેરે ગુણમય ભગવત્ત્વ સ્વાશ્રયભૂત વીતરાગપ્રભુના આત્માને છોડીને પ્રતિમામાં કે પ્રતિષ્ઠાપકના આત્મામાં આવે એ પણ સંભવિત નથી. પણ વીતરાગના આલંબને, પ્રતિષ્ઠાપકને પોતાના આત્મામાં શક્તિથી (યોગ્યતારૂપે) રહેલા વીતરાગતા વગેરે ગુણો કે જે સ્વયં ભગવત્ત્વ જ છે તેનું અનુસંધાન થવું શક્ય છે. ને એ અનુસંધાનાત્મક ભાવને સ્વાત્મામાં યથાશક્ય સ્થિર કરવો એ શક્ય છે. માટે આવા ભાવને સ્વાત્મામાં સ્થાપવો એ જ વીતરાગની પ્રતિષ્ઠા તરીકે સંભવિત હોવાથી એને જ આગમમાં 'પ્રતિષ્ઠા' કહી છે. અને તેથી આ જ મુખ્ય પ્રતિષ્ઠા છે.

પ્રતિમામાં શક્તિથી પણ વીતરાગતા વગેરે ગુણો રહેલા નથી. માટે એમાં એની જે પ્રતિષ્ઠા કરવામાં આવે છે તે મુખ્ય પ્રતિષ્ઠા નથી પણ ઉપચારથી છે. ષોડશક (૮/૪) માં કહ્યું છે કે "દેવતાના ઉદ્દેશથી પોતાના ભાવની જ સ્વકીય આત્મામાં પ્રતિષ્ઠા થાય છે, કારણ કે આગમોક્ત ન્યાયે સ્વાત્મામાં જ અત્યંત શ્રેષ્ઠ સ્થાપન = પ્રતિષ્ઠા થાય છે."

[ષોડશકની આ ગાથામાં 'ઉચ્ચૈઃ' શબ્દ જે રહ્યો છે તેનું રહસ્યોદ્ઘાટન કરતાં ઉપાધ્યાયજી મહારાજે સ્વવૃત્તિમાં જે જણાવ્યું છે તેનો સાર આ પ્રમાણે છે –

(શાસ્ત્રવચનને અનુસરીને થતું અનુષ્ઠાન એ વચનાનુષ્ઠાન... વચનાનુષ્ઠાનની આવી વ્યુત્પત્તિથી જણાય છે કે શાસ્ત્રને આગળ કરીને આ અનુષ્ઠાન થઇ રહ્યું છે. શાસ્ત્રને આગળ કરવું એટલે વીતરાગને જ આગળ કરવા બરોબર છે. એટલે શાસ્ત્રવિહિત કોઇપણ ક્રિયાકાળે વીતરાગનું સ્મરણ હોય જ છે (તો જ એ

तथेत एव स्थाप्ये वीतरागे समरसापत्तेः, वचनानलक्रियादग्धकर्ममलस्यात्मनो वीतरागत्वलक्षणस्वर्ण-भावापत्तिरूपपरमप्रतिष्ठाया हेतुत्वादप्यस्य मुख्यत्वम्। यदाह–

वीजमिदं परमं यत्परमाया एव समरसापत्तेः।

स्थाप्येन तदपि मुख्या हन्तैषैवेति विज्ञेया।।[षो. ८/५]तथा,

भावरसेन्द्रात्तु ततो महोदयाज्जीवतास्व(?म्र)रूपस्य।

વચનાનુષ્ઠાન બની શકે), ને તેથી એ વખતે વીતરાગના ગુણોનું આત્મામાં સ્થાપન થવું સંભવે છે. (વીતરાગ ગુણમય છે, માટે વીતરાગના-સ્મરણમાં એમના ગુણોનું સ્મરણ અવશ્ય હોવાથી એ ગુણોનું આત્મામાં સ્થાપન થવાનું કહ્યું છે.) એટલે પ્રતિષ્ઠાનું અનુષ્ઠાન શું? કોઇપણ વચનાનુષ્ઠાનકાળે ભગવદ્ગુણોનું સ્વાત્મામાં સ્થાપન સંભવે છે, તો પ્રતિષ્ઠા માટે વિશિષ્ટ અનુષ્ઠાન-વિધાન શા માટે? આવી શંકા ઊઠી શકે છે. એનું સમાધાન એ છે કે તે તે વચનાનુષ્ઠાનાત્મક ક્રિયા જે એક ગુણની સિદ્ધિ માટે (મુખ્યતયા) વિહિત હોય (જેમકે સ્વાધ્યાય જ્ઞાનાવરણીયકર્મને તોડી કેવલજ્ઞાન ગુણની પ્રાપ્તિ માટે, તપ આહારસંજ્ઞાને તોડીને અણાહારીપણાંની પ્રાપ્તિ માટે વગેરે) તે એક ગુણદ્વારા વ્યુત્પન્ન અનુષ્ઠાતાને પરમાત્માની સમાપત્તિ સંભવિત બનાવે છે. જ્યારે પ્રતિષ્ઠાના અનુષ્ઠાનમાં તો સ્થાપનાના ઉદ્દેશથી જ વિધિ થતી હોવાથી, અને સ્થાપનાનો તો ભાવથી સર્વગુણોનો આરોપ એ વિષય હોવાથી, 'સર્વગુણોએ કરીને હું એ વીતરાગ જ છું' એ રીતે પરમાત્માની સ્થાપના થાય છે જે અન્યક્રિયા કરતાં આની ઘણી મોટી વિશેષતા છે.]

[સ્વાત્મામાં થતી પ્રતિષ્ઠા જ મુખ્ય હોવામાં બીજો હેતુ]

આમ સ્વાર્થ અબાધિત હોઇ આ, મુખ્ય પ્રતિષ્ઠા રૂપ છે. વળી આ સ્વભાવસ્થાપનથી જ સ્થાપ્ય વીતરાગમાં સમરસાપત્તિ થતી હોવાથી પણ એ મુખ્ય પ્રતિષ્ઠારૂપ છે. આગમવચનરૂપ અગ્નિની ક્રિયાથી જેનો કર્મમળ બળી ગયો છે તેવા આત્માને વીતરાગત્વરૂપ શુદ્ધ સુવર્ણપણું પ્રાપ્ત થાય છે. આ રીતે મુખ્ય દેવતાના સ્વરૂપની તુલ્યતાની પ્રાપ્તિ થવી એટલે કે સ્વયં વીતરાગ બની જવું એ સ્થાપ્ય વીતરાગની પરમપ્રતિષ્ઠા રૂપ છે. તેનો હેતુ બનતી હોવાથી સ્વભાવસ્થાપના રૂપ પ્રતિષ્ઠા એ મુખ્ય પ્રતિષ્ઠા છે (ઔપચારિક નહીં.) અહીં તાત્પર્ય એ છે કે પોતાના આત્મામાં વીતરાગતાનો દૃઢ ઉપયોગ આત્માથી કથંચિદ્ અભિન્ન હોવાથી આત્મા સ્વરૂપ છે. વળી એ જ્ઞાનાવરણીય કર્મ અને ચારિત્રમોહનીય કર્મના અમન્દક્ષયોપશમ રૂપ છે ને ઉત્તરોત્તર વધુ પ્રબળ ક્ષયોપશમ કરાવવા દ્વારા ક્ષાયિકભાવ તરફ લઇ જનાર છે. એટલે છેવટે આત્મા ક્ષાયિકભાવની વીતરાગતા સર્વજ્ઞતા વગેરે પામે છે. આમ કથંચિદ્ આત્મ દ્રવ્યમય એ ઉપયોગ આત્માને ક્ષાયિક વીતરાગતા રૂપ પરમ રસાપત્તિ કરાવે છે કે જે પણ આત્મદ્રવ્યથી કથંચિદ્ અભિન્ન છે. આમ ઉક્ત દૃઢ ઉપયોગમય આત્મદ્રવ્ય વીતરાગરૂપે પરિણમતું હોવાથી એ દૃઢ ઉપયોગમય સ્થાપના પરમરસાપત્તિનું પરિણામી કારણ બને છે, માટે એ મુખ્ય સ્થાપના છે. જ્યારે પ્રતિમામાં ઉપચારથી થયેલી સ્થાપના વીતરાગભાવનું વધુમાં વધુ નિમિત્ત કારણ બની શકે છે, ઉપાદાનકારણ નહીં, કારણકે પ્રતિમામાં યોગ્યતા રૂપે પણ વીતરાગતા-કેવલજ્ઞાન વગેરે ગુણો રહ્યા હોતા નથી. તેથી પ્રતિમામાં કરેલી સ્થાપના મુખ્ય નથી. ષોડશક (૮/૫) માં કહ્યું છે કે "સ્વકીય ભાવનું જ દેવતાના ઉદ્દેશથી સ્વાત્મામાં જ સ્થાપન કરવું એ પ્રકૃષ્ટ સમરસાપત્તિનું પ્રધાન બીજ છે. વળી બિંબ દ્વારા પણ આવા ભાવનું સ્થાપન ઉક્ત સમાપત્તિનું બીજ બનવું સંભવે છે. એટલે નિજભાવપ્રતિષ્ઠાને જ નિરુપચરિત મુખ્ય પ્રતિષ્ઠા તરીકે જાણવી. તથા ષોડશક (૮/૮-૯) માં કહ્યું છે કે "મુખ્યદેવતા સ્વરૂપના આલંબને થયેલો (વીતરાગત્વાદિનું અવગાહન કરનારો દૃઢ ઉપયોગમય) ભાવ રસેન્દ્ર જેવો છે. તેનાથી પુણ્યાનુબંધી પુણ્ય સ્વરૂપ

कालेन भवति परमा प्रतिवद्धा सिद्धकाञ्चनता।।

वचनानलक्रियातः कर्मेन्धनदाहतो यतश्चैषा।

इतिकर्तव्यतयातः सफलैषाप्यत्र भावविधौ।।[षो. ८-९]**नन्वेवं** प्रतिष्ठाकारयितर्येव प्रतिष्ठोपपादने प्रतिमायां प्रतिष्ठितत्वव्यवहारः, तस्यां च पूजादिफलप्रयोजकत्वं **कथं स्यात्**? अत आह-उपचारात् वहिः = प्रतिमायां पुनरियं = प्रतिष्ठा भवति, यत् **षोडशकवृत्तिकृत्** "वाह्यजिनविंवगता तु प्रतिष्ठा वहिर्निज-

---

विभूति प्राप्त थती होवाथी એ महोदय छे. (रागद्वेषादिग्रस्त आत्मस्वभाव એ तांबु छे.) જેમ सुवर्णरसना संपर्कथी तांबु सुवर्णरूपता पामे छे, तेम ઉક્ત ભાવરસેન્દ્રથી રસાતું आत्मस्वभावरूप तांबु કેટલાક કાળે પરમ = શ્રેષ્ઠ અપ્રતિબદ્ધ = અનુપહત સિદ્ધકાંચનતા = સર્વકર્મમલમુક્ત સિદ્ધાવસ્થારૂપ કાંચનતાને પામે છે. [આ પ્રાપ્તિમાં આવો ક્રમ જાણવો - ભાવરસેન્દ્ર - પુણ્યાનુબંધી પુણ્ય - ઉત્તરોત્તર સાધનાની સુંદર સામગ્રી- ઉત્તરોત્તર शुभ-शुद्ध ભાવો - वीतरागता-केवलज्ञान-मुक्ति] आगम वचन અગ્નિ જેવું છે, તેની नियतव्यापाररूप ક્રિયાથી કર્મરૂપી ઇન્ધનનો દાહ થવાથી આ સિદ્ધ કાંચનતા સંપન્ન થાય છે, માત્ર ભાવરસેન્દ્રથી એ સિદ્ધ કાંચનતા પ્રાપ્ત થઇ જાય છે એવું નથી. બિંબમાં થયેલ પ્રતિષ્ઠા પણ વચનક્રિયારૂપ છે. તેથી એ પ્રતિષ્ઠા ઇન્ધન પ્રક્ષેપાત્મક शुभ व्यापार રૂપ ઇતિકર્તવ્યતા સ્વરૂપ હોવાના કારણે સફળ છે." [આશય એ છે કે તાંબાને सुवर्णरसथी रसवा માત્રથી સો ટચનું સોનુ પ્રાપ્ત થતું નથી, કારણ કે તાંબાનો અંશ ભલે सुवर्ण બન્યો, તાંબામાં જે મેલ-માટી વગેરે ભળેલા હતા એ તો અશુદ્ધિરૂપે હજુ પણ ઊભા જ રહે છે. એ અગ્નિ દ્વારા દૂર થાય છે ને શુદ્ધ सुवर्ण પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુતમાં **શંકા** પડી શકે છે કે, જો શ્રીવીતરાગના આલંબને 'હું પણ તે વીતરાગ જ છું' આવા પ્રગટ થયેલા ભાવને આત્મામાં સ્થાપવો એ પ્રતિષ્ઠા છે ને આ ભાવ જ ભાવરસેન્દ્ર સ્વરૂપ હોવાથી પરમાત્માની સમરસાપત્તિ કરાવનાર છે. તો પ્રતિષ્ઠા માટે આવો ભાવ પ્રગટ કરી સ્થાપી દેવો એટલું જ આવશ્યક છે. એટલે પ્રતિષ્ઠા માટે અન્ય બાહ્ય વિધિવિધાનની શી જરૂર છે? આ શંકાનું **સમાધાન** ઉપરના દૃષ્ટાંત અનુસારે જાણવું. અર્થાત્ આગમવચન સ્વરૂપ અગ્નિના વ્યાપારથી કર્મસ્વરૂપ ઇન્ધન જ્યાં સુધી બળી જતું નથી ત્યાં સુધી, માત્ર ભાવ રસેન્દ્રથી જ વીતરાગતા-કેવલજ્ઞાનાદિ મય આત્માના શુદ્ધસ્વરૂપ સ્વરૂપ સિદ્ધ કાંચનતા સંપન્ન થતી નથી, એટલે અગ્નિ પ્રગટીને મેલ વગેરે બાળવાનું સ્વકાર્ય કરે એ માટે જેમ ઇન્ધન પ્રક્ષેપ આવશ્યક હોય છે, એમ આગમવચન રૂપ અગ્નિને કર્મકચરાને બાળવાના સ્વકાર્ય કરવામાં પ્રવર્તાવવા માટે આગમોક્ત પ્રતિષ્ઠા (= વિધિવિધાન) પણ આવશ્યક છે. આમ સ્વકીય ભાવની જ સ્થાપનાના આ વિધાનમાં બિબગત પ્રતિષ્ઠા ક્રિયા પણ સફળ = સાર્થક છે, નિરર્થક નથી.]

શંકા - આ રીતે પ્રતિષ્ઠાકારકના આત્મામાં જ પ્રતિષ્ઠા થાય છે એવું તમે સિદ્ધ કરો છો તો 'આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે' એવો વ્યવહાર શી રીતે થશે? તેમજ તે પ્રતિમા પૂજા વગેરેના ફળની પ્રાપ્તિમાં પ્રયોજક શી રીતે બનશે?

[પ્રતિમામાં ઉપચરિતભાવરૂપ પ્રતિષ્ઠા]

સમાધાન - નિરુપચરિત રીતે તો સ્વઆત્મામાં જ પ્રતિષ્ઠા થાય છે. ઉપચારથી બહાર = પ્રતિમામાં પ્રતિષ્ઠા થાય છે. ષોડશકના વૃત્તિકાર શ્રીયશોભદ્રસૂરિ મહારાજે (८/४) ની વૃત્તિમાં કહ્યું છે કે "બાહ્ય જિનબિંબાદિમાં નિજભાવના ઉપચાર દ્વારા પ્રતિષ્ઠા થાય છે. મુખ્ય દેવતાના સ્વરૂપના આલંબનવાળો નિજ ભાવ જ 'આ તે જ છે' એવા અભેદઉપચારથી પ્રતિષ્ઠિતત્વની જાણકારીવાળા ભક્તજનને પૂજ્ય બને છે"

भावोपचारद्वारेण, निज एव हि भावो मुख्यदेवतास्वरूपालंवनः 'स एवायमि'त्यभेदोपचारेण विदुषां भक्तिमतां पूज्यतापदवीमासादयती ति"। **न चैवं** तदध्यवसायनाशात्प्रतिमाया अप्रतिष्ठितत्वापत्तिरिति **शंकनीयं**, तन्नाशेऽपि तदाहितस्योपचरितस्वभावविशेषस्यानाशात्। द्विविधो ह्युपचरितस्वभावो गीयतेस्वाभाविक

[प्रतिष्ठितत्वज्ञानथी उल्लसित थयेल भक्ति द्वारा प्रतिमा विशिष्ट पूजाफळनी प्रयोजिका बने छे એ જાણવું.]

[वीतराग प्रभुना आलंबने 'हुं ते ज वीतराग छुं' आवो जे अध्यवसाय प्रतिष्ठापकने ઊભો थाय छे, तेनो, 'आ प्रतिमा माराथी अभिन्न छे' એ रीते (એटले કે प्रतिमामां पण वीतरागता वगेरे गुणो छे એवो) अभेद ઉपचार કरवो એ प्रतिमामां थयेली प्रतिष्ठा छे. तेथी पूजકने 'आ प्रतिमा प्रतिष्ठित छे' એवा ज्ञानथी એ प्रतिमामां ઉपचरित थयेला वीतरागता वगेरे गुणोनुं अनुसंधान थाय छे ने तेथी भक्तिभाव ઉभराय छे જે पूजानुं विशिष्ट ફળ आपे छे. षोડशकनी आ गाथानी જ वृत्तिमां ઉपाध्यયજી महाराजे श्रीहरिभद्रसूरिमहाराजनी पूजा विशिकानी गाथाओनो आधार લઇને બીજી એક હકીકત એ स्पष्ट કरी छे કે - आम प्रतिष्ठा विशिष्ट प्रકारनी भक्ति ઉभરाववा द्वारा ફળદાત्री बने छे એ हકीકत होवाथी જ आ भक्ति જે જે विशेष प्रકारे ઉल्लसित थाय ते ते विशेष प्रકारो आदरणीय-स्वीકार्य छे.. अर्थात् કોઇ पूजકने 'आ प्रतिमा में ભરावी छे' એ रीते तो કो'ક ने 'आ प्रतिमा मारा माता-पिता वगेरेએ ભરावी छे' એ रीते तो वળी अन्यने 'आ प्रतिमा विशिष्ट विधिपूर्वक ભरावेली छे' એ रीते अनुसंधानथी विशिष्ट भक्ति ઉल्लसे छे. तो ક्यारेક शुद्धस्थानमां विशिष्ट विधि-सामग्री विना જ मात्र नवકार द्वारा मनथी स्थापना કरी होय तो पण भक्ति ઉल्लसे छे. એटले आ બધा प्रકारो ફળ आपवामां समर्थ छे ते જાણવું. ટूંકમાં જેને જે रीते विशिष्ट भक्तिभाव अनुभवाय तेने माटे ते प्रકार ઇष्ट छे. सारांश એ જાણવો કે 'में स्थापना કरी छे' वगेरे बुद्धिथी જો विशेष भक्ति ઉभराती होय तो એ ઉचित छे ने જો એ बुद्धिथी ममत्व-કलह वगेरे थता होय तो એ अनुચित छे.]

शंका - आ रीते ઉपचरित भावने જ प्रतिमामां थयेल प्रतिष्ठारूप मानशो तो એ भाव नष्ट थઇ જवाथी प्रतिष्ठा पण नष्ट थઇ જवाना કारणे प्रतिमा अप्रतिष्ठित बनी જशे.

समाधान - એ अध्यवसाय नाश पामी જवा छतां એ अध्यवसायथी थयेल ઉपचरितस्वभावविशेष नाश पामतो न होवाथी आवी शंका કरवी योग्य नथी. ઉपचरितस्वभाव बे प्रકारे કहेवाय छे - स्वाभाविक अने औपाधिक. आमां आद्य = स्वाभाविक ઉपचार परज्ञता-परदर्शકत्व स्वरूप छे. अर्थात्, पर = श्रेष्ठ, तेथी श्रेष्ठज्ञान (= केवलज्ञान) अने श्रेष्ठ दर्शકत्व (= केवलदर्शन) (अने ઉपलक्षणथी वीतरागता वगेरे) नो प्रतिष्ठापक स्व आत्मामां જे ઉपचार કरे छे એ स्वाभाविक ઉपचार छे. प्रतिष्ठापक आत्माना पण केवलज्ञान-केवलदर्शन स्वभावभूत જ छे, अने हजु એ प्रकट थयेला न होवा छतां એवो अध्यवसाय ઊભो કराઇ रह्यो छे माटे એ मौलिक न होवाथी ઉपचार રूप छे, अने छतां स्वभावभूत होवाथी स्वाभाविक ઉपचार રूपे कहेवाय छे. प्रतिमामां केवलज्ञान वगेरे स्वभावभूत न होवा छतां એनो जे अभेद ઉपचार थाय छे ते औपाधिक कहेवाय छे. आ औपाधिक ઉपचार अनेक प्रકारनो होय छे. जेमके नवકार-पंચिंदियथी કराती स्थापना अल्पकालीन होय छे ज्यारे अક्षादिमां विशिष्टविधिथी कराયेली स्थापना, ज्यां सुधी ઉत्थापनविधिपूर्वक એनुं विसर्जन न थाय त्यां सुधी-दीर्घकालीन होय छे. मुख्य देवना आलंबने ઊભो थतो अध्यवसाय नाश पामवाथी, स्वाभाविक ઉपचारરूप मुख्य प्रतिष्ठा भले विनष्ट थाय, पण એना अभेद ઉपचारथी (કे જે ઉपचार औपाधिक ઉपचार स्वरूप छे तेनाथी) प्रतिमामां जे संस्कारविशेष ઊભो थाय छे ते दीर्घકाळ टકी शકतो होवाथी કोઇ

औपाधिकश्च, आद्यः परज्ञतापरदर्शकत्वलक्षणः, अन्त्यश्च विचित्र इति न दोषः।।१८।।

प्रतिष्ठितत्वज्ञानोत्थसमापत्त्या परेष्वपि।
फलं स्याद्वीतरागाणां सन्निधानं त्वसंभवि।।१९।।

प्रतिष्ठितत्वेति। प्रतिष्ठितत्वज्ञानोत्थया = पूर्वपूर्वप्रतिष्ठितत्वप्रतिसन्धानोत्थापितवचनादरभगवद्बहुमानाहितया समापत्त्या परेष्वपि = प्रतिमापूजाकारिष्वपि फलं = विपुलनिर्जरालक्षणं स्यात्। वीतरागाणां

દોષ નથી.॥૧૮॥

[પ્રતિમામાં વીતરાગનું સંનિધાન અસંભવિત]

આ રીતે, વિશેષદેવતાની પ્રતિષ્ઠા નહીં માનશો અને નિજભાવની જ પ્રતિષ્ઠા માનશો તો એ પ્રતિમા પૂજનનું ફળ પૂજકને શી રીતે મળશે? કેમકે વિશેષદેવતા તો ત્યાં છે નહીં. મંત્રસંસ્કારાદિથી વિશેષ દેવતાને જ ત્યાં પ્રતિષ્ઠિત થયેલા માનો તો તો એના જ પ્રભાવે ફળપ્રાપ્તિ સંગત થઇ જાય. આવી શંકાનું સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે–

પ્રતિષ્ઠિતત્વ જ્ઞાનથી થયેલ સમાપત્તિથી પ્રતિમાપૂંજકોને પણ વિપુલનિર્જરારૂપ ફળ પ્રાપ્ત થાય છે. વીતરાગોનું સંનિધાન અસંભવિત છે.

[જે પૂજકે પૂજ્યમાન પ્રતિમાની પ્રતિષ્ઠાવિધિ નિહાળી નથી એને 'આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે' એવું અનુસંધાન સીધેસીધું થઇ શકતું નથી. પણ, એ અન્ય પૂજકને પૂજા કરતો જોઇ એ પૂજકમાં રહેલા આવા અનુસંધાનનું અનુમાન કરે છે. વળી એ પૂજકે પણ આ જ રીતે પોતાની પૂર્વમાં કોઇ પૂજકની પૂજા જોઇને આવું અનુમાન કર્યું હોય છે. આમ પૂર્વ પૂર્વની પૂજાની પરંપરા દ્વારા પ્રતિસંધાનની પણ પરંપરા ચાલે છે. તેથી પૂર્વ-પૂર્વ પ્રતિસંધાન દ્વારા પ્રતિષ્ઠિતત્વનું જ્ઞાન થવાની અહીં વાત કરી છે.] 'આ પ્રતિમા પ્રતિષ્ઠિત છે' એવા પૂર્વ-પૂર્વ *પ્રતિસન્ધાનથી એ પ્રતિષ્ઠાદિવિધિ જ્ઞાપક જિનવચન* પર આદર થાય છે અને તેના દ્વારા ભગવાન્ પર બહુમાન થાય છે. અથવા, 'આ પ્રતિમા વીતરાગ ભગવાન્ થી પ્રતિષ્ઠિત છે' આવા પ્રતિસંધાનથી જે જ્ઞાન થાય છે તે, એક સંબંધી જ્ઞાન અન્ય સંબંધીનું સ્મરણ કરાવે છે એ ન્યાયે, ભગવાન્ની મહાનતાના કારણભૂત ભગવાનના અવિસંવાદી વચનોનું "અહો! આ પ્રતિમામાં પ્રતિષ્ઠિત પ્રભુનાં વચનો કેવા અવિસંવાદી યથાર્થ છે" ઇત્યાદિ રૂપે વચનાદર ગર્ભિત સ્મરણ કરાવે છે. જેમ પ્રભુના વચનને પુરસ્કૃત કરવા એ પ્રભુને જ પુરસ્કૃત કરવા બરોબર છે એમ પ્રભુના વચનનો આદર એ પ્રભુનો જ આદર છે. પ્રભુવચનનો આદર કરવાથી સમાપત્તિ થાય છે એ પૂર્વે બીજી બત્રીશીના પચ્ચીશમા શ્લોકમાં જણાવી ગયા છે. તેથી પ્રભુવચન પ્રત્યેના આદર બહુમાન - પ્રભુ પ્રત્યેના આદરબહુમાનથી સમાપત્તિ થાય છે. આ બહુમાનથી સંપન્ન થયેલી સમાપત્તિથી પ્રતિમાપૂજકોને વિપુલનિર્જરા રૂપ પૂજાફળ મળે છે. [આમ નિજભાવની સ્વમાં જ મુખ્ય પ્રતિષ્ઠા થાય છે, ઉપચારથી પ્રતિમામાં પ્રતિષ્ઠા થાય છે એ તેમજ એનાથી પૂજાફળ શી રીતે મળે છે એ જણાવ્યું. બાકી ફળ પ્રયોજક તરીકે મુખ્યદેવતાની જ પ્રતિમામાં પ્રતિષ્ઠા માનવી એ સંભવતું નથી એ જણાવવા ગ્રન્થકાર કહે છે-] ગમે તેવા મંત્રોચ્ચાર કે વિધિવિધાનથી, વીતરાગ બનેલ મુખ્યદેવતાનું પ્રતિમામાં સંનિધાન થવું અસંભવિત હોઇ તેમની પ્રતિષ્ઠા થઇ શકતી નથી. એટલે કે મંત્ર-સંસ્કારાદિથી આકૃષ્ટ થઇને પ્રતિમામાં આવી એને અધિષ્ઠિત કરવા રૂપ કાયિક આગમન કે પ્રતિમા અંગે 'આ હું છું' એવા અહંકારરૂપે કે 'આ મારી છે' એવા મમકારરૂપે માનસિક આગમન વીતરાગદેવ માટે સંભવતું નથી. સિદ્ધ થયેલા વીતરાગપ્રભુને નથી કાયા હોતી કે નથી ગતિના કારણભૂત

= रागरहितानां सन्निधानं तु समीपागमनरूपं कायिकमहंकार-ममकाररूपं मानसं च मन्त्रसंस्कारादिनाऽसंभवि। तदुक्तं-

मुक्त्यादौ तत्त्वेन प्रतिष्ठिताया न देवतायास्तु।
स्थाप्ये न च मुख्येयं तदधिष्ठानाद्यभावेन।।
इज्यादेर्न च तस्या उपकारः कश्चिदत्र मुख्य इति।

કર્મો હોતા, તેથી કાયિક આગમન શી રીતે થાય? વળી 'अहं-ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत्' મોહરાજાનો અહં ને મમ આ જ આખા જગત્ને આંધળું કરનારો મન્ત્ર છે. વીતરાગદેવે આ મોહરાજાને નામશેષ કર્યો હોય છે. તેથી અહંકાર કે મમકાર રૂપે માનસિક આગમન પણ શી રીતે સંભવે? ષોડશક (૮/૬)માં કહ્યું છે કે "મુક્તિ વગેરે સ્થાનમાં પરમાર્થથી રહેલ દેવતાની સ્વજીવમાં કે બિંબમાં પ્રતિષ્ઠા થઇ શકતી નથી, કેમકે ઘણાં દૂર છે. સ્થાપ્યબિંબમાં આ પ્રતિષ્ઠા મુખ્ય હોતી નથી, કેમકે મુખ્યદેવનું અધિષ્ઠાન કે અહંકાર-મમકાર વાસનારૂપ સંનિધાન થતું નથી, વળી પૂજા, સત્કારાદિથી પ્રસ્તુતદેવતાને કોઇ નિરુપચરિત-મુખ્ય ઉપકાર થતો નથી. એટલે પૂજાથી મુક્તિસ્થિત દેવતાને ઉપકાર થવાની કલ્પના એ બાળક્રીડા સમાન થાય છે. (પૂજાથી જાતને જ ઉપકાર થાય એ માટે શિષ્ટો પૂજા કરે છે.)" આમ નિજભાવની જ પ્રતિષ્ઠા છે એવું જે પ્રતિપાદન કર્યું એનાથી જ અન્યદર્શનીઓના નીચેના અભિપ્રાયનું નિરાકરણ થઇ જાય છે.

પૂર્વપક્ષ : પ્રતિષ્ઠાવિધિથી પ્રતિમા વગેરેમાં દેવતાનું અહંકાર-મમકાર રૂપ સાન્નિધ્ય કરવામાં આવે છે. "જડતા વગેરે રૂપ અનેક વિશષતાઓ (પોતાના કરતાં વિલક્ષણતાઓ) જેમાં જોવા મળે છે એવી પ્રતિમામાં 'આ હું છું' એવા અહંકારરૂપ સાન્નિધ્ય શી રીતે સંભવે?" એવું ન પૂછવું, કારણકે એવો ભેદ દેખાતો હોવા છતાં સ્વસાદૃશ્ય દેખાડનાર ચિત્ર વગેરેમાં જેમ સ્વનો આહાર્ય આરોપ થાય છે તેમ પ્રતિમામાં પણ થઇ શકે છે. જ્યાં જેના અભાવનો નિર્ણય હોય ત્યાં જ, તેવી પ્રબળ ઇચ્છાવશાત્ તે વસ્તુનો આરોપ કરવો એ આહાર્ય આરોપ કહેવાય છે. જેમકે ફોટો જડ છે, પોતે ચેતન છે.. વગેરે અનેક કારણોએ ફોટામાં પોતાપણાના અભવાનો નિર્ણય હોવા છતાં, પોતાના ફોટાને ઉદ્દેશીને માનવી 'આ હું છું' એમ જાણે છે ને કહે છે. આ જ રીતે પ્રતિમામાં દેવતાને 'આ હું છું' એમ આહાર્ય આરોપ સ્વરૂપ જ્ઞાન થઇ શકે છે. "જ્યારે દેવતાનું 'આ હું છું' ઇત્યાદિ અહંકારાદિરૂપ જ્ઞાન નાશ પામી જશે ત્યારે દેવતાનું સાન્નિધ્ય નીકળી જવાથી પૂજાનું ફળ નહીં મળી શકે" એવી પણ શંકા ન કરવી, કારણકે જ્ઞાનનો નાશ થયો હોવા છતાં એના સંસ્કાર ઊભા હોવાથી પૂજાનું ફળ પ્રાપ્ત થઇ શકે છે. અસ્પૃશ્યસ્પર્શ વગેરેથી આ સંસ્કારનો જ નાશ થઇ જાય છે. એટલે પછી એ પ્રતિમાના પૂજન વગેરેથી ફળપ્રાપ્તિ થતી નથી.

ઉત્તરપક્ષ - આગળ કહી ગયા મુજબ આવો પૂર્વપક્ષ નિરસ્ત જાણવો, કારણકે સ્થાપ્ય જ્યારે વીતરાગદેવ હોય ત્યારે અહંકાર વગેરે અસંભવિત હોઇ આવી પ્રતિષ્ઠા પણ અસંભવિત રહે છે. "સરાગી દેવની પ્રતિમામાં તો આવી પ્રતિષ્ઠા માની શકાશે ને" એવું જો કોઇ કહે તો એનો જવાબ એ જાણવો કે સરાગીને તો દેવ માનવા એ જ મિથ્યા છે. વળી સરાગીદેવને માનનારાઓ એવી પ્રતિષ્ઠા માને એ પણ યોગ્ય તો નથી જ, કેમકે જે સરાગી હોય તે સર્વજ્ઞ હોતા નથી. એટલે જ્યારે અન્ય પ્રવૃત્તિમાં વ્યગ્ર હોય ત્યારે અને દૂર દૂરના અનેક સ્થળોમાં એક સાથે પ્રતિષ્ઠાની ક્રિયાઓ ચાલુ હોય ત્યારે (સર્વત્ર) ઉપયોગ જવો અશક્ય હોવાથી અહંકાર-મમકાર અસંગત હોઇ પ્રતિષ્ઠા અસંગત બની જાય છે. વળી અહંકાર-મમકારના સંસ્કારનો નાશ થયે પ્રતિમા અપૂજ્ય બની જવાની આપત્તિ આવે છે. વળી દેવતાનું અહંકાર-મમકાર રૂપ જ્ઞાન હોય ત્યારે જ્ઞાન પૂજાફળ પ્રયોજક

तदतत्त्वकल्पनैषा वालक्रीडासमा भवति।। **एतेन** 'प्रतिष्ठाविधिना प्रतिमादौ देवतासंनिधिरहंकारममकाररूपा क्रियते, विशेषदर्शनेऽपि स्वसादृश्यदर्शिनश्चित्रादाविवाहार्यारोपसंभवात् ज्ञानस्य नाशेऽपि संस्कारसत्त्वाच्च न पूजाफलानुपपत्तिः, अस्पृश्यस्पर्शनादिना च तन्नाशः' इति यत्परैरुच्यते **तन्निरस्तं** भवति, वीतरागदेवस्थले इत्थं वक्तुमशक्यत्वात्, सरागे देवत्वबुद्धेरेव च मिथ्यात्वात्। देवतायां सर्वज्ञत्वाभावे व्यासंगदशायां व्यवहितनानादेशेषु प्रतिष्ठाकर्मबाहुल्ये चाहंकारममकारानुपपत्तेः, संस्कारनाशेऽपूज्यत्वापत्तेः, तज्ज्ञानसंस्कारयोरननुगतयोः पूजाफलप्रयोजकत्वे गौरवाच्चेति। न च भवतामपि व्यासंगवशात्प्रतिष्ठितत्वज्ञानाभावे पूजाफलानुपपत्तिरिति, विशेषफलाभावेऽपि प्रीत्यादिना सामान्यफलानपायात्। यैस्तु

બને અને એનો નાશ થયે એના સંસ્કાર પૂજાફળપ્રયોજક બને એ રીતે અનનુગત પ્રયોજક માનવામાં ગૌરવ હોવાથી પણ એવી પ્રતિષ્ઠા માનવી અયોગ્ય છે.

પૂર્વપક્ષ : પ્રતિષ્ઠિતત્વ જ્ઞાનથી પૂજાફળની પ્રાપ્તિ થાય છે એવું તમે કહ્યું. તેથી જ્યારે પૂજક અન્ય બાબતમાં વ્યગ્ર હોવાના કારણે પ્રતિષ્ઠિતત્વ જ્ઞાનનો અભાવ હશે ત્યારે પૂજાનું ફળ નહીં મળવાની આપત્તિ તમારે પણ આવશે.

ઉત્તરપક્ષ - એટલા અંશે અનુપયોગ થવાથી વિશેષફળ નથી મળતું. તેમ છતાં પ્રીતિ વગેરે અબાધિત હોઇ સામાન્યફળ તો અક્ષત જ રહે છે. પણ જેઓ યથાર્થ પ્રતિષ્ઠિતત્વ પ્રત્યભિજ્ઞાને પૂજાફળસામાન્ય પ્રત્યે પ્રયોજક માને છે તેઓને તો આ પણ દોષ છે જ આશય એ છે કે 'આ પ્રતિમા (વિધિ પ્રમાણે) પ્રતિષ્ઠિત છે.' એવું યથાર્થ પ્રત્યભિજ્ઞાન હોય તો જ પૂજાનું સામાન્ય ફળ પણ મળે છે, અન્યથા નહીં (એટલે કે પ્રતિમા વિધિપૂર્વક પ્રતિષ્ઠિત ન હોવા છતાં એવું પ્રત્યભિજ્ઞાન થયું હોય તો નહીં) આવું જેઓ માને છે તેઓને વ્યગ્રતાના કારણે તેવા પ્રત્યભિજ્ઞાનના અભાવકાળે પ્રીત્યાદિ પ્રયુક્ત સામાન્યફળ નો પણ અભાવ જ રહેવાનો દોષ આવે છે. [માટે એવું માનવું અયોગ્ય છે.] જે **નવ્યનૈયાયિક** આવું માને છે કે –

[ખંડન નવ્યનૈયાયિકમત]

પ્રતિષ્ઠાવિધિથી ઉત્પન્ન થયેલ વિચિત્ર અદૃષ્ટ સ્વાશ્રયાત્મસંયોગાશ્રયની પૂજ્યતાનું પ્રયોજક છે. અર્થાત્ ઉક્ત અદૃષ્ટ પ્રતિષ્ઠાકારક આત્મામાં ઉત્પન્ન થાય છે. તે આત્મા વિભુ હોવાથી પ્રતિમા જોડે પણ એનો સંયોગ હોય છે. એટલે એ સંયોગનો આશ્રય પ્રતિમા બની. એટલે એ અદૃષ્ટ, સ્વાશ્રયાત્મસંયોગાશ્રય પ્રતિમાને પૂજ્ય બનાવે છે-

આવું માનનારા તેઓએ (નવ્યનૈયાયિકોએ) જો સ્વાશ્રયાત્મસંયોગ તરીકે તે તે વ્યક્તિ વિશિષ્ટનો સંબંધ લીધો નહીં હોય તો અતિપ્રસંગ આવશે. એટલે કે સ્વાશ્રયાત્મસંયોગ તો આત્મા વિભુ હોઇ વિશ્વની સઘળી પ્રતિમાઓ સાથે છે, તો એમાંની અન્ય પ્રતિમાઓની પૂજ્યતાનું પણ એ અદૃષ્ટ પ્રયોજક બની જશે. અતિપ્રસંગનું વારણ કરવા જો તે તે પ્રતિમાવ્યક્તિવિશિષ્ટ સાથેના સંયોગને જ જો સંબંધ તરીકે લેવામાં આંવે તો અનનુગમ દોષ આવશે. માટે નવ્યનૈયાયિકોની આવી માન્યતા અયોગ્ય છે. [ષોડશકની વૃત્તિમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે મીમાંસકો અદૃષ્ટ મતનું નિરસન કરી શક્તિમતનું જે પ્રતિપાદન કરે છે એનો ઉલ્લેખ કરી એનો પણ નિરાસ કર્યો છે. તે આ રીતે - "પ્રતિષ્ઠાકારકગત અદૃષ્ટ પૂજાફળપ્રયોજક છે એ વાત બરાબર નથી, કારણ કે (૧) અન્ય પૂજકોના આત્મામાં એ અદૃષ્ટ ન હોવાથી એ પૂજકોને પૂજા ફળ નહીં મળવાની આપત્તિ આવે, (૨) પ્રતિષ્ઠાકારકનું એ અદૃષ્ટ નાશ પામી જાય ત્યારે પ્રતિમા પૂજનીય નહીં રહેવાની આપત્તિ આવે, તથા (૩) પ્રતિમાને ચંડાળ વગેરેનો સ્પર્શ થવા છતાં, એ અદૃષ્ટનો નાશ થશે નહીં, કારણ કે એ અદૃષ્ટ તો પ્રતિષ્ઠાકારકના

यथार्थं प्रतिष्ठितत्वप्रत्यभिज्ञानं पूजाफलसामान्य एव प्रयोजकमिष्यते तेषामयमपि दोष एव। ये तु **नव्यनैयायिकाः** – प्रतिष्ठाविधिना जनितं विचित्रमदृष्टं स्वाश्रयात्मसंयोगाश्रयस्य पूज्यताप्रयोजकमभ्युपयन्ति, तेषां तद्व्यक्तिविशिष्टसंबन्धाग्रहेऽतिप्रसङ्गः, तद्ग्रहे चाननुगम इति। यत्पुनरुच्यते **चिन्तामणिकृता** - 'प्रतिष्ठितं पूजयेदिति विधिवाक्येन प्रतिष्ठितायाः कारणत्वं न वोध्यते, किं तु भूतार्थे

આત્મામાં રહે છે, ને તેથી પ્રતિમા પૂજનીય જ રહેવાની આપત્તિ આવે... આ ત્રણ કારણોએ અદૃષ્ટને પૂજાફળપ્રયોજક માનવું યોગ્ય નથી. ને તેથી એવું માનવું જોઇએ કે પ્રતિષ્ઠા દ્વારા પ્રતિમામાં એક વિશિષ્ટ પ્રકારની શક્તિ પેદા થાય છે જે પૂજાફળ પ્રયોજિકા હોય છે. અને ચંડાળ વગેરેના સ્પર્શ થવાથી નાશ પામી જનારી હોય છે. તેથી એવો સ્પર્શ થયા પછી પ્રતિમા પૂજ્ય રહેવાની આપત્તિ પણ આવતી નથી." આવો **મીમાંસકનો** મત પણ અપાસ્ત જાણવો, કારણકે પ્રતિષ્ઠા તો, પ્રતિષ્ઠિતત્વજ્ઞાનથી પ્રગટેલ ભક્તિ દ્વારા જ પૂજાફળપ્રયોજિકા છે. 'આ પ્રતિમાને અસ્પૃશ્યસ્પર્શ થયો છે' આવું પ્રતિસંધાન, પ્રતિષ્ઠિતત્વ જ્ઞાન થવા– હોવા છતાં ભક્તિવિશેષનું જ વ્યાઘાતક હોવાથી ભક્તિ ઉભરવા દેતું નથી, ને તેથી પૂજાફળવિશેષ ન મળવાની વાતમાં કોઇ અસંગતિ રહેતી નથી. બાકી શક્તિ પક્ષ માનવામાં તો, પ્રતિષ્ઠિત પ્રતિમામાં એ શક્તિ રહી જ હોવાના કારણે, કો'ક પૂજકને 'આ પ્રતિમા અપ્રતિષ્ઠિત છે' એવો ભ્રમ હોવા છતાં, વિશિષ્ટપૂજા ફળ મળવાની આપત્તિ આવે.] **તત્ત્વચિન્તામણિકારે** જે કહ્યું છે કે–

[તત્ત્વચિન્તામણિકાર મતનિરાસ]

'प्रतिष्ठितं पूजयेद्' એવું વિધિવાક્ય પ્રતિષ્ઠાને કારણ તરીકે નથી જણાવતું અર્થાત્ પ્રતિષ્ઠા એ પૂજ્યતાનું કારણ છે એવું નથી જણાવતું - કિન્તુ 'કર્મણિ ભૂતકૃદન્તનો ક્ત પ્રત્યય ભૂતકાળના અર્થને જણાવે છે' એવા અનુશાસનને અનુસારે એવું જણાવે છે કે જેની પ્રતિષ્ઠા અતીતકાળમાં થઇ ગઇ છે તે પૂજ્ય છે. આમ પ્રતિષ્ઠાધ્વંસ એ પૂજ્યતાપ્રયોજક તરીકે ફલિત થાય છે. અસ્પૃશ્યસ્પર્શાદિ થયા બાદ પૂજ્યતા રહી ન જાય એ માટે ધ્વંસનું પ્રતિષ્ઠાકાલીનયાવદસ્પૃશ્યસ્પર્શાદિપ્રતિયોગિક અનાદિસંસર્ગાભાવ એ વિશેષણ જાણવું. એટલે કે પ્રતિષ્ઠા કાળે જેટલા અસ્પૃશ્યસ્પર્શના અનાદિસંસર્ગાભાવ હોય તેનાથી એ પ્રતિષ્ઠાધ્વંસ યુક્ત હોવો જોઇએ. જ્યારે કોઇ પણ અસ્પૃશ્યસ્પર્શ થાય એટલે એ અસ્પૃશ્યસ્પર્શનો પ્રાગભાવ રૂપ અનાદિસંસર્ગાભાવ ન રહેવાથી એ વિશેષણનો અભાવ થઇ જાય છે. અને તેથી પછી પ્રતિમા પૂજ્ય રહેતી નથી. આ વિશેષણભૂત અનાદિસંસર્ગાભાવ પ્રાગભાવ રૂપ હોય છે અને ક્વચિદ્ (જે પ્રતિમાને અસ્પૃશ્યસ્પર્શ થવાનો જ ન હોય તે પ્રતિમા અંગે) અત્યન્તાભાવરૂપ હોય છે.

તત્ત્વચિન્તામણિકારનો પ્રતિષ્ઠાધ્વંસને પૂજ્યત્વ પ્રયોજક માનવાનો આ અભિપ્રાય પણ જ્યાં સુધી એના પર વિચાર ન કરીએ ત્યાં સુધી જ રમણીય લાગે એવો છે. કારણકે વિચાર કરીએ તો જણાય છે કે આ પ્રતિષ્ઠા જો ક્રિયાની ઇચ્છા રૂપ હોય તો એનો ધ્વંસ પ્રતિમામાં ન રહ્યો હોઇ પ્રતિમામાં પૂજ્યતા શી રીતે લાવે? અને જો એ સંયોગ રૂપ હોય તો દ્વિષ્ઠ હોઇ પ્રતિમાની જેમ પ્રતિષ્ઠાપકમાં પણ પૂજ્યતા લાવશે. આશય એ છે કે પ્રતિષ્ઠાના ધ્વંસને પૂજ્યતાનો પ્રયોજક માનવો છે. એટલે પૂર્વોક્ત સંસ્કાર વગેરે રૂપ પ્રતિષ્ઠાને પ્રયોજક માની શકાતી નથી. જ્યારે પ્રતિમા પ્રતિષ્ઠિત થઇ જાય છે, ત્યારથી એ પૂજ્ય બની ગઇ હોય છે. એટલે ચિન્તામણિકારના મતે પ્રતિષ્ઠાધ્વંસ થઇ ગયો હોય છે. આનો અર્થ એ થયો કે જ્યારે એ પ્રતિષ્ઠિત થઇ ત્યારે થયેલા ધ્વંસમાંનો કો'ક ધ્વંસ પ્રતિષ્ઠાધ્વંસ રૂપ છે અને એનો પ્રતિયોગી પ્રતિષ્ઠારૂપ છે. વિચાર કરતાં જણાય છે કે એ વખતે, પ્રતિષ્ઠાપકની પ્રતિષ્ઠાવિધિ-ક્રિયા કરવાની જે ઇચ્છા હતી તેનો ધ્વંસ થયો હોય છે (કેમકે

क्तानुशासनादतीतप्रतिष्ठे पूज्यत्वं बोध्यते। तथा च प्रतिष्ठाध्वंसः प्रतिष्ठाकालीनयावदस्पृश्यस्पर्शादि-प्रतियोगिकानादिसंसर्गाभावसहितः पूज्यत्वप्रयोजकः, स च प्रागभावोऽत्यन्ताभावश्च क्वचिदिति- **तदप्यविचारितरमणीयं**, प्रतिष्ठायाः क्रियेच्छारूपत्वे तद्ध्वंसस्य प्रतिमाऽनिष्ठत्वात्, संयोगरूपत्वेऽपि द्विष्ठत्वात्,

પ્રતિષ્ઠા થયા પછી એ ઇચ્છા રહેતી નથી) તેમજ પ્રતિષ્ઠાવિધિમાટે પ્રતિષ્ઠાપકે પ્રતિમાનો હાથ વગેરેથી જે સંયોગ કર્યો હોય છે તેનો ધ્વંસ થયો હોય છે. એટલે કે તાદૃશ ઇચ્છા કે તાદૃશસંયોગ પ્રતિષ્ઠારૂપ હોવા સંભવે છે. આમાંથી એ ઇચ્છાને જો પ્રતિષ્ઠારૂપ માનીએ તો ઇચ્છાધ્વંસ તો પ્રતિષ્ઠાપકના આત્મામાં રહેશે, [અથવા 'ક્રિયેચ્છા' નો સમાસ 'ક્રિયાની ઇચ્છા' એવો ન કરતાં 'ક્રિયા અને ઇચ્છા' એવો કરીએ તો તાદૃશ વિશિષ્ટ ક્રિયા રૂપ પ્રતિષ્ઠાનો ધ્વંસ પ્રતિષ્ઠાપકના શરીરમાં રહેશે, તાદૃશ ઇચ્છારૂપ પ્રતિષ્ઠાનો ધ્વંસ આત્મામાં રહેશે, પણ] પ્રતિમામાં નહીં, અને તો પછી એ પ્રતિષ્ઠાધ્વંસ પ્રતિમાને શી રીતે પૂજ્ય બનાવે? તાદૃશ સંયોગને જો પ્રતિષ્ઠા રૂપ માનીએ તો એ દ્વિષ્ઠ હોઇ એનો ધ્વંસ પણ દ્વિષ્ઠ હોવાના કારણે પ્રતિમાની જેમ પ્રતિષ્ઠાપકમાં પણ રહ્યો હોવાથી પ્રતિષ્ઠાપકને પણ પૂજ્ય કેમ નહીં બનાવે? વળી પ્રતિષ્ઠાધ્વંસને પૂજ્યતાનું કારણ માનવામાં પ્રતિષ્ઠા એ કારણીભૂત જે અભાવ (ધ્વંસાત્મક) તેના પ્રતિયોગી રૂપ બનવાથી તેનો પૂજ્યતાના પ્રતિબંધક તરીકે વ્યવહાર (પ્રતિષ્ઠા પૂજ્યતાની પ્રતિબંધક છે - આવો વ્યવહાર) કરવાની આપત્તિ આવશે. કારણ કે કારણીભૂત અભાવનો જે પ્રતિયોગી હોય છે તેને પ્રતિબંધક કહેવાય છે.

[**પૂર્વપક્ષ :** અમે પ્રતિષ્ઠાધ્વંસને પૂજ્યતાનું કારણ નહીં કહીએ, કારણ પ્રતિષ્ઠાને જ કહીશું, અને તાદૃશ વિશેષણયુક્ત ધ્વંસને એનું દ્વાર કહીશું. તેથી પ્રતિષ્ઠાનો પ્રતિબંધક તરીકે વ્યવહાર કરવાની આપત્તિ નહીં આવે.]

ઉત્તરપક્ષ - એને દ્વાર તરીકે કહી પ્રતિષ્ઠાને તદ્દ્વારક કહેવી એ સંભવતું નથી, કારણકે (૧) 'પ્રોક્ષિતા વ્રીહયઃ' ઇત્યાદિ ક્ત પ્રત્યયસ્થળમાં પણ ધ્વંસવ્યાપારકત્વની કલ્પના કરવામાં આવી નથી. એટલે કે પ્રોક્ષણ ક્રિયાનો, ધ્વંસ એ વ્યાપાર છે એવું કલ્પાયું નથી. (તો અહીં પણ શી રીતે કલ્પાય?) તેમજ (૨) ચિરનષ્ટ ચીજ જ્યારે કાલાન્તરભાવી ફળનું કારણ હોય ત્યારે એ ભાવવ્યાપારક જ હોય છે. અર્થાત્ એનું દ્વાર કોઇ ભાવ પદાર્થ જ બની શકે છે, અભાવાત્મક પદાર્થ નહીં, એવો નિયમ છે. (એટલે પ્રસ્તુતમાં પણ પ્રતિષ્ઠાનો વ્યાપાર ધ્વંસાત્મક અભાવપદાર્થ બની શકતો નથી.) આવો નિયમ જો માનવામાં ન આવે તો અપૂર્વનો (= અદૃષ્ટનો = પુણ્યનો) ઉચ્છેદ જ થઇ જાય. આશય એ છે કે દાન આપ્યા પછી તો ઘણા કાળ બાદ સ્વર્ગપ્રાપ્તિ થાય છે. એટલે દાનને અપૂર્વાત્મક દ્વાર દ્વારા સ્વર્ગનું કારણ માનવામાં આવ્યું છે. હવે, જો આ ચિરનષ્ટ દાનનો, ધ્વંસાત્મક અભાવ પણ વ્યાપાર બની શકતો હોય તો તો દાનના વ્યાપાર તરીકે પણ દાનધ્વંસની જ કલ્પના શક્ય હોઇ એક નવો પદાર્થ માનવા રૂપ ગૌરવ જેમાં છે તેવી અપૂર્વની કલ્પના જ કરી નહીં શકાય. તેથી 'અપૂર્વ' ની સિદ્ધિ ન થઇ શકવાથી એ પદાર્થ જ ઊડી જશે. આમ પ્રતિષ્ઠા ધ્વંસને વ્યાપારરૂપ મોની શકાતો ન હોવાથી પૂર્વોક્ત રીતે પ્રતિષ્ઠાનો પ્રતિબંધક તરીકે વ્યવહાર કરવાની આપત્તિ ઊભી જ રહે છે. માટે તત્ત્વચિન્તામણિકારનો મત અવિચારિત રમણીય છે.

વળી કોઇક અવયવનાશ થવાથી તમારે (ચિન્તમણિકારના) મતે તો નવી જ પ્રતિમા ઉત્પન્ન થાય છે. એ નવી પ્રતિમા તો પ્રતિષ્ઠિત થયેલી ન હોઇ એમાં પ્રતિષ્ઠાધ્વંસ પણ તમારે માનવાનો ન હોવાથી એને પૂજ્ય માની શકાશે નહીં.

પૂર્વપક્ષ - જેમ 'પ્રોક્ષિતા વ્રીહયઃ' વગેરે સ્થળે વ્રીહિમાં કો'ક અવયવનો ધ્વંસ થવા છતાં 'આ વ્રીહિ સંસ્કૃત

कारणीभूताभावप्रतियोगित्वेन पूजाफले प्रतिष्ठायाः प्रतिवन्धकत्वव्यवहारापत्तेः, क्तप्रत्ययस्थलेऽपि 'प्रोक्षिता व्रीहयः' इत्यादौ ध्वंसव्यापारकत्वाकल्पनात्, कालान्तरभाविनि फले चिरनष्टस्य भावव्यापारकत्वनियमाच्च, अन्यथाऽपूर्वोच्छेदापत्तेश्च। किञ्च किञ्चिदवयवनाशेन प्रतिमान्तरोत्पत्तौ तव तत्र प्रतिष्ठाध्वंसानभ्युपगमात्पूज्यतानापत्तिः, प्रतिष्ठितत्ववुद्धिवलाद् व्रीहिषु संस्कृतत्वस्येव तेन तस्य न क्षतिरित्यभ्युपगमे च यथाप्रतीतिशवलवस्त्वभ्युपगमोऽपि वलादापतेदिति किमतिपल्लवितेन।।१९।।

संप्रदायागतं चेह मंत्रन्यासादियुक्तिमत्।
अष्टौ दिनान्यविच्छित्त्या पूजा दानं च भावतः।।२०।।

संप्रदायेति। इह = प्रतिष्ठाविधौ मन्त्रन्यासादिकं च क्षेत्रसंशोधनाभिवर्षणादिनिष्पत्तये वायुमेघकुमारादिविषयं संप्रदायागतं = शिष्टपारंपर्यायातं युक्तिमद्भवति। [[1]**परः प्राह** - इत्थं विशिष्टन्यायार्जने(?

(संस्कार करायेला) छे' એવી બુદ્ધિ થતી હોવાથી એમાં સંસ્કૃતત્વને અક્ષત માનવામાં આવે છે એમ પ્રતિમામાં પણ કો'ક અવયવનાશ થવા છતાં પ્રતિષ્ઠિતત્વની જે બુદ્ધિ થાય છે તેના કારણે એ પ્રતિમાન્તરમાં પણ પ્રતિષ્ઠિતત્વને અક્ષત માનીએ છીએ, અને તેથી એને પૂજ્ય માની શકાય છે.

ઉત્તરપક્ષ - પ્રતિમાન્તરમાં આ રીતે પ્રતીતિને અનુસરીને જ જો પ્રતિષ્ઠિતત્વ માનો છો તો (એટલે કે પ્રતીતિને અનુસરીને જ વસ્તુનો નિર્ણય કરો છો તો) એ રીતે તો પ્રતીતિને અનુસરીને દરેક વસ્તુઓને નિત્યત્વ-અનિત્યત્વ વગેરે ધર્મોથી શબલ પણ માનવી પડશે, કારણ કે દ્રવ્યરૂપે નિત્યતાની અને પર્યાયરૂપે અનિત્યતાની તે તે દરેક વસ્તુઓમાં પ્રતીતિ થાય જ છે. આ રીતે બળાત્કારે પણ સ્યાદ્વાદ સ્વીકારવો પડવાથી તમારે તમારો એકાન્તવાદ તો છોડી જ દેવો પડશે! અથવા, અવયવનાશ થવાથી થયેલ પ્રતિમાન્તરમાં પ્રતિષ્ઠાવિધિ થઇ ન હોવાથી એ અપેક્ષાએ એને અપ્રતિષ્ઠિત માનવી પડશે અને પ્રતિષ્ઠિતત્વની બુદ્ધિના કારણે એને પ્રતિષ્ઠિત માનવી પડશે. એટલે એકની એક પ્રતિમામાં પ્રતિષ્ઠિતત્વ અને અપ્રતિષ્ઠિતત્વ એમ બન્ને વિરુદ્ધ ધર્મો માનવા પડવાથી સ્યાદ્વાદ સ્વીકારવો પડશે, એકાન્તવાદ છોડવો પડશે. એટલે આ બાબતમાં વધુ ચર્ચાથી સર્યું. ॥૧૯॥ [પ્રતિષ્ઠાવિધિમાં અન્તર્ગત મન્ત્રન્યાસાદિ ને જણાવવા ગ્રન્થકાર કહે છે—]

[બલિ વગેરે વિધાનની આવશ્યકતા]

આ પ્રતિષ્ઠાવિધિમાં ક્ષેત્રસંશોધન-અભિવર્ષણાદિ સંપન્ન થાય એ માટે વાયુકુમાર-મેઘકુમારાદિ સંબંધી સંપ્રદાયમાં ચાલી આવેલા મંત્રન્યાસાદિ કરવા એ યુક્તિયોગ્ય બને છે.

[પૂર્વપક્ષ : ઇત્થં = ન્યાયોપાત્ત ધન, વ્યસનમુક્ત શિલ્પીને સત્કારપૂર્વક વિભવોચિત મૂલ્યે અર્પણ, દોહદપૂરણ, મન્ત્રન્યાસ વગેરે આગમોક્ત વિધિપાલનરૂપ વિશિષ્ટ ન્યાયથી નિષ્પન્ન થયેલું બિંબ ભાવશુદ્ધ હોય છે. તેથી એની સ્થાપનાના અવસરે વિઘ્નની શાંતિ માટે બલિ-બાકળા વગેરે અયોગ્ય છે, કારણકે બિંબ જે ભાવશુદ્ધ છે - એટલે કે બિંબનિર્માણકાળે જે ભાવશુદ્ધિ છે - એના કારણે જ એ વિઘ્નશાંતિ થઇ જવાની છે.

ઉત્તરપક્ષ : આ વાત બરાબર નથી, કારણકે ન્યાયોપાત્ત ધનવગેરે શુદ્ધ રાખવાનો શુદ્ધ ભાવ ભાવસત્ય એવી જે નિજ આત્મામાં નિજભાવની અંતરિત સ્થાપના થાય છે એમાં જ પ્રાધાન્ય ધરાવે છે. એટલે કે એનાથી એ સ્થાપના સંપૂર્ણ ભાવસત્ય થાય છે. આ સ્વારસિક વિશિષ્ટ સત્યતાના કારણે એ અંતરિત સ્થાપના અંગેના

---

१ [ ] કૌંસમાં આવેલ ભાગ સંવેગી ઉપાશ્રયની તેમજ પાટણના ભંડારની હ. લિ. પ્રતમાં નથી.

न्यायार्जितद्रव्य)भावशुद्धनिष्पन्नविंवस्य स्थापनावसरे वल्यादि-विघ्नोपशान्त्यर्थमापादनमसारं, भावशुद्धेनैव-(? भावशुद्ध्यैव) सिद्धेः, **मैवं**, भावसत्यान्तरितस्थापनायां तत्प्राधान्यात्सत्यतातिशयेन स्वारसिकेनैव सिद्धेः। अत्र तूपचारादेव क्षेत्राधिष्ठातृप्रस्तुतशान्त्याद्यर्थं शासनोन्नतित्वेन विशेषाभ्युदयतासिद्धेः, अन्यथाऽप्रतिष्ठापत्तेः। केवलं भावसिद्धत्वे पद्मासनपर्यंकादिमुद्राविधीयमानत्वे सिद्धावस्थात्वे जलाभिषेकादिव्यवहृतित्व**मनापत्तिः** यत्परैरुच्यते **तन्न**, तदेवाभिमतफलेप्सितावाप्तिपूर्वकज्ञायकसिद्धद्रव्यशरीरमत्त्वे(? शरीरत्वे)नामरैरपि तद्विहितत्वात्सर्वसावद्य(?द्यनि)वृत्तिमतामनिष्टापत्तिर्भवितेत्यारेकापहारः। तस्मात्स्था-

---

વિઘ્નોની શાંતિ એ ભાવશુદ્ધિથી થઇ જાય છે. પણ આ બલિ વગેરેનું જે વિધાન છે એ તો ઉપચારથી પ્રતિમામાં જે પ્રતિષ્ઠા થાય છે એના અંગે છે.

આશય એ છે કે વીતરાગતા રૂપ નિજભાવ એ ભાવસત્ય છે. પણ હાલ એ કર્મોથી અન્તર્હિત છે, તેથી વીતરાગના આલંબને થયેલા અધ્યવસાય દ્વારા એની સ્વઆત્મામાં સ્વાભાવિક ઉપચાર રૂપે પ્રતિષ્ઠા કરવામાં આવે છે. જે વ્યક્તિને વીતરાગપ્રભુ પ્રત્યે અત્યંત આદર બહુમાન હોય એ જ આ રીતે પ્રતિષ્ઠાકાળે પોતના આત્મામાં વીતરાગનું સ્થાપન કરી શકે છે, અન્ય વ્યક્તિ નહીં. અને જેને એવા આદર બહુમાન છે એ તો પ્રભુની આજ્ઞાનો આદર કરવાનો જ. અર્થાત્ બિંબનિર્માણ અંગે જે કાંઇ વિધિ દર્શાવેલ હોય તેનું પાલન કરવાનો જ. (કદાચ આદરમાં થોડી કચાશ હોય તો, એને પૂર્ણ કરવાનો ઉપાય પણ આ જ છે કે ડગલે ને પગલે પ્રભુના વચનોને યાદ કરી એને અનુસરવા દ્વારા પ્રભુને હૃદયસ્થ કરતા રહેવું.) જે બિંબનિર્માણ અંગેની વિધિ પ્રત્યે "એ વિધિ જાળવી તો યે શું ને ન જાળવી તો યે શું?" એ રીતે બેદરકારી સેવે છે એને પ્રભુ પ્રત્યે એટલો આદર નથી એ સ્પષ્ટ છે. તેથી પ્રતિષ્ઠાકાળે એ ગમે એટલો પ્રયાસ કરે પણ સ્વાત્મામાં વીતરાગ ભાવનું સ્થાપન કરી શકતો નથી. આ વીતરાગ ભાવનું સ્થાપન એ કાંઇ જેવી તેવી ચીજ નથી કે ઇચ્છા કરી ને થઇ જાય. એટલે આ નિજભાવની સ્થાપના અંગે ઉક્ત વિધિપાલન ભાવશુદ્ધિ પ્રાધાન્ય ધરાવે છે. વળી આ વિધિપાલન જો સ્વારસિક હોય (એટલે કે પોતાની જ એવી અંદરની રુચિ-ઇચ્છાથી થતું હોય) તો જ એ સત્યતાના અતિશયવાળું બને છે. આશય એ છે કે આગમવચનોનું જેમ-જેમ પાલન થતું જાય એમ એમ એને સત્ય ઠેરવ્યા કહેવાય. આગમમાં જણાવેલી ઝીણી ઝીણી વિધિનું પણ પાલન હોવું એ સત્યતાનો અતિશય છે. જો અંદરની રુચિથી વિધિ પાલન થતું હોય તો જ ઝીણી ઝીણી વિધિની પણ કાળજી લેવાય છે. અંદરની રુચિ ન હોય, પણ બહારથી કોઇના કહેવા વગેરેથી વિધિપાલન થતું હોય, તો ઝીણી વિધિ અંગે ઉપેક્ષા થાય છે ને તેથી સત્યતાનો અતિશય સિદ્ધ થતો નથી એમ જાણવું. આમ સત્યતાના અતિશયવાળા સ્વારસિક વિધિપાલનથી જ ભાવશુદ્ધિ ઊભી થાય છે જે બિંબને ભાવશુદ્ધ બનાવે છે. ને આ ભાવશુદ્ધિ સ્વઆત્મામાં નિજભાવસ્થાપના રૂપ મુખ્ય પ્રતિષ્ઠા અંગે પ્રાધાન્ય ધરાવે છે, ને એથી એ અંગેના વિઘ્નોને ઉપશાંત પણ જરૂર કરે છે.

અત્ર તૂ... પણ પ્રતિમામાં જે પ્રતિષ્ઠા થાય છે એ અંગે ક્ષેત્રદેવતા વગેરે ઉપશાન્ત રહે અને વિઘ્નાદિ ન કરે એ માટે બાકળા વગેરેના ઉપચાર જ આવશ્યક હોય છે. નિર્વિઘ્નતયા પ્રતિષ્ઠા થવાથી શાસનની ઉન્નતિ થાય છે ને એ જોઇને પ્રતિષ્ઠાપકને આનંદ થવાથી વિશેષ પુણ્યાનુબંધી પુણ્ય રૂપ અભ્યુદય સિદ્ધ થાય છે. તેથી બલ્યાદિ વિધાન ઉચિત જ છે, ને એ વગર તો ક્ષેત્રદેવતા કોપવાથી વિઘ્ન કરે તો પ્રતિમાની પ્રતિષ્ઠા જ અટકી પડવાથી 'અપ્રતિષ્ઠા' ની આપત્તિ આવે.

केवलं भावसिद्धत्वे... "નિજઆત્મામાં થતી મુખ્ય પ્રતિષ્ઠા ભાવથી સિદ્ધ થઇ જાય છે. પ્રતિમામાં પદ્માસન-પર્યંકાસન વગેરે મુદ્રા દ્વારા સિદ્ધાવસ્થાની સ્થાપના થાય છે ને સિદ્ધાવસ્થામાં તો જળાભિષેક વગેરે હોતા નથી.

पनात्वेऽवस्थान्तरकल्पनाविशेषाद्भाववृद्ध्यैव विहितत्वात्तवापि सिध्येद्येन स्थापनमपि अश्लीलं(न) स्यादतो नैव शंकाव्यभिचारित्वम(?त्वे)] अष्टौ दिनानि यावदविच्छित्त्या = नैरन्तर्येण पूजा बिंबस्य दानं

એટલે પ્રતિમા અંગે જળાભિષેક વગેરે વ્યવહાર ન કરવો જોઇએ." આવી જે કોઇ શંકા કરે છે તે યોગ્ય નથી, તેનું કારણ નીચે મુજબ જાણવું–

[સિદ્ધાવસ્થાને ઉદ્દેશીને પણ અભિષેકાદિની યોગ્યતા]

સિદ્ધાવસ્થામાં પોતાનું તો કોઇ લૌકિક સંસ્થાન નથી, એટલે અંતિમ કાળે પ્રભુ જે પદ્માસનાદિમાં રહી નિર્વાણ સાધે છે એ આસનની મુદ્રા પ્રતિમામાં દર્શાવવામાં આવે છે. શ્રી તીર્થંકર પ્રભુનું અભિમત ફળ 'સવિ જીવકરું શાસન રસી..' એ માટે તીર્થસ્થાપના પ્રાયોગ્ય સામગ્રી એ ઇષ્ટિત... એની પ્રાપ્તિ પૂર્વક છેલ્લી નિર્વાણ સાધક પદ્માસનાદિ મુદ્રાવાળું શરીર એ જ્ઞાયકસિદ્ધ દ્રવ્ય શરીર જાણવું. (દ્રવ્ય નિક્ષેપામાં જ્ઞશરીરદ્રવ્ય આવશ્યક વગેરેની જે વાત આવે છે એવું આ જાણવું.) એટલે આ શરીરની પદ્માસનાદિ મુદ્રા પ્રતિમામાં ઘડવામાં આવે છે. જેમ સિદ્ધશિલા (જેના પર અનશન સીઝ્યું હોય તે શિલા) પર રહેલ આવશ્યકના જ્ઞાતા મહાત્માનું શરીર કે જે જ્ઞશરીર દ્રવ્ય આવશ્યક કહેવાય છે તે જોઇને "અહો! આ મહાત્મા આવશ્યકના જ્ઞાતા હતા" વગેરે ભાવોલ્લાસ પ્રગટે છે, નમસ્કારાદિ ક્રિયા થાય છે એમ નિર્વાણ સાધક પરમાત્માનું પાવન નિશ્ચેતન શરીર જોઇને પરમાત્માના તીર્થ સ્થાપના વગેરે અનુપમ ઉપકારોનું સ્મરણ થવા દ્વારા ભાવોલ્લાસ પ્રગટે છે. દેવો જેમ જન્મકલ્યાણક અને દીક્ષા કલ્યાણકની ઉજવણીના ભાગ રૂપે પ્રભુનો અભિષેક કરે છે એમ નિર્વાણ કલ્યાણકની ઉજવણી માટે પણ અભિષેક કરે છે. પણ એ વખતે પ્રભુનો મહાન્ આત્મા તો મોક્ષમાં સિધાવી ગયો હોય છે. એટલે દેવો, પ્રભુના નિર્વાણસાધક મુદ્રામાં રહેલા નિશ્ચેતન દેહનો, એમાં પ્રભુના નિર્વાણનો (સિદ્ધાવસ્થાનો) આરોપ કરીને, અભિષેક કરે છે. તેથી એવી જ પદ્માસનાદિ મુદ્રામાં રહેલી પ્રતિમાના જળાભિષેક વગેરે વ્યવહાર અંગે ઉક્ત શંકા કરવી ઉચિત નથી. હા, જેઓએ સર્વસાવદ્ય નિવૃત્તિ કરેલી છે તે સાધુઓને આ વ્યવહાર અનિષ્ટાપત્તિ રૂપ છે અર્થાત્ નિષિદ્ધ છે. પણ શ્રાવકો માટે, 'એમાં જળ વગેરેના જીવોની વિરાધના રહી છે, સિદ્ધાવસ્થામાં અભિષેકાદિ હોતા નથી' વગેરે કારણો બતાવીને પણ નિષિદ્ધ કહેવી એ યોગ્ય નથી, કારણકે એ જો અયોગ્ય હોત તો દેવો પણ કરત નહીં. એટલે કે દેવોએ જન્માવસ્થાને નજરમાં લઇને અભિષેક કર્યો હોવાથી જન્માભિષેક રૂપે કરાતો અભિષેક જેમ અનુચિત નથી, એમ દેવોએ નિર્વાણ-સિદ્ધાવસ્થાને નજરમાં લઇને નિર્વાણ સાધક મુદ્રાયુક્ત શરીરનો અભિષેક કર્યો હોવાથી તેવી મુદ્રાવાળી પ્રતિમાનો સિદ્ધાવસ્થાને ઉદ્દેશીને કરાતો જળાભિષેકાદિ વ્યવહાર પણ અનુચિત નથી.

વળી, આ રીતે અભિષેકાદિપૂજા ઉચિત છે ને વિહિત છે એનાથી એ પણ જણાય છે કે જળાભિષેકાદિ સંબદ્ધ જન્માવસ્થા વગેરે રૂપ અન્ય અવસ્થાની સ્થાપનાનિક્ષેપસ્વરૂપ પ્રતિમામાં કલ્પના પણ કરી શકાય છે અને આ રીતે કલ્પના કરવા દ્વારા જ ભાવવૃદ્ધિ થતી હોવાથી, ને એ રીતે ભાવવૃદ્ધિ માટે જ જળાભિષેકાદિ વિહિત છે. આ વાત તારે (શંકાકારે) પણ સ્વીકારવી જ જોઇએ જેથી સ્થાપના અશ્લીલ = અનુચિત ન થઇ જાય. નહીંતર તો, પદ્માસન વગેરે પણ સિદ્ધાવસ્થાની મુદ્રા નથી, કિન્તુ એની પૂર્વાવસ્થાની મુદ્રા છે. એટલે સ્થાપનામાં જો અવસ્થાન્તરની કલ્પના થઇ શકતી ન હોય, તો તો એમાં સિદ્ધાવસ્થાની કલ્પના પણ કેમ થઇ શકશે? માટે જેમ સિદ્ધાવસ્થાની કલ્પના થઇ શકે છે એમ, જન્માવસ્થા વગેરેની પણ ભાવવૃદ્ધિ માટે કલ્પના થઇ જ શકતી હોવાથી 'જન્માવસ્થા વગેરે ન હોવા છતાં જન્માવસ્થા વગેરેની કલ્પના કરી જળાભિષેકાદિ કરવા' વગેરેરૂપ વ્યભિચાર નથી. આમ આમાં પૂર્વોક્ત અનિષ્ટાપત્તિની શંકા કે આ વ્યભિચાર એ બેમાંથી

च विभवानुसारेण शासनोन्नतिनिमित्तमिति।।२०।।

पूजा प्रतिष्ठितस्येत्थं बिंबस्य क्रियतेऽर्हतः।
भक्त्या विलेपनस्नानपुष्पधूपादिभिः शुभैः।।२१।।

पूजेति व्यक्तः।।२१।।

सा च पञ्चोपचारा स्यात् काचिदष्टोपचारिका।
अपि सर्वोपचारा च निजसंपद्विशेषतः।।२२।।

सा चेति। पञ्चोपचारा जानुकरद्वयोत्तमांगैरुपचारयुक्ताऽऽगमप्रसिद्धैः पंचभिर्विनयस्थानैर्वाऽष्टोपचारिका =अष्टंभिरङ्गैरुपचारो यस्यां भवति, तानि चामूनि - 'सीसमुरोअरपिट्ठी दो बाहू उरूआ य अट्ठंगा'। सर्वोपचारापि च देवेन्द्रन्यायेन निजसंपद्विशेषतः = सर्ववलविभूत्यादिना।।२२।।

इयं न्यायोत्थवित्तेन कार्या भक्तिमता सता।
विशुद्धोज्जवलवस्त्रेण शुचिना संयतात्मना।।२३।।

इयमिति। इयं = पूजा न्यायोत्थवित्तेन = भावविशेषात्परिशोधितद्रव्येण भक्तिमता सता कार्या विशुद्धं

કોઇ દોષ નથી એ જાણવું.]

આ રીતે પ્રતિષ્ઠા કર્યા બાદ આઠ દિવસ સુધી ખાડો પાડ્યા વગર નિરંતર પ્રતિમાની પૂજા અને વિભવાનુસારે દાન આપવું એ શાસનોન્નતિનું નિમિત્ત છે, માટે એ પણ અવશ્ય કરવા જોઇએ.॥૨૦॥

પ્રતિષ્ઠા બાદનું વિધાન જણાવવા ગ્રન્થકાર કહે છે-

આ પ્રમાણ વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલા શ્રીઅરિહંતના બિંબની શુભ એવા વિલેપન-સ્નાન-પુષ્પ-ધૂપ વગેરેથી ભક્તિ પૂર્વક પૂજા કરાય છે.॥૨૧॥ [આ પૂજા અંગે વિશેષવાતને જણાવવા ગ્રન્થકાર કહે છે--]

[પંચોપચારાદિ પૂજા]

એ પૂજા પંચોપચાર હોય કે, કો'ક અષ્ટોપચારિકા પણ હોય. વળી નિજ વિશિષ્ટ સંપત્તિના ઉપયોગથી સર્વોપચારા પણ હોય છે. બે જાનુ, બે હાથ અને મસ્તક આ પાંચ અંગોથી થતો પંચાંગપ્રણિપાત એ પંચોપચારા પૂજા છે. અથવા આગમપ્રસિદ્ધ સચિત્તત્યાગ વગેરે પાંચ અભિગમ સ્વરૂપ પાંચ વિનયસ્થાનોથી થયેલી પૂજા એ પંચોપચારા છે. મસ્તક, છાતી, ઉદર, પૃષ્ઠ, બે બાહુ અને બે ઉરુ આ આઠ અંગોથી થતો અષ્ટાંગપ્રણિપાત એ અષ્ટોપચારિકા પૂજા છે. સ્વકીય સર્વસામગ્રી-વિભૂતિ વગેરેથી જેમાં વિનય કરવામાં આવે છે એ દેવેન્દ્રન્યાયે સર્વોપચારા પૂજા છે. દશાર્ણભદ્રના પ્રસંગમાં દશાર્ણભદ્રે અને ઇન્દ્રે પ્રભુની જે ભક્તિ કરી એવી સ્વકીય સર્વપ્રકારની સામગ્રીથી થયેલી પૂજા એ સર્વોપચારા છે.॥૨૨॥ [આ પૂજા અંગેનો કંઇક વિધિ દેખાડે છે--]

ન્યાયોપાત્ત અને પછી ભાવવિશેષથી (એટલે કે મારા આ ધનમાં જો અન્યના ધનનો અંશ આવી ગયો હોય તો એના ભાગનું ફળ એને મળો એવા શુભભાવથી) વિશુદ્ધ કરેલ એવા સ્વદ્રવ્યથી, પરમાત્માના સંવાદી વચન રૂપ મહાનતા વગેરે સ્વરૂપને પિછાણવાથી ઉલ્લસિત ભક્તિથી ભરેલા હૃદયવાળા થઇ, વિશુદ્ધ રક્ત-પીત વગેરે વર્ણવાળા ઉજ્જવળ વસ્ત્રનું પરિધાન કરીને, દ્રવ્ય-ભાવથી પવિત્ર થઇ, તેમજ અંગોપાંગ-ઇન્દ્રિય વગેરેના સંવરવાળા થઇને પૂજા કરવી. દેશસ્નાન-સર્વસ્નાનવડે શરીરશુદ્ધિ એ દ્રવ્યથી પવિત્રતા જાણવી, અને

पट्टयुग्मादिरक्तपीतादिवर्णमुज्ज्वलं च वस्त्रं यस्य तेन। तदुक्तं 'सितशुभवस्त्रेणे'ति। शुचिना द्रव्यतो देशसर्वस्नानाभ्यां भावतश्च विशुद्धाध्यवसायेन। संवृतात्मना = अंगोपांगेन्द्रियसंवरवता।।२३।।

पिंडक्रियागुणोदारैरेषा स्तोत्रैश्च संगता।
पापगर्हापरैः सम्यक्प्रणिधानपुरःसरैः।।२४।।

पिंडेति। पिंडं शरीरमष्टोत्तरलक्षणसहस्रकलितं। क्रिया आचारो दुर्वारपरीषहोपसर्गजयलक्षणः। गुणाः श्रद्धाज्ञानविरतिपरिणामादयः केवलज्ञानदर्शनादयश्च तैरुदारैः = गंभीरैः पापानां = रागद्वेषमोहपूर्वं

विशुद्ध अध्यवसाय એ ભાવથી પવિત્રતા જાણવી. 'सितशुभवस्त्रेण' ઇત્યાદિ ષોડશક (૯/૫) માં કહ્યું છે. આમાં અંગોપાંગ-ઇન્દ્રિયોની સંવરતા જણાવવા દ્વારા એ જણાવ્યું કે મન-વચન-કાયાની પ્રભુભક્તિ સિવાયની કોઇપણ પ્રવૃત્તિ કરવી નહીં, અટકાવવી, જેથી યોગોની ચંચળતા નિવારી પ્રભુભક્તિમાં સ્થિરતા આવી શકે. તથા ભાવવિશુદ્ધિમાં જે વિશુદ્ધ અધ્યવસાય કહ્યો તે, આ પરમાત્માની ભક્તિથી હું પણ એમના જેવો વીતરાગ-નિર્વિકાર-ગુણમય સર્વકર્મમુક્ત બનું... આવો પરિણામ જાણવો.।।૨૩।। [હવે સ્તોત્ર પૂજાને ગ્રન્થકાર જણાવે છે—]

[स्तोत्रपूजा]

આ પૂજા પિંડ-ક્રિયા અને ગુણોથી ગંભીર, સ્વપાપોની ગર્હાથી પ્રકૃષ્ટ બનેલા, સમ્યક્ પ્રણિધાન પુરઃસર સ્તોત્રો વડે યુક્ત જાણવી. ૧૦૦૮ લક્ષણયુક્ત શરીર એ પિંડ. દુર્વાર પરિષહ-ઉપસર્ગો પર વિજય વગેરે રૂપ આચાર એ ક્રિયા. સમ્યક્ દર્શન, જ્ઞાન, વિરતિ પરિણામ વગેરે તેમજ કેવલજ્ઞાન-કેવલદર્શન વગેરે ગુણો. આ બધાની ઉત્કીર્તના પ્રશંસાથી ઉદાર બનેલા સ્તોત્રો જાણવા. રાગ-દ્વેષ અને મોહ પૂર્વક સ્વયં કરેલા પાપોની પ્રભુસાક્ષિક નિંદા રૂપ ગર્હાના ભાવોથી સંકળાયેલા સ્તોત્રો જાણવા. તેમજ એકાગ્રતાયુક્ત પણે એ સ્તોત્રો બોલવા.

આમાં ૧૦૦૮ લક્ષણયુક્ત શરીરના ગુણગાન ગાવાના જે કહ્યા એના જ ઉપલક્ષણથી અષ્ટ પ્રતિહાર્ય વગેરે સ્વરૂપ પ્રભુના બાહ્ય ઐશ્વર્યના ગુણગાનની વાત પણ જાણી લેવી. અહીં કોઇને **શંકા** થઇ શકે છે આ તો બધા મુખ્યતયા ઔદયિક ભાવો છે, તો એના ગુણગાન શા માટે? તો આનું **સમાધાન** - (૧) આવા પ્રકૃષ્ટકક્ષાના ઔદયિકભાવો પ્રભુની પૂર્વની પ્રકૃષ્ટકક્ષાની સાધનાને સૂચિત કરે છે - અહો! પ્રભુ 'सवि जीव करुं शासनरसी...' ની શ્રેષ્ઠભાવના વગેરે કેવા સુંદર તારા ભાવો હશે જેના પ્રભાવે આ શરીર વગેરે સંબંધી ઋદ્ધિ પ્રાપ્ત થઇ, એ રીતે... ઉપાધ્યાયજી મહારાજ શ્રી ઋષભદેવપ્રભુના સ્તવનમાં કહે છે –

ઇન્દ્રચન્દ્રરવિગિરિતણા ગુણ લહી ઘડીયું અંગ લાલ રે...
ભાગ્ય કિંહા થકી આવ્યું અચરિજ એહી ઉત્તુંગ લાલ રે...
જગજીવન જગવાલહો...

(૨) आकृतिः गुणान् कथयति.. ન્યાયે પ્રભુના આંતરિક અદ્ભુત ગુણોની કલ્પના સૌ પ્રથમ શારીરિક અદ્ભુતતા પરથી આવે છે...

પહેલાં તો એક કેવલ હરખે હેજાળુ થઇ હળિયો,
ગુણ દેખીને રૂપે મીલ્યો અભ્યન્તર જઇ ભળિયા રે... તારી.

शुचिनात्मसंयमपरं सितशुभवस्त्रेण वचनसारेण। आशंसारहितेन च तथा तथा भाववृद्ध्योच्चैः।।५।। [पो. ९]

स्वयंकृतानां गर्हा = भगवत्साक्षिकनिन्दारूपा तया परैः = प्रकृष्टैः सम्यक् = समीचीनं यत्प्रणिधानं = ऐकाग्र्यं तत्पुरःसरैः स्तोत्रैश्चैषा = पूजा संगता।।२४।।

अन्ये त्वाहुस्त्रिधा योगसारा सा शुद्धिचित्ततः (वित्तशुद्धितः)।
अतिचारोज्झिता विघ्नशमाभ्युदयमोक्षदा।।२५।।

अन्ये त्विति। अन्ये त्वाचार्याः प्राहुः- सा = पूजा योगसारा त्रिधा काययोगप्रधाना, वाग्योगप्रधाना मनोयोगप्रधाना च। शुद्धिचित्ततः (वित्तशुद्धितः) कायादिदोषपरिहाराभिप्रायादतिचारोज्झिता शुद्ध्यतिचारविकला यथाक्रमं विघ्नशमदा, अभ्युदयदा मोक्षदा च। तदुक्तं **षोडशके**[९/९-१०]

कायादियोगसारा त्रिविधा तच्छुद्ध्युपात्तवित्तेन।
या तदतिचाररहिता सा परमान्येति समयविदः।।

વળી બાળજીવો તો બાહ્ય દેખાવને જ જોનારા હોવાથી તેઓને તો પ્રભુનું આ બાહ્ય ઐશ્વર્ય જ ઉપકારક હોય છે. એટલે ઉપકારક અંશના ગુણગાન શા માટે નહીં? વળી,

(૩) પ્રભુના બાહ્ય અલૌકિક ઐશ્વર્યના આલંબનવાળા સાલંબન ધ્યાનથી નિરાલંબનધ્યાન પર પહોંચી શકાય છે. માટે એ દૃષ્ટિએ પણ એના ગુણગાન-સ્તુતિ વગેરે દ્વારા એકાગ્રતા કેળવવી હિતકર બને છે.

પરીષહવિજયાદિ આચાર એ પ્રભુની બાહ્ય સાધનાના દ્યોતક હોવાથી સ્તવનીય છે જ. વળી, મધ્યમ જીવો આચારને જોનારા હોવાથી પ્રભુની આવી બાહ્ય ઘોર સાધના તેવા જીવોને પ્રભુ પ્રત્યે આકર્ષે છે, અહોભાવ-ભક્તિભાવ પેદા કરે છે. માટે એ જીવો માટે ઉપકારક હોઇ એ પણ શા માટે સ્તવનીય નહીં?

સમ્યગ્દર્શન-વિરતિપરિણામ વગેરે પ્રભુની આંતરિક સાધના છે ને કેવલજ્ઞાનાદિ ગુણો એ સાધનાના ફળસ્વરૂપે પ્રાપ્ત થયેલી સિદ્ધિ છે ને સાધકનું પણ લક્ષ્ય છે. એટલે એ તો સ્તવનીય છે જ. વળી પંડિત જીવો આંતરિક પરિણામને જોનારા હોવાથી, તેઓને પ્રભુપ્રત્યે ભક્તિ ઉછળવામાં પ્રભુની આંતરિક ગુણસંપત્તિ જ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. માટે એના ગુણગાન હોવા તો સ્પષ્ટ છે જ.

પ્રભુભક્તિ ઉછળવામાં પ્રભુનો નજરમાં લેવાતો ઉત્કર્ષ (ગુણગરિમા) જેમ મહત્ત્વનું કારણ બને છે એમ પોતાનો અપકર્ષ પણ મહત્ત્વનું કારણ બને છે... અહો! પ્રભુ કેવા ગુણગરિષ્ઠ ને હું કેવો દોષગ્રસ્ત... પ્રભુ કેવા નિષ્પાપ... ને હું કેવાં પાપો આચરનારો... આ તુલના પ્રભુ પ્રત્યે દિલને ભક્તિથી ઓળઘોળ કરી જ દે...

વળી પોતાના દોષો-પાપો યાદ કરવાથી એમાંથી મુક્ત થવા માટે પ્રભુનું શરણ-કૃપા પામવાની ભાવના વધુ દૃઢ થવાની... એ માટે પ્રાર્થના વધુ ગદ્‌ગદ્ દિલે થવાની... જે સાધકને દોષમુક્તિ-ગુણપ્રાપ્તિના માર્ગ પર પ્રગતિ સાધવામાં મહત્ત્વનું પરિબળ બની રહે છે. માટે સ્વદોષગર્હાગર્ભિત સ્તોત્રો પણ એટલા જ આવશ્યક છે.॥૨૪॥ [અન્ય રીતે પૂજાના ૩ પ્રકાર દેખાડતા ગ્રન્થકાર કહે છે–]

[ત્રિવિધ યોગસારા પૂજા]

અન્ય આચાર્યો કહે છે કે એ પૂજા ત્રણ પ્રકારે યોગસારા છે. કાયયોગપ્રધાના, વાગ્યોગપ્રધાના અને મનોયોગપ્રધાના. શુદ્ધિચિત્ત એટલે કોઇપણ દોષ લાગી ન જાય... શુદ્ધિ જળવાઇ રહે એવો અભિપ્રાય. શરીરથી કોઇ દોષ ન લાગી જાય એવી કાળજી હોય તો એ પૂજા કાયયોગપ્રધાના જાણવી. આ જ પ્રમાણે વાગ્યોગપ્રધાના અને મનોયોગપ્રધાના પૂજા અંગે જાણવું. ('શુદ્ધિચિત્ततः' ના સ્થાને જો वित्तशुद्धितः એવો પાઠ લઇએ તો આ મુજબ અર્થ જાણવો કે - કાયયોગાદિની જે કાયાદિના દોષોના પરિહારરૂપ શુદ્ધિ, તેનાથી પ્રાપ્ત કરેલા ધનથી

विघ्नोपशमन्याद्या गीताऽभ्युदयप्रसाधनी चान्या।
निर्वाणसाधनीति च फलदा तु यथार्थसंज्ञाभिः।।२५।।

आद्ययोश्चारुपुष्पाद्यानयनैतन्नियोजने।
अन्त्यायां मनसा सर्वं संपादयति सुन्दरम्।।२६।।

आद्ययोरिति। आद्ययोः कायवाग्योगसारयोः पूजयोः क्रमात्पुष्पादिकं = प्रधानपुष्पगन्धमाल्यादिकं सेवते च स्वयमेव ददात्यानयति च वचनेनान्यतोऽपि क्षेत्रात्। तदुक्तं–

प्रवरं पुष्पादि सदा चाद्यायां सेवते तु तद्दाता।
आनयति चान्यतोऽपि हि नियमादेव द्वितीयायाम्।।[षो. ९/११] अन्त्यायां = मनोयोगसारायां सर्वं सुन्दरं पारिजातकुसुमादि मनसा संपादयति। तदुक्तं - 'त्रैलोक्यसुन्दरं यन्मनसाऽऽपादयति तत्तु चरमायाम्। इति।।२६।।

न च स्नानादिना कायवधादत्रास्ति दुष्टता।
दोषादधिकभावस्य तत्रानुभविकत्वतः।।२७।।

न चेति। न चात्र = पूजाविधौ कायवधात् = जलवनस्पत्यादिविराधनात्स्नानादिना दुष्टताऽस्ति, दोषात् = कायवधदोषादधिकभावस्य = स्नानादिजनिताधिकशुभाध्यवसायस्यानुभविकत्वतः = अनुभवसिद्धत्वात्। तदिदमुक्तं [षो. ९/१३-१४-१५]–

थयेली पूजा अतियार शून्य छे.) आ त्रण पूजा यथाक्रमे विघ्नशांति करनारी, अभ्युदय साधनारी अने मोक्ष आपनारी होय छे. षोडशक [९/९-१०] मां कह्युं छे के "अन्य शास्त्रज्ञ आचार्यो कहे छे के पूजा कायथोगप्रधाना, वाग्योगप्रधाना अने मनोयोगप्रधाना एम त्रण प्रकारे छे. अनुक्रमे काया वगेरेनी शुद्धिथी प्राप्त करेला धनथी जे तेनी शुद्धिना अतियार शून्य करवामां आवे छे ते कायथोगप्रधाना वगेरे रूप थाय छे. आमांथी कायथोगप्रधाना पूजा विघ्नोपशमनी होय छे, वचनयोगप्रधाना पूजा अभ्युदयसाधिका होय छे अने त्रीजी निर्वाण प्रदा होय छे."॥२५॥ [आ त्रणे पूजामां अनुक्रमे जे थाय तेने ग्रन्थकार जणावे छे–]

कायथोगप्रधाना पूजामां श्रेष्ठ पुष्प-माळाओने स्वयं बिंबपर चढावे छे. वचनयोगप्रधाना पूजामां श्रेष्ठ पुष्पादिने अन्यक्षेत्रमांथी बीजा पासे वचन द्वारा मंगावे छे. (षोड ९/११ मां) कह्युं छे के "तद्दाता = पूजक प्रथमपूजामां हंमेशा प्रवरपुष्प वगेरे स्वयं चढावे छे. बीजी पूजामां वचनथी कहीने अन्यक्षेत्रमांथी बीजा पासे मंगावे पण छे." मनोयोगप्रधाना अन्त्यपूजामां त्रणे लोकमां सर्व सुंदर एवा पारिजात वगेरे पुष्पोने नंदनवन वगेरेमांथी मनथी लावी बिंब पर चढावे छे. [षो. ९/१२ मां] कह्युं छे के 'त्रैलोक्यसुंदर पुष्पोने मनथी जे संपादित करे छे ते चरमपूजामां चढावे छे'॥२६॥ [पूजाविधिमां द्रव्यशौच जे कह्यो तेमां स्नानादि आवश्यक छे. एटले ए स्नानादिमां कायवधादि होवाथी दोष लागे छे एवी शंकानुं समाधान आपवा ग्रन्थकार कहे छे]

[पूजामां हिंसा, छतां लाभ]

आ पूजाविधिमां स्नानादिथी पाणी-वनस्पति वगेरेनो कायवधदोष रह्यो होवाथी दोषितता छे एवी शंका न करवी, केमके ए कायवधादि जे दोष थाय छे एना करतां अधिक शुभअध्यवसाय स्नानादिथी थतो होवो अनुभवसिद्ध छे. एटले के अल्पव्यये घणो लाभ थतो होवाथी आमां दोष तो नथी, पण उपरथी गुण छे.

स्नानादौ कायवधो न चोपकारो जिनस्य कश्चिदपि।
कृतकृत्यश्च स भगवान् व्यर्था पूजेति मुग्धमतिः।।
कूपोदाहरणादिह कायवधोऽपि गुणवान्मतो गृहिणाम्(गृहिणः)।
मन्त्रादेरिव च ततस्तदनुपकारेऽपि फलभावः।।
कृतकृत्यत्वादेव च तत्पूजा फलवती गुणोत्कर्षात्।
तस्मादव्यर्थैषारम्भवतोऽन्यत्र विमलधियः।।२७।।

यतिरप्यधिकारी स्यान्न चैवं तस्य सर्वथा।
भावस्तवाधिरूढत्वादर्थाभावादमूदृशा।।२८।।

यतिरपीति। न चैवं = स्नानादेरदुष्टत्वाद्यतिरप्यत्राधिकारी स्यात्, विभूषार्थस्नानादेस्तस्य निषेधेऽपि

षोडशक ९/१३-१४-१५ માં કહ્યું છે કે "સ્નાનાદિ કરવામાં કાયવધ થાય છે. વળી શ્રીજિનને તો પૂજાથી કોઇ ઉપકાર થતો નથી, કારણકે તે ભગવાન્ કૃતકૃત્ય છે. માટે આ પૂજા વ્યર્થ છે. આવી શંકા મુગ્ધબુદ્ધિ જીવ કરે છે. એનું સમાધાન આ પ્રમાણે જાણવું. - શાસ્ત્રપ્રસિદ્ધ *કૂપોદાહરણ મુજબ પૂજામાં થતો કાયવધ પણ ગૃહસ્થને ગુણકર બને છે. કેમકે અલ્પવ્યયે બહુલાભકારી હોય છે. જાપ વગેરેથી મંત્રાદિને ઉપકાર થતો ન હોવા છતાં, મંત્રાદિથી જેમ તથા સ્વભાવે મંત્રજાપ વગેરે કરનારને ઉપકાર થાય છે તેમ પૂજાથી પ્રભુને ઉપકાર થતો ન હોવા છતાં પૂજકને ફળપ્રાપ્તિ થાય છે. વળી પ્રભુ કૃતકૃત્યહોવાથી જ પ્રભુની પૂજા સફળ બને છે, કેમકે એ ઉત્કૃષ્ટગુણીની પૂજારૂપ બને છે. તેથી શરીરાદિ માટે આરંભ કરનારા ગૃહસ્થને આ જિનપૂજા સફળ જ હોય છે. આ પ્રમાણે નિર્મળ બુદ્ધિવાળા શાસ્ત્રવિશારદો કહે છે."॥૨૭॥ [અલ્પવ્યયે બહુલાભ ન્યાયે તો પૂજામાં સાધુ પણ અધિકારી બની જશે એવી શંકા ઉઠાવી સમાધાન કરવા ગ્રન્થકાર કહે છે–]

[સાધુ પૂજાના અનધિકારી]

'આ રીતે તો સાધુ પણ પૂજાના અધિકારી બની જશે' એવી શંકા ન કરવી, કેમકે સાધુ તો સર્વથા ભાવસ્તવપર આરૂઢ થયા હોઇ તેઓને આ જિનપૂજાથી કશો લાભ થતો નથી.

શંકાકારનો આશય એ છે કે અલ્પવ્યયબહુલાભન્યાયે કૂપોદાહરણ મુજબ જિનપૂજા નિર્દોષ હોય તો સાધુ પણ એના અધિકારી બની જાય, કેમકે આય-વ્યયને તોલીને પ્રવર્તવાનું સાધુ માટે પણ વિધાન છે જ. [સાધુને સ્નાનાદિનો જ નિષેધ હોઇ પૂજા શી રીતે કરે? એવું ન કહેવું, કેમકે] સાધુને બ્રહ્મચર્યપાલન માટે વિભૂષાર્થ સ્નાનાદિનો નિષેધ હોવા છતાં પૂજા માટેના સ્નાનનો નિષેધ કરી શકાતો નથી. વિભૂષાર્થ સ્નાન દુષ્ટ છે, આ નહીં, આ પૂજાર્થ સ્નાન પણ જો દુષ્ટ હોઇ તેનો નિષેધ હોય તો ગૃહસ્થને પણ તેનો નિષેધ હોવો જોઇએ.

---

* अस्योत्तरार्धः अखिलगुणाधिकसद्योग सारसद् व्रत्स्म यागपरः ।।षो. ९/१२।।

* પૂજા અંગે કૂપોદાહરણનું અર્થઘટન આવું જાણવું. (૧) વિધિ અને જયણાથી પરિપૂર્ણ પૂજા: જેમ કૂવો ખોદવો એ સ્વ-પરના તૃષાશમનાદિ કરવા દ્વારા ઉપકારક છે એમ જિનપૂજા સ્વને કરણદ્વારા અને અન્યોને અનુમોદના દ્વારા વિપુલનિર્જરાદિ ઉપકાર કરનાર છે. (૨) વિધિ અને જયણાની અપરિપૂર્ણતાવાળી પૂજા: જેમ કૂવો ખોદવામાં શ્રમ-કાદવથી ખરડાવું વગેરે દોષ થવા છતાં પ્રાપ્ત થતા નિર્મળ જલથી એ દોષ તો દૂર થઇ જાય છે અને ઉપરથી તૃષાશમનાદિ રૂપે સ્વ-પરને ઉપકાર થાય છે એમ વિધ્યાદિવિકલ પૂજાથી અવિધિ આદિનો દોષ થાય છે પણ પૂજાનો જે પ્રચંડ ભાવોલ્લાસ પ્રગટે છે એનાથી એ દોષ દૂર થઇ જાય છે અને વિપુલ નિર્જરાદિ કરણ-અનુમોદન દ્વારા સ્વ-પરને થાય છે. જુઓ કૂપદૃષ્ટાન્ત વિશદીકરણ પ્રકરણ.

पूजार्थस्नानादेर्निषेद्धुमशक्यत्वात्, अन्यथा गृहस्थस्यापि तन्निषेधप्रसंगात्। **न च** कुटुंबाद्यर्थमारंभप्रवृत्तत्वाद् गृहस्थस्य तत्राधिकारः, यतो नैकं पापमाचरितमित्यन्यदप्याचरितव्यं स्यात्, गुणान्तरलाभस्तु द्वयोरपि समानः" इति **शङ्कनीयं**, तस्य = यतेः सर्वथा = सर्वप्रकारेण भावस्तवाधिरूढत्वादमूदृशा = जिनपूजादि-

"સાધુ અન્ય કોઇ પ્રયોજને આરંભપ્રવૃત્ત હોતા નથી તેથી તેઓ માટે સ્નાનાદિનો આરંભ દુષ્ટ છે, જ્યારે ગૃહસ્થ તો કુટુંબાદિ માટે આરંભ કરતો જ હોઇ એને માટે આ આરંભ દુષ્ટ ન રહેવાથી એનો અધિકાર છે" આવું પણ ન કહેવું, કેમકે કુટુંબાદિ માટેના આરંભરૂપ એક પાપ આચર્યું એનો અર્થ કાંઇ એવો નથી થઇ જતો કે પૂજાર્થ આરંભ રૂપ બીજું પાપ પણ આચરવાની છૂટ મળી જાય. અને એ આરંભપાપની સામે પ્રચુરનિર્જરાદિ રૂપ મોટો અન્ય લાભ જ જો ગૃહસ્થને પ્રવર્તક છે તો એ તો સાધુને પણ સમાન રીતે હોઇ સાધુને પણ પ્રવર્તક બનશે જ માટે સાધુ પણ પૂજાના અધિકારી છે.

શંકાકારની આવી શંકા યોગ્ય નથી, કેમકે સાધુ તો સર્વથા ભાવસ્તવ પર આરૂઢ હોઇ આવા જિનપૂજા વગેરે અનુષ્ઠાનથી એમને કોઇ પ્રયોજન સિદ્ધ થવાનું હોતું નથી. એટલે ગુણાન્તર લાભ બન્નેને સમાન છે એવી વાત સત્યથી વેગળી છે. [ગૃહસ્થને જો પૂજાથી ગુણાન્તરલાભ થાય છે તો સાધુને કેમ ન થાય? એવા પ્રશ્નનો જવાબ આ છે કે] આદ્યભૂમિકામાં રહેલા જીવને જે ગુણકર હોય તે ઉપરની ભૂમિકામાં રહેલાને પણ ગુણકર હોય જ એવું નથી. કેમકે રોગચિકિત્સાની જેમ ધર્મ પણ નિયત અધિકારીને હોવાની શાસ્ત્રમાં વ્યવસ્થા દેખાડી છે. જેમ રોગચિકિત્સામાં પ્રારંભે મંદહોજરી વગેરે હોવાને કારણે મગનું પાણી વગેરે હિતકર (પુષ્ટિકારક) બને છે એટલા માત્રથી ઉત્તરકાળે (તેજ હોજરી થયે) કાંઇ એ હિતકર રહેતું નથી. એમ ગૃહસ્થની ભૂમિકામાં જિનપૂજા હિતકર હોવા માત્રથી સાધુની ઉપલી ભૂમિકામાં કાંઇ એ હિતકર બની જતી નથી. માટે જ તો રોગચિકિત્સાની જેમ તે તે ધર્મ પણ તે તે નિયત અધિકારીને કર્તવ્ય હોવાની શાસ્ત્રમાં વ્યવસ્થા દેખાડી છે. [અષ્ટક ૨/૫માં] કહ્યું છે કે "શાસ્ત્રમાં દ્રવ્યસ્નાન-ભાવસ્નાન રૂપ ધર્મસાધનની [અથવા સામાન્યથી તે તે ધર્માનુષ્ઠાનની] અધિકારીની અપેક્ષાએ વ્યવસ્થા દેખાડી છે. ગુણદોષની બાબતમાં એ વ્યવસ્થા વ્યાધિપ્રતિક્રિયા (ચિકિત્સા) ને તુલ્ય જાણવી." [ગ્રન્થકારે સવાસો ગાથાના સ્તવનની આઠમી ઢાલમાં આ વાત આ રીતે કહી છે–

'તો મુનિને નહીં કિમ પૂજના?' એમ તું શું ચિંતે શુભમના?
રોગીને ઔષધ સમ એહ, નિરોગી છે મુનિવર દેહ.

ગૃહસ્થને પરિગ્રહ વગેરે રોગ વળગેલો છે ને એ કાઢવા માટે ગૃહસ્થ દ્રવ્યપૂજા કરે છે. મુનિને તે રોગ છે નહીં, તો ઔષધસમ દ્રવ્યપૂજા મુનિને નિરર્થક છે. આવો આનો આશય છે.

પણ એક પ્રશ્ન રહે છે કે, દ્રવ્યપૂજા જેમ પરિગ્રહાદિરોગ નિવારી ભાવસ્તવ પામવા માટે છે, તેમ સમ્યક્ત્વની શુદ્ધિ માટે પણ છે જ. કહ્યું છે કે –

पूयाए कायवहो, पडिकुट्ठो सो उ, किं तु जिणपूया।
सम्मत्तसुद्धिहेउत्ति भावणीया उ णिरवज्जा।।

અર્થઃ દ્રવ્યપૂજામાં હિંસા થાય છે, ને હિંસા તો નિષિદ્ધ છે. છતાં જિનપૂજા સમ્યક્ત્વની શુદ્ધિનું કારણ છે, માટે એ નિરવદ્ય જાણવી. ગ્રન્થકારે પણ દાનબત્રીશીમાં આ વાતનો ઉલ્લેખ કર્યો છે.

સમ્યગ્દર્શનની શુદ્ધિ તો સાધુઓને પણ ઇષ્ટ છે જ. એટલે જ તો તેઓ, જિનાજ્ઞાપાલન સ્વરૂપ ભાવસ્તવારૂઢ હોવા છતાં, સ્તુતિ-ચૈત્યવંદન-સ્તવનાદિ રૂપ ભાવપૂજા પણ કરે છે. તો શ્રાવકની જેમ, સાધુને

कर्मणाऽर्थाभावात् = प्रयोजनासिद्धेः। न हि यदाद्यभूमिकावस्थस्य गुणकरं तदुत्तरभूमिकावस्थस्यापि तथा, रोगचिकित्सावद्धर्मस्य शास्त्रे नियताधिकारिकत्वेन व्यवस्थितत्वात्। तदुक्तं - अधिकारिवशात् शास्त्रे धर्मसाधनसंस्थितिः। व्याधिप्रतिक्रियातुल्या विज्ञेया गुणदोषयोः।। [अष्टक २/५]।।२८।।

प्रकृत्यारंभभीरुर्वा यो वा सामायिकादिमान्।
गृही तस्यापि नात्रार्थेऽधिकारित्वमतः स्मृतम्।।२९।।

प्रकृत्येति। अतः = भावस्तवाधिरूढस्य यतेरत्रानधिकारित्वात् यः प्रकृत्याऽरंभभीरुर्यो वा सामायिकादिमान् तस्याप्यत्रार्थे जिनपूजारूपेऽधिकारित्वं न स्मृतम्। **यदष्टकवृत्तिकृत्** (२/५) "अत एव सामायिकस्थः श्रावकोऽप्यनधिकारी, तस्यापि सावद्यनिवृत्ततया भावस्तवारूढत्वेन श्रमणकल्पत्वात्, अत एव गृहिणोऽपि प्रकृत्या पृथिव्याद्युपमर्दनभीरोर्यतनावतः सावद्यसंक्षेपरुचेर्यतिक्रियानुरागिणो न धर्मार्थं सावद्यारंभप्रवृत्तिर्युक्तेति।।२९।।

પણ જિનપૂજા, શુભ અધ્યવસાયો પ્રવર્તાવવા દ્વારા સમ્યગ્દર્શનની નિર્મળતાનું (યાવત્ ક્ષાયિક સમ્યક્ત્વપ્રાપ્તિનું) કારણ બની શકતી હોવાથી શા માટે નિરર્થક કહેવાય?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે સાધુઓ સ્વજીવનમાં સ્થાવર જીવોની હિંસા પણ ટાળતા હોય છે. કારણવશાત્ ક્યારેક સચિત્ત જળથી ભીની પૃથ્વી પર પગ પડી જાય કે લીલોતરીનો સંઘટ્ટો થઇ જાય ત્યારે મનમાં 'હાય! હાય! વિરાધના થઇ ગઇ' આવો પશ્ચાત્તાપ ભાવ સ્ફુર્યા કરવાનો જ ગાઢ અભ્યાસ હોય છે. એટલે સ્નાનાદિ કરવામાં ને કર્યા બાદ તેમ જ પુષ્પાદિને સ્પર્શવામાં આ વિરાધનાનો વિચાર જ એટલો જોરમાં પ્રવર્તે કે જેથી પ્રભુભક્તિનો શુભ અધ્યવસાય સ્ફુરવાને કોઇ અવકાશ જ રહેતો નથી, ને તેથી સમ્યગ્દર્શનની નિર્મળતા થવાની કોઇ શક્યતા રહેતી નથી. ગૃહસ્થોને સ્વજીવનમાં અનેકશઃ પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોની વિરાધના હોવાથી પાણી-પુષ્પ વગેરેનો સ્પર્શ થવામાં 'હાય હાય વિરાધના થઇ ગઇ' આવી કોઇ અરેરાટી અનુભવાતી હોતી નથી. એટલે પ્રભુભક્તિનો શુભઅધ્યવસાય સ્ફુરી સમ્યગ્દર્શનની નિર્મળતા થઇ શકવાના કારણે દ્રવ્યપૂજા આવશ્યક છે. વસ્તુતઃ શાસ્ત્રમાં મલિનારંભીને દ્રવ્યપૂજાના અધિકારી કહ્યા છે. સાધુ એવા ન હોવાથી એના અનધિકારી છે. [જુઓ પ્રતિમાશતક - શ્લોક ૩૦ ની વૃત્તિ.]॥૨૮॥ [આમ ભૂમિકાવશાત્ અનુષ્ઠાન ગુણકર/દોષકર બને છે એ વ્યવસ્થાનુસારે જ અન્ય વિશેષતાને ગ્રન્થકાર જણાવે છે—]

આમ ભાવસ્તવાધિરૂઢ સાધુ સ્નાનાદિનો અનધિકારી છે (કારણકે એમની ભૂમિકામાં એમના માટે એ હિતકર નથી) એ કારણે જ જે પ્રકૃતિથી જ આરંભભીરુ હોય અથવા જે સામાયિકાદિમાં રહ્યો હોય તેવો ગૃહસ્થ પણ આ જિનપૂજાની બાબતમાં અનધિકારી કહેવાયો છે. અષ્ટકજીના વૃત્તિકારે (૨/૫ ની વૃત્તિમાં) કહ્યું છે કે "તેથી જ સામાયિકમાં રહેલો શ્રાવક પણ પૂજાનો અનધિકારી છે, કેમકે તે પણ સાવદ્યયોગોથી નિવૃત્ત થયો હોઇ ભાવસ્તવપર આરૂઢ થયો હોવાના કારણે સાધુ જેવો જ હોય છે. તેથી જ જેને સ્વયં ગૃહસ્થ હોવા છતાં સ્વભાવે જ પૃથ્વીકાયાદિની વિરાધનાનો ડર લાગતો હોય અને તેથી તેવી વિરાધનાથી બચતો સતત જયણાશીલ હોય, સાવદ્યયોગોનો વધુને વધુ સંક્ષેપ કરવાની રુચિવાળો હોય તેમજ સાધુક્રિયાઓનો અનુરાગી હોય તેને ધર્મ માટે ય સાવદ્ય આરંભપ્રવૃત્તિ કરવી એ યોગ્ય નથી."॥૨૯॥ જે કુટુંબાદિ માટે આરંભ કરતો હોવા છતાં પૂજા ભાવી આરંભથી બીતો હોય અને તેથી પૂજા ન કરતો હોય તો શું વાંધો? એવા પ્રશ્નનો જવાબ આપવા ગ્રન્થકાર કહે છે –

अन्यत्रारंभवान् यस्तु तस्यात्रारंभशङ्किनः।
अबोधिरेव परमा विवेकौदार्यनाशतः।।३०।।

अन्यत्रेति। यस्त्वन्यत्र = कुटुंबाद्यर्थे आरंभवाँस्तस्यात्र = जिनपूजानिमित्तपुष्पादावारंभशङ्किनः = स्तोकपुष्पादिग्रहणाभिव्यंग्यारंभशंकावतः परमा = प्रकृष्टाऽबोधिरेव = बोधिहानिरेव, विवेकः कार्याकार्यज्ञानमौदार्यं च विपुलाशयलक्षणं तयोर्नाशतः। तदुक्तं –

अण्णच्छारंभवओ धम्मेणारंभओ अणाभोगो।

लोए पवयणखिंसा अबोहिबीअंति दोसा अ। [पंचा. ८/१२]।।३०।। **नन्वेवं** धर्मार्थमप्यारंभप्रवृत्तिप्राप्तौ,

धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी।

प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्।।[अष्टक ४/६] तथा,

'शुद्धागमैर्यथालाभं प्रत्यग्रैः शुचिभाजनैः। स्तोकैर्वा बहुभिर्वापि पुष्पैर्जात्यादिसंभवैः।। [अष्टक ३/२] इत्यादिकं विरुध्येतेत्याशङ्क्याह–

यच्च धर्मार्थमित्यादि तदपेक्ष्य दशान्तरम्।
संकाशादेः किल श्रेयस्युपेत्यादि(?पि) प्रवृत्तितः।।३१।।

यच्चेति। यच्च धर्मार्थमित्यादि भणितं तद्दशान्तरं सर्वविरत्यादिरूपमपेक्ष्य, आद्यश्लोकस्य सर्वविरत्य-

---

[પૂજામાં હિંસાશંકીને નુકશાન]

જે કુટુંબાદિ માટે આરંભ કરે છે અને જિનપૂજા નિમિત્તે પુષ્પાદિમાં આરંભની શંકા કરે છે તેને કાર્યાકાર્યના જ્ઞાનરૂપ વિવેકનો અને ઉદાર આશય રૂપ ઔદાર્યનો નાશ થવાથી પરમ અબોધિ (બોધિહાનિ રૂપ) મોટું નુકશાન થાય છે. અન્યત્ર આરંભવાન્ આવો ગૃહસ્થ ફુલ વગેરેમાં તો જીવવિરાધના રહી છે એમ દલીલ કરી પુષ્પાદિ ન ચઢાવે અથવા ઓછા ચઢાવે તો એના પરથી એ આરંભની શંકાવાળો છે એમ જાણી શકાય છે. કુટુંબાદિ માટેનો આરંભ કર્મબંધક હોઇ અકાર્ય છે એને કાર્ય = કરવા જેવો માને છે, અને પૂજાર્થ પુષ્પાદિનો આરંભ બોધ્યાદિપ્રાપક હોઇ કાર્ય છે એને અકાર્ય = ન કરવા જેવો માને છે. એટલે એનો કાર્યાકાર્યજ્ઞાનરૂપ વિવેક નષ્ટ થઇ જાય છે. શ્રીજિનેશ્વરદેવની પ્રભાવક પૂજા દ્વારા સ્વ-પરના બોધ્યાદિપ્રાપ્તિનો ઉદાર આશય પણ તેનો ટકી શકતો નથી. પંચાશક [૪/૧૨]માં કહ્યું છે કે "અન્ય કાર્યોમાં આરંભવાળા જીવનો ધર્મમાં અનારંભ એ અનાભોગ = અજ્ઞાન છે તેમજ એનાથી લોકમાં 'જૈન શાસનમાં પૂજાદિનું વિધાન પણ લાગતું નથી. માટે જૈનશાસન અસાર છે' ઇત્યાદિરૂપ પ્રવચન હીલના થાય છે જે અબોધિના બીજભૂત છે. આમ એવા ગૃહસ્થને અજ્ઞાન અને અબોધિબીજ એમ બે દોષો થાય છે."॥૩૦॥

શંકા - આ રીતે ધર્મ માટે પણ જો આરંભ પ્રવૃત્તિ કરવાની છે તો અષ્ટકજી (૪/૬) માં જે કહ્યું છે કે "ધર્મ માટે જે ધનની (પરિગ્રહરૂપ સાવદ્યની) ઇચ્છા કરે છે તેને તો તેની અનિચ્છા જ વધુ હિતકર છે. પહેલાં કાદવથી (પરિગ્રહના પાપથી) ખરડાવું અને પછી (ધર્મ કરીને) પ્રક્ષાલન કરવું એના કરતાં પહેલેથી (એ પાપથી) ખરડાવું જ નહીં એ વધુ સારું છે. [પ્રસ્તુતમાં આરંભના પાપથી ખરડાવું અને પૂજાથી એને સાફ કરવો એના

---

१ अन्यत्रारंभवतो धर्मेऽनारंभकोऽनाभोगः। लोके प्रवचनखिंसाऽबोधिबीजमिति दोषौ च।।

धिकारे पाठात्, द्वितीयस्य च पूजाकालोपस्थिते मालिके दर्शनप्रभावनाहेतोर्वणिक्कला न प्रयोक्तव्येत्येतदर्थ-ख्यापनपरत्वात्, अन्यथा,

[1]सुच्चइ दुग्गयनारी जगगुरुणो सिंदुवारकुसुमेहिं।

पूआ पणिहाणेणं उववन्ना तियसलोअंमि।।[पंचा. ४/४९] इत्यादि वचनव्याघातप्रसंगात्। इत्थं चैतदङ्गीकर्तव्यं - **संकाशादेः** किल श्रेयसि = धर्मकार्ये उपेत्यापि = विषयविशेषपक्षपातगर्भत्वेन पापक्षयकरीं

કરતાં આરંભ જ ન કરવો એ વધુ ઉચિત છે.]" તેનો અને અષ્ટકજી [૩/૨]માં જે કહ્યું છે કે "ન્યાયોપાત્તધન-અચૌર્ય વગેરેથી શુદ્ધ પ્રાપ્તિવાળા, જેટલા મળી શકે એટલા, પવિત્ર પાત્રમાં રાખેલા, નહિ કરમાયેલાં, અલ્પ કે બહુ વિશિષ્ટ પુષ્પોથી (દ્રવ્યપૂજા કરવી)" તેનો... આ બંનેનો વિરોધ થશે. એક બાજુ તમે ધર્મ માટે આરંભ કરવાનું કહો છો અને 'ધર્માર્થં' ઇત્યાદિ શ્લોક એનો નિષેધ ફલિત કરે છે. એમ 'શુદ્ધાગમૈઃ...' ઇત્યાદિ શ્લોક પણ ન્યાયોપાત્ત ધનથી પ્રાપ્ત પુષ્પાદિની વિધિ દેખાડે છે, એટલે કે સ્વયં પુષ્પો તોડવા વગેરે આરંભનો નિષેધ દેખાડે છે. એટલે આ બન્ને શ્લોકોનો વિરોધ થાય છે એ સ્પષ્ટ છે. આવી શંકાનું સમાધાન કરવા ગ્રન્થકાર કહે છે–

'ધર્માર્થં' ઇત્યાદિ અન્ય અવસ્થાની અપેક્ષાએ કહેવાયેલા છે (માટે વિરોધ નથી.) વળી સંકાશશ્રાવક વગેરેની ધર્મકાર્ય અંગે જાણીને પણ વેપાર વગેરેની જે પ્રવૃત્તિ થઇ છે એના પરથી પણ ધર્મ માટે આરંભ નિષિદ્ધ નથી એ જણાય છે.

આશય એ છે કે 'ધર્માર્થમ્' ઇત્યાદિ જે બે શ્લોક સાથે ધર્મ માટેના આરંભની પ્રવૃત્તિનો તમે વિરોધ જણાવો છો તે યોગ્ય નથી, કેમકે એ બે શ્લોકો તો સર્વવિરતિ વગેરે રૂપ અન્ય દશાને અપેક્ષીને કહેવાયા છે. એ બેમાંનો પ્રથમ 'ધર્માર્થં' ઇત્યાદિ શ્લોક સર્વવિરતિના અધિકારમાં કહેવાયો છે. એના પરથી જણાય છે કે એ સર્વવિરતિની અપેક્ષાએ કહેવાયો છે. બીજો શ્લોક 'પુષ્પાદિ સ્વયં ચૂંટવાનો આરંભ ન કરવો' એવું જણાવવાના તાત્પર્યમાં નથી, કિન્તુ 'ધર્મની પ્રભાવના થાય એ માટે, પૂજાકાળે ઉપસ્થિત થયેલા માળી આગળ વણિક્કલા ન વાપરવી, (પણ યોગ્ય મૂલ્ય ચૂકવીને પુષ્પાદિ પ્રાપ્ત કરવા)' આવું જણાવવાના તાત્પર્યમાં છે. બાકી એ શ્લોકનું 'સ્વયં પુષ્પાદિ ચૂંટવાના આરંભનો નિષેધ છે' એવું તાત્પર્ય માનીએ તો પંચાશકની ૪/૪૯ મી ગાથામાં દુર્ગતનારીની જે વાત કરી છે એનો વ્યાઘાત થશે. તેમાં કહ્યું છે કે "શ્રીજિનપ્રવચનમાં સંભળાય છે કે દુર્ગતનારી જંગલમાં મફતમાં મળતાં સિંદુવાર પુષ્પોને સ્વયમેવ લઇને જગદ્ગુરુ શ્રીમહાવીરપ્રભુની પૂજા કરવાના પ્રણિધાનથી દેવલોકમાં ઉત્પન્ન થઇ."

વળી સંકાશશ્રાવક વગેરેના દૃષ્ટાન્ત પરથી પણ આ વાત સ્વીકારવી પડે છે. તેઓની, વિશેષ વિષયના પક્ષપાતથી ગર્ભિતપણે, પાપક્ષયકરનારી, વેપાર વગેરે પ્રવૃત્તિને કરીને પણ, ધર્મમાં પ્રવૃત્તિ થઇ હતી. સંકાશશ્રાવકે પ્રમાદથી દેવદ્રવ્યનું ભક્ષણ કરેલું. જેના કારણે લાભાન્તરાય વગેરે ક્લિષ્ટકર્મો બાંધીને દીર્ઘકાળ સુધી દુરંત સંસારકાંતારમાં ભટક્યો. અનંતકાળ બાદ મનુષ્યત્વ પ્રાપ્ત થયું જ્યાં પણ એ દુર્ગત મનુષ્યોમાં શિરોમણી થયો. કેવળીભગવાન્ પાસે સ્વકીય પૂર્વભવનો વૃત્તાન્ત જાણીને કેવલીપ્રભુના ઉપદેશથી દુર્ગતપણાંના કારણભૂત કર્મને ખપાવવા માટે એણે અભિગ્રહ કર્યો કે 'હું વેપારથી જે કાંઇ કમાઇશ તેમાંથી ભોજન અને વસ્ત્રના ખર્ચ બાદ શેષ સઘળું દ્રવ્ય શ્રીજિનાયતનાદિમાં વાપરીશ.' આ પ્રમાણેના અભિગ્રહનું પાલન કરીને કાલાન્તરે એ મોક્ષમાં ગયો. આમ અહીં વેપાર વગેરે કરીને પણ ધર્મ કરવાની વાત છે.

1 श्रूयते दुर्गतनारी जगद्गुरोः सिंदुवारकुसुमैः पूजाप्रणिधानेनोपपन्ना त्रिदशलोके।।

वाणिज्यादिक्रियामङ्गीकृत्यापि प्रवृत्तितः, संकाशश्रावको हि प्रमादाद्भक्षितचैत्यद्रव्यो निवद्धलाभान्तरायादिक्लिष्टकर्मा चिरं पर्यटितदुरन्तसंसारकान्तारोऽनन्तकालाल्लब्धमनुष्यभावो दुर्गतनरशिरःशेखररूपः पारगतसमीपोपलब्धस्वकीयपूर्वभववृत्तान्तः पारगतोपदेशतो दुर्गतत्वनिवन्धनकर्मक्षपणाय– यदहमुपार्जयिष्यामि द्रव्यं तद्ग्रासाच्छादनवर्जं सर्वं जिनायतनादिषु नियोक्ष्ये' इत्यभिग्रहं गृहीतवान्, कालेन च निर्वाणमवाप्तवानिति। **अथ** युक्तं संकाशस्यैतत्, तथैव तत्कर्मक्षयोपपत्तेः न पुनरन्यस्य, **नैवं**, सर्वथैवाशुभस्वरूपव्यापारस्य विशिष्टनिर्जराकारणत्वायोगादिति।।३१।।

पूजया परमानन्दमुपकारं विना कथम्।
ददाति पूज्य इति चेच्चिन्तामण्यादयो यथा।।३२।।

पूजयेति। व्यक्तः।।३२।।

।।इति भक्तिद्वात्रिंशिका।।

शंका - संकाशश्रावक जेवी विषम अवस्थावाळा माटे आ रीते आरंभ करीने धर्म करवो योग्य छे. केमके ए रीते ज एनो कर्मक्षय थवानो हतो., पण बधा माटे सामान्यतया ए उचित नथी.

समाधान - आवी शंका बराबर नथी. केमके आवुं जो मानीए तो एनो अर्थ ए थाय के सामान्य संजोगोमां आरंभ करीने धर्म करवानी आवी प्रवृत्ति ए सर्वथा अशुभ ज छे. पण आवो फलितार्थ योग्य नथी, केमके सर्वथा अशुभ स्वरूपवाळी प्रवृत्ति विशिष्ट निर्जरानुं कारण बनी शकती नथी. एटले आवो फलितार्थ जो योग्य नथी तो 'आरंभ करीने धर्म करवो ए उचित नथी' एवी मान्यता पण योग्य नथी ए फलित थइ ज जाय छे.॥३१॥ [पूजा अंगेनी अवशिष्ट शंका ऊठावीने समाधान आपवा ग्रन्थकार कहे छे–]

पूजाथी, कृतकृत्य प्रभुने कोइ उपकार तो थतो नथी, तो तेओ परमानन्द शी रीते आपे छे? एवी जो तमारी शंका होय तो एनुं समाधान आ जाणवुं के जेम चिन्तामणि रत्न वगेरे विना उपकारे पण तथा स्वभावे फळ आपे छे तेम प्रस्तुतमां जाणवुं.॥३२॥

[भक्तिद्वात्रिंशिका अंगे कंइक उद्बोधन -]

श्लोक ३१ नी अवतरणिकामां, "आ रीते धर्म माटे पण आरंभ-समारंभ करवानी अनुज्ञा होय तो, अष्टकप्रकरणमां धर्मार्थं यस्य वित्तेहा... वगेरे जे कह्युं छे तेनो विरोध थशे..." इत्यादि करायेली शंकानुं समाधान आपतां ग्रन्थकारे ३१ मा श्लोकमां कह्युं छे के धर्मार्थं... वगेरे श्लोक तो सर्वविरतिना अधिकारमां कहेवायेलो छे. एटले के धर्म माटे आरंभ समारंभ करवानो निषेध मात्र साधुओ माटे छे, गृहस्थो माटे नहीं. ने तेथी, जिनभक्ति माटे पुष्पादि जीवोनी विराधना थती होवा छतां, प्रभुभक्तिथी तज्जन्य दोष दूर थइ वधु आत्महित थवानो लाभ श्रावकोने शक्य होवाथी श्रावको माटे ए निषिद्ध नथी, छतां धर्मार्थं यस्य वित्तेहा श्लोकमां जे दृष्टान्त आप्युं छे के, कादवथी खरडाइने पछी कादवने धोवो एना करतां पहेलेथी खरडावुं ज नहीं ए वधु सारुं छे... आ दृष्टान्त श्रावकोने पण लागु तो पडे ज छे ने! एटले पहेलां जिनपूजा माटे हिंसादोषथी खरडावुं ने पछी जिनपूजा द्वारा ए दोषने साफ करवो तो एना करतां ए दोष ज न सेववो ए वधु सारुं नहीं?

आवा प्रश्ननो उत्तर विचारीए... माटीथी पगने खरडीने पछी धोवा एना करतां खरडवा ज नहीं, आ न्याय व्यापक नथी. वासणने मांजवा माटे राख घसवामां आवे छे, ने ए राख पण कांइ वासण पर राखी

મૂકવાની હોતી નથી, છેવટે પાણીથી ધોઇ જ નાખવાની હોય છે, છતાં એ ઘસવામાં આવે જ છે. પગ પર માટી કે સાબુ રાખી મૂકવાના હોતા નથી, એને પણ પાણીથી દૂર કરવાના હોય જ છે, છતાં પગ પર રંગ લાગ્યો હોય– કંઇક ડાઘ પડ્યા હોય તો માટી કે સાબુ વગેરે લગાવી છેવટે એ પણ ધોઇ નાખવાની પ્રવૃત્તિ શિષ્ટ પુરુષો પણ કરે જ છે. એટલે આ ન્યાયનો વિષય વિચારવો જોઇએ.

જેઓના પગ ચોક્ખા છે, કોઇ ડાઘ વગેરે લાગ્યા નથી તેઓએ માટીથી પગને ખરડીને સાફ કરવો એ ઉચિત નથી. કારણકે તેઓ માટે એ માત્ર વ્યાયામ જ છે, લાભ કશો નથી, ઉપરથી પગ ધોવા માટે વપરાવાના પાણીના તથા સમયના બગાડા રૂપ નુકશાન છે.

આરંભ-સમારંભ વગેરે પાપ રૂપ દોષોની અપેક્ષાએ વિચારીએ તો સાધુઓનું જીવન દોષમુક્ત = ચોક્ખું છે. એટલે તેઓ માટે પૃથ્વીકાયાદિ જીવોની હિંસા કરી એને ધોવાની વાત ઉચિત નથી. વળી એમાં પોતાના પ્રથમ મહાવ્રતનો ભંગ થવાનો તેમજ એના કારણે જે દોષ લાગે તેને ધોવામાં જ કેટલાય શુભભાવો ને સમય ખર્ચાઇ જવાનો દોષ લાગે છે. તેથી સાધુઓ માટે પ્રક્ષાલનાદ્ધિ પંકસ્ય... ઇત્યાદિ ન્યાયે જિનપૂજા નિષિદ્ધ છે.

ગૃહસ્થનું જીવન પૃથ્વીકાયાદિ જીવોની હિંસા વગેરે રૂપ દોષોથી ખરડાયેલું છે. એટલે, જિનપૂજા સાબુનું કાર્ય કરે છે. એમાં થોડી ઘણી હિંસાથી પહેલાં ખરડાવાનું છે, પણ પછી ભક્તિના ઉછાળાથી આ ખરડાયાપણું ને અન્ય આરંભાદિ દોષો જન્ય ડાઘ બધું જ દૂર થઇ જાય છે. (એટલે તો, આ જિનપૂજા દ્વારા મારા ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થવા દ્વારા હું અને આ પ્રભુભક્તિના દર્શન દ્વારા પ્રતિબોધ પામી અન્ય ભવ્યજીવો પણ સંસારત્યાગ કરી સંયમી બની સર્વજીવોને અભયદાન દેનારા બનીએ" એવી પણ શ્રાવકની ભાવના હોય છે.)

એટલે પ્રક્ષાલનાદ્ધિ પંકસ્ય... ઇત્યાદિ ન્યાયનું રહસ્ય એ નિશ્ચિત થાય છે કે, જે સ્વની સાથે સ્વભિન્ન (અને પહેલેથી વિદ્યમાન) અશુદ્ધિને કાઢવા– વિશિષ્ટ શુદ્ધિ બક્ષવા સમર્થ હોય એવી ચીજ માટે આ ન્યાય લાગુ પડતો નથી. એટલે જ સાધુઓને પણ સમ્મતિતર્કપ્રકરણ વગેરે દર્શનશુદ્ધિ કરનારા ગ્રન્થોનાં અધ્યયન માટે નિર્વાહના અભાવે આધાકર્મ વગેરેની પણ અનુજ્ઞા આપવામાં આવેલી છે. કારણકે આધાકર્મ સેવન દ્વારા જે દોષ લાગે તે તો, આ અધ્યયનથી અધિક નિર્મળ થયેલ સમ્યગ્દર્શનના પ્રભાવે જે વધુ અપ્રમત્ત સાધનામય સંયમ જીવનનું પાલન થશે તેનાથી દૂર થઇ જ જાય છે, પણ સાથે સાથે ચારિત્રની નિર્મળતા થવાથી કષાયાદિનો વિશેષ હ્રાસ, વિપુલ કર્મનિર્જરા વગેરે પણ લાભ થાય છે. (ટૂંકમાં આયં વયં તુલિજ્જા, લાહાકંખિવ્વ વાણિયઓ... ન્યાય લગાડવો ઉચિત છે.)

એટલે જ, કોઇ એવા વિશિષ્ટ કારણની અનુપસ્થિતિમાં સામાન્ય સંયોગોમાં, કોઇ ભક્ત શ્રાવક પાસે મીઠાઇ વગેરે સારી સારી વાનગીઓ બનાવડાવું ને એનાથી અન્ય સાધુ ભગવંતોની ભક્તિ કરવાનો લાભ લઉં... આવું કરવું સાધુઓને અનુજ્ઞાત નથી... પણ શ્રાવકોને, "સારી સારી વાનગીઓ બનાવી અન્ય શ્રાવકોની (સાધર્મિકોની) ભક્તિ કરું" એ વાત અનુજ્ઞાત છે.

હા, જ્યાં લાભ કરતાં વ્યય અધિક હોય, બીજી રીતે કહીએ તો જેટલું શુદ્ધિકરણ થાય એના કરતાં અશુદ્ધિ વધારે થતી હોય યા દૂર થતી ન હોય તો એવી ચીજનો ઉપયોગ નિષિદ્ધ જાણવો. જેમકે કપડાં પર પડેલા ડાઘને દૂર કરવા કોઇ લોહીનો ઉપયોગ કરે તો એ મૂર્ખતા છે. તેથી પશુબલિ વગેરે નિષિદ્ધ છે. તેમજ, ઘણો આરંભ સમારંભ ને અલ્પ ઉપકાર ધરાવનાર ઇષ્ટાપૂર્ત વગેરેને અનુકંપા દાન તરીકે સ્વીકારવામાં આવ્યા નથી ને તેથી તેની અનુજ્ઞા નથી.

।।अथ साधुसामग्र्यद्वात्रिंशिका।।६।।

जिनभक्तिप्रतिपादनानन्तरं तत्साध्यं साधुसामग्र्यमाह–

ज्ञानेन ज्ञानिभावः स्याद् भिक्षुभावश्च भिक्षया।
वैराग्येण विरक्तत्वं संयतस्य महात्मनः।।१।।

ज्ञानेनेति। व्यक्तः।।१।।

विषयप्रतिभासाख्यं तथाऽऽत्मपरिणामवत्।
तत्त्वसंवेदनं चेति त्रिधा ज्ञानं प्रकीर्त्तितम्।।२।।

विषयेति। विषयप्रतिभास इत्याख्या यस्य, विषयस्यैव हेयत्वादिधर्मानुपरक्तस्य प्रतिभासो यत्र तत्। तथाऽऽत्मनः = स्वस्य परिणामोऽर्थानर्थप्रतिभासात्मा विद्यते यत्र तत्, आत्मनः = जीवस्य परिणामोऽनुष्ठानविशेषसंपाद्यो विद्यते यत्रेति नये सम्यक्त्वलाभप्रयोज्यवस्तुविषयतावत्त्वमर्थो लभ्यते। तत्त्वं =

---

૫ મી બત્રીશીમાં જિનભક્તિનું પ્રતિપાદન કર્યું. હવે એનાથી જે સિદ્ધ કરવાનું છે તે સાધુનાં સામગ્ર્ય (= સાધુતાની પૂર્ણતા)નું આ છઠ્ઠી બત્રીશીમાં પ્રતિપાદન કરાય છે. [જિનપૂજા એ દ્રવ્યસ્તવ છે, ને આ દ્રવ્યસ્તવ, સંપૂર્ણતયા જિનાજ્ઞાપાલનમય સાધુજીવન સ્વરૂપ ભાવસ્તવનું કારણ છે. તેથી સાધુ સામગ્ર્યને અહીં જિનભક્તિના સાધ્ય તરીકે જણાવ્યું છે.]

[અથવા, પ્રથમ યોગાવંચકના સંપાદન માટે ચોથી બત્રીશીમાં જિનમહત્ત્વની વાત કરી; બીજા ક્રિયાવંચકના સંપાદન માટે પાંચમી બત્રીશીમાં ભક્તિની વાત કરી. હવે, સાનુબંધ ફળપ્રાપ્તિ સ્વરૂપ ત્રીજા ફલાવંચકના સંપાદન માટે દ્રવ્યસ્તવાત્મક ભક્તિના ફળ સ્વરૂપ ભાવસ્તવ-સાધુસામગ્ર્યનું છઠ્ઠી બત્રીશીમાં નિરૂપણ કરે છે]

સંયત મહાત્મામાં સમ્યગ્જ્ઞાનથી જ્ઞાનીપણું હોય છે, ભિક્ષાના કારણે ભિક્ષુપણું હોય છે અને વૈરાગ્યના કારણે વિરક્તપણું હોય છે.॥૧॥ [ચારિત્રસમૃદ્ધિથી પૂર્ણતા હોવા રૂપ સામગ્ર્ય માટે જ્ઞાન, ભિક્ષા અને વૈરાગ્ય એમ ત્રણ ચીજો કહી. એમાંથી 'યથોદ્દેશં નિર્દેશઃ' એ ન્યાયે સૌ પ્રથમ જ્ઞાનનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા ગ્રન્થકાર કહે છે–]

[જ્ઞાનના ત્રણ પ્રકાર]

વિષયપ્રતિભાસ, આત્મપરિણામવત્ અને તત્ત્વસંવેદન એમ ત્રણ પ્રકારે જ્ઞાન કહેવાયું છે.

હેયત્વાદિધર્મથી નહીં સંકળાયેલ એવા વિષય માત્રનો જ જેમાં બોધ હોય તે વિષયપ્રતિભાસ જ્ઞાન છે. (વિષય પ્રતિભાસ છે આખ્યા = નામ જેનું તે વિષયપ્રતિભાસાખ્ય આવો સમાસ જાણવો.) [અહીં 'હેયત્વાદિધર્મ' જે કહ્યું છે તેમાં 'આદિ' શબ્દથી ઉપાદેયત્વ અને ઉપેક્ષ્યત્વ ધર્મો જાણવા. આ હેયત્વાદિ ધર્મો પણ આત્માના અહિત વગેરેની દૃષ્ટિએ જાણવા. બાકી ઇન્દ્રિયની અપેક્ષાએ તો એ પણ વિષયપ્રતિભાસમાં ભાસતા જ હોય છે. અર્થાત્ સ્રક્-ચંદન-મધુર રસ વગેરે વિષયો ઇન્દ્રિયોને અનુકૂળ હોવાથી એ દૃષ્ટિએ એમાં પ્રવૃત્તિ કરાવનાર ઉપાદેયત્વબોધ, ને કંટકસ્પર્શ-કટુરસ વગેરે વિષયો ઇન્દ્રિયોને પ્રતિકૂળ હોવાથી એ દૃષ્ટિએ એમાંથી નિવૃત્તિ કરાવનાર હેયત્વબોધ વગેરે તો આ 'વિષયપ્રતિભાસ'માં હોય જ છે. એ પણ ન હોય એવું નથી.] આનાથી (આત્માની દૃષ્ટિએ) અર્થ = લાભ થશે, આનાથી અનર્થ = ગેરલાભ થશે એવા બોધ રૂપ, આત્માનો = પોતાનો

परमार्थस्तत्सम्यक् = प्रवृत्त्याद्युपहितत्वेन वेद्यते यस्मिंस्तच्च (? यस्मिन्। तत्र) तत्त्वपदेन मिथ्याज्ञाननिवृत्तिः, तद्विषयस्येतरांशनिषेधावच्छिन्नत्वेनातत्त्वत्वात्, सम्यक्पदेनाविरतसम्यग्दृष्टिज्ञाननिवृत्तिः, तस्य ज्ञानाज्ञानसाधारणप्रतिभासत्वप्रयोज्यविषयप्रवृत्त्याद्युपहितत्वेऽपि ज्ञानत्वप्रयोज्यविरतिप्रवृत्त्याद्युपहितत्वाभावादिति। इति = अमुना प्रकारेण त्रिधा ज्ञानं प्रकीर्तितम्। तदाह - [अ. ९/२]

પરિણામ જેમાં વિદ્યમાન હોય તે આત્મપરિણામવત્ જ્ઞાન છે. અનુષ્ઠાનવિશેષથી જેનું સંપાદન થાય એવો આત્માનો પરિણામ જેમાં વિદ્યમાન હોય તે આત્મપરિણામવત્ આવી વ્યાખ્યા કરીએ (કે જે અષ્ટકપ્રકરણના વૃત્તિકારે કરી છે) તો આવો અર્થ જાણવો કે સમ્યક્ત્વપ્રાપ્તિથી પ્રયોજ્ય એવી વસ્તુની વિષયતા જેમાં વિદ્યમાન હોય તેવો બોધ. અર્થાત્ સમ્યક્ત્વપ્રાપ્તિના કારણે વસ્તુના માત્ર બાહ્યઆકર્ષણાદિ જ દેખાય છે એવું નથી રહેતું, કિન્તુ એના હેયત્વ(ત્યાગવિષયત્વ)-ઉપાદેયત્વ(ઉપાદાનવિષયત્વ) વગેરે ધર્મો પણ દેખાય છે. આમ વસ્તુનું ત્યાગવિષયત્વ વગેરે જેમાં વિષયરૂપે વિદ્યમાન હોય તેવો બોધ એ આત્મપરિણામવત્ જ્ઞાન એવું ફલિત થયું. તત્ત્વ એટલે પરમાર્થ. તેનું પ્રવૃત્ત્યાદિથી (આદિ શબ્દથી નિવૃત્તિનું ગ્રહણ જાણવું) ગર્ભિત એવું સમ્યક્ વેદન = સંવેદન જેમાં હોય તે તત્ત્વસંવેદન પ્રકારનું ત્રીજું જ્ઞાન છે. આના લક્ષણમાં 'તત્ત્વ' પદ જે મૂક્યું છે એનાથી મિથ્યાજ્ઞાનનો વ્યવચ્છેદ થઇ જાય છે, કેમકે તેનો વિષય ઇતરાંશના નિષેધયુક્ત હોઇ અતત્ત્વરૂપ હોય છે. અર્થાત્ તે તે વસ્તુને નિત્ય તરીકે જુએ તો અનિત્યનો નિષેધ હોય છે. અનિત્ય તરીકે જુએ તો નિત્યાંશનો નિષેધ હોય છે. અનિત્યત્વ કે નિત્યત્વ, સામાન્યત્વ કે વિશેષત્વ વગેરે સપ્રતિપક્ષ ધર્મોથી સંકળાયેલું ન હોય એવું દુનિયામાં કોઇ તત્ત્વ નથી, માટે મિથ્યાજ્ઞાનમાં જે અનિત્યત્વાંશાદિથી નહીં સંકળાયેલી વસ્તુ ભાસે છે એ અતત્ત્વ છે. અથવા, તે તે વસ્તુમાં આત્મહિતની દૃષ્ટિએ જે હેયત્વાદિ ધર્મ રહ્યો હોય છે તે અહીં 'ઇતરાંશ' સમજવો. [વિષયપ્રતિભાસમાં મધુરત્વાદિ જે ભાસે છે તેનાથી આ ઇતર છે, માટે 'ઇતરાંશ' તરીકે લઇ શકાય છે.] મિથ્યાત્વી જીવ હેય પદાર્થને ઉપાદેય માને છે ને ઉપાદેય ને હેય... એટલે કે હેય પદાર્થમાં હેયત્વને નકારે છે, ને ઉપાદેયમાં ઉપાદેયત્વને નકારે છે. તેથી મિથ્યાત્વીના જ્ઞાનનો વિષય તદિતરાંશ નિષેધવાળો હોવાથી તદિતરાંશનિષેધાવચ્છિન્ન હોવાના કારણે અતત્ત્વ છે, ને તેથી એનું જ્ઞાન તત્ત્વ સંવેદન રૂપ બનતું નથી. લક્ષણમાં 'સમ્યક્' પદ જે મૂક્યું છે તેનાથી અવિરત સમ્યક્ત્વીના જ્ઞાનનો તત્ત્વસંવેદનમાંથી વ્યવચ્છેદ થાય છે, કારણકે તેનું જ્ઞાન, જ્ઞાન અને અજ્ઞાન એ બન્નેમાં સાધારણ પણે રહેલા પ્રતિભાસત્વથી પ્રયોજ્ય વિષયપ્રવૃત્તિ વગેરેથી ઉપહિત હોવા છતાં જ્ઞાન માત્રમાં રહેલા વિશેષ ધર્મ રૂપ જ્ઞાનત્વથી પ્રયોજ્ય વિરતિપ્રવૃત્તિ વગેરેથી ઉપહિત હોતું નથી. આશય એ છે કે જ્ઞાન અજ્ઞાનની વિવક્ષા કર્યા વગર, મિથ્યાત્વી, અવિરતસમ્યક્ત્વી કે સંયત... કોઇપણ જીવનો સાકાર ઉપયોગ = જ્ઞાનસામાન્ય એ અહીં 'પ્રતિભાસ' તરીકે અભિપ્રેત છે. વળી જ્ઞાનસામાન્ય એ પ્રવૃત્તિ સામાન્ય પ્રત્યે કારણ છે. તેથી મિથ્યાત્વી વગેરેની 'વિષયોમાં (પાપમાં) નિઃશંક પ્રવૃત્તિ' વગેરે પ્રવૃત્તિઓ પ્રવૃત્તિસામાન્યરૂપે પ્રતિભાસત્વથી પ્રયોજ્ય છે. (અહીં જ્ઞાનસામાન્યને 'પ્રતિભાસ' તરીકે લઇ એમાં રહેલા ધર્મ તરીકે પ્રતિભાસત્વનો ઉલ્લેખ એટલા માટે જાણવો કે, જો એનો 'જ્ઞાનત્વ' તરીકે ઉલ્લેખ કરવામાં આવે તો, જ્ઞાન-અજ્ઞાનની વિવક્ષા વખતે જે જ્ઞાન હોય છે તેમાં રહેલા 'જ્ઞાનત્વ' ધર્મનો ભ્રમ ઊભો થવાની સંભાવના રહે છે.) એટલે કે મિથ્યાત્વીની નિઃશંક પાપપ્રવૃત્તિ જેમ પ્રવૃત્તિસામાન્યરૂપે પ્રતિભાસત્વપ્રયોજ્ય છે તેમ અવિતરસમ્યક્ત્વીની પ્રવૃત્તિ (સાશંક પાપ પ્રવૃત્તિ) પણ પ્રવૃત્તિસામાન્યરૂપે તો આ પ્રતિભાસત્વથી પ્રયોજ્ય છે જ. તેમ છતાં, મિથ્યાત્વીની પ્રવૃત્તિની જેમ, એ પણ, જ્ઞાનત્વપ્રયોજ્ય હોતી નથી. કારણકે 'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ' ન્યાયે જ્ઞાનત્વપ્રયોજ્ય તો વિરતિપ્રવૃત્તિ જ હોય છે. [अथवा तस्य ज्ञानाज्ञानसाधारण...: ઇત્યાદિ

विषयप्रतिभासं चात्मपरिणतिमत्तथा। तत्त्वसंवेदनं चैव ज्ञानमाहुर्महर्षयः।।२।।

आद्यं मिथ्यादृशां मुग्धरत्नादिप्रतिभासवत्।
अज्ञानावरणापायाद् ग्राह्यत्वाद्यविनिश्चयम्।।३।।

आद्यमिति। आद्यं = विषयप्रतिभासज्ञानं मिथ्यादृशामेव, मुग्धस्य = अज्ञस्य रत्नप्रतिभासादिवत् = तत्तुल्यं, तदाह–विषकंटकरत्नादौ वालादिप्रतिभासवत्' इति। अज्ञानं = मत्यज्ञानादिकं तदावरणं यत्कर्म

પંક્તિનો અર્થ બીજી રીતે પણ વિચારી શકાય. અવિરત સમ્યક્ત્વીના બોધનો વિષય હેય હોય તો હેય રૂપે ને ઉપાદેય હોય તો ઉપાદેય રૂપે ભાસતો હોવાથી ઇતરાંશ નિષેધાવચ્છિન્ન ન હોવાના કારણે તત્ત્વરૂપ જ હોય છે ને તેથી એનો બોધ 'જ્ઞાન' જ હોય છે, 'અજ્ઞાન' નહીં. આમ અવિરતસમ્યક્ત્વીનો બોધ 'જ્ઞાન' સ્વરૂપ છે, છતાં એની પ્રવૃત્તિ વિરતિપ્રવૃત્તિ નથી, પણ વિષયપ્રવૃત્તિ છે જેના પ્રત્યે એનું 'જ્ઞાન' પ્રયોજક છે.

જ્ઞાન-અજ્ઞાનની અપેક્ષાએ વિચારીએ તો પ્રતિભાસના બે પ્રકાર છે, જ્ઞાન અને અજ્ઞાન. એટલે કે પ્રતિભાસત્વ એ જ્ઞાન-અજ્ઞાન ઉભયમાં રહેલ વ્યાપક ધર્મ છે, ને, જ્ઞાનત્વ એ જ્ઞાનમાં રહેલ ને અજ્ઞાનત્વ એ અજ્ઞાનમાં રહેલ વ્યાપ્ય ધર્મો છે. તેથી અવિરતસમ્યક્ત્વીના બોધમાં પ્રતિભાસત્વ અને જ્ઞાનત્વ એમ બે ધર્મો રહેલા છે. હવે, એનો બોધ જો 'જ્ઞાન' તરીકે જ (= જ્ઞાનત્વ ધર્મને આગળ કરીને જ) પ્રવૃત્તિ કરાવે તો એ વિરતિ પ્રવૃત્તિ જ હોય. (કારણકે જ્ઞાનસ્ય ફલં વિરતિઃ નિયમાનુસારે જ્ઞાનત્વપ્રયોજ્યપ્રવૃત્તિ તરીકે વિરતિપ્રવૃત્તિ જ આવી શકે છે, વિષય પ્રવૃત્તિ નહીં.) પણ એની પ્રવૃત્તિ તો વિષય પ્રવૃત્તિ છે. માટે એ પ્રવૃત્તિ એના બોધમાં રહેલા પ્રતિભાસત્વધર્મને આગળ કરીને થઇ હોવી માનવી પડે છે. એટલે અવિરતસમ્યગ્દૃષ્ટિની વિષયપ્રવૃત્તિ પ્રતિભાસત્વપ્રયોજ્ય હોવી અહીં કહી છે.

સભાના પ્રમુખમાં પ્રમુખત્વ ને સભ્યત્વ એ બન્ને ધર્મો છે. છતાં એ પ્રમુખ, પોતાના પ્રમુખત્વ સ્વરૂપ વિશિષ્ટ ધર્મને ગૌણકરી સભ્યત્વ ધર્મને જ આગળ કરે ને સભ્યરૂપે જ વર્તે તો એનું પ્રમુખ પણું વાસ્તવિક = સમ્યક્ ન કહેવાય એ સમજી શકાય છે. એમ અવિરતસમ્યક્ત્વીના બોધમાં જ્ઞાનત્વ સ્વરૂપ વિશિષ્ટ ધર્મ ને પ્રતિભાસત્વ સ્વરૂપ સામાન્યધર્મ આ બન્ને હોવા છતાં એ બોધ, પોતાના જ્ઞાનત્વ ધર્મને મુખ્ય કરી જ્ઞાનરૂપે વિરતિપ્રવૃત્તિ ન કરાવતા પ્રતિભાસત્વ ધર્મને મુખ્ય કરી પ્રતિભાસરૂપે વિષયપ્રવૃત્તિ કરાવે છે.] એટલે અવિરતસમ્યક્ત્વીનું વેદન એ તત્ત્વનું વેદન હોવા છતાં તત્ત્વનું સમ્યક્વેદન = સંવેદન હોતું નથી. જે રીતે (હેય કે ઉપાદેય રૂપે) તત્ત્વ વેદાય તેને અનુસરીને નિવૃત્તિ કે પ્રવૃત્તિ થતા હોય તો જ એ વેદન સમ્યક્વેદન = સંવેદન કહેવાય છે. માટે, અવિરતસમ્યક્ત્વીનું જ્ઞાન 'તત્ત્વસંવેદન' નથી.

આમ, જ્ઞાન વિષયપ્રતિભાસ, આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદન એમ ત્રણ પ્રકારે કહેવાયું છે. અષ્ટકજી ૯/૧ માં કહ્યું છે કે 'વિષયપ્રતિભાસ, આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદન એમ ત્રણ પ્રકારે જ્ઞાનને મહર્ષિઓ જણાવે છે.'॥૨॥ [આ ત્રણ પ્રકારમાંથી પ્રથમ જ્ઞાનને દૃષ્ટાન્તાદિથી સમજાવવા ગ્રન્થકાર કહે છે–]

[જ્ઞાનના સ્વામી વગેરે]

પ્રથમ વિષયપ્રતિભાસજ્ઞાન મિથ્યાદૃષ્ટિઓને જ હોય છે. મુગ્ધ = અજ્ઞ જીવ... નાનું બાળક વગેરે. રત્ન હોય કે કાચ હોય, વિષ હોય કે કંટક હોય તે તો દરેકના ઉપરના રૂપ રંગને જ જુએ છે અને આકર્ષાઇ જાય છે, પછી આનાથી મને લાભ થશે કે નુકશાન થશે એનો એને વિચાર હોતો નથી. એમ આ વિષયપ્રતિભાસજ્ઞાન પણ વિષયના બાહ્ય રૂપ-રંગ આકર્ષણને જુએ છે, પણ પછી એના પરિણામે આવનારા દીર્ઘ દુઃખને એ જોતું

तस्यापायः = क्षयोपशमस्तस्मात्। तदाह - [२]'अज्ञानावरणापायं' इति। ग्राह्यत्वादीनां = उपादेयत्वादीनाम्-विनिश्चयः = अनिर्णयो यतस्तत्। तदाह- 'तद्धेयत्वाद्यवेदक'मिति। यद्यपि मिथ्यादृशामपि घटादिज्ञानेन घटादिग्राह्यता निश्चीयत एव, तथापि स्वविषयत्वावच्छेदेन तदनिश्चयान्न दोषः, स्वसंवेद्यस्य स्वस्यैव तदनिश्चयात्।।३।।

भिन्नग्रन्थेर्द्वितीयं तु ज्ञानावरणभेदजम्।
श्रद्धावत्प्रतिबन्धेऽपि कर्मणा सुखदुःखयुक्।।४।।

भिन्नग्रन्थेरिति। भिन्नग्रन्थेः = सम्यग्दृशस्तु द्वितीयं = आत्मपरिणामवत् ज्ञानावरणस्य भेदः = क्षयोपशमस्तज्जं, तदाह - [३]'ज्ञानावरणह्रासोत्थ'मिति [अष्टक ९/५] श्रद्धावत् = वस्तुगुणदोषपरिज्ञान-पूर्वकचारित्रेच्छान्वितं प्रतिवन्धेऽपि चारित्रमोहोदयजनितान्तरायलक्षणे सति। कर्मणा पूर्वार्जितेन

नथी अने तेथी એના હેયત્વાદિ ધર્મોને જોતું નથી. અષ્ટક ૯/૨ માં કહ્યું છે કે 'વિષયપ્રતિભાસજ્ઞાન બાળાદિને વિષ-કંટક-રત્નાદિમાં થતા પ્રતિભાસ જેવું હોય છે.' એ મતિઅજ્ઞાન વગેરેના આવરણ જે મતિઅજ્ઞાનાવરણ વગેરે કર્મો તેના ક્ષયોપશમરૂપ અપાયથી પેદા થયું હોય છે. ત્યાં જ કહ્યું છે કે 'અજ્ઞાનાવરણના અપાયથી થયું હોય છે.' વળી આ વિષયપ્રતિભાસજ્ઞાન એવું હોય છે કે જેનાથી ઉપાદેયત્વ-હેયત્વ વગેરેનો નિર્ણય થતો નથી. ત્યાં જ કહ્યું છે કે 'વિષયના હેયત્વ વગેરેનું અબોધક હોય છે.' જો કે મિથ્યાત્વીઓના ઘટાદિજ્ઞાનથી ઘટાદિ વિષયના ઉપાદેયત્વાદિ ધર્મનો નિશ્ચય થાય જ છે, તેમ છતાં, સ્વવિષયત્વાવચ્છેદેન તેનો નિશ્ચય થતો નથી, માટે એમાં વિષયપ્રતિભાસજ્ઞાનના આ લક્ષણની અવ્યાપ્તિ થવા રૂપ દોષ નથી. આશય એ છે કે મિથ્યાત્વીના જ્ઞાનથી ઘટાદિના ઉપાદેયત્વાદિ નિશ્ચિત થતા હોવા છતાં તેના જે કોઇ વિષય હોય તે બધાના ઉપાદેયત્વાદિ નિશ્ચિત થતા નથી, જેમકે તે જ્ઞાન સ્વયં પણ સ્વસંવેદ્ય હોઇ સ્વને પણ વિષય કરે છે જ, અને તેમ છતાં તેના (= સ્વકીય) ઉપાદેયત્વાદિનો તેનાથી નિશ્ચય થતો નથી. [મિથ્યાત્વીનું જ્ઞાન 'અજ્ઞાન' હોવાથી 'હેય' હોય છે. પણ એના હેયત્વને એ જણાવતું નથી.]॥૩॥ દ્વિતીય આત્મપરિણામવત્ જ્ઞાન અંગે વિશેષતા જણાવવા ગ્રન્થકાર કહે છે--]

ભિન્નગ્રન્થિક = સમ્યગ્દૃષ્ટિ જીવને બીજું આત્મપરિણામવત્ જ્ઞાન હોય છે. એ જ્ઞાનાવરણના ભેદથી = ક્ષયોપશમથી જન્ય હોય છે, નહીં કે અજ્ઞાનાવરણના ક્ષયોપશમથી. અષ્ટકજી ૯/૫ માં કહ્યું છે 'જ્ઞાનાવરણના હ્રાસથી થયું હોય છે.' વળી આ બીજું જ્ઞાન, વસ્તુના ગુણ-દોષના પરિજ્ઞાન પૂર્વક થયેલી ચારિત્રેચ્છા રૂપ શ્રદ્ધાથી સમન્વિત હોય છે, પછી ભલે ને ચારિત્ર મોહનીયકર્મના ઉદયથી ચારિત્રનો પ્રતિબંધ થયો હોય. વળી આ બીજું જ્ઞાન પૂર્વબદ્ધ કર્મના કારણે સુખ-દુઃખ યુક્ત હોય છે. અષ્ટક ૯/૪ માં કહ્યું છે કે "ખાડા વગેરેમાં પડી રહેલો જીવ એ પાતાદિપરતન્ત્ર જીવ. એને નીચે પડવામાં થનારા દોષોના નિર્ણયવાળું, અને એમાં પડવાથી થનારા અનર્થાદિની પ્રાપ્તિથી યુક્ત જ્ઞાન હોય છે. અર્થાત્ નીચે પડવામાં થનારા દોષોનો એને નિર્ણય હોવા છતાં એ જાતને પડતી અટકાવી શકતો નથી અને તેથી પતન પામીને હાથપગ ભાંગવા વગેરે રૂપ અનેક અનર્થને પામે છે. એમ સમ્યક્ત્વીનું જ્ઞાન આવું હોય છે. વિષયાદિમાં પડેલા તેનું જ્ઞાન વિષયાદિથી થનાર દોષો અંગે

---

१ विपयप्रातिभासं स्यात्तद्धेयत्वाद्यवेदकम्। इत्युत्तरार्धः।।अष्टक ९/२।।

२ निरपेक्षप्रवृत्त्यादिलिङ्गमेतदुदाहृतम्। अज्ञानावरणापायं महापायनिवन्धनम्।। (अ. ३/३)

३ तथाविधप्रवृत्त्यादिव्यङ्ग्यं सदनुवन्धि च। ज्ञानावरणह्रासोत्थं प्रायो वैराग्यकारणम्।।९/५।।

सुखदुःखयुक् = सुखदुःखान्वितं, तदाह [अष्टक - ९/४]-

पातादिपरतन्त्रस्य तद्दोपादावसंशयम्। अनर्थाद्याप्तियुक्तं चात्मपरिणतिमन्मतम्।।४।।

स्वस्थवृत्तेस्तृतीयं तु सज्ज्ञानावरणव्ययात्।
साधोर्विरत्यवच्छिन्नमविघ्नेन फलप्रदम्।।५।।

स्वस्थेति। स्वस्था = अनाकूला वृत्तिः कायादिव्यापाररूपा यस्य तस्य साधोस्तृतीयं विरतिः = सदसत्प्रवृत्तिनिवृत्त्यात्मिका तयाऽवच्छिन्नमुपहितमविघ्नेन = विघ्नाभावेन फलप्रदम्। तदाह [अष्टक ९/६]-

स्वस्थवृत्तेः प्रशान्तस्य तद्धेयत्वादिनिश्चयम्।

तत्त्वसंवेदनं सम्यग् यथाशक्ति फलप्रदम्।। इदं च सज्ज्ञानावरणस्य व्ययात् = क्षयोपशमात्प्रादुर्भवति। तदाह ''[1]सज्ज्ञानावरणापाय'मिति।।५।।

निष्कंपा च सकंपा च प्रवृत्तिः पापकर्मणि।
निरवद्या च सेत्याहुर्लिङ्गान्यत्र यथाक्रमम्।।६।।

निष्कंपा चेति। अत्र = उक्तेषु त्रिषु भेदेष्वज्ञानज्ञानसज्ज्ञानत्वेन फलितेषु यथाक्रमं पापकर्मणि निष्कंपा

निश्चयात्मक होय छे अने तेम छतां એ विषयोमांथी बची शकतो न होइ એना अनर्थादि पामे छे. એटले એनुं आत्मपरिणतिमत् ज्ञान अनर्थादिनी प्राप्तियुक्त कहेवाय छे."॥४॥ [हवे तत्त्वसंवेदननी विशेषता जणाववा ग्रन्थकार कहे छे--]

कायादिना अनाकूलव्यापार३प स्वस्थवृत्तिवाळा साधुनुं ज्ञान त्रीजुं तत्त्वसंवेदन होय छे. એ सत्प्रवृत्ति अने असत्थी निवृत्ति स्व३प विरतिथी उपहित होय छे, तेमज निर्विघ्न फळप्रद होय छे. अष्टक ९/६ मां कह्युं छे "प्रशान्त थयेला अने तेथी स्वस्थवृत्ति वाळा साधुने ते विषयना हेयत्वादिना निश्चयवाळुं, सम्यक्, यथाशक्ति विरति३प स्वफळने आपनारुं तत्त्वसंवेदन ज्ञान होय छे." आ ज्ञान सम्यक्ज्ञानना आवरण कर्मना क्षयोपशमथी प्रकट थाय छे. अष्टक ९/७ मां कह्युं छे के 'सज्ज्ञानावरणना अपायवाळुं होय छे.'॥५॥ [आ त्रण ज्ञानना लिंगोने ग्रन्थकार जणावे छे--]

[ज्ञाननां लिंगो]

मिथ्यात्वीनुं विषयप्रतिभासज्ञान એ 'अज्ञान' छे, अविरत सम्यक्त्वीनुं आत्मपरिणतिमत् ज्ञान એ 'ज्ञान' छे अने साधुनुं तत्त्वसंवेदन ज्ञान प्रवत्ति-निवृत्तिथी युक्त होइ सज्ज्ञान छे. आम अज्ञान, ज्ञान अने सज्ज्ञान ३पे फणित थयेला आ त्रणना यथाक्रम पापकर्मनी निष्कंप = दृढ प्रवृत्ति, पापकर्मनी सकंप = अदृढ प्रवृत्ति अने निष्पाप प्रवृत्ति એ त्रण लिंगो कह्या छे. अष्टक ९/३ मां कह्युं छे 'आ = विषयप्रतिभासज्ञाननुं निरपेक्षप्रवृत्ति वगेरे लिंग कह्युं छे. ९/५.मां कह्युं छे के 'तथाविध असंक्लिष्ट प्रवृत्ति वगेरे आत्मपरिणतिमत्नुं लिंग छे' अने ९/७ मां कह्युं छे के न्याय्य = मोक्षमार्ग वगेरेमां निरतिचार प्रवृत्ति वगेरे लिंगोथी तत्त्वसंवेदन जाणी शकाय छे.' मिथ्यात्वीने मिथ्याज्ञानना प्रभावे विपरीत बोध थाय छे. એटले पाप अंगे हेयत्वादिनो बोध ज न होइ એने એ उपादेय मानी मजेथी प्रवृत्ति करे छे. अविरतसम्यक्तीवने ज्ञान होवाथी हेयत्वादि यथार्थपणे जणाय छे. तेम छतां पाप करवुं पडे छे એटले એनी ઠंખवाळी सकंप प्रवृत्ति थाय छे. साधुनी तो

---

१ न्याय्यादौ शुद्धवृत्त्यादिगम्यमेतत्प्रकीर्तितम्। सज्ज्ञानावरणापायं महोदयनिबन्धनम्।।

= दृढा प्रवृत्तिः सकंपा चादृढा निरवद्या च सा प्रवृत्तिरिति लिङ्गान्याहुः। तदुक्तं 'निरपेक्षप्रवृत्त्यादिलिङ्गमे-तदुदाहृतम्' [अ. प्र. ९/३] तथा, 'तथाविधप्रवृत्त्यादिव्यंङ्ग्यं सदनुबन्धि च। [९/५] तथा 'न्याय्यादौ' शुद्धवृत्त्यादिगम्यमेतत्प्रकीर्त्तितम् [९/७] इति।।६।। 'ननु क्वैतानि लिङ्गान्युपयुज्यन्ते' इत्यत आह-

जातिभेदानुमानाय व्यक्तीनां वेदनात्स्वतः।
तेन कर्मान्तरात् कार्यभेदेऽप्येतद्भिदाऽक्षता।।७।।

जातीति। जातिभेदस्य = निष्कंपपापप्रवृत्त्यादिजनकतावच्छेदकस्याज्ञानादिगतस्यानुमानायोक्तानि लिंगानीति संबंधः, व्यक्तीनां = अज्ञानादिव्यक्तीनां स्वतः = लिङ्गनैरपेक्ष्येण वेदनात् = परिज्ञानात्। तेन कर्मान्तरात् = चारित्रमोहादिरूपादुदयक्षयोपशमावस्थावस्थितात् कार्यभेदेऽपि = सावद्यानवद्यप्रवृत्तिवै-चित्र्येऽपि तद्भिदा = अज्ञानादिभिदाऽक्षता, प्रवृत्तिसामान्ये ज्ञानस्य हेतुत्वात्तद्वैचित्र्येणैव तद्वैचित्र्योपपत्तेः, प्रवृत्तौ कर्मविशेषप्रतिबन्धकत्वस्यापि हेतुविशेषविघटनं विनाऽयोगात्। वस्तुतः कार्यस्वभावभेदे

વિરતિના પ્રભાવે નિરવદ્ય જ પ્રવૃત્તિ હોય છે.॥૬॥ આ લિંગોનો ઉપયોગ શું? એવા પ્રશ્નને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે–

અજ્ઞાનાદિ વ્યક્તિનું સ્વતઃ જ્ઞાન થાય છે. તેથી તેમાં રહેલ જાતિભેદના અનુમાન માટે ઉક્ત લિંગો ઉપયોગી છે. તેથી અન્યકર્મથી કાર્યભેદ સંગત થતો હોવા છતાં આ ત્રણ ભેદો અક્ષત રહે છે. અજ્ઞાન, જ્ઞાન વગેરે તે તે વ્યક્તિનું તો સ્વતઃ = જ્ઞાપક લિંગથી નિરપેક્ષપણે પરિજ્ઞાન થઇ જાય છે. એટલે તેના જ્ઞાન માટે આ લિંગોની જરૂર નથી. કિન્તુ તે તે અજ્ઞાન વગેરે વ્યક્તિમાં અજ્ઞાનત્વ, જ્ઞાનત્વ કે સજ્જ્ઞાનત્વ (અથવા વિષયપ્રતિભાસત્વ, આત્મપરિણામવત્ત્વ કે તત્ત્વસંવેદનત્વ) એ ત્રણમાંથી જે જાતિભેદ રહ્યો હોય તે જાણવા માટે જે અનુમાન કરવું આવશ્યક રહે છે તેના જ્ઞાપક હેતુઓ તરીકે આ ઉપયોગી બને છે. આ જાતિભેદ નિષ્કંપપાપપ્રવૃત્ત્યાદિ જનકતાવચ્છેદક વગેરે રૂપ છે. પ્રવૃત્તિ સામાન્ય પ્રત્યે જ્ઞાનસામાન્ય એ જનક છે. એટલે પ્રવૃત્તિ સામાન્યજનકતાવચ્છેદક તરીકે જ્ઞાનસામાન્યત્વ સિદ્ધ થાય. પ્રવૃત્તિના નિષ્કંપ પાપપ્રવૃત્તિ વગેરે વિશેષ ભેદો છે. એટલે તે તે વિશેષ ભેદોના જનકતાવચ્છેદક તરીકે અજ્ઞાનત્વ વગેરે વિશેષજાતિભેદો સિદ્ધ થાય.

[**પૂર્વપક્ષ** - પ્રવૃત્તિમાં જે નિષ્કંપપાપપ્રવૃત્તિ, સકંપપાપપ્રવૃત્તિ વગેરે ભેદ જોવા મળે છે એને સંગત કરવા તમે પ્રવૃત્તિના જનકના અજ્ઞાન, જ્ઞાન વગેરે ભેદ માનો છો. પણ આવું માનવું આવશ્યક નથી. કારણ કે પ્રવૃત્તિ કે જે 'કાર્ય' રૂપ છે તેના સાવદ્ય-અનવદ્ય રૂપ ભેદ તો અન્યકર્મથી સંગત થઇ જાય છે.]

અહીં મિથ્યાત્વી આદિ ત્રણના પ્રતિભાસને ક્રમશઃ અજ્ઞાનાવરણ, જ્ઞાનાવરણ અને સજ્જ્ઞાનાવરણના ક્ષયોપશમજન્ય કહ્યો છે. સામાન્યથી, કર્મગ્રન્થ વગેરેમાં જ્ઞાનાવરણના આવા ભેદોનો કે તેના અજ્ઞાનાવરણક્ષયોપશમ વગેરે રૂપે ક્ષયોપશમના ભેદોનો ઉલ્લેખ જોવા મળતો નથી. તો આ ભેદોની સંગતિ કઇ રીતે કરવી? ઉ.- જ્ઞાનાવરણનો ક્ષયોપશમ જ્યારે (૧) મિથ્યાત્વમોહનીયના ઉદયથી સહકૃત હોય ત્યારે અજ્ઞાનાવરણનો ક્ષયોપશમ કહેવાય, (૨) મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમ તથા ચારિત્રમોહનીયના ઉદયથી સહકૃત હોય ત્યારે જ્ઞાનાવરણનો ક્ષયોપશમ કહેવાય, અને (૩) મિથ્યાત્વમોહનીયના તેમજ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી સહકૃત હોય ત્યારે સજ્જ્ઞાનાવરણનો ક્ષયોપશમ કહેવાય. આ રીતે સંગતિ કરી શકાય. પણ તો પછી આગળ સાતમી ગાથામાં, મોહનીય કર્મ સ્વરૂપ અન્યકર્મ દ્વારા પ્રવૃત્તિભેદની સંગતિ ન કરતાં જ્ઞાનમાં જ ભેદ માનવાની કરેલી વાત અસંગત ઠરી જાય. એટલે ત્યાં કાર્યસ્વભાવભેદે કારણસ્વભાવભેદ માનવો જે આવશ્યક જણાવ્યો છે તેનાથી જ આ પ્રસ્તુત ભેદોની સંગતિ કરવી ઉચિત લાગે છે. એટલે કે પ્રવૃત્તિભેદ છે માટે તેના કારણભૂત જ્ઞાનનો ભેદ, જ્ઞાનનો ભેદ છે માટે તત્કારણીભૂત ક્ષયોપશમભેદ, અને ક્ષયોપશમભેદ છે માટે તત્કારણીભૂત કર્મનો (અજ્ઞાનાવરણ વગેરે રૂપ)ભેદ.

कारणस्वभावभेदः सर्वत्राप्यावश्यकः, अन्यथा हेत्वन्तरसमवधानस्याप्यकिञ्चित्करत्वादिति विवेचितमन्यत्र।।७।।

योगादेवान्त्यबोधस्य साधुः सामग्र्यमश्नुते।
अन्यथाऽऽकर्षगामी स्यात् पतितो वा न संशयः।।८।।

योगादिति। अन्त्यवोधस्य = तत्त्वसंवेदनस्य योगादेव = संस्काररूपसंवन्धादेव साधुः सामग्र्यं = पूर्णभावमश्नुते, अन्यथा = तत्त्वज्ञानसंस्काराभावे पुनर्योगशक्त्यनुवृत्तौ शंकाकाङ्क्षादिनाऽऽकर्षगामी वा स्यात्, तदननुवृत्तौ च पतितो वा, न संशयोऽत्र कश्चित्, वाह्यलिङ्गस्याकारणत्वात्।।८।।

[કાર્યભેદે કારણભેદ આવશ્યક]

ઉત્તરપક્ષ - ઉદયાવસ્થામાં રહેલ ચારિત્રમોહકર્મ અને ક્ષયોપશમાવસ્થામાં રહેલ ચારિત્રમોહકર્મ રૂપ અન્યકર્મથી સાવદ્યપ્રવૃત્તિ-અનવદ્યપ્રવૃત્તિ રૂપ કાર્યવૈચિત્ર્ય સંગત હોવા છતાં ઉક્ત અનુમાનથી જાતિભેદ સિદ્ધ થઇ જતો હોવાના કારણે આ અજ્ઞાન વગેરે ભેદો અક્ષત જ રહે છે. [**પૂર્વપક્ષ** - એ તો પ્રવૃત્તિરૂપ કાર્યમાં થયેલ વૈચિત્ર્યને સંગત કરવા તમે જ્ઞાનમાં વૈચિત્ર્ય સ્વીકારી ઉક્ત અનુમાન કરો છે. પણ કાર્યનું વૈચિત્ર્ય આ રીતે કર્માન્તરથી સંગત થઇ જાય છે તો જ્ઞાનભેદ માનવાની જ જરૂર ન રહેવાથી એ અનુમાનો જ થઇ નહીં શકે.] **ઉત્તરપક્ષ** - આ વાત બરાબર નથી, કારણકે પ્રવૃત્તિસામાન્યપ્રત્યે જ્ઞાન હેતુ હોઇ જ્ઞાનના વૈચિત્ર્યથી જ પ્રવૃત્તિમાં વૈચિત્ર્ય આવી શકે છે. કર્મવિશેષમાં પ્રવૃત્તિની જે પ્રતિબંધકતા હોય છે તે પણ હેતુવિશેષનું વિઘટન કર્યા વગર સંભવી શકતી નથી. અર્થાત્ "અવિરતસમ્યક્ત્વી અને ચારિત્રી એ બંનેનું જ્ઞાન સજ્જ્ઞાન જ માનવું જોઇએ. તેમ છતાં અવિરતસમ્યક્ત્વીની નિરવદ્યપ્રવૃત્તિ એટલા માટે નથી થતી કે એ ઉદયાવસ્થામાં રહેલ ચારિત્રમોહ રૂપ વિશેષ કર્મથી પ્રતિબંધિત થઇ હોય છે." આવું માની જ્ઞાન ભેદને ઊડાવી શકાતો નથી, કેમકે એ કર્મમાં રહેલી પ્રતિબંધકતા સજ્જ્ઞાન રૂપ હેતુ વિશેષનું વિઘટન કરીને જ સફળ બને છે. તેથી એનું જ્ઞાન સજ્જ્ઞાન ન રહેતાં 'જ્ઞાન' જ બની જાય છે. એટલે જ્ઞાનના આ ભેદ અક્ષત જ છે. વસ્તુતઃ તો કાર્યસ્વભાવભેદે કારણસ્વભાવભેદ સર્વત્ર આવશ્યક છે. એટલે કે કાર્ય જો જુદા પ્રકારનું થાય છે તો એનું કારણ પણ જુદા પ્રકારનું હોવું જ જોઇએ. કારણના સ્વભાવમાં જો કોઇ ફેરફાર થયો ન હોય તો બીજા હેતુનું સમવધાન પણ અકિંચિત્કર બની જાય છે એટલે કે સમવહિત થયેલ અન્ય હેતુ કારણમાં જો કોઇ વૈચિત્ર્ય ઉભું કરી શકતો ન હોય તો એ જુદા પ્રકારનું કાર્ય પણ પેદા કરાવી શકતો નથી. આ વાતનું વિવેચન અન્યત્ર કર્યું છે. એટલે જ્ઞાનના ત્રણ ભેદો અક્ષત જ છે.॥૭॥ [જ્ઞાનના ૩ ભેદ કહ્યા. એમાંથી કયા જ્ઞાનથી સાધુસામગ્ર્ય સંપન્ન થાય એ ગ્રન્થકાર જણાવે છે--]

અન્ત્ય તત્ત્વસંવેદન જ્ઞાનનો સંસ્કાર રૂપ સંબંધ થવાથી જ સાધુ સામગ્ર્યને = પૂર્ણભાવને પામે છે. અન્યથા = તત્ત્વજ્ઞાનનો સંસ્કાર ન હોય તો, જો તત્ત્વસંવેદનનો પુનર્યોગ થવાની શક્તિ (= યોગ્યતા) જળવાઇ રહેલી હોય તો શંકા-કાંક્ષા વગેરેથી આકર્ષગામી થાય એટલે કે સામગ્ર્યને પામે-ગુમાવે, પામે-ગુમાવે એવું થયા કરે, અને જો એનો પુનઃ યોગ થવાની શક્તિ જ જળવાઇ ન રહે તો એ સાધુનું અવશ્ય પતન થાય, એમાં કોઇ સંશય નથી, કેમકે બાહ્યલિંગ અકારણ છે - સાધુતાનું કારણ નથી. એટલે કે અંદરથી તત્ત્વસંવેદનના સર્વથા અભાવમાં માત્ર બાહ્યલિંગ એનામાં સાધુતાને જાળવી શકતું નથી.॥૮॥ [સાધુસામગ્ર્યના પ્રથમ અંશ જ્ઞાનની પ્રરૂપણા પૂરી કરીને હવે બીજા અંશ ભિક્ષાની પ્રરૂપણા કરવા ગ્રન્થકાર કહે છે--]

त्रिधा भिक्षापि तत्राद्या सर्वसंपत्करी मता।
द्वितीया पौरुषघ्नी स्याद्वृत्तिभिक्षा तथाऽन्तिमा।।९।।

त्रिधेति। व्यक्तः।।९।।

सदाऽनारंभहेतुर्या सा भिक्षा प्रथमा स्मृता।
एकबाले द्रव्यमुनौ सदाऽनारंभिता तु न।।१०।।

सदेति। सदाऽनारंभस्य हेतुर्या भिक्षा सा प्रथमा = सर्वसंपत्करी स्मृता, तद्धेतुत्वं च सदाऽऽरंभपरिहारेण सदाऽनारंभगुणानुकीर्तनाभिव्यंग्यपरिणामविशेषाहितयतनया वा। सदाऽनारंभिता त्वेकबाले द्रव्यमुनौ संविग्नपाक्षिकरूपे न संभवति। इदमुपलक्षणमेकादशीं प्रतिमां प्रतिपन्नस्य श्रमणोपासकस्यापि प्रतिमाकाला-

---

ભિક્ષા ત્રણ પ્રકારે છે. તેમાં સૌ પ્રથમ સર્વસંપત્કરી ભિક્ષા છે. એ મોક્ષસુધીની સર્વ સંપત્તિઓને કરવાના સ્વભાવવાળી હોય છે. બીજી પૌરુષઘ્ની ભિક્ષા છે એટલે કે એ પુરુષાર્થને હણનારી છે. અને ચરમ વૃત્તિભિક્ષા છે. જે આજીવિકા રૂપ ભિક્ષા છે.॥૯॥ [આ ત્રણમાંથી પ્રથમભિક્ષાનું પ્રતિપાદન કરવા ગ્રન્થકાર કહે છે--]

[સર્વસંપત્કરી ભિક્ષા]

સદા અનારંભના હેતુભૂત જે છે તે પ્રથમ સર્વસંપત્કરી ભિક્ષા છે. એકબાલ દ્રવ્યમુનિમાં સદા અનારંભિતા હોતી નથી.

જો સંયમપાલનાદિ અર્થે શરીર ધારણ ભિક્ષાથી કરવાનું હોય તો જ સદા અનારંભી રહી શકાય, અન્યથા નહીં. માટે આ ભિક્ષા સદાઅનારંભનો હેતુ છે. આ ભિક્ષા સદા (હનન-પચનાદિ) આરંભનો પરિહાર કરવા દ્વારા કે સદાઅનારંભના ગુણાનુકીર્તનથી જે પરિણામવિશેષ અભિવ્યક્ત થાય છે તે પરિણામ વિશેષથી થયેલી જયણા દ્વારા સદાઅનારંભનો હેતુ બને છે. 'અહો જિણેહિં અસાવજ્જા' ઇત્યાદિ સદાઅનારંભના ગુણાનુકીર્તન રૂપ છે. આનાથી એનો સદાઅનારંભના આકર્ષણ-પાલનતત્પરતા વગેરેથી રંગાયેલો એવો કો'ક પરિણામવિશેષ જાણી શકાય છે. એ પરિણામવિશેષ જ જયણાપાલન કરાવી દે છે જેથી સદાઅનારંભિતા સંપન્ન થાય છે. સદાઅનારંભિતા એકબાળ દ્રવ્યમુનિ સંવિગ્નપાક્ષિકમાં સંભવતી નથી. સંવિગ્નપાક્ષિકમાં આચારહીનતાના કારણે એક બાલતા હોય છે. પણ યથાર્થ પ્રરૂપણાના કારણે દ્વિતીય બાલતા હોતી નથી. માટે એનો 'એકબાલ' તરીકે ઉલ્લેખ કર્યો છે. વળી ઉપદેશમાળાના 'લબ્ભિહિસિ તેણ પહં' વચનથી જણાય છે કે ભવિષ્યમાં ભાવસાધુપણું એ પામશે. માટે આ સંવિગ્નપાક્ષિકપણું એના કારણભૂત હોઇ એનો દ્રવ્યમુનિ તરીકે ઉલ્લેખ કર્યો છે. સંવિગ્નપાક્ષિકમાં સદાઅનારંભિતાના નિષેધનો આ જે ઉલ્લેખ કર્યો છે તે ઉપલક્ષણભૂત જાણવો. એના ઉપલક્ષણથી, અગ્યારમી પડિમાને વહન કરનાર શ્રમણોપાસકમાં પણ સદાઅનારંભિતાનો નિષેધ જાણવો, કેમકે એનું અનારંભકત્વ પ્રતિમાકાલાવધિક હોય છે, પણ સદા હોતું નથી. આમ એનામાં સદાઅનારંભિતાનો અભાવ છે તો એની ભિક્ષાને કેવી કહેવી? એવા શ્રાવકને 'શ્રમણભૂત' કહ્યો હોઇ તેની ભિક્ષા પણ શ્રમણભિક્ષાકલ્પ રૂપ થવાથી 'સર્વસંપત્કરીકલ્પ' (સર્વસંપત્કરી જેવી) માનવી યોગ્ય છે એટલું કહી દેવા માત્રથી નિસ્તાર થઇ જતો નથી, કેમકે આ રીતે અમુક અપેક્ષાએ 'આ સર્વસંપત્કરી છે' એવો વ્યવહાર સંગત થઇ જવા છતાં 'આ પૌરુષઘ્ની નથી' કે 'આ વૃત્તિભિક્ષા નથી' એવા વ્યવહારનું તો ઉપપાદન થતું જ નથી. આમ સર્વસંપત્કરીભિક્ષા સદાઅનારંભિતા હોય તો જ હોય એવું માનવામાં અગ્યારમી પડિમાધારી શ્રાવકની ભિક્ષાનો

वधिकत्वादनारंभकत्वस्य न तत्संभवः। **न च** तद्भिक्षायाः सर्वसंपत्करीकल्पत्वोक्त्यैव **निस्तारः**। इत्थं हि यथाकथंचित्सर्वसंपत्करीयमिति व्यवहारोपपादनेऽपि न पौरुषघ्नीत्यादि व्यवहारानुपपादनात्। तथा च,

यतिर्ध्यानादियुक्तो यो गुर्वाज्ञायां व्यवस्थितः।

सदाऽनारंभिणस्तस्य सर्वसंपत्करी मता।। [अ. ५/२] इत्याचार्याणामभिधानं सम्भवाभिप्रायेणैव, जिनकल्पिकादौ गुर्वाज्ञाव्यवस्थितत्वादेरिव सदाऽनारम्भित्वस्य फलत एव ग्रहणात्, अन्यथा लक्षणानुगमापत्तेः, द्रव्यसर्वसंपत्करीमुपेक्ष्य भावसर्वसंपत्करीलक्षणमेव वा कृतमिदमिति यथातंत्रं भावनीयम्।।१०।।

સમાવેશ શેમાં કરવો એ પ્રશ્ન ઊભો રહેતો હોવાથી માનવું પડે છે કે આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજે સર્વસંપત્કરી ભિક્ષાની વ્યાખ્યામાં 'सदाऽनारंभिणः' એવું જે કહ્યું છે તે સંભવના અભિપ્રાયે જ જાણવું. આશય એ છે કે અષ્ટક ૫/૨ માં શ્રીહરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે "જે સાધુ ધ્યાનાદિથી યુક્ત છે, ગુર્વાજ્ઞામાં રહ્યો છે તેમ જ સદાઅનારંભી છે તેની ભિક્ષા એ સર્વસંપત્કરીભિક્ષા માનાયેલી છે." આનો વિચાર કરીએ તો જણાય છે કે જિનકલ્પિક વગેરે ગચ્છનિર્ગતસાધુઓ એ કાળે ગુર્વાજ્ઞામાં સાક્ષાત્ તો રહ્યા હોતા નથી. તેમ છતાં તેઓની ભિક્ષા સર્વસંપત્કરી જ છે. એટલે એને સંગત કરવા એમ માનવું પડે છે કે ગુર્વાજ્ઞા વ્યવસ્થિતત્વ ફળતઃ હોય તો પણ ચાલે. *આ જ રીતે 'सदाऽनारंभिणः' પદ જે મૂક્યું છે તે પણ સંભવના અભિપ્રાયે જ છે એ જાણવું. એટલે કે સદાઅનારંભિતાનો સંભવ હોવો જોઇએ. પછી એ સંભવ સાક્ષાત્ હોય કે ફળતઃ હોય.

ફળતઃ સદા અનારંભિતાનો સંભવ તો તાદૃશ શ્રાવકમાં પણ હોય જ છે, એટલે એ પ્રતિમાધારી શ્રાવકની ભિક્ષાપણ સર્વસંપત્કરી જ છે એ જાણવું. આ રીતે સદાઅનારંભિતાના સંભવનો અભિપ્રાય જો ન માનીએ તો લક્ષણ અનુગત નહીં રહે. કેમકે સાધુની સર્વસંપત્કરી ભિક્ષામાં એ પ્રવિષ્ટ છે અને તાદૃશ શ્રાવકની સર્વસંપત્કરી ભિક્ષામાં એ પ્રવિષ્ટ નથી.

અથવા તો શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ એ જે લક્ષણ કર્યું છે તે દ્રવ્ય સર્વસંપત્કરીભિક્ષાની ઉપેક્ષા કરીને ભાવસર્વસંપત્કરીભિક્ષાનું કર્યું છે એમ જે રીતે શાસ્ત્રનો વિરોધ ન થાય એ રીતે સંગતિ કરવી. એટલે કે એ શ્રાવકપણું જેમ ભાવસાધુતાનું કારણ છે એમ એ શ્રાવકની ભિક્ષા ભાવસાધુની ભાવસર્વસંપત્કરી ભિક્ષાનું કારણ છે. એટલે એ શ્રાવકની ભિક્ષા (પ્રધાન) દ્રવ્યસર્વસંપત્કરી ભિક્ષા છે. આચાર્ય મહારાજે આ દ્રવ્યસર્વસંપત્કરી ભિક્ષાના લક્ષણની ઉપેક્ષા કરીને ભાવસર્વસંપત્કરી ભિક્ષાનું લક્ષણ આપ્યું છે. [સંવિગ્નપાક્ષિકની ભિક્ષા પણ સર્વસંપત્કરી છે એવું ગ્રન્થકાર આગળ જણાવવાના છે.]॥૧૦॥ [હવે બીજી ભિક્ષાનું લક્ષણ જણાવવા ગ્રન્થકાર કહે છે—]

*[બાહ્યદૃષ્ટિએ ગુર્વાજ્ઞાવ્યવસ્થિતત્વ ન હોવા છતાં, ગુર્વજ્ઞામાં રહેવાથી જે ફળ (લાભ) મળે એ જો મળી જતું હોય તો ફળતઃ ગુર્વાજ્ઞાવ્યવસ્થિતત્વ હોવું કહેવાય છે. ગુરુ હિતશિક્ષા વગેરે સ્વરૂપ આજ્ઞા દ્વારા શિષ્યને હિતકર પ્રવૃત્તિમાં જોડે છે ને અહિતકર પ્રવૃત્તિથી વારે છે. ગીતાર્થગુરુની નિશ્રામાં રહેવાનું આ હિતમાં પ્રવૃત્તિ -અહિતથી નિવૃત્તિ - એ મુખ્યફળ છે. જિનકલ્પિક મુનિઓ ગુરુ-ગચ્છનો ત્યાગ કરી એકાકી બનવા છતાં હિતમાં પ્રવૃત્તિ ને અહિતથી નિવૃત્તિ સ્વકીયબોધ - જાગૃતિ દ્વારા કરતાં જ હોય છે. તેથી ગુર્વાજ્ઞામાં રહેવાનું ફળ પામી જતા હોવાથી ફળતઃ ગુર્વાજ્ઞાવ્યવસ્થિત હોવા કહેવાય છે. **કેવી સુંદર વાત છે!** જેઓને જ્ઞાન નથી એવા અગીતાર્થોને ગીતાર્થનિશ્રા દ્વારા = ગુર્વાજ્ઞાવ્યવસ્થિતત્વ દ્વારા ગુરુપારતન્ત્ર્ય સ્વરૂપ ફળતઃ જ્ઞાન હોય છે ને જેઓને વ્યવહારથી ગુર્વાજ્ઞાવ્યવસ્થિતત્વ નથી તેવા જિનકલ્પિકને જ્ઞાનદ્વારા ફળતઃ ગુર્વાજ્ઞાવ્યવસ્થિતત્વ હોય છે.]

दीक्षाविरोधिनी भिक्षा पौरुषघ्नी प्रकीर्तिता।
धर्मलाघवमेव स्यात्तया पीनस्य जीवतः।।११।।

दीक्षेति। दीक्षाया विरोधिनी = दीक्षावरणकर्मबन्धकारिणी भिक्षा पौरुषघ्नी प्रकीर्तिता। तया जीवतः पीनस्य = पुष्टाङ्गस्य धर्मलाघवमेव स्यात्। तथाहि, गृहीतव्रतः पृथिव्याद्युपमर्दनेन शुद्धोञ्छजीविगुणनिन्दया च भिक्षां गृह्णन् स्वस्य परेषां च धर्मस्य लघुतामेवापादयति। तथा गृहस्थोऽपि यः सदाऽनारंभविहितायां भिक्षायां तदुचितमात्मानमाकलयन्मोहमाश्रयति सोऽप्य'नुचितकारिणोऽमी खल्वार्हताः' इति शासनावर्णवादेन धर्मलघुतामेवापादयतीति। तदिदमुक्तम् [अ. ५/४-५]–

प्रव्रज्यां प्रतिपन्नो यस्तद्विरोधेन वर्तते। असदारंभिणस्तस्य पौरुषघ्नीति कीर्तिता।।
धर्मलाघवकृन्मूढो भिक्षयोदरपूरणम्। करोति दैन्यात्पीनाङ्गः पौरुषं हंति केवलम्।।
अत्र प्रतिमाप्रतिपन्नभिक्षायां दीक्षाविरोधित्वाभावादेव नातिव्याप्तिरिति ध्येयम्।।११।।

[પૌરુષઘ્ની ભિક્ષા]

દીક્ષાની વિરોધિની ભિક્ષા એ પૌરુષઘ્ની ભિક્ષા છે. હૃષ્ટપુષ્ટ વ્યક્તિ આવી ભિક્ષાથી જીવનનિર્વાહ કરે તો એનાથી ધર્મલાઘવ જ થાય છે. આમાં દીક્ષાવિરોધિની એટલે દીક્ષાના આવરણકર્મ ચારિત્રમોહનીયકર્મનો બંધ કરાવનારી. ધર્મનું લાઘવ આ રીતે થાય છે. વ્રતોનું ગ્રહણ કરીને પછી જે પૃથ્વીકાયાદિની વિરાધનાથી અને શુદ્ધ ભિક્ષા પર જીવનારા ઉદ્યતવિહારી સાધુઓની નિન્દાથી (નિન્દા કરીને) ભિક્ષાનું ગ્રહણ કરે છે તે સ્વ-પરના ધર્મનું લાઘવ જ કરે છે. એમ ગૃહસ્થ હોવા છતાં જે સદાઅનારંભ અંગે વિહિત એવી ભિક્ષા માટે પોતાને ઉચિત માને છે એ પણ મોહાધીન છે. આશય એ છે કે વેપાર અને રાંધવા વગેરેમાં આરંભ-સમારંભ થાય છે. એના કરતાં ભિક્ષાથી જીવનનિર્વાહ કરશું અને શેષ સમયમાં સામાયિક વગેરે કરશું એવું વિચારી જે ગૃહસ્થ ભિક્ષા માટે ફરે છે એ પણ મોહાધીન છે. કારણકે 'આ જૈનો આવું અનુચિત કરાનારા છે' ઇત્યાદિ રૂપે શાસનના અવર્ણવાદ દ્વારા ધર્મલઘુતા જ કરે છે. અષ્ટક ૫/૪-૫ માં કહ્યું છે કે "પ્રવ્રજ્યાને સ્વીકારનારો જે તેનાથી વિરુદ્ધપણે વર્તે છે, અસદ્આરંભી એવા તેની ભિક્ષા પૌરુષઘ્ની કહેવાયેલી છે. પુષ્ટશરીરવાળો એવો પણ જે દીનતાથી ભિક્ષાવૃત્તિ કરવા દ્વારા ઉદરપૂરણ કરે છે, તે મૂઢ ધર્મની લઘુતા કરે છે અને માત્ર સ્વપુરુષાર્થને હણે છે."

[**શંકા** - પ્રતિમાપ્રતિપન્ન શ્રાવક પણ આરંભ-સમારંભ કરવા-કરાવવા ન પડે એ માટે જ પ્રતિમાકાળે ભિક્ષાથી ઉદરપૂરણ કરે છે. તેથી એની ભિક્ષા પણ પૌરુષઘ્ની જ કહેવાશે ને?]

સમાધાન - પ્રતિમાપ્રતિપન્ન શ્રાવક મોહાધીન બની નહીં, પણ જિનાજ્ઞાને અનુસરીને ભિક્ષાથી નિર્વાહ કરતો હોવાથી એ ભિક્ષા દીક્ષાવિરોધિની હોતી નથી, અર્થાત્ ચારિત્રમોહનીય કર્મ બંધાવનાર હોતી નથી. પણ ઉપરથી જિનાજ્ઞાપાલન હોવાથી ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ કરવા દ્વારા દીક્ષાને અનુકૂળ હોય છે. તેથી એની ભિક્ષામાં પૌરુષઘ્ની ભિક્ષાના આ લક્ષણની અતિવ્યાપ્તિ થતી નથી એ જાણવું.॥૧૧॥ [હવે ત્રીજી વૃત્તિભિક્ષાનું લક્ષણ જણાવે છે–]

[વૃત્તિ ભિક્ષા]

ભિક્ષા સિવાયની અન્ય ક્રિયા કરવાનું અસામર્થ્ય હોવાના કારણે જે ભિક્ષા હોય છે એ વૃત્તિ ભિક્ષા છે. દીન-અંધજન વગેરેને તેમજ કેટલાક સિદ્ધપુત્ર વગેરેને આ ભિક્ષા હોય છે. આ ભિક્ષા મોહ પ્રયુક્ત નથી હોતી,

क्रियान्तरासमर्थत्वप्रयुक्ता वृत्तिसंज्ञिका।
दीनान्धादिष्वियं सिद्धपुत्रादिष्वपि केषुचित्।।१२।।

क्रियान्तरेति। क्रियान्तरासमर्थत्वेन प्रयुक्ता, न तु मोहेन चारित्रशुद्धीच्छया वा वृत्तिसंज्ञिका भिक्षा भवति। इयं च दीनान्धादिषु संभवति। यदाह [अ. ५/६-७]–

निःस्वान्धपंगवो ये तु न शक्ता वै क्रियान्तरे। भिक्षामटन्ति वृत्त्यर्थं वृत्तिभिक्षेयमुच्यते।

नातिदुष्टापि चामीषामेषा स्यान्न ह्यमी तथा। अनुकंपानिमित्तत्वाद्धर्मलाघवकारिणः।। तथा सिद्धपुत्रादिष्वपि केषुचिद्वृत्तिभिक्षा संभवति, आदिना सारूपिकग्रहः, दीनादिपदाव्यपदेश्यत्वाच्चैषां पृथगुक्तिः। श्रूयन्ते चोत्प्रव्रजिता अमी जिनागमे भिक्षुका यतो **व्यवहारचूर्ण्यामुक्तं** - [1]जो अणुसासिओ ण पडिनियत्तो सो सारूविअत्तणेण वा सिद्धपुत्तत्तणेण वा अच्छिउं कंचिकालं। सारूविओ णाम सिरमुंडो अरजोहरणो अलाउएहिं भिक्खं हिंडइ अभज्जो अ। सिद्धपुत्तो णाम सवालओ भिक्खं हिंडइ वा णवा वराडएहिं वेंठलिअं करेइ लट्ठिं वा धरेतित्ति"[1]। केषुचिदित्यनेन ये उत्प्रव्रजितत्वेन क्रियान्तरासमर्थास्ते गृह्यन्ते। येषां पुनरत्यन्तावद्यभीरूणां

માટે પૌરુષઘ્ની નથી, તેમજ ચારિત્રશુદ્ધિની ઇચ્છા (ભિક્ષા દ્વારા નિર્વાહ ન કરે તો સ્વયં પચનાદિ કરવા પડે જેમાં ષડ્જીવનિકાય આરંભ વગેરે થવાથી ચારિત્રશુદ્ધિ ન રહે. એટલે ચારિત્રશુદ્ધિ જાળવવા અને વધારવા માટે ભિક્ષા લેવાની ઇચ્છા) થી પ્રયુક્ત નથી હોતી, માટે સર્વસંપત્કરી પણ નથી. તેથી આ ત્રીજા પ્રકારની વૃત્તિભિક્ષા છે. અષ્ટક ૫/૬-૭ માં કહ્યું છે કે "નિર્ધન, અંધ, પંગુ વગેરે કે જેઓ અન્ય ક્રિયા કરવા માટે અસમર્થ હોય છે તેઓ જીવનનિર્વાહ માટે જે ભિક્ષાએ ફરે છે તે વૃત્તિભિક્ષા કહેવાય છે. આવા જીવો માટે આ ભિક્ષા પૌરુષઘ્નીભિક્ષા જેવી અતિદુષ્ટ નથી હોતી, કેમકે આ જીવો (ભિક્ષા વગેરે આપીને કરવાની) પ્રથમ બત્રીશીમાં દર્શાવાયેલી અનુકંપાના, નિમિત્તભૂત હોઇ ધર્મની તેવી લઘુતા કરનારા હોતા નથી. (તેઓને જોઇને અનુકંપા જાગે છે, તિરસ્કાર નહીં.)" કેટલાક સિદ્ધપુત્ર અને સારૂપિકોની પણ વૃત્તિભિક્ષા હોવી સંભવે છે. આ બધાનો 'દીન' તરીકે ઉલ્લેખ થતો ન હોવાથી જુદો ઉલ્લેખ કર્યો છે. દીક્ષા છોડી દેનારા પણ કેટલાક ભિક્ષાવૃત્તિવાળા હોય છે એવું શ્રીજિનાગમમાં સંભળાય છે. **વ્યવહારચૂર્ણિમાં** કહ્યું છે કે "પતિતપરિણામી થયેલા જેને ઘણી હિતશિક્ષા આપવા છતાં ફરી ચારિત્રના પરિણામ જાગતા નથી તે થોડા કાળ માટે સારૂપિક તરીકે યા સિદ્ધપુત્ર તરીકે રહે. સારૂપિક એટલે જેને સિરે મુંડન કરાવ્યું હોય, રજોહરણ ન હોય, તુંબડું લઇને ભિક્ષાએ ફરનારો હોય, પત્ની વિનાનો હોય. સિદ્ધપુત્ર એટલે જે કેશયુક્ત હોય, ભિક્ષાએ જાય યા ન જાય, વરાટકથી વેંટલિકા કરે, અથવા લાકડી રાખે."

બધા સારૂપિક વગેરેની ભિક્ષા વૃત્તિભિક્ષા નથી હોતી, કિન્તુ કેટલાકની જ હોય છે. જેઓ ઉત્પ્રવ્રજિત હોઇ અન્ય ક્રિયા કરવામાં અસમર્થ હોય તેઓની જ ભિક્ષા વૃત્તિભિક્ષા બને છે એ જાણવું. (નાની ઉંમરમાં દીક્ષા લેવી વગેરે કારણે વ્યાપારાદિ આવડતા ન હોય કે એનો અભ્યાસ ન હોય એ કારણે અન્ય ક્રિયાનું અસામર્થ્ય સંભવે.) પણ ચારિત્રથી પતિત થયેલા પણ જેઓ અત્યંત પાપભીરુ હોય અને સંવેગની તીવ્રતાના કારણે પ્રવ્રજ્યા પ્રતિ જ જેઓનું મન ઢળેલું હોય તેઓની ભિક્ષા તો સર્વસંપત્કરીભિક્ષા જ જાણવી. આ બન્નેથી ભિન્ન પ્રકારના ઉત્પ્રવ્રજિતોની અને અસદ્ આરંભી અન્ય જીવોની (જૈનભિન્ન અન્ય પુષ્ટ શરીરી ગૃહસ્થ વગેરેની) ભિક્ષા પણ

१ योऽनुशिष्टो न प्रतिनिवृत्तः स सारूपिकत्वेन वा सिद्धपुत्रत्वेन वा स्थित्वा कञ्चित्कालं, सारूपिको नाम मुण्डशिरा अरजोहरणः अलाबुकैः भिक्षां हिण्डतेऽभार्यश्च। सिद्धपुत्रो नाम सवालः भिक्षां हिण्डते वा न वा वराटकैः वेण्टलिकां करोति यष्टिं वा धारयति, इति।।

संवेगातिशयेन प्रव्रज्यां प्रति प्रतिवद्धमेव मानसं तेषामाद्यैव भिक्षा। एतद्व्यतिरिक्ता-नामसदारंभाणां च पौरुषघ्न्येव। 'तत्त्वं पुनरिह केवलिनो विदन्ती' **त्यष्टकवृत्तिकृद्व**चनं च तेषां नियतभावापरि-ज्ञानसूचकमित्यवधेयम्।।१२।।

अन्याबाधेन सामग्र्यं मुख्यया भिक्षयाऽलिवत्।
गृह्णतः पिण्डमकृतमकारितमकल्पितम्।।१३।।

अन्येति। अन्येषां = स्वव्यतिरिक्तानां दायकानामबाधेन = अपीडनेन मुख्यया = सर्वसंपत्कर्या भिक्षयाऽलिवद् = भ्रमरवदकृतमकारितमकल्पितं च पिंडं गृह्णतः सामग्र्यं = चारित्रसमृद्ध्या पूर्णत्वं भवति। अलिवदित्यनेनानटनप्रतिषेधः, तथा सत्यभ्याहृतदोषप्रसङ्गात्। साधुवन्दनार्थमागच्छद्भिः गृहस्थैः पिंडानयने नायं भविष्यति, तदागमनस्य वन्दनार्थत्वेन साध्वर्थपिंडानयनस्य प्रासंगिकत्वादिति **चेत्? न**, एवमपि मालापहृताद्यनिवारणादिति वदन्ति।।१३।।

પૌરુષઘ્ની જ હોય છે એ જાણવું, કેમકે એ કેવલ સ્વપુરુષાર્થને જ હણનારી હોય છે. આમ સિદ્ધપુત્ર વગેરે અંગેની ભિક્ષાનું વિભાજન આવું સ્પષ્ટ હોવા છતાં 'આ બાબતમાં સાચું તત્ત્વ કેવલીઓ જાણે છે' એવું અષ્ટકજીના વૃત્તિકાર મહાત્માએ જે કહ્યું છે તે, 'આવો વિભાગ સ્પષ્ટ રીતે નિઃશંકપણે નથી કરી શકાતો' એવું સૂચન કરવા માટે નથી કહ્યું, કિન્તુ પ્રવ્રજ્યાભ્રષ્ટ જીવોનો નિયતભાવજાણી શકાતો નથી એનું સૂચન કરવા માટે છે. [અથવા તો, અષ્ટકવૃત્તિકારનું તે કથન, તેઓને આવા નિયતવિભાગનું પરિજ્ઞાન ન હોતું એનું સૂચન કરે છે.] એ ધ્યાનમાં લેવું.॥૧૨॥ [ભિક્ષાના ૩ પ્રકાર કહ્યા. હવે કઇ ભિક્ષાથી કઇ રીતે સાધુ સામગ્ર્ય સંપન્ન થાય છે તે ગ્રન્થકાર જણાવે છે—]

[પ્રથમભિક્ષાથી સાધુસામગ્ર્ય]

અન્યને = સ્વભિન્ન દાયકને પીડા ન થાય એ રીતે મુખ્ય = સર્વસંપત્કરી ભિક્ષાથી ભ્રમરની જેમ અકૃત (સ્વયં ક્રયણ, હનન કે પચન દ્વારા નહીં બનાવેલું) અકારિત (બીજા પાસે નહીં બનાવડાવેલ) અને અકલ્પિત [સાધુએ કોઇ સૂચના કરી ન હોવા છતાં ગૃહસ્થ પોતાની મેળે જ સાધુને વહોરાવવાની કલ્પનાથી જે બનાવે તે કલ્પિત. આવો કલ્પિતપિંડ વહોરવાથી ગૃહસ્થે એ માટે કરેલા આરંભાદિની અનુમોદનાનો દોષ લાગે છે. આવો કલ્પિત ન હોય તે અકલ્પિત પિંડ.] એવા પિંડને ગ્રહણ કરતો સાધુ સામગ્ર્યને પામે છે એટલે કે ચારિત્રસમૃદ્ધિથી પૂર્ણતાને પામે છે. આમાં ક્રયણ, હનન અને પાચન એ ત્રણે દ્વારા અકૃત, અકારિત અને અકલ્પિત પિંડ સમજવો. એટલે કે નવકોટિશુદ્ધ પિંડ જાણવો. તેમજ ભ્રમરવત્ એવું જે કહ્યું છે તેનાથી ભ્રમરની જેમ ભિક્ષાટન સૂચિત થાય છે, અનટન = ન ફરવાનો નિષેધ સૂચિત થાય છે, કેમકે સાધુ ભિક્ષા માટે સ્વયં ન ફરે તો ગૃહસ્થો સ્વયં ઉપાશ્રયે આપવા માટે આવે જેથી ભિક્ષાના ૪૨ દોષામાંનો અભ્યાહૃતદોષ લાગે.

શંકા - ગૃહસ્થો સ્પેશ્યલ સાધુને વહોરાવવા માટે ન લાવે. કિન્તુ વંદન માટે આવે અને એ વખતે ભેગો પિંડ લઇ આવે તો આ દોષ નહીં લાગે, કેમકે તેઓનું આગમન વંદન માટે છે, સાધુ માટે પિંડનું લાવવું એ તો પ્રાસંગિક છે.

સમાધાન - આ રીતે અભ્યાહૃત દોષ ન લાગે તો પણ માલાપહૃત દોષ, સ્થાપના દોષ વગેરેનું તો નિવારણ થતું જ નથી. એવું આચાર્યો કહે છે. માટે અનટનનો નિષેધ આવશ્યક છે.॥૧૩॥ [ગૃહસ્થે સંકલ્પ પણ ન કર્યો હોય એવા પિંડનું ગ્રહણ કરવાની વાત કરી. એના પર શંકાકાર શંકા ઉઠાવે છે—]

नन्वेवं सद्गृहस्थानां गृहे भिक्षा न युज्यते।
अनात्मंभरयो यत्नं स्वपरार्थं हि कुर्वते।।१४।।

नन्वेवमिति। नन्वेवं = संकल्पितपिंडस्याप्यग्राह्यत्वे सद्गृहस्थानां = शोभनव्राह्मणाद्यगारिणां गृहे भिक्षा न युज्यते यतेः, हि = यतोऽनात्मंभरयः = अनुदरंभरयो यत्नं पाकादिविषयं स्वपरार्थं कुर्वते, भिक्षाचरदानासंकल्पेन स्वार्थमेव पाकप्रयत्ने सद्गृहस्थत्वभङ्गप्रसङ्गात्, देवतापित्रतिथिभर्तव्यपोषणशेषभोजनस्य गृहस्थधर्मत्वश्रवणात्। न च दानकालात्पूर्वं देयत्ववुद्ध्याऽसंकल्पितं दातुं शक्यत इत्यपि द्रष्टव्यम्।।१४।।

संकल्पभेदविरहो विषयो यावदर्थिकम्।
पुण्यार्थिकं च वदता दुष्टमत्र हि दुर्वचः।।१५।।

संकल्पेति। अत्र हि = 'असंकल्पितः पिंडो यतेर्ग्राह्यः' इति वचने हि संकल्पभेदस्य = यतिसंप्रदानकत्व-

[असंकल्पितपिंडप्राप्ति अशक्य-शंका]

જેના ક્રયણ, હનન કે પચનમાં સાધુનો સંકલ્પ કર્યો હોય એવો પિંડ પણ જો અગ્રાહ્ય હોય તો ઊંચા બ્રાહ્મણ વગેરે સદ્ગૃહસ્થોના ઘરે ભિક્ષા લેવી જ સાધુને કલ્પે નહીં, કેમકે સદ્ગૃહસ્થો પેટભરા ન હોવાથી રાંધવા વગેરેની પ્રવૃત્તિ સ્વ-પર માટે કરે છે. ભિક્ષાચરને આપવાની ગણતરી વિના માત્ર પોતાના પૂરતું જ રાંધે તો એમાં એમનું સદ્ગૃહસ્થપણું જ ચાલ્યું જાય. એ પણ એટલા માટે કે દેવતા, માતા-પિતા, અતિથિ, ભર્તવ્યનું પોષણ કર્યા બાદ શેષ ભોજન કરવું એ ગૃહસ્થધર્મ છે એવું લૌકિકશાસ્ત્રોમાં સંભળાય છે[1]. "દાનકાળની પૂર્વે રાંધવા વગેરેના અવસરે આપવા માટેનો સંકલ્પ ન કર્યો હોય અને પછી અવસર ઉપસ્થિત થયે દાન કરી દે, એટલે અસંકલ્પિત પિંડ સાધુને પ્રાપ્ત થઇ જાય" એવું ન કહેવું, કારણ કે એ રીતે પહેલાં જેને આપવા માટેનો સંકલ્પ ન કર્યો હોય તે (સામાન્યતયા) આપી શકાતું પણ નથી. એ જાણવું. (કેમકે પોતાના પૂરતું જ હોય એટલે એનો પોતે જ ઉપયોગ કરવાના હોય. એ આપી દઇને પોતાના માટે નવું બનાવે તો સાધુને પશ્ચાત્કર્મ દોષ લાગતો હોઇ ન કલ્પે.)॥૧૪॥ શંકાકાર જ આચાર્યના જવાબની સ્વયં કલ્પના કરી એને દૂષિત ઠેરવતાં કહે છે—

'સાધુને અસંકલ્પિત પિંડનું ગ્રહણ કરવું કલ્પે છે' આવા શાસ્ત્રવચનમાં અમુક ચોક્કસ પ્રકારના સંકલ્પશૂન્ય જ પિંડના ગ્રહણની વાત છે એવું, યાવદર્થિક અને પુણ્યાર્થક ને દુષ્ટ (દોષયુક્ત) કહેતાં તમારાથી કહી શકાય તેમ નથી.' આશય એ છે કે શંકાકારની શંકાનું સમાધાન કરવા આચાર્ય જો આવું કહે કે "[જેને આપવાનું હોય તેને ચોથી સંપ્રદાન વિભક્તિ લાગે છે, તેથી એને સંપ્રદાન કહેવાય છે. એટલે યતિ છે [illegible] જેનું તે યતિસંપ્રદાનક. તેથી] યતિ સંપ્રદાનકત્વ છે પ્રકાર જેમાં એવી દાનેચ્છા રૂપ સંકલ્પ તરીકે [illegible] હું યતિને = સાધુને દાન કરીશ' તેવી ઇચ્છા રૂપ સંકલ્પ, આવે છે. આવો સંકલ્પ જેમાં ન હોય [illegible] અને અન્ય સંન્યાસી કે યાચક વગેરેને આપવાની ઇચ્છા રૂપ સંકલ્પ રહ્યો પણ હોય) તે પ્રસ્તુતમાં [illegible]લ્પિત પિંડ કહેવાય, આવો અસંકલ્પિત પિંડ સદ્ગૃહસ્થોને ત્યાં પણ સુસંભવિત છે." આવું સમાધાન આચાર્યથી કહી શકાય તેમ નથી, કેમકે યાવદર્થિક-એટલે કે જે કોઇ યાચક હોય તે બધા માટે સંકલ્પેલા પિંડને પણ તમે દુષ્ટ (ભિક્ષા દોષયુક્ત) માનો છો, તેમજ દાનપુણ્ય માટે નિષ્પાદિત પિંડને પણ તમે દુષ્ટ માનો છો. [દશ વૈકાલિક ૫ માં

१ स्वकर्माजीवनं कुल्यैः समानऋषिभिर्वैवाह्यं ऋतुगामित्वं देवतापित्रतिथिभर्तव्यपोषणं शेषभोजनं चेति गृहस्थधर्मः।।

प्रकारदानेच्छात्मकस्य विरहो दुर्वचः। केनेत्याह - यावदर्थिकं = यावदर्थिनिमित्तनिष्पादितं पुण्यार्थिकं = पुण्यनिमित्तनिष्पादितं च पिंडं दुष्टं वदता, अन्यथोक्तासंकल्पितत्वस्य यावदर्थिक- पुण्यार्थिकयोः सत्त्वेन तयोर्ग्राह्यत्वापत्तेः। तदाह - [अ. ६/४-५]

संकल्पनं विशेषेण यत्रासौ दुष्ट इत्यपि। परिहारो न सम्यक्स्याद्यावदर्थिकवादिनः।।

विषयो वास्य वक्तव्यः पुण्यार्थं प्रकृतस्य च। असंभवाभिधानात्स्यादाप्तस्यानाप्तताऽन्यथा।। इति।।१५।।

उच्यते विषयोऽत्रायं भिन्ने देये स्वभोग्यतः।
संकल्पनं क्रियाकाले दुष्टं पुष्टमियत्तया।।१६।।

उच्यत इति। अत्रायं विषय उच्यते यदुत क्रियाकाले = पाकनिर्वर्तनसमये स्वभोग्यात् = आत्मीय-भोगार्हादोदनादेर्भिन्ने = अतिरिक्ते देये ओदनादावियत्तया = 'एतावदिह कुटुंबायैतावच्चार्थिभ्यः पुण्यार्थं चेति विषयतया पुष्टं = संवलितं संकल्पनं दुष्टं, तदाह [६/६]-

---

અધ્યયનમાં* આ બન્ને પ્રકારના પિંડને દુષ્ટગણી તેનો નિષેધ કર્યો છે.] એટલે જો અસંકલ્પિતપિંડ તરીકે, સાધુને આપવાના સંકલ્પના અભાવ માત્રવાળો પિંડ ગ્રાહ્ય હોય તો યાવદર્થિક પિંડ અને પુણ્યાર્થક પિંડ એ બંનેમાં પણ એવું અસંકલ્પિતત્વ અક્ષત હોઇ એ બન્ને પિંડ પણ ગ્રાહ્ય બનવાની આપત્તિ આવે. શંકાકારની શંકાને અષ્ટકપ્રકરણ ૬/૪-૫ માં આ રીતે કહી છે - "વિશેષરૂપે સાધુનું જેમાં સંકલ્પન હોય તે દુષ્ટ- એ રીતે અમારી શંકાનો પરિહાર કરવો એ યાવદર્થિકપિંડને દુષ્ટ (અગ્રાહ્ય) માનનાર તમારે યોગ્ય નથી. અથવા તો યાવદર્થિકપિંડ અને પુણ્યાર્થિક પિંડનો વિષય કહેવો જોઇએ. એટલે કે અમુક ચોક્કસ અર્થીને આશ્રીને બનાવેલો પિંડ પરિહર્તવ્ય છે ઇત્યાદિ રૂપે આનો વિષય કહેવો જોઇએ. નહીંતર યાવદર્થિકાદિ પિંડના પરિહાર રૂપ અસંભવિત વાત કહેનારા હોવાથી, આપ્તશાસ્ત્રકાર અનાપ્ત બની જવાની આપત્તિ આવશે."॥૧૫॥ [આ રીતે બે શ્લોકોથી કરેલી શંકાનું સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે–]

[સંકલ્પિતપિંડ કોને કહેવાય? - સમાધાન]

આ બાબતમાં આવો વિષય જાણવો. ક્રિયાકાળે = રાંધતી વખતે, પોતાના.વપરાશના ભાત વગેરે કરતાં વધારાના દાન માટેના ભાત વગેરે અંગે 'આટલું કુટુંબ માટે અને આટલું યાચકોને આપવા માટે' આ રીતે જુદાં જુદાં પ્રમાણના કરેલા સંકલ્પથી જે યુક્ત હોય તે દુષ્ટ = અગ્રાહ્ય જાણવું. એટલે કે સ્વવપરાશ કરતાં વધુ પ્રમાણમાં રાંધતી વખતે આવા વિભાગપૂર્વકનો સંકલ્પ કરીને જે યાવદર્થિક કે પુણ્યાર્થિક પિંડ તૈયાર થયો હોય તે એ બેના નિષેધનો વિષય જાણવો. અષ્ટકપ્રકરણ ૬/૬ માં કહ્યું છે કે "સ્વ ખાદ્ય પ્રમાણ અને તે ઉપરાંતના વધારાના દેય અન્નને આશ્રીને જે ઓદનાદિ વિશે 'આટલું કુટુંબ માટે, આટલું યાચકો માટે કે પુણ્ય માટે' આવો રાંધવાના કાળે સંકલ્પ કરાયો હોય તે દુષ્ટ છે, આ યાવદર્થિક અને પુણ્યાર્થિક પિંડનો વિષય છે = એટલે કે આવો સંકલ્પિત પિંડ પરિહાર્ય છે."॥૧૬॥ [આ સિવાયના સંકલ્પવાળો પિંડ દુષ્ટ નથી એવું જણાવવા ગ્રન્થકાર કહે છે–]

---

* असणं पाणगं वा वि खाइमं साइमं तहा। जं जाणिज्ज सुणिज्जा वा, दाणट्ठा पगडं इमं।।५-१-४७।।
तं भवे भत्तपाणं तु संजयाण अकप्पिअं। दिंतिअं पडिआइक्खे न मे कप्पइ तारिसं।।
असणं पाणगं वा वि खाइमं साइमं तहा। जं जाणिज्ज सुणिज्जा वा, पुण्णट्ठा पगडं इमं।।तं भवे.

विभिन्नं देयमाश्रित्य स्वभोग्याद्यत्र वस्तुनि। संकल्पनं क्रियाकाले तद्दुष्टं विषयोऽनयोः।।१६।।

स्वोचिते तु तदारंभे निष्ठिते नाविशुद्धिमत्।
तदर्थकृतिनिष्ठाभ्यां चतुर्भङ्ग्यां द्वयोर्ग्रहात्।।१७।।

स्वोचिते त्विति। स्वोचिते तु = स्वशरीरकुटुंबादेर्योग्ये त्वारंभे = पाकप्रयत्ने निष्ठिते = चरमेन्धनप्रक्षेपेणौदनसिद्ध्युपहिते तत् = स्वभोग्यातिरिक्तपाकशून्यतया संकल्पनं, स्वार्थमुपकल्पितमन्नमितो मुनीनामुचितेन दानेनात्मानं कृतार्थयिष्यामीत्याकारं नाविशुद्धिमत् = न दोषान्वितं, तदर्थं = साध्वर्थं कृतिः = आद्यपाकः निष्ठा च चरमपाकः, ताभ्यां निष्पन्नायां चतुर्भङ्ग्यां = तदर्थं कृतिस्तदर्थं निष्ठा, अन्यार्थं कृतिस्तदर्थं निष्ठा, तदर्थं कृतिरन्यार्थं निष्ठा, अन्यार्थं कृतिरन्यार्थं च निष्ठेत्येवंरूपायां द्वयोर्भङ्गयोर्ग्रहाच्छुद्धत्वेनोपादानात्, तदुक्तं- '* तस्स कडं तस्स निट्ठियं चउभंगो तत्थ दु चरिमा सुद्धा।' यदि च साध्वर्थं पृथिव्याद्यारंभाप्रयोजकशुभसंकल्पनमपि गृहिणो दुष्टं स्यात्तदा साधुवन्दनादियोगोऽपि तथा स्यादिति न किञ्चिदेतत्। तदिदमुक्तम् [अ ६/७]-

स्वोचिते तु यदारंभे तथा संकल्पनं क्वचित्। न दुष्टं शुभभावत्वात्तच्छुद्धापरयोगवत्।।१७।।

સ્વશરીર-કુટુંબાદિ માટે કરેલી રાંધણ ક્રિયા છેલ્લું બળતણ નાંખવાથી ઓદનાદિ રંધાઇ જવા રૂપે પૂર્ણ થયે સંકલ્પ કરવો એ દુષ્ટ નથી. કેમકે સાધુ માટેની ક્રિયાના પ્રારંભ અને સમાપ્તિની ચતુર્ભંગીમાંથી બે ભાંગે ગ્રહણ કરવાની અનુજ્ઞા છે. સ્વભોગ્ય પાકથી વધુ પાક કર્યો ન હોવાથી, 'અમારે માટે આ અન્ન તૈયાર થઇ ગયું છે. આમાંથી સાધુઓને ઉચિત દાન કરીને હું પોતાને કૃતાર્થ કરીશ' આવો સંકલ્પ કરવો એ દોષયુક્ત નથી. તદર્થં = સાધુ માટે. કૃતિ = પ્રથમ પાક ક્રિયા અને નિષ્ઠા = અંતિમ પાક ક્રિયા (સમાપ્તિ કરી આપનાર ક્રિયા). આ બે પદથી ચતુર્ભંગી બને છે. (૧) સાધુ માટે કૃતિ અને સાધુ માટે નિષ્ઠા. (૨) અન્ય માટે કૃતિ અને સાધુ માટે નિષ્ઠા, (૩) સાધુ માટે કૃતિ અન્ય માટે નિષ્ઠા અને (૪) અન્ય માટે કૃતિ અને અન્ય માટે નિષ્ઠા. આમાંથી છેલ્લા બે ભાંગા શુદ્ધ હોવાથી ગ્રહણ થાય છે. કહ્યું છે કે "તેના માટે કૃત અને તેના માટે નિષ્ઠિત. ઇત્યાદિ ચાર ભાંગા જાણવા. એમાંથી છેલ્લા બે શુદ્ધ છે." આમ સ્વ માટે પાક થઇ ગયા બાદ સાધુને આપવાનો કરેલો સંકલ્પ દુષ્ટ નથી, કેમકે એ માત્ર દાતાના શુભ ભાવ રૂપ છે. પૃથ્વીકાયાદિના આરંભનો અપ્રયોજક એવો પણ ગૃહસ્થનો આ શુભસંકલ્પ જો દુષ્ટ હોય તો તો ગૃહસ્થનો સાધુને વંદનાદિ કરવાનો યોગ = વ્યાપાર પણ દુષ્ટ માનવો પડે. પણ એ મનાતો નથી. એટલે આવા શુભસંકલ્પને દુષ્ટ કહેવો એ બુદ્ધિની અસારતા છે. અષ્ટક પ્રકરણ ૬/૭ માં કહ્યું છે કે "સ્વઉચિત પાકાદિ થઇ ગયે છતે જે ક્વચિત્ તેવો સંકલ્પ કરવામાં આવે છે કે 'અમારા માટે આ અન્ન તૈયાર થઇ ગયું છે, આમાંથી સાધુઓને ઉચિત દાન કરીને જાતને પવિત્ર કરું' તે દુષ્ટ નથી, કેમકે શુભભાવરૂપ છે, જેમકે ગૃહસ્થના સાધુવંદનાદિ અન્ય શુદ્ધયોગ."॥૧૭॥

[શંકાકારે જે કહ્યું હતું કે 'અસંભવિત વાત કહી હોવાથી શાસ્ત્રકાર અનાપ્ત બની જાય છે' તેનો પરિહાર કરવા કહે છે--]

[સાધુધર્મ અતિદુષ્કર છે]

અસંકલ્પિત પિંડને જ ગ્રાહ્ય માનશો તો પ્રાયઃ શુદ્ધ પિંડનો લાભ = પ્રાપ્તિ જ નહીં થાય, (માટે સંકલ્પિતને પણ ગ્રાહ્ય માનવો જોઇએ) આવી જો શંકા છે તો એનું સમાધાન આવું જાણવું- એ રીતે તો સંકલ્પ સિવાય

---

* तस्मै कृतं तस्मै निष्ठितं, चतुर्भंगाः, तत्र द्वौ चरिमौ शुद्धौ।

प्राय एवमलाभः स्यादिति चेद् बहुधाऽप्ययम्।
संभवीत्यत एवोक्तो यतिधर्मोऽतिदुष्करः।।१८।।

प्राय इति। एवं = असंकल्पितस्यैव पिंडस्य ग्राह्यत्वे प्रायोऽलाभः स्यात् = शुद्धपिंडाप्राप्तिः स्यादिति **चेत्**? बहुधापि = संकल्पातिरिक्तैर्बहुभिरपि प्रकारैः शङ्कितम्रक्षितादिभिरयमलाभः संभवी, अथवा – एवं प्रायोऽसंकल्पितस्यालाभः स्यादिति **चेत्**? बहुधाप्ययमसंकल्पितस्य लाभः संभवी, अदित्सूनां भिक्षूणामभावेऽपि च बहूनां पाकस्योपलब्धेः। तथापि तद्वृत्तेर्दुष्करत्वात्तत्प्रणेतुरनाप्तता स्यादित्यत आह-इत्यत एव यतिधर्मो मूलोत्तरगुणसमुदायरूपोऽतिदुष्कर उक्तः, अतिदुर्लभं मोक्षं प्रत्यतिदुष्करस्यैव धर्मस्य हेतुत्वात्, कार्यानुरूपकारणवचननैवाप्तत्वसिद्धेः।।१८।।

संकल्पितस्य गृहिणा त्रिधा शुद्धिमतो ग्रहे।
को दोष इति चेज्ज्ञाते प्रसङ्गात्पापवृद्धितः।।१९।।

संकल्पितस्येति। गृहिणा = गृहस्थेन संकल्पितस्य = यत्यर्थं प्रदित्सितस्य त्रिधा शुद्धिमतः = मनोवाक्कायशुद्धस्य साधोर्ग्रहे = ग्रहणे को दोषः, आरंभप्रत्याख्यानस्य लेशतोऽप्यव्याघातादिति **चेत्**? ज्ञाते = 'मदर्थं कृतोऽयं पिंडः' इति ज्ञाते सति तद्ग्रहणे प्रसङ्गात् गृहिणः पुनः तथाप्रवृत्तिलक्षणात्पा-

---

અન્ય જે શંકિત-મ્રક્ષિત વગેરે દોષો કહ્યા છે તે બધાના કારણે પણ તે બધાથી રહિત એવા શુદ્ધ પિંડનો પણ અલાભ જ સંભવશે. (તો શું એ અલાભના ડરથી શંકિત વગેરે પણ ગ્રાહ્ય માની લેવા?) અથવા 'આવા અસંકલ્પિત પિંડનો પ્રાયઃ અલાભ થઇ જશે' એવી જો શંકા હોય તો આવું સમાધાન જાણવું કે અસંકલ્પિત પિંડનો પણ અનેક પ્રકારે લાભ સંભવે છે, કારણકે દાન આપવાની ઇચ્છા વગરના ય ઘણા લોકોની તેમજ યાચકોનો અભાવ હોય ત્યારે પણ ઘણા લોકોની રસોઇ થતી/થયેલી દેખાય જ છે. "તેમ છતાં આવી અસંકલ્પિત પિંડથી વૃત્તિ = જીવનનિર્વાહ કરવો એ અત્યંત દુષ્કર છે. એટલે આવાં અત્યંત દુષ્કર વિધાન દેખાડનાર આપ્તની આ અનાપ્તતા બની જશે" આવી શંકાના સમાધાન માટે 'ઇત્યત' વગેરે કહ્યું છે. શુદ્ધ પિંડથી વૃત્તિ ચલાવવી વગેરે દુષ્કર હોવાથી જ મૂળગુણ-ઉત્તરગુણ રૂપ સાધુધર્મ અતિદુષ્કર કહ્યો છે. અતિદુર્લભ એવા મોક્ષ પ્રત્યે અતિદુષ્કર ધર્મ જ કારણભૂત હોય ને! એટલે અતિ દુર્લભ કાર્યના કારણ તરીકે અતિદુષ્કર ધર્મરૂપ અનુરૂપ કારણ કહેનારા હોવાથી જ તેને કહેનારા શાસ્ત્રકારની આપ્તતા સિદ્ધ થઇ જાય છે. ["લ્યો, આ સોનું, હું તમને અત્યંત સસ્તામાં-પાંચ રૂપિયે તોલાના ભાવે અપાવી દઉં..." આવું કહેનાર પર કોઇ વિશ્વાસ કરતું નથી.]॥१८॥ [સ્વકીય પરિણામને પ્રધાન ગણનારા સાધુઓને ગૃહસ્થના સંકલ્પ વગેરે સાથે શું નિસ્બત? એવા અભિપ્રાયથી શંકા ઉઠાવીને સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે–]

"ગૃહસ્થે સાધુને વહોરાવવાનો સંકલ્પ કર્યો હોય તેવા પિંડને મન-વચન-કાયાની શુદ્ધિવાળા સાધુ ગ્રહણ કરે તો એમાં સાધુને શું દોષ લાગે? એમાં થયેલા આરંભની મનથી પણ અનુમોદના ન થઇ જાય એવી પરિણામશુદ્ધિ હોઇ આરંભના પચ્ચક્ખાણનો આંશિક પણ ભંગ થતો નથી." આવી જો શંકા હોય તો એનું સમાધાન આવું જાણવું કે 'આ પિંડ મારા માટે બનાવાયો છે' આવું જાણવા છતાં તેનું જો ગ્રહણ કરવામાં આવે તો પ્રસંગ દોષ લાગે. એટલે કે ગૃહસ્થ પુનઃ તેવી પ્રવૃત્તિ કરે એનો દોષ લાગે છે. આ પ્રસંગ દોષથી પાપની વૃદ્ધિ થાય છે. એટલે એવી પાપવૃદ્ધિમાં નિમિત્ત બનવું એ પરિહાર્ય દોષ હોઇ એ નિમિત્ત ન બનાય એ માટે

पवृद्धितस्तन्निमित्तभावस्य परिहार्यत्वात् ।।१९।।

यत्यर्थं गृहिणश्चेष्टा प्राण्यारंभप्रयोजिका ।
यतेस्तद्वर्जनोपायहीना सामग्र्यघातिनी ।।२०।।

यत्यर्थमिति। यत्यर्थं गृहिणः प्राण्यारंभप्रयोजिका चेष्टा = निष्ठितक्रिया तद्वर्जनोपायैराधाकर्मिककुलपरित्यागादिलक्षणैर्हीना सती यतेः सामग्र्यघातिनी = गुणश्रेणीहानिकर्त्री ।।२०।।

वैराग्यं च स्मृतं दुःखमोहज्ञानान्वितं त्रिधा ।
आर्त्तध्यानाख्यमाद्यं स्याद्यथाशक्त्यप्रवृत्तितः ।।२१।।

वैराग्यं चेति। दुःखान्वितं मोहान्वितं ज्ञानान्वितं चेति त्रिधा वैराग्यं स्मृतम्। आद्यं = दुःखान्वितं आर्त्तध्यानाख्यं स्यात्, यथाशक्ति = शक्त्यनुसारेण मुक्त्युपायेऽप्रवृत्तितः। तात्त्विकं तु वैराग्यं शक्तिमतिक्रम्यापि श्रद्धातिशयेन प्रवृत्तिं जनयेदिति ।।२१।।

એવો પિંડ ગ્રહણ કરવો સાધુને કલ્પતો નથી.।।૧૯।। [આ રીતે આવો પિંડ પરિહાર્ય બનતો હોવા છતાં ન ત્યાગે તો શું થાય? એ જણાવવા ગ્રન્થકાર કહે છે–]

સાધુ માટે ગૃહસ્થ પ્રાણીઓનો જેનાથી આરંભ થાય એવી ચેષ્ટા = સમાપ્તિ ક્રિયા કરે અને સાધુ મહારાજ તેનો પરિહાર જેનાથી થાય એવા આધાકર્મકરનારા કુલોનો ત્યાગ વગેરે રૂપ ઉપાયો ન અજમાવે તો ગૃહસ્થની એ ચેષ્ટા સાધુના સામગ્ર્યનો ઘાત કરનારી બને છે. એટલે કે સંયમપ્રત્યયિક ગુણશ્રેણિની હાનિ કરનાર બને છે. [સંયમપ્રાપ્તિ થયા બાદ જ્યાં સુધી સંયમ (છઠ્ઠું-સાતમું ગુણઠાણું) જળવાઇ રહે છે ત્યાં સુધી સંયમપરિણામો સ્વરૂપ શુદ્ધિના બળે અસંખ્યગુણનિર્જરા કરાવનાર ગુણશ્રેણિ ચાલુ રહે છે. સંયમ પાલનમાં વિશુદ્ધિ વધે એમ વધુ દલિકોની નિર્જરા થાય છે (એટલે કે દલિકોની અપેક્ષાએ ગુણશ્રેણિ વધે છે) ને વિશુદ્ધિ ઘટે એમ દલિકો ઓછા નિર્જરે છે એટલે કે દલિકોની અપેક્ષાએ ગુણશ્રેણિની હાનિ થાય છે.]।।૨૦।। [સાધુ સામગ્ર્યના દ્વિતીય ભિક્ષા અંશની પ્રરૂપણા પૂર્ણ થઇ. હવે ત્રીજા અંશ વૈરાગ્યની પ્રરૂપણા કરવા ગ્રન્થકાર કહે છે–]

[ત્રિવિધ વૈરાગ્ય]

વૈરાગ્ય ત્રણ પ્રકારે કહેવાયો છે. દુઃખાન્વિત, મોહાન્વિત અને જ્ઞાનાન્વિત. (દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત). આમાંનો પ્રથમ દુખાન્વિત વૈરાગ્ય આર્ત્તધ્યાન રૂપ છે, કેમકે એમાં, મુક્તિના ઉપાયમાં યથાશક્તિ પણ પ્રવૃત્તિ હોતી નથી. એટલે કે શ્રદ્ધાની તીવ્રતાના કારણે શક્તિ કરતાં વધુ પ્રમાણમાં જે ઉપાદેયપ્રવૃત્તિ અને હેયનિવૃત્તિ, તે તો નથી હોતાં, પણ શક્તિને અનુરૂપ પણ તે હોતાં નથી. તાત્ત્વિક વૈરાગ્ય તો શ્રદ્ધાની તીવ્રતાના કારણે શક્તિને ઉલ્લંઘીને પણ પ્રવૃત્તિ કરાવે છે. [સંસાર પ્રત્યે કંટાળો-ખેદ-ભય આ વૈરાગ્ય છે. જેનો ભય લાગે એનાથી ભાગવા માટે જીવ જ્યારે પ્રયાસ કરે છે ત્યારે એ કલ્પના બહારનાં-પોતાના ગજા બહારનાં કાર્યો કરી નાખે છે. એ વાત પ્રસિદ્ધ છે. ટૂંકમાં, ભયથી શક્તિ-સામર્થ્ય વધે છે. વૈરાગ્ય એ સંસારથી ભય લાગવા સ્વરૂપ હોવાથી એ જેટલો જોરદાર એટલાં શક્તિ બહારનાં કાર્યો પણ શક્ય બને.] અનિષ્ટ એવા સંસારથી છૂટવાની ચિંતા એ જો વૈરાગ્યરૂપ ન હોય તો આર્ત્તધ્યાનરૂપ હોય છે એ સ્પષ્ટ છે.।।૨૧।। પ્રથમ દુઃખગર્ભિત વૈરાગ્યને પ્રરૂપવા કહે છે–

[મૂળમાં 'स्वेच्छालाभाद्' શબ્દ જે રહેલો છે તેનો વૃત્તિમાં ઉલ્લેખ થયો નથી કે અન્વય દેખાડાયો નથી.

अनिच्छा ह्यत्रसंसारे स्वेच्छालाभादनुत्कटा।
नैर्गुण्यदृष्टिजं द्वेषं विना चित्ताङ्गखेदकृत्।।२२।।

अनिच्छेति। अत्र हि = वैराग्ये सति संसारे = विषयसुखेऽनिच्छा = इच्छाऽभावलक्षणाऽऽत्मपरिणतिर्नैर्गुण्यदृष्टिजं = संसारस्य वलवदनिष्टसाधनत्वप्रतिसन्धानजं द्वेषं विनाऽनुत्कटा, अत एव चित्ताङ्गयोः खेदकृत् = मानसशारीरदुःखोत्पादिका। इच्छाविच्छेदो हि द्विधा स्याद्-अलभ्यविषयत्वज्ञानाद् द्वेषाच्च। आद्य इष्टाप्राप्तिज्ञानाद्दुःखजनकः, अन्त्यश्च न तथेति।।२२।।

एकान्तात्मग्रहोद्भूतभवनैर्गुण्यदर्शनात्।
शान्तस्यापि द्वितीयं सज्ज्वरानुद्भवसन्निभम्।।२३।।

एकान्तेति। एकान्तः = सर्वथा सन् क्षयी वा य आत्मा तस्य ग्रहादुत्पन्नं यद्भवनैर्गुण्यदर्शनं ततः

પણ અધિકાર પરથી એમ જણાય છે કે વૃત્તિમાં જે 'अत्र हि = वैराग्ये सति' આટલા શબ્દો છે એના પછી આ શબ્દ 'स्वेच्छाऽलाभाद्' એવા અવગ્રહ સાથે હોવો જોઇએ. એ મુજબ નીચેનો અર્થ જાણવો–]

[દુઃખગર્ભિત વૈરાગ્ય]

દુઃખગર્ભિત વૈરાગ્ય હોય તો વિષયસુખરૂપ સંસારમાં અનિચ્છા થાય છે એટલે કે એની ઇચ્છાના અભાવ રૂપ આત્મપરિણતિ હોય છે. આવી આત્મપરિણતિ સ્વઇષ્ટ વિષયોની અપ્રાપ્તિના કારણે થયેલી હોય છે. 'આખો સંસાર મોટા ભયંકર અનિષ્ટના કારણભૂત છે' આવા પ્રતિસન્ધાન રૂપ સંસારના નૈર્ગુણ્યની બુદ્ધિથી જે દ્વેષ પ્રગટે તે સંસારવિષયક દ્વેષ ન હોવાના કારણે સંસારની આ અનિચ્છા અનુત્કટ હોય છે- ઉત્કટ હોતી નથી. વળી આ જ કારણે એ માનસિક અને શારીરિક દુઃખજનિકા હોય છે. આશય એ છે કે ઇચ્છાનો વિચ્છેદ બે રીતે થાય છે. 'આ વિષયો મને મળી શકે એમ નથી' એવા અલભ્યવિષયત્વ જ્ઞાનથી ઇચ્છાવિચ્છેદ થાય છે અને વિષયો પરના દ્વેષના કારણે પણ ઇચ્છાવિચ્છેદ થાય છે. આમાંથી પ્રથમ રીતે જે ઇચ્છાવિચ્છેદ થયો હોય છે તે, ઇષ્ટની અપ્રાપ્તિના જ્ઞાનના કારણે દુઃખજનક બને છે, [આશય એ છે કે ઇચ્છા મુજબ ન મળવાના કારણે ધીમે ધીમે ઇચ્છા ભલે ખસી ગઇ, છતાં, મનમાં એક વસવસો રહી ગયો હોય છે કે... ઇચ્છા પૂરી ન થઇ...કહે છે ને કે બાયડી ન મળી એટલે બાવા થયા... એટલે જ્યારે જ્યારે ઇચ્છાની અપૂર્તિ યાદ આવે છે ત્યારે ત્યારે એક પ્રકારની પોતાની ન્યૂનતા– નિષ્ફળતા અનુભવવા રૂપ દુઃખ થાય છે.] બીજી રીતે થયેલો = સંસારવિષયક દ્વેષથી થયેલો ઇચ્છાવિચ્છેદ તેવો = દુઃખજનક હોતો નથી. [જેને ભવનૈર્ગુણ્યદર્શનથી દ્વેષ પેદા થયેલો છે એને તો પૂર્વે ઇચ્છાની અપૂર્તિ હોય ને એ યાદ આવે તો પણ, "સારું થયું એ ઇચ્છાની પૂર્તિ ન થઇ, નહીંતર વિષયો મળવા પર પાપ બંધાત ને પરિણામે ભયંકર દુઃખો વેઠવા પડત..." વગેરે વિચારધારા રહેવાથી દુઃખી થવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.]॥૨૨॥ [બીજા મોહગર્ભિતવૈરાગ્યની પ્રરૂપણા કરતા ગ્રન્થકાર કહે છે–]

[મોહગર્ભિત વૈરાગ્ય]

આત્માના એકાન્ત ગર્ભિત જ્ઞાનથી થયેલ ભવનૈર્ગુણ્યદર્શનથી લોકદૃષ્ટિએ પ્રશમયુક્ત જીવને બીજો વૈરાગ્ય થાય છે. એ વિદ્યમાન જ્વરના અનુદ્ભવ જેવો હોય છે. 'આત્મા સર્વથા નિત્ય (કૂટસ્થનિત્ય) છે' એવા કે 'આત્મા ક્ષણિક છે' આવા જ્ઞાનથી સંસારની નિર્ગુણતાનું જે દર્શન થાય છે તેનાથી આ મોહગર્ભિતવૈરાગ્ય પ્રગટે છે. દબાઇને યોગ્યતા રૂપે રહેલો હોય અને અત્યારે બહાર પોતાની અસર દેખાડતો ન હોય એવો જે પ્રગટ

शान्तस्यापि = प्रशमवतोऽपि लोकदृष्ट्या, द्वितीयं = मोहान्वितं वैराग्यं भवति। एतच्च सन् शक्त्या-ऽवस्थितो यो ज्वरस्तस्यानुदयो वेलाप्राक्काललक्षणस्तत्सन्निभं तेषां भवेत्, द्वेषजनितस्य वैराग्यस्योत्क-टत्वेऽपि मिथ्याज्ञानवासनाऽविच्छेदादपायप्रतिपातशक्तिसमन्वितत्वात्।।२३।।

स्याद्वादविद्यया ज्ञात्वा बद्धानां कष्टमङ्गिनाम्।
तृतीयं भवभीभाजां मोक्षोपायप्रवृत्तिमत्।।२४।।

स्याद्वादेति। स्याद्वादस्य = सकलनयसमूहात्मकवचनस्य विद्यया बद्धानामङ्गिनां कष्टं = दुःखं ज्ञात्वा भवभीभाजां = संसारभयवतां तृतीयं = ज्ञानान्वितं वैराग्यं भवति। तच्च मोक्षोपाये त्रिरत्नसाम्राज्यलक्षणे प्रवृत्तिमत् = प्रकृष्टवृत्त्युपहितम्।।२४।।

थवानी पूर्व अवस्थामां रहेलो ज्वर होय तेना जेवो ते એકान्तदर्शीओनो आ वैराग्य होय छे. भवनैर्गुण्यदर्शन होइ आ वैराग्य द्वेषजन्य होवाना कारणे उत्कट होय छे, तेम छतां मिथ्याज्ञाननी वासनानो विच्छेद थयो न होवाथी એ अपायनी अने प्रतिपातनी शक्तिथी (योग्यताथी) समन्वित होय छे. तेथी आ वैराग्य अंतर्हित ज्वरना अनुदय जेवो छे. [संसारनी निर्गुणता जोवाथी એनाथी छूटवुं छे. पण छूट्या बाद संसारनो पर्याय (विकल्प) शुं? तो के मोक्ष. पण आत्मा जो એकान्त नित्य होय के એकान्त अनित्य होय तो એनी संसार अने मोक्ष आवी बे भिन्न भिन्न अवस्था संभवती ज नथी आटली पण जाणकारी એने होती नथी. माटे એनो वैराग्य ज्ञानगर्भित कहेवातो नथी. वळी, आ भवनैर्गुण्यदर्शनजन्य वैराग्यथी એ जे मोक्ष माटे मथी रह्यो छे એ मोक्ष ज स्वमान्यतानुसारे घटी शकतो नथी. એटले अघटमान उद्देशजनक होवाथी એनो वैराग्य मोहगर्भित छे.

वळी आ वैराग्य उत्कट होवाना कारणे એ प्रबळता पूर्वक स्वमान्य साधनामार्गे वळे छे. ने એमां स्वमान्य ग्रन्थोनुं अध्ययन पण आवे ज. એटले उत्तरोत्तर प्रायः स्वमान्यतानो आग्रह तीव्र बनतो जवाना कारणे मिथ्यात्व गाढ बनतुं जाय छे. संसारभ्रमणनुं अने बधा दोषोनुं मूळ कारण होय तो એ प्रबळ मिथ्यात्व ज छे. એटले, विषयादिनी तत्काळ आसक्ति न होवाथी वैराग्य होवा छतां, काळान्तरे प्रबळ मिथ्यात्वना प्रभावे विषयासक्ति-क्रोधादि कषायो वगेरे दोषो उत्कट थता होय छे. એटले मोहगर्भितवैराग्यने अप्रगटपणे रहेला ज्वर जेवो कह्यो छे, तेमज अपाय-प्रतिपात शक्ति समन्वित कह्यो छे, कारणके ज्यारे विषयासक्ति वगेरे दोषो प्रकट अवस्था पामे छे त्यारे राग-द्वेष प्रवर्तवाथी वैराग्यनो प्रतिपात थइ जाय छे, ने रागादिना प्रभावे दुर्गति वगेरे अपाय ऊभा थाय छे.]॥२३॥ [हवे त्रीजा ज्ञानगर्भित वैराग्यनी प्ररूपणा ग्रन्थकार करे छे-]

[ज्ञानगर्भित वैराग्य]

कर्मथी बंधायेला जीवोना कष्टोने सकलनयसमूहात्मक वचन रूप स्याद्वाद विद्याथी जाणीने संसारथी भयभीत थयेला जीवोने त्रीजो ज्ञानान्वित वैराग्य होय छे. ते रत्नत्रयीना साम्राज्य रूप मोक्षना उपायना प्रकृष्ट वर्तनथी = आचरणाथी युक्त होय छे.॥२४॥ [त्रण वैराग्य कह्या. એमांथी साधु सामग्र्य कया वैराग्यथी संपन्न थाय छे ते हवे ग्रन्थकार जणावे छे–]

आ ज्ञानान्वित वैराग्यथी ज सामग्र्य संपन्न थाय छे. पूर्वना बे वैराग्यो क्यारेक गुणवान् गुरुना पारतंत्र्यथी स्वविनाशद्वारा आ ज्ञानान्वित वैराग्यनी प्राप्तिमां अंग = उपकारक बने छे. ज्ञान सहितनो वैराग्य अपायशक्तिनो (दुर्गतिवगेरेना दुःखो એ अपाय, એनी योग्यता એ अपायशक्ति, तेनो) प्रतिबंधक

सामग्र्यं स्यादनेनैव द्वयोस्तु स्वोपमर्दतः।
अत्राङ्गत्वं कदाचित्स्याद्गुणवत्पारतंत्र्यतः।।२५।।

सामग्र्यमिति। अनेनैव = ज्ञानान्वितवैराग्येणैव सामग्र्यं सर्वथा दुःखोच्छेदलक्षणं स्यात्, ज्ञानसहित-वैराग्यस्यापायशक्तिप्रतिवन्धकत्वात्। द्वयोस्तु = दुःखमोहान्वितवैराग्ययोः स्वोपमर्दतः = स्वविनाशद्वाराऽत्र = ज्ञानान्वितवैराग्येऽङ्गत्वं = उपकारकत्वं कदाचित् = शुभोदयदशायां स्यात्, गुणवतः पारतंत्र्यं = आज्ञावशवृत्तित्वं ततः, ज्ञानवत्पारतंत्र्यस्यापि फलतो ज्ञानत्वात्।।२५।। ननु गुणवत्पारतंत्र्यं विनापि भावशुद्ध्या वैराग्यसाफल्यं भविष्यतीत्यत आह–

भावशुद्धिरपि न्याय्या न मार्गाननुसारिणी।
अप्रज्ञाप्यस्य बालस्य विनैतत्स्वाग्रहात्मिका।।२६।।

भावेति। भावशुद्धिरपि = यमनियमादिना मनसोऽसंक्लिश्यमानताप्येतत् = गुणवत्पारतंत्र्यं विनाऽ-प्रज्ञाप्यस्य = गीतार्थोपदेशावधारणयोग्यतारहितस्य वालस्य =अज्ञानिनः स्वाग्रहात्मिका = शास्त्रश्रद्धाधि-

---

હોઇ સર્વથા દુઃખોચ્છેદ રૂપ સામગ્ર્ય લબ્ધસ્વરૂપ બને છે. [અથવા, વૈરાગ્યમાં રહેલી અપાયશક્તિ સર્વથા દુઃખોચ્છેદની પ્રતિબંધક છે. પણ વૈરાગ્યમાં ભળેલું જ્ઞાનગર્ભિતત્વ એ અપાયશક્તિનું પ્રતિબંધક છે. તેથી એ જ્ઞાનગર્ભિતત્વ અપાયશક્તિ સ્વરૂપ પ્રતિબંધકને દૂર કરી દેવાથી પ્રતિબંધકાભાવ સ્વરૂપ કારણ પણ હાજર થઇ જવાના કારણે સર્વથા દુઃખોચ્છેદની સંપૂર્ણકારણે સામગ્રી (= સામગ્ર્ય) નું સંપાદન થાય છે. આવો અર્થ કરવા માટે, વૃત્તિમાં જે દુઃખોચ્છેદલક્ષણં પાઠ છે તેના સ્થાને દુઃખોચ્છેદહેતુત્વલક્ષણં એવો પાઠ જોઇએ.] ક્યારેક એટલે કે જ્યારે શુભોદય થવાનો હોય તેવી દશામાં, ગુણવાન્ (ગીતાર્થ સંવિગ્ન) ગુરુની આજ્ઞાને વશ રહેવાથી, દુઃખગર્ભિત વૈરાગ્ય અને મોહગર્ભિત વૈરાગ્ય, જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં પરિણમે છે. આશય એ છે કે અકલ્પિત આકસ્મિક બનાવથી દુઃખગર્ભિત વૈરાગ્ય થયે કે અન્ય ધર્મના ઉપદેશથી મોહગર્ભિત વૈરાગ્ય થયે ગીતાર્થ સંવિગ્ન સદ્ગુરુનો યોગ થાય અને આદર પૂર્વક એમની આજ્ઞા મુજબ વર્તવાનું ચાલુ થાય તો એ વૈરાગ્ય જ્ઞાનાન્વિત વૈરાગ્ય બને છે, કેમકે જ્ઞાનવાન્ નું પારતંત્ર્ય પણ ફળતઃ જ્ઞાનરૂપ જ હોઇ તેઓમાં પણ જ્ઞાનનો યોગ થઇ જાય છે. જ્ઞાનનું ફલ હેય નિવૃત્તિ અને ઉપાદેય પ્રવૃત્તિ છે. ગુરુના આદેશ મુજબ વર્તવામાં આવે તો, ગુરુ હેયમાંથી નિવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિ કરાવતા જ હોવાથી જ્ઞાનનું એ ફળ પ્રાપ્ત થઇ જ જાય છે. માટે ગુરુ પારતન્ત્ર્ય એ ફલતઃ જ્ઞાન રૂપ છે.॥૨૫॥ ગુણવાન્ ગુરુનું પારતન્ત્ર્ય ન હોય તો પણ ભાવશુદ્ધિથી વૈરાગ્ય સફળ બની શકશે એવી શંકાનું સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે–

ગુણવાન્ ગુરુના પારતંત્ર્ય વિના, અપ્રજ્ઞાપનીય અજ્ઞ જીવની સ્વઆગ્રહાત્મક ભાવશુદ્ધિ પણ માર્ગને અનનુસારી હોઇ ન્યાયોપેત હોતી નથી યમ-નિયમ વગેરેથી થયેલી મનની અસંક્લિશ્યમાન અવસ્થા એ ભાવશુદ્ધિ છે. ગીતાર્થ મહાત્માના ઉપદેશનું અવધારણ કરવાની યોગ્યતા શૂન્ય જીવ એ અપ્રજ્ઞાપનીય છે. શાસ્ત્રની શ્રદ્ધા કરતાં ય અધિક સ્વકલ્પનાનો અભિનિવેશ હોવો એ સ્વઆગ્રહ છે. ગીતાર્થ ગુરુ જે કાંઇ પ્રવૃત્તિ કે નિવૃત્તિ કહે છે એ શાસ્ત્રાનુસારે કહે છે. એ મુજબ કરવાથી મારું હિત થશે આવી જે શ્રદ્ધા હોય છે. એના કરતાં જ્યારે પોતાની કલ્પનામાં કંઇક જુદું બેસે કે 'આ રીતે કરીશ તો મારું હિત થશે' ત્યારે મનમાં દ્વન્દ્વ ચાલે છે. ગુરુ વચન (શાસ્ત્ર વચન)મુજબ કરું કે મારી કલ્પનામાં બેસે છે એ મુજબ કરું? આમાંથી શાસ્ત્રશ્રદ્ધા નબળી

कस्वकल्पनाभिनिवेशमयी मार्गः = विशिष्टगुणस्थानावाप्तिप्रवणः स्वरसवाही जीवपरिणामस्तदननुसारिणी न न्याय्या। यदाह [अ. २२/१-२-३]-

भावशुद्धिरपि ज्ञेया यैषा मार्गानुसारिणी। प्रज्ञापनाप्रियात्यर्थं न पुनः स्वाग्रहात्मिका।।

रागो द्वेषश्च मोहश्च भावमालिन्यहेतवः। एतदुत्कर्षतो ज्ञेयो हन्तोत्कर्षोऽस्य तत्त्वतः।।

तथोत्कृष्टे जग(च स)त्यस्मिन्शुद्धिर्वै शब्दमात्रकम्। स्वबुद्धिकल्पनाशिल्पिनिर्मितं नार्थवद् भवेत्।।२६।।

मोहानुत्कर्षकृच्चैतदत एवापि शास्त्रवित्।
क्षमाश्रमणहस्तेनेत्याह सर्वेषु कर्मसु।।२७।।

मोहेति। एतद् = गुणवत्पारतंत्र्यं च मोहानुत्कर्षकृत् = स्वाग्रहहेतुमोहापकर्षनिवन्धनं, तदाह-

न मोहोद्रिक्तताभावे स्वाग्रहो जायते क्वचित्। गुणवत्पारतंत्र्यं हि तदनुत्कर्षसाधनम्।। [अ. २२/८]

अत एव = गुणवत्पारतंत्र्यस्य मोहानुत्कर्षकृत्त्वादेव शास्त्रविदपि = आगमज्ञोऽपि सर्वेषु कर्मषु = दीक्षादानोद्देशसमुद्देशादिषु 'क्षमाश्रमणहस्तेने'त्याह, इत्थमभिलापस्य भावतो गुणपारतंत्र्यहेतुत्वात्, तस्य च मोहापकर्षद्वाराऽतिचारशोधकत्वात्। तदाह [२२/५]-

अत एवागमज्ञोऽपि दीक्षादानादिषु ध्रुवम्। क्षमाश्रमणहस्तेनेत्याह सर्वेषु कर्मसु।।२७।।

હોય અને સ્વકલ્પનાનો અભિનિવેશ હોય તો સ્વકલ્પનાનો વિજય થાય છે અને ગુરુ પારતન્ત્ર્ય વેગળું મૂકાય છે. એટલે ગુરુ પારતંત્ર્ય વિના કરવામાં આવતા યમનિયમાદિથી થયેલ પરિણતિ સ્વઆગ્રહાત્મક છે. સ્વકલ્પનાને છોડીને ગીતાર્થના ઉપદેશને સ્વીકારવા એ તૈયાર હોતો નથી. માટે અપ્રજ્ઞાપનીય છે. આના પરથી જણાય છે કે એને અભિનિવેશ છે. વિશિષ્ટગુણઠાણાની પ્રાપ્તિ કરાવી આપવામાં કુશળ એવો સ્વરસવાહી જીવપરિણામ એ માર્ગ છે. સ્વાગ્રહાત્મક તે શુદ્ધિ આવા માર્ગને અનુસરનારી ન હોઇ ઉચિત નથી. અષ્ટક ૨૨/૧-૨-૩ માં કહ્યું છે કે "ભાવશુદ્ધિ પણ તેને જાણવી જે માર્ગાનુસારિણી હોય, જેમાં પ્રજ્ઞાપના = આગમાર્થ ઉપદેશ અત્યંત વહાલો હોય તેમજ જે સ્વાગ્રહાત્મક ન હોય. રાગ, દ્વેષ અને મોહ આ ત્રણ ભાવને મલિન કરનારા હેતુઓ છે. આ ત્રણના ઉત્કર્ષથી પરમાર્થથી આ ભાવ માલિન્યનો ઉત્કર્ષ થાય છે એ જાણવું. આ = ભાવમાલિન્ય ઉત્કૃષ્ટ હોય તો ભાવની શુદ્ધિ તો માત્ર બોલવાની જ રહે છે. સ્વબુદ્ધિકલ્પના રૂપ શિલ્પથી જેનું નિર્માણ થયું હોય તે અર્થયુક્ત બનતું નથી."॥૨૬॥ ગુણવાન્નું પારતંત્ર્ય શું લાભ કરે છે એની સહેતુક ગ્રન્થકાર વાત કરે છે.

[ગુણવત્પારતન્ત્ર્યની આવશ્યકતા]

આ ગુણવત્પારતંત્ર્ય મોહને પાતળો કરે છે. તેથી જ શાસ્ત્રજ્ઞ પણ સર્વ ક્રિયાઓમાં 'ક્ષમાશ્રમણના હાથે' એમ કહે છે. ગુણવત્પારતંત્ર્ય સ્વાગ્રહના હેતુભૂત મોહનો અપકર્ષ કરનાર છે. આ બાબતે અષ્ટક (૨૨/૪) માં કહ્યું છે કે 'મોહના ઉદ્રેકનો અભાવ હોય તો કોઇ પણ વસ્તુ અંગે સ્વાગ્રહ થતો નથી. ગુણવત્પારતંત્ર્ય મોહનો અનુત્કર્ષ કરનાર સાધન છે." આમ ગુણવત્પારતંત્ર્ય મોહને પાતળો કરનાર હોવાથી જ શાસ્ત્રના જાણકાર પણ દીક્ષા પ્રદાન, ઉદ્દેશ, સમુદ્દેશ વગેરેમાં 'खमासमणाणं हत्थेणं' એ પ્રમાણે કહે છે. 'ક્ષમાશ્રમણના હાથે' આવું કથન ભાવથી ગુરુપારતંત્ર્યના કારણભૂત છે જે ગુરુ પારતંત્ર્ય મોહનો અપકર્ષ કરવા દ્વારા અતિચારશોધક છે. અષ્ટક (૨૨/૫) માં કહ્યું છે કે "ગુણવત્પારતંત્ર્ય મોહાનુત્કર્ષસાધક છે એ કારણે જ આગમવિશારદ પણ

यस्तु नान्यगुणान् वेद न वा स्वगुणदोषवित्।
स एवैतन्नाद्रियते न त्वासन्नमहोदयः।।२८।।

यस्त्विति। व्यक्तः।।२८।।

गुणवद्बहुमानाद्यः कुर्यात्प्रवचनोन्नतिम्।
अन्येषां दर्शनोत्पत्तेस्तस्य स्यादुन्नतिः परा।।२९।।

गुणवदिति। गुणवतां = ज्ञानादिगुणशालिनां वहुमानाद्यः प्रवचनस्योन्नतिं = वहुजनश्लाघां कुर्यात्तस्य स्वतोऽन्येषां दर्शनोत्पत्तेः परा तीर्थकरत्वादिलक्षणोन्नतिः स्यात्, कारणानुरूपत्वात्कार्यस्य। तदाह [अ. २३/३-४]–

यस्तून्नतो यथाशक्ति सोऽपि सम्यक्त्वहेतुताम्। अन्येषां प्रतिपद्येह तदेवाप्नोत्यनुत्तमम्।।
प्रक्षीणतीव्रसङ्क्लेशं प्रशमादिगुणान्वितम्। निमित्तं सर्वसौख्यानां तथा सिद्धिसुखावहम्।।२९।।

दीक्षाप्रदानादि सर्व क्रियाओमां 'क्षमाश्रमणहस्तेन' એम अवश्य बोले छे."॥२७॥ [गुरुपारतन्त्र्यने कोण आदरे छे अने कोण नथी आदरतुं એ ग्रन्थकार જणावे छे–]

अन्यना गुणोने જे જाणतो नथी, अथवा स्वगुण-दोषोने જे જाणतो नथी ते જ आ गुरुपारतन्त्र्यने आदरतो नथी, नहीं के आसन्न महोदय જीव. (गुणवान् गुरुना गीतार्थता-संविग्नता-शिष्यादि प्रत्येनी ઉછળती करुणा वगेरे गुणोने જेणे पिछाण्या छे, तथा स्वकीय गुणदोषने नीरખीने पोते केटला पाणीमां छे એवुं જाणवा द्वारा स्वतंत्रपणे स्वात्महित साधवा माटेनुं स्वकीय असामर्थ्य જेणे निहाળ्युं छे એ गुरुपारतन्त्र्य स्वीकारे જ.) જेनो महोदय नજીકमां छे तेवा જीवो तो आ गुरुपारतन्त्र्यने अवश्य आदरे छे.॥२८॥ [गुणवान्नी आज्ञानुं पालन करवाथी गुणवान् पर बहुमान प्रगट थाय छे. आ बहुमानथी शुं लाभ थाय छे એ ग्रन्थकार જणावे छे–]

ज्ञानादिगुणयुक्त गुरुना बहुमानथी જे प्रवचननी ઉन्नति करे छे तेनी, स्वयंने अने अन्यने सम्यक्दर्शननी प्राप्ति थवाना कारणे तीर्थंकरપणुं वगेरे રૂપ प्रકृष्ट ઉन्नति थाय छे, केमके कार्य कारणने अनुરૂપ होय छे. એटले के प्रवचनोन्नति એ જो कारण छे तो એनाथी स्वने अनुરૂપ ઉत्कृष्ट ઉन्नतिરૂપ कार्य थाय छे. गुणवान्ना थता बहुमानने જोઇने लोको 'आ प्रवचन केवुं सुंदर छे के गुणवानोनुं आवुं बहुमान थाय छे' ઇत्यादि प्रवचननी श्लाघा करे छे. आ श्लाघा જ प्रवचननी ઉन्नति રૂપ छे, केमके એनाथी એ श्लाघा करनारा लोकोमां बीજ પડी જवाथी तेओने पण प्रवचननी प्राप्ति थवाना कारणे प्रवचननो फेलावो थाय छे. अष्टक २३/३-४ मां कह्युं छे के "જे જीव प्रवचननी ઉन्नति माटे यथाशक्ति ઉद्यम करे छे ते पण अन्यजीवो ने सम्यक्त्वप्राप्तिमां कारण बनीने ते अनुत्तर सम्यक्त्वने જ प्राप्त करे छे. જे सम्यक्त्व तीव्रसंक्लेश विनानुं होय छे, प्रशमादिगुणोथी युक्त होय छे, सर्वसुखोना निमित्तभूत छे तेमज सिद्धि सुखने लावी आपनारुं छे."॥२९॥ [गुणवान्ना बहुमानादि द्वारा प्रवचननी ઉन्नति करवाने बदले गुणवान्नी निंदा वगेरे द्वारा જे प्रवचननी अवनति करे छे ते शुं पामे छे? એ ग्रन्थकार જणावे छे–]

જेनाथी प्रवचननी हीलना थाय એवा कार्यमां जे अनाભोगथी पण प्रवृत्त थाय छे ते महा अनर्थना कारणभूत मिथ्यात्वने ઉपार्जे छे. गुणवान्नी निंदा वगेरे लोकविरुद्ध छे. એनाथी प्रवचननो ઉपघात थाय

यस्तु शासनमालिन्येऽनाभोगेनापि वर्तते।
बध्नाति स तु मिथ्यात्वं महानर्थनिबन्धनम्।।३०।।

यस्त्विति। यस्तु शासनमालिन्ये = लोकविरुद्धगुणवन्निन्दादिना प्रवचनोपघातेऽनाभोगेनापि = अज्ञानेनापि वर्तते स तु शासनमालिन्योत्पादनावसरे एव मिथ्यात्वोदयान्महानर्थनिवन्धनं = दुरन्तसंसारकान्तारपरिभ्रमणकारणं मिथ्यात्वं वध्नाति, यदाह [अ. २३/१-२]–

यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्तते। स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिनां ध्रुवम्।।
वध्नात्यपि तदेवालं परं संसारकारणम्। विपाकदारुणं घोरं सर्वानर्थनिवन्धनम्।।३०।।

स्वेच्छाचारे च बालानां मालिन्यं मार्गबाधया।
गुणानां तेन सामग्र्यं गुणवत्पारतंत्र्यतः।।३१।।

स्वेच्छेति। वालानां = अज्ञानिनां स्वेच्छाचारे च सति मार्गस्य वाधया = 'अप्रधानपुरुषोऽयं जैनानां मार्गः' इत्येवं जनप्रवादरूपया मालिन्यं भवति मार्गस्य, तेन हेतुना गुणवत्पारतंत्र्यत एव गुणानां = ज्ञानादीनां सामग्र्यं = पूर्णत्वं भवति।।३१।।

इत्थं विज्ञाय मतिमान् यतिर्गीतार्थसंगकृत्।
त्रिधा शुद्ध्याचरन् धर्मं परमानन्दमश्नुते।।३२।।

इत्थमिति। स्पष्टः।।३२।।

।। इति साधुसामग्र्यद्वात्रिंशिका ।।

છે. [ગુણવાન્ ગુરુની નિંદા વગેરે જોઇને લોકો 'આ જૈનધર્મ કેવો છે? કે ગુણવાન્ની પણ એમાં નિંદા વગેરે કરાય છે' ઇત્યાદિ રૂપ પ્રવચનની નિંદા કરે છે જે પ્રવચનની મલિનતા-હીલના રૂપ છે.] આવી હીલના કરનારો એ જ વખતે એને મિથ્યાત્વનો ઉદય થતો હોવાથી દુરંત સંસાર કાંતારમાં પરિભ્રમણ રૂપ મહાઅનર્થના કારણભૂત મિથ્યાત્વને બાંધે છે. અષ્ટક ૨૩/૧-૨ માં કહ્યું છે કે "જે સાધુ વગેરે લોકવિરુદ્ધ આચરણ દ્વારા શાસનની મલિનતા કરવામાં અનાભોગથી પણ પ્રવૃત્ત થાય છે તે નિયમા અન્ય જીવોના મિથ્યાત્વમાં નિમિત્ત બનવાથી તે મિથ્યાત્વને જ બાંધે છે જે મિથ્યાત્વ સંસારનું પ્રબળ કારણ છે. દારુણ વિપાકવાળું છે, ઘોર = ભયાનક છે, તેમજ સર્વ અનર્થોને વધારનારું છે."॥૩૦॥ [ગુણવાન્નું પારતંત્ર્ય ન હોય તો આવું કટુફળવાળું શાસનમાલિન્ય થાય છે એ ગ્રન્થકાર જણાવે છે–]

બાળ = અજ્ઞ જીવો = અગીતાર્થો ગુણવાન્ ગુરુનું પારતંત્ર્ય ફગાવી દઇ સ્વેચ્છાચાર પ્રવર્તાવે તો 'આ જૈનોનો ધર્મ પ્રધાનપુરુષ (નાયક) વિનાનો છે' ઇત્યાદિ રૂપે લોકોમાં થતી ધર્મનિંદાથી મોક્ષમાર્ગની મલિનતા થાય છે જે મિથ્યાત્વને તાણી લાવે છે. તેથી ગુણવત્પારતંત્ર્યથી જ જ્ઞાનાદિ ગુણોનું સામગ્ર્ય = પૂર્ણત્વ સંપન્ન થાય છે.॥૩૧॥ [બત્રીશીનો ઉપસંહાર કરતા ગ્રન્થકાર કહે છે–]

આ બધી બાબતોને જાણીને બુદ્ધિમાન્ સાધુ ગીતાર્થનો (નિશ્રા રૂપ) સંગ કરે છે (આનાથી ગુણવત્પારતંત્ર્ય સૂચવ્યું) અને જ્ઞાન, ભિક્ષા તેમજ વૈરાગ્ય એમ ત્રણ પ્રકારે શુદ્ધિથી ધર્મને આચરે છે. આ પ્રમાણે ગીતાર્થનો સંગ કરતો અને શુદ્ધિથી ધર્મને આચરતો તે પરમાનન્દને પ્રાપ્ત કરે છે.॥૩૨॥

[સાધુ સામગ્ર્યદ્વાત્રિંશિકા અંગે કંઇક વિશેષ]

આ બત્રીશીમાં સામગ્ર્યના સંપાદન માટે તત્ત્વસંવેદન, સર્વ સંપત્કરી ભિક્ષા અને જ્ઞાનગર્ભિતવૈરાગ્ય આ ત્રણ વાતો આવશ્યક બતાવી છે.

આમાં પ્રથમ **તત્ત્વસંવેદન**– આઠમી ગાથાની વૃત્તિમાં તત્ત્વસંવેદનનો સંસ્કારરૂપ સંબંધ આવશ્યક કહ્યો છે. આ સંસ્કારરૂપ સંબંધ એટલે શું? એ વિચારીએ–

તત્ત્વસંવેદનમાં બે બાબતો છે - તત્ત્વનો બોધ (= હેય- ઉપાદેયનો યથાર્થ વિવેક કરી આપતો બોધ) ને એ બોધને અનુરૂપ નિવૃત્તિ-પ્રવૃત્તિ. આમાંથી, તત્ત્વબોધના સંસ્કાર એટલે, કોઇપણ સર્વજ્ઞોક્ત સૂક્ષ્મ બાબતો પોતાની બુદ્ધિમાં ન બેસે કે કોઇપણ બાબત અંગે અન્યાન્ય શાસ્ત્રમાં ભિન્ન ભિન્ન પ્રકારનું નિરૂપણ મળે કે કોઇ બાબતમાં શાસ્ત્રીય નિરૂપણ કરતાં પોતાના અનુભવ અલગ પડે... આવા બધા પ્રસંગોએ સર્વજ્ઞવચનોમાં શંકા પડવાની સંભાવના પણ ન રહે... મારો ક્ષયોપશમ મન્દ છે. માટે મને બેસતું નથી - જેમણે રાગ-દ્વેષ-અજ્ઞાન સ્વરૂપ અસત્યનાં ત્રણ કારણો દૂર કરી નાખ્યા છે એમના વચનોમાં અન્યથાત્વ હોય નહીં...तमेव तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं... વગેરે વિચારણાઓથી, તેમજ સન્મતિતર્ક વગેરે દર્શનગ્રન્થો, છેદગ્રન્થો, વિપુલ કર્મસાહિત્ય વગેરેના સહૃદયતાથી કરેલા એવા અધ્યયનાદિ કે જેના દ્વારા દિલમાંથી અવાજ ઊઠવા માંડે કે સર્વજ્ઞ સિવાય આવું નિરૂપણ કોઇ કરી શકે નહીં... આવા અધ્યયનાદિથી એવો ક્ષયોપશમ પ્રગટવો કે જેથી અન્યને જ્યાં શંકા પડવાની કે વિપરીત બોધ થવાની સંભાવના હોય ત્યાં પણ એવી સંભાવના ન રહે... ને સીધું પ્રભુના વચનોમાં તો ક્યાંય ગરબડ હોય નહીં. મારી સમજમાં ફેર હોય શકે... આ વિચાર જ સ્ફુરે... આવી ભૂમિકા થઇ હોય એ યથાર્થજ્ઞાનનો સંસ્કાર રૂપ સંબંધ થયો કહેવાય. એમ ડગલે ને પગલે પોતાની તે તે પ્રવૃત્તિનું આ હેય કે ઉપાદેય છે? એનું વિભાજન થયા કરવું... આ પણ એનો સંસ્કારરૂપ સંબંધ થયો કહેવાય. નહીંતર ક્યારેક શાસ્ત્રવચનોના એકાગ્ર ઉપયોગકાળે વાસ્તવિક શ્રદ્ધા કે હેય-ઉપાદેયનો યથાર્થ બોધ હોય, પણ જેવો એ ઉપયોગ છૂટ્યો કે પાછી કોઇપણ પ્રકારની ગરબડની શક્યતા... આવી અવસ્થા એ યથાર્થબોધનો સંસ્કારરૂપ સંબંધ નથી. ને તેથી એ ક્યારેય પણ દગો દઇ દે... તેથી સામગ્રીની પૂર્ણતા થાય નહીં.

હવે બોધાનુરૂપ પ્રવૃત્તિના સંસ્કારનો વિચાર કરીએ –

ત્યાજ્ય પ્રવૃત્તિથી વિરમવાના એવા સંસ્કાર (= લબ્ધિ = ક્ષયોપશમ) ઊભા થવા જોઇએ કે જેથી સ્વપ્નમાં પણ વિપરીત પરિસ્થિતિ ઉપસ્થિત થાય તો અટકી જવાનું થાય. જેમકે પ્રથમ અહિંસા મહાવ્રતનું પચ્ચક્ખાણ જો આવા સંસ્કાર ઊભા કરવામાં સમર્થ બન્યું હોય તો રાત્રે સ્વપ્નમાં પોતે કશે જઇ રહ્યા હોય ને વચ્ચે પાણીનો રેલો આવ્યો... તો તરત પગ અટકી જાય... સ્વપ્નમાં રેલવે વગેરે દેખાય ને એમાં પોતે બેસ્યા આવું જોવા મળે તો સમજવું કે આવશ્યક સંસ્કાર ઊભા થયા નથી. એમ જાગ્રત અવસ્થામાં પણ જ્યારે જ્યારે મહાવ્રત વિરોધી પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે ત્યારે સાવધાની આવે ને એનાથી અટકવાનું થાય તો સંસ્કારરૂપ સંબંધ થયો કહેવાય. જો સાવધાની આવી જાય કે આ પ્રવૃત્તિ મારા સંયમ-મહાવ્રત-સમાચારી વગેરેની વિરુદ્ધ છે ને છતાં ય પ્રમાદાદિવશ એ પ્રવૃત્તિ થાય તો તત્ત્વબોધના સંસ્કાર છે પણ તદનુરૂપ આચરણના સંસ્કાર નથી ને તેથી તત્ત્વસંવેદનનો સંસ્કારરૂપ સંબંધ નથી એ જાણવું... ને જો એવી વિપરીત પ્રવૃત્તિ વખતે, આ પ્રવૃત્તિ 'મારે ન કરાય - ત્યાજ્ય છે - મારા વ્રતવિરોધી છે' આવી કોઇ સાવધાની પણ ન આવે તો સમજવું કે તત્ત્વબોધનો પણ સંસ્કાર સ્વરૂપ સંબંધ થયો નથી. સાવધાની આવવા છતાં પ્રમાદાદિવશ વિપરીત આચરણ એકવાર કર્યું.. બીજીવાર કર્યું.. ત્રીજીવાર કર્યું.. એમ વારંવાર કરવાથી પછી સાવધાની આવવી પણ બંધ થઇ જવાની શક્યતા

ઊભી થાય છે. જો એ બંધ થઇ જાય તો તત્ત્વબોધનો સંસ્કાર નષ્ટ થઇ ગયો એમ સમજવું જોઇએ.

જેમ હેયની નિવૃત્તિ માટે કહ્યું એમ ઉપાદેયની પ્રવૃત્તિ અંગે જાણવું... દિવસ દરમ્યાન હલન-ચલન વખતે પૂંજવા-પ્રમાર્જવાનો એવો અભ્યાસ પડ્યો હોય કે જેથી રાત્રે નિદ્રામાં પણ પડખું ફેરવવાના અવસરે સંસ્કારવશાત્ રજોહરણથી પ્રમાર્જન થઇ જાય... સ્વપ્નમાં પણ બોલવાનો પ્રસંગ આવે તો મુહપત્તિ મુખ આગળ આવી જાય... કોઇ એવી ગાઢ બિમારીમાં હાથ પગ હલાવી શકાય એમ ન હોય તો પણ બોલતી વખતે મુહપત્તી મુખ પાસે લઇ જવાનો ખ્યાલ રહ્યા કરે ને નથી લઇ જવાતી એનો ડંખ રહે તો તત્ત્વસંવેદનનો સંસ્કાર રૂપ સંબંધ છે એમ જાણવું. આ બાબતમાં પણ હેયવત્ જાણવું. એટલે કે જાગ્રત અવસ્થામાં પણ બારી વાસતાં-ઉઘાડતાં પૂંજવાનું, એમ બોલતી વખતે મુહપત્તી મુખ પાસે લઇ જવાનું વગેરે યાદ આવે તો તત્ત્વબોધનો સંસ્કાર રૂપ સંબંધ છે ને એ વખતે પૂંજવું વગેરે પણ અચૂક થાય તો તત્ત્વસંવેદનનો સંસ્કારાત્મક સંબંધ થયેલો નિશ્ચિત કરી શકાય.

પાક્ષિકસૂત્રમાં "अबोहियाએ-અનભિગમેણં - અભિગમેણ વા પમાએણ" આ જે પદો છે તે આનું સૂચન કરનારા લાગે છે. રોજિંદા જીવનમાં ઉપસ્થિત થતી પરિસ્થિતિઓમાં કેવી પ્રવૃત્તિ ત્યાજ્ય છે ને કેવી ઉપાદેય એનો શાસ્ત્રવચનાદિને અનુસરીને નિર્ણય કરી રાખ્યો હોય તો એ બોધ કહેવાય છે. રોજ અનેકશઃ કરેમિભંતે બોલતા છતાં, તે તે પરિસ્થિતિમાં મારા કેવા કેવા આચાર-વિચાર ને ઉચ્ચાર સામાયિકને અનુકૂળ છે ને કેવા કેવા આચારાદિ સામાયિકને પ્રતિકૂળ છે આ બાબતનો કોઇ વિચાર જ ન કર્યો હોય, સર્વજ્ઞવચનો-અનુભવીઓના અનુભવો વગેરેને આધારે એનું વિભાજન જ ન કર્યું હોય, તો 'મારે સાવદ્ય પ્રવૃત્તિઓના પચ્ચક્ખાણ છે' આવો ખ્યાલ હોવા છતાં સાવદ્યપ્રવૃત્તિ જ થઇ રહી હોવાની પૂર્ણ સંભાવના રહે છે. આવું વિભાજન કર્યું ન હોવું એ અબોધ કહેવાય છે. ગીતાર્થ ગુરુની નિશ્રાએ રહેલા અગીતાર્થને સ્વયં આવી જાણકારી ન હોવા છતાં, દરેક વખતે ગુરુ દ્વારા હેય-ઉપાદેયનું માર્ગદર્શન મળી રહેતું હોવાથી ફળતઃ એ હોય જ છે. તેથી જ ગ્રન્થકારે પણ ગુરુપારતન્ત્ર્યને જ્ઞાન રૂપે કહી દીધું છે.

ઉક્તબોધ કર્યો હોવા છતાં તે તે પ્રવૃત્તિકાળે એ બોધ જો ઉપયોગરૂપે સ્ફુરે નહીં કે 'આ મારા વ્રતને વિરોધી છે ને તેથી અકર્તવ્ય છે' તો અનભિગમ જાણવો. આવી અવસ્થામાં તત્ત્વબોધનો સંસ્કારરૂપ સંબંધ માની શકાય નહીં. પ્રતિકૂળ પ્રવૃત્તિ કરવાનો અવસર આવે ત્યારે તૂર્ત 'આ મારે ત્યાજ્ય છે' એવો ઉપયોગ આવી જાય તો એ 'અભિગમ' કહેવાય. આ તત્ત્વબોધનો સંસ્કારરૂપ સંબંધ થયો કહેવાય. આવો ઉપયોગ સ્ફુરવા છતાં, પ્રમાદ હોય તો પ્રતિકૂળ પ્રવૃત્તિ થઇ જાય છે. આવી અવસ્થા એ તત્ત્વબોધ હોવા છતાં તત્ત્વસંવેદનનો સંસ્કારરૂપ સંબંધ નથી એમ સમજવું.

अण्णे पुग्गलभावा अण्णो एगो य नाणमित्तोहं।
सुद्धो एस वियप्पो अविअप्पसमाहिसंजणओ।।९९।। धर्मपरीक्षा ।।

અર્થ : "પુદ્ગલના પરિણામો મારા કરતાં જુદા છે. ઉપયોગમાત્ર સ્વભાવવાળો હોવાના કારણે હું પૌદ્ગલિકભાવોથી જુદો છું અને એક છું." આવો શુદ્ધ વિકલ્પ એ અવિકલ્પસમાધિનો સમ્યક્ પ્રકારે જનક છે.

।। अथ धर्मव्यवस्थाद्वात्रिंशिका ।।७।।

साधुसामग्र्यं धर्मव्यवस्थया निर्वाह्यत इतीयमत्राभिधीयते–

भक्ष्याभक्ष्यविवेकाच्च गम्यागम्यविवेकतः।
तपोदयाविशेषाच्च स धर्मो व्यवतिष्ठते।।१।।

भक्ष्येति। व्यक्तः (स्पष्टः)।।१।।

भक्ष्यं मांसमपि प्राह कश्चित्प्राण्यङ्गभावतः।
ओदनादिवदित्येवमनुमानपुरःसरम्।।२।।

भक्ष्यमिति। मांसादिकमभक्ष्यमोदनादिकं च भक्ष्यमिति सकलशिष्टजनप्रसिद्धा व्यवस्था। तत्र कश्चित् = **सौगतो** 'मांसमपि भक्ष्यं प्राण्यङ्गभावतः = प्राण्यङ्गत्वात्, न चायमसिद्धो हेतुः, मांसस्य प्राण्यङ्गतायाः प्रत्यक्षसिद्धत्वात्, ओदनादिवत्। न चात्र दृष्टान्ते हेतुवैकल्यं, ओदनस्यैकेन्द्रियप्राण्यङ्गत्वेन प्रतीतत्वात्' इत्येवमनुमानपुरःसरं प्राह।।२।।

ભક્ષ્યાભક્ષ્યના વિવેકથી, ગમ્યાગમ્યના વિવેકથી, વિશેષ પ્રકારના તપથી અને વિશેષ પ્રકારની દયાથી તે ધર્મની (ધર્મને ત્રિધા શુદ્ધિથી આચરતો જીવ પરમાનંદ પામે છે એ વાત છઠ્ઠી બત્રીશીના બત્રીશમા શ્લોકમાં જે ધર્મ માટે કહી છે તે ધર્મની) વ્યવસ્થા થયેલી છે. [પ્રસ્તુત બત્રીશીમાં આવનારા અધિકારોનો આ પ્રથમ ગાથાથી નિર્દેશ કરેલો છે. તે આ રીતે - 'ભક્ષ્યાભક્ષ્યનો વિવેક' અંશથી માંસભક્ષ્યત્વવાદી બૌદ્ધ અને દ્વિજના (અનુક્રમે શ્લોક ૨ થી૮, ૯ થી ૧૬) તેમજ મદ્યપાનવાદીના [શ્લોક. ૧૭] નિરાકરણનો ઉલ્લેખ કર્યો છે. 'ગમ્યાગમ્યવિવેક' અંશથી મૈથુનની નિર્દોષતા જણાવનારના (શ્લોક ૧૮ થી ૨૩) તેમજ ગમ્યાગમ્યનો ભેદ ન માનનારા મંડલતંત્રવાદીના (શ્લોક ૨૪) નિરાકરણનો નિર્દેશ કર્યો છે. 'તપ'થી તપને ન આદરનારા બૌદ્ધના નિરાકરણનો (શ્લોક ૨૫-૨૬) નિર્દેશ કર્યો છે. 'દયાવિશેષ'થી તાપસાદિથી પળાતી લૌકિક દયાની અનિષ્ટતાના અને લોકોત્તર દયાની ઇષ્ટતાના પ્રતિપાદનનો (શ્લોક ૨૭ થી ૩૧) નિર્દેશ કર્યો છે.]॥૧॥ [ભક્ષ્યાભક્ષ્યનો વિવેક દેખાડવા માટે, અભક્ષ્ય એવા પણ માંસને ભક્ષ્ય માનનારા બૌદ્ધનું નિરાકરણ કરવા સૌ પ્રથમ એનો મત દેખાડે છે–]

[માંસમાં ભક્ષ્યતાસાધક બૌદ્ધ અનુમાન]

કો'ક = બૌદ્ધ 'માંસ પણ ભક્ષ્ય છે, કેમકે પ્રાણીનું અંગ છે, જેમકે ભાત વગેરે' એવા અનુમાન પૂર્વક માંસને ભક્ષ્ય કહે છે. સકલ શિષ્ટલોકોમાં 'માંસ વગેરે અભક્ષ્ય છે અને ભાત વગેરે ભક્ષ્ય છે' એવી વ્યવસ્થા પ્રસિદ્ધ છે. એ અંગે બૌદ્ધ ઉપરોક્ત અનુમાન પૂર્વક માંસને ભક્ષ્ય કહે છે. વળી આ અનુમાનની નિર્દોષતા સિદ્ધ કરવા માટે એ કહે છે કે 'પ્રાણ્યંગત્વ' હેતુ (સ્વરૂપ) અસિદ્ધ નથી, કેમકે માંસ પ્રાણ્યંગ હોવું પ્રત્યક્ષસિદ્ધ છે. 'ભાત વગેરે' રૂપ દૃષ્ટાન્તમાં હેતુવિકલતા નથી, કેમકે ભાત એકેન્દ્રિય પ્રાણીના અંગ તરીકે પ્રતીત છે.॥૨॥ [બૌદ્ધોક્ત આ અનુમાનને વિકલ્પો કરીને દૂષિત ઠેરવતા ગ્રન્થકાર કહે છે–]

આ અનુમાન જો સ્વતંત્રસાધન હોય તો દૃષ્ટાન્તદોષના કારણે અયોગ્ય છે. જો એ પ્રસંગસાધન હોય તો પણ વ્યવસ્થા બાધક હોઇ એ અયોગ્ય છે.

स्वतंत्रसाधनत्वेऽदोऽयुक्तं दृष्टान्तदोषतः।
प्रसङ्गसाधनत्वेऽपि बाधकत्वाद् व्यवस्थितेः।।३।।

स्वतंत्रेति। अदः = सौगतोक्तमेतदनुमानं स्वतंत्रसाधनत्वे दृष्टान्तदोषतः = दृष्टान्तस्य साधनवैकल्यादयुक्तं, वनस्पत्याद्येकेन्द्रियाणां बौद्धस्य प्राणित्वेनासिद्धत्वात्; प्रसङ्गसाधनत्वेऽपि = विकल्पसिद्धदृष्टान्ताद्युपादानेन परमतदूषणमात्रपर्यवसितहेतुत्वेऽपि अदोऽयुक्तं, व्यवस्थितेः = लोकागमसिद्धभक्ष्याभक्ष्यव्यवस्थाया बाधकत्वात्, प्राण्यङ्गत्वमात्रस्य भक्ष्यत्वाप्रयोजकत्वात्, न हि शक्यभक्षणकत्वमेव भक्ष्यत्वं, किं

જે અનુમાન સ્વઅભિપ્રેત બાબતની સિદ્ધિ માટે સ્વતંત્ર રીતે કરવામાં આવતું હોય છે તે સ્વતંત્રસાધન કહેવાય છે. [જેમકે 'પ્રર્વતો વલ્નિમાન્ ધૂમાત્']. જે અનુમાન સ્વઅનભિપ્રેત-પરઅભિપ્રેત બાબતનું નિરાકરણ કરવા એ પરઅભિપ્રેત બાબતમાં અતિપ્રસંગ દેખાડવા માટે કરાતું હોય તે પ્રસંગસાધન કહેવાય છે. જેમકે શ્વેતાંબરોને ધર્મોપકરણની ત્યાજ્યતા અનભિપ્રેત છે જે દિગંબરોને અભિપ્રેત છે. એ માટે દિગંબરો આવું અનુમાન આપે છે કે 'વસ્ત્રાદિ ત્યાજ્ય છે, કેમકે મૂર્ચ્છાના હેતુભૂત છે, જેમકે ધન વગેરે.' આ અનુમાનનું નિરાકરણ કરવા શ્વેતાંબરો, દિગંબરોને આપત્તિ આપે કે આ રીતે તો તમારે દીક્ષા લેવા માત્રથી આહારાદિ ત્યાજ્ય બની જશે, તે આ અનુમાનથી - 'આહારાદિ ત્યાજ્ય છે, કેમ કે મૂર્ચ્છાના હેતુભૂત છે, જેમકે ધન વગેરે' શ્વેતાંબરોએ આપેલું આ અનુમાન પ્રસંગસાધન કહેવાય. સ્વતંત્રસાધન અનુમાનમાં હેતુ સ્વમતે સિદ્ધ હોવો જ જોઇએ, જ્યારે પ્રસંગ સાધન અનુમાનમાં તે પરમતે સિદ્ધ હોવો જ જોઇએ, આટલી વિશેષતા જાણવી.

[એ અનુમાનમાં ઉભયથા દોષ]

બૌદ્ધોક્ત અનુમાન જો સ્વતંત્ર સાધન હોય તો એમાં દેખાડેલું ભાત વગેરે દૃષ્ટાન્ત દોષયુક્ત હોઇ એ અનુમાન અયોગ્ય છે. બૌદ્ધો વનસ્પતિ વગેરે એકેન્દ્રિયને પ્રાણી માનતા ન હોવાથી તેઓના મતે ભાતમાં પ્રાણ્યંગત્વ રૂપ હેતુ રહ્યો નથી. માટે એ સાધનવૈકલ્ય દોષયુક્ત છે. વિકલ્પસિદ્ધ દૃષ્ટાન્ત વગેરેનું ઉપાદાન કરીને પરમતને દૂષિત ઠેરવવા માત્ર માટે વપરાતા હેતુરૂપ પ્રસંગસાધન હોય તો પણ એ અયોગ્ય છે. [આમાં 'વિકલ્પસિદ્ધ દૃષ્ટાન્ત' એવું એટલા માટે કહ્યું છે કે પ્રસંગસાધન અનુમાનમાં જે દૃષ્ટાન્ત હેતુયુક્ત તરીકે સ્વઅભિપ્રેત ન હોય, તેમ છતાં પરાભિપ્રેત હોય તો પરઅભ્યુપગમને અનુસારે પોતે એને વિકલ્પસિદ્ધ (કલ્પનાથી સિદ્ધ) તરીકે સ્વીકારી અનુમાન પ્રયોગ કરી શકે છે. આવા અનુમાનથી એના સાધ્યની સિદ્ધિ કરવાની હોતી નથી (કેમકે વિકલ્પસિદ્ધ દૃષ્ટાન્ત વગેરેથી કશાની સિદ્ધિ થઇ શકતી નથી, તેમજ એ સાધ્ય સ્વ અભિપ્રેત હોતું નથી) કિન્તુ માત્ર સામાના મતમાં અતિપ્રસંગ દેખાડી એને દૂષિત ઠેરવવાનો જ અભિપ્રાય હોય છે (એટલે જ એવા વિકલ્પસિદ્ધ દૃષ્ટાન્ત વગેરે ચાલી શકે છે.) બૌદ્ધોક્ત આ અનુમાન પ્રસંગસાધનરૂપ હોય તો ય અયોગ્ય છે, કેમકે લોક અને આગમથી સિદ્ધ થયેલ ભક્ષ્યાભક્ષ્ય વ્યવસ્થા એની બાધક છે. એ બાધ આ રીતે છે—]

પ્રાણ્યંગત્વમાત્ર એ ભક્ષ્યત્વનું પ્રયોજક નથી. એટલે કે પ્રાણ્યંગત્વ હોય એટલા માત્રથી ભક્ષ્યત્વ હોય જ એવું નથી.

પૂર્વપક્ષ - પ્રાણ્યંગત્વ હોવા માત્રથી અમે ભક્ષ્યત્વ નથી કહેતાં, પણ જેનું ભક્ષણ શક્ય હોય તેમાં ભક્ષ્યત્વ કહીએ છીએ. પ્રાણ્યંગનું ભક્ષણ પણ શક્ય હોઇ તેમાં ભક્ષ્યત્વ અક્ષત છે.

ઉત્તરપક્ષ - આ વાત પણ બરાબર નથી. કેમકે શક્ય ભક્ષણકત્વ માત્ર એ પણ ભક્ષ્યત્વ સ્વરૂપ નથી. કિન્તુ

त्वधर्माजनकभक्षणकत्वं, तत्र च व्यवस्था प्रयोजिकेति। तदाह [अ. १७/२]–

भक्ष्याभक्ष्यव्यवस्थेह शास्त्रलोकनिवन्धना। सर्वैव भावतो यस्मात्तस्मादेतदसांप्रतम्।।३।।

इत्थञ्चैतदभ्युपेयं, यतः–

व्यवस्थितं हि गोः पेयं क्षीरादि रुधिरादि न।
न्यायोऽत्राप्येष नो चेत्स्याद्भिक्षुमांसादिकं तथा।।४।।

व्यवस्थितमिति। व्यवस्थितं हि 'गोः क्षीरादि पेयं, रुधिरादि न,' न हि गवाङ्गत्वाविशेषादुभयोरविशेषः। एष न्यायोऽत्रापि = अधिकृतेऽप्यवतरति, प्राण्यङ्गत्वेऽप्योदनादेर्भक्ष्यत्वस्य मांसादेश्चाभक्ष्यत्वस्य व्यवस्थितत्वात्। तदुक्तं [अ. १७/३]

અધર્મઅજનકભક્ષણકત્વ એવું છે. એટલે કે જેનું ભક્ષણ અધર્મનું અજનક હોય તે ભક્ષ્ય હોય છે. અને તે તેનું ભક્ષણ અધર્મનું જનક છે કે અજનક એમાં તો લોક/આગમસિદ્ધ વ્યવસ્થા પ્રયોજિકા છે. (આ બાબતમાં રહસ્ય એ છે કે 'ભક્ષ્ય' શબ્દમાં 'य' પ્રત્યય એ વિધ્યર્થ છે. જેનો અર્થ બળવદ્અનિષ્ટ અનનુબન્ધિત્વે સતિ ઇષ્ટસાધનત્વ છે. તેથી, જેનું ભક્ષણ મોટું અનિષ્ટ કરનાર ન હોય અને ઇષ્ટનું સાધન હોય તેવી વસ્તુને જ 'ભક્ષ્ય' કહી શકાય છે. વિવક્ષિત વસ્તુ બળવદનિષ્ટાનનુબન્ધિત્વે સતિ ઇષ્ટસાધન છે કે નહીં એ શાસ્ત્ર તથા લોકથી જાણી શકાય છે. માટે ભક્ષ્યતા-અભક્ષ્યતાની વ્યવસ્થા શાસ્ત્ર તથા લોકથી સિદ્ધ છે.) આ વ્યવસ્થા માંસભક્ષણને અધર્મના જનક તરીકે જણાવે છે. એટલે વ્યવસ્થા માંસમાં ભક્ષ્યત્વની સિદ્ધિમાં બાધક છે. અષ્ટકપ્રકરણ [૧૭/૨] માં કહ્યું છે કે "લોકમાં ભક્ષ્યાભક્ષ્ય સર્વવ્યવસ્થા પરમાર્થથી શાસ્ત્ર અને લોક નિમિત્તે છે. તેથી પૂર્વોક્ત માંસનું ભક્ષ્યત્વસાધક અનુમાન અયોગ્ય છે."॥૩॥ વળી આ રીતે પણ એ માનવું જ પડે છે–

ગાયનું દૂધ વગેરે પેય છે, અને લોહી વગેરે પેય નથી એવી વ્યવસ્થા થયેલી છે. પ્રસ્તુતમાં પણ આ ન્યાય લગાડવાનો છે. આવું જો ન માનો તો ભિક્ષુના માંસ વગેરેને પણ ભક્ષ્ય માનવા પડશે.

દૂધ અને લોહી ગાયના અંગ રૂપે સમાન હોવા માત્રથી ભક્ષ્યત્વ બાબતમાં કાંઇ બન્ને સમાન નથી. એમાં તો આવી વ્યવસ્થા માનવામાં આવે જ છે કે દૂધ પેય છે અને રુધિરાદિ અપેય છે. પ્રાણ્યંગત્વ સમાન હોવા છતાં વ્યવસ્થા અનુસારે પેય/અપેય (ભક્ષ્ય/અભક્ષ્ય) માનવાનો આ ન્યાય પ્રસ્તુતમાં પણ લાગે છે. એટલે કે પ્રાણ્યંગત્વ સમાન હોવા છતાં ભાત અને માંસમાં ભક્ષ્યત્વ અંગે તો વ્યવસ્થાને અનુસારે અસમાનતા જ છે. ભાત ભક્ષ્ય અને માંસ અભક્ષ્ય એવી જ વ્યવસ્થા છે. અષ્ટક ૧૭/૩ માં કહ્યું છે કે "તે શાસ્ત્ર અને લોકમાં પ્રાણ્યંગ એવું પણ એક ભક્ષ્ય છે અને અન્ય એવું નથી એ વાત સિદ્ધ છે, કેમકે ગાય વગેરેનું યોગ્ય દૂધ ભક્ષ્ય છે અને લોહી વગેરે એવું નથી એવું દેખાય છે." સિદ્ધ વ્યવસ્થાનુસારે આવી અસમાનતા જો ન માનવાની હોય તો તમારે બૌદ્ધ ભિક્ષુનું માંસ પણ ભક્ષ્ય માનવું પડશે, કેમકે ભાત વગેરેની જેમ એમાં પણ પ્રાણ્યંગત્વ તો સમાન રીતે રહ્યું જ છે. અષ્ટક ૧૭/૫ માં કહ્યું છે કે "પ્રાણ્યંગત્વ રૂપે ભક્ષ્યત્વ માનવામાં આવે તો ભિક્ષુના માંસનો પણ નિષેધ ક્યાંય ઘટશે નહીં, તેમજ હાડકાં વગેરે પણ ભક્ષ્ય બની જશે, કેમકે પ્રાણ્યંગત્વ એમાં પણ સમાન જ છે." વળી એક (પ્રાણ્યંગત્વાદિરૂપ) સામ્ય હોવા માત્રથી અન્ય બાબતમાં (ભક્ષ્યત્વાદિ બાબતમાં) પણ સામ્ય માનવાનું હોય તો તો સ્ત્રીત્વનું સામ્ય હોઇ પત્ની અને માતા એ બંનેમાં પણ સમાન રીતે ગમ્યત્વ માનવું પડે. એટલે આવો ઉન્મત્તનો પ્રલાપ વિદ્વાનોની સભામાં શોભતો નથી. અષ્ટક પ્રકરણ ૧૭/૬ માં કહ્યું છે કે "આટલું જ (પ્રાણ્યંગત્વનું) સામ્ય હોવા માત્રથી જો માંસ ભક્ષણની પ્રવૃત્તિ ઇષ્ટ છે તો સ્ત્રીત્વનું સામ્ય

तत्र प्राण्यङ्गमप्येकं भक्ष्यमन्यत्तु नो तथा। सिद्धं गवादिसत्क्षीररुधिरादौ तथेक्षणात्।। नो चेत् - यदि च नैवमभ्युपगम्यते तदा तव भिक्षुमांसादिकं तथा = भक्ष्यं स्यात्, प्राण्यङ्गत्वाविशेषात्। तदाह [१७/५]-

भिक्षुमांसनिषेधोऽपि न चैवं युज्यते क्वचित्। अस्थ्याद्यपि च भक्ष्यं स्यात्प्राण्यङ्गत्वाविशेषतः।। किं चैवं स्त्रीत्वसाम्याज्जायाजननन्योरप्यविशेषेण गम्यत्वप्रसङ्ग इति नायमुन्मत्तप्रलापो विदुषां सदसि शोभते। यदाह [१७/६]-

एतावन्मात्रसाम्येन प्रवृत्तिर्यदि चेष्यते। जायायां स्वजनन्यां च स्त्रीत्वात्तुल्यैव सास्तु ते।। **मंडलतन्त्रवादिनो**ऽत्रापीष्टापत्तिरेवेति **चेत्?** तन्मतं वहुधाऽन्यत्र निराकृतं, लेशतश्चाग्रे निराकरिष्यामः।।४।। अपि च प्रसङ्गसाधनं पराभ्युपगमानुसारेण भवति, न चास्माकं प्राण्यङ्गत्वेन मांसमभक्ष्यमित्यभ्युपगमः, किं तु जीवोत्पत्त्याश्रयत्वादिति दर्शयन्नाह-

प्राण्यङ्गत्वादभक्ष्यत्वं न हि मांसे मतं च नः।
जीवसंसक्तिहेतुत्वात् किं तु तद्गर्हितं बुधैः।।५।।

प्राण्यङ्गत्वादिति। न हि नः = अस्माकं प्राण्यङ्गत्वान्मांसेऽभक्ष्यत्वं च मतं, किन्तु जीवसंसक्तिहेतुत्वात् तत् = मांसं वुधैः = वहुश्रुतैः गर्हितं = निषिद्धम्।।५।। तथाहि -

पच्यमानामपक्वासु मांसपेशीषु सर्वथा।
तन्त्रे निगोदजीवानामुत्पत्तिर्भणिता जिनैः।।६।।

होवाथी पत्नी अने माता विशे तमारे भोग के पूजा रूप समान प्रवृत्ति ज करवी जोइए."

शंका - मंडलतंत्रवादीने तो आमां इष्टापत्ति ज छे, केमके ए तो बधी स्त्रीने समान रीते गम्य माने छे.

समाधान - एना मतनुं अन्य ग्रन्थमां घणी रीते निराकरण थयुं छे. वळी संक्षेपमां आगळ एनुं निराकरण करवाना छीए.॥४॥ वळी प्रसंगसाधन तो सामाना अभ्युपगमने अनुसरीने होय छे. एटले के सामाने जे वस्तु जे रीते जेवी मान्य होय ते रीते ज अन्य वस्तु तेवी मानवानो अतिप्रसंग देखाड्यो होय तो ए योग्य होय छे. जेमके दिगंबरे वस्त्रादिने मूर्च्छाहेतु रूपे त्याज्य मान्या छे तो एने मूर्च्छाहेतुरूपे ज आहारादिने पण त्याज्य मानवानो अतिप्रसंग देखाडवो ए योग्य छे, अन्य रूपे नहीं. प्रस्तुतमां बौद्धे अमने (जैनने) आपेल अनुमान जो प्रसंगसाधन रूप होय तो ए अमारी मान्यता मुजब ज होवुं जोइए. एटले के [अमे जो प्राण्यंगत्वरूपे भात वगेरेने भक्ष्य मानता होइए तो प्राण्यंगत्वरूपे मांसने पण भक्ष्य सिद्ध करी देतुं एमनुं प्रसंगसाधन अनुमान योग्य ठरे. अथवा] अमे जो प्राण्यंगत्वरूपे मांसने अभक्ष्य कहेतां होइए तो ए रूपे भात वगेरे पण अभक्ष्य बनी जवानी तेमणे आपेली आपत्ति योग्य ठरे. पण एवुं तो छे नहीं, केमके अमे प्राण्यंगत्वरूपे [भात वगेरेने भक्ष्य नथी कहेतां के] मांसने अभक्ष्य नथी कहेतां. अमे तो जीवोत्पत्तिना आश्रयरूपे मांसने अभक्ष्य कहीए छीए. आवुं देखाडतां ग्रन्थकार कहे छे-

[मांस शा माटे अभक्ष्य?]

वळी मांसमां अभक्ष्यत्व पण अमने प्राण्यंगत्वना कारणे अभिप्रेत नथी. किन्तु जीवसंसक्तिहेतुत्वना कारणे बहुश्रुतोए एनो निषेध कर्यो छे.॥५॥ ते आ रीते-

पकववामां आवती काची के पाकी मांसपेशीओमां सर्वथा निगोदजीवोनी उत्पत्ति थाय छे एवुं श्रीजिनेश्वर

पच्यमानेति। एतदर्थसंवादिनी चेयं गाथा-

आमासु य पक्कासु य विपच्चमाणासु मंसपेसीसु। आयंतियमुववाओ भणिओ अ निगोअजीवाणं।।६।।* **ननु** भवतामेव क्वचिदागमे मांसभक्ष्यतापि श्रूयते इति पूर्वापरविरोध इत्याशङ्क्याह-

सूत्राणि कानिचिच्छेदोपभोगादिपराणि तु।
अमद्यमांसाशितया न हन्यन्ते प्रसिद्धया।।७।।

सूत्राणीति। कानिचित्तु सूत्राणि छेदश्छेदसूत्रोक्तप्रायश्चित्तौपयिकार्थविशेषः, उपभोगश्च वहिःपरिभोगः, आदिनाऽत्यन्तापवादादिग्रहः, तत्पराणि प्रसिद्धयाऽमद्यमांसाशितया साधोर्न विरुध्यन्ते, उत्सर्गतो मांसभक्षणस्य दुष्टत्वादेवेति भावः। तथाहि अविय इत्थ लभिस्सामि पिंडं वा लोयं वा खीरं वा दहिं वा णवणीयं वा घयं वा गुलं वा तिल्लं वा महुं वा मज्जं वा मंसं वा सक्कुलिं वा फाणिअं वा पूअं वा सिहरणिं वा तं

દેવોએ પ્રવચનમાં કહ્યું છે. આ જ અર્થને જણાવનાર સંવાદક ગાથા આવું જણાવે છે. 'પકાવાઇ રહેલી આમ અને પક્વ માંસપેશીઓમાં નિગોદજીવોની આત્યંતિક ઉત્પત્તિ કહી છે.॥૬॥' 'તમારા જ આગમમાં ક્યાંક માંસની ભક્ષ્યતા કહેલી સંભળાય છે' આવી શંકા કરીને સમાધાન આપતા ગ્રન્થકાર કહે છે–

આચારાંગ વગેરેમાં માંસ સંબંધી જે કેટલાંક સૂત્રો આવે છે તે છેદસૂત્રમાં કહેલ પ્રાયશ્ચિત્ત કઇ રીતે આવે એ જાણવા વગેરેના ઉપાયભૂત અર્થવિશેષ અને બાહ્યપરિભોગ રૂપ ઉપભોગને તેમજ 'આદિ' શબ્દથી અત્યંત અપવાદાદિને જણાવવાના તાત્પર્યમાં છે. તેથી 'જૈન સાધુઓ મદ્ય-માંસને આરોગતા નથી' એવી જે પ્રસિદ્ધિ છે તેની સાથે સૂત્રને કોઇ વિરોધ નથી, કેમકે એ સૂત્રો પરથી પણ ઉત્સર્ગે માંસભક્ષણ દુષ્ટ છે એ જ સિદ્ધ થાય છે. તે સૂત્રો અને તેનો આવો તાત્પર્યાર્થ આ રીતે જાણવો – "વળી આ સ્વજનાદિ કુલોમાં મનપસંદ વસ્તુ મેળવીશ, જેમકે શાલિઓદન વગેરે પિંડ, સુસ્વાદુ ચીજરૂપ લોય, દૂધ, દહીં, નવનીત, ઘી, ગોળ, તેલ, મધ, મદ્ય, માંસ, શષ્કુલી, ફાણિત = પાણીથી દ્રવ કરાયેલો ગોળ, પૂત, શિખરિણી વગેરે... આવું બધું મળશે, એટલે પહેલાં જ સ્વજનાદિના ઘરે જઇ આમાંનું જે કાંઇ મળે એને ખાઇને કે પીને પાત્રને બરાબર ધોઇ લૂછી ને પછી જ્યારે ભિક્ષાકાળ થાય ત્યારે 'મેં કાંઇ ખાધું કે પીધું છે એવું જણાઇ જાય એવો મુખવિકાર ન થવા દઇ આગંતુક ભિક્ષુઓ સાથે ગોચરી મેળવવાની ઇચ્છાથી ગૃહસ્થના ઘરે પ્રવેશ કરીશ તેમજ બહાર નીકળીશ. આવું વિચારવું એ માયાસ્થાન છે (માટે એવું વિચારવું કે કરવું નહીં)"

આ સૂત્રની વ્યાખ્યા કરતી વખતે ટીકાકારે આવી વ્યાખ્યા કરી છે કે 'અહીં મદ્ય-માંસની જે વાત છે એની વ્યાખ્યા છેદસૂત્રના અભિપ્રાયે કરવી. અથવા તો અત્યંત પ્રમાદવશ થયેલ કો'ક સાધુ અત્યંત ગૃદ્ધિવાળો થઇ મધ, મદિરા કે માંસ પણ આરોગી લે તો એવાની અપેક્ષાએ આ વાત કરી છે." વળી આવું કરવાથી માયા થાય છે એમ કહીને પણ આવું કરવું એ નિષિદ્ધ આચરણરૂપ છે એમ જણાવી જ દીધું છે. વળી જે નીચે પ્રમાણેનું બીજું સૂત્ર આવે છે કે - 'જે સાધુ કે સાધ્વીને જાણવા મળે કે વિવક્ષિત પિંડ બહુ હાડકાવાળું માંસ છે કે બહુ કાંટાવાળી માછલી છે ઇત્યાદિ...' તે સૂત્ર પણ જેમાંથી ઘણું તો ફેંકી જ દેવું પડે છે એવા પિંડ રૂપ માંસનું

---

* आमासु च पक्वासु च विपच्यमानासु मांसपेशीषु। आत्यन्तिकमुपपातो भणितो निगोदजीवानाम्।।

अपि चात्र लप्स्ये पिंडं वा लोयं वा क्षीरं वा दधि वा नवनीतं वा घृतं वा गुडं वा तैलं वा मधु वा मद्यं वा मांसं वा शष्कुलिं वा फाणितं वा पूतं वा शिखरिणीं वा तत्पूर्वमेव भुक्त्वा पीत्वा पतद्ग्रहं च संलिह्य संमृज्य ततः पश्चाद् भिक्षुभिः सार्द्धं गृहपतिकुलं पिंडपातप्रतिज्ञया प्रवेक्ष्यामि निष्क्रमिष्यामि वा मातृस्थानं स्पृशेद्।

पुव्वामेव भुच्चा (पिच्चा) पडिग्गहं च संलिहिय संमज्जिय तओ पच्छा भिक्खूहिं सद्धिं गाहावइकुलं पिंडवायपडियाए पविसिस्सामि वा णिक्खमिस्सामि वा माइट्ठाणं संफासे' [आ. २-१-१-४-२४] इत्यत्र 'नवरं मद्यमांसे छेदसूत्राभिप्रायेण व्याख्येये' इति वृत्तिकृद्व्याख्यातवान्, 'अथवा कश्चिदतिप्रमादावष्टब्धोऽत्यन्तगृध्नुतया मद्यमांसाद्यप्याश्रयेदतस्तदुपादानमि'ति मातृस्थानस्पर्शयोग्यतया नेदमपि विरुध्यते। तथा – [1]से भिक्खू वा भिक्खुणी वा से जं पुण जाणिज्जा वहुअट्ठिअं मंसं वा मच्छं वा वहुकंटयं' [२-१-१-१०-५८] इत्यादिकं सूत्रमपि वहुपरित्यजनधर्मकमांसाग्रहणस्य गृहस्थामंत्रणादिविधेर्ग्रहणे सत्यपि कंटकादिपरिष्ठापनविधेश्च प्रतिपादकं 'अस्योपादानं क्वचिल्लूताद्युपशमनार्थं सद्वैद्योपदेशतो वाह्यपरिभोगेन स्वेदादिना ज्ञानाद्युपकारकत्वात्फलवद्दृष्टं, भुजिश्चात्र वहिःपरिभोगार्थः' इति व्याख्यया न विरुद्धम्। तथा [2]से भिक्खू वा भिक्खुणी वा जाव समाणे से जं पुण जाणिज्जा मंसं वा मच्छिं वा भज्जिज्जमाणं पेहाए तिल्लपूअं वा आएसाए उवक्खडिज्जमाणं पेहाए नो खद्धं खद्धं उवसंकमित्तु ओभासिज्जा नन्नत्थ गिलाणाए (णीसाए)' [२-१-१-९-५१] इत्यत्र चा'न्यत्र ग्लानादिकार्यादि'त्यनेनात्यन्तापवाद एवच्छेदसमसूत्रविषय इति न कश्चिद्विरोधः श्रुतपरिष्कृतचेतसां प्रतिभाति।।७।।

'न प्राण्यङ्गसमुत्थं' चेत्यादिना वोपि वारितम्।
लंकावतारसूत्रादौ तदित्येतद्वृथोदितम्।।८।।

नेति। 'न प्राण्यङ्गसमुत्थ'मित्यादिना च = 'न प्राण्यङ्गसमुत्थं मोहादपि शेषचूर्णमश्नीया' दित्यादि-

ग्रहण न करवुं એ वातनुं तेमज गृहस्थ आग्रह करीने लइ જાય અને કથંચિદ્ એ આવી ગયું હોય તો કાંટા વગેરે પરઠવી દેવાની વિધિનું પ્રતિપાદક છે. આની વ્યાખ્યામાં વ્યાખ્યાકારે કહ્યું છે કે ક્યારેક લૂતા વગેરેનો ઉપશમ કરવા માટે સારા વૈદ્યની તેવી સલાહ હોય તો બાહ્ય ઉપયોગ માટે એ લેવાય છે. જેથી પરસેવો વગેરે થવાથી લૂતા વગેરેનું ઉપશમન થાય. અહીં 'ભોગ' કરવાનું જે લખ્યું છે બાહ્ય પરિભોગના અર્થમાં જાણવું નહીં કે ખાવાના અર્થમાં.' આવી વ્યાખ્યાથી પણ એ સૂત્ર અવિરુદ્ધ હોવું જણાય છે. એમ, આવું પણ જે સૂત્ર મળે છે કે "સાધુ કે સાધ્વીને જાણવા મળે કે ગૃહસ્થના ઘરમાં મહેમાન માટે માંસ, મત્સ્ય કે તેલની પ્રચુરતાવાળો પુડલો રંધાઇ રહ્યો છે, તો તે જોઇને જલ્દી જલ્દી ત્યાં જઇને એ માંગવું નહીં, સિવાય કે એવું ગાઢ બિમારી વગેરેનું કારણ હોય." આ બધા સૂત્રો પરથી પણ માંસભક્ષણ ઉત્સર્ગે નિષિદ્ધ હોવું જ જણાતું હોવાથી શ્રુતપરિકર્મિત બુદ્ધિવાળા પ્રાજ્ઞોને એમાં કોઇ વિરોધ ભાસતો નથી[3].॥७॥ [આમ અમારા શાસ્ત્રોમાં ક્વચિત્ માંસની જે વાત આવે છે તે અત્યંત અપવાદાદિ અવસ્થા અંગે છે. ઉત્સર્ગે તો એ અભક્ષ્ય જ છે એ જણાવ્યું. હવે, પૂર્વપક્ષીના શાસ્ત્રોમાં પણ એને અભક્ષ્ય જ જણાવ્યું છે એવું જણાવવા ગ્રન્થકાર કહે છે– **અથવા,**

ભક્ષ્યત્વ કે અભક્ષ્યત્વ, લોક અને શાસ્ત્રથી સિદ્ધ થયેલો વ્યવહારને અનુસરીને હોય છે એવું તમે કહ્યું. અમારા શાસ્ત્રમાં માંસની અભક્ષ્ય તરીકે વ્યવસ્થા દેખાડી નથી. માટે એ અભક્ષ્ય નથી. એવી શંકાનું સમાધાન

१ अथ भिक्षुर्वा भिक्षुणी वा यत्पुनः जानीयाद् वस्त्वस्थिकं मांसं वा मत्स्यं वा वहुकण्टकम्...। २ अथ भिक्षुर्वा भिक्षुणी वा यावद् समाने... अथ यत्पुनः जानीयाद् मांसं वा मत्स्यं वा भज्यमानं प्रेक्ष्य तैलपूपं वा आदेशायोपस्क्रियमाणं प्रेक्ष्य न शीघ्रं शीघ्रं उपसंक्रम्यावंभासेतान्यत्र ग्लानादिनिश्रायाः।। ૩ ડગલે ને પગલે સૂક્ષ્મ જીવોની પણ, મનથી પણ, અનુમોદના રૂપ પણ હિંસા ન થઇ જાય એવો આચાર દર્શાવનારા ને સ્વયં પાળનારા શાસ્ત્રકારો ઉત્સર્ગે તો નહીં જ, પણ ત્રિકાળમાં ક્વચિત જ સંભવિત અત્યંત વિષમ અપવાદ સિવાયના અપવાદપદે પણ પંચેન્દ્રિયહિંસાજન્ય માંસાદિની અનુજ્ઞા ન જ આપે એ કોઇપણ વિચારશીલ સુજ્ઞ સમજી શકે એમ છે. વળી, એવી અનુજ્ઞા જો આપી હોત તો સેંકડો વર્ષોથી જે સૂક્ષ્મ દયાપાલન દેખાય છે એ ટકી શક્યું જ ન હોત.

ग्रन्थेन च वोऽपि = युष्माकमपि **लंकावतारसूत्रादौ** तद् = मांसभक्षणं वारितं = निषिद्धमादिना **शीलपटलादिशास्त्रपरिग्रहः**, इत्येतद् = मांसभक्ष्यत्वं वृथोदितं परेण।।८।। अधिकृतार्थ एव वाद्यन्तरमतनिरासायोपक्रमते–

न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने।
प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला।।९।।

नेति। न = नैव मांसभक्षणे दोषः कर्मबन्धलक्षणः, न मद्ये पीयमान इति गम्यते, न च मैथुने सेव्यमान इति गम्यते। यतः प्रवृत्तिः = स्वभाव एषा = मांसभक्षणादिका भूतानां = प्राणिनाम्। निवृत्तिः = विरमणं पुनर्मांसभक्षणादिभ्यो महदभ्युदयलक्षणं फलं यस्याः सा (तथा)।।९।।

भक्ष्यं मांसं परः प्राहानालोच्य वचनादतः।
जन्मान्तरार्जनाद्दुष्टं न चैतद्वेद यत्स्मृतम्।।१०।।

भक्ष्यमिति। परः = द्विजन्मजातीयोऽतो वचनादनालोच्य पूर्वापरशास्त्रन्यायविरुद्धतां मांसं भक्ष्यं प्राह। न चैतद् = मांसभक्षणं जन्मान्तरार्जनाद् = अन्यभवोत्पादनाद्दुष्टं वेद = जानाति। यत्स्मृतं **मनुना**।।१०।।

मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम्।
एतन्मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः।।११।।

मामिति। अत्र हि भक्षकस्य भक्षितेन भक्षणीयत्वप्राप्तिनिबन्धनजन्मान्तरार्जनादेव व्यक्तं मांसभक्षणस्य

આપવા ગ્રન્થકાર કહે છે–]

તમારા લંકાવતારસૂત્ર, શીલપટલ વગેરે શાસ્ત્રમાં 'न प्राण्यंगसमुत्थं मोहादपि शंखचूर्णमश्नीयात्' ઇત્યાદિ ગ્રન્થાધિકારથી તે માંસભક્ષણનો નિષેધ કર્યો છે. એટલે બૌદ્ધે માંસને જે ભક્ષ્ય કહ્યું છે તે વૃથા છે.॥८॥ માંસભક્ષણ અંગે જ અન્યવાદી (દ્વિજ) ના મતનું નિરાકરણ કરવા માટે ગ્રન્થકાર ઉપક્રમ કરે છે. [એમાં સૌ પ્રથમ તે વાદીની માન્યતા જણાવે છે–] **[દ્વિજ મત]**

માંસભક્ષણમાં કર્મબંધરૂપ દોષ નથી, મદ્ય પીવામાં દોષ નથી, અને મૈથુન સેવવામાં દોષ નથી. કેમકે આ માંસભક્ષણ વગેરે તો જીવોના સ્વભાવરૂપ છે. હા, એ માંસભક્ષણ વગેરેથી અટકવું એ મહાન્ અભ્યુદય રૂપ ફળ દેનારું બને. (આ મનુસ્મૃતિના પાંચમા અધ્ય. નો ૫૬ મો શ્લોક છે.)॥९॥

[દ્વિજ વાદીના આ મતને દૂષિત ઠેરવવા ગ્રન્થકાર કહે છે–]

'न मांसभक्षणे दोषः' ઇત્યાદિ આ વચન પરથી, અન્ય શાસ્ત્ર સાથેના કે ન્યાય-તર્ક સાથેના વિરોધનો વિચાર કર્યા વગર દ્વિજવાદી માંસને ભક્ષ્ય કહે છે. પણ એ આટલું જાણતો નથી કે માંસભક્ષણથી અન્ય જન્મનું ઉપાર્જન થતું હોવાથી એ દુષ્ટ છે. એનાથી અન્યજન્મોપાર્જન થાય છે એ મનુએ સ્મૃતિમાં જે નીચેનું વચન કહ્યું છે [મનુસ્મૃતિ અ. ૫ શ્લોક ૫૫] તેના પરથી જણાય છે.॥१०॥

'જેનું માંસ હું અહીં ખાઉં છું, (मां स =)મને તે જીવ પરલોકમાં ખાશે' આ, માંસનું માંસત્વ (માંસ શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત = નિરુક્ત) છે એવું મનીષીઓ કહે છે. મનુએ કહેલા આ વચનનો વિચાર કરીએ તો જણાય છે કે ભક્ષકે, ભક્ષિતથી પોતે ભક્ષાય એ માટે અન્ય જન્મ લેવો જ પડે. આમ અન્ય જન્મની પ્રાપ્તિ થતી હોવાથી

दुष्टत्वं प्रतीयते, इति तददुष्टत्वप्रतिपादकं वचनमनेनैव विरुध्यते ।।११।।

निषेधः शास्त्रबाह्येऽस्तु विधिः शास्त्रीयगोचरः ।
दोषो विशेषतात्पर्यान्नन्वेवं न यतः स्मृतम् ।।१२।।

निषेध इति । **ननु** शास्त्रवाह्ये मांसभक्षणे निषेधोऽस्तु, निरुक्तबलप्राप्तनिषेधे विध्यर्थोऽन्वेतु, विधिश्च शास्त्रीयगोचरः = वचनोक्तमांसभक्षणविषयोऽस्त्वेवं विशेषतात्पर्याद् = विधिनिषेधवाक्यार्थयोर्विधेयनिषेध्ययोः सामानाधिकरण्येनान्वये(?ऽ)तात्पर्यान्न दोषः = 'न मांसभक्षणे दोष'इत्यत्र मांसभक्षणसामान्ये दोषाभाववाधलक्षणः, अन्यथा 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेते'त्यादावपि स्वर्गादिसामान्ये यागादिकार्यताबाधप्रसङ्गात् । इत्थं च–

इत्थं जन्मैव दोषोऽत्र न शास्त्राद्वाह्यभक्षणम् । प्रतीत्यैष निषेधश्च न्याय्यो वाक्यान्तराद्गतेः ।। [अ. १८/४] इत्यत्र 'ने'त्यादौ पूर्वपक्ष्यभिप्रायेण 'नैवं, यतः शास्त्राद् बाह्यभक्षणं प्रतीत्यैष जन्मलक्षणो दोषो

માંસભક્ષણની દુષ્ટતા પ્રતીત થાય છે. એટલે માંસભક્ષણને અદુષ્ટ જણાવનાર વચનનો આ વચનથી જ વિરોધ થાય છે.॥૧૧॥ ['न मांसभक्षणे दोषः' ઇત્યાદિ વચન અને મનુએ કહેલા ઉક્ત વચન વચ્ચેના વિરોધનો પરિહાર કરવા પૂર્વપક્ષી એ બન્ને વચનોનું તાત્પર્ય જણાવે છે–]

[નિષેધ-વિધાનની પૂર્વપક્ષીય વ્યવસ્થા]

પૂર્વપક્ષ - નિષેધ શાસ્ત્રબાહ્ય માંસભક્ષણનો હોય અને વિધાન શાસ્ત્રોક્ત માંસભક્ષણનું હોય. આવું વિશેષ તાત્પર્ય માનીએ તો 'मां स भक्षयिता' ઇત્યાદિ વચનથી 'न मांसभक्षणे दोषः..' ઇત્યાદિ વચનનો બાધ થવા રૂપ કોઇ દોષ રહેતો નથી. આવું વિશેષ તાત્પર્ય એટલા માટે માનવું પડે છે કે શાસ્ત્રમાં નીચેની વાત (આગળના શ્લોકમાં કહેવાનારી વાત) કહેવાયેલી છે.

'मां स भक्षयिता' ઇત્યાદિ વ્યુત્પત્તિથી જન્માન્તરપ્રાપ્તિ રૂપ દોષનું સૂચન થવા દ્વારા માંસભક્ષણનો જે નિષેધ ફલિત થાય છે તે શાસ્ત્રમાં ન કહેલ સામાન્ય માંસભક્ષણનો નિષેધ છે. નિરુક્ત બળે આ નિષેધ પ્રાપ્ત થયે વિધ્યર્થનો અન્વય થાય છે. અર્થાત્ 'न मांसभक्षणे दोषः' ઇત્યાદિથી માંસભક્ષણ અંગે દોષાભાવ અને પ્રવૃત્તિ જણાવવા દ્વારા ફલિત થયેલું વિધાન ઉપસ્થિત થાય છે. આશય એ છે કે મનુસ્મૃતિના પાંચમા અધ્યાયમાં मां स भक्षयिता.. એ પંચાવનમો શ્લોક છે ને न मांसभक्षणे दोषः... એ છપ્પનમો શ્લોક છે. એટલે मां स भक्षयिता... શ્લોક દ્વારા દોષ બતાવી માંસ ભક્ષણનો નિષેધ કર્યા બાદ માંસભક્ષણના વિધાનમાં ફલિત થતો न मांसभक्षणे... ઇત્યાદિ શ્લોક આવે છે. આ જ જણાવે છે કે ૫૫ માં શ્લોકમાં જે નિષેધ છે તે શાસ્ત્ર બાહ્યમાંસભક્ષણ અંગે છે ને ૫૬ માં શ્લોકથી જે વિધાન છે તે શાસ્ત્રવચનથી કહેવાયેલ માંસભક્ષણ રૂપ વિશેષ પ્રકારના માંસભક્ષણ અંગે છે, આમ વિધિને ફલિત કરનાર 'न मांस भक्षणे...' ઇત્યાદિ વિધિ વાક્યના વિષયભૂત વિધેય અને નિષેધને ફલિત કરનાર 'मां स भक्षयिता...' ઇત્યાદિ નિષેધવાક્યના વિષયભૂત નિષેધ્ય, આ બન્નેનો સામાનાધિકરણ્યથી અન્વય કરવાનું તાત્પર્ય ન હોવાથી કોઇ દોષ રહેતો નથી. એટલે કે અહીં એવું વિશેષ તાત્પર્ય છે કે એકથી જેનો નિષેધ છે એનું જ બીજાથી વિધાન છે એવું નથી. નિષેધ અન્ય પ્રકારના માંસભક્ષણનો છે અને વિધાન અન્ય પ્રકારના માંસભક્ષણનું છે. તેથી 'न मांसभक्षणे दोषः' એ સામાન્યથી કોઇ પણ માંસભક્ષણમાં જે નિર્દોષતા જણાવે છે તેનો 'मां स भक्षयिता' ઇત્યાદિ વચનથી બાધ થાય છે એવો જે દોષ ભાસે છે તે હવે રહેશે નહીં. આમ, માંસભક્ષણ અંગે જ્યારે અન્ય અભિપ્રાયવાળું વચન મળે છે, તો 'न मांसभक्षणे दोषः' આ વાક્ય

निषेधश्च निरुक्तवलप्रापितः' इति पूर्वव्याख्यानमेवादृतम्। 'शास्त्राद्वाह्यभक्षणं प्रतीत्य सामान्यत इत्यर्थः नैष निषेधः' इति तु व्याख्यानं विशेषतात्पर्ये परस्येष्टमेव। विशेषतात्पर्यग्रहोपायमाह यतः स्मृतम्।।१२।।

માંસભક્ષણસામાન્યમાં દોષાભાવને જણાવવાના તાત્પર્યવાળું છે એવું ન માનવું જોઇએ, અન્યથા, 'સ્વર્ગેચ્છુએ જ્યોતિષ્ટોમ યજ્ઞ કરવો' ઇત્યાદિમાં પણ સ્વર્ગાદિસામાન્યમાં યાગાદિની કાર્યતાનો બાધ થવાની આપત્તિ આવે. એટલે કે વિશ્વજિત્ ન્યાયે નિશ્ચિત થયેલું છે કે -'स स्वर्गः सर्वं प्रत्यविशिष्टत्वात्' એટલે કે - જેનું કોઇ વિશેષ ફળ કહેલું ન હોય તે બધા યાગ વગેરેનું ફળ સ્વર્ગ જાણવું. હવે, જ્યોતિષ્ટોમ યજ્ઞના કાર્ય તરીકે વિશેષ પ્રકારનું સ્વર્ગ જો સમજવાનું ન હોય અને સ્વર્ગસામાન્ય જ જો સમજવાનું હોય તો સ્વર્ગાદિ સામાન્યમાં જ્યોતિષ્ટોમ યજ્ઞની જ કાર્યતા રહેવાથી અન્ય યજ્ઞ વગેરેની કાર્યતા બાધિત થઇ જાય.

આમ 'न मांसभक्षणे दोषः' ઇત્યાદિ વચન શાસ્ત્રવિહિત માંસભક્ષણમાં દોષાભાવને જણાવે છે અને 'मां स भक्षयिता' ઇત્યાદિ વચન શાસ્ત્ર બાહ્ય માંસભક્ષણ અંગે જન્માન્તર પ્રાપ્તિ રૂપ દોષને જણાવે છે આવું પૂર્વપક્ષીનું જે વિશેષ તાત્પર્ય છે તેના પરથી જણાય છે કે અષ્ટક ૧૮/૪ ની વૃત્તિમાં વૃત્તિકારે જે પ્રથમ વ્યાખ્યાન કર્યું છે એને જ અમે અહીં આદર્યું છે, બીજું નહીં. આશય એ છે કે અષ્ટક ૧૮/૪ ની વૃત્તિકારે આ રીતે વૃત્તિ રચી છે - "આમ, પોતે જેનું માંસ ખાધું છે તેનો કોળિયો બની જવા માટે ભક્ષકે ફરીથી જન્મ લેવો પડે છે એ જ માંસભક્ષણનો દોષ છે, તો તમે કેમ એમ કહો છો કે માંસભક્ષણમાં દોષ નથી. આના પર પૂર્વપક્ષી કહે છે કે માંસભક્ષણ અંગે આવો દોષ નથી, કેમકે 'मां स भक्षयिता' થી ફલિત થતો 'જન્મ' રૂપ દોષ શાસ્ત્રબાહ્ય ભક્ષણની અપેક્ષાએ છે, અને નિરુક્તથી પ્રાપ્ત થતો માંસભક્ષણનો નિષેધ પણ એ બાહ્યભક્ષણની અપેક્ષાએ જ યોગ્ય ઠરે છે, કેમકે 'प्रोक्षितं भक्षयेद्' ઇત્યાદિ વાક્યથી એવું જણાય છે. (એ વાક્યમાં માંસભક્ષણ વિશેષનું વિધાન છે, માટે એનો નિષેધ સંગત ન ઠરે.)' આ રીતે એક વ્યાખ્યા કર્યા બાદ વૃત્તિકાર મહાત્માએ 'અથવા' કહીને બીજી વ્યાખ્યા રચી છે કે "આમ 'જન્મ' તો એક દોષ છે જ, વળી, 'न मांसभक्षणे दोषः' ઇત્યાદિ વચનથી (વ્યાપક રીતે) માંસભક્ષણમાં દોષનો જે નિષેધ કર્યો છે તે યોગ્ય નથી, કારણ કે શાસ્ત્રબાહ્ય માંસભક્ષણ અંગે તે નિષેધ સંગત નથી, પણ પ્રોક્ષિતાદિ વિશેષણ યુક્ત માસંભક્ષણ અંગે જ દોષનો નિષેધ યોગ્ય છે, કેમકે 'પ્રોક્ષિતં...' ઇત્યાદિ વાક્યાન્તરથી એવું જણાય છે." આમ વૃત્તિકારે પ્રથમ વ્યાખ્યામાં મૂળ શ્લોકગત 'ન' ઇત્યાદિની પૂર્વપક્ષીના અભિપ્રાયે વ્યાખ્યા કરી છે અને બીજી વ્યાખ્યામાં ઉત્તરપક્ષીના અભિપ્રાયે વ્યાખ્યા કરી છે. આમાંથી "**પૂર્વપક્ષ** - આ રીતે 'જન્મ' રૂપ દોષ કહેવો યોગ્ય નથી, કેમકે શાસ્ત્રબાહ્યભક્ષણની અપેક્ષાએ આ જન્મરૂપ દોષ અને નિરુક્તબળ પ્રાપ્ત નિષેધ છે" આવું જણાવનાર પ્રથમ વ્યાખ્યા જ અહીં બત્રીશીમાં આદરીએ છીએ, પણ "શાસ્ત્રબાહ્યભક્ષણની અપેક્ષાએ એટલે કે સામાન્યથી માંસભક્ષણમાં દોષનો નિષેધ ઉચિત નથી' ઇત્યાદિ જણાવનાર બીજી વ્યાખ્યા અહીં આદરાયેલી નથી, કેમકે એવી વ્યાખ્યા તો પૂર્વોક્ત મુજબ વિશેષ તાત્પર્ય માનીને પૂર્વપક્ષીને ઇષ્ટ જ છે, એથી એ ઉત્તરપક્ષી તરફથી દોષોદ્ભાવન કરી શકતી નથી.

માંસભક્ષણ અંગેના વિધાન અને નિષેધનું આવું વિશેષ તાત્પર્ય છે એવું જેના પરથી જાણી શકાય છે તેવો ઉપાય 'यतः स्मृतम्' કહીને જણાવ્યો છે. [એટલે કે વક્ષ્યમાણ 'પ્રોક્ષિતં...' ઇત્યાદિ જે કહ્યું છે તેના પરથી આ વિશેષ તાત્પર્ય ફલિત થાય છે.]॥૧૨॥ [એ શું કહ્યું છે તે હવે ગ્રન્થકાર જણાવે છે–]

બ્રાહ્મણોની અનુજ્ઞાથી પ્રોક્ષિત માંસને ખાવું જોઇએ. તથા યથાવિધિ નિયુક્ત થયેલ વ્યક્તિએ ખાવું જોઇએ. અથવા પ્રાણોનો નાશ ઉપસ્થિત થયે ખાવું જોઇએ. (આ મનુસ્મૃતિ પાંચમા અધ્યાયનો ૨૭ મો શ્લોક છે.)

વૈદિક મંત્રોથી સંસ્કાર કરાયેલું હોય તે 'પ્રોક્ષિત' કહેવાય છે. બ્રાહ્મણોએ ખાઇ લીધા પછી વધેલ તે માંસનું

प्रोक्षितं भक्षयेन्मांसं ब्राह्मणानां च काम्यया।
यथाविधिनियुक्तस्तु प्राणानामेव चात्यये* ।।१३।।

प्रोक्षितमिति। प्रोक्षितं = वैदिकमंत्राभ्युक्षितं भक्षयेत् = अश्नीयान्मांसं = पिशितं ब्राह्मणानां च काम्यया = इच्छया = द्विजभुक्तावशेषं प्रति तदनुज्ञया विधिः = न्यायो यत्र यागश्राद्धप्राघूर्णकादौ प्रक्रिया तस्या-नतिक्रमेण यथाविधि। तत्र यागविधिः पशुमेधाश्वमेधादिशास्त्रसिद्धः, श्राद्धविधिस्तु द्वौ मासौ मत्स्यमां-सेनेत्यादिप्रसिद्धः, प्राघूर्णकविधिस्तु याज्ञवल्क्योक्तोऽयं 'महोक्षं वा महाजं वा श्रोत्रियाय प्रकल्पयेदि'ति, [अ. १ श्लोक - १७९] तथा नियुक्तस्तु = गुरुभिर्व्यापारित एव, तथा प्राणानामेवेन्द्रियादीनामेव चात्यये = विनाशे उपस्थिते इति शेषः, आत्मा हि रक्षणीयः यदाह 'सर्वत एवात्मानं गोपयेदिति'।।१३।।

नैतन्निवृत्त्ययोगेन तस्याः प्राप्तिनियन्त्रणात्।
प्राप्ते तस्याः निषेधेन यत एतदुदाहृतम्।।१४।।

नैतदिति। एतद् = विशेषपरत्वेन विधिनिषेधोभयसमाधानं प्रकृते न युक्तं, निवृत्त्ययोगेन = मांसभक्षणनिवृत्त्यसंभवेन, तस्याः = निवृत्तेः प्राप्तिनियंत्रणात् = प्राप्तिनियमनात्, 'प्राप्तमेव प्रतिषिध्यते'

બ્રાહ્મણોની અનુજ્ઞાથી યથાવિધિ ભક્ષણ કરવું. આમાં વિધિ એટલે જે યજ્ઞ, શ્રાદ્ધ, પ્રાઘૂર્ણક વગેરે અંગેની પ્રક્રિયા રૂપ ન્યાય. તેમાં પશુમેધ-અશ્વમેધ વગેરે યજ્ઞવિધિ શાસ્ત્રપ્રસિદ્ધ છે. શ્રાદ્ધ વિધિ માંસવિશેષની અપેક્ષાએ જુદો જુદો છે. 'બે મહિના મત્સ્યના માંસથી...' ઇત્યાદિ રૂપે પ્રસિદ્ધ છે. યાજ્ઞવલ્કયે કહેલ પ્રાઘૂર્ણક વિધિ આવો છે - 'મોટા બળદને કે મોટા બકરાને શ્રોત્રિય બ્રાહ્મણ માટે રાંધવો.' તથા ગુરુઓ વડે વ્યાપૃત કરાયેલ વ્યક્તિએ જ તે ખાવું જોઇએ. તથા ઇન્દ્રિય વગેરે પ્રાણો સંકટમાં આવી ગયા હોય તો માંસ ખાવું જોઇએ. કેમકે 'બધી રીતે આત્માની રક્ષા કરવી' એવા વચન પરથી જણાય છે કે કોઇ પણ રીતે આત્મા જ રક્ષણીય છે. [આમ આ વાક્યથી માંસભક્ષણનું વિધાન છે. એના પરથી જણાય છે કે માંસભક્ષણના નિષેધ અને વિધિને ફલિત કરતાં વાક્યો અનુક્રમે શાસ્ત્રબાહ્ય અને શાસ્ત્રોક્ત માંસભક્ષણ અંગે છે.]॥૧૩॥ આવા પૂર્વપક્ષનો જવાબ આપવા ગ્રન્થકાર કહે છે—

આવું સમાધાન યોગ્ય નથી, કેમકે માંસભક્ષણનિવૃત્તિ સંભવતી નથી, તે પણ એટલા માટે કે નિવૃત્તિ પ્રાપ્તિથી નિયંત્રિત હોય છે. પ્રાપ્ત માંસભક્ષણ અંગે નિવૃત્તિનો નિષેધ હોઇ નિવૃત્તિ અસંભવિત છે. કેમકે તમારા ગ્રન્થમાં આ પ્રમાણે કહ્યું છે.

[એ વ્યવસ્થાની દુષ્ટતા-ઉત્તરપક્ષ]

વિધિ અને નિષેધ બે જુદા જુદા પ્રકારના માંસભક્ષણ અંગે હોઇ 'માં સ ભક્ષયિતા...' ઇત્યાદિથી માંસભક્ષણમાં દોષાભાવનો બાધ થવાનો દોષ રહેતો નથી. આ રીતે તમે પ્રસ્તુતમાં જે સમાધાન આપો છો તે યોગ્ય નથી, કેમકે 'નિવૃત્તિસ્તુ મહાફલા' એમ કહીને જે માંસભક્ષણ નિવૃત્તિ જણાવી છે તે અસંભવિત બની જાય છે. તે એટલા માટે કે 'પ્રાપ્તમેવ પ્રતિષિધ્યતે' 'પ્રાપ્તનો જ નિષેધ હોય છે' એવો ન્યાય છે. શાસ્ત્રબાહ્ય ભક્ષણ તો 'પ્રાપ્ત' જ ન હોવાથી એના નિષેધરૂપ નિવૃત્તિ પણ શી રીતે સંભવે? "પ્રોક્ષિતાદિ વિધિ પ્રયોગથી જે માંસભક્ષણ પ્રાપ્ત છે તેનો 'નિવૃત્તિસ્તુ મહાફલા' શબ્દથી નિષેધ છે" એવું પણ કહી શકાતું નથી, કેમકે પ્રાપ્ત એવા તે માંસભક્ષણ

---

* 'वात्यये' इति अष्टकप्रकरणे [१८-५]

इति न्यायात्। तर्हि प्रोक्षितादिविधिना प्राप्तमेव निषिध्यतां, न, प्राप्ते तस्याः = निवृत्तेः निषेधेन, निषिद्धकर्मकरणे पापप्रचयस्यैव सम्भवात्तस्या महाफलत्वानुपपत्तेः। यत एतदुदाहृतं भवद्ग्रन्थे।।१४।।

यथाविधि नियुक्तस्तु यो मांसं नात्ति वै द्विजः।
स प्रेत्य पशुतां याति संभवानेकविंशतिम्।।१५।।*

यथाविधीति। यथाविधि = शास्त्रीयन्यायानतिक्रमेण नियुक्तः = गुरुभिर्व्यापारितस्तुः पुनरर्थः, तस्य चैवं प्रयोगः 'अविधिना मांसमखादन्निर्दोष एव, यथाविधि नियुक्तः पुनर्यो मांसं नात्ति 'वै' इति निपातो वाक्यालङ्कारार्थः, द्विजः = विप्रः स प्रेत्य = परलोके पशुतां = तिर्यग्भावं याति संभवनानि संभवा जन्मानि तानेकविंशतिम्।।१५।।

अधिकारपरित्यागात् पारिव्राज्येऽस्तु तत्फलम्।
इति चेत्तदभावे नादुष्टतेत्यपि संकटम्।।१६।।

अधिकारेति। अधिकारस्य गृहस्थभावलक्षणस्य परित्यागात् पारिव्राज्ये = मस्करित्वे तत्फलं =

અંગે તો, તમારા ગ્રન્થમાં આવતા અન્ય વાક્યથી નિવૃત્તિનો નિષેધ કરેલો છે. અને તેમ છતાં જો એ પ્રાપ્ત માંસભક્ષણની નિવૃત્તિ કરવામાં આવે તો એ એક નિષિદ્ધ કાર્ય કરવા રૂપ થવાથી એનાથી પ્રચુર પાપબંધનો જ સંભવ હોવાથી તેનું મહાફળ મળવું અસંગત બની જાય. પ્રાપ્ત માંસભક્ષણની નિવૃત્તિનો નિષેધ છે એ તમારા ગ્રન્થના નીચેના વાક્યથી જણાય છે.॥१४॥ [એ વાક્યને જ ગ્રન્થકાર જણાવે છે–]

યથાવિધિ નિયુક્ત થયેલો જે બ્રાહ્મણ માંસ ખાતો નથી તે પરલોકે એકવીશ જન્મ સુધી પશુભાવને પામે છે. શાસ્ત્રીય મર્યાદાના ઉલ્લંઘન વગર ગુરુ વડે વ્યાપૃત થયેલો જે બ્રાહ્મણ માંસ ખાતો નથી તે પશુતાને પામે છે. શ્લોકસ્થ 'તુ' શબ્દ પુનરૂ અર્થમાં છે. એટલે આવો પ્રયોગ જાણવો. અવિધિથી માંસ ન ખાનાર નિર્દોષ જ છે. પણ યથાવિધિ નિયુક્ત ન ખાનારો પશુ બને છે. [આમ પ્રાપ્ત માંસભક્ષણની નિવૃત્તિનો આમાં નિષેધ કર્યો છે.]॥१५॥ [પૂર્વપક્ષીની અન્ય દલીલને પ્રસ્તુત કરીને નિરાકૃત કરતા ગ્રન્થકાર કહે છે–]

'પરિવ્રાજકપણામાં અધિકારનો પરિત્યાગ થતો હોવાથી નિવૃત્તિનું મહાફળ મળો' આવું જો કહેશો તો પારિવ્રાજ્યના અભાવે અદુષ્ટતા ન રહેવાની આપત્તિનું તમને સંકટ આવશે.

વિહિતમાંસભક્ષણનો અધિકાર ગૃહસ્થોને છે. એટલે કે ગૃહસ્થપણું એ જ એના અધિકારરૂપ છે. એનો ત્યાગ કરીને પરિવ્રાજકપણું જે સ્વીકારવામાં આવે છે તેમાં માંસભક્ષણની નિવૃત્તિનું ફળ મળતું હોય એમ માનો. અભિપ્રાય આ છે– ગૃહસ્થપણામાં તો પ્રોક્ષિતાદિ વિશેષણયુક્ત માંસ ખાવાનું જ હોય છે. અને પછી પરિવ્રજ્યાના સ્વીકાર દ્વારા એ માંસભક્ષણથી નિવૃત્ત થાય છે. આમ માંસભક્ષણની પ્રાપ્તિપૂર્વક નિવૃત્તિ સંભવિત બને છે, અને એ સફળ = મહાફળ આપનારી હોય છે. આવો જો પૂર્વપક્ષાભિપ્રાય હોય તો એ પણ યોગ્ય નથી, કેમકે તો ય માંસભક્ષણમાં એક દોષ તો ઊભો જ રહે છે. તે આ કે - 'निवृत्तिस्तु महाफला' એ સામાન્યતયા કહ્યું છે. તેમ છતાં, પારિવ્રાજ્ય ન લીધું હોય તો પ્રાપ્તિપૂર્વકની નિવૃત્તિ ન હોઇ અભ્યુદય વગેરે ફળ મળતું નથી. આ અભ્યુદયફળાભાવ રહેવો એ દોષરૂપ છે. તેનો પરિહાર નથી થતો એ જ તમારા માટે માથાનો દુઃખાવો છે. અષ્ટક ૧૮/૮ માં કહ્યું છે કે "પરિવ્રાજકપણું એ જ જો નિવૃત્તિરૂપ છે તો તેના અસ્વીકારથી

---

* नियुक्तस्तु यथान्यायं यो मांसं नात्ति मानवः। स प्रेत्य पशुतां याति सम्भवानेकविंशतिम्।।५-३५।। इति मनुस्मृतौ श्लोकः।

मांसभक्षणनिवृत्तिफलमस्तु। अयमभिप्रायः - गृहस्थतायां प्रोक्षितादिविशेषणं मांसं भक्षणीयमेव, तस्माच्च पारिव्राज्यप्रतिपत्तिद्वारेण विनिवर्तत इत्येवं प्राप्तिपूर्विका निवृत्तिर्मांसंभक्षणस्य स्यात्, सा च सफलेति।" इति **चेत्**? तदभावे = पारिव्राज्याभावे नादुष्टता, प्राप्तिपूर्वकनिवृत्त्या अभावे अभ्यु(?नाभ्यु)दयादिफलाभावापत्तिलक्षणदोषपरिहार इत्यपि संकटमायुष्मतः। यदाह–

पारिव्राज्यं निवृत्तिश्चेद्यस्तदप्रतिपत्तितः। फलाभावः स एवास्य दोषो निर्दोषतैव न।। [अ. १८/८] **ननु** प्राप्तिः प्रमाणपरिच्छेद एव, स चाशास्त्रीयमांसभक्षणेऽप्यस्तीति तन्निवृत्तेः फलवत्त्वमनावाधं, अन्यथा 'प्राप्तमेव प्रतिषिध्यते' इति मंत्रपाठवलाज्जलह्रदे वह्निरपि सिध्येत्, तन्निवृत्तेस्तत्र सत्त्वात्। वस्तुतो निषिद्धनिवृत्तिर्न धर्मजननी किं त्वधर्माभावप्रयोजिका, निषिद्धप्रवृत्तेरधर्महेतुत्वेन तदभावे तदनुत्पत्तेः।

અભ્યુદયફળાભાવ જે રહે છે તે જ માંસભક્ષણનો એક દોષ છે, માટે માંસભક્ષણમાં નિર્દોષતા છે જ નહીં."

[અન્ય શંકા-સમાધાન]

શંકા - પ્રાપ્તિ પ્રમાણપરિચ્છેદ રૂપ જ છે, એટલે કે પ્રમાણથી બોધ થવો એ જ પ્રાપ્તિ છે. અન્યથા 'પ્રાપ્તનો જ નિષેધ' હોય એવો જે મંત્રપાઠ (જેવો ન્યાય) છે તેના બળે જળહ્રદમાં પણ વહ્નિની સિદ્ધિ થઇ જાય, કેમકે તેનો નિષેધ તો ત્યાં કરવામાં આવે જ છે. આ પ્રમાણપરિચ્છેદ રૂપ પ્રાપ્તિ તો અશાસ્ત્રીયમાંસભક્ષણની પણ છે જ. તેથી એની નિવૃત્તિ પણ પ્રાપ્તિપૂર્વકની થવાથી એ નિવૃત્તિની ફળવત્તા અબાધિત રહે છે. વસ્તુતઃ તો, માંસભક્ષણની નિવૃત્તિ મહાફળવાળી નથી, કેમકે નિષિદ્ધની નિવૃત્તિ ધર્મજનિકા નથી હોતી, કિન્તુ અધર્માભાવની પ્રોયજિકા હોય છે. તે પણ એટલા માટે કે નિષિદ્ધ પ્રવૃત્તિ અધર્મના હેતુભૂત હોઇ તેના અભાવમાં અધર્મ પેદા થઇ શકતો નથી. એટલે 'न मांसभक्षणे...' ઇત્યાદિ શ્લોકમાં મહાફળ આપનારી તરીકે જે નિવૃત્તિ કહી છે તે માંસભક્ષણનિવૃત્તિને જણાવવાના તાત્પર્યમાં નથી, કિન્તુ પરિવ્રાજકપણાંને જણાવવાના તાત્પર્યમાં છે. પરિવ્રાજ્ય સર્વકર્મોના સંન્યાસરૂપ હોઇ [એનો 'નિવૃત્તિ' શબ્દથી ઉલ્લેખ થવો અસંભવિત નથી તેમજ] એનું મહાફળ મળવું સંગત રહે છે. એટલે આ માંસભક્ષણની બાબતમાં કોઇ દોષ રહેતો નથી.

સમાધાન - આવી શંકા બરાબર નથી. કેમકે આ રીતે નિવૃત્તિ મહાફળ આપનારી તરીકે સંગત થવા છતાં અન્ય દોષ ઊભો રહે છે. તે આ કે - માંસભક્ષણમાં દોષ નથી એ અનુમાનની સિદ્ધિ માટે 'જીવોની એ પ્રવૃત્તિ છે' એવો હેતુ અપાયો છે. એટલે કે અનુમાન પ્રયોગ આવો બને છે 'માંસભક્ષણ નિર્દોષ છે, કેમકે જીવોની પ્રવૃત્તિના વિષયભૂત છે, જેમકે જળપાનાદિ.' આમાં 'માંક્ષભક્ષણ' શબ્દ શાસ્ત્રીયમાંસભક્ષણને જણાવવાના તાત્પર્યમાં છે, કેમકે શાસ્ત્ર બાહ્ય માંસભક્ષણ તો 'मां स भक्षयिता...' ઇત્યાદિથી દુષ્ટ હોવું સિદ્ધ છે. આમ વિહિત માંસભક્ષણની નિર્દોષતા સાધ્ય છે. અને જીવપ્રવૃત્તિવિષયત્વ એ હેતુ છે. પણ આ હેતુ અનૈકાન્તિક છે, કારણકે જીવપ્રવૃત્તિવિષયત્વ તો શાસ્ત્રબાહ્ય માંસભક્ષણમાં પણ છે જેમાં 'નિર્દોષત્વ' સાધ્ય નથી. "અમે હેતુ તરીકે માત્ર પ્રવૃત્તિવિષયત્વ ન લેતાં વિહિત પ્રવૃત્તિવિષયત્વ લઇશું, એટલે હેતુ અનૈકાન્તિક નહીં રહે" આ રીતે વિહિતત્વને પ્રવૃત્તિનું વિશેષણ કહી એનું વારણ કરી શકાતું નથી, કેમકે તો પછી માત્ર 'વિહિતત્વ' ને જ હેતુ તરીકે લઇએ તો પણ ઉક્ત સાધ્યની સિદ્ધિ થઇ જતી હોવાથી 'પ્રવૃત્તિવિષયત્વ' રૂપ વિશેષ્ય વ્યર્થ બની જાય છે. તેમજ ફળતઃ પક્ષ અને હેતુ વચ્ચે કોઇ વિશેષતા ન રહેવાની પણ આપત્તિ આવે છે. (અહીં 'પક્ષ' શબ્દથી પક્ષતાવચ્છેદકને જણાવવાનો અભિપ્રાય લાગે છે.) વિહિત માંસભક્ષણ રૂપ પક્ષનો અવચ્છેદક વિહિતત્વ હોવો પણ સ્પષ્ટ જ છે. અને વિહિતત્વવિશિષ્ટપ્રવૃત્તિવિષયત્વ રૂપ હેતુમાં વિશેષ્ય ભાગ તો નિરર્થક હોઇ ફળતઃ એ વિહિતત્વ રૂપ જ છે.

निवृत्तिपदं चात्र पारिव्राज्यपरमेव, सर्वकर्मसंन्यासरूपस्य तस्य महाफलत्वोपपत्तेरिति न कोऽप्यत्र दोषः, इति **चेत्? न**, तथापि 'न मांसभक्षणे दोषः' इत्यत्र मांसभक्षणपदस्य शास्त्रीयमांसभक्षणपरत्वे तददुष्टत्वे साध्ये भूतप्रवृत्तिविषयत्वस्य हेतोरनैकान्तिकत्वात्, प्रवृत्तौ विहितत्वविशेषणप्रक्षेपे च विशेष्यभागस्य वैयर्थ्यात्, फलतः पक्षहेत्वोरविशेषापत्तेश्च। किं चोत्सर्गतो निषिद्धं पुष्टालंवनसमावेशेन क्वचित्कदाचित्कस्य-चिद्गुणावहमपि स्वरूपतोऽदुष्टतां न परित्यजति यथा वैद्यकनिषिद्धं स्वेदकर्म ज्वरापनयनाय विधीयमानं, न चात्र किञ्चिदालंवनं पश्यामो विनाऽधर्मवृद्धिकुतूहलादिति। अधिकं मतकृत**स्याद्वादकल्पलतायाम्**।।१६।।

मद्येऽपि प्रकटो दोषः श्रीह्रीनाशादिरैहिकः।
सन्धानजीवमिश्रत्वान्महानामुष्मिकोऽपि च।।१७।।

मद्येऽपीति। मद्येऽपि = मधुन्यपि प्रकटो दोषः, श्रीः = लक्ष्मीः ह्रीः = लज्जाऽऽदिना विवेकादिग्रह-स्तन्नाशादैहिकः = इहैव विपाकप्रदर्शकः। तथाऽऽमुष्मिकोऽपि = परभवे विपाकप्रदर्शकोऽपि महान् दोषः, संधानेन = जलमिश्रितवहुद्रव्यसंस्थापनेन जीवमिश्रत्वात् = जीवसंसक्तिमत्त्वात्। 'सन्धानवत्यप्यारनालादा-विव नात्र दोषः' इति **चेत्? न**, शास्त्रेणैतद्दुष्टत्वबोधनात्। तदाह–[अ. १९/१]

વળી, પ્રોક્ષિતાદિ વિશેષણયુક્ત માંસભક્ષણને જ તમે ભક્ષ્ય માનો છો એનાથી જણાય છે કે સામાન્યથી ઉત્સર્ગપદે તો એને તમે નિષિદ્ધ જ માનો છો. ઉત્સર્ગથી નિષિદ્ધ ચીજ પુષ્ટાલંબન દશામાં ક્યાંક ક્યારેક કો'કને ગુણકર બનતી હોવા છતાં સ્વરૂપે તો દુષ્ટતાને છોડતી જ નથી. એટલે કે સ્વરૂપે તો એ દુષ્ટ જ રહેતી હોવાથી એનો નિર્દોષ ચીજ તરીકે ઉલ્લેખ કરવો એ યોગ્ય નથી. જેમકે સામાન્યથી વૈદ્યક શાસ્ત્રોમાં નિષિદ્ધ એવો જે પરસેવો જ્વરને દૂર કરવા માટે વિહિત કરાય છે, તે સ્વરૂપે કાંઇ નિર્દોષ ઠરી જતો નથી. 'તેમ છતાં પ્રોક્ષિતાદિ રૂપ વિશિષ્ટ દશામાં તો માંસભક્ષણ ગુણકર હોઇ નિર્દોષ સિદ્ધ થઇ જ જાય છે ને!' એવું પણ કહી શકાતું નથી, કેમકે ઉત્સર્ગે નિષિદ્ધ ચીજ, એવા પુષ્ટઆલંબને જ ગુણકર બનતી હોઇ નિર્દોષ બને છે. પ્રસ્તુતમાં એવું કોઇ આલંબન જોવા મળતું નથી, વિના અધર્મને વધારવાનું કુતૂહલ. એટલે એમાં પુષ્ટ આલંબન ન હોઇ એ નિર્દોષ હોતું જ નથી. આ બાબતનો વિશેષ વિચાર મારા (ઉપા. મ. ના) **સ્યાદ્વાદ કલ્પલતાગ્રન્થમાં** કરેલો છે.॥૧૬॥ [માંસભક્ષણને દૂષિત ઠેરવ્યા બાદ હવે મદ્યપાનને દૂષિત ઠેરવતા ગ્રન્થકાર કહે છે–]

[મદ્યપાનમાં દોષો]

લક્ષ્મી, લજ્જા, વિવેક વગેરેનો નાશ થતો હોવાથી મદ્યમાં પણ પ્રકટ એવો, આ જન્મમાં જ વિપાક દેખાડનાર ઐહિક દોષ છે તેમજ જળ મિશ્રિત અનેક દ્રવ્યોનું સંસ્થાપન કરવા રૂપ સંધાનના કારણે એ જીવસંસક્ત હોવાથી (એ જીવોની વિરાધના થવાથી) પારલૌકિક પણ મોટો દોષ એમાં રહ્યો છે. 'સંધાનયુક્ત એવા પણ આરનાલ (કાંજીકા) વગેરેમાં જેમ દોષ હોતો નથી એમ આમાં પણ દોષ નથી' એવું ન કહેવું, કેમકે મદ્યની દુષ્ટતા શાસ્ત્રથી જણાય છે. અષ્ટક ૧૯/૧માં કહ્યું છે કે 'મદ્ય એ પ્રમાદનું કારણ છે, સચ્ચિત્તનું નાશક છે, સંધાનના જીવસંસક્તિ વગેરે દોષ યુક્ત છે. એટલે 'એમાં દોષ નથી' એમ કહેવું એ ખરેખર સાહસ છે.' તથા મદ્ય અતિદુષ્ટ છે એ વાત પુરાણકથાઓમાં પણ આ રીતે સાંભળવા મળે છે - "કો'ક ઋષિએ ઘોર તપ કર્યો. આ મહા તપસ્વી મને ઇન્દ્રાસન પરથી પદભ્રષ્ટ કરી નાંખશે એવી શંકા ઇન્દ્રને થઇ. એટલે એણે ઋષિને ક્ષોભ પમાડવા દેવાંગનાઓ મોકલી. તે દેવીઓએ તેની પાસે આવીને તેની વિનયથી આરાધના કરી. વરદાન

मद्यं पुनः प्रमादाङ्गं तथा सच्चित्तनाशनम्। सन्धानदोषवत्तत्र न दोष इति साहसम्। मद्यस्यातिदुष्टत्वं च पुराणकथास्वपि श्रूयते। तथाहि–

कश्चिदृषिस्तपस्तेपे भीत इन्द्रः सुरस्त्रियः। क्षोभाय प्रेषयामास तस्यागत्य च तास्तकम्।।
विनयेन समाराध्य वरदाभिमुखं स्थितम्। जुगर्मद्यं तथा हिंसां सेवस्वाब्रह्म वेच्छया।।
स एवं गदितस्ताभिर्द्वयोर्नरकहेतुताम्। आलोच्य मद्यरूपं च शुद्धकारणपूर्वकम्।।
मद्यं प्रपद्य तद्भोगान्नष्टधर्मस्थितिर्मदात्। विदंशार्थमजं हत्वा सर्वमेव चकार सः।।
ततश्च भ्रष्टसामर्थ्यः स मृत्वा दुर्गतिं गतः। इत्थं दोषाकरो मद्यं विज्ञेयं धर्मचारिभिः।।इति।।१७।।

नियमेन सरागत्वाद् दुष्टं मैथुनमप्यहो।
मूलमेतदधर्मस्य निषिद्धं योगिपुङ्गवैः।।१८।।

नियमेनेति। नियमेन = निश्चयेन सरागत्वात्, [1]'न तं विणा रागदोसेहिं' इति वचनात्। अहो मैथुनमपि दुष्टम्। एतदधर्मस्य मूलं [2]'मूलमेयमहम्मस्से'त्याद्यागमात् योगिपुंगवैः = भगवद्भिर्निषिद्धं, **भगवत्यां** तस्या महाऽसंयमकारित्वप्रतिपादनात्' तदुक्तं - [3]'मेहुणं **भंते**! सेवमाणस्स केरिसए असंजमे कज्जति? **गोयमा**! से जहानामए केइ पुरिसे वूरनलियं वा रूअनालियं वा तत्तेणं अउकणएण समभिधंसिज्जा, मेहुणं सेवमाणस्स

આપવાને અભિમુખ થયેલા તેને દેવીઓએ કહ્યું કે 'તમે મદ્યપાન કરો તથા હિંસા કરો અથવા ઇચ્છા મુજબ મૈથુન સેવો. તેઓથી આ પ્રમાણે કહેવાયેલા તે ઋષિએ હિંસા અને અબ્રહ્મની નરક કારણતાને વિચારીને તેમજ ગોળ, ધાતકી કુસુમ, જળ વગેરે શુદ્ધકારણ પૂર્વક બનતી હોવાથી મદિરાને સ્વભાવથી શુદ્ધ માની એ પીવાનું સ્વીકાર્યું. અને તેથી તેને પીવાથી થયેલા મદના કારણે ધર્મની મર્યાદાનો એણે લોપ કર્યો. પછી મદ્યપાનના ઉપદંશ માટે બકરાને હણીને પછી દેવીઓએ જે કાંઇ કહ્યું હતું તે બધું તેણે કર્યું. તેનું તપનું બધું સામર્થ્ય ભ્રષ્ટ થઇ ગયું અને તે મરીને દુર્ગતિમાં ગયો. ધર્મને આચરનારાઓએ મદ્યને આ રીતે દોષનું ઉત્પત્તિસ્થાન જાણવું. [અષ્ટક ૧૯/૪-૮]

મદ્યપાનમાં આ રીતે ૧૬ દોષ કહેવાયા છે–

वैरूप्यं व्याधिपिण्डः स्वजनपरिभवः कार्यकालातिपातः,
विद्वेषो ज्ञाननाशः स्मृतिमतिहरणं विप्रयोगश्च सद्भिः।
पारुष्यं नीचसेवा कुलवलतुलना धर्मकामार्थहानिः,
कष्टं भोः षोडशैते निरुपचयकरा मद्यपानस्य दोषाः।।१७।।

[मैथुनना दोषो]

[મદ્યપાનને દૂષિત ઠેરવ્યા બાદ ગ્રન્થકાર હવે મૈથુનને દૂષિત ઠેરવવા કહે છે–]

અહો! નિયમા રાગયુક્ત હોવાથી મૈથુન પણ દુષ્ટ છે. એ અધર્મનું મૂળ હોવાથી યોગી પુંગવો વડે નિષિદ્ધ છે. 'न तं विणा रागदोसेहिं' 'તે રાગ-દ્વેષ વિના થઇ શકતું નથી' એવા વચનથી જણાય છે કે મૈથુન નિયમા સરાગ

१ न वि किंचि अणुन्नायं, पडिसिद्धं वा वि जिणवरिंदेहिं। मुत्तुं मेहुणभावं न तं विणा रागदोसेहिं।।

२ महादोससमुस्सयः। तम्हा मेहुणसंसग्गिं णिग्गंथा वज्जयन्ति णं।। इति श्लोकशेषः [दश वै. ६/१६]

३ मैथुनं **भदन्त**! सेवमानस्य(नेन)कीदृशोऽसंयमः क्रियते? **गौतम**! तद्यथा नाम कश्चित्पुरुषः वूरनलिकां वा रूतनलिकां वा तप्तेनायःकणकेन समभिध्वंसयेत, मैथुनं सेवमानस्य(नेन) ईदृशोऽसंयमः क्रियते।

एरिसए असंजमे कज्जइत्ति।।१८।।

धर्मार्थं पुत्रकामस्य स्वदारेष्वधिकारिणः।
ऋतुकाले न तद्दुष्टं क्षुधादाविव भोजनम्।।१९।।

धर्मार्थमिति। धर्मार्थं = धर्मनिमित्तं पुत्रकामस्य = सुतार्थिनः, अपुत्रस्य हि धर्मो न भवति, [१]'अपुत्रस्य गतिर्नास्ति' इत्यादिवचनात्, स्वदारेषु = स्वकलत्रे, परकलत्रे वेश्यायां च तदधिगमस्यानर्थहेतुत्वात्, अधिकारिणः = गृहस्थस्य ऋतुकाले = आर्तवसम्भवावसरेऽन्यदा दोषभावात्। यदाह–

ऋतुकाले व्यतिक्रान्ते यस्तु सेवेत मैथुनम्। ब्रह्महत्याफलं तस्य सूतकं च दिने दिने।। तद् = मैथुनं न दुष्टं भोजनमिव क्षुधादौ। 'उक्तकारणाश्रितं मैथुनमदुष्टं, गतरागप्रवृत्तित्वात्, वेदनादिकारणाश्रितभोजनवदि'ति प्रयोगः।।१९।।

नैवमित्थं स्वरूपेण दुष्टत्वान्निविडापदि।
श्वमांसभक्षणस्येवापवादिकनिभत्वतः।।२०।।

नैवमिति। एवं = यथोक्तं प्राक् तन्त्र, इत्थं = पुत्रोत्पत्तिगुणार्थमाश्रयणे आपवादिकनिभत्वतः =

જ હોય છે. 'મૂલમેયમહમ્મસ્સ' ઇત્યાદિ આગમ વચનથી 'મૈથુન અધર્મનું મૂળ છે' એ જણાય છે. **ભગવતીજીમાં** 'મૈથુન મહાઅસંયમકારી છે' એવું જે પ્રતિપાદન કર્યું છે તેના પરથી જણાય છે કે ભગવંતોએ તેનો નિષેધ કર્યો છે. ભગવતીજીમાં કહ્યું છે કે "**ભદંત!** મૈથુનને સેવનારો કેવો અસંયમ કરે છે? **ગૌતમ!** જેમ કોઇ પુરુષ બૂરનલિકા કે રૂતનલિકાને તપ્ત લોહશલાકાથી ધ્વસ્ત કરે, મૈથુન સેવનારો એવો અસંયમ કરે છે.॥૧૮॥ [મૈથુનને નિર્દોષ માનનારો દ્વિજ સ્વપક્ષને રજુ કરે છે–]

ધર્મ માટે પુત્રને ઇચ્છતો અધિકારી ગૃહસ્થ ઋતુકાલે સ્વપત્ની સાથે મૈથુન સેવે તો એ દુષ્ટ નથી, જેમકે ક્ષુધાકાળે ભોજન.

'અપુત્રની ગતિ થતી નથી' એવા વચનથી જણાય છે કે અપુત્રને ધર્મ હોતો નથી. તેથી ધર્મમાટે પુત્રેચ્છુ બનેલ ગૃહસ્થનું મૈથુન ધર્મ માટે હોઇ નિર્દોષ છે. એ મૈથુન પરસ્ત્રી કે વેશ્યા સાથે હોય તો અનર્થ કરનારું હોઇ 'સ્વપત્ની સાથે' કહ્યું છે. ઋતુકાલ સિવાય મૈથુન સેવે તો દોષકર બને છે. કહ્યું છે કે 'ઋતુકાલ વ્યતીત થયે જે મૈથુન સેવે છે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે અને દિવસે દિવસે સૂતક લાગે છે." એટલે અહીં 'ઋતુકાલે' એમ કહ્યું છે. ક્ષુધાદિ અવસરે ભોજન કરવું એ જેમ નિર્દોષ છે તેમ ઋતુકાલે સ્વસ્ત્રી સાથે અધિકારી પુરુષે ધર્માર્થ સેવેલું મૈથુન પણ નિર્દોષ છે. આ માટેનો અનુમાન પ્રયોગ આવો જાણવો - ઉક્તકારણવાળું મૈથુન નિર્દોષ છે, કેમકે રાગશૂન્યપ્રવૃત્તિરૂપ છે, જેમકે ક્ષુધાની વેદના વગેરે કારણે કરેલું ભોજન.॥૧૯॥ [આ રીતે મૈથુનને નિર્દોષ માનનારાનો મત દેખાડી હવે તેનું ખંડન કરવા ગ્રન્થકાર કહે છે–]

આ પ્રમાણે કહેવું યોગ્ય નથી, કેમકે આપવાદિક જેવું હોવાના કારણે, આગાઢ આપત્તિમાં કરાતા શ્વાનમાંસભક્ષણની જેમ એ સ્વરૂપે તો દુષ્ટ જ છે. પુત્રોત્પત્તિરૂપ ગુણની અપેક્ષાએ એ સેવાતું હોઇ આપવાદિક જેવું છે, એટલે કે વિશેષ વિધ્યર્થ જેવું છે. અહીં આ અભિપ્રાય છે. જો કે અપવાદપદે કૂતરાનું માંસ વગેરે લેવું પૂર્વપક્ષીને માન્ય છે તો પણ સ્વરૂપે એ પૂર્વપક્ષીના મતે પણ નિર્દોષ નથી, (કેમકે જો એ નિર્દોષ હોત તો એમાં

---

१ स्वर्गो नैव च नैव च। तस्मात्पुत्रमुखं दृष्ट्वा पश्चाद्धर्मं समाचरेत्।। इतिश्लोकशेषः।

विशेषविध्यर्थप्रायत्वात्, निविडापदि श्वमांसभक्षणस्येव स्वरूपेण दुष्टत्वात्। अयमभिप्रायः – यद्यप्यपवादेन श्वमांसाद्यासेव्यते तथापि तत्स्वरूपेण निर्दोषं न भवति, किन्तर्हि? गुणान्तरकारणत्वेन गुणान्तरार्थिना तदाश्रीयते। एवं मैथुनं स्वरूपेण सदोषमप्याकौमाराद्यतित्वपालनासहिष्णुर्गुणान्तरापेक्षी समाश्रयते, सर्वथा निर्दोषत्वे त्वाकुमारत्वाद्यतित्वपालनोपदेशोऽनर्थकः स्यात् गार्हस्थ्यत्यागोपदेशश्चेति। धर्मार्थिनोऽपि पुंसो मैथुने मेहनविकारिणः कामोदयस्य तथाविधारंभपरिग्रहयोश्च दोषयोरवश्यंभावो दृश्यते। न च कामोद्रेकं विना मेहनविकारविशेषः संभवति भयाद्यवस्थायामिवेति। तदिदमुक्तं 'नापवादिककल्पत्वान्नैकान्तेनेत्यसंगतम्"।।२०।। उक्तार्थे मानमाह–

वेदं ह्यधीत्य स्नायाद्यत्तत्रैवाधीत्यसंगतः।
व्याख्यातस्तदसावर्थो ब्रूते हीनां गृहस्थताम्।।२१।।

वेदं हीति। यद् = यस्मा' द्वेदमृगादिकं हिशब्दो वाक्यालङ्कारार्थोऽधीत्य = पठित्वा स्नायात् = कलत्रसंग्रहाय स्नानं कुर्यादित्यत्र = वेदवाक्ये वेदव्याख्यातृभिरेवाध्याहृत एवकारोऽधीत्यसंगतः = अधीत्यपदसमभिव्याहृतो व्याख्यातः, 'वेदानधीत्यैवस्नायान्नत्वनधीत्ये'त्यवधारणात्, तत् = तस्मा' द्वेदमधीत्य स्नायादेवे'-

---

प्रायश्चित्त न आवत). तेम छतां એ अन्य લાભ કરી આપનાર હોઇ અન્યલાભાર્થી વડે આસેવાય છે. એમ મૈથુન પણ સ્વરૂપે તો દુષ્ટ જ છે. તેમ છતાં કુમારવયથી સાધુપણું પાળવા માટે અસમર્થ જીવ સ્વકીય વાસના વિકૃતિ રૂપ ન બની જાય એવા અન્ય ગુણ માટે એને સેવે છે. બાકી એ જો સર્વથા નિર્દોષ હોત તો કુમાર અવસ્થાથી સાધુપણાના પાલનનો ઉપદેશ નિરર્થક બની જાય, તેમજ ગૃહસ્થપણાના ત્યાગનો ઉપદેશ પણ નિરર્થક બની જાય, કેમકે સર્વથા નિર્દોષ ચીજનો કાંઇ ત્યાગ કરવાનો હોતો નથી. ["પણ તેમ છતાં અપવાદપદે તો મૈથુન નિર્દોષ સિદ્ધ થઇ જાય છે ને!" એવું પણ ન કહેવું, કેમકે] ધર્મ માટે પુત્રેચ્છુ વ્યક્તિનું પણ મૈથુનકાલે લિંગ વિકૃત થાય જ છે. તેથી કામોદય અને તથાવિધ આરંભ પરિગ્રહ રૂપ દોષનો અવશ્ય સંભવ દેખાય છે. કામોદ્રેક વિના કાંઇ લિંગનો તેવો વિશેષ પ્રકારનો વિકાર સંભવતો નથી, જેમકે ભય વગેરેની અવસ્થામાં એવો વિકાર હોતો નથી. અષ્ટક ૨૦/૩ ના પૂર્વાર્ધમાં કહ્યું છે કે 'પૂર્વપક્ષીનું કથન બરાબર નથી. કેમકે મૈથુન આપવાદિક કલ્પ હોઇ 'મૈથુનમાં એકાન્તે (સર્વથા) દોષ નથી' એવું કહેવું એ અસંગત છે."॥૨૦॥ આ ઉક્ત વાતને સિદ્ધ કરવા પ્રમાણને જણાવે છે–

[ગૃહસ્થ ધર્મની નિમ્નતા]

'वेदं ह्यधीत्य स्नायाद्' આવા વેદવાક્યમાં વેદના વૃત્તિકારોએ જ અધીત્ય પદ પછી એવ કાર ('જ' કારનો) અધ્યાહાર કર્યો છે. આ બાબત ગૃહસ્થપણાંને હીન જણાવે છે.

ઉક્ત વેદવાક્યમાં હિ શબ્દ વાક્યાલંકાર માટે છે. ઋગ્વેદ વગેરે વેદનો પાઠ કરીને જ સ્ત્રીસંગ્રહ માટે સ્નાન કરવું. આમાં 'વેદપાઠ કરીને જ સ્નાન કરવું' એવો 'જ' કારનો અધ્યાહાર કર્યો છે, નહીં કે 'વેદ પાઠ કરીને સ્ત્રીસંગ્રહ માટે સ્નાન કરવું જ' એવો. આના પરથી એવું ધ્વનિત થાય છે કે 'સ્ત્રીસંગ્રહ ન કરવો હોય અને તેથી સ્નાન ન કરવું એ તો સારામાં સારું છે. પણ જો સ્ત્રીસંગ્રહ કરવા માટે સ્નાન કરવું હોય તો એ વેદ પાઠ કરીને જ કરવું. એટલે આવો 'જ' કાર પ્રયોગ ઔત્સર્ગિક મૈથુનપરિહારની અપેક્ષાએ સ્ત્રીસંગ્રહરૂપ ગૃહસ્થપણું હીન છે- આપવાદિક છે એ જણાવે છે. અષ્ટક પ્રકરણ ૨૦/૩ ના ઉત્તરાર્ધ અને ૨૦/૪ ના પૂર્વાર્ધમાં કહ્યું છે કે 'वेदं ह्यधीत्य स्नायाद्' એવા વેદ વાક્યની જે 'વેદ પાઠ કરીને જ સ્નાન કરવું' એવા 'જ'કાર વાળી વ્યાખ્યા

त्यनवधारणादसावर्थो गृहस्थतां = कलत्रसंग्रहलक्षणां हीनां = औत्सर्गिकमैथुनपरिहारापेक्षया जघन्यामापवादिकीं व्रूते। तदुक्तं [अ. २०/३-४]- वेदं ह्यधीत्य स्नायाद्यदधीत्यैवेति शासितम्।। स्नायादेवेति न तु यत्ततो हीनो गृहाश्रमः। तत्र चैतदिति"।।२१।।

अदोषकीर्त्तनादस्य प्रशंसा तदसंगता।
विध्युक्तेरिष्टसंसिद्धेर्बहुलोकप्रवृत्तितः।।२२।।

अदोषेति। तत् = तस्मादस्य = मैथुनस्यादोषकीर्त्तनात् = दोषाभावप्रतिपादनान्'न च मैथुने' इति वचनेन प्रशंसाऽसंगता = अन्याय्या, विध्युक्तेः = आप्तत्वाभिमतकृतप्रशंसया विध्युन्नयनादिष्टसंसिद्धेः = इष्टसाधनत्वनिश्चयात् परलोकभयनिवृत्तेर्बहूनां लोकानां तत्र प्रवृत्तितः।।२२।।

निवृत्तिः किञ्च युक्ता भोः सावद्यस्येतरस्य वा।
आद्ये स्याद् दुष्टता तेषामन्त्ये योगाद्यनादरः।।२३।।

निवृत्तिरिति। किञ्च भोः सावद्यस्य कर्मणो निवृत्तिर्युक्ता = धर्मकारिणीतरस्य = अनवद्यस्य वा? आद्ये पक्षे तेषां = मांसमद्यमैथुनानां दुष्टता स्यादन्त्ये पक्षे योगादेरनादरः स्यात्, अनवद्यस्य तस्य मांसादेरिव निवृत्तेरिष्टत्वादिति न किञ्चिदेतत्।।२३।।

माध्यस्थ्यं केचिदिच्छन्ति गम्यागम्याविवेकतः।
तन्नो विपर्ययादेवानर्गलेच्छानिरोधतः।।२४।।

કરી છે, નહીં કે 'વેદ પાઠ કરીને સ્નાન કરવું જ' એવા 'જ' કાર વાળી, તેનાથી સિદ્ધ થાય છે કે ગૃહાશ્રમ યતિ આશ્રમ કરતા હીન છે, અને એ ગૃહાશ્રમમાં આ મૈથુન છે."॥२१॥ ['મૈથુન હીન એવા ગૃહસ્થાશ્રમમાં છે તેથી શું થયું?' એનો ગ્રન્થકાર જવાબ આપે છે–]

તેથી = મૈથુન હીન એવા ગૃહસ્થાશ્રમમાં હોવાથી 'न च मैथुने' ઇત્યાદિથી એમાં નિર્દોષતાનું પ્રતિપાદન કરવા દ્વારા એની પ્રશંસા કરવી એ યોગ્ય નથી. 'આપ્ત' તરીકે અભિમત પુરુષે કરેલી પ્રશંસા પરથી વિધિપ્રત્યયનું અનુમાન થાય છે. આ વિધિ પ્રત્યય પરથી ઇષ્ટ સંસિદ્ધિ = ઇષ્ટસાધનતાનો નિશ્ચય થવાથી પરલોકમાં એનાથી અપાય થશે એવો ભય નીકળી જાય છે, 'અને તેથી ઘણા લોકો મૈથુનમાં પ્રવૃત્ત થાય છે. આમ ઉક્ત નિર્દોષતા કથનના કારણે હીન એવા પણ મૈથુનની અનેક લોક નિર્ભય પણે પ્રવૃત્તિ કરવા માંડે છે, માટે એ કથન અસંગત છે.॥२२॥ પ્રસ્તુત બાબતમાં જ અન્ય આપત્તિ દેખાડતા ગ્રન્થકાર કહે છે–

વળી હે દ્વિજવાદિન્! સાવદ્ય ક્રિયાની નિવૃત્તિ યુક્ત હોય છે = ધર્મજનની હોય છે કે અનવદ્ય ક્રિયાની નિવૃત્તિ? આદ્ય પક્ષ માનશો તો માંસ, મદ્ય અને મૈથુનની નિવૃત્તિ મહાફળા હોઇ એ ત્રણે સાવદ્ય-દુષ્ટ થઇ જશે. અંત્ય પક્ષ માનશો તો યોગાદિનો અનાદર કરવો પડશે, કેમકે અનવદ્ય એવા તે યોગાદિની નિવૃત્તિ માંસાદિની નિવૃત્તિની જેમ ઇષ્ટ છે. માટે માંસભક્ષણ વગેરે નિર્દોષ છે, અને તેની નિવૃત્તિ મહાફળદા છે ઇત્યાદિ વાત તુચ્છ છે. ॥२३॥ મૈથુન અંગે જ, મંડલતંત્રવાદીનો મત દેખાડી એનું નિરાકરણ કરવા ગ્રન્થકાર કહે છે-

[મંડલતન્ત્રવાદી મત]

કેટલાક = મંડલતંત્રવાદી ગમ્ય-અગમ્યના અવિવેકથી માધ્યસ્થ્ય માને છે. તે બરાબર નથી, કેમકે વિપર્યયથી

माध्यस्थ्यमिति। केचिद् = **मंडलतंत्रवादिनो** गम्यागम्ययोरविवेकतो व्यवस्थानान्माध्यस्थ्यमिच्छन्ति, अन्यथा गम्यायां रागेणागम्यायां च द्वेषादिना माध्यस्थ्यभङ्गात्, समप्रवृत्तौ च न संक्लेश इति। तन्नो = नैव युक्तं, विपर्ययादेव = गम्यागम्यविवेकादेवानर्गलायाः = अमर्यादाया इच्छाया मोहविकाररूपाया निरोधतः। निरुद्धायाश्चेच्छायाः स्वल्पेन्धनाग्नेरिव स्वल्पकालस्थितिकत्वाद् देशनिवृत्तिगर्भत्वेन च माध्यस्थ्यवीजत्वमिति गम्यागम्यविवेकधर्माहितशुभाशयादेव चाचिरेण परममाध्यस्थ्यमप्युपपद्यत इति भावः।।२४।।

नाद्रियन्ते तपः केचिद्दुःखरूपतयाऽबुधाः।
आर्तध्यानादिहेतुत्वात्कर्मोदयसमुद्भवात्।।२५।।

नेति। केचिदवुधास्तपो दुःखरूपतया नाद्रियन्ते, सर्वेषामेव दुःखिनां तपस्वित्वाविशेषापत्तेः, दुःखविशेषेण च तद्विशेषप्रसङ्गात्। तदाह [अष्टक ११/२-३]–

सर्व एव च दुःख्येवं तपस्वी संप्रसज्यते। विशिष्टस्तद्विशेषेण सुधनेन धनी यथा।।

महातपस्विनश्चैवं तन्नीत्या नारकादयः। शमसौख्यप्रधानत्वाद् योगिनस्त्वतपस्विनः।। इति। दुःखरूपत्वं चोपवासादिरूपस्य तपसः कायपीडारूपस्यार्तध्यानादिहेतुत्वात्। तदाह-

आहारवर्जिते देहे धातुक्षोभः प्रजायते। तत्र चाधिकसत्त्वोऽपि चित्तभ्रंशं समश्नुते।। तथा कर्मोदयात्

જ = ગમ્યાગમ્યના વિવેકથી જ અમર્યાદિત ઇચ્છાનો નિરોધ થાય છે. મંડલતંત્રવાદીઓ એવું માને છે કે ગમ્યસ્ત્રીને જે ભોગવવી અને અગમ્યને ન ભોગવવી એ બરાબર નથી, કેમકે એમાં ગમ્ય પર રાગ અને અગમ્ય પર દ્વેષ થવાથી માધ્યસ્થ્ય રહેતું નથી. જ્યારે ગમ્ય શું કે અગમ્ય શું? બધા અંગે સમાન ભોગપ્રવૃત્તિ કરવાથી આ રાગ/દ્વેષ રૂપ સંક્લેશ થતો નથી. અને માધ્યસ્થ્ય સંપન્ન થાય છે. તેઓની આ માન્યતા યોગ્ય નથી, કેમકે ગમ્ય-અગમ્યના વિવેકથી જ મોહ વિકાર રૂપ અમર્યાદિત ઇચ્છા નિરુદ્ધ થાય છે. આ નિરુદ્ધ ઇચ્છા સ્વલ્પ બળતણના અગ્નિની જેમ અલ્પકાળ ટકવાવાળી હોવાથી તેમજ દેશનિવૃત્તિ ગર્ભિત હોવાથી માધ્યસ્થ્યના બીજ રૂપ છે. મૈથુનનો એક દેશ = ભાગ જે અગમ્ય સાથેના મૈથુન રૂપ છે તેની નિવૃત્તિ આ નિરુદ્ધ ઇચ્છામાં સંકળાયેલી છે એ સ્પષ્ટ છે. આમ ઉક્ત વિવેકથી નિરુદ્ધ થયેલી ઇચ્છા માધ્યસ્થ્યનું બીજ છે એવું જે કહ્યું એમાં ગમ્યાગમ્યવિવેકરૂપ ધર્મથી પ્રગટતા શુભાશય દ્વારા શીઘ્ર પરમમાધ્યસ્થ્ય પણ પ્રાપ્ત થાય છે એવું તાત્પર્ય છે.॥૨૪॥ [ધર્મવ્યવસ્થાના એક અન્ય અંગ તપ અંગેની બૌદ્ધની વિપ્રતિપત્તિનું નિરાકરણ કરવા ગ્રન્થકાર ઉપક્રમ કરે છે–]

કેટલાક અબુધ વાદીઓ તપને દુઃખરૂપ માનીને આદરતા નથી. તપને, એ આર્તધ્યાનાદિનો હેતુ હોઇ તેમજ કર્મોદયથી થયેલ હોઇ તેઓ દુઃખરૂપ માને છે. કેવલ દુઃખ રૂપ એવા પણ ઉપવાસાદિથી જો તપસ્વી બની જવાતું હોય તો તો સઘળા દુઃખીઓ સમાન રીતે તપસ્વી બની જશે. વળી વિશેષ પ્રકારના દુઃખથી તપ પણ વિશેષ પ્રકારનો હોવો સિદ્ધ થઇ જશે. અષ્ટક પ્રકરણ ૧૧/૨-૩ માં કહ્યું છે કે "દુઃખાત્મક તપને પણ યોગ્ય માનવામાં આવે તો બધા જ દુઃખી તપસ્વી બની જશે. તેમજ વધુ ધનથી જેમ વધુ ધનવાન્ બને છે તેમ વધુ દુઃખથી વિશિષ્ટ તપસ્વી બની જશે. વળી તમારી આ રીતે તો નારકી વગેરે ભયંકર દુઃખી જીવો મહાતપસ્વી બની જશે અને ઉપશમસુખથી ભરેલા હોઇ યોગીઓ અતપસ્વી બની જશે." ઉપવાસાદિરૂપ તપ કાયપીડારૂપ હોઇ રોગાદિની જેમ આર્તધ્યાનાદિનો હેતુ બનતો હોવાના કારણે દુઃખરૂપ છે. કહ્યું છે કે "આહારવર્જિત શરીરમાં

= असातवेदनीयोदयात् समुद्भवादुत्पत्तेः ज्वरादिवत्। ततश्चानर्थहेतुत्वात् त्याज्यमेव, न तु लोकरूढ्या कर्तव्यमिति भावः।।२५।।

यथासमाधानविधेरन्तःसुखनिषेकतः।
नैतज्ज्ञानादियोगेन क्षायोपशमिकत्वतः।।२६।।

यथेति। नैतत्परोक्तं युक्तं, यथासमाधानं = मनइन्द्रिययोगानां समाधानमनतिक्रम्य विधेः =

[1]सो य तवो कायव्वो जेण मणो मंगुलं ण चिंतेइ। जेण ण इंदियहाणी जेण य जोगा ण हायंति।। इत्यागमेन विधानात्। अन्तः = मनसि भावारोग्यलाभसंभावनातः सुखस्य निषेकतः = निक्षेपात्। इत्थमपि कदाचित्कस्यचिद्भवन्त्या अपि देहपीडाया आर्त्तध्यानाद्यहेतुत्वात् वंहीयसा मानससुखेनाल्पीयस्याः कायपीडायाः प्रतिरोधात्। तदुक्तं-

धातुक्षोभ थाय छे. ते थये तो अधिक सत्त्वशाली पण चित्तभ्रंश पामे छे." वळी भूख्या रहेवा રૂप आ तप अशातावेदनीयना उदयथी समुद्भूत थतो होवाथी पण रोगादिनी जेम ए दुःखરૂप छे. आम आर्त्तध्यानादिરૂप अनर्थना हेतुभूत होइ आ तप त्याज्य ज छे, पण लोकરૂढिथी कर्त्तव्य नथी ए आशय छे. ॥२५॥ [आवा पूर्वपक्षने जवाब वाळवा ग्रन्थकार कहे छे-]

पूर्वपक्षीनुं कथन योग्य नथी, केमके तपनुं विधान यथासमाधि छे, तपथी अंतःकरणमां सुखनो छंटकाव थाय छे तेमज ज्ञानादिथी संबद्ध होइ तप क्षायोपशमिक छे. "ते तप करवो जोइએ जेनाथी मन खराब विचारोमां न चढे तेमज जेनाथी इन्द्रियोनी हानि न थाय के संयमयोगोनी हानि न थाय" आवा आगमवचनथी मन, इन्द्रिय अने संयम योगोनी समाधिने उल्लंघ्या वगर तप करवानुं जे विधान कर्युं छे तेनाथी जणाय छे के एवो तप दुःखરૂप नथी के एनाथी आर्त्तध्यान नथी थतुं, पण उपरथी भाव आरोग्य प्राप्तिनी संभावना होवाथी मनमां सुखनी अनुभूति थाय छे. एटले क्यारेक को'कने देहपीडा थाय तो पण એ आर्त्तध्यानादिनो हेतु बनती नथी, केमके प्रचुर मानसिकसुखथी अल्पतर कायपीडानो प्रतिरोध थइ जाय छे. एटले देहपीडाરૂप तप आर्त्तध्यानादिना हेतुभूत होइ दुःखરૂप छे એवी वात योग्य नथी. अष्टक ११/५-६-७ मां कह्युं छे के "श्रीजिनेश्वरदेवोએ तप अंगे मन, इन्द्रिय अने पडिलेहणादि संयमयोगोनी अहानि कही छे. एटले आ तपने दुःखરૂप कहेवो એ शी रीते योग्य छे? क्यारेक अनशनादिथी जे अल्प देहपीडा थाय छे ते पण आ प्रवचनमां व्याधिनी प्रतिक्रिया समान होइ भाव आरोग्य રૂप इष्टनी सिद्धि करी आपनार होवाना कारणे बाधनी = मनने दुःख करनारी बनती नथी. इष्ट चीजनी सिद्धि जो थती होय तो कायपीडा पण दुःखद बनती नथी, जेमके रत्न वगेरेना वेपारी वगेरेथी उठावातो काय परिश्रम. आ ज प्रमाणे प्रस्तुतमां पण तप अंगे विचारवुं." वळी अशातावेदनीयना उदयथी थयेल औदयिकभाव રૂप होइ रोगादिनी जेम तप पण अनादरणीय छे એवुं जे कह्युं छे ते पण अयोग्य छे, केमके ज्ञान, शम, संवेगसुख, ब्रह्मगुप्ति वगेरेथी संकळायेल होइ तप चारित्रमोहनीय कर्मना क्षयोपशमथी थयेल क्षायोपशमिक भाव રૂप छे, माटे એ औदयिक न होइ अनादरणीय नथी. अष्टक ११/८ मां कह्युं छे के "तप सम्यग्दर्शनना कारणे विशिष्ट बनेला એवा ज्ञान, संवेग, शमथी गर्भित होय छे. तेथी એने क्षायोपशमिक जाणवो जोइએ तेमज अव्याबाधसुखात्मक जाणवो जोइએ."

१ तच्च तपः कर्त्तव्यं येन मनोऽमंगलं न चिन्तयति। येन नेन्द्रियहानिर्येन च योगा न हीयन्ते।।

मनइन्द्रिययोगानामहानिश्चोदिता जिनैः। यतोऽत्र तत्कथं न्वस्य युक्त्या(ता) स्याद्दुःखरूपता।।

यापि चानशनादिभ्यः कायपीडा मनाक् क्वचित्। व्याधिक्रियासमा सापि नेष्टसिद्ध्यात्र वाधनी।।

दृष्टा चेष्टार्थसंसिद्धौ कायपीडा ह्यदुःखदा। रत्नादिवणिगादीनां तद्वदत्रापि भाव्यताम्।। इति।

तथा ज्ञानादीनां, आदिना शमसंवेगसुखब्रह्मगुप्त्यादिग्रहः, योगेन = संबंधेन। क्षायोपशमिकत्वतः = चारित्रमोहनीयकर्मक्षयोपशमसमुद्भवत्वान्न तप औदयिकत्वादनादरणीयम्। तदाह–

"विशिष्टज्ञानसंवेगशमसारमतस्तपः। क्षायोपशमिकं ज्ञेयमव्यावाधसुखात्मकम्।।१।।"

शमादय एव क्षायोपशमिका न तु तप इति **चेद्? न**, गुणसमुदायरूपस्य तपसोऽशविवेचनेन पृथक्करणेऽतिप्रसङ्गात्, क्रोधादिदोषविरोधेन शमादीनामिव प्रमादादिदोषविरोधेन तपसोऽप्यात्मगुणत्वाच्च। क्वचिदार्तध्यानादिदोषसहचरितत्वदर्शनेन तपसस्त्याज्यत्वे च क्वचिदंहकारादिसहचरितत्वाज्ज्ञानमपि त्याज्यं स्यात्। विवेकिनां ज्ञानं न तथेति **चेद्**? विवेकिनां तपोऽप्येवमिति समानमुत्पश्यामः।।२६।।

दयापि लौकिकी नेष्टा षट्कायानवबोधतः।
ऐकान्तिकी च नाज्ञानान्निश्चयव्यवहारयोः।।२७।।

दयापीति। लौकिकी = लोकमात्रप्रसिद्धारण्यवासिनां तापसादीनां दयापि षट्कायानववोधतः पृथिव्यादिजीवापरिज्ञानान्नेष्टा = न फलवती, दयाया ज्ञानसाध्यत्वात्, '[1]पढमं नाणं तओ दया' इति

शंका - आमांथी शम वगेरे ज क्षायोपशमिक भावरूप छे, नहीं के तप.

समाधान - गुणसमुदायरूप तपनुं ते ते अंशनुं विवेचन करीने = जुदा पाडीने पृथक्करण करवामां अतिप्रसंग थतो होवाथी आवी शंका बराबर नथी. एटले के ज्ञान, शम वगेरे क्षायोपशमिक भावोने जुदा पाडी दीधा पछी मात्र भूख्या रहेवा रूप अंशने ज जे तप रूप मानवामां आवे (अने तेथी एने औदयिकभावरूप मानवामां आवे) तो भिखारी वगेरे पण जे भूख्या रहे छे तेने पण तप रूप मानवानो अतिप्रसंग आवे. पण तेने कोइ तप रूप मानतुं नथी. वळी क्रोध वगेरे दोषना विरोधी होइ शम वगेरे जेम आत्मगुणरूप छे तेम तप पण प्रमाद वगेरे दोषोनो विरोधी होइ आत्मगुणरूप छे, तेथी एने औदयिकभाव मानी अनादरणीय शी रीते मनाय? क्यारेक को'कना तपने आर्तध्यान वगेरे दोषना साहचर्यवाळो जोवा मात्रथी जो एने त्याज्य मानी लेवानो होय तो तो क्यारेक को'कनुं ज्ञान पण अहंकार वगेरे दोषना साहचर्यवाळुं जोवा मळतुं होवाथी त्याज्य बनी जशे. "विवेकीनुं ज्ञान अहंकारादिथी सहचरित होतुं नथी, माटे ए त्याज्य नथी" एवी जो दलील करशो तो 'विवेकीनो तप पण आर्त्तध्यानादिथी सहचरित होतो नथी, माटे ए अनादरणीय नथी' एवी दलील तप माटे पण समान ज छे एवुं अमे जोइए छीए.॥२८॥ [हवे धर्मव्यवस्थाना अन्य अंग दया अंगेनी व्यवस्था देखाडवा ग्रन्थकार कहे छे–]

[बोधशून्य दया इष्ट नथी]

षड्जीवनिकायनो बोध न होवाथी लौकिक दया पण इष्ट = फळयुक्त नथी. वळी निश्चयव्यवहारनी जाणकारी न होइ ऐकान्तिकी दया पण इष्ट नथी. 'प्रथम ज्ञान, पछी दया' एवा श्रीदशवैकालिकसूत्रोक्त वचनथी जणाय छे के दया ज्ञानसाध्य छे. तेथी अरण्यवासी तापस वगेरेथी पळाती, लोकमात्रमां प्रसिद्ध थयेली

१ एवं चिट्ठइ सव्वसंजए। अन्नाणी किं काही किं वा नाहीइ छेअपावगं।। इति गाथाशेषः।।दशवै. ४ अध्य.।।

वचनात्। निश्चयव्यवहारयोरज्ञानादैकान्तिकी च स्थूलव्यवहारमात्राभिमता लोकोत्तराभा सापि दया नेष्टा, तदभिमताया हिंसाया एवातिप्रसक्तत्वात्, तदभावस्याभिमानिकत्वात्, तादृशदयासद्भावेऽपि तत्त्वज्ञानाभावसद्भावाच्चेति भावः।।२७।।

व्यवहारात्परप्राणरक्षणं यतनावतः।
निश्चयान्निर्विकल्पस्वभावप्राणावनं तु सा।।२८।।

व्यवहारादिति। यतनावतः = सूत्रोक्तयतनाशालिनः परेषां प्राणानां रक्षणं व्यवहारादहिंसा, लोकसंमतार्थग्राहित्वाद्व्यवहारनयस्य, निश्चयतः परप्राणिसाध्यपरप्राणरक्षणे स्वसाध्यत्वशुभसंकल्पानुविद्धत्वाच्च। निश्चयनयात्तु निर्विकल्पो विकल्पपवननिवृत्त्या स्तिमितोदधिदशास्थानीयो यः स्वस्य भावप्राणः

दया पण ईष्टफळ साधक बनती नथी, केमके ए दया पृथ्वीकाय वगेरे जीवोनी जाणकारी विनानी होय छे. निश्चय अने व्यवहारनी जाणकारी न होवाथी जे ऐकान्तिकी (एकान्तग्रस्त) बनेली छे - एटले के स्थूलव्यवहार मात्रने अभिमत छे, लोकोत्तर दया जेवो आभास करावती ते दया पण ईष्ट नथी, केमके ते स्थूलव्यवहारने अभिमत एवी हिंसा ज अतिप्रसक्त थयेली होवाथी तेनो अभाव मानवो ए मात्र अभिमान ज छे. आशय ए छे के मूर्तिलोपको जिनपूजा वगेरेमां पृथ्वीकायादिनी (स्वरूप) हिंसाने आगळ करी ए जीवोनी दया तरीके मूर्तिपूजा वगेरेनो जे निषेध करे छे अने पृथ्वीकायादिनी लोकोत्तर दया अमे पाळीए छीए एवो जे आभास ऊभो करे छे तेओनी ते दया पण ईष्टफळ साधक नथी. 'प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा' आमां 'प्रमत्तयोग ए हिंसा छे' एवो निश्चयनो मत छे. 'प्राणव्यपरोपण ए हिंसा' ए व्यवहारनो मत छे अने 'प्रमत्तयोगथी प्राणव्यपरोपण थवो ए हिंसा' ए उभयने सांकळी लेनार 'प्रमाण' छे. मूर्तिपूजामां थता पृथ्वीकायादिना प्राणव्यपरोपण मात्रने जोइने हिंसा हिंसानी बूमराण मचावनारा मूर्त्तिलोपको स्थूलव्यवहार नयनी हिंसाने मान्य करे छे. आ स्वरूप हिंसा छे. पण एमां ऊछळतो भक्तिभाव, स्व-परने बोधिलाभादिद्वारा संपूर्ण जीवदया पालननो शुभभाव, जिनोक्त विधिपालन, जयणापालन वगेरे रूप अप्रमाद होवाथी प्रमत्तता होती नथी. तेथी निश्चयमान्य के प्रमाणमान्य हिंसा होती नथी. तेम छतां, मात्र स्थूलव्यवहारने मान्य-स्वरूपहिंसाने आगळ करी, एने पण वर्जवा रूप दया पालननुं तेओ अभिमान राखे छे. मात्र व्यवहारमान्य हिंसाने पण हिंसारूप मानी तेना अभावने पण दया मानवानी आ मान्यता योग्य नथी, केमके संपूर्णदया पाळनार तरीके जातने माननारा स्थाकवासी साधुओमां पण आ रीतनी स्थूलव्यवहारमान्य हिंसा ज अतिप्रसक्त थइ जती होवाथी तेना अभाव रूप दयापालन तो एक अभिमान ज बनी जाय छे. भिक्षा, विहार, नदी ऊतरवी वगेरेमां प्राणव्यपरोपण रूप हिंसा तेओथी पण थाय ज छे. वळी स्थूलव्यवहारमान्य हिंसाना अभावरूप आवी दया तेओमां होय तो पण तत्त्वज्ञाननो अभाव होइ = निश्चय, व्यवहारादि मान्य दया-हिंसा वगेरेनी जाणकारीनो अभाव होइ ए दया ईष्ट नथी. (तत्त्वज्ञाननी अविद्यमानतामां साचुं दयापालन संभवतुं नथी, केमके दया ए तत्त्वज्ञान साध्य छे ए आगळ कही गया छीए.) आ अहीं रहस्य छे. ॥२७॥ [दया अंगेनुं तत्त्वज्ञान जणाववा ग्रन्थकार कहे छे–]

[दया अंगेनुं तत्त्वज्ञान]

सूत्रोक्त जयणावाळो साधक अन्योना प्राणोनुं जे रक्षण करे छे ते व्यवहारथी अहिंसा = दया छे. निर्विकल्प स्वभाव रूप जे स्वकीय भावप्राण तेनी रक्षा ए निश्चयथी दया छे.

तदवनं = तद्रक्षणं सा दया, परप्राणरक्षणाऽवसरेऽपि तदविनाभाविना शुभसंकल्पेनाशुभसंकल्पादुदधौ निमज्जतो विषमतरंडलाभेनेव स्वभावप्राणत्राणेनैव निश्चयेन दयाऽभ्युपगमात्। अत एवोक्तमागमे–

"आया चेव अहिंसा आया हिंसत्ति णिच्छओ एसो। जो होइ अप्पमत्तो अहिंसओ हिंसओ इयरो।।"

नैगमस्य हि जीवेष्वजीवेषु च हिंसा, तथा च वक्तारो भवन्ति - "जीवोऽनेन हिंसितो, घटोऽनेन हिंसितः' इति। इत्थं च हिंसाशब्दानुगमाज्जीवेष्वजीवेषु च हिंसेति, एवमहिंसाऽपि। **संग्रहव्यवहारयोश्च** षड्जीवनिकायेषु हिंसा, संग्रहोऽत्र देशग्राही गृह्यते, सामान्यरूपस्य नैगमेऽन्तर्भावात्, व्यवहारश्च स्थूलविशेषग्राही लोकव्यवहरणशीलश्च, लोको हि वाहुल्येन षट्सु जीवनिकायेष्वेव हिंसामिच्छतीति। **ऋजुसूत्रश्च** प्रत्येकं

યતનાશીલ સાધકે કરેલ પરપ્રાણરક્ષણ એ એટલા માટે વ્યવહારથી અહિંસા રૂપ છે કે (૧) વ્યવહારનય લોકમાન્ય અર્થ ગ્રાહી છે (લોકમાં જીવને બચાવવો એ જ દયા કહેવાય છે) અને (૨) એ પ્રાણરક્ષણ નિશ્ચયથી = નિયમા, રક્ષણીયજીવના પ્રાણોનું જે રક્ષણ અન્ય (= રક્ષણીય જીવ ભિન્ન સ્વ વગેરે) જીવથી થવું શક્ય હોય તે રક્ષણ સ્વસાધ્ય છે એવા શુભસંકલ્પથી સંકળાયેલું હોય છે. એટલે કે 'હું જયણા વગેરેથી એ જીવના પ્રાણોનું રક્ષણ કરું' એવા શુભસંકલ્પ રૂપ શુભપરિણામથી એ અવશ્ય સંકળાયેલું હોય છે. લોકો અન્ય જીવને બચાવવાના પરિણામને પણ દયા કહે છે. એટલે એ વ્યવહારથી દયા રૂપ છે.

પવન અટકવાથી સમુદ્ર જેમ શાંત થઇ જાય છે એમ વિકલ્પરૂપ પવન અટકવાથી આત્મા એવી શાંત અવસ્થાને પામે છે. આવી શાંત અવસ્થા રૂપ જે સ્વકીય ભાવ પ્રાણ તેની રક્ષા કરવી (તેને જાળવી રાખવો) એ નિશ્ચયનયે દયા છે. કારણ કે અન્યના પ્રાણોની જ્યારે રક્ષા કરવામાં આવે છે ત્યારે પણ નિશ્ચયનય તો સ્વકીય ઉક્ત ભાવ પ્રાણની રક્ષા રૂપે જ દયા માને છે. સ્વકીય વજન વગેરેના કારણે સમુદ્રમાં ડૂબતો માણસ વિષમ એવા તરાપાની પ્રાપ્તિ થવાથી જેમ સ્વપ્રાણોની રક્ષા કરે છે તેમ અશુભસંકલ્પના કારણે સંસારસમુદ્રમાં ડૂબતા જીવને શુભસંકલ્પ એ વિષમ તરાપાની પ્રાપ્તિરૂપ છે, એનાથી એના સ્વકીય ભાવપ્રાણનું રક્ષણ થાય છે. આ સ્વભાવપ્રાણના રક્ષણ રૂપે જ પરપ્રાણરક્ષણમાં નિશ્ચયનય દયા માને છે. [આમાં અપ્રમત્તતા રૂપ સ્વકીય શુભભાવ જળવાઇ રહેતો હોવાથી ભાવપ્રાણની રક્ષા થાય છે.] નિશ્ચયનય સ્વકીય ભાવપ્રાણની રક્ષાને જ અહિંસા માને છે એ કારણે જ આગમમાં પણ કહ્યું છે કે "આત્મા જ અહિંસા છે અને આત્મા જ હિંસા છે આવી માન્યતા એ નિશ્ચયનય છે. જે અપ્રમત્ત હોય છે તે અહિંસક હોય છે અને જે ઇતર = પ્રમત્ત હોય છે તે હિંસક હોય છે."

[હિંસા-અહિંસા અંગે વિવિધનયાભિપ્રાય]

હિંસા-અહિંસા અંગે જુદા જુદા નયોનો અભિપ્રાય આવો છે– નૈગમનય જીવ અને અજીવ બન્ને વિશે હિંસા અને અહિંસા બન્ને માને છે. અજીવ ચીજને વિશે પણ તેના મુખ્ય ઉપયોગી સ્વરૂપનો નાશ થયે હિંસાનો વ્યવહાર થાય છે. લોકમાં પણ આવું બોલનારા સંભળાય છે કે 'આણે જીવની હિંસા કરી આણે ઘડાની હિંસા કરી' 'આણે ઝેર મારીને ખાધું' ઇત્યાદિ... આમ 'હિંસા' શબ્દનો ઉલ્લેખ થતો હોવાથી નૈગમનયે જીવો અને અજીવો એ બન્ને વિશે હિંસાને અને અહિંસાને માન્ય કરી છે. સંગ્રહ અને વ્યવહારનય ષડ્જીવનિકાયો વિશે જ હિંસા/અહિંસા માને છે, પણ અજીવ વિશે નહીં. અહીં 'સંગ્રહ' તરીકે દેશગ્રાહી સંગ્રહનય જાણવો, કેમકે સામાન્યરૂપસંગ્રહનયનો તો નૈગમમાં અંતર્ભાવ થઇ ગયો છે. 'વ્યવહાર નય' તરીકે સ્થૂલવિશેષોને સ્વીકારનાર અને લોકવ્યવહારને અનુસરનાર વ્યવહારનય લેવો. લોક મુખ્યતયા ષડ્જીવનિકાયો વિશે જ હિંસાનો વ્યવહાર કરે

प्रत्येकं जीवहिंसाव्यतिरिक्तामिच्छति। **शब्दसमभिरूढैवंभूतनयानां** चात्मैव हिंसा निजगुणप्रतिपक्ष-प्रमादपरिणतः, स्वभावपरिणतश्चात्मैवाहिंसेति नयविभागः।।२८।।

विशष्टव्यवहारविधेर्विशेष्यवाधेऽपि विशेषणोपसंक्रमान्न व्याघात इत्याह-

यत्नतो जीवरक्षार्था तत्पीडापि न दोषकृत्।
अपीडनेऽपि पीडैव भवेदयतनावतः।।२९।।

यत्नत इति। यत्नतः = सूत्रोक्तयतनया जीवरक्षार्था = स्वरसतो जीवरक्षोद्देशप्रवृत्ता। तत्पीडापि = जीवपीडापि। न दोषकृत् = न सांपरायिककर्मवन्धकृत्। यत उक्तं-

"अज्झत्थविसोहीए जीवनिकाएहिं संघडे लोए।
देसियमहिंसगत्तं जिणेहिं तेलुक्कदंसीहिं।।१।।" तथा -

"तस्स असंवेयओ संवेययओ अ जाइ सत्ताइं।

છે. ઋજુસૂત્રનય પ્રત્યેક પ્રત્યેક જીવહિંસાને ભિન્ન ભિન્ન માને છે. સ્વકીય ગુણોના પ્રતિપક્ષ ભૂત પ્રમાદ વગેરે પરિણામો વાળો આત્મા જ હિંસા છે અને સ્વભાવરૂપે પરિણમેલો આત્મા જ અહિંસા છે એવો શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયોનો અભિપ્રાય છે. હિંસા અને અહિંસા અંગે આવી નયપ્રરૂપણા જાણવી. ॥૨૮॥ જયણાશીલ સાધકે કરેલ પરપ્રાણરક્ષણ એ અહિંસા છે એવું વ્યવહારનયે કહ્યું. એટલે કે જયણા વિશિષ્ટ પરપ્રાણરક્ષણ રૂપ અહિંસાનું વ્યવહારથી વિધાન છે. અપવાદાદિ સ્થળે, જયણાયુક્ત સાધકથી પણ જે દ્રવ્યહિંસા થઇ જાય છે તેમાં પરપ્રાણરક્ષણ રૂપ વિશેષ્ય બાધિત થઇ જાય છે. તેમ છતાં, सविशेषणे हि विधिनिषेधौ विशेषणमुपसंक्रामतो विशेष्याऽऽवाधके सति' વિશેષણયુક્ત (એટલે કે વિશિષ્ટ) વિધિ- નિષેધ વિશેષણમાં સંક્રાન્ત થઇ જાય છે જો વિશેષ્ય બાધિત હોય' એવા ન્યાય મુજબ પ્રસ્તુતમાં પણ અહિંસાનો વિધિ 'જયણા' રૂપ ('આજ્ઞા શુદ્ધભાવ' રૂપ) વિશેષણમાં સંક્રાન્ત થઇ જાય છે. એટલે વિશિષ્ટ અહિંસારૂપ વિશિષ્ટવ્યવહારવિધિનું પાલન થયું ન હોવા છતાં વિશેષણમાં સંક્રાન્ત થયેલ તે વિશિષ્ટ વ્યવહાર વિધિનું પાલન તો સંપન્ન થયું જ હોય છે. માટે વિશિષ્ટ વ્યવહારવિધિનો પણ વ્યાઘાત થતો નથી એવું ગ્રન્થકાર જણાવે છે--

[આ જ રીતે 'પ્રમાદયુક્ત પરપ્રાણવ્યપરોપણ' એ હિંસા છે અને એનો નિષેધ છે. જ્યાં અજયણા રૂપ પ્રમાદ છે ત્યાં કદાચ જીવહિંસા ન થઇ હોય તો પણ ઉક્તન્યાયે, પ્રમાદરૂપ વિશેષણમાં સંક્રાન્ત થયેલ તે વિશિષ્ટ નિષેધનો વ્યાઘાત થતો નથી એવું ગ્રન્થકાર જણાવે છે--]

જીવરક્ષા માટે યત્નથી કરાયેલી જીવપીડા પણ દોષ કરનારી બનતી નથી. જયણાશૂન્ય જીવે પીડા ન કરી હોય તો પણ એ પીડારૂપ જ બને છે.

સ્વરસથી = પોતાના તેવા આંતરિક ભાવથી જીવને બચાવવા માટે જે સૂત્રોક્ત જયણા પાળવામાં આવે છે તેનાથી કદાચ કોઇ જીવને પીડા થઇ જાય તો પણ તે પીડા સાંપરાયિક કર્મબંધ = સકષાય કર્મબંધ કરનારી બનતી નથી. કહ્યું છે કે "જીવનિકાયોથી ખીચોખીચ ભરેલા આ લોકમાં (જીવોની દ્રવ્યહિંસા અવશ્યંભાવી હોવા છતાં) ત્રૈલોક્યદર્શી શ્રીજિનેશ્વર દેવોએ 'અધ્યાત્મવિશુદ્ધિથી અહિંસકપણું જળવાઇ રહે છે' એમ કહ્યું છે." વળી આવું પણ કહ્યું છે કે "(ઇર્યાસમિતિના પાલનમાં તત્પર અધ્યાત્મવિશુદ્ધિ યુક્ત) તે મહાત્માના યોગ (= શારીરિક વ્યાપાર) ને પામીને, તેમની જાણ બહાર કે જાણ હોવા છતાં (સહસાત્કારે) જે જીવો વિનાશ પામે છે તેની હિંસાનું ફળ (પાપ કર્મબંધ વગેરે) તે મહાત્માને મળતું નથી." જે જીવ જયણા રાખતો નથી તેનાથી કદાચ

जोगं पप्प विणस्संति णत्थि हिंसाफलं तस्स।।१।।"

अयतनावतो = यतनावर्जितस्य। अपीडनेऽपि = दैवात्परप्राणिपीडनाभावेऽपि तत्त्वतः पीडैव भवति। तदुक्तं–

"जे वि ण वाविज्जंति णियमा तेसिं पि हिंसगो सो उ।

सावज्जो उपओगेण सव्वभावेण सो जम्हा।।१।।"

इत्थं परिणामप्राधान्यमेव व्यवस्थितमित्याह–

रहस्यं परमं साधोः समग्रश्रुतधारिणः।
परिणामप्रमाणत्वं निश्चयैकाग्रचेतसः।।३०।।*

रहस्यमिति। रहस्यं = तत्त्वं परमं = सर्वोत्कृष्टं साधोः = समग्रश्रुतधारिणः = स्वभ्यस्तगणिपिटकोपनिषदः परिणामस्य = चित्तभावस्य प्रमाणत्वं = फलं प्रति स्वातंत्र्यलक्षणं निश्चये = निश्चयनये एकाग्रं

(અન્ય જીવના તેવા) ભાગ્યયોગે અન્ય જીવને પીડા ન થાય તો પણ તત્ત્વતઃ તો એ પીડારૂપ જ બને છે. એટલે કે તે જીવની જયણાશૂન્ય તે પ્રવૃત્તિ વસ્તુતઃ તો પીડાકર પ્રવૃત્તિરૂપ જ બને છે. [અને તેના કારણે એ જયણાશૂન્ય જીવને સાંપરાયિક કર્મબંધ થાય જ છે.] કહ્યું છે કે "જે જીવો મરતા નથી તેઓનો પણ એ જયણાશૂન્ય પ્રમત્ત જીવ તો નિયમા હિંસક જ છે. કેમકે એ પોતાના ઉપયોગ = પરિણામની અપેક્ષાએ તો સર્વભાવે સાવદ્ય છે જ."॥૨૯॥ આમ અહિંસાપાલન થવું કે હિંસાદોષ લાગવો એમાં, જીવરક્ષા માટે સૂત્રોક્ત જયણા પાલનના ભાવ રૂપ પરિણામ છે કે નહીં એ જ મુખ્ય ભાગ ભજવે છે એવી વ્યવસ્થા છે એ જણાવવા ગ્રન્થકાર કહે છે–

[હિંસા-અહિંસા અંગે નિશ્ચય-વ્યવહાર]

ઠોસ અભ્યાસથી સમસ્ત દ્વાદશાંગીના રહસ્યને પામેલા સાધુઓ નિશ્ચયનયમાં જ્યારે દત્તચિત્ત હોય છે ત્યારે આવું સર્વોત્કૃષ્ટ રહસ્ય જાણે-જણાવે છે કે કોઇપણ પ્રવૃત્તિના કર્મબંધ કે કર્મનિર્જરારૂપ ફળ પ્રત્યે ચિત્તના ભાવ રૂપ પરિણામ એ જ પ્રમાણ છે. એટલે કે એ જ સ્વતંત્રપણે બંધ કે નિર્જરા રૂપ ફળ આપી દે છે, એને એ ફળ આપવામાં હિંસા થવી કે ન થવી વગેરે રૂપ બાહ્ય પ્રવૃત્તિની અપેક્ષા છે નહીં. [બાહ્ય હિંસા થવા છતાં જો પ્રમાદ વગેરે રૂપ અશુદ્ધ પરિણામ ન હોય તો એ હિંસા કર્મબંધરૂપ ફળ આપી શકતી નથી અને બાહ્ય અહિંસા જળવાયેલી હોવા છતાં જો જયણા વગેરે રૂપ શુદ્ધ પરિણામ ન હોય તો એ અહિંસા કર્મનિર્જરા રૂપ ફળને આપી શકતી નથી. એટલે કે બાહ્ય હિંસા કે અહિંસા ફળ આપવામાં આંતરિકપરિણામની અપેક્ષા રાખે છે, સ્વતંત્ર નથી, માટે એ પ્રમાણ નથી. તેમ છતાં, આંતરિકપરિણામ લોકવ્યવહારનો વિષય નથી, બાહ્ય હિંસા કે અહિંસા જ લોકવ્યવહારનો તો વિષય છે. એટલે વ્યવહારનય તો બાહ્ય હિંસાથી અને અહિંસાથી જ કર્મબંધ કે કર્મનિર્જરાનો વ્યવહાર કરે છે. એટલે કે વ્યવહારનયે બાહ્ય હિંસા/અહિંસા પ્રમાણ છે. એમાં પણ આંતરિક અશુદ્ધભાવ વિશિષ્ટ હિંસાને જે કર્મબંધ પ્રત્યે પ્રમાણ માને છે અને આંતરિક શુદ્ધભાવ વિશિષ્ટ અહિંસાને જે કર્મનિર્જરા પ્રત્યે પ્રમાણ માને છે તે (શુદ્ધવ્યવહારનય જાણવો) અને તે સિવાયનો અશુદ્ધવ્યવહારનય જાણવો.]॥૩૦॥ **શંકા** - 'આંતરિક પરિણામને કર્મનિર્જરા રૂપ ફળ આપવામાં બાહ્ય જીવરક્ષાની કોઇ અપેક્ષા નથી' આવો જ જો નિશ્ચયનયનો અભિપ્રાય છે તો પરપ્રાણરક્ષા કરવાની જરૂર જ શી છે? આશય એ છે

* તુલના -- परमरहस्समिसीणं समत्तगणिपिडगझरियसाराणं। परिणामियं पमाणं निच्छयमवलंबमाणाणं।।

= अव्याक्षिप्तं चेतो यस्य (तस्य)।।३०।। **ननु** यद्ययं निश्चयस्तदा किं परप्राणरक्षणया लोकमात्रप्रत्यय-प्रयोजनयेत्यत आह–

तिष्ठतो न शुभो भावो ह्यसदायतनेषु च।
गन्तव्यं तत्सदाचारभावाभ्यन्तरवर्त्मना।।३१।।

तिष्ठत इति। असदायतनेषु प्राणव्यपरोपणादिषु तिष्ठतो हि शुभो भाव एव न भवति, अतः परिणामशुद्ध्यर्थमेव परप्राणरक्षणं साधूनामिति भावः। तदुक्तं–

जो पुण हिंसायतणेसु वट्टइ तस्स णणु परिणामो।
दुट्ठो न य तं लिंगं होइ विसुद्धस्स जोगस्स।।१।।
तम्हा सया विसुद्धं परिणामं इच्छया सुविहिएणं।
हिंसाययणा सव्वे परिहरियव्वा पयत्तेणं।।२।।"

કે નિર્જરામાટે તો પરપ્રાણરક્ષાની કોઇ આવશ્યકતા નથી. એટલે એ જો કરવાની હોય તો પણ માત્ર, 'અમે અહિંસક છીએ' એવું લોકોને દેખાડવા માટે જ કરવાની રહી. તો એવી લોકોને માત્ર દેખાડવા માટેની પરપ્રાણરક્ષા પરમાર્થથી તો કરવાની ન જ રહી ને! આવી શંકાનું **સમાધાન** કરતા ગ્રન્થકાર કહે છે–

પરપ્રાણવિયોજન વગેરે અસદ્આયતનમાં વર્તનાર વ્યક્તિનો ભાવ જ શુભ રહેતો નથી. એટલે પરિશુદ્ધ બાહ્ય જયણા રૂપ સદાચાર અને શુદ્ધ પરિણામ આ બન્નેથી થયેલ આભ્યન્તર માર્ગે મુમુક્ષુએ ચાલવું જોઇએ.

આશય એ છે કે કર્મનો બંધ કે નિર્જરા રૂપ ફળ પ્રત્યે તો આંતરિક પરિણામ જ ભાગ ભજવે છે. એટલે સાધુએ કર્મનિર્જરાના સ્વઉદ્દેશને સિદ્ધ કરવા પરિણામને જ શુદ્ધ રાખવાનો હોય છે. પણ, આ શુદ્ધ પરિણામ માટે હિંસા વગેરે અસદ્આયતનો છે અને પરપ્રાણરક્ષા, જયણા વગેરે સદ્આયતનો છે. એટલે પરિણામની શુદ્ધિ માટે જ સાધુઓએ પરપ્રાણરક્ષા વગેરે સદ્આયતનોને સેવવાના હોય છે. નિષ્કારણ હિંસા કરનારો અહિંસાના પરિણામને શી રીતે ટકાવી શકે? કહ્યું છે કે "જે હિંસા આયતનમાં વર્ત છે તેનો પરિણામ ખરેખર દુષ્ટ હોય છે. (આ એના પરથી જણાય છે કે) હિંસાઆયતનમાં વર્તવું એ વિશુદ્ધ યોગનું લિંગ (જ્ઞાપક હેતુ) નથી. એટલે કે એ અશુદ્ધ યોગને (ભાવને) જણાવે છે. તેથી વિશુદ્ધપરિણામને ઇચ્છતા સુવિહિત મુનિએ હંમેશા બધા હિંસાયતનોનો પ્રયત્ન પૂર્વક પરિહાર કરવો જોઇએ."

[ત્રિવિધ શુદ્ધ નિશ્ચય]

બાકી, 'ફળ પ્રત્યે પરિણામ જ પ્રધાન છે' એવા નિશ્ચયને જેઓ એકાન્તે પકડી લે છે [અને તેથી બાહ્ય પરપ્રાણરક્ષા કરવાના સદાચાર રૂપ વ્યવહારને નેવે મૂકી દે છે] તેઓ પરમાર્થથી તો નિશ્ચયનયને જ જાણતા નથી, કારણકે હેતુશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ નિશ્ચયનું તેઓને જ્ઞાન નથી. [આશય એ છે કે જે નિશ્ચય શુદ્ધવ્યવહારથી ઉત્પન્ન થયો હોય તે હેતુશુદ્ધનિશ્ચય છે. શુદ્ધ પરિણામ એ સ્વરૂપશુદ્ધ નિશ્ચય છે અને શુદ્ધ પરિણામ ટકી રહે - વૃદ્ધિ પામે એ અનુબંધશુદ્ધ નિશ્ચય છે. જેઓ એકાન્તનિશ્ચયને પકડી બાહ્ય સદાચારની સરાસર ઉપેક્ષા કરે છે તેઓ આ હેતુ વગેરેથી શુદ્ધ નિશ્ચયના જાણકાર ન હોવાથી એવા શુદ્ધ નિશ્ચયથી ભ્રષ્ટ જ થઇ જાય છે. તેઓને કદાચ શુદ્ધભાવ રૂપ સ્વરૂપશુદ્ધ નિશ્ચય અલ્પકાળ માટે પ્રગટ્યો હોય તો પણ એ બાહ્ય સદાચારથી પ્રકટ થયો ન હોવાથી હેતુશુદ્ધ હોતો નથી. વળી બાહ્ય અસદાચારોમાં પ્રવર્તતા રહેવાથી તેઓનો એ શુદ્ધ ભાવ ટકી શકતો નથી. તેથી તેઓનો નિશ્ચય અનુબંધશુદ્ધ પણ હોતો નથી. તેથી પરિણામે

ये त्वेकान्तनिश्चयमेवाद्रियन्ते ते निश्चयतो निश्चयमेव न जानते, हेतुस्वरूपानुबन्धशुद्धत-ज्ज्ञानाभावात्। तदाह-

"णिच्छयमवलंवंता णिच्छयओ णिच्छयं अयाणंता।

णासंति चरणकरणं वाहिरकरणालसा केई।।१।।

तद् = तस्मात्सदाचारः परिशुद्धबाह्ययतना भावश्च = शुद्धपरिणामः ताभ्यामभ्यन्तरवर्त्मना गन्तव्यं मुमुक्षुणा, तथैव दयाविशेषसिद्धेरिति हितोपदेशः।।३१।।

विदित्वा लोकमुत्क्षिप्य लोकसंज्ञां च लभ्यते।
इत्थं व्यवस्थितो धर्मः परमानन्दकन्दभूः।।३२।।

विदित्वेति। विदित्वा = ज्ञात्वा, लोकं = स्वेच्छाकल्पिताचारसक्तं जनं, उत्क्षिप्य = निराकृत्य लोकसंज्ञां वहुभिर्लोकैराचीर्णमेवास्माकमाचरणीयमित्येवंरूपां च लभ्यते = प्राप्यते इत्थमुक्तरीत्या व्यवस्थितः = प्रमाणप्रसिद्धः धर्मः परमानन्द एव कन्दस्तस्य भूः = उत्पत्तिस्थानम्।।३२।।

।। इति धर्मव्यवस्थाद्वात्रिंशिका।।७।।

તેઓ પ્રાપ્ત થયેલ સ્વરૂપ શુદ્ધ નિશ્ચયને પણ ગુમાવે છે.]

કહ્યું છે કે "નિશ્ચયમાત્રનું આલંબન લેનારા કેટલાક નિશ્ચયપ્રેમીઓ વાસ્તવમાં નિશ્ચયને જ જાણતા નથી. બાહ્ય સદાચારોને સેવવામાં આળસુ બનેલા તેઓ ચરણસિત્તરી અને કરણસિત્તરીનો નાશ કરે છે, એટલે કે પ્રાપ્ત થયેલ ચારિત્રથી ભ્રષ્ટ થાય છે." આમ એકલા નિશ્ચયને પકડવાથી વસ્તુતઃ તો નિશ્ચયથી પણ ભ્રષ્ટ જ થવું પડે છે. તેથી મુમુક્ષુએ પરિશુદ્ધ બાહ્ય જયણા રૂપ સદાચાર તેમજ શુદ્ધ પરિણામરૂપ ભાવ આ બન્ને દ્વારા આભ્યંતર માર્ગે ચાલવું જોઇએ. કારણકે આ રીતે ચાલવાથી જ નિશ્ચય-વ્યવહાર ઉભય માન્ય (અને તેથી સિદ્ધાન્તમાન્ય) વિશેષપ્રકારની દયા સિદ્ધ થાય છે. આ મુમુક્ષુ પ્રત્યેનો ઉપદેશ છે.॥૩૧॥ ધર્મવ્યવસ્થા બત્રીશીનો ઉપસંહાર કરતા ગ્રન્થકાર કહે છે–

લોકને જાણીને અને લોકસંજ્ઞાને દૂર કરીને, ઉપર કહી ગયાં મુજબની વ્યવસ્થાવાળો ધર્મ પ્રાપ્ત થાય છે જે ધર્મ પરમાનંદ મોક્ષરૂપી કંદની ઉત્પત્તિભૂમિ છે.

લોક સ્વઇચ્છા મુજબ કલ્પી કાઢેલા આચારોને પાળવામાં તત્પર હોય છે. આ જાણીએ એટલે લોક સંજ્ઞાનો ત્યાગ થાય છે. જાતને ધર્મી તરીકે ઓળખાવનારા પણ ઘણા લોકો માંસભક્ષણ કરે છે, વેદોક્ત માંસભક્ષણને નિર્દોષ માને છે. મદ્યપાનને નિર્દોષ માને છે, પુત્ર પ્રાપ્તિ માટે મૈથુનસેવનને ધર્મ તરીકે આચરે છે, દરેક સ્ત્રી પ્રત્યે સમભાવ રાખી દરેકને ગમ્ય માને છે, તપને દુઃખરૂપ માની એનાથી દૂર રહે છે, લૌકિક દયાને પાળે છે, માટે અમારે પણ આવું બધું આચરવું-માનવું જોઇએ આવો અભિપ્રાય એ લોકસંજ્ઞા છે. સ્વઇચ્છાનુસારે કલ્પી કાઢેલા આચારોથી કાંઇ મુમુક્ષુને ઇષ્ટ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. કિન્તુ જ્ઞાનીપુરુષોએ કહેલા યુક્તિસંગત આચારોથી એ પ્રાપ્તિ થાય છે. માટે 'ઘણા લોકો કરે છે એટલે હું પણ કરું' એવી લોકસંજ્ઞા ત્યાજ્ય છે. એનો ત્યાગ થવાથી ઉપર કહ્યા મુજબની માંસભક્ષણત્યાગ વગેરે વ્યવસ્થાવાળો પ્રમાણસિદ્ધ ધર્મ પ્રાપ્ત થાય છે જે પરમાનંદ મોક્ષના ઉત્પત્તિસ્થાનરૂપ હોઇ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.॥૩૨॥

।।अथ वादद्वात्रिंशिका।।८।।

धर्मव्यवस्थातो वादः प्रादुर्भवतीति तत्स्वरूपमिहोच्यते–

शुष्कवादो विवादश्च धर्मवादस्तथापरः।
कीर्तितस्त्रिविधो वाद इत्येवं तत्त्वदर्शिभिः।।१।।

शुष्केति। स्पष्टः।।१।।

परानर्थो लघुत्वं वा विजये च पराजये।
यत्रोक्तौ सह दुष्टेन शुष्कवादः स कीर्तितः।।२।।

परेति। यत्र दुष्टेन = अत्यन्तमानक्रोधोपेतचित्तेन सहोक्तौ सत्यां विजये सति परस्य = प्रतिवादिनः परः = प्रकृष्टो वाऽनर्थो = मरणचित्तनाशवैरानुवन्धसंसारपरिभ्रमणरूपः साध्वतिपातनशासनोच्छेदादिरूपो वा। पराजये च सति लघुत्वं वा "जितो जैनोऽतोऽसारं जैनशासनं" इत्येवमवर्णवादलक्षणं भवति, स शुष्कवादो गलतालुशोषमात्रफलत्वात् कीर्तितः।।२।।

ભક્ષ્યાભક્ષ્ય વગેરે અંગેની ધર્મવ્યવસ્થા દેખાડી. અન્યાન્ય ધર્મવાળાઓ જુદા જુદા પ્રકારની ધર્મવ્યવસ્થા માને છે. એટલે કઇ વ્યવસ્થા યોગ્ય છે? કઇ અયોગ્ય છે? ઇત્યાદિ જાણવા વગેરે માટે વાદો ઊભા થાય છે. તેથી આ આઠમી બત્રીશીમાં વાદનું સ્વરૂપ બતાવવામાં આવે છે. એમાં સૌ પ્રથમ વાદના પ્રકારો જણાવવા ગ્રન્થકાર કહે છે–

શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ. તત્ત્વજ્ઞોએ આ રીતે ત્રણ પ્રકારનો વાદ કહ્યો છે.॥૧॥ 'यथोद्देशं निर्देशः' એ ન્યાયે પ્રથમ **શુષ્કવાદનું** સ્વરૂપ દેખાડવા ગ્રન્થકાર કહે છે–

દુષ્ટપ્રતિવાદીની સાથે કરાતા જે વાદમાં વિજય થાય તો પ્રતિવાદીને અનર્થ થાય અને પરાજય થાય તો સ્વકીય જૈનશાસનની લઘુતા થાય તે વાદ શુષ્કવાદ કહેવાય છે. જે પ્રતિવાદી અત્યંત અહંકારી તેમજ તીવ્રક્રોધી હોય એ દુષ્ટપ્રતિવાદી છે. આવા પ્રતિવાદી સામે જો વિજય થાય તો એનો અહંકાર ઘવાય છે જેને કારણે એને એવો જોરદાર આઘાત લાગે છે કે જેથી કદાચ એ મરી જાય છે યા ગાંડો બની જાય છે. કદાચ આવું ન થાય તો પણ પોતાનું અભિમાન તોડનાર જૈન વાદી સાથે એને વૈર બંધાય છે, તીવ્રદ્વેષ થાય છે જેના કારણે એનું સંસારપરિભ્રમણ વધે છે. પ્રતિવાદીને આવા બધા અનર્થો થાય છે. વળી માનભંગ થવાથી ગુસ્સે ભરાયેલો તે પ્રતિવાદી જો તેવું રાજકીય લાગવગ વગેરે રૂપ સામર્થ્ય ધરાવતો હોય તો એ વિજેતા બનનાર વાદી સાધુને યાવત્ મૃત્યુ સુધીની સજા કરાવે છે. યા તો એ રાજ્ય વગેરેમાંથી શાસનનો સર્વથા ઉચ્છેદ કરાવે છે. આ સ્વપક્ષે થનાર અનર્થો જાણવા. કદાચ વાદી સાધુ હારી જાય અને એ દુષ્ટ પ્રતિવાદીનો વિજય થાય તો વધુ ગર્વિત થયેલો એ અહંકારી પ્રતિવાદી 'જૈન સાધુ હારી ગયા, માટે જૈનશાસન તુચ્છ છે' ઇત્યાદિ રૂપે પ્રવચનની નિંદા રૂપ લઘુતા કરે/કરાવે છે. આમ આવા વાદમાં વિજય થાય કે પરાજય થાય તો પણ સ્વ-પરને તત્ત્વપ્રાપ્તિ/માર્ગપ્રાપ્તિ વગેરે રૂપ તો કોઇ લાભ થતો જ નથી. તેથી એમાં માત્ર ગળું-તાળવું વગેરે સુકાવાનું રહેવાથી એને શુષ્કવાદ કહે છે.॥૨॥

[હવે વાદના બીજા પ્રકાર **વિવાદનું** સ્વરૂપ જણાવવા ગ્રન્થકાર કહે છે–]

छलजातिप्रधानोक्तिर्दुःस्थितेनार्थिना सह।
विवादोऽत्रापि विजयालाभो वा विघ्नकारिता।।३।।

छलेति। दुःस्थितेन = दरिद्रेण अर्थिना = लाभख्यात्यादिप्रयोजनिना सह छलमन्याभिप्रायेणोक्तस्य शब्दस्याभिप्रायान्तरेण दूषणं, जातिश्चासदुत्तरं, ताभ्यां प्रधानोक्तिः विवादो = विरुद्धो वादः, अत्रापि = विवादेऽपि विजयालाभः, परस्यापि च्छलजात्याद्युद्भावनपरत्वात्, वा = अथवा विघ्नकारिता, अत्यन्ताप्रमादितया छलादिपरिहारेऽपि प्रतिवादिनोऽर्थिनः पराभूतस्य लाभख्यात्यादिविघातध्रौव्यात्। वाधते च परापायनिमित्तता तपस्विनः परलोकसाधनमिति नात्रोभयथाऽपि फलमिति भावः।।३।।

લાભ, ખ્યાતિ, માન-સન્માન વગેરેના અર્થી દુઃસ્થિત પ્રતિવાદી સાથે છલ અને જાતિના પ્રાધાન્યવાળો વાદ એ વિવાદ છે. આ વાદનું પણ વિજયની અપ્રાપ્તિ કે વિઘ્નકારિતા એ ફળ છે. જે ધન, ખ્યાતિ, સ્થાન વગેરે બાબતમાં દરિદ્ર = હીન છે એ દુઃસ્થિત. આવો પ્રતિવાદી જો ધન પ્રાપ્તિ વગેરેના પ્રયોજનથી વાદ કરવા આવ્યો હોય તો પોતાનું એ પ્રયોજન પાર પાડવા માટે 'ગમે તે રીતે જીતવું' એ જ એનું લક્ષ્ય હોય છે. તેથી પોતાની બાજી જો બગડતી દેખાય તો એ છલ અને જાતિનો પણ આશ્રય લે છે. જુદા અભિપ્રાયથી કહેવાયેલા શબ્દોને જુદા અભિપ્રાયવાળા જણાવી એમાં દૂષણ દેખાડવા એ છલ* છે. [જેમકે 'નવી કાંબલીવાળો દેવદત્ત આવે છે' આવા અભિપ્રાયે કહેવાયેલા 'नवकम्वलो देवदत्त आगच्छति' આ વાક્યને 'નવ (૯) કાંબલીવાળો દેવદત્ત આવે છે' આ અભિપ્રાયવાળું ઘટાવી એને ખોટું ઠેરવવું એ છલ પ્રયોગ છે.] અસત્ય ઉત્તર આપવો એ જાતિ[1] છે. અર્થાત્ વાદીએ સમ્યગ્હેતુ કે હેત્વાભાસનો પ્રયોગ કર્યો હોય ત્યારે તેમાં રહેલા દોષને શીઘ્ર ન પકડી શકવાથી કંઇક હેતુ જેવો જે લાગે તેવું ખંડન કરી દેવું એ જાતિ છે. જેમકે વાદીએ આવો પ્રયોગ કર્યો હોય કે 'શબ્દ અનિત્ય છે, કારણકે કૃતક છે, જેમકે ઘડો' તો એને ખાલી સાધર્મ્ય પકડીને આમ ખોટી રીતે તોડવાનો પ્રયાસ કરવો કે 'ઘડાની જેમ કૃતક હોવાથી શબ્દ જો ઘડાની જેમ અનિત્ય છે તો એ રીતે આકાશની જેમ અમૂર્ત્ત હોવાથી શબ્દ, આકાશની જેમ નિત્ય સિદ્ધ થઇ જશે.' આ જાતિપ્રયોગ છે. આવા છલ અને જાતિની બહુલતાવાળો વાદ વિરુદ્ધવાદ-વિવાદ બને છે. આમાં સામો પણ છલ-જાતિ વગેરેનું ઉદ્ભાવન કરવામાં પાવરધો હોઇ પ્રાયઃ વિજયપ્રાપ્તિ થતી નથી. [વાદી તત્ત્વપ્રતિષ્ઠા માટે ગમે એટલી યુક્તિસંગત દલીલો આપે, તો પણ પ્રતિવાદી એમાં છલ-જાતિ પ્રયોગ કરી અસંગતિનો આભાસ ઊભો કરે છે અને તેથી તત્ત્વની પ્રતિષ્ઠા થતી નથી.] કદાચ વાદી અત્યંત અપ્રમાદી = જાગૃત રહે અને તેથી પ્રતિવાદીના દરેક છલ/ જાતિનો એ પરિહાર કરે અને એ રીતે વિજય પ્રાપ્ત કરે તો પણ સામા દુઃસ્થિત પ્રતિવાદીને વિઘ્ન કરવાનો દોષ લાગે છે. પ્રતિવાદીનો પરાજય થવાથી એને સ્વઇષ્ટ ધન-ખ્યાતિ વગેરેની પ્રાપ્તિ થતી નથી, કેમકે પરાજય ધનપ્રાપ્તિ વગેરેમાં અવશ્ય વિઘાત કરનાર છે. આ રીતે બીજાને અર્થપ્રાપ્તિમાં વિઘ્ન વગેરે રૂપ અપાયમાં નિમિત્ત બનવું એ પણ તપસ્વી-સાધુની પરલોક સાધનાનો બાધક છે. તેથી વિવાદમાં પણ વાદીનો વિજય થાય કે પરાજય થાય તો પણ સ્વ-પર ઉપકારરૂપ અભીષ્ટ કાંઇ ફળ મળતું નથી એ સ્પષ્ટ છે.॥૩॥

[વાદના ત્રીજા પ્રકાર **ધર્મવાદનું** સ્વરૂપ જણાવવા ગ્રન્થકાર કહે છે—]

સ્વશાસ્ત્રતત્ત્વના જાણકાર પાપભીરુ મધ્યસ્થ સાથે તત્ત્વને પામવા-પમાડવાની બુદ્ધિથી જે ચર્ચાવિચારણા

* तत्र परस्य वदतोऽर्थविकल्पोपपादनेन वचनविघातः छलम्।

१ सम्यग्हेतौ हेत्वाभासे वा प्रयुक्ते झटिति तद्दोषतत्त्वाप्रतिभासे तु प्रतिविम्बनप्रायं किमपि प्रत्यवस्थानं जातिरित्युच्यते।। न्यायकलिका।।

ज्ञातस्वशास्त्रतत्त्वेन मध्यस्थेनाघभीरुणा।
कथाबन्धस्तत्त्वधिया धर्मवादः प्रकीर्तितः।।४।।

ज्ञातेति। ज्ञातं स्वशास्त्रस्य = अभ्युपगतदर्शनस्य तत्त्वं येन, एवंभूतो हि स्वदर्शनं दूषितमदूषितं वा जानीते, मध्यस्थेन = आत्यन्तिकस्वदर्शनानुरागपरदर्शनद्वेषरहितेन, एवंभूतस्य हि सुप्रतिपादं तत्त्वं भवति, तथा अघभीरुणा = पातकभयशीलेन, एवंभूतो ह्यसमंजसवक्ता न भवतीति, सहेति गम्यते, तत्त्वधिया = तत्त्ववुद्ध्या यः कथावन्धः स धर्मवादो = धर्मप्रधानो वादः प्रकीर्तितः।।४।।

वादिनो धर्मबोधादि विजयेऽस्य महत्फलम्।
आत्मनो मोहनाशश्च प्रकटस्तत्पराजये।।५।।

वादिन इति। वादिनो विजये सति, अस्य = प्रागुक्तविशेषणविशिष्टस्य प्रतिवादिनो धर्मः = श्रुतचारित्रलक्षणस्तस्य वोधः = प्रतिपत्तिस्तदादि। आदिनाऽद्वेषपक्षपातावर्णवादादिग्रहः महत् = उत्कृष्टं

थाय એ 'धर्मवाद' કહેવાયો છે. સ્વશાસ્ત્ર એટલે પોતે સ્વીકારેલ દર્શન. એને માન્ય તત્ત્વને જે જાણતો હોય તે જ ચર્ચાવિચારણા દ્વારા એ તત્ત્વ યોગ્ય છે કે અયોગ્ય? એ જાણી શકે છે અને એના દ્વારા સ્વદર્શન દૂષિત છે કે નિર્દોષ એ પણ જાણી શકે છે. આવો સ્વદર્શનનો જાણકાર પણ મધ્યસ્થ હોવો જોઇએ. એટલે કે એ સ્વદર્શનના આત્યંતિક અનુરાગ અને પરદર્શનના આત્યંતિક દ્વેષથી રહિત હોવો જોઇએ. 'સ્વદર્શન યુક્તિ અસંગત છે' એવું સમ્યગ્યુક્તિ વગેરેથી સમજાવનાર મળવા છતાં એ સમજવાની કે સ્વીકારવાની તૈયારી ન હોવા રૂપ અપ્રજ્ઞાપનીયતા જેનાથી આવે છે એવા દૃષ્ટિરાગ રૂપે પરિણમેલા સ્વદર્શનનો અનુરાગ એ અહીં આત્યંતિક અનુરાગ જાણવો. એમ અન્યદર્શનનો એવો તીવ્ર દ્વેષ કે જે એની યુક્તિસંગત વાતોનો પણ સ્વીકાર ન કરવા દે એ અહીં આત્યંતિકદ્વેષ જાણવો. દરેક વાદી-પ્રતિવાદીમાં સામાન્યકક્ષાના સ્વદર્શનરાગ-અન્યદર્શનદ્વેષ તો લગભગ હોય જ છે. પણ એ યુક્તિ અસંગત વાતોનો ત્યાગ અને યુક્તિસંગત વાતોના સ્વીકારમાં બાધક ન હોવાથી ધર્મવાદમાં પણ બાધક બનતા નથી. માટે અહીં 'આત્યંતિક' એવું વિશેષણ મૂક્યું છે. આત્યંતિક રાગ-દ્વેષશૂન્ય પ્રતિવાદીને તત્ત્વનું પ્રતિપાદન કરવું સરળ હોય છે, અન્યને નહીં.

પાપભીરુ પ્રતિવાદી અસમંજસ બોલતો નથી. એટલે કે પોતાની હાર જેવું દેખાય તો છલ-જાતિ વગેરે કે બીજું પણ ગમે તે બોલીને વાદને ભાંગી નાંખવા પ્રયાસ કરતો નથી. અને તેથી તત્ત્વની પ્રતિષ્ઠા થઇ શકે છે. તત્ત્વબુદ્ધિથી થતો આવો વાદ ધર્મવાદ = ધર્મના પ્રાધાન્યવાળો વાદ કહેવાય છે.॥૪॥ આ વાદ ધર્મના પ્રાધાન્યવાળો શી રીતે છે? એ જણાવવા ગ્રન્થકાર કહે છે–

વાદીનો વિજય થાય તો પ્રતિવાદીને ધર્મબોધ વગેરે રૂપ મહાન્ ફળ પ્રાપ્ત થાય છે. પ્રતિવાદીથી પોતાનો પરાજય થાય તો પોતાના મોહનો નાશ થાય છે. ઉપરોક્ત 'મધ્યસ્થ' વગેરે વિશેષણવાળા પ્રતિવાદીને સ્વદર્શનનો તેવો તીવ્ર રાગ હોતો નથી. એટલે જ્યારે વાદી સાધુનો વિજય થાય છે અને તેથી એ રીતે જૈનદર્શનની વાતો યુક્તિસિદ્ધ હોવી સિદ્ધ થાય છે ત્યારે એ પ્રતિવાદી પોતાના દર્શનને યુક્તિઅસંગત તરીકે સમજી-સ્વીકારી શકે છે અને તેથી તેનો ત્યાગ પણ કરી શકે છે. એ ત્યાગ કરીને એ યુક્તિસંગત તરીકે સિદ્ધ થયેલ જૈનદર્શનને સરળ રીતે સ્વીકારી શકે છે. આમ એને શ્રુતધર્મ કે ચારિત્રધર્મની પ્રાપ્તિરૂપ મહાન્ લાભ થાય છે. વળી પોતાને પરાજિત કરનાર સાધુ-જૈનદર્શન વગેરે પર એને દ્વેષ થતો નથી ને સ્વદર્શનનો અયોગ્ય પક્ષપાત રહેતો નથી.

फलं भवति, ततः = प्रतिवादिनः सकाशात् पराजये चात्मनोऽधिकृतसाधोः मोहस्यातत्त्वादौ तत्त्वाद्यध्यवसायलक्षणस्य नाशश्च प्रकट इत्युभयथापि फलवानयमिति भावः।।५।।

अयमेव विधेयस्तत्तत्त्वज्ञेन तपस्विना।
देशाद्यपेक्षयाऽन्योऽपि विज्ञाय गुरुलाघवम्।।६।।

अयमेवेति। तत् = तस्मात् तत्त्वज्ञेन तपस्विना, अयमेव = धर्मवाद एव विधेयः। अपवादमाह - देशो नगर-ग्रामजनपदादिः, आदिना कालराजसभ्यप्रतिवाद्यादिग्रहः, तदपेक्षया = तदाश्रयणेन गुरुलाघवं = दोषगुणयो-रल्पबहुत्वं विज्ञाय अन्योऽपि विवादः (? वादः)कार्यः।।६।।

अत्र ज्ञातं हि भगवान् यत्स नाभाव्यपर्षदि।
दिदेश धर्ममुचिते देशेऽन्यत्र दिदेश च।।७।।

अत्रेति। अत्र देशाद्यपेक्षायां ज्ञातम् = उदाहरणं हि भगवान् **श्रीवर्धमानस्वामी**, यत् स न अभाव्यपर्षदि

વળી આ બેના કારણે, વિજયી બનેલા સાધુનો કે જૈનદર્શનનો અવર્ણવાદ કરવા એ પ્રેરાતો નથી. આ પણ કાંઇ જેવું તેવું ફળ નથી. કદાચ એ પ્રતિવાદીથી વાદી સાધુ પરાજિત થઇ જાય તો પણ એ મધ્યસ્થ પ્રતિવાદી ખોટો ગર્વ કરી મેણા-ટોણાં નથી મારતો. તેમજ મધ્યસ્થ વાદીને પોતે માનેલા તત્ત્વમાં ક્યાં દોષ છે-પોતે એ બાબતમાં કઇ રીતે ઉંધી સમજ પકડી બેઠો છે - જેના કારણે પોતે હાર્યો એના ખ્યાલ આવવાથી પોતાની, અતત્ત્વને તત્ત્વરૂપ માનવાની એ વિપરીત સમજ સ્વરૂપ મોહને એ દૂર કરી શકે છે. આમ વાદીનો વિજય થાય કે પ્રતિવાદીનો, બન્ને રીતે સ્વ-પરને ધર્મનો લાભ થવાથી ધર્મવાદ તો સફળ જ બને છે એ આનાથી સ્પષ્ટ થયું. માટે આ વાદ ધર્મપ્રધાન છે.॥૫॥

[ધર્મવાદ જ બધી રીતે સફળ બને છે એ નિશ્ચિત થયે ગ્રન્થકાર કઇંક ઉપદેશ આપે છે–]

આમ ધર્મવાદ ઉભયથા લાભ કરનારો હોવાથી તત્ત્વજ્ઞ તપસ્વીએ ધર્મવાદ જ કરવો જોઇએ. આ ધર્મવાદ તેમજ અન્ય (શુષ્કવાદ કે વિવાદ) પણ દેશ વગેરેની અપેક્ષાએ ગુરુ લાઘવ જોઇને કરવો જોઇએ. જ્યાં વાદ કરવો છે તે દેશ કુતીર્થિક વગેરેની પ્રચુરતાવાળો છે કે અલ્પતાવાળો? કાલ દુર્ભિક્ષ છે કે સુભિક્ષ? રાજા અને સભ્યો તત્ત્વના જાણકાર છે કે અજાણ? મધ્યસ્થ છે કે પક્ષપાતવાળા? પ્રતિવાદી વાદ માટે યોગ્ય છે કે અયોગ્ય? સ્વયં વાદ કરવા માટે સમર્થ છે કે અસમર્થ? આ બધાની અપેક્ષાએ ગૌરવ-લાઘવનો વિચાર કરવો જોઇએ. એટલે કે આવા દેશ વગેરેમાં વાદ કરવાથી પ્રવચનનું અને મારું ગૌરવ વધશે કે લઘુતા થશે? લાભ વધુ થશે કે નુકશાન? એ વિચારવું જોઇએ. જે રીતે ગૌરવ થાય– લાભ સંભવે એ રીતે વાદ કરવો જોઇએ. આમ દેશ વગેરેની અપેક્ષાએ ગુરુ લાઘવનો નિર્ણય કરી મુખ્યતયા ધર્મવાદ જ કરવો. પણ જો વિવક્ષિત દેશ વગેરેમાં ધર્મવાદથી નહીં, અને શુષ્કવાદ કે વિવાદથી લાભપ્રાપ્તિ વધુ હોય અને નુકશાન ઓછું હોય એવું જાણવા મળે તો તેવા દેશ વગેરેમાં શુષ્કવાદ કે વિવાદ પણ કર્તવ્ય છે. આ અપવાદપદે જાણવું.॥૬॥ [દેશાદિની અપેક્ષાનું સમર્થન કરતા ગ્રન્થકાર કહે છે–]

વાદ દેશ વગેરેની અપેક્ષાએ કરવો જોઇએ એવું જે કહ્યું તેમાં પ્રભુ **મહાવીરસ્વામીનું** દૃષ્ટાન્ત જાણવું. પ્રથમ સમવસરણમાં સભા અયોગ્ય હતી. એટલે ભગવાને ત્યાં ધર્મદેશના આપી નહીં. અને અન્ય પ્રતિબોધયોગ્ય જીવોથી યુક્ત દેશમાં ધર્મદેશના આપી હતી. એટલે, સામાન્યથી ધર્મદેશના માટે પણ દેશ આદિ વગેરેની

प्रथमसमवसरणेऽयोग्यसदसि धर्मं दिदेश। अन्यत्र चोचिते प्रतिवोध्यजनकलिते देशे धर्मं दिदेश।।७।।

विषयो धर्मवादस्य धर्मसाधनलक्षणः।
स्वतन्त्रसिद्धः प्रकृतोपयुक्तोऽसद्ग्रहव्यये।।८।।

विषय इति। धर्मवादस्य विषयो धर्मसाधनलक्षणः स्वतन्त्रसिद्धः = साङ्ख्यादीनां षष्टितंत्रादिशास्त्रसिद्धः। असद्ग्रहस्य = अशोभनपक्षपातस्य व्यये सति, प्रकृतोपयुक्तः = प्रस्तुतमोक्षसाधकः, धर्मवादेनैवासद्ग्रहनिवृत्त्या मार्गाभिमुखभावादिति भावः।।८।।

यथाऽहिंसादयः पञ्च व्रतधर्मयमादिभिः।
पदैः कुशलधर्माद्यैः कथ्यन्ते स्वस्वदर्शने।।९।।

यथेति। यथाऽहिंसादयः आदिना सूनृतास्तेयब्रह्मापरिग्रहः पंच स्वस्वदर्शने व्रतधर्मयमादिभिः, तथा कुशलधर्माद्यैः पदैः कथ्यन्ते। तत्र 'महाव्रत'पदेनैतानि **जैनैरभिधीयन्ते**, 'व्रत'पदेन च **भागवतैः** यदाहुस्ते- "पंच व्रतानि पंचोपव्रतानि, व्रतानि यमाः, उपव्रतानि नियमाः" इति, धर्मपदेन तु **पाशुपतैः** यतस्ते दश धर्मानाहुः - "अहिंसा सत्यवचनमस्तैन्यं चाप्यकल्पना। ब्रह्मचर्यं तथाऽक्रोधो ह्यार्जवं शौचमेव च।।१।। सन्तोषो गुरुशुश्रूषा इत्येते दश कीर्तिताः", **सांख्यैः - व्यासमतानसारिभिश्च** यमपदेनाभिधीयन्ते - पंच यमाः पंच नियमाः" तत्र यमाः - अहिंसा सत्यमस्तैन्यं ब्रह्मचर्यमव्यवहारश्चेति; नियमास्तु - अक्रोधो गुरुशुश्रूषा

योग्यता-अयोग्यतानो जो विचार करवानो छे तो वादमाटे तो ए विचार आवश्यक छे ज ए समजवुं सुगम छे.॥७॥ [**धर्मवादनो विषय** देखाडता ग्रन्थकार कहे छे–]

सांख्य वगेरेना षष्टितंत्र वगेरे स्व-स्वशास्त्रमां अहिंसा वगेरे जे धर्मना साधनो कहेवाया छे ते धर्मवादनो विषय छे. एटले के ए अंगे धर्मवाद करवो जोइए. कदाग्रह दूर थये ते धर्मसाधनो प्रस्तुत अर्थ = मोक्ष माटे उपयोगी बने छे. आशय ए छे के धर्मवादथी ज कदाग्रह दूर थाय छे जेथी इतरना शास्त्रोमां कहेला अहिंसा वगेरेनो पण यथार्थ रूपे स्वीकार थवाथी मार्गाभिमुखता थाय छे, जे परंपराए यावत् मोक्ष प्रापक बने छे.॥८॥ [आ **धर्मसाधनोने** ग्रन्थकार जणावे छे–]

अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य अने परिग्रह आ पांच धर्मसाधनो छे. जैन वगेरे दर्शनकारोए ए बधानुं स्वस्वदर्शनमां व्रत, धर्म, यम, कुशलधर्म वगेरे शब्दोथी कथन कर्युं छे. आ रीते - **जैनो** आ पांचने '**महाव्रतो**' कहे छे. **भागवतो** आने '**व्रतो**' कहे छे. तेओ कहे छे के "पांच व्रतो छे अने पांच उपव्रतो. आमां व्रत एटले अहिंसा वगेरे यम अने उपव्रत एटले नियम." **पाशुपतो** आने **धर्म** कहे छे. तेओए आ प्रमाणे दश धर्म कह्या छे. "अहिंसा, सत्यवचन, अस्तैन्य, अकल्पना, ब्रह्मचर्य, अक्रोध, आर्जव शौच, संतोष अने गुरुशुश्रूषा एम दश धर्मो कहेवाया छे." **सांख्यो**ए अने **व्यासना** अनुयायीओए आने 'यम' कह्या छे. ते आ प्रमाणे - - "पांच यम छे अने पांच नियम छे. तेमां अहिंसा, सत्य, अस्तैन्य, ब्रह्मचर्य अने अव्यवहार आ पांच यम छे अने अक्रोध, गुरुशुश्रूषा, शौच, आहारलघुता अने अप्रमाद आ पांच नियमो छे." **बौद्धो** आने '**कुशलधर्म**' कहे छे. तद्यथा - "दश अकुशल आ प्रमाणे छे - हिंसा, स्तेय, अन्यथाकाम (पारदारिकता), पैशुन्य, परुषानृत (कठोर असत्यवचन), संभिन्नआलाप (असंबद्ध भाषण), व्यापाद (परपीडा चिंतन), अभिध्या (धन वगेरेनो असंतोष एटले के परिग्रह), दृग्विपर्यय (मिथ्याअभिनिवेश) अने पापकर्म. आ दश अकुशलधर्मोनो मन,

शौचमाहारलाघवम्, अप्रमादश्चेति, कुशलधर्मपदेन च **बौद्धै**रभिधीयन्ते, यदाहुस्ते - "दशाकुशलानि, तद्यथा--हिंसा स्तेयान्यथाकामं पैशून्यं परुषानृतम्, संभिन्नालापं व्यापादमभिध्या दृग्विपर्ययम्।।१।। पापकर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत्, इति" अत्र चान्यथाकामः पारदार्यं संभिन्नालापोऽसंबद्धभाषणं, व्यापादः परपीडाचिन्तनं, अभिध्या धनादिष्वसन्तोषः परिग्रह इति यावत्, दृग्विपर्ययो मिथ्याभिनिवेशः, एतद्विपर्ययाच्च दश कुशलधर्मा भवन्तीति, आदि पदाच्च ब्रह्मादिपदग्रहः, एतान्येव **वैदिकादि**भिर्ब्रह्मादिपदेनाभिधीयन्ते इति।।९।।

मुख्यवृत्त्या क्व युज्यन्ते न वैतानि क्व दर्शने।
विचार्यमेतन्निपुणैरव्यग्रेणान्तरात्मना।।१०।।

मुख्येति। एतानि = अहिंसादीनि क्व दर्शने युज्यन्ते क्व वा दर्शने न युज्यन्ते एतन्मुख्यवृत्त्या = अनुपचारेण निपुणैर्धर्मविचारनिष्णातैर्विचारणीयं नान्यद्, वस्त्वन्तरविचारणे धर्मवादाभावप्रसङ्गात् अव्यग्रेण = स्वशास्त्रनीतिप्रणिधानादव्याक्षिप्तेन, अन्तरात्मना = मनसा, शास्त्रान्तरनीत्या ह्येकशास्त्रोक्तप्रकाराणामहिंसादीनामयुज्यमानता स्फुटमेव प्रतीयत इति स्वतन्त्रनीतिप्रणिधानेनैव विषयव्यवस्था विचार्यमाणा फलवतीति भावः।।१०।।

ननु स्वतन्त्रनीत्यापि धर्मसाधनविचारणे प्रमाणप्रमेयादिलक्षणप्रणयने परतन्त्रादिविचारणमप्यावश्यकमिति व्यग्रताऽनुपरमे कदा प्रस्तुतविचारावसर इत्यत आह–

વચન, કાયાથી ત્યાગ કરવો." આ દશનો વિપર્યય એ દશ કુશલધર્મ છે. આ જ રીતે આને **વૈદિકો** વગેરે **'બ્રહ્મ'** વગેરે કહે છે. આમ આ ધર્મ સાધનો દરેક દર્શનકારોને જુદા જુદા નામથી માન્ય છે.॥૯॥

[જો દરેક દર્શનકારોને અહિંસા વગેરે સમાન રીતે માન્ય છે તો એ બધા જ મોક્ષમાર્ગના યથાર્થ પ્રરૂપક બની જશે! આવી શંકાનું વારણ કરવા ગ્રન્થકાર કહે છે–]

બધા દર્શનોએ અહિંસા વગેરે ધર્મસાધનોને જણાવ્યા છે એ વાત ખરી. તેમ છતાં કયા દર્શનમાં આ અહિંસા વગેરે મુખ્યવૃત્તિએ = અનુપચરિત રીતે ઘટે છે અને કયા દર્શનમાં એ રીતે નથી ઘટતા તે, ધર્મની વિચારણા કરવામાં જેઓ નિષ્ણાત હોય તેવા પ્રાજ્ઞોએ વિચારવું જોઇએ. વળી આ વિચારણા પણ અવ્યગ્ર મનથી કરવી. એટલે કે સ્વશાસ્ત્રનીતિના પ્રણિધાનથી કરવી. આશય એ છે કે જે દર્શનમાં જેવા અહિંસા વગેરે પ્રરૂપાયેલા હોય તેવા, તે જ દર્શનના સિદ્ધાન્તોથી ઘટે છે કે નહીં એની વિચારણાનું પ્રણિધાન રાખવું. એક શાસ્ત્રોક્ત અહિંસાદિની વિચારણામાં અન્ય શાસ્ત્રોક્ત સિદ્ધાન્તોને ઘુસાડવા એ વ્યગ્રતા છે, તે ન જોઇએ, કેમકે અન્ય શાસ્ત્રમાન્ય સિદ્ધાન્તોથી અન્યશાસ્ત્રમાં કહેલા પ્રકારવાળી અહિંસા વગેરે ન ઘટી શકે એ તો સ્પષ્ટ જ છે. એટલે સ્વશાસ્ત્રનીતિના પ્રણિધાનથી જ વિષયવ્યવસ્થાનો વિચાર કરવો એ સફળ બને છે. આમ તે તે શાસ્ત્રમાં કહેલ અહિંસા વગેરેનો તે તે શાસ્ત્રના સિદ્ધાન્તોથી વિચાર કરવો જોઇએ એ નક્કી થયું, અન્ય કોઇ બાબતનો વિચાર નહીં, કેમકે એમાં ધર્મવાદનો અભાવ રહે છે.॥૧૦॥

[પ્રમાણલક્ષણાદિની નિરુપયોગિતા]

શંકા - સ્વતંત્રનીતિથી ધર્મસાધનની વિચારણા કરવી એ તમે કહ્યું. પણ એ વિચારણામાં પણ, પ્રમાણ-પ્રમેય વગેરેના લક્ષણ માટે પરતંત્ર વગેરેની વિચારણા પણ આવશ્યક છે. અહિંસા વગેરે સુઘટ છે કે નહી?

प्रमाणलक्षणादेस्तु नोपयोगोऽत्र कश्चन।
तन्निश्चयेऽनवस्थानादन्यथाऽर्थस्थितेर्यतः।।११।।

प्रमाणेति। प्रमाणं प्रत्यक्षादि, तस्य लक्षणं स्वपरा(?व)भासिज्ञानत्वादि तदादेः, आदिना प्रमेयलक्षणादिग्रहः, तस्य तु धर्मसाधनविषये कश्चनोपयोगो नास्ति, अयमभिप्रायः – प्रमाणलक्षणेन निश्चितमेव प्रमाणमर्थग्राहकमिति तदुपयोग इति, न चायं युक्तः, यतस्तल्लक्षणं निश्चितमनिश्चितं वा स्यात्? आद्ये

ઇત્યાદિ નિર્ણય પ્રમાણથી થઇ શકે છે. તેથી પ્રમાણ આવશ્યક હોઇ પ્રમાણ-પ્રમેય વગેરેનું લક્ષણ પણ આવશ્યક બને છે. આ લક્ષણનો નિર્ણય કરવા માટે પરતંત્રાદિ શું કહે છે એ પણ વિચારવું પડે છે. એટલે પરતંત્રાદિની વિચારણા પણ આવશ્યક બનવાથી વ્યગ્રતા અટકતી નથી. તો પ્રસ્તુત ધર્મસાધનોનો વિચાર કરવાનો અવસર ક્યારે મળે?

આવી શંકાનું **નિરાકરણ** કરવા ગ્રન્થકાર કહે છે–

પ્રત્યક્ષ વગેરે પ્રમાણોનું 'સ્વપરાવભાસી જ્ઞાન પ્રમાણ' ઇત્યાદિ જે લક્ષણ છે તેનો તેમજ પ્રમેયાદિના લક્ષણનો આ ધર્મસાધનની વિચારણામાં કોઇ ઉપયોગ નથી, કારણકે એ લક્ષણનો નિશ્ચય આવશ્યક માનવામાં આવે તો અનવસ્થા દોષ લાગે છે અને એને અનાવશ્યક માનવામાં આવે તો એ રીતે જ એ લક્ષણ વિના જ ધર્મસાધન વગેરે અર્થનો નિર્ણય કરી શકાય છે. કદાચ આવો અભિપ્રાય ઊભો થાય કે - "પ્રમાણના લક્ષણથી નિશ્ચિત થયેલ પ્રમાણ જ અર્થગ્રાહક બને છે. એટલે પ્રમાણ અર્થગ્રાહક બની શકે એ માટે પ્રમાણના લક્ષણનો ઉપયોગ છે." પણ આવો અભિપ્રાય યોગ્ય નથી, કેમકે 'લક્ષણથી પ્રમાણનો નિશ્ચય અને પ્રમાણથી અર્થનો નિશ્ચય' આવું તમે જે કહો છો તેમાં લક્ષણ પોતે નિશ્ચિત છે કે અનિશ્ચિત? આમાંનો પ્રથમ વિકલ્પ સ્વીકારીએ કે 'નિશ્ચિત થયેલું લક્ષણ પ્રમાણનો નિશ્ચય કરાવે છે' તો અમારો પ્રશ્ન છે કે એ લક્ષણનો નિશ્ચય શેનાથી થયો? અધિકૃત પ્રમાણથી (જે પ્રમાણનો આ લક્ષણ નિશ્ચય કરાવી આપે છે તે પ્રમાણથી) કે અન્ય પ્રમાણથી? જો અધિકૃત પ્રમાણથી માનશો તો ઇતરેતરાશ્રય દોષ આવશે. તે આ રીતે – અધિકૃત પ્રમાણથી લક્ષણનો નિશ્ચય થાય અને તે નિશ્ચય થાય તો અધિકૃત પ્રમાણનો નિશ્ચય થાય. 'કોઇ અન્ય પ્રમાણથી લક્ષણનો નિશ્ચય થાય છે' એવો બીજો વિકલ્પ સ્વીકારવામાં આવે તો અનવસ્થા દોષ લાગે, કેમકે લક્ષણના નિશ્ચાયક તે પ્રમાણને પણ સ્વનિશ્ચય માટે બીજા અન્ય પ્રમાણની અપેક્ષા છે. વળી એ બીજું અન્યપ્રમાણ પણ નિશ્ચિત થઇને જ પ્રથમ અન્ય પ્રમાણનો નિશ્ચય કરાવતું હોઇ સ્વનિશ્ચય માટે ત્રીજા અન્યપ્રમાણની અપેક્ષા રાખશે જ. આમ અન્ય-અન્ય પ્રમાણની અપેક્ષા ક્યાંય ન અટકવાથી અનવસ્થા દોષ આવશે.

લક્ષણ પોતે અનિશ્ચિત રહીને જ પ્રમાણનો નિશ્ચય કરાવે છે એવો બીજો વિકલ્પ સ્વીકારશો તો અમે કહીએ છીએ કે સ્વયં અનિશ્ચિત એવું પણ લક્ષણ જો પ્રમાણનો નિશ્ચય કરાવી શકે છે તો સ્વયં અનિશ્ચિત એવું પણ પ્રમાણ અર્થનો નિશ્ચય શા માટે ન કરાવે? અર્થાત્ કરાવે જ. એટલે અર્થ નિશ્ચય માટે પ્રમાણના નિશ્ચયની કોઇ જરૂર નથી. સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિ મહારાજે અષ્ટકપ્રકરણ (૧૩/૬-૭) માં કહ્યું છે કે "અર્થ નિશ્ચયમાટે પ્રમાણના લક્ષણને આવશ્યક માનનારા દાર્શનિકોને અમે પૂછીએ છીએ 'પ્રમાણથી નિશ્ચય કરીને એ લક્ષણ તમે કહો છો કે એ વિના જ?" 'પ્રમાણથી નિશ્ચય કરીને' એ પ્રથમપક્ષ જો કહેશો તો તેમાં અમારો પ્રશ્ન છે કે એ નિશ્ચાયક પ્રમાણ લક્ષણથી નિશ્ચિત (લક્ષિત) થયેલું છે કે નહીં? જો લક્ષિત થયેલું કહેશો તો ઇતરેતરાશ્રય કે અનવસ્થા દોષ આવશે. લક્ષણથી અલક્ષિત રહીને જ નિશ્ચાયક પ્રમાણ લક્ષણનો નિશ્ચય

किमधिकृतप्रमाणेन प्रमाणान्तरेण वा? यदि तेनैव तदेतरेतराश्रयः, अधिकृप्रमाणाल्लक्षणनिश्चयः, तन्निश्चयाच्चाधिकृतप्रमाणनिश्चय इति यदि च प्रमाणान्तरेण तन्निश्चयस्तदाऽऽह– तन्निश्चये = प्रमाणान्तरेण तल्लक्षणनिश्चयेऽनवस्थानात् = तन्निश्चा-यकप्रमाणेऽपि प्रमाणान्तरापेक्षाऽविरामात्, यदि च प्रमाणान्तरेणानिश्चितमेव लक्षणं प्रमाणनिश्चये उपयु-ज्यते इतीष्यते, तदाह – अन्यथाऽन्यतोऽनिश्चितस्य लक्षणस्योपयोगेऽर्थस्थितेरन्यतोऽनिश्चितेनैव प्रमाणे-नार्थसिद्धेः, तदुक्तं **हरिभद्राचार्येण** -

"प्रमाणेन विनिश्चित्य तदुच्येत न वा न नु। अलक्षितात्कथं युक्ता न्यायतोऽस्य विनिश्चितिः।।
सत्यां चास्यां तदुक्त्या किं तद्वद्विषयनिश्चितेः। तत एवाविनिश्चित्य तस्योक्तिर्ध्यान्ध्यमेव हि" ।।

इत्थमत्र प्रमाणलक्षणादेरनुपयोगः समर्थितः, इममेव **सिद्धसेन**संमत्या दृढयन्नाह यत इति, यत आह वादी **सिद्धसेन** इत्यर्थः ।।११।।

प्रसिद्धानि प्रमाणानि व्यवहारश्च तत्कृतः।
प्रमाणलक्षणस्योक्तौ ज्ञायते न प्रयोजनम्।।१२।।

प्रसिद्धानीति। प्रसिद्धानि = लोके स्वत एव रूढानि, न तु प्रमाणलक्षणप्रणेतृवचनप्रसाधनीयानि प्रमाणानि प्रत्यक्षादीनि, तथा व्यवहरणं = व्यवहारः स्नानपानदहनपचनादिका क्रिया, 'च' शब्दः प्रसिद्धत्वस-मुच्चयार्थः तत्कृतः = प्रमाणप्रसाध्यः, प्रमाणलक्षणाप्रवीणानामपि गोपालवालावलादीनां तथाव्यवहार-

---

કરાવે છે એમ કહેવામાં લક્ષણની ન્યાયયુક્ત વિનિશ્ચિતિ (વિનિશ્ચય) શી રીતે થાય? તેમ છતાં તે રીતે લક્ષણનો નિશ્ચય થતો હોય તો પ્રમાણના લક્ષણની ઉક્તિનું (કથનનું) પણ શું કામ છે? લક્ષણથી અલક્ષિત નિશ્ચાયક પ્રમાણ લક્ષણનો જેમ નિશ્ચય કરાવે છે તેમ લક્ષણથી અલક્ષિત પ્રમાણ વિષયનો પણ નિશ્ચય કરાવી જ દેશે! 'એટલે પ્રમાણથી નિર્ણય કરીને અમે પ્રમાણનું લક્ષણ કહીએ છીએ' એવો પ્રથમ પક્ષ માનવો એ તો મૂઢતા જ છે. તેથી 'પ્રમાણથી નિશ્ચય કર્યા વિના જ અમે લક્ષણ કહીએ છીએ' એવો બીજો પક્ષ જો માનશો તો એ પણ યોગ્ય નથી, કેમકે પ્રમાણથી નિર્ણય કર્યા વિના એ લક્ષણકથન કરવું એ તો બુદ્ધિનો અંધાપો (મૂઢતા) જ છે."

[અન્ય દર્શનકારોએ પ્રમાણના લક્ષણ વગેરેની ચર્ચા એટલી બધી વિસ્તારી દીધી કે જેનાથી એ જ ચર્ચાનો મુખ્ય વિષય બની ગયો અને મૂળ વાત બાજુ પર રહી ગઇ. એટલે એનું અહીં આ નિરાકરણ કર્યું છે એવું લાગે છે.] આમ ધર્મવાદમાં પ્રમાણનું લક્ષણ વગેરે અનુપયોગી છે એ બાબતનું સમર્થન કર્યું. આ જ બાબતને શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિની સંમતિ દેખાડીને દૃઢ કરવા માટે ગ્રન્થકારે 'यतः' કહ્યું છે. એનો અર્થ આ છે કે - 'વાદી શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિએ પણ ન્યાયાવતાર ગ્રન્થના બીજા શ્લોકમાં કહ્યું છે.॥૧૧॥ શું કહ્યું છે? આ-

પ્રમાણો લોકમાં સ્વયં પ્રસિદ્ધ = રૂઢ થયેલા છે, વળી તે પ્રમાણોથી થયેલ સ્નાન, પાન, દહન, પચન વગેરે ક્રિયા રૂપ વ્યવહાર પણ સ્વયં પ્રસિદ્ધ છે. તેથી પ્રમાણના લક્ષણનું જે કથન કરવામાં આવે છે તેનું કોઇ પ્રયોજન દેખાતું નથી.

તે તે પદાર્થની વ્યવસ્થા માટે અને તે તે વ્યવહારની વ્યવસ્થા માટે લક્ષણનો ઉપયોગ હોય છે. પ્રત્યક્ષ વગેરે પ્રમાણો લોકમાં સ્વતઃ [= પ્રમાણના લક્ષણ વિના] જ રૂઢ થઇ ગયેલા છે, પ્રમાણના લક્ષણના પ્રણેતાના વચનથી તેને સિદ્ધ કરવાના છે એવું નથી. [એટલે કે તે પ્રણેતાના વચનોથી પ્રમાણનો નિર્ણય કરી પછી એનાથી પ્રમેયની

दर्शनात्, ततश्च प्रमाणलक्षणस्य = अविसंवादि ज्ञानं प्रमाणमित्यादेरुक्तौ = प्रतिपादने ज्ञायते = उपलभ्यते न = नैव प्रयोजनं = फलं, 'वर्तते नेति' वक्तव्ये 'ज्ञायते नेति' यदुक्तमाचार्येण तदतिवचनपारुष्यपरिहारार्थम्, यस्त्वत्रायमुदयनस्योपालंभः – "ये तु प्रमाणमेव सर्वस्य व्यवस्थापकं, न तु लक्षणं तदपेक्षायामनवस्थेत्याहुस्तेषां "निन्दामि च पिबामि चेति' न्यायापातः। यतोऽव्याप्त्यतिव्याप्तिपरिहारेण तत्तदर्थव्यवस्थापकं

પ્રમા વગેરે કરવા એવું નથી. તે લક્ષણને નહીં જાણનારા પણ ઘણા લોકો તે પ્રત્યક્ષાદિથી જ ઘટ-પટાદિ પદાર્થોનો બોધ કરે છે.] વળી પ્રત્યક્ષાદિથી થનાર સ્નાનાદિક્રિયા રૂપ વ્યવહાર પણ સ્વતઃ જ [= પ્રમાણના લક્ષણ વિના જ] પ્રસિદ્ધ છે, કેમકે પ્રમાણના લક્ષણથી અજાણ એવા પણ ગોપાળ, બાળક, સ્ત્રીઓ વગેરે તેવો વ્યવહાર કરે છે એવું લોકમાં સ્પષ્ટ રીતે દેખાય છે. તેથી 'અવિસંવાદી જ્ઞાન એ પ્રમાણ છે' ઇત્યાદિ પ્રમાણલક્ષણના કથનનું કોઇ પ્રયોજન જણાતું નથી. આમ તો, પ્રમાણો અને તત્કૃત વ્યવહાર લક્ષણકથન વિના સ્વતઃ જ પ્રસિદ્ધ હોવાથી તેના લક્ષણકથનનું કોઇ પ્રયોજન જ નથી, તેથી વર્તતે ન પ્રયોજનમ્ એમ કહેવું જોઇતું હતું, પણ જ્યારે અન્યદર્શનકારો તે લક્ષણનું કથન જોરશોરથી કરી રહ્યા છે અને એ માટે મોટો પ્રપંચ ખડો કરી રહ્યા છે ત્યારે એને સાવ નિષ્પ્રયોજન જ કહી દેવું એ તેઓને માટે મર્મઘાતી હોઇ કઠોરતાવાળું બને. માટે આવી કઠોરતાના પરિહાર માટે 'એનું કોઇ પ્રયોજન જ નથી' એમ ન કહેતાં 'એનું કોઇ પ્રયોજન જણાતું નથી' એમ કહ્યું છે.

[उदयनाचार्यदत्त उपालंभ]

આ વિષયમાં **उदयनाचार्ये** જે ઉપાલંભ આપ્યો છે તે અહીં શોભતો નથી. ઉદયનાચાર્યે આપેલો ઉપાલંભ – જેઓ આવું કહે છે કે "પ્રમાણ જ સર્વનું વ્યવસ્થાપક છે, નહીં કે લક્ષણ, કેમકે જો અર્થ વ્યવસ્થામાં લક્ષણની અપેક્ષા હોય તો અનવસ્થા દોષ આવે છે" તેઓને 'હું આ પીણાંને (દારૂને) નિંદું છું અને પીઉં છું' એવો ન્યાય લાગુ પડે છે, અર્થાત્ લક્ષણનો તેઓ નિષેધ તો કરે છે પણ પાછા એ લક્ષણનો જ આશરો સ્વીકારે છે. કેમકે તેઓ પણ અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિના પરિહાર પૂર્વક તે તે અર્થના વ્યવસ્થાપક અને તે તે વ્યવહારના વ્યવસ્થાપક પ્રમાણને જ અર્થ નિશ્ચાયક પ્રમાણ તરીકે અપનાવે છે જે પોતે લક્ષણ સ્વરૂપ જ છે.

આશય એ છે કે સુક્તિને વિશે 'इदं रजतम्' એવું જે જ્ઞાન થાય છે તેને તેઓ પણ અર્થનિશ્ચાયક માનતા નથી, કેમકે એ અર્થને અવિસંવાદી નથી, પણ વિસંવાદી છે. આમ, જેમાં અર્થની અવિસંવાદિતા હોય તેવા જ્ઞાનથી જ અર્થનો નિશ્ચય થાય છે. સુક્તિને રજત તરીકે જાણ્યા પછી હાથ લંબાવવા પર જ્યારે છીપ હાથમાં આવે છે ત્યારે 'હટ્ હું છેતરાયો, મારું જ્ઞાન સાચું નહીં' એમ વિચાર દ્વારા પાતાના એ જ્ઞાનની પ્રમાણમાંથી બાદબાકી કરવા દ્વારા અતિવ્યાપ્તિનો પરિહાર કરી જ દે છે.

એમ, સામે રહેલા ઢોરનો લાલ રંગ જોઇને જ એનો કોઇ 'ગાય' તરીકે નિર્ણય કરી લેતું નથી, કારણકે એ જાણે છે કે ગાય તો શ્વેત પણ હોય શકે છે. એટલે કે વસ્તુતઃ, 'જે લાલ હોય તે ગાય' આવું લક્ષણ માનવામાં અવ્યાપ્તિદોષ જે આવે છે એનો પરિહાર પણ અર્થનિશ્ચય વગેરેમાં કરી જ દેવાય છે. એટલે 'अविसंवादिज्ञानं प्रमाणं' એવા પ્રમાણના લક્ષણનો ઉપયોગ પણ અર્થનિશ્ચય વગેરે કરવામાં સ્પષ્ટ રીતે પ્રતીત થાય જ છે.

જૈન - પ્રમાણના 'अविसंवादिज्ञानं प्रमाणम्' વગેરે લક્ષણની સંમુગ્ધ જનને કાંઇ ખબર હોતી નથી. અને તેથી, આ જ્ઞાનમાં લક્ષણ જતું નથી માટે એ પ્રમાણ નથી એ રીતે એ અતિવ્યાપ્તિનો પરિહાર નથી કરતો. પણ જોયેલી વસ્તુ હાથમાં ન આવે તો એ જ્ઞાન સાચું નહીં આવું લોક વ્યવહારમાં જે પ્રસિદ્ધ છે એના અનુવાદ રૂપે જ એ અતિવ્યાપ્તિ વગેરેનો પરિહાર થાય છે.

નૈયા.- અમે પ્રમાણનું લક્ષણ અર્થનિશ્ચાયક છે એવું જે કહીએ છીએ તે લોકમાં અનુભવસિદ્ધ વાત જોઇને

तत्तद्व्यवहारव्यवस्थापकं च प्रमाणमुपाददते, तदेव तु लक्षणं, 'अनुवादः स' इति चेत्? अस्माकमप्यनुवाद एव, न ह्यलौकिकमिह किंचिदुच्यते, न चानवस्था, वैद्यके रोगादिलक्षणवद्व्याकरणादौ शब्दादिवच्च व्यवस्थोपपत्तेः, तत्रापि संमुग्धव्यवहारमाश्रित्य लक्षणैरेव व्युत्पादनादिति," सत्वत्र न शोभते, यतो वयं प्रमाणस्यार्थव्यवस्थापकत्वे व्यवहारव्यवस्थापकत्वे वा लक्षणं न प्रयोजकमिति ब्रूमः, न तु सर्वत्रैव तदप्रयोजकमिति,

તેના અનુવાદ રૂપે જ કહીએ છીએ. અમે પણ લોકમાં નહીં જોવા મળતું એવું અલૌકિક કાંઇ કહેતાં નથી. વળી લક્ષણની પણ અર્થનિશ્ચયમાં પ્રયોજકતા માનવામાં અનવસ્થા દોષ તમે જે બતાવો છો તે પણ યોગ્ય નથી, કેમકે વૈદ્યકશાસ્ત્રમાં રોગાદિના લક્ષણની જેમ વ્યવસ્થા સંગત થઇ શકે છે અથવા વ્યાકરણાદિમાં શબ્દાદિની જેમ વ્યવસ્થા સંગત થઇ શકે છે. એટલે કે અન્ય શાસ્ત્રોમાં આવતા શબ્દ-વાક્ય વગેરેની વ્યવસ્થા (અર્થબોધ-સાધુતા વગેરે) વ્યાકરણશાસ્ત્રથી થાય છે. હવે વ્યાકરણશાસ્ત્રમાં જે શબ્દાદિ વપરાયા હોય છે તેની વ્યવસ્થા માટે કાંઇ અન્ય વ્યાકરણની જરૂર પડતી નથી કે જેથી અનવસ્થા ચાલે, એ તો લોકોમાં પણ શબ્દ-ક્રિયાપદ-વાક્ય વગેરેનો જે સંમુગ્ધ વ્યવહાર હોય છે- પ્રસિદ્ધ શબ્દાદિ હોય છે તેની સહાય લઇને (તેના દ્વારા) વિશેષ લક્ષણો બતાવીને વ્યુત્પાદન કરાય છે. આ જ રીતે પ્રસ્તુતમાં પણ સંમુગ્ધ વ્યવહારની અપેક્ષાએ વિશેષ લક્ષણ વગેરેનો નિશ્ચય કરી અર્થનિશ્ચય થઇ શકે છે. માટે અનવસ્થા દોષ નથી.

[એ ઉપાલંભની અયોગ્યતા]

જૈન - ઉદયનાચાર્યે આપેલો આ ઉપાલંભ પ્રસ્તુતમાં શોભતો નથી, કેમકે પ્રમાણ અર્થવ્યવસ્થાપક જે બને છે અથવા વ્યવહારવ્યવસ્થાપક જે બને છે એમાં એનું લક્ષણ પ્રયોજક નથી એટલું જ અમે કહીએ છીએ, નહીં કે એ સર્વત્ર અપ્રયોજક છે એવું પણ. આશય એ છે કે રજતને વિશે કે સૂક્તિને વિશે 'इदं रजतं' એવું જે (પ્રમાત્મક કે ભ્રમાત્મક) જ્ઞાન થાય છે તે 'રજત' નો નિશ્ચય કરાવી જ દે છે, એ જ્ઞાન અર્થને અવિસંવાદી હોય તો જ અર્થનો નિશ્ચય કરાવે એવું નથી. પણ ભ્રમાત્મક જ્ઞાન વિદ્યમાન અર્થનો નિશ્ચય કરાવતું ન હોવાથી તત્ત્વતઃ એ અર્થનિશ્ચાયક હોતું નથી. એટલે માત્ર પ્રમાણ જ અર્થનિશ્ચાયક હોય છે. અને જે પ્રમાણ હોય છે એમાં પ્રમાણનું લક્ષણ તો રહેલું જ હોય છે. તેમ છતાં એટલા માત્રથી, પ્રમાણનું લક્ષણ કાંઇ અર્થનિશ્ચયનું કારણ કે પ્રયોજક બની જતું નથી, જેમકે જે દંડ હોય તેમાં દંડત્વ રહ્યું જ હોવા છતાં દંડત્વ કાંઇ ઘટ પ્રત્યે કારણ કે પ્રયોજક નથી, એ તો અન્યથાસિદ્ધ જ છે. હા, 'વિવક્ષિત જ્ઞાન પ્રમાણ છે કે અપ્રમાણ?' એનો નિર્ણય કરવામાં પ્રમાણનું લક્ષણ જરૂર ઉપયોગી છે. જો એમાં પ્રમાણનું લક્ષણ રહ્યું હોય તો એ પ્રમાણ અને ન રહ્યું હોય તો એ અપ્રમાણ. એટલે કે પ્રમાણનું લક્ષણ ભ્રમ વગેરેથી પ્રમાણને જુદું પાડી આપે છે. આમ સમાન જાતીય (સમાન જેવા દેખાતાં ભ્રમ વગેરે) કે અસમાનજાતીય (સાવ જુદાં એવા ઘટ-પર વગેરે) પદાર્થોથી અધિકૃત પદાર્થ (પ્રમાણ)નો વ્યવચ્છેદ કરી આપવો (એને જુદું તારવી આપવું) એવું જે (પ્રમાણના) લક્ષણનું પ્રયોજન છે તેને તો તે તે ગ્રન્થમાં સ્વીકારી તેની વ્યવસ્થા કરી જ છે. આમ પ્રમાણને સર્વત્ર અપ્રયોજક અમે કહેતાં જ નથી કે જેથી ઉદયનાચાર્યે આપેલો ઉપાલંભ યોગ્ય ઠરે.

નૈયાયિક - લક્ષણનું તમે જે સમાનાસમાનજાતીયનો વ્યવચ્છેદ કરવાનું પ્રયોજન સ્વીકારો છો એમાં પણ અનવસ્થા દોષ તો આવે જ છે. જુદા જુદા દર્શનમાં, પ્રમાણના 'अविसंवादिज्ञानं प्रमाणम्', 'स्वपरव्यवसायिज्ञानं प्रमाणम्' 'अर्थोपलब्धिहेतुः प्रमाणम्'... આવા જુદાં જુદાં લક્ષણો મળે છે. આમાંથી કોઇ પણ એક જ લક્ષણ સાચું હોય શકે, બાકીના બધા ખોટાં. આમાંથી જે ખોટાં છે એ બધાનો (લક્ષણાભાસોનો) વ્યવચ્છેદ કરવો એ સમાનજાતીયનો વ્યવચ્છેદ છે. ને ઘટ-પટાદિનો વ્યવચ્છેદ કરવો એ અસમાનજાતીયનો વ્યવચ્છેદ છે. એટલે

समानासमानजातीयव्यवच्छेदस्य तदर्थस्य तत्र तत्र व्यवस्थितत्वात्। सामान्यतो व्युत्पन्नस्य तच्छास्त्रादधिकृतविशेषप्रतीतिपर्यवसानेनानवस्थाऽभावात्। केवलं केवलव्यतिरेक्येव लक्षणमिति नादरः, प्रमेयत्वादेरपि पदार्थलक्षणत्वव्यवस्थितेः इत्यन्यत्र विस्तरः। वस्तुतो धर्मवादे लक्षणस्य नोपयोगः, स्वतन्त्रसिद्धाहिंसादीनां

લક્ષણાભાસોનો વ્યવચ્છેદ કરી સાચા લક્ષણનો નિર્ણય કરવા બીજું લક્ષણ જોઇશે. ને એમ અનવસ્થા ચાલશે. ને તમે જે રીતે આ અનવસ્થાનો પરિહાર કરશો, એ રીતે અમે પણ તમે આપેલા અનવસ્થા દોષનો પરિહાર કરીને પ્રમાણના લક્ષણને અર્થનિશ્ચાયક સિદ્ધ કરીશું.

જૈન - सामान्यतो व्युत्पन्नस्य... સાવ મુગ્ધ લોકને તો અર્થવ્યવસ્થાદિમાં પ્રમાણ આવશ્યક હોય છે, પ્રમાણનું લક્ષણ નહીં, એ જણાવી ગયા. પ્રમાણનું લક્ષણ શું હોય શકે? આવી ઊંડી જિજ્ઞાસા જે ધરાવે છે એ સાવ મુગ્ધ હોય ન શકે, થોડો ઘણો પણ વ્યુત્પન્ન હોય જ. એટલે પ્રમાણના લક્ષણ અંગેનો જેને થોડો પણ અણસાર છે એવા આ સામાન્યથી વ્યુત્પન્ન જીવને तच्छास्त्राद् = प्रमाणलक्षणशास्त्र પરથી અધિકૃત વિશેષની = પ્રમાણના વાસ્તવિક લક્ષણવિશેષની પ્રતીતિ થઇ શકે છે. જેમકે તમે જણાવ્યું હતું તેમ વૈદકમાં રોગાદિના લક્ષણ અંગે કે વ્યાકરણાદિમાં શબ્દાદિ અંગે અનવસ્થા આવતી નથી તેમ પ્રસ્તુતમાં પણ અનવસ્થાદોષ રહેતો નથી.

[લક્ષણને કેવલવ્યતિરેકી ન મનાય]

પણ, લક્ષણ કેવલવ્યતિરેકી જ હોય છે એ વાત ઉચિત ભાસતી નથી. આશય એ છે કે સમાનાસમાનજાતીયનો વ્યવચ્છેદ કરવા માટે નૈયાયિક "पृथिवी स्वेतरभिन्ना, गन्धवत्त्वात्" (लक्ष्यं स्वेतरभिन्नं लक्षणात्) આવા આકારનું અનુમાન આપે છે. આમાં જ્યાં જ્યાં ગન્ધવત્ત્વ ત્યાં ત્યાં સ્વેતરભેદ આવી અન્વયવ્યાપ્તિના દૃષ્ટાન્ત તરીકે જેને લેવા ચાહીએ એ ઘટ, પટ વગેરે બધું પૃથ્વીમય હોવાથી પક્ષાન્તર્ગત હોય છે. તેથી આવા સ્વેતરભેદસાધક અનુમાનમાં અન્વય દૃષ્ટાંત મળતું હોતું નથી. તેથી 'यत्रैवं तत्रैवं' એ રીતે વ્યતિરેક દૃષ્ટાન્ત આપવામાં આવે છે. અર્થાત્ જ્યાં જ્યાં સાધ્યાભાવ ત્યાં ત્યાં હેત્વભાવ એવી વ્યતિરેક વ્યાપ્તિનો વ્યતિરેકી દૃષ્ટાન્તમાં નિર્ણય કરવામાં આવે છે. પ્રસ્તુતમાં, જ્યાં જ્યાં સ્વ (ઘટ-પટાદિરૂપ પૃથ્વી) થી ઇતરના (= જળ વગેરેના) ભેદનો (= સાધ્યનો) અભાવ હોય (જળ વગેરેમાં) ત્યાં ત્યાં હેતુનો (ગંધનો) અભાવ હોય છે, જેમકે જળાદિમાં... જે હેતુને અન્વય દૃષ્ટાન્ત ન મળતું હોય, માત્ર વ્યતિરેક દૃષ્ટાન્ત જ મળતું હોય તે હેતુ કેવલવ્યતિરેકી કહેવાય છે. ઇતરભેદ સાધક અનુમાનમાં હેતુ તરીકે લક્ષણ હોય છે. માટે લક્ષણ 'કેવલવ્યતિરેકી' હોય છે એમ નૈયાયિક કહે છે જે ઉચિત નથી, એવું ગ્રન્થકાર કહે છે, કારણકે પ્રમેયત્વ વગેરે કેવલાન્વયી ધર્મો પણ પદાર્થના લક્ષણ તરીકે નિશ્ચિત થયા છે. જેમાં પ્રમેયત્વ ન હોય એવો કોઇ પદાર્થ વિશ્વમાં વિદ્યમાન ન હોવાથી પ્રમેયત્વનો વ્યતિરેક મળતો નથી, તો એ કેવલ્યવ્યતિરેકી શી રીતે હોય શકે? આ વાતનો અન્યગ્રન્થમાં વિસ્તાર કર્યો છે.

वस्तुतः - પ્રમાણના લક્ષણના ઉપયોગનો જે નિષેધ કરાય છે તે સર્વત્ર નિષેધ માટે નથી, પણ ધર્મવાદમાં જ એનો કશો ઉપયોગ નથી એ પ્રમાણે નિષેધ જાણવો. કારણકે ધર્મવાદ દ્વારા અસદ્ગ્રહની નિવૃત્તિ સાધવાની હોય છે. અને એ તો અન્યથા = પ્રમાણના લક્ષણના ઉપયોગ વિના જ થઇ જાય છે. આશય એ છે કે તે-તે વાદી-પ્રતિવાદી વગેરેને પોતપોતાના ષષ્ટિતંત્ર વગેરે ગ્રન્થ દ્વારા અહિંસા વગેરેનું જેવું જેવું સ્વરૂપ સિદ્ધ = જ્ઞાત હોય છે તેવા તેવા સ્વરૂપવાળી અહિંસા એ સ્વતંત્રસિદ્ધ અહિંસા. આ સ્વતંત્રસિદ્ધ અહિંસા વગેરેનો તાદૃશધર્માન્તર = સ્વતંત્રસિદ્ધ એકાંતનિત્યતા, એકાંત અનિત્યતા વગેરે અન્ય ધર્મો સાથે મેળ ખાય છે કે કેમ એવો સંશય પડે કે તાદૃશધર્માન્તર કેવો માન્યો હોય તો એ અહિંસાદિ સંગત થાય એવી જિજ્ઞાસા જાગે. આવા

तादृशधर्मान्तरसंशयजिज्ञासाविचारद्वारकतत्त्वज्ञानेनासद्ग्रहनिवृत्तेः अन्यथैवोपपत्तेः, इतरभिन्नत्वेन ज्ञानस्य तत्साध्यस्यात्रानुपयोगात्संमुग्धधर्मिज्ञानेनैव कार्यसिद्धिरित्यत्र तात्पर्यम् ।।१२ ।।

नन्वर्थनिश्चयार्थमेव लक्षणोपयोगः, तेन ज्ञानप्रामाण्यसंशयनिवृत्तौ तन्मूलार्थसंशयनिवृत्त्याऽर्थनिश्चयसिद्धेः इत्याशङ्कायामाह–

न चार्थसंशयापत्तिः प्रमाणेऽतत्त्वशङ्कया ।
तत्राप्येतदविच्छेदाद्धेत्वभावस्य साम्यतः ।।१३ ।।

न चेति । न च प्रमाणेऽतत्त्वशङ्कया = अप्रामाण्यशङ्कया अर्थसंशयापत्तिः लक्षणं विनेति गम्यं, तत्रापि = प्रमाणलक्षणेऽपि एतदविच्छेदाद् = अप्रामाण्यशङ्कायाः स्वरसोत्थापिताया अनुपरमात्, हेत्वभावस्य =

સંશય-જિજ્ઞાસા પ્રયુક્ત વિચારવિમર્શ દ્વારા જે તત્ત્વજ્ઞાન = વાસ્તવિક સ્વરૂપબોધ થાય છે તેનાથી જ એકાન્તનિત્યતા વગેરે માનવાનો અસદ્ગ્રહ તો દૂર થઇ જાય છે. આમાં પ્રમાણના લક્ષણનો તો ક્યાંય ઉપયોગ કરવો પડતો નથી, કારણકે લક્ષણથી સાધ્ય જે ઇતરભિન્નત્વેન (= ઇતર ભેદ રૂપે) જ્ઞાન, તેનો પ્રસ્તુતમાં કોઇ ઉપયોગ હોતો નથી. તે પણ એટલા માટે કે સંમુગ્ધ ધર્મીજ્ઞાનથી જ કાર્યસિદ્ધિ થઇ જાય છે, એવું તાત્પર્ય છે. અર્થાત્ એકાન્તનિત્યતા વગેરેમાંથી જે ધર્મનો જે ધર્મીમાં (જીવ વગેરેમાં) નિર્ણય કરવો છે તે ધર્મીનું લક્ષણ-સાધ્ય ઇતરભિન્નત્વેન જ્ઞાન આવશ્યક નથી, કિન્તુ એ વિના જ, સંમુગ્ધજનને ધર્મીનું જેવું જ્ઞાન હોય છે એના દ્વારા આ નિર્ણય કરવા રૂપ કાર્યની અને તેથી અસદ્ગ્રહનિવૃત્તિની સિદ્ધિ થઇ જાય છે.

આમ ધર્મવાદમાં પ્રમાણનું લક્ષણ નિરુપયોગી છે એ તાત્પર્ય જાણવું.॥૧૨॥

'इदं रजतं' ઇત્યાદિ રૂપે થયેલા જ્ઞાન અંગે 'આ જ્ઞાન પ્રમાણ છે કે અપ્રમાણ?' એ સંશય હોય તો રજતાદિ અર્થનો પણ સંશય રહે છે, નિશ્ચય થતો નથી. પ્રમાણના લક્ષણથી એ સંશય દૂર થાય છે અને તેથી અર્થનો સંશય પણ દૂર થવાથી અર્થનો નિશ્ચય થાય છે. આમ અર્થનો નિશ્ચય કરવા માટે જ લક્ષણનો ઉપયોગ છે. આવી શંકાને દૂર કરવા ગ્રન્થકાર કહે છે–

[પ્રમાણલક્ષણોપયોગ અંગે અન્ય શંકા-સમાધાન]

"લક્ષણ વિના તો પ્રમાણમાં અપ્રામાણ્યની શંકા પડવાથી અર્થનો પણ સંશય પડવાની આપત્તિ આવશે" એવું ન કહેવું, કેમકે તેમાં પણ = પ્રમાણના લક્ષણમાં પણ શંકા પડી શકે છે. શંકા પડવાના હેતુનો અભાવ બન્નેમાં તુલ્ય છે.

'इदं रजतं' એવા જ્ઞાનમાં જ જો અપ્રામાણ્યની શંકા પડી જાય તો એના વિષયભૂત અર્થની પણ શંકા જ રહે છે. જો એ જ્ઞાન પ્રમાણ હશે તો એના વિષય રૂપે ભાસતી વસ્તુ રજત છે અને જો એ અપ્રમાણ હશે તો એ વિષયભૂત વસ્તુ રજત નથી આવો સંશય પડવાની આપત્તિ સ્પષ્ટ જ છે. લક્ષણથી અપ્રામાણ્યની શંકા દૂર થવાથી અર્થનિશ્ચય થઇ શકે છે. પણ આવું કહી શકાતું નથી, કેમકે પ્રમાણના લક્ષણ અંગે પણ આવી શંકા પડી શકે છે. પોતાના સ્વરસથી જ કોઇને 'પ્રમાણનું આ લક્ષણ પ્રમાણ હશે કે અપ્રમાણ?' આવી શંકા પડે તો કોઇ એને અટકાવી શકતું નથી. એ શંકા પડવાથી, એના દ્વારા જ્ઞાનમાં પ્રામાણ્યનો જે નિશ્ચય કરવાનો છે તે ન થઇ શકવાથી પ્રામાણ્યની પણ શંકા જ રહે છે જે અર્થસંશયમાં પરિણમે છે. આમ લક્ષણનો ઉપયોગ કરવા છતાં અર્થસંશયની આપત્તિ આ રીતે તો ઊભી જ રહે છે.

"પ્રમાણના લક્ષણમાં અપ્રામાણ્યની શંકા કરવાનો કોઇ હેતુ ન હોવાથી એની શંકા થતી નથી, અને તેથી

शङ्काकारणाभावस्य साम्यतः = तुल्यत्वात्, प्रमाणलक्षण इव प्रमाणेऽपि शङ्काकारणाभावे शंकाया अनुत्पत्तेरित्यर्थः ।।१३।।

अहिंसादिधर्मसाधनग्राहकं हि प्रमाणं परेषां षष्ठितंत्रादिकं स्वस्वशास्त्रमेव, तत्र चाहिंसादिग्रहणांशे सर्वतन्त्रप्रसिद्धत्वेन न कदापि संशयस्तद्विशेषांशे तु भवन्नयमनुकूल एव, न चैकांशे शंकितप्रामाण्यज्ञानमितरांशस्याप्यनिश्चायकमिति युक्तं, घटपटसमूहालंवनात् घटांशे प्रामाण्यसंशये पटस्याप्यनिश्चयापत्तेरित्याशयवानाह–

अर्थयाथात्म्यशङ्का तु तत्त्वज्ञानोपयोगिनी।
शुद्धार्थस्थापकत्वं च तन्त्रं सद्दर्शनग्रहे।।१४।।

अर्थेति। अर्थस्य = अहिंसादेर्याथात्म्यस्य = स्वतन्त्रप्रसिद्धनित्याश्रयवृत्तित्वानित्याश्रयवृत्तित्वादेः शङ्का तु विचारप्रवृत्त्या तत्त्वज्ञानोपयोगिनी। ततश्च प्रतीयमानं शुद्धार्थस्य = सर्वथा शुद्धविषयस्य व्यवस्थापकत्वं [स्थापकत्वं] = प्रमितिजनकत्वं सद्दर्शनस्य = शोभनागमस्य ग्रहे = स्वीकारे तन्त्रं = प्रयोजकं, तद्ग्रहे

અર્થ નિશ્ચય થઇ શકે છે" એવું પણ નથી, કેમકે એ રીતે તો પ્રમાણમાં અપ્રામાણ્યની શંકા કરવાનું કોઇ કારણ ન હોવું એ તુલ્ય જ હોઇ અર્થ નિશ્ચય શક્ય છે. જેને સ્વરસથી જ પ્રમાણમાં પ્રામાણ્યની શંકા પડે છે એને તો સ્વરસથી પ્રમાણના લક્ષણમાં પણ પ્રામાણ્યની શંકા પડી જ શકે છે. માટે પ્રમાણના લક્ષણને અર્થનિશ્ચયમાટે ઉપયોગી માનવું એ યોગ્ય નથી.

તેથી અહિંસા વગેરે ધર્મસાધનના નિશ્ચય માટે પણ પ્રમાણનું લક્ષણ વગેરે અનુપયોગી હોઇ, પ્રસ્તુત ધર્મવાદમાં તેની ચર્ચા અનુપયોગી છે એ નિશ્ચિત થયું.॥૧૩॥ અહિંસા વગેરે ધર્મસાધનોનો નિશ્ચય કરાવનાર પ્રમાણ તરીકે ઇતરધર્મીઓને તેઓના પોતપોતાના ષષ્ટિતંત્ર વગેરે શાસ્ત્ર જ છે. એમાં સામાન્યથી અહિંસા વગેરે તો સર્વ દર્શનોમાં ધર્મસાધન તરીકે પ્રસિદ્ધ છે, એટલે એ અંશમાં તો ક્યારેય સંશય સંભવતો નથી. એ અહિંસા વગેરેના વિશેષ સ્વરૂપમાં સંશય સંભવે છે. એટલે કે તે તે શાસ્ત્રમાં જેવી અહિંસા કહેલી છે તે યથાર્થ છે કે અયથાર્થ ઇત્યાદિ સંશય સંભવિત છે. પણ આવો સંશય તો પરમાર્થના નિશ્ચય માટે અનુકૂલ જ છે. [**શંકા** - તે તે શાસ્ત્ર, તેણે અહિંસાના સ્વરૂપ વગેરે જેવા દર્શાવ્યાં હોય તે અંશમાં જો શંકિત પ્રામાણ્યવાળું છે તો સામાન્યથી અહિંસા વગેરે અંશમાં શી રીતે પ્રમાણ ઠરે? અને તેથી શી રીતે નિશ્ચાયક બને? અર્થાત્ તે તે દરેક શાસ્ત્રોએ ધર્મસાધન તરીકે અહિંસા, સત્ય વગેરે જે કહ્યા છે તે અંશમાં તે તે શાસ્ત્ર પણ પ્રમાણ છે અને તે તે શાસ્ત્રમાં જ અહિંસા વગેરેનું જેવું સ્વરૂપ દર્શાવ્યું છે તે, તે તે શાસ્ત્રોમાં જ પ્રતિપાદિત એકાન્ત નિત્યતા વગેરે સિદ્ધાન્તોને અનુસરીને ઘટે છે કે નહીં એ સંશયાસ્પદ હોવાથી એ અંશમાં તે તે શાસ્ત્ર શંકિત પ્રામાણ્યવાળું છે. આવું શી રીતે સંભવે?]

સમાધાન - જેનું પ્રામાણ્ય એક અંશમાં શંકિત હોય તે જ્ઞાન ઇતરાંશમાં પણ શંકિત પ્રામાણ્યવાળું જ હોય અને તેથી તે ઇતરાંશમાં પણ એ અનિશ્ચાયક જ હોય એવું માનવું એ યોગ્ય નથી. કેમકે એમ માનવામાં એવી આપત્તિ આવે છે કે ઘટ-પટ નું સમૂહાલંબન જ્ઞાન થયું હોય અને એના ઘટાંશમાં પ્રામાણ્યનો જો સંશય હોય તો પટનો પણ અનિશ્ચય રહે. તેથી ઘટાંશમાં શંકિત પ્રામાણ્યવાળું સમૂહાલંબન જ્ઞાન પણ પટનું જેમ નિશ્ચાયક બને છે તેમ તે તે શાસ્ત્રો ધર્મસાધન તરીકે સામાન્યથી અહિંસા વગેરેને જે જણાવે છે તે અંશમાં તો નિશ્ચાયક છે જ. અને અહિંસા વગેરેના વિશેષ સ્વરૂપ વગેરે અંગેનો સંશય તત્ત્વજ્ઞાન માટે ઉપયોગી છે. આવું જણાવવાના

च तत एव धर्मसाधनोपलंभात् किं लक्षणेनेति भावः।।१४।।

तत्रात्मा नित्य एवेति येषामेकान्तदर्शनम्।
हिंसादयः कथं तेषां कथमप्यात्मनोऽव्ययात्।।१५।।

तत्रेति। तत्र = धर्मसाधने विचारणीये, आत्मा नित्य एव इति येषां साङ्ख्यादीनामेकान्तदर्शनं, तेषां हिंसादयः कथं मुख्यवृत्त्या युज्यन्त इति शेषः, कथमपि खंडितशरीरावयवैकपरिणामेनापि आत्मनोऽव्ययाद् = अखंडनात्, न हि बुद्धिगतदुःखोत्पादरूपा हिंसा साङ्ख्यानामात्मनि प्रतिविंबोदयेनानुपचरिता संभवति।

આશયવાળા ગ્રન્થકાર કહે છે—

અર્થના યાથાત્મ્યની શંકા તત્ત્વજ્ઞાનોપયોગી છે. શુદ્ધ અર્થનું સ્થાપકત્વ સુંદર દર્શનશાસ્ત્રના સ્વીકારમાં નિયામક છે.

અહિંસા, સત્ય વગેરે અર્થનો આશ્રય આત્મા છે. એટલે સ્વ-સ્વદર્શનમાં આત્મા જેવો નિત્ય, અનિત્ય વગેરે મનાયો હોય તે પ્રમાણે અહિંસા વગેરે નિત્યઆશ્રયવૃત્તિ, અનિત્યઆશ્રયવૃત્તિ વગેરે બને છે. તેથી અહિંસા વગેરેમાં નિત્યઆશ્રયવૃત્તિત્વ, અનિત્યઆશ્રયવૃત્તિત્વ વગેરે જે ધર્મો આવે છે એ અહિંસા વગેરે અર્થનું યાથાત્મ્ય છે. આ અર્થયાથાત્મ્યની શંકા તત્ત્વજ્ઞાનપ્રાપ્તિ માટે ઉપયોગી છે. એટલે કે અહિંસા વગેરે નિત્યઆશ્રયવૃત્તિ હશે કે અનિત્યઆશ્રયવૃત્તિ હશે કે નિત્યાનિત્યઆશ્રયવૃત્તિ હશે ઇત્યાદિ શંકા જિજ્ઞાસુને વિચાર કરતો કરી દે છે. માધ્યસ્થ્યપૂર્વક થયેલો આ વિચાર યોગ્ય નિર્ણય કરાવે છે જે તત્ત્વજ્ઞાન રૂપ છે. આ તત્ત્વજ્ઞાનમાં અહિંસા વગેરે અર્થનું જે દર્શનને માન્ય જેવું નિત્યાનિત્યઆશ્રયવૃત્તિત્વ વગેરે રૂપ યાથાત્મ્ય સર્વથા સુસંગત જણાય તે દર્શન સર્વથા શુદ્ધ વિષયનું વ્યવસ્થાપક છે, એટલે કે પ્રમિતિજનક છે, અર્થાત્ સત્યજ્ઞાન કરાવનાર છે એવું પ્રતીત થાય છે. આ પ્રતીત થતું શુદ્ધાર્થવ્યવસ્થાપકત્વ સદ્દર્શનના શોભનઆગમના સ્વીકારનું પ્રયોજક બને છે. એટલે કે એ પ્રતીત થવાથી તે દર્શનનો પ્રમાણ તરીકે સ્વીકાર થાય છે. આ સ્વીકાર થયે તો તેનાથી જ ધર્મસાધન જણાય જાય છે. એટલે પછી પ્રમાણના લક્ષણની તો કોઇ જરૂર રહેતી નથી.॥૧૪॥ આત્માના યાથાત્મ્યનો જ વિચાર કરવા ગ્રન્થકાર સૌ પ્રથમ એકાન્તનિત્યતાવાદી દર્શન અંગે વિચારણા જણાવે છે—

[એકાન્તનિત્યવાદમાં હિંસાદિની અઘટતા]

ધર્મસાધનની વિચારણા કરીએ તો જણાય છે કે જે સાંખ્ય-નૈયાયિક વગેરેના દર્શનમાં 'આત્મા નિત્ય જ છે' એવો નિત્ય એકાન્ત મનાયો છે તેઓના મતે હિંસા વગેરે મુખ્યવૃત્તિએ શી રીતે ઘટે? કેમકે તેઓના મત મુજબ, કોઇપણ રીતે આત્માનો નાશ સંભવતો નથી. કોઇપણ રીતે એટલે...યાવત્ ખંડિત શરીર અવયવો સાથે એક પરિણામ માનવામાં આવે તો પણ આત્મા તો કૂટસ્થ નિત્ય મનાયો હોઇ એનું ખંડન તો સંભવતું જ નથી કે જેને હિંસા કહી શકાય. વળી આત્માને કૂટસ્થ નિત્ય માનનાર સાંખ્યોના મતે દુઃખોત્પત્તિ વગેરે બુદ્ધિમાં જ થાય છે, આત્મામાં તો એનું પ્રતિબિંબ જ પડે છે. એટલે દુઃખોત્પાદરૂપ હિંસાનું પણ આત્મામાં તો માત્ર પ્રતિબિંબ જ હોય છે. અને પ્રતિબિંબ તો કાલ્પનિક છે. તેથી વાસ્તવિક રીતે તે હિંસા હોતી નથી. માટે આત્મામાં અનુપચરિત પણે = મુખ્યવૃત્તિએ હિંસા સંભવતી નથી. નૈયાયિકોએ પણ આત્માને કૂટસ્થ નિત્ય માન્યો છે. તેઓના મતે હિંસા એ દુઃખાત્મક ગુણરૂપ છે. તેઓ ગુણીથી ગુણને સર્વથા ભિન્ન માને છે. એટલે આ હિંસા પણ આત્માથી સર્વથા ભિન્ન છે. એટલે સમવાયથી પણ તે આત્મામાં અનુપચરિત પણે સંભવતી નથી, કેમકે સમવાય પોતે પણ કાલ્પનિક છે. આમ પ્રતિબિંબ અને સમવાય એ બન્ને પોતે જ કાલ્પનિક હોઇ

न वा नैयायिकानां स्वभिन्नदुःखरूपगुणरूपा सा आत्मनि समवायेन, प्रतिविंवसमवाययोरेव काल्पनिकत्वात्, न च कथमपि स्वपर्यायविनाशाभावे हिंसाव्यवहारः कल्पनाशतेनाप्युपपादयितुं शक्यत इति, तदिदमाह "निष्क्रियोऽसौ ततो हन्ति हन्यते वा न जातुचित्, कञ्चित्केनचिदित्येवं न हिंसाऽस्योपपद्यते"।।१५।।

मनोयोगविशेषस्य ध्वंसो मरणमात्मनः।
हिंसा तच्चेन्न तत्त्वस्य सिद्धेरर्थसमाजतः।।१६।।

मन इति। मनोयोगविशेषस्य = स्मृत्यजनकज्ञानजनकमनःसंयोगस्य ध्वंस आत्मनो मरणं, तद्धिंसा। इयं ह्यात्मनोऽव्ययेऽप्युपपत्स्यते।अतिसान्निध्यादेव हि शरीरखंडनादात्मापि खंडित इति लोकानामभिमानः,

सांख्यना के नैयायिकना मते मुख्यवृत्तिએ હિંસા ઘટતી નથી. આત્માના પોતાના પર્યાયનો વિનાશ ન હોય તો સેંકડો કલ્પના કરોને, તો પણ હિંસાનો વ્યવહાર કોઇપણ રીતે સંગત થઇ શકતો નથી. અષ્ટક પ્રકરણમાં (૧૪-૨) આ વાત આ રીતે કહી છે - "એકાન્ત નિત્ય આત્મામાં ક્રમેણ કે યુગપદ્ કાર્યકર્તૃત્વ સંભવતું ન હોઇ એ નિષ્ક્રિય છે. તેથી એ કોઇને હણતો નથી. વળી સર્વથા નિત્ય એવો તે કોઇનાથી હણાતો નથી. માટે આત્માની હિંસા (મુખ્યવૃત્તિએ) સંગત થતી નથી." [હા, પ્રતિબિંબ વગેરેના ઉપચારથી હિંસા ઘટી શકે છે, પણ તત્ત્વવિચારણામાં ઉપચાર માન્ય હોતો નથી.]॥૧૫॥ [એકાન્તનિત્યવાદીએ સ્વમતમાન્ય હિંસાની સંગતિ કરવા માટે આપેલી કલ્પનાને જણાવીને એનું નિરાકરણ કરતા ગ્રન્થકાર જણાવે છે–]

[મનોયોગધ્વંસને હિંસા ન મનાય]

વિશેષપ્રકારના મનોયોગનો ધ્વંસ એ આત્માનું મરણ છે અને એ જ હિંસા છે. આવું કથન પણ યોગ્ય નથી, કેમકે ઉક્ત ધ્વંસ તો કારણભૂત અર્થસામગ્રીથી જ સિદ્ધ થઇ જાય છે.

શંકા - સામાન્યથી મૃત્યુ ભિન્ન કાળે થતાં જ્ઞાનથી કાલાન્તરે સ્મૃતિ થઇ શકે છે. માટે એ સ્મૃતિજનક જ્ઞાન છે. મૃત્યુકાળે જે જ્ઞાન થયું હોય છે તેનાથી સ્મૃતિ થતી નથી. માટે એ સ્મૃતિઅજનક જ્ઞાન છે. આવા સ્મૃતિઅજનકજ્ઞાનનો જનક મનઃસંયોગ એ અહીં વિશેષપ્રકારના મનોયોગ તરીકે લેવાનો છે. આનો ધ્વંસ થવો એ આત્માનું મરણ છે - એ જ હિંસા છે. કૂટસ્થ નિત્ય આત્માનો વ્યય ન થાય તો પણ આવા પ્રકારની હિંસા સંગત છે. નિત્ય એવા આકાશ સાથે ઘટાદિના સંયોગનો નાશ સંગત છે જ.

પ્રશ્ન - આત્માનો જો વ્યય થતો નથી તો 'આત્મા ખંડિત થયો' 'આત્માનો નાશ થયો' એવો વ્યવહાર શી રીતે થઇ શકે?

ઉત્તર - એ વ્યવહાર વાસ્તવિક છે જ નહીં અને તેથી ભેદ પારખી શકનારા પ્રાજ્ઞોને એ આદરણીય પણ નથી જ. એમાં ખંડિત તો શરીર જ થાય છે, માત્ર આત્માનું એની સાથે અતિસાન્નિધ્ય હોવાના કારણે લોકોનું આવું મિથ્યાભિમાન પ્રવર્ત્તે છે કે આત્મા પણ ખંડિત થયો.

સમાધાન - આવી સ્મૃતિઅજનકજ્ઞાનજનક મનઃસંયોગના ધ્વંસરૂપ હિંસા માનવી એ પણ યોગ્ય નથી, કેમકે એવી હિંસા માનવાથી પણ હિંસકત્વનો વ્યવહાર કાંઇ સંગત થઇ શકતો નથી. શા માટે? એટલા માટે કે આવો ધ્વંસ કાંઇ કોઇ વ્યક્તિએ કર્યો હોતો નથી, પણ તેવા પ્રકારની કારણ સામગ્રીથી જ થઇ ગયો હોય છે. તે આ રીતે - સ્મૃતિના કારણોનો અભાવ હોવાથી જ એ જ્ઞાન સ્મૃતિજનક બનતું નથી. વળી એ જ્ઞાનનો જનક જે ચરમનઃસંયોગ હોય છે તેનો પણ દ્વિચરમ વગેરે અન્ય મનઃસંયોગની જેમ જ નાશ થઇ જાય છે. આમ જ્ઞાન સ્મૃતિનું અજનક રહે છે એમાં, હિંસક તરીકે અભિપ્રેતવ્યક્તિનો કોઇ વ્યાપાર હોતો નથી કે

नायं विशेषदर्शिभिरादरणीय इति **चेत्? न**, तत्त्वस्य = उक्तध्वंसत्वस्यार्थसमाजतः = अर्थवशादेव सिद्धेः, स्मृतिहेत्वभावादेव स्मृत्यजननाच्चरममनःसंयोगस्यापि संयोगान्तरवदेव नाशात्। तथा च नेयं हिंसा केनचित्कृता स्यादिति सुस्थितमेव सकलं जगत्स्यात्।।१६।। आत्मन एकान्तनित्यत्वाभ्युपगमे दूषणान्तरमाह–

शरीरेणापि संबन्धो नित्यत्वेऽस्य न संभवी।
विभुत्वेन च संसारः कल्पितः स्यादसंशयम्।।१७।।

शरीरेणापीति। नित्यत्वे सति अस्य = आत्मनः शरीरेणापि समं सम्बन्धो न संभवी, नित्यस्य हि शरीरसंबन्धः पूर्वरूपस्य त्यागे वा स्यादत्यागे वा? आद्ये स्वभावत्यागस्यानित्यलक्षणत्वान्नित्यत्वहानिः, अन्त्ये च पूर्वस्वभावविरोधाच्छरीरासंबन्ध एवेति, विभुत्वेन चाभ्युपगम्यमानेन हेतुना संसारोऽसंशयं कल्पितः स्यात्, सर्वगतस्य परलोकगमनरूपमुख्यसंसारपदार्थानुपपत्तेः। अथवा विभुत्वे च संसारो न स्यात्,

---

ચરમમનઃસંયોગનો નાશ થાય છે એમાં એ વ્યક્તિનો કોઇ વ્યાપાર હોતો નથી. સ્વાભાવિક મૃત્યુથી મરનારનું પણ (એટલે કે જ્યાં અન્યવ્યક્તિનો કોઇ વ્યાપાર નથી ત્યાં પણ) એ જ્ઞાન સ્મૃતિનું અજનક જ રહે છે અને ચરમમનઃસંયોગનો નાશ પણ થાય જ છે. આમ ઉક્ત ધ્વસંરૂપ હિંસા કોઇ કરી શકતું ન હોવાથી આખું જગત સુસ્થિત જ = ખૂન વગેરેના ભય વગરનું જ રહેવું જોઇએ. [પણ એવું છે નહીં, માટે આત્માને સર્વથા નિત્ય માનવા છતાં ઉક્ત ધ્વંસ રૂપ હિંસા માની એની સંગતિ કરવી એ શક્ય નથી.]॥૧૬॥

[એકાન્તનિત્યનો શરીરસાથે સંબંધ ન ઘટે]

આત્માને એકાન્તે નિત્ય માનવામાં બીજો જે દોષ લાગે છે તેને ગ્રન્થકાર જણાવે છે–

આત્મા જો સર્વથા નિત્ય હોય તો એનો શરીર સાથે સંબંધ સંભવતો નથી. વળી આત્મા વિભુ હોઇ એનો સંસાર નિશ્ચિતપણે કાલ્પનિક જ બની જશે.

આશય એ છે કે નિત્યવસ્તુનો શરીર સાથે સંબંધ જે થાય તે, તે શરીર સાથેની અસંબદ્ધ અવસ્થામાં આત્માનું જે સ્વરૂપ હતું તે પૂર્વસ્વરૂપનો ત્યાગ કરીને થાય છે કે ત્યાગ કર્યા વગર? ત્યાગ કરીને થાય છે એવું જો કહેશો તો નિત્યત્વમાન્યતાની હાનિ થઇ જશે, કેમકે સ્વભાવનો ત્યાગ એ અનિત્યતાનું લક્ષણ છે. ત્યાગ કર્યા વગર શરીર સાથે સંબંધ કરે છે એવો અન્ત્ય વિકલ્પ માનવો પણ યોગ્ય નથી, કેમકે પૂર્વસ્વભાવ તો શરીરસંબંધનો વિરોધી હતો (માટે તો શરીર સાથે અસંબંધ હતો.) અને એ જ જો હજુ જળવાયેલો છે, તો શરીર સાથે હજુ પણ અસંબંધ જ રહેશે. વળી સર્વથા નિત્ય મનાયેલા આત્માનું વિભુત્વ પણ જે માનવામાં આવ્યું છે તેના કારણે એનો સંસાર પણ બેશક કાલ્પનિક જ બની જશે, વાસ્તવિક નહીં, કેમકે 'સંસાર' શબ્દનો જે મુખ્ય અભિધેયાર્થ છે પરલોકગમન સ્વરૂપ તે સંગત થતો નથી. આત્મા વિભુ એટલે કે સર્વવ્યાપી છે તો એને ક્યાંય જવાનું રહેતું જ ન હોવાથી પરલોકગમન પણ શી રીતે સંભવે? એટલે એને કાલ્પનિક જ માનવો પડે. અથવા 'विभुत्वेन च संसारः....' ઇત્યાદિ ઉત્તરાર્ધને 'विभुत्वे न च संसारः....' ઇત્યાદિ રૂપે લઇએ તો આવો અર્થ જાણવો કે આત્માને વિભુ માનવામાં આવે તો એનો સંસાર જ ન સંભવે, જો સંભવે તો એ અવશ્ય કાલ્પનિક જ હોય. અષ્ટકપ્રકરણ (૧૪-૫) માં આ વાત આ રીતે કહી છે કે 'નિત્ય આત્મામાં નિષ્ક્રિયત્વ હોય છે એના કારણે જ એનો શરીર સાથે સંબંધ સંગત થતો નથી. વળી આત્મા સર્વગત હોવાથી એનો અકલ્પિત = વાસ્તવિક સંસાર સંગત થતો નથી."॥૧૭॥

स्याच्चेदसंशयं कल्पितः स्यादिति योजनीयं, तदिदमुक्तं–

"शरीरेणापि संवन्धो नात एवास्य संगतः।

तथा सर्वगतत्वाच्च संसारश्चाप्यकल्पितः ।।इति ।।१७।। परः शङ्कते–

अदृष्टाद्देहसंयोगः स्यादन्यतरकर्मजः।
इत्थं जन्मोपपत्तिश्च न तद्योगाविवेचनात्।।१८।।

अदृष्टादिति। अदृष्टात् = प्राग्जन्मकृतकर्मणो लब्धवृत्तिकात् देहसंयोगोऽन्यतरकर्मजः स्यात्, आत्मनो विभुत्वेनोभयकर्माभावेऽपि देहस्य मूर्तत्वेनान्यतरकर्मसंभवादिति। इत्थं जन्मनः = संसारस्योपपत्तिः, ऊर्ध्वलोकादौ शरीरसंवन्धादेवोर्ध्वलोकगमनादिव्यपदेशोपपत्तेः। इत्थमपि विभुत्वाव्ययात् पूर्वशरीरत्यागोत्तरशरीरोपादानैकस्वभावत्वाच्च न नित्यत्वहानिः, एकत्र ज्ञाने नीलपीतोभयाकारवदेकत्रोक्तैकस्वाभाव्यावि-

આ દોષનો બચાવ કરવા એકાન્તનિત્યવાદી શંકા કરે છે–

અદૃષ્ટના કારણે દેહનો આત્મા સાથે અન્યતરકર્મજન્ય સંયોગ થાય છે. આ રીતે જન્મ પણ સંગત થઇ જાય છે. આવો બચાવ યોગ્ય નથી, કેમકે તદ્યોગ = શરીરના સંબંધનું વિવેચન થઇ શકતું નથી.

નિત્યવાદી - સંયોગ બે પ્રકારના છે. સંયોગજન્ય સંયોગ અને કર્મજન્ય સંયોગ. આમાંથી કર્મજન્યસંયોગ પણ બે પ્રકારનો છે. ઉભયકર્મજન્ય અને અન્યતરકર્મજન્ય. સંયોગી બનનારા બન્ને દ્રવ્યોની ક્રિયાથી જે થાય તે ઉભયકર્મજન્ય. બેમાંથી એક દ્રવ્ય સ્થિર હોય અને બીજું દ્રવ્ય ક્રિયા કરી એના સંબંધમાં આવે તો જે સંયોગ થાય તે અન્યતરકર્મજન્ય સંયોગ. આત્મા વિભુ હોઇ નિષ્કર્મ છે. પણ એને પૂર્વજન્મમાં જેવું અદૃષ્ટ ઉપાર્જિત કર્યું હોય તેના કારણે શરીર પ્રાયોગ્ય દ્રવ્યમાં કર્મ પેદા થાય છે અને તેનાથી દેહનો આત્મા સાથે અન્યતરકર્મજ સંયોગ થાય છે. આમ આત્મા વિભુ હોઇ ઉભયકર્મ ન હોવા છતાં દેહ મૂર્ત હોઇ અન્યતરકર્મ સંભવિત બનવાથી શરીરસંયોગ પણ સંભવિત છે જ. વળી આ રીતે જન્મ = સંસારની સંગતિ પણ થઇ જાય છે. વિભુ આત્માની સાથે અન્યાન્ય સ્થળે શરીરનો સંયોગ થવો એ જ સંસરણ છે. ઊર્ધ્વલોક વગેરે માં શરીરનો સંબંધ થાય તેનો ઊર્ધ્વલોકગમન વગેરે રૂપે વ્યપદેશ સંગત થઇ શકે છે. વળી આ રીતે માનવામાં એનું વિભુત્વ જળવાઇ રહેવાથી તેમજ પૂર્વશરીરનો ત્યાગ કરવો અને ઉત્તરશરીરનું ઉપાદાન કરવું એવો એક વિશિષ્ટ પરિણામ રૂપ એક સ્વભાવ માની શકાતો હોવાથી નિત્યત્વની હાનિ થતી નથી. ક્ષણિકવાદીઓની માન્યતા મુજબ એક જ જ્ઞાનમાં પણ જેમ નીલપીત ઉભયઆકાર અવિરોધપણે મનાય છે તેમ એક જ નિત્ય વિભુ આત્મામાં પણ પૂર્વશરીરત્યાગ અને ઉત્તરશરીર ઉપાદાન એ બન્નેથી સંકળાયેલો એક સ્વભાવ અવિરોધપણે સંભવિત છે.

પ્રશ્ન - અનંતકાળમાં થનારા અનંતા ઉત્તરશરીરોનું ઉપાદાન કરવાનો એનો સ્વભાવ પહેલેથી જ છે તો એ બધાનું ઉપાદાન એક સાથે કેમ થઇ જતું નથી?

ઉત્તર - આત્માનો તેવો સ્વભાવ પહેલેથી હોવા છતાં જુદા જુદા ઉત્તર શરીરના ઉપાદાનરૂપ જુદા જુદા કાર્યો પોતપોતાની સામગ્રીને આધીન છે. એ સામગ્રી જે ક્રમે પ્રાપ્ત થતી રહે છે એ ક્રમે તે તેનું ઉપાદાન વગેરે રૂપ કાર્ય થાય છે. માટે આત્માને એકાન્તનિત્ય અને વિભુ માનવામાં કોઇ અસંગતિ રહેતી નથી.

જૈન - આ રીતે શરીરસંયોગ અને જન્મની સંગતિ થવી સંભવતી નથી, કેમકે શરીરના સંયોગનું વિવેચન થઇ શકતું નથી. અર્થાત્ વિકલ્પો કરીને એની વિચારણા કરી એ તો એના કોઇ વિકલ્પ ટકી શકતા નથી. તે આ રીતે - આ સંયોગ આત્મા અને શરીરથી ભિન્ન છે કે અભિન્ન? ભિન્ન માનશો તો અનવસ્થા દોષ આવશે.

रोधात्, कार्यक्रमस्य च सामग्र्यायत्तत्वादित्याशयः। सिद्धान्तयति – **न**, तद्योगस्य = शरीरसंयोगस्याविवेचनात्। तथाहि – किमयमात्मशरीरयोर्भिन्नो वा स्यादभिन्नो वा? आद्ये तत्संबन्धभेदादिकल्पनायामनवस्था। अन्त्ये च धर्मिद्वयातिरिक्तसंबन्धाभावेऽतिप्रसंग इति।।१८।।

आत्मक्रियां विना च स्यान्मिताणुग्रहणं कथम्।
कथं संयोगभेदादिकल्पना चापि युज्यते?।।१९।।

आत्मेति। आत्मनो यावत्स्वप्रदेशैरेकक्षेत्रावगाढपुद्गलग्रहणव्यापाररूपां क्रियां विना च मिताणूनां = नियतशरीरारम्भकपरमाणूनां ग्रहणं कथं स्यात्? संबद्धत्वाविशेषे हि लोकस्थाः सर्व एव ते गृह्येरन् न वा केचिदपि, अविशेषात्। अदृष्टविशेषान्मिताणुग्रहोपपत्तिर्भविष्यतीति **चेत्? न**, अदृष्टे पुण्यपापरूपे साङ्कर्याज्जातिरूपस्य विशेषस्यासिद्धेः, मिताणुग्रहार्थस्य विशेषस्य जातिरूपस्यादृष्टकल्पनापेक्षया क्रियावत्त्वरू-

---

કેમકે શરીરનો આત્મા સાથે આત્માથી સર્વથા ભિન્ન એવો જે સંયોગ છે તેને પણ આત્મામાં રહેવાનું હોઇ તેનો પણ આત્મા સાથે એક નવો સંબંધ જોઇશે. વળી એ નવા સંબંધને રહેવા એક ત્રીજો સંબંધ જોઇશે. આમ અનવસ્થા ચાલશે. એ સંયોગ આત્મા અને શરીરથી અભિન્ન છે એવો અન્ત્ય વિકલ્પ જો માનવામાં આવે તો અતિ પ્રસંગ દોષ આવશે. કેમકે એવું માનવામાં માત્ર બે ધર્મીઓ જ માનવાના છે, ભિન્ન કોઇ સંબંધ તો માનવાનો નથી, એટલે બે ધર્મીઓ જુદા હોય ત્યારે પણ બેને સંબદ્ધ માનવા પડે.॥૧૮॥

[વિભુ આત્માનું શરીરગ્રહણ અસંભવિત]

[વિભુ આત્માના શરીરગ્રહણ અંગે અન્ય દોષો દેખાડતા ગ્રન્થકાર કહે છે–]

આત્માની ક્રિયા ન હોય તો પરિમિત પરમાણુનું જ ગ્રહણ શા માટે થાય? વળી સંયોગભેદ વગેરે કલ્પના પણ કઇ રીતે ઘટે? આત્માની, પોતાના સર્વ આત્મપ્રદેશોથી તે તે આત્મપ્રદેશો જે આકાશક્ષેત્રને અવગાહીને રહ્યા હોય તે આકાશપ્રદેશોમાં રહેલા પુદ્ગલોનું ગ્રહણ કરવાના વ્યાપારરૂપ ક્રિયા જો ન હોય તો શરીર આરંભક પરિમિત પરમાણુઓનું જ ગ્રહણ શા માટે થાય? કેમકે વિભુ આત્માને તો લોકમાં રહેલા સઘળા પુદ્ગલો સમાન રીતે સંબદ્ધ છે. એટલે આત્માની જો કોઇ ક્રિયા ન હોય તો એ બધા પુદ્ગલોનું ગ્રહણ થઇ જવું જોઇએ અથવા તો એકે ય પુદ્ગલનું ગ્રહણ થવું ન જોઇ એ, કારણકે અમુકનું ગ્રહણ થાય, અન્યનું નહીં એવી વિશેષતા કરનાર કોઇ નિયામક છે નહીં.

શંકા - તે તે આત્માનું અદૃષ્ટ વિશેષ એવી વિશેષતા કરનાર છે. અર્થાત્ તે તે આત્માનું અદૃષ્ટ જ એવા પ્રકારનું હોય છે કે જેથી એ અમુક પરિમિત પુદ્ગોલોમાં જ કર્મ પેદા કરી આત્મા સાથે અન્યતરકર્મજન્ય સંયોગ કરાવે છે. તેથી પરિમિતપરમાણુગ્રહણની સંગતિ થઇ જાય છે.

સમાધાન - અદૃષ્ટમાં રહેલ જાતિવિશેષ રૂપ આંવો વિશેષ અસિદ્ધ છે, કારણકે સાંકર્યદોષ આવે છે. તે આ રીતે- શરીર પ્રયોજક અદૃષ્ટ પુણ્યરૂપ પણ હોય છે, પાપરૂપ પણ (કારણકે શરીરમાં અમુક અવયવો સારા મળે, અમુક ખરાબ મળે એવું સંભવિત છે.) શરીર પ્રયોજક અદૃષ્ટ ભિન્ન ભોગ વગેરે પ્રયોજક જે પુણ્ય હોય છે તેમાં પુણ્યત્વ છે પણ તે અભિપ્રેત જાતિવિશેષ નથી. શરીર પ્રયોજક પાપરૂપ અદૃષ્ટમાં તે જાતિવિશેષ છે પણ પુણ્યત્વ નથી. અને શરીર પ્રયોજક પુણ્યરૂપ અદૃષ્ટમાં એ બન્ને છે. આમ પુણ્યત્વ જોડે સાંકર્ય હોવાથી એ જાતિરૂપ વિશેષ સિદ્ધ થઇ શકતો નથી.

[**શંકા** - તમે જૈનો તો સાંકર્યને જાતિબાધક માનતા નથી. એટલે તમારે મતે તો અદૃષ્ટમાં તેવો જાતિવિશેષ

पस्यात्मन्येव कल्पयितुं युक्तत्वात्, तत्संकोचविकोचादिकल्पनागौरवस्योत्तरकालिकत्वेनावाधकत्वात्, शरीरावच्छिन्नपरिणामानुभवस्य सार्वजनीनत्वेन प्रामाणिकत्वाच्चेति भावः। तथा, आत्मनः क्रियां विना

संभवित छे ज ने!]

समाधान - तेम छतां, परिमित परमाणुओनुं ज जे ग्रहण थाय छे तेना प्रयोजक तरीके अदृष्टमां जातिविशेष રૂપ विशेषनी कल्पना करवी एना करतां आत्मामां ज क्रियावत्त्व (क्रिया) રૂપ विशेषनी कल्पना करवी એ योग्य छे.

[**शंका** - पण आत्माने जो सक्रिय मानवो होय तो विभु मानी नहीं शकाय. अने तेथी એને शरीरप्रमाण मानवो पडशे. अने तो पछी नाना-मोटा शरीरने अनुરૂપ એના संकोच-विकोच वगेरे पण कल्पवा पडशे. आम आ संकोच-विकोच वगेरेनी कल्पनानुं गौरव थतुं होवाथी ज आत्मामां क्रियावत्त्वરૂપ विशेष मानवानी कल्पना अयोग्य ठरे छे.]

समाधान - आ गौरव फळमुख गौरव રૂપ होइ दोषરૂપ नथी. आशय એ छे के એक वार कार्य-कारणभाव निश्चित थइ जाय ते पछी जे गौरव उपस्थित थतुं होय ते फळमुख गौरव રૂપ होइ दोषરૂપ होतुं नथी. अने तेथी એ कार्य-कारणभावना निश्चयनुं बाधक बनतुं नथी. कार्य-कारणभावनो निश्चय करवा पूर्वे ज जे गौरव उपस्थित थतुं होय ते दोष રૂપ होय छे अने कार्यकारणभावना निश्चयमां बाधक बनी जाय छे. प्रस्तुतमां परिमित परमाणुग्रहण રૂપ कार्य प्रत्ये आत्मामां क्रियावत्त्व રૂપ विशेषने कारण मानवानो निश्चय करवामां कोइ गौरव नडतुं नथी. એ निश्चय थया पछी आत्माने सक्रिय मानवो पडतो होइ संकोच-विकासशील मानवानुं गौरव उपस्थित थाय छे माटे એ बाधक नथी.

[**शंका** - अदृष्टमां जातिविशेषनी कल्पना करवी એना करतां आत्मामां ज क्रियावत्त्व मानवुं એ योग्य छे એवुं तमे कया हेतुथी कहो छो?]

समाधान - बे हेतुथी अमे એ कहीએ छीએ. એक तो उपर कह्या मुजब એमां बाधक नथी. अने (२) शरीरावच्छिन्न सुख-दुःख, ज्ञान वगेरे परिणामनो अनुभव सर्वजनोने प्रतीतिसिद्ध होइ प्रामाणिक छे. એटले के, सुखादि परिणामो शरीर जेटला भागमां ज अनुभवाय छे એ सार्वजनिक प्रामाणिक प्रतीतिना कारणे आत्माने पण એटलो ज मानवो योग्य छे. तेथी એ विभु न होवानो निश्चय प्रामाणिक बनवाथी એमां सक्रियत्वनी कल्पना ज युक्तिसंगत ठरे छे.

[निष्क्रिय आत्मानो शरीरसंबंध अशक्य]

वळी आत्मामां जो कोइ क्रिया मानवानी न होय तो अमुक चोक्कस शरीरमां એनो अनुप्रवेश (એकमेक संकळावा રૂપे संबंध) थयो छे એवुं मानी शकातुं नथी. એटले अन्य शरीरोनी जेम એ शरीरमां पण એक सरखो ज सामान्य संयोग होवो सिद्ध थशे. तेथी बधा शरीरोनो संयोग समान थवाथी बधा शरीरो भोगावच्छेदक बनवानी आपत्ति आवशे. अथवा बधा शरीरो बधा आत्माओ साथे એक सरखी रीते सामान्य संयोगवाळा होइ ते ते दरेक शरीर बधा आत्माओना भोगनुं अवच्छेदक बनवानी आपत्ति आवशे. आवी आपत्तिना भयथी (એटले के એ आपत्तिने वारवा माटे) ते चोक्कस आत्माना भोग प्रत्ये ते आत्माना अदृष्ट विशेषथी प्रयोज्य जे संयोगभेद (जे विशेष प्रकारनो संयोग) ते हेतु बने छे - એटले के तेवो विशेष प्रकारनो संयोग जे शरीर साथे होय ते शरीरावच्छेदेन भोग थाय-आवी कल्पना करवी એ पण कइ रीते योग्य ठरे? केमके अनंत आत्माना अनंत अदृष्ट प्रायोज्य अनंत संयोगभेद वगेरेनी कल्पना करवामां घणुं गौरव छे. आशय

नियतशरीरानुप्रवेशानभ्युपगमे सर्वेषां शरीराणां संयोगाविशेषेण सर्वभोगावच्छेदकत्वापत्तिभिया तदात्मभोगे तदीयादृष्टविशेषप्रयोज्यसंयोगभेदादिकल्पनापि कथं युज्यते? अनन्तसंयोगभेदादिकल्पने गौरवात्, अवच्छेदकतया तदात्मवृत्तिजन्यगुणत्वावच्छिन्नं प्रति तादात्म्येन तच्छरीरत्वेन हेतुत्वे तु बाल्यादिभेदेन शरीरभेदाद्व्यभिचारः। अवच्छिन्नत्वसंबंधेन तद्व्यक्तिविशिष्टे तद्व्यक्तित्वेन हेतुत्वे तु सुतरां गौरवमिति न किञ्चि-

---

એ છે કે આત્માની ક્રિયા ન હોઇ એ ક્રિયા પ્રયોજ્ય સંયોગવિશેષ સંભવતો નથી. તેમ છતાં આત્માના અદૃષ્ટપ્રયોજ્ય સંયોગવિશેષ તો સંભવે જ છે. તેવો સંયોગવિશેષ જે આત્માનો જે શરીર સાથે હોય તે આત્માના ભોગનું તે શરીર અવચ્છેદક બને. આવી કલ્પના કરવામાં આવે તો ઉક્ત આપત્તિનું વારણ થઇ શકે છે. પણ એમાં અનંત સંયોગવિશેષ માનવાનું મહાગૌરવ થાય છે. માટે એ રીતે વારણ થઇ શકતું નથી. અવચ્છેદકત્વ-સંબધાવચ્છિન્નતદાત્મવૃત્તિજન્યગુણત્વાવચ્છિન્નકાર્યતાનિરૂપિત તાદાત્મ્યસંબંધાવચ્છિન્નતચ્છરીરત્વાવચ્છિન્ન-કારણતા આવો કાર્યકારણ ભાવ સંબંધ માનીને પણ એ આપત્તિનું વારણ થઇ શકતું નથી. એટલે કે અવચ્છેદકતા સંબંધથી તદ્આત્મામાં રહેલ જન્યગુણ પ્રત્યે તાદાત્મ્યસંબંધથી તે શરીર હેતુ છે એવો શરીરનિષ્ઠ પ્રત્યાસત્તિથી કાર્યકારણભાવ માનીએ તો એ આપત્તિનું વારણ થઇ શકે છે, પણ એમાં પણ બાલ્ય વગેરે અવસ્થાભેદે શરીરભેદ હોઇ વ્યભિચાર આવે છે. એટલે કે હેતુભૂત 'તે શરીર' તરીકે તે આત્માનું જો બાલ્ય અવસ્થાભાવી શરીર લેવામાં આવે તો યુવાવસ્થાભાવી શરીર 'તે શરીર' કરતાં ભિન્ન હોઇ અમા તાદા્ય્યસંબંધથી બાલ્યાવસ્થાભાવી શરીર રહ્યું નથી. અને તેમ છતાં એમાં અવચ્છેદકતા સંબંધથી તદાત્મવૃત્તિજન્યગુણત્વાવાચ્છિન્ન એવું તે આત્મામાં રહેલ જન્યગુણ સ્વરૂપ કાર્ય થાય જ છે. આમ એ કાર્યકારણ ભાવમાં વ્યતિરેક વ્યભિચાર હોઇ એવો કાર્ય કારણભાવ માની શકાતો નથી અને તેથી ઉક્ત આપત્તિનું વારણ આ રીતે પણ કરી શકાતું નથી. અવચ્છિન્નત્વ સંબંધથી તદ્વ્યક્તિવિશિષ્ટ ગુણ પ્રત્યે તદ્વ્યક્તિત્વેન તદ્વ્યક્તિ હેતુ છે એવું માનશો તો નિર્વિવાદ ગૌરવ છે જ. એટલે એ રીતે પણ ઉક્ત આપત્તિનું વારણ કરી શકાતું નથી. આશય એ છે કે તદ્વ્યક્તિ એટલે બાલ્યાવસ્થાભાવી વગેરે તે તે શરીર, તેનાથી જે અવચ્છિન્ન હોય તે અવચ્છિન્નત્વસંબંધથી તદ્વ્યક્તિ વિશિષ્ટ બને. બાલ્યાવસ્થાભાવી શરીર કાળે તેના અવગાઢક્ષેત્રમાં રહેલ આત્મામાં જે ગુણો ઉત્પન્ન થાય છે તે ગુણો બાલ્યાવસ્થાભાવી શરીરથી અવચ્છિન્ન છે. એમ યુવાવસ્થામાં જે ગુણો ઉત્પન્ન થાય તે યુવાવસ્થાભાવી શરીરાવચ્છિન્ન છે. આમ તે તે ગુણો તદ્-તદ્વ્યક્તિઅવચ્છિન્ન બને છે. એટલે કે તે તે ગુણો અવચ્છિન્નત્વ સંબંધથી તત્તદ્વ્યક્તિવિશિષ્ટ છે. અને એના પ્રત્યે તત્તદ્વ્યક્તિ (તે તે અવસ્થાભાવી તે તે શરીર) તો હેતુ છે જ. બાલ્યાવસ્થાભાવી શરીરના અભાવકાળે (યુવાવસ્થામાં) અવચ્છિન્નત્વ સંબંધથી બાલ્યાવસ્થાભાવી શરીર વિશિષ્ટ ગુણો (બાલ્યકાળભાવી ગુણો) તો કાંઇ ઉત્પન્ન થતા જ નથી. એટલે આમાં પૂર્વ જેવો વ્યતિરેક વ્યભિચાર ન હોઇ આવો કાર્યકારણભાવ માની શકાય છે. પણ એમાં તદ્ તદ્વ્યક્તિનો પ્રવેશ હોઇ અનંત કાર્ય-કારણભાવ માનવાનું ગૌરવ છે એ સ્પષ્ટ છે. માટે એવો કાર્ય-કારણભાવ પણ માની શકાતો નથી. તેથી આવો બચાવ પાંગળો છે. આની વિશેષ ચર્ચા **સ્યાદ્વાદકલ્પલતામાં** કરી છે.

આમ આત્મક્રિયા માનવામાં ન આવે તો બધા શરીરો બધા આત્માના ભોગાવચ્છેદક બનવાની જે આપત્તિ આવે છે તેનું કોઇ રીતે વારણ થઇ શકતું ન હોવાથી આત્મક્રિયા માનવી જ આવશ્યક બની જાય છે. અને ભિન્ન કાળે થતી ભિન્ન ભિન્ન ક્રિયા સ્વભાવભેદ વિના શક્ય નથી. એટલે સ્વભાવભેદ માનવો આવશ્યક હોઇ એકાન્તનિત્યતા ટકી શકતી નથી. આ વિચારણાઓથી સ્પષ્ટ થયું કે એકાન્તનિત્યતા માનનારના મતે નિરુપચરિત હિંસા, અહિંસા, જન્મ, સંસાર વગેરે ઘટી શકતા નથી, માટે એનો સ્વીકાર કરવો એ યોગ્ય

देतद्, अधिकं लतायाम्।।१९।।

अनित्यैकान्तपक्षेऽपि हिंसादीनामसंभवः।
नाशहेतोरयोगेन क्षणिकत्वस्य साधनात्।।२०।।

अनित्येति। अनित्यैकान्तपक्षेऽपि = क्षणिकज्ञानसन्तानरूपात्माभ्युपगमेऽपि हिंसादीनामसंभवो = मुख्यवृत्त्याऽयोगः, नाशहेतोरयोगेन = क्षयकारणस्यायुज्यमानत्वेन क्षणिकत्वस्य = क्षणक्षयित्वस्य साधनात्, इयं हि परेषां व्यवस्था – नाशहेतुभिर्घटादेर्नाशस्ततो भिन्नोऽभिन्नो वा विधीयेत? आद्ये घटादेस्तादवस्थ्यम्। अन्त्ये च घटादिरेव कृतः स्यात् इति स्वभावत एवोदयानन्तरं विनाशिनो भावा इति, इत्थं च हिंसा न केनचित्क्रियत इत्यनुपप्लवं जगत्स्यादिति भावः।।२०।। "**ननु** जनक एव हिंसकः स्यादतो न दोषः" इत्यत्र जनकः किं सन्तानस्य क्षणस्य वा इति विकल्प्याद्ये दोषमाह–

नथी.॥१९॥

[એકાન્ત અનિત્યવાદમાં હિંસાદિ ન ઘટે]

નિત્ય એકાન્ત પક્ષમાં હિંસા વગેરે ઘટતા નથી એ દર્શાવ્યા પછી હવે અનિત્ય એકાન્તપક્ષમાં પણ તે ઘટતા નથી એવું ગ્રન્થકાર જણાવે છે–

આત્માને એકાન્તે અનિત્ય (ક્ષણિક) માનવાના પક્ષમાં પણ હિંસા વગેરે અસંભવિત બની જાય છે, કેમકે તેઓ નાશનો હેતુ ઘટતો ન હોવા રૂપ કારણે ક્ષણિકતાની સિદ્ધિ કરે છે.

'सर्वं क्षणिकम्' એટલે આત્મા પણ ક્ષણિકજ્ઞાનસન્તાનરૂપ છે. આવું જેઓ માને છે તેઓને પણ હિંસાદિ અસંભવિત બની જાય છે. તેઓની માન્યતા આવી છે – "દુનિયામાં ઘટ વગેરે કોઇ પદાર્થનો નાશક હેતુ સંભવતો નથી. અને તેમ છતાં વસ્તુઓ નાશ તો પામે જ છે. માટે સ્વીકારવું પડે છે કે દરેક પદાર્થો સ્વભાવથી જ નાશ પામે છે. આમ નાશ પામવાના સ્વભાવવાળા હોવાથી ઉત્પન્ન થયા પછીની ક્ષણે જ નાશ પામી જાય છે. માટે બધી જ વસ્તુઓ ક્ષણિક છે. આમાં નાશક હેતુ કોઇ સંભવતો નથી એવું જે કહ્યું તે આ રીતે - નાશક હેતુથી ઘટાદિનો જે નાશ થાય છે તે ઘટાદિથી ભિન્ન છે કે અભિન્ન? ભિન્ન હોય તો ઘટાદિને તેનાથી શું લાગેવળગે? એટલે કે ઘટાદિ તો તદવસ્થ જ રહેશે. જેમ પટાદિનો નાશ ઘટાદિથી સર્વથા ભિન્ન હોઇ પટાદિનાશ થયે ઘટાદિ એ કાંઇ નાશ પામવાનું હોતું નથી એમ પ્રસ્તુતમાં પણ ઘટાદિ નાશ પામશે નહીં. 'એ નાશ ઘટાદિથી અભિન્ન છે' એવો બીજો વિકલ્પ પણ માની શકાતો નથી, કેમકે એનો અર્થ તો એ થયો કે 'તે નાશક હેતુએ ઘટાદિને જ ઉત્પન્ન કર્યા' જે સંભવિત નથી, કેમકે ઘટાદિ તો સ્વકારણોથી ઉત્પન્ન થયેલા જ છે. આમ નાશક તરીકે મનાયેલ હેતુ ઘટાદિથી ભિન્ન કે અભિન્ન એવો કોઇ પ્રકારનો નાશ કરે એ ઘટતું ન હોવાથી કોઇ નાશક હેતુ જ માની શકાતો નથી. માટે તેવા સ્વભાવવાળા હોવાના કારણે જ ઉત્પન્ન થવાની બીજી જ ક્ષણે પદાર્થો નાશ પામી જાય છે એવું માનવું પડે છે." આ રીતે ક્ષણિકતાની સિદ્ધિ કરનારના મતે તો આત્માનો પણ કોઇ નાશ કરનાર છે જ નહીં, કિન્તુ આત્મા જ સ્વયં બીજી ક્ષણે નાશ પામી જાય છે એવું હોવાથી 'કોઇએ તેની હિંસા કરી' એવું કઇ રીતે સંભવે? માટે કોઇથી કોઇની હિંસા સંભવિત ન બનવાથી આખું જગત ખૂનામરકીના ઉપદ્રવરહિત બની જવું જોઇએ.॥२०॥ "અન્ય કોઇ પદાર્થ નાશક હેતુ તરીકે સંભવતો ન હોઇ હિંસક સંભવતો નથી. પણ જનકને જ જો હિંસક માનીએ તો કોઇ દોષ રહેતો નથી" આવી દલીલના જવાબમાં 'કોના જનકને તમે હિંસક માનો છો? સંતાનના કે ક્ષણના?' એવા બે વિકલ્પો કરી પ્રથમ વિકલ્પમાં રહેલા દોષનું પ્રદર્શન

न च सन्तानभेदस्य जनको हिंसको मतः।
सांवृतत्वादजन्यत्वाद् भावत्वनियतं हि तत्।।२१।।

न चेति। न च सन्तानभेदस्य हिंस्यमानशूकरक्षणसन्तानच्छेदेनोत्पत्स्यमानमनुष्यादिक्षणसन्तानस्य जनको लुब्धकादिर्हिंसको भवेत्, तद्विसदृशसन्तानोत्पादकत्वेनैव तद्धिंसकत्वव्यवहारोपपत्तेरिति **वाच्यं**, सांवृतत्वात् = काल्पनिकत्वात् सन्तानभेदस्य अजन्यत्वात् = लुब्धकाद्यसाध्यत्वात्। तद्धि = जन्यत्वं हि भावत्वनियतं = सत्त्वव्याप्तं, सांवृतं च खरविषाणादिवदसदेवेति भावः।।२१।। द्वितीये त्वाह–

કરતા ગ્રન્થકાર કહે છે–

[હિંસક કોને કહેશો?]

સંતાનભેદના જનકને હિંસક મનાય નહીં, કેમકે સંતાન સાંવૃત = કાલ્પનિક હોઇ અજન્ય હોય છે. જન્યત્વ તો ભાવત્વની સાથે સંકળાયેલું છે, કાલ્પનિકત્વની સાથે નહીં.

અહીં 'જનક' તરીકે જેનો જનક પદાર્થ લેવાનો હોય તેનો જ તે નાશક (હિંસક) હોય એવું તો સંભવતું નથી. તેથી તે તેની પૂર્વકાલીન ચીજનો નાશક (હિંસક) હોવો અભિપ્રેત છે એ ખ્યાલમાં રાખવું. એટલે પહેલાં વિકલ્પમાં સંતાનનો જનક એટલે હિંસ્ય તરીકે અભિપ્રેત સંતાન કરતાં જુદા સંતાનના જનક. ફલિત એ થયું કે સંતાનભેદનો જનક મૂળ સંતાનના હિંસક તરીકે અહીં અભિપ્રેત છે. એમ ક્ષણનો જનક એટલે હિંસ્ય તરીકે અભિપ્રેત ક્ષણની ઉત્તર ક્ષણનો જનક સમજવો.

જેની હિંસા કરાઇ રહી છે તે શૂકરક્ષણસંતાનનો છેદ થઇ મનુષ્યાદિક્ષણસંતાન ઉત્પન્ન થવી એ સંતાનભેદ કહેવાય. આવા સંતાનભેદના જનક શિકારી વગેરેને હિંસક માનવા જોઇએ, કેમકે મૂળ સંતાન કરતાં વિસદૃશ સંતાનનો ઉત્પાદક હોઇ હિંસકત્વના વ્યવહારની સંગતિ થઇ જાય છે. આવી ક્ષણિકવાદીની માન્યતા યોગ્ય નથી, કેમકે સંતાનભેદ કાલ્પનિક હોઇ અજન્ય = શિકારી વગરેથી અસાધ્ય છે. ક્ષણિકવાદીના મતે દરેક ભાવપદાર્થો તો ક્ષણિક જ છે. જે અક્ષણિક હોય તેવી વાસ્તવિક કોઇ ચીજ નથી. સંતાન તો અનેકક્ષણભાવી છે. માટે એ કાલ્પનિક છે, વાસ્તવિક પદાર્થ નથી. હવે સંતાન જ જો કાલ્પનિક છે તો સંતાનભેદ પણ કાલ્પનિક હોવો સ્પષ્ટ જ છે. વળી જન્યત્વ તો ભાવત્વને નિયત છે એટલે કે સત્ત્વને વ્યાપ્ત છે. જે કોઇ સત્ = વિદ્યમાન હોય તે જ જન્ય હોઇ શકે. અસત્ = અવિદ્યમાન નહીં. કાલ્પનિક વસ્તુ ખરવિષાણાદિની જેમ અસત જ હોય છે, માટે જન્ય હોતી નથી. તેથી સંતાનભેદ જન્ય ન હોઇ 'સંતાનભેદનો જનક એ હિંસક' એવું કહી શકાતું નથી.॥૨૧॥ ["ઉત્તરક્ષણનો જનક એ પૂર્વક્ષણનો હિંસક છે" એવા બીજા વિકલ્પમાં રહેલા દૂષણને પ્રકટ કરે છે–]

ઉત્તરકાલીન નરાદિક્ષણનો જે હેતુ હોય તે શિકારી વગેરે પૂર્વકાલીન શૂકરાદિ ક્ષણનો હિંસક છે એવું પણ કહી શકાતું નથી. કેમકે એમાં શૂકરઅંત્યક્ષણથી જ વ્યભિચાર પ્રસંગ છે.

હિંસકત્વની અતિવ્યાપ્તિ થવી એ અહીં વ્યભિચારપ્રસંગ છે. મરી રહેલ શૂકરની અંત્યક્ષણ પણ ઉપાદાન કારણ રૂપે નરાદિક્ષણનો હેતુ છે જ. એટલે એ પણ શિકારીની જેમ સ્વનો હિંસક બનવાની અતિવ્યાપ્તિ આવે.॥૨૨॥ "જેમ ઘટધ્વંસપ્રત્યે ઘટ પોતે પણ હેતુ છે તેમ શૂકરાદિક્ષણનાશ પ્રત્યે શૂકરાદિક્ષણ પણ હેતુ છે જ. એટલે એનો પણ હિંસક તરીકે વ્યપદેશ થાય એ ઇષ્ટાપત્તિ રૂપ જ છે, વ્યભિચાર રૂપ નથી." આવી

सर्वे त्रसन्ति दण्डेन सर्वेषां जीवितं प्रियम्। आत्मानमुपमां मत्वा नैव हिंसेन्न घातयेत्। इति अष्टकवृत्तौ।१५-७।।

नरादिक्षणहेतुश्च शूकरादेर्न हिंसकः।
शूकरान्त्यक्षणेनैव व्यभिचारप्रसङ्गतः।।२२।।

नरादीति। नरादिक्षणहेतुश्च लुब्धकादिः शूकरादेर्हिंसको न भवति, शूकरान्त्यक्षणेनैव व्यभिचारस्य हिंसकत्वातिव्याप्तिलक्षणस्य प्रसङ्गतः। म्रियमाणशूकरान्त्यक्षणोऽपि ह्युपादानभावेन नरादिक्षणहेतुरिति लुब्धकवत् सोऽपि स्वहिंसकः स्यादिति भावः।।२२।। इष्टापत्तौ व्यभिचारपरिहारे त्वाह–

अनन्तरक्षणोत्पादे बुद्धलुब्धकयोस्तुला।
नैवं तद्विरतिः क्वापि ततः शास्त्राद्यसंगतिः।।२३।।

अनन्तरेति। अनन्तरक्षणोत्पादे = स्वाव्यवहितोत्तरविसदृशक्षणोत्पादे हिंसकत्वप्रयोजकेऽभ्युपगम्यमाने इति गम्यं, बुद्धलुब्धकयोस्तुला = साम्यमापद्येत, बुद्धलुब्धकयोरनन्तरक्षणोत्पादकत्वाविशेषात्, एवमुक्तप्रकारेण तद्विरतिः = हिंसाविरतिः क्वापि न स्यात्, ततः शास्त्रादीनाम् = अहिंसाप्रतिपादकशास्त्रादीनामसंगतिः स्यात्। न चैतदिष्टं परस्य, "सत्त्वेऽस्य संति (सव्वे तसंति) दंडानां सव्वेसिं जीवितं प्रियं, अत्तानं उपमं कत्ता नेव हन्ने न घातये"– इत्याद्यागमस्य परैरभ्युपगमात्।।२३।।

ક્ષણિકવાદીકૃત દલીલનો જવાબ આપવા ગ્રન્થકાર કહે છે–

અનન્તરક્ષણની ઉત્પત્તિ પ્રત્યે બુદ્ધ અને શિકારી એ બન્ને જો તુલ્ય છે તો ક્યાંય પણ હિંસાની વિરતિ સંભવશે નહીં. અને તો પછી એ વિરતિના પ્રતિપાદક શાસ્ત્રો અસંગત થઇ જશે.

સ્વઅવ્યવહિત ઉત્તરમાં રહેલ વિસદૃશક્ષણના ઉત્પાદકને હિંસકત્વનો પ્રયોજક માનવામાં આવે- એટલે કે એ ઉત્પાદમાં કારણરૂપે જે કોઇ હોય તે બધા હિંસક એવું માનવામાં આવે તો ફલિત એ થાય કે જે પૂર્વક્ષણનો નાશ થઇ ઉત્તરક્ષણ પેદા થાય છે તેમાં સહકારી કારણ રૂપ શિકારી અને ઉપાદાન કારણરૂપ પૂર્વક્ષણ એ બન્ને સમાન રીતે હિંસક છે. તેથી જો કોઇ શિકારીનું બાણ બુદ્ધને = બોધિસત્ત્વને લાગે અને એ મરી જાય તો એ શિકારી અને બુદ્ધ બન્ને અનંતરવિસદૃશક્ષણના સમાન રીતે ઉત્પાદક હોઇ હિંસકતાના વિચારમાં તુલ્ય બની જાય. એટલે કે શિકારીની જેમ જ બુદ્ધને પણ હિંસા લાગે જ. આમ બુદ્ધ પણ હિંસામાંથી છૂટી શકતા ન હોવાથી કોઇ પણ આત્મામાં હિંસાની વિરતિ સંભવશે જ નહીં. અને તો પછી, જે શાસ્ત્રોમાં હિંસાની વિરતિનું પ્રતિપાદન છે એ શાસ્ત્રો અસંભવિત વાતના પ્રતિપાદક હોઇ અસંગત બની જશે. પણ ક્ષણિકવાદી બૌદ્ધને આ ઇષ્ટ નથી. કેમકે તેઓએ પણ હિંસાની વિરતિનું પ્રતિપાદન કરનાર આગમને સ્વીકાર્યા જ છે. જેમકે "દંડ (પ્રહાર વગેરે) થી બધા જીવો ત્રાસ પામે છે. બધા જીવોને જીવન પ્રિય છે. બધા જીવોને સ્વ સમાન માનીને કોઇની હિંસા ન કરવી જોઇએ કે અન્ય પાસે ન કરાવવી જોઇએ." આવા સ્વીકૃત આગમની અસંગતિ થતી હોઇ ચરમક્ષણમાં સ્વહિંસકતાની આપત્તિને ઇષ્ટાપત્તિ રૂપે સ્વીકારી વ્યભિચારનો પરિહાર કરવો એ સંભવતું નથી.॥૨૩॥ [આમ એકાન્તનિત્યવાદમાં કે એકાન્તઅનિત્યવાદમાં અહિંસા ઘટી શકતી નથી એ જણાવ્યું. હવે એમાં સત્ય વગેરે ઘટી શકતા નથી એવું જણાવે છે–]

અહિંસા વિના તો સત્ય, અચૌર્ય વગેરે પણ ઘટતા નથી, કેમકે આ અહિંસાની વૃત્તિરૂપે (વાડરૂપે) સત્ય વગેરે વ્રતો સર્વજ્ઞ ભગવાને કહ્યા છે. જેમ ધાન્યના રક્ષણ માટે ખેતરને વાડ કરવામાં આવે છે તેમ અહિંસાવ્રતના રક્ષણ માટે સત્યાદિ વ્રતોનું વિધાન છે. પણ ખેતરમાં જો રક્ષણ કરવા યોગ્ય ધાન્ય જ ન હોય તો કોઇ વિચારશીલ

घटन्ते न विनाऽहिंसां सत्यादीन्यपि तत्त्वतः।
एतस्या वृत्तिभूतानि तानि यद्भगवाञ्जगौ।।२४।।

घटन्त इति। अहिंसां विना सत्यादीन्यपि न घटन्ते। यत एतस्या = अहिंसाया वृत्तिभूतानि तानि = सत्यादीनि भगवान् जगौ = सर्वज्ञो गदितवान्। न च सस्यादिपालनीयाभावे वृत्तौ विद्वान् यतत इति। **ननु** हन्मीति संकल्प एव हिंसा, तद्योगादेव च हिंसकत्वं, तदभावाच्चाहिंसायास्ततश्च तद्वृत्तिभूतसत्यादीनां नानुपपत्तिरिति **चेत्**? **न**, हन्मीति संकल्पक्षणस्यैव सर्वथाऽनन्वये कालान्तरभाविफलजनकत्वानुपपत्तेः, कथंचिदन्वये चास्मत्सिद्धान्तप्रवेशापाताच्च इति, अधिकमन्यत्र।।२४।।

मौनीन्द्रे च प्रवचने युज्यते सर्वमेव हि।
नित्यानित्ये स्फुटं देहाद्भिन्नाभिन्ने तथाऽऽत्मनि।।२५।।

मौनीन्द्र इति। मौनीन्द्रे = वीतरागप्रतिपादिते च वचने सर्वमेव हि हिंसाऽहिंसादिकं युज्यते। नित्यानित्ये तथा स्फुटं प्रत्यक्षं देहाद्भिन्नाभिन्ने आत्मनि सति, तथाहि – आत्मत्वेन नित्यत्वमात्मनः प्रतीयते, अन्यथा

પુરુષ એને વાડ કરવાનો પ્રયત્ન કરતો નથી. એમ અહિંસા જ ન હોય તો સત્યાદિનો પણ કયો ડાહ્યો માણસ પ્રયાસ કરે?

બૌદ્ધ - 'હું આને હણું' એવો સંકલ્પ જ હિંસા છે ને આવો સંકલ્પ થવો એ જ હિંસકત્વ છે. એનો અભાવ જાળવી રાખવો એ અહિંસા છે. આવી સંકલ્પરૂપ હિંસા અને સંકલ્પાભાવરૂપ અહિંસા તો ક્ષણિકવાદમાં પણ સુઘટ જ છે. અને તેથી તેની વાડરૂપ સત્ય વગેરેની પણ અસંગતિ રહેતી નથી.

જૈન - આવી દલીલ પણ તમને શોભતી નથી. કેમકે 'હું હણું' એવી સંકલ્પક્ષણનો જો સર્વથા નાશ થઇ જવાથી કોઇ જ અન્વય ચાલતો ન હોય તો એમાં કાલાન્તરભાવી ફળનું જનકત્વ સંગત થઇ શકતું નથી. એ સંગત કરવા માટે જો એનો કથંચિદ્ અન્વય માનશો તો અમારા પક્ષમાં જ તમારે બેસી જવાનું થશે. આ અંગેની વધુ વિચારણા અન્યત્ર ગ્રન્થમાં કરી છે.॥૨૪॥ કયા દર્શનમાં અહિંસા, સત્ય વગેરે ઘટે છે તે હવે ગ્રન્થકાર જણાવે છે–

[નિત્યાનિત્યવાદે બધું સુઘટ]

વીતરાગ પ્રતિપાદિત મૌનીન્દ્ર પ્રવચનમાં આત્મા નિત્યાનિત્ય મનાયો છે તેમજ શરીરથી ભિન્નાભિન્ન મનાયો છે. એટલે એમાં હિંસા-અહિંસા વગેરે બધું સ્ફુટપણે ઘટે છે.

આત્માનું નિત્યાનિત્યત્વ વગેરે આ પ્રમાણે સિદ્ધ થાય છે– આત્મામાં આત્મત્વની અપેક્ષાએ નિત્યત્વ પ્રતીત થાય છે, કેમકે જો નિત્યત્વ ન હોય તો પરલોકગમન વગેરેનો અભાવ થઇ જાય. વળી આ આત્મામાં જ મનુષ્યત્વ વગેરે રૂપે અનિત્યત્વ પ્રતીત થાય છે, કેમકે એ રૂપે જો એ અનિત્ય ન હોય તો પરલોકમાં જવા છતાં મનુષ્યત્વ વગેરે ભાવોનો આત્મત્વની જેમ ક્યારેય ઉચ્છેદ જ નહીં. થાય. આવી શંકા ન કરવી કે "આત્મત્વેન આત્માનું જ્ઞાન એ ધર્મીગ્રાહકમાન છે. તેનાથી આત્મામાં નિત્યત્વ હોવાની સિદ્ધિ થયા પછી જે અનિત્યતાની બુદ્ધિ થાય છે તે શરીર વગેરે અંગેની જ હોય એમ માનો ને! નિત્ય તરીકે જણાયેલ પદાર્થને જ અનિત્યતાની બુદ્ધિનો વિષય શી રીતે મનાય?" આવી શંકા એટલા માટે ન કરવી કે આત્માનું ગ્રહણ કરનાર જ્ઞાનથી આત્માની નિત્યત્વયુક્ત પદાર્થ તરીકે નહીં પણ ત્રૈલક્ષણ્ય યુક્ત પદાર્થ તરીકે જ સિદ્ધિ થઇ હોય છે. એટલે કે ઉત્પત્તિ,

परलोकाद्यभावप्रसङ्गात्, मनुष्यादिना चानित्यत्वं, अन्यथा मनुष्यादिभावानुच्छेदप्रसङ्गात्, धर्मिग्राहकमानेन तत्र नित्यत्वसिद्धावनित्यत्वधियः शरीरादिविषयकत्वमेवास्त्विति चेत्? न, धर्मिग्राहकमानेन त्रैलक्षण्यकलितस्यैव तस्य सिद्धेः, घटाद्युपादानस्येव ज्ञानाद्युपादानस्य पूर्वोत्तरपर्यायनाशोत्पादान्वितध्रुवत्वनियतत्वात्। यथा च भ्रान्तत्वाभ्रान्तत्वे परमार्थसंव्यवहारापेक्षया परेषां न ज्ञानस्य विरुद्धे, यथा चैकत्र संयोगतदभावौ, तथा द्रव्यतो नित्यत्वं पर्यायतश्चानित्यत्वं नास्माकं विरुद्धम्। अनपेक्षितविशिष्टरूपं हि द्रव्यं, अपेक्षितविशिष्टरूपं च पर्याय इति, तथा शरीरजीवयोर्[illegible]भ्यां भेदः, देहकंटकादिस्पर्शे वेदनोत्पत्तेश्चाभेद इति। तदुक्तं-

"जीवसरीराणं पि हु भेआभेओ तहोवलंभाओ।
मुत्तामुत्तत्तणओ छिक्कंमि य वेयणाओ अ।।१।।"

न चेदेवं ब्राह्मणो नष्टो ब्राह्मणो जानातीत्यादिव्यवहारानुपपत्तिः विना ब्राह्मणस्य व्यासज्यवृत्तित्वमित्या-

---

સ્થિતિ અને વિનાશયુક્ત હોવા રૂપે જ આત્માનો નિશ્ચય થયો હોય છે. તે પણ એટલા માટે કે ઘટાદિનાં ઉપાદાન મૃત્પિંડ વગેરેની જેમ જ્ઞાનાદિનાં ઉપાદાન આત્મામાં પણ પૂર્વપર્યાયનાશ અને ઉત્તરપર્યાયઉત્પાદથી યુક્ત એવું ધ્રુવત્વ અવશ્ય રહેલું જ હોય છે. [પણ જેમાં નિત્યત્વ રહ્યું હોય તેમાં અનિત્યત્વ હોવું એ વિરુદ્ધ નથી? ના,] જેમ અન્ય દર્શનીઓના મતે જ્ઞાનમાં પરમાર્થ અને સંવ્યવહારની આપેક્ષાએ ભ્રાન્તત્વ અને અભ્રાન્તત્વ વિરુદ્ધ નથી, અથવા જેમ અન્ય દર્શનીઓના મતે એક જ અધિકરણમાં (વૃક્ષવગેરેમાં) (કપિ)સંયોગ અને તેનો અભાવ રહેવા વિરુદ્ધ નથી તેમ અમારે પણ એક જ વસ્તુમાં પણ દ્રવ્યની અપેક્ષાએ નિત્યત્વ અને પર્યાયની અપેક્ષાએ અનિત્યત્વ હોવા વિરુદ્ધ નથી. જેને વિશિષ્ટરૂપની અપેક્ષા નથી એ દ્રવ્ય છે અને જેને વિશિષ્ટરૂપની અપેક્ષા છે એ પર્યાય છે.

આત્મા શરીરથી ભિન્નાભિન્ન છે તે આ રીતે - શરીર મૂર્ત છે જ્યારે આત્મા અમૂર્ત છે. માટે એ અપેક્ષાએ બે વચ્ચે ભેદ છે. શરીરને કંટકાદિનો સ્પર્શ થાય તો આત્માને વેદનાનો અનુભવ થાય છે માટે એ અપેક્ષાએ એ બે વચ્ચે અભેદ છે. કહ્યું છે કે "જીવ અને શરીરનો ભેદાભેદ છે, કેમકે તેવું જ જોવા મળે છે. તે આ રીતે - મૂર્તત્વ-અમૂર્તત્વ રૂપે ભેદ છે અને દેહના સ્પર્શે આત્માને વેદના થાય છે માટે અભેદ છે." જો આ રીતે અભ્રાન્ત પ્રતીતિ અનુસારે ભેદાભેદ માનવાના ન હોય તો 'બ્રાહ્મણ નાશી ગયો, બ્રાહ્મણ જાણે છે' ઇત્યાદિ વ્યવહારની અસંગતિ થાય, જો બ્રાહ્મણત્વ વ્યાસજ્યવૃત્તિ ન હોય તો. આશય એ છે કે દ્વિત્વ-ત્રિત્વ વગેરે ધર્મો માત્ર એક ઘટ વગેરેમાં નથી રહેતા, પણ બે-ત્રણ વગેરે અનેક ઘટાદિમાં જ રહે છે. અનેકમાં જ રહી શકનારા આવા ધર્મોને વ્યાસજ્યવૃત્તિ ધર્મ કહે છે. આત્મા અને શરીરને સર્વથા ભિન્ન માનનારા નૈયાયિક વગેરે પણ 'બ્રાહ્મણો નષ્ટઃ', 'બ્રાહ્મણો જાનાતિ' વગેરે વ્યવહાર તો કરે જ છે. પણ 'બ્રાહ્મણો નષ્ટઃ' માં બ્રાહ્મણ શબ્દના વાચ્યાર્થ તરીકે શરીર જ માનવું પડે છે, કારણ કે તેઓના મતે આત્મા તો વિભુ હોવાથી નિષ્ક્રિય હોવા કારણે નાસી શકે નહીં. જ્યારે જ્ઞાન તો આત્માનો ગુણ છે, શરીરનો નહીં. એટલે બ્રાહ્મણો જાનાતિ માં બ્રાહ્મણ શબ્દના વાચ્યાર્થ તરીકે આત્મા લેવો પડે છે. એટલે શરીર અને આત્મા એ બન્ને જો સર્વથા ભિન્ન હોય તો બ્રાહ્મણત્વને પણ શરીર અને આત્મા બન્નેમાં રહેલ વ્યાસજ્યવૃત્તિ ધર્મ માનવાની આપત્તિ આવે એ સમજી શકાય છે. એટલે બ્રાહ્મણત્વ જો વ્યાસજ્યવૃત્તિ ધર્મ નથી, તો આ બન્ને વ્યવહારની સંગતિ માટે આત્મા અને શરીરને કથંચિદ્ અભિન્ન માનવા જ જોઇએ. આની વિશેષ સ્પષ્ટતા અન્ય ગ્રન્થમાં કરી છે.॥૨૫॥

दिकमुपपादितमन्यत्र ।।२५।।

पीडाकर्तृत्वतो देहव्यापत्त्या दुष्टभावतः ।
त्रिधा हिंसागमप्रोक्ता न हीत्थमपहेतुका ।।२६।।

पीडेति । पीडाकर्तृत्वतः = पीडायां स्वतंत्रव्यापृतत्वात् देहस्य व्यापत्तिः = विनाशस्तया कथञ्चित्तद्व्यापत्तिसिद्धिरिति भावः, दुष्टभावतः = हन्मीति संक्लेशात् त्रिधा जिनप्रोक्ता हिंसा इत्थमुक्तरूपात्माभ्युपगमे न ह्यपहेतुका = हेतुरहिता भवति ।।२६।। अत्रैव प्रकारान्तरेणासंभवं दूषयितुमुपन्यस्यति–

हन्तुर्जाग्रति को दोषो हिंसनीयस्य कर्मणि ।
प्रसक्तिस्तदभावे चान्यत्रापीति मुधा वचः ।।२७।।

हन्तुरिति । "हिंसनीयस्य कर्मणि = हिंसानिमित्तादृष्टे जाग्रति = लब्धवृत्तिके सति हन्तुः को दोषः? स्वकर्मणैव प्राणिनो हतत्वात्, तत्कर्मप्रेरितस्य च हन्तुरस्वतंत्रत्वेनादुष्टत्वव्यवहारात्, तदभावे च = हिंसनीयकर्मविपाकाभावे च अन्यत्राऽपि = अहिंसनीयेऽपि प्राणिनि प्रसक्तिः = हिंसापत्तिः" इति,

પીડાકર્તૃત્વથી, દેહની વ્યાપત્તિથી અને દુષ્ટ ભાવથી હિંસા લાગે છે. આમ આગમમાં ત્રણ પ્રકારે કહેલી હિંસા આ રીતે = આત્માને નિત્યાનિત્ય માનવાથી અપહેતુકા = હેતુરહિત બનતી નથી.

પીડા પહોંચાડવામાં જે સ્વતંત્રપણે વ્યાપૃત હોય તે પીડાનો કર્ત્તા. [આત્માને એકાન્તનિત્ય માનવાથી એમાં કર્તૃત્વ સંભવતું નથી, નિત્યાનિત્ય માનવામાં તો એ સંભવે જ છે.] દેહનો વિનાશ એ દેહની વ્યાપત્તિ. દેહથી આત્માને ભિન્નાભિન્ન માન્યો હોવાથી અને આત્માને નિત્યાનિત્ય માન્યો હોવાથી આત્માનો કથંચિદ્ નાશ રૂપ હિંસા સિદ્ધ થાય જ છે. 'આને હણું' ઇત્યાદિ સંક્લેશ એ દુષ્ટભાવ. કથંચિદ્ અન્વયવાળો આત્મા માન્યો હોવાથી દુષ્ટભાવનું કાલાન્તર ભાવી ફળ એને મળવું પણ સંભવે જ છે. તેથી પીડાકર્તૃપણાંથી, દેહવ્યાપત્તિથી અને દુષ્ટ ભાવથી હિંસા લાગે છે એમ શ્રીજિનેશ્વર દેવોએ જે ત્રણ પ્રકારે હિંસા કહી છે તે આવો [= નિત્યાનિત્ય અને દેહથી ભિન્નાભિન્ન] આત્મા માનવામાં હેતુસંગત બને છે.॥૨૬॥]

[કર્મોદય ખરો, પણ હિંસકનેય દોષ]

આમ જૈન માન્યતામાં આ રીતે હિંસા સંભવિત હોવા છતાં અન્ય રીતે એ અસંભવિત છે એવી શંકાને દૂષિત ઠેરવવા માટે ગ્રન્થકાર જણાવે છે–

"હિંસનીયજીવનું અશુભ કર્મ ઉદય પ્રાપ્ત હોતે છતે હન્તાને શું દોષ લાગે? જો એ કર્મ ઉદયમાં ન હોય તો અહિંસનીય અંગે પણ હિંસા થવી જોઇએ." આવું વચન મુધા = નિરર્થક છે.

શંકા - હિંસ્ય જીવના જે અશુભકર્મના ઉદયે એની હિંસા થાય છે એ કર્મ ઉદયપ્રાપ્ત થયે હણનારાનો શો દોષ? કેમકે એ જીવ તો પોતાના એ કર્મના ઉદયથી જ હણાયેલો હોય છે. ['પણ હણનારે તેવો ઘા કર્યો એટલે હિંસ્ય જીવ મર્યો ને! એટલે એ દોષ તો એને લાગે જ' એવી શંકા ન કરવી, કેમકે] એ હિંસ્યજીવના તેવા અશુભ કર્મથી, પ્રેરાઇને જ હણનારે ઘા કર્યો હોય છે. તેથી હણનારો એને હણવાની બાબતમાં સ્વતંત્ર ન હોઇ નિર્દોષ તરીકેનો જ વ્યવહાર પામે છે. રાજાની આજ્ઞાથી પ્રેરાઇને કોટવાલ ચોરને ફાંસી દે તો એમાં કોટવાળ કાંઇ દોષપાત્ર કહેવાતો નથી. હિંસ્યજીવના કર્મનો ઉદય જો એમાં ભાગ ભજવતો ન હોય, તો તો અહિંસનીય જીવની પણ હિંસા થઇ જવાની આપત્તિ આવે, એટલે કે એની પણ હિંસા થઇ જવાની આપત્તિ આવે. પણ એ આપત્તિ

हिंसाऽसंभवप्रतिपादकं वचो मुधा = अनर्थकम्।।२७।।

हिंस्यकर्मविपाके यद्दुष्टाशयनिमित्तता।
हिंसकत्वं न तेनेदं वैद्यस्य स्याद्रिपोरिव।।२८।।

हिंस्येति। हिंस्यस्य प्राणिनः कर्मविपाके सति यद् = यस्मात् दुष्टाशयेन = हन्मीति संक्लेशेन निमित्तता = प्रधानहेतुकर्मोदयसाध्यां हिंसां प्रति निमित्तभावो हिंसकत्वम्। तेन कारणेन इदं हिंसकत्वं रिपोरिव वैद्यस्य न स्यात्, तस्य हिंसां प्रति निमित्तभावेऽपि दुष्टाशयानात्तत्वात्। तदिदमाह–

"हिंस्यकर्मविपाकेऽपि निमित्तत्वनियोगतः। हिंसकस्य भवेदेषा दुष्टा दुष्टानुबन्धतः"।।

परप्रेरितस्यापि चाभिमरादेरिव दुष्टत्वं व्यपदिश्यत एव। हिंस्यकर्मनिर्जरणसहायत्वेऽपि च तथाविधाशयाभावान्न हिंसकस्य वैयावृत्त्यकरत्वव्यपदेश इति द्रष्टव्यम्।।२८।।

इत्थं सदुपदेशादेस्तन्निवृत्तिरपि स्फुटा।
सोपक्रमस्य पापस्य नाशात्स्वाशयवृद्धितः।।२९।।

આવતી નથી. માટે માનવું પડે છે કે તેવા અશુભકર્મના કારણે જ હિંસ્યની હિંસા થાય છે. માટે હણનારાને હિંસા લાગવાનો તો સંભવ જ રહેતો નથી.

સમાધાન - હિંસાના અસંભવનું પ્રતિપાદન કરનાર આ વચન નિરર્થક છે.॥૨૭॥ [શા માટે નિરર્થક છે? એ હવે ગ્રન્થકાર આગલી ૨૮મી ગાથામાં જણાવે છે–]

હિંસ્યજીવના અશુભકર્મ ઉદય પ્રાપ્ત થયે, દુષ્ટાશયથી હિંસા પ્રત્યે જે નિમિત્ત બનાય છે તે નિમિત્તપણું એ જ હિંસકત્વ છે. તેથી વૈદ્યમાં શત્રુની જેમ હિંસકત્વ આવતું નથી.

હિંસ્ય જીવના કર્મનો ઉદય એ હિંસા પ્રત્યે મુખ્ય હેતુ છે. આ મુખ્યહેતુના કારણે થનારી હિંસા પ્રત્યે 'આને હણું' એવા દુષ્ટઆશયથી નિમિત્ત કારણ બનવું એ હિંસકત્વ છે. તેથી આ હિંસકપણું શત્રુમાં આવે છે પણ એની જેમ વૈદ્યમાં આવતું નથી, કેમકે શસ્ત્રક્રિયા વગેરે દ્વારા હિંસા પ્રત્યે એ નિમિત્ત બન્યા હોવા છતાં 'આને હણું' એવો દુષ્ટ આશય એનો હોતો નથી. અષ્ટક પ્રકરણ (૧૬/૩) માં આ વાત આ રીતે કહી છે- "હિંસ્યજીવના કર્મનો વિપાક તો હિંસા પ્રત્યે ભાગ ભજવે જ છે. તેમ છતાં, પોતે એમાં નિમિત્ત બનવાથી દુષ્ટ અનુબંધના કારણે હિંસકને એ હિંસા દોષ લગાડનારી થાય છે." અન્યની પ્રેરણાથી પણ જે અભિમર (ધારેલી વ્યક્તિને માનનાર ગુંડો) વગેરે હત્યા કરે છે તેઓ જેમ 'દુષ્ટ' તરીકે વ્યપદેશ પામે જ છે તેમ કર્મની પ્રેરણા હોવા છતાં હણનારો 'દુષ્ટ' બને જ છે.

[પ્રશ્ન - ગુર્વાદિને સંયમયોગમાં સહાય કરવા દ્વારા નિર્જરામાં સહાયક બનતો હોવાથી તે સહાય કરનારો જેમ વૈયાવચ્ચ કરનારો કહેવાય છે તેમ હણનારો પણ હિંસ્ય જીવના તે અશુભકર્મની નિર્જરામાં સહાય કરનારો હોવાથી વૈયાવચ્ચ કરનારો જ કહેવાવો જોઇએ ને! હત્યારો શા માટે કહેવાય?]

ઉત્તર - હિંસ્યજીવના તે કર્મની નિર્જરામાં એ સહાયક હોવા છતાં તેવો શુભ આશય ન હોવાથી એ વૈયાવચ્ચ કરનારો કહેવાતો નથી, પણ તેવો અશુભ આશય હોવાના કારણે હિંસક જ કહેવાય છે એ જાણવું. માટે, આ રીતે જૈન માન્યતામાં હિંસા-હિંસકત્વ-વગેરે સુસંગત છે એ નિશ્ચિત થાય છે.॥૨૮॥ [હિંસાનો સંભવ દેખાડ્યા બાદ હવે હિંસાની વિરતિ વગેરેનો પણ સંભવ દેખાડવા ગ્રન્થકાર કહે છે–]

इत्थमिति। इत्थं = परिणामिन्यात्मनि हिंसोपपत्तौ सतां = ज्ञानगुरूणामुपदेशादेरादिनाऽभ्युत्थानादि-परिग्रहः, तदाह–

अब्भुट्ठाणे विणए परक्कमे साहुसेवणाए य। संमद्दंसणलंभो विरयाविरईइ विरईए।।

सोपक्रमस्य = अपवर्तनीयस्य पापस्य = चारित्रमोहनीयस्य नाशात्तन्निवृत्तिरपि = हिंसानिवृत्तिरपि स्फुटा = प्रकटा, स्वाशयस्य = शुभाशयस्य 'न कमपि हन्मी' त्याकारस्य वृद्धितः = अनुवन्धात्।।२९।।

तथारुचिप्रवृत्त्या च व्यज्यते कर्म तादृशम्।
संशयं जानता ज्ञातः संसार इति हि श्रुतिः।।३०।।

तथारुचीति। तथारुच्या = सदाचारश्रद्धया प्रवृत्त्या च तादृशं = स्वप्रयत्नोपक्रमणीयं कर्म व्यज्यते। प्रवृत्तिरेवोपक्रमणीयकर्मानिश्चयादुपायसंशये कथं स्याद्? इति **चेत्**? अर्थानर्थसंशययोः प्रवृत्तिनिवृत्त्यङ्गत्वाद्-इत्याशयवानाह-संशयमर्थानर्थगतं जानता हेयोपादेयनिवृत्तिप्रवृत्तिभ्यां परमार्थतः संसारो ज्ञात इति हि स्थितिः = प्रेक्षावतां मर्यादा। तथा **चाचारसूत्रं** - 'संसयं परिजाणतो संसारे परिन्नाते भवति, संसयं अपरिजाणतो संसारे अपरिन्नाते भवती'ति।।३०।।

[હિંસાવિરતિની સંભવિતતા]

આમ પરિણામી આત્મામાં હિંસાની સંગતિ હોવાથી જ્ઞાની ગુરુઓના ઉપદેશ વગેરેથી સોપક્રમ પાપ કર્મનો નાશ થવાથી હિંસાની નિવૃત્તિ થવી પણ સ્પષ્ટ છે, કેમકે શુભઆશયની વૃદ્ધિ થયેલી હોય છે.

ઉપદેશ શ્રવણ, અભ્યુત્થાન વગેરેથી અપવર્તનીય ચારિત્રમોહનીય કર્મનો નાશ થાય છે. કહ્યું છે કે "અભ્યુત્થાન (ગુરુ આવે ત્યારે ઊભા થવું), વિનય, પરાક્રમ અને સાધુ સેવાથી સમ્યગ્દર્શનનો, વિરતાવિરતિનો (દેશવિરતિનો) કે સર્વવિરતિનો લાભ થાય છે. (તે તેનો લાભ પોત પોતાના આવારક કર્મનો નાશ થવાથી થાય છે.)" આમ ઉપદેશશ્રવણ વગેરેથી ચારિત્રમોહનો નાશ થયે હિંસાનિવૃત્તિ થાય છે એ વાત સ્પષ્ટ છે. કેમકે ઉપદેશાદિથી તે કર્મનો નાશ થવા દ્વારા 'આને હણું' ઇત્યાદિ દુષ્ટ આશય ખસીને 'કોઇને પણ હણીશ નહીં' એવો શુભઆશય ઊભો થાય છે- વૃદ્ધિ પામે છે.॥૨૯॥ ['સોપક્રમ કર્મનો ઉપદેશાદિથી નાશ થાય છે એવું તમે કહ્યું. પણ અતીન્દ્રિય એવું કર્મ સોપક્રમ છે કે નિરુપક્રમ એવું શી રીતે ખબર પડે?' ઇત્યાદિ સંભવિત શંકાને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે–]

ઉપદેશશ્રવણ, અભ્યુત્થાન વગેરે સદાચારની રુચિથી = શ્રદ્ધાથી અને આચરણથી એ વ્યક્ત થાય છે કે ચારિત્રમોહનીય કર્મ સ્વપ્રયત્નથી ઉપક્રમ પામવા યોગ્ય છે. અર્થ-અનર્થના સંશયના જાણકારે સંસારને જાણી લીધો છે એવી શ્રુતિ છે.

શંકા - કર્મ નિરુપક્રમ હોય તો ઉપદેશશ્રવણાદિથી પણ એનો નાશ થતો નથી. એટલે ઉપદેશશ્રવણાદિ સોપક્રમકર્મના નાશના જ ઉપાયભૂત છે. એટલે ઉપદેશશ્રવણાદિ પ્રવૃત્તિ પૂર્વે 'કર્મ ઉપક્રમણીય છે' એવો નિશ્ચય ન હોવાથી આ પ્રવૃત્તિ એના નાશના ઉપાયભૂત છે એવો પણ નિશ્ચય થતો નથી. કિન્તુ "જો મારું કર્મ સોપક્રમ હશે તો આ પ્રવૃત્તિ ઉપાયભૂત છે અને જો એ નિરુપક્રમ હશે તો એ ઉપાયભૂત નથી." એવો સંશય જ રહે છે. આમ ઉપાયનો જ સંશય હોઇ એ પ્રવૃત્તિ જ નહીં થાય, તો પછી કર્મ સોપક્રમ છે એવું પણ શી રીતે વ્યક્ત થશે?

अभ्युत्थाने विनये पराक्रमे साधुसेवनया च। सम्यग्दर्शनलाभो विरताविरतेर्विरतेः।।

अपवर्गतरोर्बीजं मुख्याऽहिंसेयमुच्यते।
सत्यादीनि व्रतान्यत्र जायन्तें पल्लवा नवाः।।३१।।

अपवर्गेति। स्पष्टः।।३१।।

विषयो धर्मवादस्य निरस्य मतिकर्दमम्।
संशोध्यः स्वाशयादित्थं परमानन्दमिच्छता।।३२।।

विषय इति। मतिकर्दममादावेव प्रमाणलक्षणप्रणयनादिप्रपञ्चम्।।३२।।

।। इति वादद्वात्रिंशिका।।

સમાધાન - અર્થનો (લાભનો) નિશ્ચય એ પ્રવૃત્તિનો અને અનર્થનો નિશ્ચય એ નિવૃત્તિનો હેતુ છે એવી માન્યતાના કારણે તમે આવું કહી રહ્યા છો. પણ વાસ્તવિકતા આ નથી. અર્થનો સંશય (= સંભાવના) પ્રવૃત્તિનો હેતુ છે અને અનર્થનો સંશય નિવૃત્તિનો હેતુ છે. એટલે કે 'આનાથી મને લાભ થશે' એવો સંશય હોય તો પણ પ્રવૃત્તિ થાય જ છે. જેમકે ખેડુત 'વૃષ્ટિ થશે અને સારો પાક થશે' એવો નિશ્ચય ન હોવા છતાં તેના સંશયથી પ્રવર્ત્તે છે. એમ 'આનાથી મને નુકશાન થશે' એવો સંશય હોય તો પણ નિવૃત્તિ થાય છે. જેમકે 'કદાચ આમાં ઝેર ભળી ગયું છે' એવો સંશય પડે તો પણ માણસ દુધપાક પીતો નથી. એટલે જ તો 'અર્થ-અનર્થ અંગેના સંશયનો જાણકાર હેયથી નિવૃત્ત થાય છે અને ઉપાદેયમાં પ્રવૃત્ત થાય છે, માટે એને પરમાર્થથી સંસારને જાણી લીધો હોય છે' આવી વિચારશીલ પુરુષોની વ્યવસ્થા છે. **આચારાંગમાં સૂત્ર** આવે જ છે કે "સંશયને જાણનારાને સંસાર પરિજ્ઞાત થઇ જાય છે અને સંશયના અજાણને સંસાર અપરિજ્ઞાત હોય છે." [એટલે 'મારું કર્મ સોપક્રમ હશે' એવી સંભાવનાથી 'ઉપદેશશ્રવણ, અભ્યુત્થાન' વગેરે કર્મનાશના ઉપાયભૂત હોવાની સંભાવના ઊભી થાય છે જેનાથી એ પ્રવૃત્તિ થાય છે.]॥૩૦॥ [આ રીતે સંભવિત અહિંસા એ મુખ્ય અહિંસા છે એવું ગ્રન્થકાર જણાવે છે.]

સદુપદેશાદિથી થયેલી હિંસાની નિવૃત્તિ એ મોક્ષરૂપી વૃક્ષના બીજસમાન છે અને આ મુખ્ય અહિંસા કહેવાય છે [કેમકે એમાં કોઇ ઉપચાર નથી.] આ અહિંસા રૂપી બીજમાંથી સત્ય વગેરે વ્રત રૂપ નવા પલ્લવો ઉત્પન્ન થાય છે.॥૩૧॥ બત્રીશીનો ઉપસંહાર કરતા ગ્રન્થકાર કહે છે–

ધર્મસાધના અંગેની વિચારણા કરીને એનો યોગ્ય નિશ્ચય કર્યા પહેલાં પ્રમાણનું લક્ષણ બનાવવું વગેરે પ્રબંધ એ બુદ્ધિનો કાદવ છે. પરમાનંદના = મોક્ષના ઇચ્છુકે તેને દૂર કરી (એટલે કે પહેલાં એની ચર્ચામાં ઉતરી પડ્યા વગર) ધર્મવાદનો વિષય શુભઆશયથી આ રીતે શોધી કાઢવો જોઇએ.॥૩૨॥

॥ આ પ્રમાણે વાદબત્રીશી પૂર્ણ થઇ.॥૮॥

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય **શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય** વિરચિત સટીક **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા** ગ્રન્થની પ્રથમ આઠ બત્રીશીનો ગુર્જર ભાવાનુવાદ પરમકૃપાળુ પરમાત્માના અચિન્ત્ય અનુગ્રહ, ગીતાર્થ બહુશ્રુત ગુરુભગવંતોના આશીર્વાદ, શાસનદેવોની સહાય ને શ્રી શ્રમણસંઘના સાથ-સહકાર-શુભેચ્છા વગેરેના બળે તપાગચ્છીય સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ. આ. **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.** ના અનન્ય કૃપાપાત્ર સ્યાદ્વાદસિદ્ધાન્તમર્મજ્ઞ સ્વ. પૂ. આ. **શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.** ના પટ્ટાલંકાર સહજાનંદી સ્વ. પૂ. આ. **શ્રીમદ્વિજયધર્મજિતસૂરીશ્વરજી મ. સા.** ના શિષ્યરત્ન શ્રી સૂરિમન્ત્રપંચપ્રસ્થાનના પાંચ વાર આરાધક પૂ. આ. **શ્રીમદ્વિજય જયશેખરસૂરિ મ. સા.** ના શિષ્ય **મુનિ અભયશેખરવિજય** ગણીએ સાનંદ સંપૂર્ણ કર્યો. એમાં કાંઇ પણ વિતથ નિરૂપણ થયું હોય એનું મિચ્છામિ દુક્કડમ્. શભું ભવતુ શ્રી શ્રમણસંઘસ્ય...